Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

66 ग
४२(२)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ओ३म्

पुस्तक संख्या...... 664/62 ५

पञ्जिका संख्या......

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई सज्जन पन्द्रह दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

स्टाक प्रमाणीकरण १९८४-१९८५

With Best Compliments
from the publishers

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[નં. પી. ૬૧ (બી) ૬૫૭૯ તા. ૧૭-૧-૧૯૫૨થી પાઠ્યપુસ્તક તરીકે મંજૂર
મુંબઈ પ્રદેશના કેળવણીખાતાએ નક્કી કરેલા નવા અભ્યાસક્રમ પ્રમાણે]

સાહિત્યરત્ન

ભાગ બીજો

CHECKED 1973
Initial

મૂળ સંપાદકો
સ્વ. ઈશ્વરલાલ પ્રાણલાલ ખાનસાહેબ, બી. એ.
સ્વ. નરહરિલાલ ત્ર્યંબકલાલ, એમ.એ. એલએલ. બી.

પુનર્યોજના કરનાર
રમણલાલ નરહરિલાલ વકીલ, એમ. એ.
પ્રિન્સિપલ, ધી મૉડર્ન સ્કૂલ, મુંબઈ – ૪

પ્રકાશક
મેસર્સ કરસનદાસ નારણદાસ એન્ડ સન્સ, સુરત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકાશક
મેસર્સ કરસનદાસ નારણદાસ ઍન્ડ સન્સ
તરફથી રા. નંદસુખલાલ બાલુભાઈ બુકસેલર
નાણાવટ * સુરત

ઓગણત્રીસમી આવૃત્તિ

સુધારેલી આવૃત્તિ ૧૯૫૨
ફરી છાપી ૧૯૫૪

કિંમત સવા બે રૂપિયા

મુદ્રક
જીવણજી ડાહ્યાભાઈ દેસાઈ
નવજીવન મુદ્રણાલય, અમદાવાદ-૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુધારેલી પહેલી આવૃત્તિની પ્રસ્તાવના

ચોવીસપચીસ વર્ષના ગાળામાં આ પુસ્તકની ચૌદ આવૃત્તિઓ પ્રગટ થઈ છે, એટલે એની લોકપ્રિયતા માટે મારે કાંઈ બોલવાનું રહેતું નથી. સમયની જરૂરિયાતો પ્રમાણે સંગ્રહમાં સુધારાવધારા કરવાનો નિશ્ચય તો ક્યારનોયે થયો હતો. કેટલાક શિક્ષકમિત્રો તરફથી માગણી થતાં ટિપ્પણ લખવાનો મનસૂબો પણ વર્ષો પહેલાં મૂળ સંપાદકોએ કર્યો હતો. એ ધર્મકાર્ય મારે માથે આવી પડ્યું, એટલે હું મારી જાતને કૃતકૃત્ય માનું છું.

શિક્ષકો અને વિદ્યાર્થીઓની એકસરખી જરૂરિયાતો પૂરી પાડવા મેં યથાશક્તિ યથામતિ પ્રયાસ કર્યો છે. લેખક–પરિચય અને ટિપ્પણમાં વિદ્યાર્થીઓનું કાર્ય સરળ અને સાદું કરવા ઉપરાંત તેમના જ્ઞાનભંડોળમાં વધારો થાય એ દૃષ્ટિબિંદુ ઉપર વિશેષ લક્ષ અપાયું છે. એથી જ માત્ર શબ્દો કે વાક્યોની સમજૂતી ન આપતાં ટૂંકી છતાં અર્થસૂચક અગત્યની હકીકત જ આપી છે. ટિપ્પણનો દુરુપયોગ વિદ્યાર્થી ન કરે, અને સાહિત્ય માણવા રસવૃત્તિ ઉપરાંત થોડા શ્રમની પણ જરૂર છે, એ બે વસ્તુઓ ધ્યાનમાં રાખી ટિપ્પણ લખાયું છે.

લેખકના જીવનપરિચય વગર એનું કથન સમજવું અને માણવું સર્વદા અને સર્વાંશે શક્ય નથી. આ દૃષ્ટિએ લેખકોનાં જીવન અને કૃતિઓ તથા વિશિષ્ટ ગુણો ઉપર જરૂર જેટલી નોંધ આપી છે.

આ પુસ્તકની નવી યોજના પ્રમાણે એને ત્રણ ભાગમાં વહેંચી નાખવામાં આવ્યું છે. આધુનિક સાહિત્યમાંથી ઘણા નવા નમૂના ઉમેરવામાં આવ્યા છે, અને તેને માટે અવકાશ કરવા પૃષ્ઠસંખ્યા વધારી તો છે પણ તે પૂરતું ન લાગતાં જૂના સાહિત્યમાંથી કેટલાક નમૂના કાઢી નાખ્યા છે. આવા સંગ્રહોમાં બે હેતુ મુખ્ય હોવા જોઈએ. એક તો કિશોર વિદ્યાર્થીઓને સાહિત્યમાં રસ લેતા કરવાનો, અને બીજો આપણા સાહિત્યના માર્ગસૂચક મુખ્ય પ્રવાહો અને બનાવોથી તેમને માહિતગાર કરવાનો. ગુજરાતી સાહિત્યની શરૂઆતથી તે છેક ૧૯૩૪ સુધીના મુખ્ય સાહિત્યપ્રવાહો અને પ્રકારોની સૂચક કૃતિઓને આ સંગ્રહમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આથી સ્થાન આપવામાં આવ્યું છે. સાહિત્યનો વિકાસ સતત – સળંગ છે અને એ વિકાસ જાણવા સાહિત્યવિષયક અને ઐતિહાસિક એ બન્ને દૃષ્ટિબિંદુઓનો સમન્વય થવો ઘટે. કૃતિઓની પસંદગીમાં, ટિપ્પણ અને લેખક–પરિચયમાં, વિભાગ પ્રમાણે ધોરણ ઊંચું રાખવામાં આવ્યું છે. આ પુસ્તકો મુખ્યત્વે શાળાઓ માટે તૈયાર કરવામાં આવ્યાં છે, પણ સાહિત્ય-રસિક જનોને સાહિત્યપ્રવેશ માટે ઉપયોગી થઈ પડે એ માટે પણ એ તરફ પૂરતું ધ્યાન આપવામાં આવ્યું છે.

જે જે લેખકો અને પ્રકાશકોએ ઉદાર વૃત્તિ દર્શાવી મને આ સંગ્રહમાંની કૃતિઓ પ્રગટ કરવા રજા આપી, મારું કાર્ય સરળ કરવામાં મદદ કરી છે, તેમનો હું અત્યંત ઋણી છું. તે ઉપરાંત જે મિત્રોએ આ કાર્યમાં ઊંડી મમતા બતાવી મદદ કરી છે તે માટે હું તેમનો પણ આભારી છું.

મુંબઈ–૧૯૩૪   ર. ન. વ.

*   *   *

સત્તાવીસમી આવૃત્તિ

કેળવણીખાતાએ નિયત કરેલા અભ્યાસક્રમ અનુસાર આ આવૃત્તિમાં સુધારાવધારા કરવામાં આવ્યા છે. નવી અભ્યાસયોજનામાં માતૃભાષાને ઇતર વિષયો કરતાં વિશેષ મહત્ત્વ આપવામાં આવ્યું છે. નવી રાજકીય પરિસ્થિતિએ જે નવાં વાતાવરણ ને દૃષ્ટિબિંદુ આણ્યાં છે તે પ્રમાણે શિક્ષકો ને વિદ્યાર્થીઓએ માતૃભાષાના અભ્યાસ પરત્વે પ્રચલિત દૃષ્ટિ બદલવી પડશે. નવા અભ્યાસક્રમને અનુસરી અને શિક્ષકો તેમ જ વિદ્યાર્થીઓને પસંદગીનો અવકાશ વિશેષ રહે તે માટે પૃષ્ઠ-સંખ્યા સારા પ્રમાણમાં વધારી છે. એ કારણે પુસ્તકની કિંમતમાં નાછૂટકે વધારો કરવો પડ્યો છે. વ્યાકરણ અને લેખનનો પાઠ્યપુસ્તકની સામગ્રી સાથે સુમેળ સાધી શકાય એ હેતુથી ટિપ્પણ અને સ્વાધ્યાયમાં સુધારાવધારા કર્યા છે. આપણા વિકસતા જતા સાહિત્યનો પરિચય સાધવામાં ને તેની ખૂબીઓનો રસાસ્વાદ માણવામાં સુધારેલી આ આવૃત્તિ સવિશેષ ઉપયોગી થઈ પડશે.

મુંબઈ ૨૧ ઑગસ્ટ ૧૯૫૧   ર. ન. વ.

ઓગણત્રીસમી આવૃત્તિ અઠ્ઠાવીસમીનું પુનર્મુદ્રણ જ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અર્પણ

ગુજરાતની જીવંત ભાવનાના મૂર્ત સ્વરૂપસમા

નર્મદને–

(શિખરિણી)

રચ્યાં ના કાવ્યો તેં જનહૃદયને મુગ્ધ કરતાં
અમારાં હૈયાંને રસજલહિલોળે નચવતાં;
ઘડયાં ના શાસ્ત્રો તેં, નહિ વળી મિનારા વિભવના,
જીવ્યો ત્યારે કીર્તિકળશ તવ શિરે નવ ઢળ્યા;
ઝઝૂમ્યો યુદ્ધે ના, શહીદ થઈ ક્ષેત્રે નવ પડયો,
છતાં આજે તારું સ્મરણ કરતાં શિર નમતાં.
પરંતુ તેં વાંચ્છયું સકલ નવ જે તું કરી શક્યો,
મહેચ્છાઓ સેવી, કંઈ ફલી અકાલે કંઈ મરી–
છતાં તું હાર્યો ના અવિરત પ્રયત્નો કરી કરી,
મહા સ્વપ્નો થાશે ફલિત કદી આશા ઉર ધરી.
મનુષ્યોની ઇચ્છા સકલ ફળતી ના સંરવદા,
ઊઠે આશા ઇચ્છા જન ઉર વિષે અબ્ધિજલના–
તરંગોની પેઠે, પરિમિત છતાં શક્તિ મહિમા:
વિધિના એ દોષે મૂલ મનુજનાં કાં મૂલવવાં ?
મહા મહોલાતોની મન મહીં કરી ભવ્ય રચના
ઊંડા પાયા નાખ્યા નવજીવનના સર્વ દિશમાં,
વિધાતાએ તોડી તવ જીવનદોરી, રહી ગયું
અનુગામી કાજે ચણતર અધૂરું ભવનનું.
સખા, સ્વામી, નેતા ! તવ ભવન માંહે મૂકી શકું
કદી હું એકાદી ઈંટ, ગણું તદા સાર્થ જીવવું.

રમણ વકીલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમ

પદ્યવિભાગ

લેખાંક			પૃષ્ઠાંક
૧.	નરસિંહ મહેતા	(૧) વૈષ્ણવજન	૧૦
૨.	,,	(૨) એવા રે અમો એવા	૧૧
૩.	,,	(૩) જ્યાં લગી આતમા	૧૧
૪.	,,	(૪) ધ્યાન ધર હરિ તણું	૧૨
૫.	મીરાંબાઈ	(૧) મુખડાની માયા	૧૫
૬.	,,	(૨) મેવાડત્યાગ	૧૬
૭.	અખો	(૧) વસ્તુવિચાર	૧૯
૮.	,,	(૨) માયા વિષે	૨૦
૯.	પ્રેમાનંદ	(૧) જસોદાવિલાપ	૨૨
૧૦.	,,	(૨) મામેરું	૨૩
૧૧.	શામળ	નામ વિષે	૩૦
૧૨.	ધીરો	(૧) તરણા ઓથે ડુંગર	૩૩
૧૩.	,,	(૨) અંતે સંતને તેડાવે રે	૩૪
૧૪.	ભોજો	(૧) ભક્તિ શૂરવીરની સાચી રે	૩૫
૧૫.	,,	(૨) દુનિયા દીવાની	૩૬
૧૬.	દયારામ	(૧) ચિત્ત, તું શીદને ચિંતા ધરે?	૩૮
૧૭.	,,	(૨) મનજી મુસાફર	૩૯
૧૮.	દલપતરામ	(૧) ધીરે ધીરે સુધારાનો સાર	૪૨
૧૯.	,,	(૨) ખોટી સમજ	૪૩
૨૦.	નર્મદાશંકર	(૧) ગરવી ગુજરાત	૪૬
૨૧.	,,	(૨) દુનિયા જૂઠાંની	૪૭

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૨. મલબારી	ગુજરાતનું ભાવિ ગૌરવ	૪૯
૨૩. નરસિંહરાવ	(૧) ચિત્રવિલોપન	૫૩
૨૪. ,,	(૨) મંગલ મંદિર	૫૬
૨૫. કાન્ત	અતિજ્ઞાન	૬૦
૨૬. બળવંતરાય	ખેતી	૬૫
૨૭. કલાપી	ગ્રામ્યમાતા	૭૧
૨૮. ત્રિભુવન પ્રેમશંકર	સૃષ્ટિનો સંબંધ	૭૫
૨૯. બોટાદકર	વિદ્ધ મૃગ	૭૮
૩૦. નાનાલાલ	વીરની વિદાય	૮૦
૩૧. ખબરદાર	(૧) સ્મરણમાધુરી	૮૪
૩૨. ,,	(૨) અમારો દેશ	૮૪
૩૩. મેઘાણી	કોઈનો લાડકવાયો	૮૮
૩૪. જ્યોત્સ્ના શુકલ	અંધારાં	૯૨
૩૫. સ્નેહરશ્મિ	(૧) ભગ્ન સ્વપ્નની નાવ	૯૪
૩૬. ,,	(૨) વતન	૯૪
૩૭. મનસુખલાલ ઝવેરી	અપાઈ મુજથી ગયું	૧૦૦
૩૮. સુન્દરમ્	ત્રણ પડોશી	૧૦૨
૩૯. રમણ વકીલ	અરે હૈયું નાનું	૧૦૬
૪૦. ઉમાશંકર જોષી	(૧) બળતાં પાણી	૧૦૯
૪૧. ,,	(૨) ભોમિયા વિના	૧૦૯
૪૨. પ્રહ્લાદ પારેખ	(૧) ગુરુદેવને —	૧૧૨
૪૩. ,,	(૨) કરને ખમૈયા !	૧૧૨
૪૪. સ્વપ્નસ્થ	મેહુલા !	૧૧૪
૪૫. રમણીક અરાલવાળા	વતનનો તલસાટ	૧૧૫
૪૬. વેણીભાઈ પુરોહિત	પંથ દેજે	૧૧૭
૪૭. બાલમુકુન્દ દવે	પારાવારના પ્રવાસી	૧૧૯
૪૮.	રત્નકણિકા	૧૨૦થી ૧૨૯

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગદ્યવિભાગ

૧.	નર્મદાશંકર	મારા પિતા	૧૩૧
૨.	નવલરામ	નાટકશાળા	૧૩૯
૩.	નંદશંકર	સંસારસાગર	૧૪૬
૪.	ગોવર્ધનરામ	સરસ્વતીચંદ્રનો ગૃહત્યાગ	૧૫૧
૫.	મણિલાલ દ્વિવેદી	જીવનચરિત	૧૬૩
૬.	નરસિંહરાવ	નામ વગરનું સ્ટેશન	૧૬૮
૭.	કાન્ત	આલમગીર	૧૭૩
૮.	ગાંધીજી	નારાયણ હેમચંદ્ર	૧૮૮
૯.	કનૈયાલાલ મુનશી	કીર્તિદેવ અને મુંજાલનો મેળાપ	૧૯૪
૧૦.	કાલેલકર	પંઢરી	૨૦૮
૧૧.	રામનારાયણ પાઠક	(૧) ચોપડી ખરાબ કરવાની કળા	૨૧૫
૧૨.	,,	(૨) ખોરાક	૨૧૮
૧૩.	ધૂમકેતુ	પોસ્ટ ઑફિસ	૨૨૩
૧૪.	રમણલાલ દેસાઈ	આંખનાં ઊંડાણ	૨૩૪
૧૫.	લીલાવતી મુનશી	જીવનસંધ્યાએ કૃષ્ણ	૨૪૧
૧૬.	ચંદ્રવદન મહેતા	સ્ટેશન માસ્તર	૨૪૮
૧૭.	જ્યોતીન્દ્ર દવે અને ધનસુખલાલ મહેતા	શાળાનાં સંસ્મરણો	૨૬૩
૧૮.	ચંદ્રશંકર શુક્લ	બલિદાનનો મહિમા	૨૭૬
૧૯.	પુરાતન બુચ	મંદિર દ્વારે	૨૮૪
૨૦.	કિસનસિંહ ચાવડા	શ્રદ્ધાનું કાવ્ય	૨૯૮
૨૧.	ગુલાબદાસ બ્રોકર	માજીનો પ્યાલો	૩૦૩
૨૨.	પુરુષોત્તમ શાહ	છેલ્લી વિદાય	૩૧૩
૨૩.	રમણલાલ સોની	રૂપાની ગાય	૩૨૩
૨૪.	પન્નાલાલ પટેલ	બે બાબિંધ	૩૩૭
૨૫.	ઈશ્વર પેટલીકર	જોશી	૩૪૭

*

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પદ્યવિભાગ

નરસિંહ મહેતા

[ઈ. સ. ૧૪૧૫ (?) ૧૪૮૧ (?)]

['ગુજરાતના આદિ કવિ નરસિંહ મહેતાનો જન્મ જૂનાગઢના નાગર કુટુંબમાં થયો હતો.' માતાપિતા નાનપણમાં મરી ગયેલાં હોવાથી બાળક નરસિંહ પોતાના પિત્રાઈ ભાઈને ત્યાં રહેતા હતા. સત્તર વર્ષની ઉંમરે મહેતાનું લગ્ન માણેકબાઈ સાથે થયું હતું. સાંસારિક વ્યવહાર તરફ ઉદાસીન મહેતાએ ભાભીના મહેણાથી ઘર છોડ્યું અને શિવને આરાધી વૈકુંઠની રાસ-લીલાનું દર્શન માગી લીધું, એમ કહેવાય છે. નરસિંહ મહેતાના હૃદયમાં કૃષ્ણભક્તિના અંકુર ફૂટ્યા ને તે ફાલીને પ્રેમભક્તિનું મોટું વૃક્ષ થયું. મહેતાને કુંવરબાઈ અને શામળદાસ નામે બે સંતાન હતાં. કુંવરબાઈને સાસરે વળાવી; પુત્ર અને માણેક મહેતી ગુજરી ગયાં.

મહાપુરુષના જીવનમાં ઘણી વાર ચમત્કાર આરોપવામાં આવે છે. 'મહેતાને પ્રભુ પ્રત્યક્ષ હતા, ને એમના પુત્ર શામળદાસના વિવાહ વખતે, કુંવરબાઈના સીમંત પ્રસંગે મામેરામાં, હારમાળાના પ્રસંગે ને એમના પિતાના શ્રાદ્ધના પ્રસંગે — શ્રીકૃષ્ણે સાક્ષાત્ દર્શન દીધાં હતાં, તેમ જ એમની હૂંડી શ્રી ભગવાને જાતે સ્વીકારી હતી એવી લોકવાર્તા છે. મહાકવિ પ્રેમાનંદે આ ચારે પ્રસંગોનું રસિક વર્ણન કર્યું છે.'

મહેતા સૌને સમાનદૃષ્ટિથી જોતા. એમણે સ્પૃશ્ય-અસ્પૃશ્યનો ભેદ ટાળ્યો હતો. અને 'ઢેડ વરણમાં દૃઢ હરિભક્તિ' દેખી ઢેડ હરિજનોને ત્યાં પણ તે ભજન કરવા જતા. આથી 'દોહ્યલી નાગર ન્યાત' તરફથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમની ઘણી પજવણી થઈ હતી; પરંતુ 'પક્ષાપક્ષી ત્યાં નહિ પરમેશ્વર, સમદૃષ્ટિને સર્વ સમાન' એમ માનનાર મહેતાએ અનેક પ્રકારની કનડગત સહી પોતાનું કાર્ય ચાલુ રાખ્યું હતું. 'ઘણાં ઘરનો જે હોય પરોણો તેનું મન સ્થિર ન હોયે રે' એમ ગાનાર મહેતા એક જ ઈશ્વરમાં માનતા હતા. દરેક સાચા ભક્તની પેઠે મહેતાને ભક્તિનો બાહ્ય આડંબર ગમતો નહિ.

'મહેતાની કવિતામાં ભક્તિ સર્વત્ર વ્યાપ્ત છે.' એમણે શૃંગાર અને જ્ઞાનનાં કાવ્યો પણ લખ્યાં છે. કૃષ્ણરાધાના જીવનના અનેક પ્રસંગો કલ્પી મહેતાએ કાવ્યોમાં ગૂંથ્યા છે. પ્રભાતિયાં તો નરસિંહ મહેતાનાં જ એમ હજુ પણ કહેવાય છે. એમની ભાષા એકંદરે સાદી અને સરળ છે, પરંતુ જ્ઞાનનાં પદોમાં ગંભીર અને સંસ્કૃતમય છે. મહેતા સંસ્કારી કવિ હતા અને એમનું ધર્મજ્ઞાન ઊંડું હતું. એમનાં કાવ્યોની મૂળ ભાષા કેવી હશે તે ચોક્કસપણે ન કહી શકાય; પણ અત્યારે જે ભાષા આપણે જોઈએ છીએ તે મૂળ મહેતાની ન હોઈ શકે. એમનાં પદો લખાયેલાં નહિ, પણ લોકમુખે ઊતરી આવેલાં હોવાથી સમય પ્રમાણે એમાં ફેરફાર થયા હોય એ દેખીતું છે. મહેતાનાં કહેવાતાં ઘણાં કાવ્યો પ્રેમાનંદ ને દયારામે સુધારેલાં અને કેટલાંક બીજાએ લખી એમના નામથી પ્રચલિત કરેલાં એમ કેટલાક સાક્ષરો માને છે.

'વૈષ્ણવ જન'નું પદ આજે તો ઘણું જાણીતું છે. સાચા 'વૈષ્ણવ'—'હરિજન'નાં લક્ષણો એમાં દર્શાવ્યાં છે. આદર્શ સજ્જનની નરસિંહે રજૂ કરેલી ભાવના સુંદર અને સંપૂર્ણ છે. સમદૃષ્ટિ અને સુધારણાની ધગશને લીધે હરઘડી કનડગત કરતા સમાજની નિંદા કે ટીકા પ્રત્યે નરસિંહ મહેતા કેટલા ઉદાસીન કે બેપરવા હતા તે બીજા પદમાં સચોટ રીતે દર્શાવાયું છે. નરસિંહની વિનમ્રતા ને નિષ્કામ ભક્તિ–ભાવના એમાં પ્રકટ થયાં છે. ભક્તિના બાહ્ય ને આડંબરભર્યા ઉપચારોની અસારતા બતાવતાં, ત્રીજા પદમાં માણસે પોતાની જાતને બરાબર ઓળખવી જોઈએ એવો ઉપદેશ નરસિંહ મહેતા આપે છે. ચોથા પદમાં જગતની અસારતા ને જીવનની નશ્વરતા દર્શાવી, સાચા ભક્તે બધી પ્રવૃત્તિ ઈશ્વરને નામે ને ઈશ્વરને કામે જ કરવી જોઈએ એવો બોધ નરસિંહ મહેતા આપે છે. ચારે પદોમાં નરસિંહની દૃઢ ભક્તિ અને શ્રદ્ધા સુંદર અને સચોટ રીતે પ્રકટ થયાં છે.]

(૧) વૈષ્ણવ જન

વૈષ્ણવ જન તો તેને કહીએ જે પીડ પરાઈ જાણે રે !
પરદુઃખે ઉપકાર કરે તોય મન અભિમાન ન આણે રે !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સકળ લોકમાં સહુને વંદે, નિંદા તે ન કરે કેની રે;
વાચ, કાય, મન નિશ્ચલ રાખે, ધન ધન જનની તેની રે.
સમદષ્ટિ ને તૃષ્ણા ત્યાગી, પરસ્ત્રી જેને માત રે;
જિહ્વા થકી અસત્ય ન બોલે, પરધન નવ ઝાલે હાથ રે.
મોહ, માયા વ્યાપે નહિ જેને, દઢ વૈરાગ્ય જેના મનમાં રે;
રામનામશું તાળી રે લાગી, સકળ તીરથ તેના તનમાં રે.
વણલોભી ને કપટરહિત છે, કામક્રોધ નિવાર્યા રે;
ભણે નરસૈંયો તેનું દર્શન કરતાં કુળ ઇકોતેર તાર્યાં રે.

(૨) એવા રે અમો એવા

એવા રે અમો એવા, તમે કહો છો વળી તેવા રે;
ભક્તિ કરતાં જો ભ્રષ્ટ કહેશો તો કરશું દામોદરની સેવા રે. એવા રે૦
જેનું મન જે સાથ બંધાણું, પહેલું હતું ઘરરાતું રે;
હવે થયું છે હરિરસમાતું, ઘેર ઘેર હીંડે છે ગાતું રે. એવા રે૦
સઘળા સાથમાં હું એક ભૂંડો, ભૂંડાથી વળી ભૂંડો રે;
તમારે મન માને તે કહેજો સ્નેહ લાગ્યો છે મને ઊંડો રે. એવા રે૦
કર્મધર્મની વાત છે જેટલી તે મુજને નવ ભાવે રે;
સઘળા પદારથ જે થકી પામે મારા પ્રભુની તોલે ના'વે રે. એવા રે૦
હળવાં કરમનો હું નરસૈંયો, મુજને વૈષ્ણવ વહાલા રે;
હરિજનથી જે અંતર ગણશે તેના ફોગટ ફેરા ઠાલા રે. એવા રે૦

(૩) જૂઠી સાધના

જ્યાં લગી આતમા તત્ત્વ ચીન્યો નહિ ત્યાં લગી સાધના સર્વ જૂઠી.
માનુષ દેહ તારો એમ એળે ગયો માવઠાંની જેમ વૃષ્ટિ વૂઠી.
શું થયું સ્નાન સેવા ને પૂજા થકી? શું થયું ઘેર રહી દાન દીધે?
શું થયું ધરી જટા ભસ્મલેપન કરે? શું થયું વાળલોચન કીધે?
શું થયું તપ ને તીરથ કીધા થકી? શું થયું માળ ગ્રહી નામ લીધે?
શું થયું તિલક કે તુળસી ધાર્યાં થકી? શું થયું ગંગજલપાન પીધે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શું થયું વેદ વ્યાકરણ વાણી વદે? શું થયું રાગ ને રંગ જાણ્યે?
શું થયું ખટદર્શન સેવ્યા થકી? શું થયું વરણના ભેદ આણ્યે?
એ છે પરંપચ સહુ પેટ ભરવા તણા, આત્મારામ પરિબ્રહ્મ ન જોયો;
ભણે નરસૈંયો કે તત્ત્વદર્શન વિના રત્નચિંતામણિ જન્મ ખોયો.

(૪) ધ્યાન ધર હરિ તણું

ધ્યાન ધર હરિ તણું અલ્પમતિ આળસુ, જે થકી જન્મનાં દુઃખ જાયે;
અવર ધંધો કરે અરથ કંઈ નવ સરે, માયા દેખાડીને મૃત્યુ વહાયે. ધ્યાન૦
સકળ કલ્યાણ શ્રીકૃષ્ણના ચરણમાં, શરણ આવે સુખપાર નોયે;
અવર વેપાર તું મેલ મિથ્યા કરી, કૃષ્ણનું નામ તું રાખ મોંએ. ધ્યાન૦
પટક માયા પરી, અટક ચરણે હરિ, વટક મા વાત સુણતાં જ સાચી;
આશનું ભવન આકાશ સુધી રચ્યું, મૂઢ એ મૂળથી ભીંત કાચી. ધ્યાન૦
અંગજોબન ગયું, પલિત પિંજર થયું, તોય લહેતો નથી કૃષ્ણ કહેવું;
ચેત રે ચેત દિન ચાર છે લાભના, લીંબુ લહેકાવતાં રાજ લેવું. ધ્યાન૦
સરસ ગુણ હરિ તણા જે જનો અનુસર્યા, તે તણા સુજશ તો જગત બોલે,
નરસૈંયા રંકને પ્રીત પ્રભુશું ઘણી, અવર વેપાર નહિ ભજન તોલે. ધ્યાન૦

ટિપ્પણ અને પ્રશ્નો

(૧) **વૈષ્ણવ**–હરિજન, ભક્ત, સજ્જન. **વાચ...રાખે**–વાણી, કર્મ અને મનથી ન ચળે. **તાળી**–લગની. **કુળ**–પેઢી.

(૨) **દામોદર**–કૃષ્ણ. **દામ**–માળા અથવા દોરડું. દોરડું જેના ઉદર (પેટ) પર બાંધેલું છે તે. **રાતું**–રસ લેતું. **હરિરસમાતું**–ભક્તિ-રસથી મસ્ત. **કર્મધર્મ**–આચાર–ધર્મ, બહારના વિધિ. **હળવાં કરમનો**–કમનસીબ, પૂર્વજન્મમાં ઓછાં પુણ્ય કર્યાં હોય તેવો.

(૩) **તત્ત્વ**–ખરું શું છે તે. **ચીન્યો**–ચિંત્યો, ઓળખ્યો. **સાધના**–જપ, તપ, હોમ ઇત્યાદિ ઈશ્વર પ્રાપ્ત કરવાનાં સાધનો. **માવઠાંની...વૂઠી**–જેમ કવખતનો વરસાદ નિરર્થક વરસી જાય છે તેમ. **માવઠું**–માઘ મહિનામાં થતો વરસાદ. **વૂઠી**–વરસી. **વાળલોચન**–માથાના વાળ ખેંચી તોડી નાખવા તે. જૈન જતિઓ પોતાના વાળ આ પ્રમાણે તોડી નાખે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ દેહદમનની પ્રથાનો અહીં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. **રાગ ને રંગ**–(રંગ સં. રંજ્ ઉપરથી) ગાયનકીર્તન કરવાં તે. **ખટદર્શન**–ષડ્દર્શન–ઈશ્વરને ઓળખવાના તત્ત્વદર્શનના છ માર્ગ ગણાય છે: (૧) સાંખ્ય (૨) યોગ (૩) ન્યાય (૪) વૈશેષિક (૫) મીમાંસા (૬) વેદાંત. **વરણ**–ચાર વર્ણ: બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય, શૂદ્ર. **રત્નચિંતામણિ**–ઇચ્છિત વસ્તુ આપનાર રત્ન. તેના જેવો મોંઘો મનુષ્યજાતમાં મળેલો જન્મ.

(૪) **વહાયે**–છેતરે. **પટક માયા પરી**–માયાને દૂર ફેંકી દે. **પરી**–દૂર, વેગળી. **વટક**–રિસાવું, ચિઢાવું, **પલિત**–જૂનું; જર્જરિત. **લીંબુ...લેવું**–'લીંબુ ઉછાળતાં રાજ લેવું' આવો ઉલ્લેખ લૌવા અને બાદશાહની વાતોમાં આવે છે. ઉછાળેલું લીંબુ અલ્પ સમયમાં નીચે પડે છે. સાધારણ રમતમાં–રાજ મેળવવા જેવો મોટો લાભ–ઈશ્વરપ્રાપ્તિ–આ કલિયુગમાં માત્ર ભક્તિથી મેળવાય છે. તે તું શા માટે જતો કરે છે?

૧. નરસિંહ મહેતાના અભિપ્રાય પ્રમાણે સાચો વૈષ્ણવ કોને કહી શકાય?

૨. 'એવા રે અમો એવા રે' એ પદ નરસિંહ મહેતાએ કોને સંબોધીને અને કયે પ્રસંગે લખ્યું હશે?

૩. 'પેટ ભરવાના પરપંચ' એટલે શું? મહેતા શેને એવા પ્રપંચ તરીકે ઓળખાવે છે? (પદ ત્રીજું)

૪. આત્માને ઓળખવાને કઈ જાતની સાધનાને મહેતા આવશ્યક માને છે? (પદ ત્રીજું)

૫. 'અવર વેપાર' એટલે શું? એ 'અવર વેપાર' તજીને હરિનું ધ્યાન ધરવા નરસિંહ મહેતા શા માટે કહે છે?

૬. શબ્દપ્રયોગો સમજાવો:–હરિરસમાતું; હળવાં કરમનો; માવઠાં; વાળલોચન; ખટદર્શન; રત્નચિંતામણિ.

૭. એમાં રહેલા અલંકાર ઓળખાવો: (૧) માવઠાંની જેમ વૃષ્ટિ વૂઠી, (૨) આશાનું ભવન આકાશ સુધી રચ્યું, (૩) રત્નચિંતામણિ જન્મ ખોયો.

૮. નરસિંહ મહેતાના જીવન વિષે ટૂંકી નોંધ લખો. એમનાં આ કાવ્યો પરથી એમની ભક્તિ અને ઈશ્વર વિષેની માન્યતા માટે તમે શો મત બાંધો છો?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મીરાંબાઈ

[ઈ. સ. ૧૫૦૫ (?) ૧૫૭૦ (?)]

[મીરાંનો જન્મ જોધપુરમાં સોળમા સૈકાની શરૂઆતમાં થયો મનાય છે. રાવ દૂદાજી એમના દાદા અને રત્નસિંહ પિતા થાય. જયમલ્લ રાઠોડ જેણે અકબર સામે યુદ્ધમાં અડગ શૌર્ય બતાવ્યું હતું તે એમના પિત્રાઈ ભાઈ હતા. આ બન્ને બાળકો રાવ દૂદાજીના હાથ નીચે ઊછર્યાં હતાં, એટલે બન્નેમાં વૈષ્ણવ સંસ્કાર અતિદૃઢ થયા હતા. મીરાંનાં લગ્ન રાણા સંગના યુવરાજ ભોજરાજ સાથે થયાં હતાં. લગ્ન પછી ટૂંક સમયમાં જ મીરાં વિધવા થયાં હશે, એમ એમનાં કેટલાંક પદો ઉપરથી અનુમાન થાય છે. રાણા સંગના મૃત્યુ પછી મીરાંનો દિયર વિક્રમાદિત્ય ગાદીએ આવ્યો, અને એણે કૃષ્ણઘેલી મીરાંને અનેક પ્રકારે દુઃખ દીધું. કેટલાંક પદોમાં જે રાણાનો ઉલ્લેખ કરવામાં આવે છે, તે વિક્રમાદિત્ય હશે એમ લાગે છે. 'બાળવયથી કૃષ્ણને વરેલી મીરાં શિવમાર્ગી સાસરે સમાઈ નહિ અને દ્વારિકામાં જઈ કૃષ્ણભક્તિમાં ને સત્સંગમાં પોતાનો કાળ ગાળવા લાગી.' ઝેરનો પ્યાલો મીરાં હરિચરણામૃત કરી પી ગયાં હતાં એવી લોકવાયકા છે.

કુંવરબાઈના મામેરાનો પ્રસંગ મીરાંએ કાવ્યમાં (હિંદી) ઉતાર્યો મનાય છે; અકબર બાદશાહે મીરાંની ભક્તિની કસોટી કરી હતી એવી પણ લોકવાયકા છે. આ હકીકત સાચી મનાય તો મીરાંને ઈ. સ. ના સોળમા સૈકામાં જ મૂકી શકાય. છેલ્લા ઐતિહાસિક પુરાવા પણ આ મતનું સમર્થન કરે છે. નવી માન્યતા પ્રમાણે મીરાં ચિતોડના મહારાણા પ્રતાપનાં કાકી થાય. એમને ઉત્તરાવસ્થામાં પ્રતાપના પિતા ઉદયસિંહે ચિતોડ બોલાવી રાખ્યાં હતાં એમ પણ મનાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મીરાંએ હિંદીમાં અનેક પદો રચેલાં છે. હિંદી સાહિત્યમાં પણ કવિઓની પંક્તિમાં મીરાંબાઈનું નામ ઊંચા વર્ગમાં મુકાય છે. મીરાં જન્મે ગુજરાતી ન હતાં, એટલે એમનાં ગુજરાતી પદોમાં હિંદી ભાષાની અસર સ્પષ્ટ જણાય એ સ્વાભાવિક છે. એમનાં પદો સાદાં અને ટૂંકાં છે. ભાષા સરળ પણ વેગવતી છે. પદે પદે સ્ત્રીહૃદયની સ્વાભાવિક કોમળતા અને મધુરતા તરે છે. નરસિંહ મહેતા જેવું તત્ત્વજ્ઞાન કે ભક્તિરહસ્ય એમાં નથી, પણ ભગવાન માટે ઝંખતા ભક્તહૃદયનું આગાધ દર્દ છે. મીરાંનાં પદ હજુ પણ ઠેર ઠેર ગવાય છે. અત્યારે મીરાંને નામે ચાલતાં પદોમાં – લોકમુખે ઊતરી આવતા બીજા સાહિત્ય માફક – વિકાર થયો છે એ નિર્વિવાદ છે; પણ કેટલાંક કાવ્યો કોઈએ લખી મીરાંને નામે ચઢાવ્યાં હોય એ પણ અતિસંભવિત છે. અહીં ઉતારેલું 'મેવાડત્યાગ'નું પદ મીરાંબાઈએ લખ્યું હોય એ બહુ શંકાસ્પદ છે.]

(૧) મુખડાની માયા

(રાગ: કાફી)

મુખડાની માયા લાગી રે, મોહન પ્યારા! — (ટેક)
મુખડું મેં જોયું તારું આ જગતડું થયું ખારું;
મન મારું રહ્યું ન્યારું રે! — મોહન પ્યારા!

સંસારીનું સુખ એવું, ઝાંઝવાનાં નીર જેવું;
તેને તુચ્છ કરી ફરીએ રે! — મોહન પ્યારા!

સંસારીનું સુખ કાચું, પરણીને રંડાવું પાછું;
તેને ઘેરે શીદ જઈએ રે? — મોહન પ્યારા!

પરણું તો પ્રીતમ પ્યારો, અખંડ સૌભાગ્ય મારો;
રાંડવાનો ભય ટાળ્યો રે! — મોહન પ્યારા!

મીરાંબાઈ બલિહારી તારી, આશ એક ઉર ધારી;
હવે હું તો બડભાગી રે! — મોહન પ્યારા!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



(૨) મેવાડત્યાગ

(રાગ : પરજ)

ગોવિંદો પ્રાણ અમારો રે, મને જગ લાગ્યો ખારો;
મને મારો રામજી ભાવે રે, બીજો મારી નજરે ન આવે રે! — (ટેક)

મીરાંબાઈના મહેલમાં રે, હરિસંતનનો વાસ,
કપટીથી હરિ દૂર વસે, મારા સંતન કેરી પાસ. ગોવિંદો૦

રાણોજી કાગળ મોકલે રે, દો રાણી મીરાંને હાથ;
સાધુની સંગત છોડી દો, તમે વસોને અમારે સાથ. ગોવિંદો૦

મીરાંબાઈ કાગળ મોકલે રે, દેજો રાણાજીને હાથ;
રાજપાટ તમે છોડી રાણાજી, વસો સાધુને સાથ; ગોવિંદો૦

વિષનો પ્યાલો રાણે મોકલ્યો રે, દેજો મીરાંને હાથ;
અમૃત જાણી મીરાં પી ગયાં જેને સહાય શ્રીવિશ્વનો નાથ. ગોવિંદો૦ ૧૦

સાંઢવાળા, સાંઢ શણગારજે રે, મારે જાવું સો સો કોસ,
રાણાજીના દેશમાં મારે જળ રે પીવાનો દોષ. ગોવિંદો૦

ડાબો મેલ્યો મેવાડ રે, મીરાં ગઈ પશ્ચિમમાંય;
સરવ છોડી મીરાં નીસર્યાં, જેનું માયામાં મનડું ન કાંય. ગોવિંદો૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાસુ અમારી સુષુમણા રે, સસરો પ્રેમસંતોષ;
જેઠ જગજીવન જગતમાં, મારો નાવલિયો નિર્દોષ. ગોવિંદો૦
ચૂંદડી ઓઢું ત્યારે રંગ ચૂએ રે, રંગબેરંગી હોય;
ઓઢું હું કાળો કામળો, દૂજો ડાઘ ન લાગે કોય. ગોવિંદો૦
મીરાં હરિની લાડણી રે, રહેતી સંત હજૂર;
સાધુ સંઘાતે સ્નેહ ઘણો, પેલા કપટીથી દિલ દૂર. ગોવિંદો૦ ૨૦

ટિપ્પણ અને પ્રશ્નો

(૧) **ઝાંઝવાનાં નીર**–મૃગજળ. **૫–૮** મીરાં બાળવયે વિધવા થયાં હતાં તે મતના સમર્થનમાં બહુધા આ પંક્તિઓ ટાંકવામાં આવે છે. **બડભાગી**–મોટા નસીબવાળી. મીરાંની મૂળ વ્રજભાષાના અવશેષરૂપે આ શબ્દ ધ્યાન ખેંચે છે.

(૨) **રાણોજી**–મીરાં બાળવિધવા હતાં એ માન્યતા સ્વીકારીએ તો રાણોજી તે મીરાંના પતિ નહિ, પણ દિયર વિક્રમાદિત્ય, જેણે મીરાંને ઘણું દુ:ખ દીધું હતું એમ કહેવાય છે. **સાંઢ**–ઊંટ. **પશ્ચિમમાંય**–દ્વારકા તરફ. **૧૫–૨૬** આમાં મીરાં પોતાના સૂક્ષ્મ સંબંધીઓનો નિર્દેશ કરે છે. **સુષુમણા**–ઈડા અને પિંગલા વચ્ચે આવેલી શ્વાસનળી; ધ્યાનની એકાગ્રતા સાધવા માટે જ્યાં શ્વાસનું રુંધન કરવામાં આવે છે તે. **૧૭–૧૮** સંસારરૂપી રંગબેરંગી ચૂંદડીમાં લપેટાવાથી સંસારી વિષય અને વિકારના ડાઘ જીવનને લાગે છે; પણ વૈરાગ્યનો કાળો કામળો ઓઢવાથી વિષયોના રંગની જીવન ઉપર અસર થતી નથી.

૧. મીરાંબાઈને કોના મુખડાની માયા લાગી હતી? એમના જીવન ઉપર એની કેવી અસર થઈ હતી?

૨. મીરાંબાઈ સંસારીના સુખને શેની સાથે સરખાવે છે? શા માટે? એમને ખરું સુખ શેમાં જણાય છે?

૩. મીરાંબાઈએ મેવાડનો ત્યાગ કરવાનો નિશ્ચય શા માટે કર્યો?

૪. 'ચૂંદડી' અને 'કાળો કામળો' એ બે શબ્દો મીરાંબાઈ કયા સંબંધમાં વાપરે છે? એમાં રહેલું રૂપક સ્પષ્ટ રીતે સમજાવો.

૫. મીરાંનાં ઉપરનાં પદોમાંથી આદ્યાનુપ્રાસનાં થોડાં દૃષ્ટાંતો આપો.

૬. ઇતિહાસ અને લોકવાયકાને આધારે મીરાંના સમય વિષે ટૂંક નોંધ લખો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અખો

[ઈ. સ. ૧૬૧૫ (?) ૧૬૮૫ (?)]



['પોતાની ઇચ્છા વિરુદ્ધ ગુજરાતના મહાકવિઓમાં લેખાતો અમદાવાદનો સોની અખો સમર્થ વેદાંતી હતો.' પંદર વર્ષની ઉંમરે એના બાપ એને જેતલપુરથી અમદાવાદ લઈ આવ્યા. એની બહેન નાનપણમાં મરી જવાથી એને વૈરાગ્ય ઉત્પન્ન થયો, ને એણે સાધુસંતની સંગત કરવા માંડી; પણ તેમની અનીતિથી એ કંટાળ્યો હોય એમ લાગે છે. અમદાવાદની ટંકશાળનો એ ઉપરી હતો. દરમિયાન કોઈની ભંભેરણીથી વહેમાઈ અખો સિક્કામાં ભેળ કરે છે કે નહિ, તેની નવાબે તપાસ કરી. અખો નિર્દોષ ઠર્યો, પણ આથી સંસાર પરથી એની પ્રીતિ ઊઠી ગઈ. બીજો એક પ્રસંગ એવો બન્યો કે કોઈ બાઈ જેને એ બહેન જેવી ગણતો હતો, તેણે અખાને પોતાના ત્રણસો રૂપિયા રાખવા આપ્યા હતા. બાઈને કોઈએ ભંભેરી કે, "સોનીભાઈનો વિશ્વાસ શો? માટે તું તારા પૈસા પાછા લઈ લે." આ ઉપરથી બાઈએ અખાને કહ્યું, "ભાઈ, મને મારા ત્રણસો રૂપિયાની કંઠી કરી આપ." અખાએ માંહે સો રૂપિયા ઉમેરી ચારસોની કંઠી કરી આપી. બાઈએ આ વાત પેલા માણસને કહી અખાની પ્રશંસા કરી ત્યારે તેણે કહ્યું, "સોનીભાઈ સગી બહેનનું ચોરે, તે તને સો રૂપિયા ભલો આપતો! તપાસ કર. વખતે માંહે કંઈ ભેગ કર્યો હશે." બાઈએ કંઠી કપાવી કિંમત અંકાવી તો ચારસોની થઈ. પછી કંઠી આખી કરાવવા તે બાઈ અખા કને ગઈ ત્યારે અખાએ સમજાવીને કંઠી ભાંગવાનું ખરું કારણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જાણી લીધું. આથી અખાને લાગ્યું કે સૌ સ્વાર્થનું જ સગું છે. છેવટે એણે ઓજાર કૂવામાં નાખી સદ્‌ગુરુની શોધ કરવા માંડી. અનેક મહારાજો, ગોસાંઈઓ ને સાધુઓ એણે જોયા, પણ તે સર્વે એને દંભી ને સ્વાર્થી માલૂમ પડયા.

મૂર્તિપૂજાની અતિશયતા અને તેથી ઉદ્‌ભવેલા અનર્થ જોઈ અખાને મૂર્તિપૂજાના સેવાપ્રકારથી અસંતોષ થયો. એનું સ્વતંત્ર મન સંપ્રદાયના વાડાની સંકુચિતતા ન સ્વીકારે એ સ્વાભાવિક છે. અખો કહે છે:—

"ગુરુ કીધા મેં ગોકુળનાથ, નગુરા મનને ઘાલી નાથ;
મન મનાવી સગુરુ થયો, પણ વિચાર નગુરાનો રહ્યો."

એણે દંભી અને સ્વાર્થસાધુ ધર્મગુરુઓને ઠીક સપાટા લગાવ્યા છે; એનાં વાગ્બાણ તીક્ષ્ણ ને હૃદયમાં સોંસરાં પેસી જાય એવાં છે. એનાં દૃષ્ટાંતો પરથી એણે દુનિયા ઘણી જોઈ હોય એમ લાગે છે. વેદાંતજ્ઞાનના એના ગ્રંથો વિદ્વત્તાભરેલા છે. પણ આવા ગહન વિષયને માટે તે સમયની ભાષામાં જોઈતા સરળ શબ્દો નહિ હોવાથી એની ભાષા ક્લિષ્ટ થઈ ગઈ છે. જનસમાજના દોષને તીવ્ર કટાક્ષબાણથી વીંધી નાખવામાં એ એક્કો છે. છ ચરણના એના છપ્પા બોધદાયક છે. અખો જેને છપ્પા કહે છે તે વસ્તુતઃ ચોપાઈનાં છ ચરણ છે. છૂટક છપ્પા અને પદોમાં એણે લોકાચારનો ઊધડો લેવામાં બાકી રાખ્યું નથી. એના મુખ્ય ગ્રંથો: 'અખેગીતા', 'અનુભવબિંદુ', 'ગુરુશિષ્યસંવાદ', 'ચિત્તવિચારસંવાદ', 'પંચીકરણ', 'કૈવલ્યગીતા'.

ધાર્મિક પાખંડને પ્રગટ કરવું, અને વેદાંતને લોકભાષામાં ઉતારવું, એ એની કવિતાનો ઉદ્દેશ હતો, એટલે એની કવિતા ઉપદેશાત્મક છે. એનાં કાવ્યો કઠિન અને કંઈક અંશે ક્લિષ્ટ હોવાથી એ નરસિંહ અને મીરાંની લોકપ્રિયતા પ્રાપ્ત કરી શકયો નથી. ઈશ્વરના જુદા જુદા સ્વરૂપની કલ્પના ને પોતાના સંપ્રદાય પ્રત્યેના પક્ષપાતને લીધે સમાજમાં જે કલેશ-કલહ થાય છે તે પહેલા પદમાં અખાએ દર્શાવ્યું છે. બીજામાં જગત ને જીવન એ માયા છે ને એનો ખોટો મોહ ન રાખવો એવો બોધ કવિ આપે છે.]

(૧) વસ્તુવિચાર

કોઈ કહે મોટો શિવ દેવ, કોઈ કહે વિષ્ણુ મોટો અહમેવ;
કોઈ કહે આદ્યભવાની સદા, બુધ કલ્કીના કરે વાયદા.
જૈન કર્મની સદા દે શીખ, યવન માને કલમે શરીફ;
અખા સૌ બાંધે બાકરી, કોઈ ન જુએ હરિ પાછો ફરી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘણા શબ્દ પડ્યા જે કાન, તેને તેનું લાગ્યું ધ્યાન;
એમ ગોથાં ખાતો સંસાર, અખા વિના વસ્તુવિચાર.

(૨) માયા વિષે

સુખદુખિયા દીસે બહુ, માયાના કીધા છે સહુ,
સુખિયા પળમાં દુખિયા થાય, ધનતનલજ્જા ફીટી જાય;
રંક હોય તે થાયે રાય, અખા, એહ માયામહિમાય.
માયાના મર્કટ સહુ લોક, પલકે સુખ ને પલકે શોક;
કપિને જેમ શણગાર્યો નટે, ભીખ મંગાવે રહ્યો ચૌટે;
પલકે રિધસિધ આવે ઘણી, જીવ જાણે હું સૌનો ધણી.
જેમ વરઘોડે મળી બહુ વના, પલક રહીને થાયે ફના;
અખા, માયા કરે ફજેત, ખાતાં ખાંડ ને ચાવતાં રેત.

ટિપ્પણ અને પ્રશ્નો

(૧) **અહમેવ** – અવશ્યમેવ, ખરેખર. **આદ્યભવાની** – સૃષ્ટિનું સર્જન કરનાર આદ્યશક્તિ. **કલ્કી** – વિષ્ણુનો દસમો અવતાર, જે ભવિષ્યમાં થનાર છે એમ મનાય છે. **કલમે શરીફ** – કુરાનનું વચન, જે શ્રદ્ધાપાત્ર છે. **બાકરી** – મમત. **વસ્તુવિચાર** – સત્ય વિષે વિચાર.

(૨) **રિધસિધ** – રિદ્ધિ (સમૃદ્ધિ) અને સિદ્ધિ. **સિદ્ધિ** – કાર્ય પાર પાડવાની અલૌકિક શક્તિ, જે આઠ ગણાય છે: (૧) અણિમા (૨) મહિમા (૩) ગરિમા (૪) લઘિમા (૫) પ્રાપ્તિ (૬) પ્રાકામ્ય (૭) ઈશિત્વ (૮) વશિત્વ. **વના** – વસ્તુઓ; વાનાં.

૧. અખાના જીવનના કયા પ્રસંગોને લીધે એનું મન સંસાર પરથી ઊઠી ગયું?

૨. 'વસ્તુવિચાર' પદમાં અખો શો ઉપદેશ આપે છે?

૩. 'માયા' નો મહિમા અખો કેવી રીતે વર્ણવે છે? એની સરખામણી એ શેની શેની સાથે કરે છે?

૪. અખો એક ઈશ્વરમાં માનતો એમ તમે કઈ પંક્તિઓને આધારે કહી શકો? એ પંક્તિઓ સમજાવો.

૫. અખાનાં તમે વાંચેલાં કાવ્યોમાં એણે જે સરખામણીઓ આપી છે તે દર્શાવો. એમાંથી ગમે તે બે સરખામણી વિગતવાર સમજાવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રેમાનંદ

[ઈ. સ. ૧૬૩૬ (?) ૧૭૩૪ (?)]



[ગુજરાતી ભાષાને બીજી ભાષાઓ જેવી **સમૃદ્ધ** બનાવનાર અને વિવિધ પ્રકારના અનેક ગ્રંથોથી દીપાવનાર ગુર્જર કવિશિરોમણિ ભટ્ટ પ્રેમાનંદનો જન્મ વડોદરામાં થયો હતો. માબાપ ગુજરી ગયાં એટલે પ્રેમાનંદે નિયમિત વિદ્યાભ્યાસ કર્યો ન હતો; પણ બાપદાદાનો પુરાણીનો ધંધો હોવાથી, ઉદરનિર્વાહ માટે મહાભારત, રામાયણ, ભાગવત, પુરાણ વગેરેનો ઊંડો અભ્યાસ કર્યો હતો. તે સમયમાં પુરાણીઓ સંસ્કૃતમાં કથા કરતા, અને કવિઓ હિંદી ભાષામાં કાવ્યો રચતા. 'ઉંબર મૂકી ડુંગર પૂજવા' ઇચ્છતા પ્રેમાનંદને એમના ગુરુ રામચરણે ગુજરાતી સાહિત્યના સદ્‌ભાગ્યે, ગુજરાતીમાં કાવ્ય લખવા પ્રેર્યા. આથી તે ઘણા લોકપ્રિય પણ થઈ શક્યા. એમને પણ નરસિંહ મહેતા, મીરાંબાઈ અને દયારામ માફક દિવ્ય કૃપાથી જ કાવ્યપ્રસાદી મળી હતી એમ કહેવાય છે.

પ્રેમાનંદ કથા કરીને પોતાનું ગુજરાન ચલાવતા. ત્રાંબાની ગાગર લઈ કથા કરનારને **માણભટ્ટ** કહેવામાં આવે છે. એ જાતના કથાકારો હજુ પણ કોક સ્થળે માલૂમ પડે છે. પ્રેમાનંદ પણ આવા માણભટ્ટ હતા. જીવનની ઉત્તરાવસ્થામાં નંદરબારના રાજાનો આશ્રય કવિએ સ્વીકાર્યો હતો; તોપણ કવિએ તેના ગુણ ગાયા નથી. 'કવિતામાં ઈશ્વર સિવાય બીજાં (પ્રાકૃત) પાત્રોની સ્તુતિ ન કરવી એવો એનો દૃઢ સંકલ્પ હતો.' પ્રેમાનંદના અનુગામી લોકપ્રિય કવિ શામળ ભટ્ટે પોતાના આશ્રયદાતા રખીદાસ માટે કાઢેલા ઉદ્‌ગાર 'રખિયલ રૂડો રાજવી, ભોજ સમોવડ ભૂપ' – પ્રેમાનંદના આ સંકલ્પ સાથે વિરોધમાં સરખાવવા જેવા છે.

'નળાખ્યાન', 'રણયજ્ઞ', 'સુદામાચરિત્ર', 'મામેરું' એ પ્રેમાનંદની અતિ લોકપ્રિય કૃતિઓ છે. એમની સર્વ મુખ્ય કૃતિઓનું વસ્તુ બીજા જૂના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધાર્મિક ગ્રંથોમાંથી લેવામાં આવ્યું છે. છતાં પંક્તિએ પંક્તિએ પ્રેમાનંદની પ્રતિભાનાં અપૂર્વતા અને સામર્થ્ય તરી આવે છે. કવિની અદ્‌ભુત વર્ણનશક્તિ, અલંકારોની યોગ્યતા, અનન્ય કવિત્વશક્તિ, તીવ્ર કલ્પના અને રસમય રીતે કથા કહેવાની કલા એમને ગુજરાતી કવિઓમાં સર્વોપરી પદે સ્થાપે છે. કવિનું પાત્રાલેખન ઉચ્ચ છે. પ્રેમાનંદ માનવસ્વભાવના ઊંડા અભ્યાસી અને સિદ્ધહસ્ત આલેખક છે, એ એમનું કોઈ પણ આખ્યાન વાંચી આપણે કહી શકીએ. એમની અસાધારણ વિવેકશક્તિને લીધે વાર્તાના રસમાં ભંગ થતો નથી. કવિ કરુણ કે હાસ્યરસને બહુ જ સચોટ રીતે ઉતારી શકે છે. 'નળાખ્યાન' અને 'સુદામાચરિત્ર'માં બંને રસનું મિશ્રણ અતીવ કલામય રીતે કરવામાં આવ્યું છે.

'જસોદાવિલાપ'માં માતાના હૃદયના સાદા, સુકોમળ અને કરુણ વાત્સલ્યભાવ કવિએ ઉતાર્યા છે. 'સાહિત્યની ઉત્તમોત્તમ કૃતિઓમાંથી, આજે પણ, એને ટપી જાય એવાં એ જ વિષયનાં બહુ ઉદાહરણો નહિ મળે.' 'મામેરું'માંથી લીધેલાં બે કડવાં પ્રેમાનંદની હાસ્યરસ જમાવવાની શક્તિનાં સુંદર ઉદાહરણ રૂપે છે. સમકાલીન લોકજીવન અને રીતરિવાજોનો મામેરા દ્વારા સારો અભ્યાસ થઈ શકે છે. એ કારણે આપણા સાહિત્યમાં મામેરાને વિશિષ્ટ મહત્ત્વ મળે છે.



(૧) જસોદાવિલાપ

મારું માણેકડું રિસાયું રે! શામળિયા! — (ટેક)
તારા મનમાં એ શું આવ્યું રે! શામળિયા!
હું અપરાધણ માતાને મૂકી શા માટે ઝંપલાવ્યું રે? શામળિયા!
કાલિંદીનું કાળું પાણી, માંહે વસે કાળો કાળી;
હવે આશા તે શી મળવાની? કેમ આવે વનમાળી રે? શામળિયા!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંતાનરૂપિયું મોટું ધન તે કરમે લીધું લૂંટી;
મેં નવ જાણ્યું જતન કરીને, રતન પડ્યું કેમ છૂટી રે? શામળિયા!
પુત્ર પામી હું છેલ્લે આશ્રમે, ઉછેર્યો પ્રતિપાળી;
નીપન્યો રસ ઢળી ગયો, હું વિજોગ આગે બાળી રે! શામળિયા!
નાકે મોતી, પાયે ઘૂઘરી, મોરમુકુટ–શિર–ધારી;
ફરી રૂપ હું ક્યાંથી દેખું – હરિ આવે ગૌ ચારી રે! શામળિયા!
કાને કુંડળ, મુખમાં મોરલી, સાંજે ગોકુળ આવે;
'ભૂખ્યો છઉં' કહીને પેટ દેખાડે, 'મા' કહી મને બોલાવે રે! શામળિયા!
પીત પિછોડી, કાછ કછે, મુજ કને નેતરું માગે;
હું ઘરડી માને થાકી જાણી, કોણ વલોવવા લાગે રે? શામળિયા!
તું પ્રાણેશ્વર, તું ગોપેશ્વર, ગોપી દેહ કેમ ધરશે?
બાળસખાની કોણ વલે? આ ગાયો હીસી હીસી મરશે રે? શામળિયા!
ઊંડા જળમાં વાસો કીધો, પાણીમાં કેમ ગમશે?
મોર, પોપટ ને પૂતળી, તારે રમકડે કોણ રમશે રે? શામળિયા!
કાંઈ તું ગયો ને હું જીવું છું ઓછા સગપણ માટે;
સાચું વહાલ તે તિહાં જણાયે, સાંભળતાં હૈયું ફાટે રે! શામળિયા!
કાષ્ટપેં પાષાણ કઠિણ છે, તેપેં કઠિણ છે લોઢું;
વજ્રતુલ્ય છે કાળજું મારું, લોકોને શું દેખાડું મોઢું રે! શામળિયા!
તેં મખાંતર દડાનું કીધું, મનમાં દુઃખ કાંઈ આવ્યું?
ઊખળનું બંધન આજ સંભાર્યું, તે માટે ઝંપલાવ્યું રે? શામળિયા!
નંદ જસોદા ગાય ગોવાળા, વ્યાકુળ વ્રજની નારી;
'ચાર ઘડી પૂંઠે સર્વે પડજો,' હળધર રાખે વારી રે! શામળિયા!

(૨) મામેરાની તૈયારી

(રાગ: ધનાશ્રી)

ખોખલે પંડે પત્ર જ આપ્યું મહેતાજીને હાથ જી;
વધામણી કાગળમાં વાંચી, સમર્યા વૈકુંઠનાથ જી;
'મામેરું પુત્રીનું કરવું, ઘરમાં નથી ખોટા દામજી;
ત્રેવડમાં ત્રિકમજી! રહેજો, દ્રવ્ય તણું છે કામ જી.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભોજન કરાવી દક્ષિણા આપી, મહેતે લાગ્યા પાય જી;
'મોસાળું લઈ અમો આવીશું,' પંડ્યો કીધો વિદાય જી.
નરસિંહ મહેતે ઘેર તેડાવ્યાં સગાં તે વૈષ્ણવ સંત જી;
'મોસાળું લઈ આપણે જાવું, કુંવરબાઈનું સીમંત જી.'
જૂની વહેલ ને ધૂંસરી વાંકી, સાંગી સોટા ભાંગી જી;
કોના તળાવા ને કોની પીંજણીઓ, બળદ આણ્યા બે માગી જી.
મહેતાજી મામેરે ચાલ્યા, સમર્યા શ્રી જગદીશ જી;
ત્રણ સખીઓ સંઘાતે ચાલી, વેરાગી દશવીસ જી.
સંપુટ ત્રાંબાની ડાબલીનો, તેમાં બાલમુકુંદ જી;
કંઠે હાર કરીને રાખ્યા, તેમાં દામોદર નંદનંદ જી.
વહેલની પૂંઠે કોથળો બાંધ્યો, માંહે ભર્યાં વાજિંત્ર જી;
ગાંઠડી એક ગોપીચંદનની, તુલસીકાષ્ઠ પવિત્ર જી.
મોસાળાની સામગ્રીમાં તિલક ને તુલસીમાળ જી;
નરસૈંયાને નિર્ભય છે જે જોગવશે ગોપાળ જી.
બળહીણા બળદો શું હીંડે? ઠેલે વૈષ્ણવ સાથ જી!
શોર પાડે ને તાળ ચઢાવે, જે! જે! વૈકુંઠનાથ જી!
એક બળદ ગળિયો થઈ બેસે, આખલો તાણી જાય જી;
પડ્યાને પૂંછ ગ્રહી ઉઠાડે, કૌતુક કોટિ થાય જી.
સાલેસાલ જૂજવાં દીસે રથ તણાં બહુ વક્ર જી;
સાંગીનો બહુ શબ્દ જ ઊઠે, ચૂંચવે છે બહુ ચક્ર જી.
ચડે, બેસે, ને વળી ઊતરે, લે રામકૃષ્ણનું નામ જી;
મધ્યાહ્ને મહેતાજી આવ્યા, જોવા મળ્યું ઊના ગામ જી.
શું જાણે વૈષ્ણવનો મહિમા વિષયી પુરના લોક જી?
કોડ પહોંત્યા કુંવરવહુના, મામેરું છે રોક જી!

(વલણ)

રોક મામેરું મહેતો લાવ્યા, જુઓ વૈષ્ણવની વસાત રે;
એકેકી માળા આપશે તો પહેરશે નાગરી નાત રે!

(રાગ: મારુ)

સુણી શ્રીરંગ મહેતો આવ્યા ધાઈ, ભાવે ભેટ્યા બંને વેવાઈ;
મળ્યો જમાઈ જમાઈનો ભ્રાત, મળ્યો સહુ નાગરનો સાથ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



મહેતાનો ઉતારો [પૃ. ૨૬]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કપટે ભેટી પાછા ખસે, જોઈ જોઈ સામગ્રીને હસે.
ઊતરવા ઘર આપ્યું એક, ઝાઝા ચાંચડ, મચ્છર વિશેષ.
ખાડાટેકરા, વસમો ઠામ, ઉપર નળિયાનું નહિ નામ!
કોહ્યું છાજ ને જૂની વળી, ભીંતો દોદશ એવડ વળી.
ઝાઝા માંકણ, ઝાઝા જૂવા, ત્યાં મહેતાના ઉતારા હુઆ.
વેવાઈ ગયા ઉતારો કરી, બોલે હસણી નાત નાગરી:
'કુંવરવહુનો વૈષ્ણવ બાપ, દર્શન કરી ખોઈએ પાપ!'
મહેતાને જોવા હરખે ભરી, ઘેર ઘેરથી ચાલી સુંદરી!
મન વિના મહેતાને નમે, સારું થયું જે આવ્યા તમે.
માંહોમાંહે કહે સુંદરી, 'મહેતો દીઠે દીઠા હરિ!
જુઓ સાથ કેવો ફૂટડો, એને પરમેશ્વર ત્રૂઠડો!
કુંવરવહુનું ભાગ્યું દુઃખ!' એવું કહીને મરડે મુખ.
'જુઓ બળદ મહેતાજી તણા, બગાઈઓ શબ્દ કરે છે ઘણા.
વજાડશે મંડપમાં ચંગ, નાગરી નાતમાં રહેશે રંગ!
આ ગાંઠડી વળગાડી લટકે, તાળનાં જોડાં બાંધ્યાં પટકે.
તુલસીકાષ્ઠ તણો એ ભારો, હવે મામેરાનો શો ઉધારો?
છાબમાં તુલસીદળ મૂકશે, ઊભો રહીને શંખ ફૂંકશે!
વેરાગી હરિના ગુણ ગાશે, એટલે મોસાળું પૂરું થાશે!'
એમ નાગરી કૌતક કરે, ટોળ કરીને પાછી ફરે.
કુંવરબાઈએ જાણી વાત, મોસાળું લઈ આવ્યા તાત.
ઉતાવળી મળવાને ધસી, બોલે નણદી મર્મે હસી:
'આ શું પિતાપુત્રીનું હેત! શાને કરવા આવ્યો ફજેત?
લજાવ્યું સાત પેઢીનું નામ, સાથે વેરાગીનુ શું કામ?
શું મળવા ચાલ્યાં એકલાં? એ બાપથી નબાપાં ભલાં.'
કઠણ બોલ એવો સાંભળી, કુંવરબાઈ બોલી પાછી વળી:
'નણદી, શું મચ્છર આવડો? પૂંઠળથી બાઈ! શું બડબડો?
સુખી પિતા હશે જે તણો તે પુત્રીને લાભ જ ઘણો.
કોનો પિતા લખેશરી કહાવે, તે તો મારે શો ખપ આવે?
રાંક પિતા આવ્યો મુજ ઘેર, એક કાપડું સોનાનો મેર.
તમે મન માને તે કહો, એ પિતા મારે જીવતો રહો.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મર્મવચન નણદીને કહી, પછે પિતા પાસે પુત્રી ગઈ.
દૂર થકી દીઠી દીકરી, મહેતાએ સમર્યા શ્રીહરિ.
અન્યોઅન્ય નયણાં ભરી, ભેટયાં બેઉએ આદર કરી.
મહેતે મસ્તક મૂકી હાથ, પાસે બેસાડી પૂછી વાત:
'કુંવરબાઈ! કહો કુશળક્ષેમ; સાસરિયાં કંઈ આણે છે પ્રેમ?
રૂડો દિવસ આવ્યો દીકરી! તો મોસાળું કરશે શ્રીહરિ.'
કુંવરબાઈ બોલી વિનતી: 'મોસાળું કાંઈ લાવ્યા નથી.
નાગરી નાતે કેમ રહેશે લાજ? વિના દ્રવ્ય આવ્યા શેં કાજ?
નિર્માલ્ય નિર્ધનનો અવતાર! નિર્ધનનું જીવ્યું ધિક્કાર!
ચતુરપણું નિર્ધનનું જેહ ઘેલા માંહી ગણાયે તેહ.
લોક બોલાવે 'દુર્બળ' કહી; એથી માઠું કંઈ બીજું નહિ.
પિતાજી! કંઈ ઉદ્યમ ન કરો, ધનનો નવ રાખો સંઘરો.
આ અવસર સચવાયે કેમ? પિતાજી! તમે વિચારો એમ.
નથી લાવ્યા કંકુની પડી, નથી લાવ્યા મોડ નાડાછડી.
નથી માટલી, ચોળી ને ઘાટ, એમ શું આવ્યા બારેવાટ?
કેમ કરી લજ્જા રહેશે તાત? હું શેં ન મૂઈ મરતે માત?
માત વિના સૂનો સંસાર! માત વિના તે શો અવતાર?
જે બાળકની માતા ગઈ મરી, બાપની સગાઈ સાથે ઊતરી.
જેવું આથમતા રવિનું તેજ, મા વિના એવું બાપનું હેત.
સુરભી મરતાં જેવું વચ્છ, જલ વિના જેવું તલપે મચ્છ;
ટોળાંવછોયી જેવી મૃગલી, મા વિના દીકરી એકલી!
લવણ વિના જેવું ફીકું અન્ન, ભાવ વિના જેવું ભોજન;
કીકી વિના જેવું લોચન, મા વિના તેવું બાપનું મન.
ઘડો ફૂટે રઝળે ઠીકરી, મા વિના એવી દીકરી.
ગોળ વિના મોળો કંસાર, માત વિના સૂનો સંસાર.
શીદ કરવા આવ્યા ઉપહાસ? સાથે વેરાગી પાંચ પચાસ.
શંખ, તાળ ને માળા ચંગ, એ મોસાળું કરવાના ઢંગ?
ન હોય તો પિતા! જાઓ પાછા ફરી,' એવું કહી રોઈ દીકરી.
મહેતે મસ્તક મૂક્યો હાથ, 'કરશે મોસાળું વૈકુંઠનાથ.
પહેરામણી કરવી હોય જેટલી, આસામી લખી લાવો તેટલી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લખજો સાસરિયાં સમસ્ત, વિસારશો મા એક વસ્ત.'
વચન મહેતાજીનાં સુણી, કુંવરબાઈ આવ્યાં સાસુ ભણી.
'મારે પિતાએ મોકલી હુંય, લખો કાગળમાં જોઈએ શુંય.'
મુખ મરડી બોલી સાસુ: 'શો કાગળ ચીતરવો ફાંસુ!
છાબમાં તુળસીદળ મૂકશે, ઊભા રહીને શંખ ફૂંકશે!
વેરાગી હરિના ગુણ ગાશે, એટલે મોસાળું પૂરું થાશે.' ૭૮

ટિપ્પણ અને પ્રશ્નો

(૧) **માણેકડું** (સં. माणिक्य-રત્ન)-પુત્રરત્ન. **કાલિંદી**-જમના નદી કલિંદ પર્વતમાંથી નીકળે છે માટે. **કાળી**-કાળીનાગ. **વનમાળી**-વનનાં પુષ્પોની માળા ધારણ કરનાર, કૃષ્ણ. **છેલ્લા આશ્રમે**-ઉત્તર-પછીની વયમાં. **નીપન્યો**-નીપજેલો-નિષ્પન્ન. **નેતરું**-દહીં વલોવવાના રવૈયા ઉપર બાંધેલું દોરડું. **કાષ્ટપે**-કાષ્ઠ (લાકડા)થી પણ. **મખાંતર** (સં. मिषांतर)-બહાનું. **ઊખળ**-(સં. उदूखल) ખાંડણિયો. (કૃષ્ણને તોફાન કર્યા બદલ જશોદાએ ખાંડણિયા સાથે બાંધ્યા હતા, તેનો અહીં ઉલ્લેખ છે.) **હળધર**-હળને ધારણ કરનાર, કૃષ્ણના મોટાભાઈ બળદેવ.

(૨) નરસિંહ મહેતાની પુત્રી કુંવરબાઈના સીમંતપ્રસંગે ખોખલો પંડયો શ્રીરંગ મહેતા તરફથી વધામણીનો પત્ર લઈ નરસિંહ મહેતાને નિમંત્રણ આપવા આવે છે. ૪ **ત્રેવડ**-ગોઠવણ, વ્યવસ્થા. ૯ **વહેલ**-રથ, બળદગાડી. **સાંગી**-રથની ધરી અને ચોગઠા વચ્ચેનો કઠેરાવાળો ભાગ. **સોટા**-આડાં. ૧૦ **તળાવા**-ગાડાની પીંજણી તળેની આડી. **પીંજણી**-પૈડાંની આગળ પીંજણીના આકારનું લાકડું ગોઠવ્યું હોય છે તે. ૧૩ **સંપુટ**-દાબડી, ઢાંકણવાળું વાસણ. ૨૧ **ગળિયો**-નબળો, હઠીલો. ૨૨ **કૌતક**-મનક. ૨૩ **સાલેસાલ**-સાંધેસાંધા. ૨૮ **પહોંત્યા**-પહોંચ્યા, પુરાયા. ૩૬ **દોદશ**-બંને દિશામાં. ૪૩ **ત્રુઠો**-પ્રસન્ન. ૪૬ **ચંગ**-એક જાતનું વાજું. ૬૨ **મેર**-(સોનાનો) મેરુ પર્વત. ૭૭ **મોડ**-લગ્ન વગેરે શુભ પ્રસંગે સ્ત્રીને માથે મુકાતો સળીઓ વગેરેનો એક ઘાટ. ૭૭ **બારેવાટ**-તૈયારી કર્યા વગર. ૭૯ **ફાંસુ**-વ્યર્થ, નકામો.

૧. જસોદાના વિલાપનો પ્રસંગ તમારા શબ્દોમાં લખો.
૨. જસોદા વિલાપ કરતાં ભૂતકાળના કયા પ્રસંગોનું સ્મરણ કરે છે?
૩. મામેરાના હાસ્યરસ વિષે ટૂંકી નોંધ લખો.
૪. મહેતાના ઉતારાનું તમારા શબ્દોમાં વર્ણન કરો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫. મહેતાને જોઈ કુંવરબાઈના હૃદયમાં શો ભાવ ઉત્પન્ન થયો? એણે મહેતાને શું કહ્યું?

૬. માતા વિનાની પુત્રીની દશા વર્ણવતાં કવિએ જે સરખામણીઓ કરી છે તે સમજાવો. (પંક્તિ ૮૦-૮૮)

૭. મહેતાની વહેલ અને મામેરાની તૈયારીનું ટૂંકમાં વર્ણન કરો.

૮. 'નાગરી ન્યાત'ના રિવાજો અને મહેતાની સ્થિતિ વિશે ટૂંકમાં લખો. આ કારણે મહેતાને શું ખમવું પડ્યું?

૯. પ્રેમાનંદના જીવન ઉપર ટૂંકી નોંધ લખો.

શામળ

[ઈ. સ. ૧૬૭૦ (?) ૧૭૩૦]

[લોકપ્રિય કવિ શામળનો જન્મ અમદાવાદ પાસે વેગણપુરમાં (ગોમતીપુરમાં) થયો હતો. પોતાના ગુરુ નાના ભટ્ટ પાસે એમણે સંસ્કૃત અને હિંદીનો સારો અભ્યાસ કર્યો હશે એમ લાગે છે. તે ઉપરાંત જૈન કવિઓ, ભાટ ચારણો અને પુરોગામી ગુજરાતી કવિઓની કૃતિઓથી પણ એ પરિચિત હશે એમ એમની વાર્તાઓ ઉપરથી લાગે છે. કવિ તરીકેની એમની ખ્યાતિ સાંભળી સિંહુજ ગામના રખીદાસ નામે ધનાઢ્ય કણબીએ એમને ઉદાર આશ્રય આપ્યો હતો. રખીદાસનાં શામળે ઘણાં અત્યુક્તિભર્યાં વખાણ કર્યાં છે. શામળનો જન્મ કે મૃત્યુસમય ચોક્કસ કહી શકાતો નથી, પણ એ પ્રેમાનંદનો સમકાલીન નહિ પણ અનુગામી હતો, એવું અનુમાન થઈ શકે છે.

શામળની કલ્પના અતિ તીવ્ર છે અને અશક્યતાના દોષે ભરેલી હોવા છતાં એની વાર્તાઓ અતિ રસમય છે. કેટલીક જગાએ શૃંગાર બીભત્સમાં ઊતરી જાય છે; છતાં શામળનો હેતુ સર્વદા ઉપદેશાત્મક જ હતો. શામળે લખ્યું છે:

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'મહાન પુરુષ માખણ ગ્રહે, ગ્રહે છતહીણા છાશ.'

શામળની ભાષા સાદી અને ઘરગથ્થુ હોવા છતાં અખા જેટલી ક્લિષ્ટ નથી. કોઈક વાર ગ્રામ્ય થઈ જાય છે, છતાં એની ભાષા એકંદરે સંસ્કારી કહેવાય. એના સમયમાં અમદાવાદ મોગલ સલ્તનતના તાબામાં હતું અને રાજભાષા ઉર્દૂ હતી; એટલે ફારસી શબ્દોનું પ્રમાણ એના લખાણમાં વધુ-પડતું છે. માનવજીવન એ એની વાર્તાનો સામાન્ય વિષય છે. જેમ પ્રેમાનંદે રામાયણ, મહાભારત અને પુરાણોમાંથી સામગ્રી લઈ આખ્યાનો રચ્યાં તેમ શામળે ભોજ અને વિક્રમને લગતી દંતકથાઓ અને પ્રચલિત લોકવાર્તાઓનો છૂટથી ઉપયોગ કર્યો છે. એકંદરે શામળની વસ્તુવિભાવના (conception of plot) પ્રેમાનંદ કરતાં વિશેષ મૌલિક (original) ગણાય; પણ કવિ તરીકેનાં બીજાં લક્ષણો શામળમાં પ્રેમાનંદના જેટલાં વિકસેલાં નથી; એની વાર્તાઓનો હેતુ અસંસ્કારી ગ્રામ્યજનોને ખુશ કરી બોધ આપવાનો છે. એની કૃતિઓમાં સમકાલીન સામાજિક વસ્તુસ્થિતિનો હૂબહૂ ચિતાર છે; અને હજુ પણ ગામડાંના લોકોમાં શામળની વાર્તાઓ પ્રચલિત છે.

શામળના ગ્રંથો કથાત્મક અને બોધાત્મક છે. એના છપ્પા ઘણા લોકપ્રિય અને ઉત્તમ છે. એથી જ 'છપ્પય શામળ ખાસ' એમ કહેવાય છે. હિંદી કવિઓ માફક એણે દુહા અને ચોપાઈનો પણ છૂટથી ઉપયોગ કર્યો છે. વ્યવહારુ ભાષાને કહેવતોથી સમૃદ્ધ કરવામાં શામળના છપ્પાએ ઘણો અગત્યનો ભાગ ભજવ્યો છે.

શામળના સમયમાં હિંદી ભાષામાં કવિતા રચવાનો શિષ્ટાચાર હતો. છેક દયારામ કે દલપતરામ સુધી થોડે કે વત્તે અંશે ગુજરાતી કવિઓ હિંદી કાવ્યો લખવામાં એક જાતની મહત્તા માનતા.

'સિંહાસનબત્રીસી', 'વૈતાલપચીસી', 'સૂડાબોતેરી', 'નંદબત્રીસી', 'મદનમોહનના', 'અંગદવિષ્ટિ', 'શામળરત્નમાળા' એ એના જાણીતા ગ્રંથો છે.]

નામ વિષે

(છપ્પા)

ધનજી ઉવાણે પાય, ભૂપ ભીખંતો દીઠો,
શૂરો નાસી જાય, બોલતો કડવું મીઠો;
વ્યાજ ભરે રણછોડ, કામ કલ્યાણ જ કરતો;
અવિચળ ચળ્યા અપાર, દીઠો અજરામર મરતો.
હીરો, માણેક, મોતિયો, રતનિયો, કથીર દેખે નહિ;
કવિ શામળ કહે સંસારમાં કારણ નામ રહ્યું નહિ!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દીઠા અમર મરંત, નાના કાંઈ દીઠા ઘરડા,
નાગો પહેરે વસ્ત્ર, વાઘ સિંહ કૂતરે કરડ્યા;
પર્વત ફરે પરદેશ, દીઠો મંગળને દુખિયો;
સંતોષી અદકું ખાય, કાસદું કરે છે સુખિયો.
દયાચંદમાં દયા નહીં, ખુશાલ કહીં રોતો ફરે,
શામળ કહે નામ પનોતિયો, કંઈ લાખ કુંવારા મરે.
કુબેર નામ કહેવાય ખજાને દીઠા ખાલી,
કરે ધર્મી બહુ પાપ, ન્યાલ આવે ઘર ઘાલી;
વ્હાલો રાખે વેર, ઝેર જેવો તે મીઠો;
જોગી કરે વેપાર, ભોગી ભીખંતો દીઠો.
ઘેલો જાયે છેતરી, બળિયોજી હારી જશે;
રૂડા કંઈ ભૂંડા કહું, શામળ કહે નામે શું થશે?
હાથી નામ કહેવાય, બીએ ઉંદરને સાદે,
સૂરજ કાળો હોય, શ્યામળો સુંદર ભાસે;
રૂપો હોય કુરૂપ, ભૂષણનાં દૂષણ ઝાઝાં;
કૃપાલ રાખે કૂડ, ભૂપત વજાડે વાજાં.
હેમો ન દેખે હેમ, કલંક નિર્મળ શિર ચઢે;
ફોગટ ફરે કંઈ જોઈતા, શામળ નામને શું અડે?

ટિપ્પણ અને પ્રશ્નો

આ કાવ્યમાં કવિએ નામની અસારતા ને અયથાર્થતા બતાવ્યાં છે. મોટે ભાગે વ્યક્તિઓમાં એમનાં નામ કરતાં ઊલટા જ ગુણ દેખાય છે. આ હકીકત દૃષ્ટાંતો આપી કવિએ દર્શાવી છે. **ઉઘાણે** – ખુલ્લે, ઉઘાડે – પગરખાં વિનાના. **રણછોડ** – દેવામાંથી છોડાવનાર ऋण – (સં.) – દેવું – રણ (અપભ્રંશ). પોતે જ દેવામાં ડૂબેલો હોય અને વ્યાજ ભરતો હોય તે બીજાને કેવી રીતે દેવામાંથી મુક્ત કરે? રણ (ઋણ) છોડાવનાર – ઉપપદ સમાસ. **અજરામર** – અજર (જે વૃદ્ધ થતો નથી) અને અમર. **૫** નામમાં હીરા, માણેક, મોતી કે રત્ન હોય પણ પોતાની પાસે કથીર (કલાઈ) પણ ન હોય. **૬** આ જગતમાં નામનું કાંઈ મહત્ત્વ રહ્યું નથી. **મંગળ** – કલ્યાણ – કલ્યાણ કરનાર. **કાસદું** – સંદેશા લાવવા લઈ જવાનું કામ કરનાર – ખેપિયો, હલકું કામ કરનાર. **પનોતિયો** – મોટા વંશ – કુટુંબવાળો. **ન્યાલ** – કૃતાર્થ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નસીબવાન. **ઘેલો**—ભોળો. અક્કલ વિનાનો. **કૃપાલ—કૂડ**—નામે દયાળુ પણ કપટ કરતો હોય. **જોઈતા**—જરૂરના, મહત્ત્વવાળા.

૧. આ કાવ્યનો મધ્યવર્તી વિચાર ચારેક પંક્તિમાં લખો.

૨. નામની યથાર્થતા કે મહત્ત્વ વિશે શામળ શું કહે છે? તમે એની સાથે સંમત થાઓ છો? નામની અયથાર્થતા બતાવતાં બે ત્રણ દૃષ્ટાંત આપો.

૩. શબ્દપ્રયોગો સમજાવો અને વાક્યમાં ઉપયોગ કરો :— રણછોડ, અજરામર, પનોતિયો, કાસદું, કૂડ રાખવું.

૪. આ કાવ્યમાંથી તમે જે નવા શબ્દો શીખ્યા હો તેની યાદી કરો અને દરેક શબ્દનો અર્થ સમજાવો.

ધીરો

[ઈ. સ. ૧૭૫૩ (?) ૧૮૨૫ (?)]



[ભક્ત કવિ ધીરો જ્ઞાતિએ બ્રહ્મભટ્ટ (બારોટ) હતો અને સાવલી પાસે ગોઠડા ગામમાં રહેતો હતો. કહેવાય છે કે ધીરો પોતાનાં કાવ્યો કાગળ ઉપર લખી તેને વાંસની ભૂંગળીમાં મૂકી મહી નદીમાં તરતાં મૂકતો.

ધીરાનું સ્થાન અખો અને ભોજો એ બે જ્ઞાની ભક્તકવિઓની સાથે છે. ગુજરાતમાં ધીરા ભગતની કાફી અતિપ્રિય અને જાણીતી છે. હજુ સુધી કાફીમાં કોઈ પણ ગુજરાતી કવિ ધીરાની બરાબરી કરી શક્યો નથી. 'સ્વરૂપની કાફીઓ'માં ધીરાએ વિલાસની ક્ષણિકતા, ગુરુ અને શિષ્યના ધર્મ અને પૈસા અને સંસારની અસારતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિષે લખ્યું છે. ધીરાને સંસ્કૃત આવડતું ન હતું છતાં, જ્ઞાતિના સંસ્કાર અને આત્મપ્રતિભાથી એનાં કાવ્યોમાં સરસતા ઊતરી છે. ધીરાને વેદાંત દ્વારા સત્યજ્ઞાન થયું અને તે તેણે સહેલી અને સુમધુર ભાષામાં ઉતાર્યું છે. કાફીઓ, ગરબીઓ ઉપરાંત 'ગુરુસ્વરૂપ', 'જ્ઞાન કક્કો' અને 'અવળવાણી' વગેરે લાંબાં કાવ્યો પણ એણે લખ્યાં છે. એના પ્રત્યેક પદમાં ઉપદેશ અને આત્મ-સુધારણાની ધગશ દેખાય છે. એણે વાપરેલા અલંકારો અખાની પેઠે સામાન્ય અને ઘરગથ્થુ છે. અખાની પેઠે ધીરાને પણ કવિત્વ અને પાંડિત્યનો બાહ્ય આડંબર અપ્રિય હતો; ઉપરથી સાદા દેખાતા આ બન્ને કવિઓનાં પદોમાં ઊંડું છતાં વ્યાવહારિક તત્ત્વજ્ઞાન ભરેલું છે.]

(૧) તરણા ઓથે ડુંગર

તરણા ઓથે ડુંગર રે, ડુંગર કોઈ દેખે નહીં;
અજાજૂથ માંહે રે, સમરથ ગાજે સહી. — તરણા૦
સિંહ અજામાં કરે ગર્જના, કસ્તૂરીમૃગ રાજન;
તલને ઓથે જેમ તેલ રહ્યું છે, કાષ્ઠમાં હુતાશન;
દધિ ઓથે ઘૃત જ રે, વસ્તુ એમ છૂપી રહી. — તરણા૦
કોને કહું ? ને કોણ સાંભળશે ? અગમ ખેલ અપાર;
અગમ કેરી ગમ નહિ રે, વાણી ન પહોંચે વિસ્તાર;
એક દેશ એવો રે, બુદ્ધિ થાકી રહે તહીં. — તરણા૦
મનપવનની ગતિ ન પહોંચે, છે અવિનાશી અખંડ;
રહ્યો સચરાચર ભર્યો બ્રહ્મ પૂરણ, જેણે રચ્યાં બ્રહ્માંડ; ૧૦
ઠામ નહિ કો ઠાલો રે, એક અણુમાત્ર કહીં. — તરણા૦
સદ્ગુરુજીએ કૃપા કરી ત્યારે આપ થયા રે પ્રકાશ;
શાં શાં દોડી સાધન સાધે, પોતે પોતાની પાસ;
દાસ ધીરો કહે છે રે, 'જ્યાં જોઉં ત્યાં તુંહી તુંહી.' — તરણા૦

(૨) અંતે સંતને તેડાવે

(કાફી)

અંતે સંતને તેડાવે રે, હરિનું ભજન કરવા;
કરમાં માળા ઝાલી રે, મૂરખ જ્યારે સૂતો મરવા. — અંતે૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાનપણે ધરધંધે ધાયો, વૃદ્ધપણે હરિગુણ ગાય;
ઘર લાગ્યું ત્યારે કૂવો ખોદાવે, એ અગ્નિ કેમ હોલવાય?
જીતી બાજી હાર્યો રે, પથ્થરને નાવે બેઠો તરવા. — અંતે૦
અંત સમે છાપાંતિલક બનાવે, ભૂલી ગયો જ્યારે ભાન;
એરણની ચોરી સોયનું દાન, એમ કેમ આવે વિમાન;
ગુરુજ્ઞાન નાંવ્યું રે, બુદ્ધિ તારી ગઈ ચરવા. — અંતે૦
જુવતી નારીને જેવી પુત્રની આશા, એમ હરિ ભજે ફળ થાય;
વૃદ્ધ નારીને નહિ પુત્રની આશા, એનો એળે જનમ વહી જાય. ૧૦
હરિને બેઠો ઠગવા રે, એંશી વરસે વર વરવા. — અંતે૦
વીસ વર્ષે વિશ્વંભર મળે, ભક્તિ કરે ભૂખ જાય;
હરિ શું ધાયા તે બહુ કમાયા, તેને મળિયા નિરંજનરાય;
દાસ ધીરો કહે છે રે મટચા ચોરાશી ફરવા. — અંતે૦

ટિપ્પણ અને પ્રશ્નો

(૧) આ પદમાં બ્રહ્મની સ્થિતિનું વર્ણન છે. ૧ તરણા જેવા તુચ્છ શરીરમાં મહાન આત્મા (ડુંગર) છુપાયેલો છે. **અજાજૂથ**—બકરીઓનું ટોળું —ઇન્દ્રિયોનો સમૂહ. **સહીં**—સિંહ, આત્મા. **વસ્તુ**—સત્ય, પરમાત્મા. ૬ આત્મા-પરમાત્માની એકતા સમજનાર જ્ઞાનીને મન સાંભળનાર જુદો ન હોઈ શકે? **અગમ**—અગમ્ય, સમજાય નહિ તેવો. **ગમ**—જ્ઞાન. **સચરાચર**—સજીવ અને નિર્જીવ. **આપ થયા રે પ્રકાશ**—આત્મજ્ઞાન થયું. **પોતે પોતાની પાસ**—જેને મેળવવાનો છે તે પણ આપણી પાસે જ આત્મસ્વરૂપે છે.

(૨) સવેળા મેળવેલું જ્ઞાન ફળે છે, એવો બોધ આ પદમાં છે. **જીતી બાજી હાર્યો**—માનવદેહ મળ્યો એટલી જીત; એનો જ્ઞાન મેળવવા સદુપયોગ ન કર્યો તે હાર. ૭ એરણ જેવી મોટી વસ્તુની ચોરીનો પ્રતિકાર સોય જેવી નાની વસ્તુના દાનથી કેમ થઈ શકે? જેવું પાપ તેવું જ પ્રાયશ્ચિત્ત હોવું જોઈએ. **ચરવા**—સંસારના વિષયોમાં સુખ મેળવવા. **વર વરવા**—વરદાન પામવા, કલ્યાણ સાધવા. ૧૪ ઈશ્વરને જાણ્યા પછી—મુક્તિ પ્રાપ્ત થવાને લીધે—ચોરાશી લાખ યોનિમાં જન્મવાનું અને મરવાનું નથી.

૧. 'તરણા ઓથે ડુંગર'—આ વસ્તુ તમને અસંભવિત નથી લાગતી? ધીરો ભગત એ કેવી રીતે સમજાવે છે? (પદ ૧ લું)

૨. પરમેશ્વરનાં લક્ષણો માટે ધીરો ભગત શું કહે છે? (પદ ૧ લું)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩. પહેલા પદમાં કવિએ જે સરખામણીઓ કરી છે તેની નોંધ કરી દરેક સરખામણી સમજાવો.

૪. બીજા પદમાં કવિ 'મૂરખ' શબ્દ કોને માટે વાપરે છે? શા માટે?

૫. 'ઘર લાગ્યું ત્યારે કૂવો ખોદાવે'; 'એરણની ચોરી સોયનું દાન'— આ બન્નેનો અર્થ સમજાવો.

ભોજો

[ઈ. સ. ૧૭૮૫–૧૮૫૦]

[આ આત્મદર્શી ઉપદેશક ભક્તકવિનો જન્મ કાઠિયાવાડમાં જેતપુર પાસે થયો મનાય છે. ભોજાભક્ત કણબી હતા, અને વિદ્યાસંસ્કારથી વિમુખ રહ્યા હશે એમ લાગે છે.

ભોજાની કવિતા ઘણે અંશે ગ્રામ્ય અને ઓપ વિનાની છે. એના શબ્દપ્રયોગો ઘણી વાર જટિલ હોય છે, અને કોઈક વાર વાચ્યાર્થ પણ બેસતો નથી. ઉપદેશ અને ભક્તિની ધગશમાં એમણે ભાષા પરત્વે ઉદાસીન વૃત્તિ સેવી હોય એમ સહેજે લાગે છે. પણ આ ગ્રામ્ય, ઓપ વગરની ભાષાને લીધે જ ભોજાભક્તના 'ચાબખા' આટલા અસરકારક લાગે છે. ભોજાનાં કાવ્યો હજુ પણ ઘણાંના મુખે ગવાતાં સંભળાય છે. જેમ નરસિંહ મહેતા સંસારી સાધુઓના કવિ છે તેમ ભોજાભક્ત વિરાગી સાધુઓના કવિ છે. ચાબખા, પ્રભાતિયાં, સરવડાં, કીર્તન, ધોળ અને પદ ઉપરાંત ભોજાએ 'ચેલૈયાખ્યાન' અને 'ભક્તમાળા' વગેરે કાવ્યો લખ્યાં છે.]

(૧) ભક્તિ શૂરવીરની સાચી

ભક્તિ શૂરવીરની સાચી રે, લીધા પછી નહિ મેલે પાછી રે. — ટેક
મન તણો જેને મોરચો કરીને વઢિયા વિશ્વાસી રે;
કામ, ક્રોધ, મદ, લોભ તણે જેને ગળે દીધી છે ફાંસી રે. — ભક્તિ૦
શબ્દના ગોળા જ્યારે છૂટવા લાગ્યા, મામલા ગઢ માંચી રે;
કાયર હતા તે કંપવા લાગ્યા, એ તો નિશ્ચે ગયા નાસી રે. — ભક્તિ૦
સાચા હતા તે શૂરા પૂરા હરિસંગે રહ્યા રાચી રે;
પંચ પચીસથી પરા થયા, એક બ્રહ્મ રહ્યા ભાસી રે. — ભક્તિ૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કર્મના પાસલા કાપી નાખ્યા ભાઈ! ઓળખ્યા અવિનાશી રે;
અષ્ટ સિદ્ધિને ઇચ્છે નહિ ભાઈ! મુક્તિ તેની દાસી રે. — ભક્તિ૦
તન, મન, ધન, જેણે તુચ્છ કરી જાણ્યાં, અહોનિશ ઉદાસી રે;
ભોજો ભગત કહે, ભાઈડા! એ તો વૈકુંઠના વાસી રે — ભક્તિ૦

(૨) દુનિયા દીવાની

દુનિયા દીવાની કહેવાશે રે, ભૂંડી ભીંતોમાં ભટકાશે. — ટેક.
પાપ જ્યારે એનું પ્રગટ થશે ત્યારે, ભૂવા–જતિ ઘેર જાશે;
ધૂણી ધૂણી એની ડોક જ દુખશે, ને લેનારા લઈ ખાશે રે. — દુનિયા૦
સ્વર્ગમાં નથી સૂપડું ને નથી ખાંડણિયો ને ઘંટી;
દૂધ ચોખાના જમનારા તમે કેમ કરી જમશો બંટી રે? — દુનિયા૦
ઢોંગ કરી ધૂતવાને આવે ત્યારે હાથ બતાવવા સૌ જાશે,
ક્યારે આનું કર્મનું પાનું ફરશે, અને ક્યારે પુત્ર જ થાશે રે. — દુનિયા૦
કીમિયાગર કોઈ આવી મળે ત્યારે, ધનને વાસ્તે ધાશે;
ભોજો ભગત કહે ભ્રમણામાં ભમતાં ગાંઠની મૂડી ગમાશે રે. — દુનિયા૦

ટિપ્પણ અને પ્રશ્નો

(૧) 'હરિનો મારગ છે શૂરાનો' એ આ પદનો મુખ્ય વિચાર છે. **મોરચો** – યુદ્ધભૂમિ. ઇન્દ્રિયોનો સંયોગ મન જોડે છે એટલે પ્રલોભનો સાથે લડવામાં મન સમરાંગણ બને છે. **વિશ્વાસી** – ઈશ્વરમાં શ્રદ્ધા રાખનાર. **પંચ** – પાંચ ઇન્દ્રિયો. **પચીસ** – સાંખ્યશાસ્ત્રમાં ગણાવેલાં પ્રકૃતિ આદિ પચીસ તત્ત્વો. **પરા** – દૂર, મુક્ત. **પાસલા** – પાશ – ફાંસા. **અષ્ટસિદ્ધિ** – યોગની આઠ સિદ્ધિઓ: (૧) અણિમા (૨) મહિમા (૩) ગરિમા (૪) લઘિમા (૫) પ્રાપ્તિ (૬) પ્રાકામ્ય (૭) ઈશિત્વ (૮) વશિત્વ. **ઉદાસી** – અનાસક્ત – વિરક્ત, નિર્મોહી. **ભાઈડા** – હે ભાઈ; મરદ–શૂરવીર.

(૨) આ કાવ્યમાં કવિ લોકોની ઘેલછા અને લોભ સંબંધી નિર્દેશ કરે છે. **દીવાની** – ગાંડી, ઘેલી. **કીમિયાગર** – યુક્તિબાજ આદમી. કથીરને સોનું બનાવે તેવો જાદુગર. **ગાંઠની...રે** – "લોભિયા હોય ત્યાં ધુતારા ભૂખે ન મરે." મૂર્ખ લોકો ઊંધે માર્ગે દોરાઈ પોતાનું હશે તે પણ ગુમાવશે.

૧. કેવી ભક્તિને ભોજો ભગત સાચી કહે છે? (પદ ૧)

૨. આ કાવ્યમાં કવિએ જે રૂપક વાપર્યાં છે તે સમજાવો. (પદ ૧)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩. 'ઉદ્દાસી' અને 'મુક્તિ તેની દાસી' આ કવિ કોના સંબંધમાં વાપરે છે? વિસ્તારપૂર્વક આ શબ્દપ્રયોગો સમજાવો. (પદ ૧)

૪. ભોજો ભગત દુનિયાને શા માટે દીવાની કહે છે? (પદ ૨)

૫. પદ બીજાની છેલ્લી લીટી એક બે ઉદાહરણો આપી સમજાવો.

દયારામ

[ઈ. સ. ૧૭૬૭–૧૮૫૨]



[આ રસિક કવિનો જન્મ નર્મદા તટે ચાણોદમાં થયો હતો. નાગર જેવી સંસ્કારી જ્ઞાતિમાં જન્મેલા દયારામ છેક અભણ હોય એ સંભવિત નથી. પરંતુ એમના બાળપણમાં માબાપ ગુજરી જવાથી એ વિશેષ અભ્યાસ નહિ કરી શક્યા હોય. નાની ઉંમરથી જ પુષ્ટિમાર્ગી વૈષ્ણવ સંપ્રદાય પ્રત્યે એમને પ્રીતિ ઉદ્‌ભવી; અને તરુણ વયે વલ્લભ સંપ્રદાયનો સ્વીકાર કરી હિંદુસ્તાનના એકેએક તીર્થની એમણે પગે ચાલી મુસાફરી કરી. નાસિક જતાં આનાજી આંગડિયા નામના લૂંટારાએ દયારામને પકડી કેદ કર્યા; પણ આનાજીને પોતાની સંગીતનિપુણતાથી ખુશ કરી કવિ ત્યાંથી છૂટ્યા હતા. યાત્રાએથી પાછા ફરી કવિએ ડભોઈમાં વસવાટ કર્યો. મીઠો કંઠ અને અનુપમ કવિત્વશક્તિથી તે આગળ-પાછળના પ્રદેશમાં પણ ઘણા પ્રખ્યાત થયા. એમના સંગીતનૈપુણ્ય માટે પણ અનેક લોકવાર્તા પ્રચલિત છે. દરરોજ રાતે દયારામનાં ભજન સાંભળવા લોકોની ઠઠ જામતી. દરરોજ જાતે પદ રચી ગાવાની ટેવને લીધે જ દયારામ પ્રેમાનંદની પેઠે ઘણું લખી શક્યા હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દયારામનાં કૃષ્ણલીલાનાં પદો અતિ લોકપ્રિય છે. કૃષ્ણજીવનના કલ્પિત કે સત્ય મનાતા પ્રસંગો પર રચાયેલી એમની ગરબીઓ આજે પણ ગવાય છે. એ ગરબીઓમાંથી આજના કેટલાયે રાસ રચનારા પ્રેરણા અને વસ્તુ મેળવી શક્યા છે. એમનાં કાવ્યોમાં શબ્દની પસંદગી અને ગોઠવણી સંગીતની દૃષ્ટિએ થયેલી છે. એ શબ્દમાધુર્ય કવિતાના અર્થને દીપાવે છે. દયારામની ભાષા શુદ્ધ, મધુર, સંસ્કારી અને ભાવમય છે.

કૃષ્ણભક્તિરૂપી મધ્યબિંદુની આસપાસ જ એમની સર્વ કાવ્યપ્રવૃત્તિનું વર્તુળ દોરાયું છે. નરસિંહ અને મીરાંની માફક ભક્ત દયારામ પોતાની જાતને ગોપીસ્વરૂપે કલ્પી લઈ પુરુષ કૃષ્ણ પ્રત્યેની ભક્તિ અનેક પ્રકારે કાવ્ય દ્વારા પ્રગટ કરે છે. નરસિંહ અને મીરાં કરતાં એમની શૃંગારની ભાવના વિશેષ પ્રબલ છે. આથી ઘણે સ્થળે શૃંગારની અતિશયતા છે. દયારામે લખેલાં બોધનાં પદ પણ ઉચ્ચ કોટિનાં છે. એમાં અર્થઘનતા વિશેષ છે, છતાં મધુરતા સારા પ્રમાણમાં જળવાઈ રહી છે.

દયારામે હિંદીમાં પણ ઘણાં કાવ્યો લખ્યાં છે. લાંબા પગપાળા પ્રવાસોને અંગે દયારામને ઘણી ભાષાઓ આવડતી અને એમણે પાંચેક ભાષાઓમાં કાવ્યો રચ્યાં હતાં એમ કહેવાય છે.

દયારામ ગુજરાતના છેલ્લા પ્રાચીન ભક્તકવિ છે. એમના મૃત્યુ પછી અંગ્રેજી સંસ્કૃતિની ભરતી ચઢવાથી ગુજરાતી કાવ્યપ્રવાહમાં અવનવા ફેરફાર થવા માંડે છે, એ હવે પછીના કવિઓની કૃતિઓમાં દેખાશે. અત્યાર સુધી ભક્તિ એ કવિતાનો મુખ્ય વિષય હતો, પણ જૂનું દૃષ્ટિબિંદુ પશ્ચિમની અસરથી બદલાય છે અને કાવ્યસાહિત્યમાં હવે પછીના યુગમાં વિવિધતા માલૂમ પડે છે. ખાસ કરીને પશ્ચિમના સંપર્કે આપણને આપણી ત્રુટિઓ અને ઊણપોનું જ્ઞાન થયું અને સમાજપુનર્ઘટનાની ભાવના સાહિત્ય દ્વારા વ્યક્ત થઈ.]

(૧) ચિત્ત, તું શીદને ચિંતા ધરે?

ચિત્ત, તું શીદને ચિંતા ધરે? ક�ૃષ્ણને કરવું હોય તે કરે. — ટેક
સ્થાવરજંગમ જડચેતનમાં માયાનું બળ ઠરે;
સમરણ કર શ્રીકૃષ્ણચંદ્રનું જન્મમરણભય હરે. — કૃષ્ણને૦
નવ માસ પ્રાણી કૃષ્ણચંદ્રનું ધ્યાન ગર્ભમાં ધરે;
માયાનું આવરણ કર્યું ત્યારે લક્ષચોરાશી ફરે. — કૃષ્ણને૦
તું અંતર ઉદ્વેગ ધરે તેથી કારજ શું સરે?
ધણીનો ધાર્યો મનસૂબો હર બ્રહ્માથી નવ ફરે. — કૃષ્ણને૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દોરી સર્વની એના હાથમાં ભરાવ્યું ડગલું ભરે;
જેવો જંત્ર વજાડે જંત્રી તેવો સ્વર નીસરે. — કૃષ્ણને૦

થનાર વસ્તુ થયા કરે, જેમ શ્રીફળ પાણી ભરે;
જનાર વસ્તુ એણી પેરે જાશે, જેમ ગજ કોઠું ગરે. — કૃષ્ણને૦

જેનું જેટલું જે જ્યમ કાળે, તે તેને કર ઠરે;
એમાં ફેર પડે નહિ કોઈથી, શીદ કુટાઈ તું મરે? — કૃષ્ણને૦

તારું ધાર્યું થતું હોય તો સુખ સંચે, દુખ હરે;
આપ તણું અજ્ઞાનપણું એ મૂળ વિચારે ખરે. — કૃષ્ણને૦

થાવાનું અણચિંતવ્યું થાશે, ઉપનિષદ ઓચરે;
રાખ ભરોસો રાધાવરનો, દયા! શીદને ડરે? — કૃષ્ણને૦

(૨) મનજી મુસાફર

(પદ : કાફી)

મનજી! મુસાફર રે, ચાલો નિજ દેશ ભણી;
મુલક ઘણા જોયા રે, મુસાફરી થઈ છે ઘણી. — ટેક

સ્વપુર જવાનો પંથ આવ્યો છે, રખે ભૂલતા ભાઈ!
ફરીને આ મારગ મળશે નહિ, એવી છે અવળાઈ;
સમજીને ચાલો સીધા રે, ના જાશો ડાબા કે જમણી. — મનજી૦

વચ્ચે ફાંસિયા વાટ મારવાને બેઠા છે બે ચાર,
માટે વળાવા રાખો બે ત્રણેક, ત્યારે તેનો નહિ ભાર;
મળ્યો છે એક ભેદી રે, કહેલી ગતિ સૌ તે તણી. — મનજી૦

હાવાં માલ વહોરો શેઠના નામનો થાય ના કયહું અટકાવ,
આપણો કરતાં જોખમ આવે, ફાવે ધણીનો દાવ;
એટલા સારુ રે, ના થાવું વહોરતના ધણી. — મનજી૦

જો જો જુગ થકી જાવું છે, કરજો સંભાળીને કામ,
દાસ દયાને એમ ગમે છે, હવાં જઈએ પોતાને ગામ;
સૂઝે છે હવાં એવું રે, અવધ થઈ છે આપણી. — મનજી૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટિપ્પણ અને પ્રશ્નો

(૧) ઈશ્વર ઉપર શ્રદ્ધા રાખીને જીવવાનો બોધ આ પદમાં કવિ આપે છે. **સ્થાવર** – નિર્જીવ. **જંગમ** – સજીવ. **આવરણ** – ઢાંકણ. **લક્ષચોરાશી** – ચોરાશી લાખ યોનિ. ૬ પરમાત્માની ઇચ્છા શંકર કે બ્રહ્માથી પણ ફેરવાતી નથી. ૭ બધા જીવોની દોરી (કાર્ય કરવાની શક્તિ) પરમાત્માના હાથમાં છે. **જંત્ર** – વાજું. **જંત્રી** – વાજું વગાડનાર. ૯ નાળિયેરમાં અદૃષ્ટ રીતે જળ ભરાય છે. આમ અદૃષ્ટ રીતે જગમાં ઉત્પત્તિનો ક્રમ ચાલે છે. ૧૦ હાથી કોઠું ગળી જાય છે તેનો ગર એના દેહમાં અદૃશ્ય થઈ જાય છે; આમ જગતમાં વિચિત્ર રીતે વિનાશક્રમ ચાલે છે. **ઠરે** – સ્થિર થાય, રહે. **સંચે** – સંઘરે. **મૂળ વિચારે** – જગતનું મૂળ – પરમાત્માના વિચારથી. **ઉપનિષદ** – વેદાંત – વેદનો અંતિમ ભાગ.

(૨) આ પદમાં કવિ મનને નિજ દેશ – પરમાત્માસ્થાન તરફ સાવધ રહીને પ્રયાસ કરવા બોધ આપે છે. ૪ માનવદેહ ફરીફરીને મળવો દુર્લભ છે. **બેચાર** – છ: કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર. **બે ત્રણેક** – ભક્તિ, જ્ઞાન – વૈરાગ્ય. **ભેદી** – રહસ્ય જાણનાર. **આત્મા** – ઈશ્વર. ૯ બધો વેપાર શેઠના નામે કરવો: બધાં વ્યવહાર કર્મ ઈશ્વરને નામે કરવાં – મમત્વ વગર, તો અડચણો નડતી નથી. **વહોરત** – વેપાર, સંસારનાં કર્મ. ૧૪ **અવધ** – હદ, મુદતનો અંત.

૧. દયારામ ચિત્તને શો બોધ આપે છે? એ બોધ સમજાવવા માટે દયારામ કયાં દૃષ્ટાંતોનો ઉપયોગ કરે છે? એ દૃષ્ટાંતો સમજાવો.

૨. કવિ મનને મુસાફર શા માટે કહે છે? આ કાવ્યમાં રહેલું રૂપક સમજાવો. આ કાવ્ય દ્વારા કવિ શો બોધ કરે છે? (પદ ૨ જાું)

૩. પહેલા પદનો મધ્યવર્તી વિચાર ટૂંકમાં દર્શાવો.

૪. પહેલા પદમાંથી આદ્યાનુપ્રાસ (વર્ણસગાઈ) નાં બે ત્રણ દૃષ્ટાંતો આપો.

૫. પદ બીજામાં આવતા 'ફાંસિયા, વળાવા, શેઠ અને અવધ' – એ શબ્દો – સંબંધ ધ્યાનમાં રાખી – સમજાવો.

૬. નીચેના શબ્દપ્રયોગો સ્પષ્ટ રીતે સમજાવો.

(ક) સ્થાવર જંગમ (ખ) લક્ષચોરાશી (ગ) વહોરતના ધણી.

૭. દયારામના જીવન ઉપર ટૂંકી નોંધ લખો.

૮. દયારામ અને એની પહેલાં થઈ ગયેલા કવિઓના ઈશ્વરભક્તિ વિશેના વિચારો ઉપર ટૂંકી નોંધ લખો.

૯. દયારામ ગુજરાતના 'છેલ્લા પ્રાચીન કવિ' શા માટે કહેવાય છે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અર્વાચીન યુગ

[દયારામ ગુજરાતના છેલ્લા પ્રાચીન ભક્તકવિ છે. એમના મૃત્યુ પછી અંગ્રેજી સંસ્કૃતિની ભરતી ચડવાથી ગુજરાતી કાવ્યપ્રવાહમાં અવનવા ફેરફાર થવા માંડે છે, એ હવે પછીના કવિઓની કૃતિઓમાં દેખાશે. અત્યાર સુધી ભક્તિ એ કવિતાનો મુખ્ય વિષય હતો. પણ જૂનું દૃષ્ટિબિંદુ પશ્ચિમની અસરથી બદલાય છે. અને કાવ્યસાહિત્યમાં હવે પછીના યુગમાં વિવિધતા માલૂમ પડે છે. ખાસ કરીને પશ્ચિમના સંપર્કે આપણને આપણી ત્રુટિઓ અને ઊણપોનું જ્ઞાન થયું, અને સમાજપુનર્ઘટનાની ભાવના સાહિત્ય દ્વારા વ્યક્ત થઈ. આને પરિણામે હવે પછીના યુગમાં સાહિત્યનું ક્ષેત્ર વિશેષ વિસ્તૃત અને સ્વરૂપ વિશેષ વ્યાપક થાય છે.]

દલપતરામ

[ઈ. સ. ૧૮૨૦-૧૮૯૮]

[સમાજસુધારણાની ધગશથી પ્રેરાઈ, સમયની જરૂરિયાત પ્રમાણે ઉપદેશાત્મક કવિતા લખનાર આ કવિનો જન્મ વઢવાણમાં થયો હતો. જ્ઞાતિએ તે શ્રીમાળી બ્રાહ્મણ હતા, અને પાછળથી એમણે સ્વામીનારાયણ સંપ્રદાયનો સ્વીકાર કર્યો હતો. છેક બાળપણથી એમને કવિતા કરવાનો શોખ હતો અને વીસ વર્ષની નાની ઉંમરે કવિ તરીકે જાણીતા થયા હતા. ઈ. સ. ૧૮૪૮માં સ્વ. ભોળાનાથ સારાભાઈ દિવેટિયા મારફતે તે ફૉર્બ્સ સાહેબના પરિચયમાં આવ્યા; ત્યારથી તેમની યશસ્વી કારકિર્દીની શરૂઆત થઈ. ઈ. સ. ૧૮૪૮માં ફૉર્બ્સની પ્રેરણા અને મદદથી સ્થપાયેલી ગુજરાત વર્નાક્યુલર સોસાયટી (હાલની 'ગુજરાત વિદ્યાસભા') અને એના મુખપત્ર 'બુદ્ધિપ્રકાશ'ની વ્યવસ્થા કવિ કરતા. ઈ. સ. ૧૮૫૩માં એમણે શિક્ષકની સરકારી નોકરી સ્વીકારેલી; પણ મુખ્યત્વે દલપતરામ કવિ તરીકે જાણીતા હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નર્મદ અને દલપત બન્ને કાવ્યક્ષેત્રમાં પરસ્પરના વિરોધી લેખાતા. આ ચડસાચડસી માટે એ બે કરતાં જનસમુદાય વિશેષ જવાબદાર હતો. બાકી સામાન્ય રીતે બન્નેનું ધ્યેય એક જ હતું. બન્નેના માર્ગ અને રીતિ ભિન્ન હતાં. પોતપોતાની રુચિ અને પ્રકૃતિ અનુસાર એક સામાન્ય ધ્યેય સાધવા બન્નેએ ભિન્ન પંથ સ્વીકાર્યા. ઠરેલ, અનુભવવૃદ્ધ દલપતરામે લાંબો પણ સુગમ રસ્તો લીધો. મસ્ત અને સદા યુવાન નર્મદે વિકટ પણ ટૂંકો પંથ પસંદ કર્યો. જીવનધ્યેયને પંથે પળતા આ બન્ને અમર યાત્રાળુઓ પોતપોતીકા સંઘના વિધાતા હતા. જીવનની બે દશાઓ—યૌવન અને વાર્ધક્ય, જુસ્સો અને ડહાપણ, એના એ બે પ્રતિનિધિ હતા.

દલપતરામની શિક્ષકવૃત્તિ એમની કવિતામાં પણ દેખાઈ આવે છે. એમની કવિતાનો ઉદ્દેશ ગમ્મત સાથે જ્ઞાન આપવાનો છે. એમણે જૂના કાવ્ય-સંપ્રદાયને પોતાના સમયને અનુકૂળ નવું સ્વરૂપ આપ્યું. નર્મદાશંકર ઉપર અંગ્રેજી સાહિત્યની છાપ ઊંડી પડેલી, જ્યારે દલપતરામને માત્ર તેનો પરોક્ષ રીતે સ્પર્શ જ થયેલો. દલપતરામ સંક્રાંતિયુગના પ્રતિનિધિ હતા. એમની પ્રેરણા શ્રદ્ધા અને સંતોષમાં હતી. નર્મદની પ્રેરણા અશ્રદ્ધા અને અસંતોષમાંથી જન્મ પામી હતી. "સજ્જન! સંભળાવજો રે! ધીરે ધીરે સુધારાનો સાર" એ દલપતરામના વચનમાં ક્રાંતિકારી વિચારવાળા અને સાહસિક નર્મદને શ્રદ્ધા ન બેસે એ દેખીતું છે. સમકાલીન સામાજિક સ્થિતિનો ખ્યાલ દલપતરામનાં કાવ્યો વાંચતાં સહજ આવે છે. એમની કવિતામાં લાગણી-હૃદયની ધગશ ઓછી છે, પણ એમનું છંદનું જ્ઞાન અને તે ઉપરનું પ્રભુત્વ આપણને મુગ્ધ કરે તેવાં છે. એમની ભાષા સરળ છે, પણ અલંકાર વગેરેનો કવિ છટાથી ઉપયોગ કરતા. એમનાં કાવ્યોનો સંગ્રહ 'દલપતકાવ્ય' તરીકે જાણીતો છે.]

(૧) ધીરે ધીરે સુધારાનો સાર

સજ્જન! સંભળાવજો રે ધીરે ધીરે સુધારાનો સાર;
સજ્જન સ્નેહ સહિત સંભળાવજો. — સજ્જન૦
છોટી અક્કલવાળા આગળે મુખે ન વદીએ મોટી વાત;
પાશેર કેરા પાત્રમાં કેમ શેર સમાશે સાત? — સજ્જન૦
લાખો કીડી પર લાડવો આખો મેલીએ તો મરી જાય,
ભૂકો કરી ભભરાવીએ તો તે ખાસી રીતે ખાય. — સજ્જન૦
માંકડાં લઈને માનવી બેઠો નાવમાં દઈને નૂર,
ભડકાવે તો તે અભાગિયાં પડે કૂદી પાણીને પૂર. — સજ્જન૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે સમજે જેવી રીતથી તેને પણ સમજાવીએ તેમ;
બહેરા તો સમજે સાનમાં ત્યારે કરીએ લવારો કેમ ? — સજ્જન૰
બાળક આગળ બોલીએ ત્યારે બનીએ બાળકરૂપ;
'ભૂ બાઉ તાતા ' ભાખીએ, ભલે હોઈએ ભણેલા ભૂપ. — સજ્જન૰
પલક ટકે નહિ પેટમાં જો ખાય બિલાડી ખીર;
ખામુખા શીદ ખવરાવીએ તે વિચારોને, મારા વીર ! — સજ્જન૰
જંગલ કેરાં જાનવરો આપે પાળવા કરીએ જો આશ;
એવું આદરીએ કે આપણી પાસે વસે કરી વિશ્વાસ. — સજ્જન૰
ધીરે ધીરે નિત્ય ધીરવી એને અક્કલ શીખવીએ અનેક;
હળીમળી હેત વધારીએ, પણ છૂટા ન પડીએ છેક. — સજ્જન૰
નિશાળિયાને ગમે નહિ આપે શિક્ષક જો એવું જ્ઞાન;
નાસીને જાય નિશાળિયા, મળે શિક્ષકને કેવું માન ? — સજ્જન૰
છણછણતે તેલ છાંટીએ લઈને નિર્મળ ઠંડું જો નીર;
સળગી ઊઠે એ તો સામટું, વળી સામાનું બાળે શરીર. — સજ્જન૰
સજ્જનને મન શુદ્ધ છે, પણ વિશ્વવિરુદ્ધ વિચાર;
બહુ જનમાં નહિ બોલીએ, જેથી ઊપજે ઉપાધિ અપાર. — સજ્જન૰
સંસારી જનને સુધારશો રૂડી રાખીને એવી જો રીત;
દલપતરામના દેવની તમે પામશો પૂરી પ્રીત. — સજ્જન૰

(૨) ખોટી સમજ

(મનહર છંદ)

છોટાં છોકરાં વરાવી ફાવી શું છે ફુલાવાનું ?
ફુલાવાનું ફોક એ તો કાંટા છે કલેશના.
પ્રવાસની ના પાડે તે દેશના શું હિતસ્વી છે ?
હિતસ્વી ન હોય, એ તો દુશ્મનો છે દેશના.
ધર્મનો ન મર્મ જાણે તે શું ધર્મગુરુઓ છે ?
ગુરુઓ નહિ, હરામખોર છે હમેશના.
વનિતાનો વિદ્યાભ્યાસ વારે તે શું વિદ્વજ્જન ?
વિદ્વજ્જન નહિ, મોટા વૃષભ મહેશના.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટિપ્પણ અને પ્રશ્નો

(૧) **પાત્ર**–વાસણ. **સાન**–ઇશારત. **લવારો**–બકવાટ. ૧૧–૧૨ બાળકના મનમાં ઊતરે તેવી રીતે તેને શીખવી–સમજાવી શકાય. **ખાસુખાસ**–વ્યર્થ. **છણુછણુતે**–ઊકળતે.

(૨) લોકો જે કામો કરીને ફુલાય છે, તે દેશને હાનિ કરનારાં છે એમ જણાવી કવિ સાચો માર્ગ આડકતરી રીતે બતાવે છે. **હિતસ્વી**–ભલું ચાહનારા. **વનિતા**–સ્ત્રી. **વૃષભ**–આખલો.

૧. કવિ દલપતરામનું જીવન ટૂંકમાં લખો.

૨. કવિ સુધારો ધીરે ધીરે કરવાની તરફેણ કરતાં શાં શાં દૃષ્ટાંતો આપે છે?

૩. 'ખોટી સમજ'ના કાવ્યમાં કવિ આપણા સમાજની કઈ કઈ કુરૂઢિઓનો ઉલ્લેખ કરે છે?

૪. ઉપરનાં બન્ને કાવ્યોમાં કયા સુધારાઓની તરફેણ દલપતરામ કરતા લાગે છે? એમાંના એકાદ વિષે તમારા વિચારો દર્શાવો.

નર્મદાશંકર

[ઈ. સ. ૧૮૩૩–૧૮૮૬]

[ગુજરાતના અર્વાચીન સાહિત્યનો પાયો નાખનાર, યુગપુરુષ 'વીર નર્મદ'નો જન્મ સુરતની નાગર જ્ઞાતિમાં થયો હતો. કુળની યાચકવૃત્તિ તજી નર્મદાશંકરના પિતા લાલશંકરે લહિયાનો ધંધો સ્વીકાર્યો હતો. આમ સ્વાશ્રય અને કલમની દોસ્તી નર્મદને પાલણામાંથી જ થયેલી. નર્મદના જન્મસમયથી જ દેશમાં અંગ્રેજી કેળવણીની શરૂઆત થયેલી અને તેનો લાભ નર્મદાશંકરને મળેલો. સુરતમાં સ્કૂલનો અભ્યાસ પૂરો કરી, નર્મદાશંકર મુંબઈ આવી એલ્ફિન્સ્ટન ઇન્સ્ટિટ્યૂટમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દાખલ થયા, પણ કૌટુંબિક સંજોગોને લીધે ફરી સુરત જઈ નોકરી સ્વીકારી. મોટાં કામ કરી નામના મેળવવાની ઇચ્છા જાગતાં તે ફરીથી મુંબઈ આવ્યા. મુંબઈ આવી સાહિત્યનો ઊંડો અભ્યાસ કરવા માંડ્યો, અને કવિતા રચવાની પણ શરૂઆત કરી. આ દરમિયાન તે નોકરી પણ કરતા. ઈ. સ. ૧૮૫૮માં નોકરીને હંમેશને માટે તિલાંજલિ આપી નર્મદે સજળ નેત્રે કલમને ખોળે માથું મૂક્યું.

જૂની અને નવી વિદ્યાએ માંડેલા દેશમંથનમાંથી બહાર આવેલાં પ્રથમ બે રત્ન, તે કવિ નર્મદાશંકર અને દલપતરામ છે. તે સમયમાં બન્નેની કવિતા અતિ લોકપ્રિય હતી. દલપતરામ ઠરેલ અને શબ્દચતુર કવિ છે, જ્યારે નર્મદાશંકર મસ્ત કવિ છે. 'યાહોમ કરીને પડો ફત્તેહ છે આગે!' એ નર્મદના જીવન અને કવનનો મંત્ર છે.

સ્વદેશસ્વાતંત્ર્યનું પ્રથમ સ્વપ્ન ગુજરાતમાં નર્મદે સેવ્યું. 'દેશાભિમાન' શબ્દ પ્રથમ નર્મદે યોજ્યો. રૂઢ ગદ્ય લખવાની ખરી શરૂઆત નર્મદે કરી, પ્રથમ શબ્દકોષ અને વ્યાકરણ નર્મદે રચ્યાં. આ ઉપરાંત એણે ઇતિહાસ, ધર્મ, સમાજસુધારણા, વિવેચન, પિંગળ, જીવનચરિત્ર, નાટક એ સર્વ વિભાગમાં યથાશક્તિ ફાળો આપ્યો છે. આટલા ઉપરથી નર્મદની સાહિત્યસેવાના વિસ્તારનો આછો ખ્યાલ આવશે.

નર્મદાશંકર ઊછળતા હૃદયના, સાહસિક, ઉત્સાહી ને રસજ્ઞ કવિ હતા. દલપતરામ પોતાની જાતને ભૂલી જઈ સામાને રંજિત કરવા, શ્રોતાજનને અનુકૂળ કવિતા લખતા. નવલરામ લખે છે, "નર્મદની કવિતામાં સ્વભાવ તથા શાસ્ત્રનું બળ ઘણું, પણ ચાતુર્યનું થોડું; દલપતશૈલી **સભારંજની** ચાતુર્યશૈલી કહેવાય, નર્મદશલી **મસ્ત** કહેવાય." નર્મદાશંકરની ભાષા સરળ, સંસ્કારી અને અસરકારક છે. એમનાં કાવ્યોનો સંગ્રહ 'નર્મકવિતા'ને નામે પ્રગટ થયો છે.

નર્મદાશંકર મુખ્યત્વે કવિના નામથી અત્યારે જાણીતા છે. પરંતુ સાહિત્યજગતમાં તો એ ગુજરાતી ગદ્યના પિતા તરીકે અમર કીર્તિ પામ્યા છે. નર્મદાશંકર પહેલાં ગુજરાતમાં ગદ્યસાહિત્ય હતું નહિ. વ્યવહાર માટે ગદ્ય લખાતું ખરું, પણ તેને આપણે સાહિત્યનું અંગ ન ગણી શકીએ. રૂઢ, રમતિયાળ અને સરળ છતાં સુંદર ગદ્ય લખવાનો પ્રથમ પ્રયાસ નર્મદાશંકરે જ કર્યો. ઈ. સ. ૧૮૬૪માં 'દાંડિયો' નામનું પખવાડિક પત્ર કાઢી એમણે ગુજરાતને સચેતન કર્યું. ઈ. સ. ૧૮૬૫માં 'નર્મગદ્ય' બહાર પડ્યું. સુધારાના ઊછળતા વિચારો શાંત પડ્યા પછી 'ધર્મવિચાર' પ્રગટ કરી પોતાની ભૂલ સુધારી લેવાની જાહેર હિંમત નર્મદાશંકરે બતાવી. ઈ. સ. ૧૮૬૮માં 'નર્મકોષ' પ્રસિદ્ધ કરી ભવિષ્યના લેખકો અને વાચકોનું કાર્ય સરળ કરી, ગુજરાતી ભાષાને સ્થાયી સ્વરૂપ આપવાનો પ્રથમ પ્રયાસ નર્મદે કર્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નર્મદાશંકરનાં ગદ્ય અને પદ્ય લખાણ મુખ્યત્વે સુધારાના પ્રચારકાર્ય માટે હતાં. આથી એમનાં લખાણોમાં સમાજસુધારણાની ધગશ ચેતન ફેલાવે છે. કાળબળે નર્મદની સર્વ સાહિત્યપ્રવૃત્તિઓ ભુલાય, પણ રૂઢ ગદ્ય લખવાની શરૂઆત કરી ગુજરાતી સાહિત્યની જે અનન્ય સેવા એમણે કરી છે તે માટે ગુજરાત હંમેશ એમનું ઋણી રહેશે.]



(૧) ગરવી ગુજરાત

જય ! જય ! ગરવી ગુજરાત !
જય ! જય ! ગરવી ગુજરાત !
દીસે અરુણું પરભાત.
ધ્વજ પ્રકાશશે ઝળળ કુસુંબી પ્રેમશૌર્યઅંકિત,
તું ભણવભણવ નિજ સંતતિ સૌને પ્રેમભક્તિની રીત.

ઊંચી તુજ સુંદર જાત,
જય ! જય ! ગરવી ગુજરાત !
ઉત્તરમાં અંબા માત,
પૂરવમાં કાળી માત,
છે દક્ષિણ દિશમાં કરંત રક્ષા કુંતેશ્વર મહાદેવ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ને સોમનાથ ને દ્વારકેશ એ પશ્ચિમ કેરા દેવ -
છે સહાયમાં સાક્ષાત;
જય ! જય ! ગરવી ગુજરાત !
નદી તાપી, નર્મદા જોય,
મહી ને બીજી પણ જોય,
વળી જોય સુભટના જુદ્ધરમણુ ને રત્નાકર સાગર,
પર્વત ઉપરથી વીર પૂર્વજો દે આશિષ જયકર.
સંપે સોહે સહુ જાત,
જય ! જય ! ગરવી ગુજરાત !
તે અણુહિલવાડના રંગ, ૨
તે સિદ્ધરાજ જયસંગ,
તે રંગ થકી પણ અધિક સરસ રંગ થશે સત્વરે માત!
શુભ શકુન દિસે, મધ્યાહ્ન શોભશે, વીતી ગઈ છે રાત.
જન ઘૂમે નર્મદા સાથ
જય ! જય ! ગરવી ગુજરાત !

(૨) દુનિયા જૂઠાંની

દુનિયા જૂઠાંની જૂઠાંની, એ અનુભવ વાત પ્રમાણે.— ટેક
સ્વારથિયાંને પાસે રાખે, પરમારથીને કાઢે;
ખરા સ્નેહીને નિત્ય રડાવે, કપટીને તો હસાડે.— દુનિયા૦

જેને ખોળે માથું હોયે તે તેને ઝટ કાપે;
જેને વચને છાતી સોંપી તે નિજ વચન ઉથાપે.— દુનિયા૦

જેની સેવામાં જે તત્પર, તે તેને હડસેલે;
કીધી ચાકરી મન ન આણે, ખૂની બાજી ખેલે.— દુનિયા૦

જેનું લે તેને નવ આપે, ઊલટી વાણી બોલે;
હકદારોને હાંકી મેલે, ચોર શાહને તોલે.— દુનિયા૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રપંચથી જે હક્ક હરી લે તે જન વહાલું લાગે;
ધમકાવે તે પાર પડે ને રડે પડે જે પાગે.— દુનિયા૦ ૧૦

સાચું ટેકી પીડ જ પામે, જૂઠું સુખી થાયે;
પાપ કરંતું બહુ જીવે ને ધર્મી ઝટ મરી જાયે.— દુનિયા૦

કોઈ વસ્તુ નહિ નિત્ય અહીં રે, સહુયે જૂઠી સરખી;
ખરે નર્મદા શોક કરે, પણ ખેલ લહીને હરખી.— દુનિયા૦

ટિપ્પણ અને પ્રશ્નો

(૧) **ગરવી** – ગૌરવવાળી. **પ્રેમશૌર્યઅંકિત** – જેમાં પ્રેમ અને શૌર્ય બંને શબ્દો લખેલા છે એવા. **પ્રેમશૌર્ય** એ કવિનો મુદ્રાલેખ હતો. **૭–૧૦** ગુજરાતની ચાર સીમાઓ અને તેનાં રક્ષક દેવદેવીઓનો ઉલ્લેખ. **સુભટ** – સારા લડવૈયા. **રત્નાકર** – રત્નોની ખાણ – દરિયો. **૨૧–૨૨** શુભ ભાવિનું કવિ સૂચન કરે છે.

(૨) **ખૂની બાજી ખેલે** – નિમકહરામ વૃત્તિથી દુનિયાની બાજી ચાલે છે. ચોર હોય તે શાહુકાર જેવો આબરૂદાર દેખાય છે. **ખેલ લહીને હરખી** – આ સંસાર જાદુગરની બાજી છે એટલું સમજાય તો શોક જતો રહે છે.

૧. કવિ નર્મદાશંકરનું જીવનવૃત્તાંત તમારા શબ્દોમાં લખો. એમાં મહત્તાનાં કયાં લક્ષણો છે?

૨. કવિ ગુજરાતને ગરવી શા માટે કહે છે? આજની ગુજરાતને તમે ગરવી કહો ખરા? કારણો આપો.

૩. 'ગરવી ગુજરાત'ના કાવ્યમાં જે સ્થળોનો ઉલ્લેખ થયો છે તે વિષે શું જાણો છો? એક પર ટૂંકી નોંધ લખો.

૪. 'ગુજરાત – મારો દેશ'— એ વિષય ઉપર આશરે વીસ લીટી લખો.

૫. દુનિયાને કવિ જૂઠાંની શા માટે કહે છે? એ માટે કવિ શી દલીલો કરે છે?

૬. બીજા કાવ્યની છેલ્લી બે પંક્તિઓ વિસ્તારપૂર્વક સમજાવો.

૭. નર્મદાશંકર અને દલપતરામના વિચારોમાં તમને શો ભેદ માલૂમ પડે છે? બેમાંથી તમને કોણ વધારે ગમે? શા માટે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બહેરામજી મલબારી

[ઈ. સ. ૧૮૫૩-૧૯૧૨]

[છેલ્લી સદીના પારસી લેખકોમાં પ્રથમ પદ પ્રાપ્ત કરનાર અને 'સેવાસદન'ની સ્થાપના કરનાર આ સમાજસુધારકનો જન્મ સુરતમાં એક ગરીબ કુટુંબમાં થયો હતો. બાળપણમાં પિતા ગુજરી જવાથી એમને માથે અનેક આફતો પડી હતી. ખાનગી નિશાળોમાં નોકરી કરી પોતાનું ગુજરાન એ મુંબઈમાં ચલાવતા, અને એવી સ્થિતિમાં એમણે મૅટ્રિકની પરીક્ષા પસાર કરી, પણ આર્થિક સંજોગોને લીધે આગળ અભ્યાસ ન કરી શક્યા.

પોતે પારસી હોવા છતાં હિંદુઓનાં સામાજિક જીવન અને રીતરિવાજોથી તે સારી રીતે પરિચિત હતા. વિધવાવિવાહ જેવા વિષયો ઉપરનાં તેમનાં લખાણ પરથી એ સ્પષ્ટ થાય છે. છેક નાનપણથી એમને ખ્યાલીઓનો સમાગમ હતો અને ત્યારથી જ કવિતા લખવાનો શોખ હતો.

'નીતિવિનોદ'માં મુખ્યત્વે કરુણ સ્ત્રીજીવનનાં કાવ્યો છે. પોતાના મિત્ર ડૉ. વિલ્સનના મૃત્યુ પછી (૧૮૭૮) એમણે દલપતરામના 'ફૉર્બસવિરહ'ને અનુસરી 'વિલ્સનવિરહ' નામે એક લાંબું મૃત્યુકાવ્ય (elegy) રચ્યું હતું. જીવન અને જગતના સ્વાનુભવના સારરૂપ 'અનુભવિકા' (૧૮૯૪) નામે એમણે એક કાવ્યગ્રંથ પણ પ્રગટ કર્યો છે. સાંસારિક જીવન જોઈ ઉદ્ભવેલા વિચારોનો સંગ્રહ એમણે 'સાંસારિકા' (૧૮૯૮)માં કર્યો છે. આ ઉપરાંત તે 'ઇન્ડિયન સ્પેક્ટેટર' અને 'ઈસ્ટ ઍન્ડ વેસ્ટ'ના તંત્રી હતા. એમણે અંગ્રેજી તેમ જ ગુજરાતીમાં ઘણું લખ્યું છે. એમનાં અંગ્રેજી કાવ્યોની લૉર્ડ ટેનિસને પ્રશંસા કરી હતી.

એમનાં કાવ્યો ઉપર કવિ દલપતરામની અસર સ્પષ્ટ રીતે દેખાઈ આવે છે. એમની વાણી નમ્ર, સાદી અને ગંભીર છે. કવિ ખબરદારે એમનાં કાવ્યોમાંથી ઉત્તમ નમૂનાઓ લઈ 'મલબારીનાં કાવ્યરત્નો' (૧૯૧૭) નામે સંગ્રહ, એમના જીવન અને કવન પર વિસ્તૃત વિવેચન સાથે, પ્રસિદ્ધ કર્યો છે.]

ગુજરાતનું ભાવિ ગૌરવ

(રોળાવૃત્ત)

સુણ ગરવી ગુજરાત! વાત કંઈ કહું હું કાને,
સમજુ છે તું સુજાત, સમજજે સહજ જ સાને;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વસ્તી, વસુ, સુખ તને વળી વેપાર વણજનું;
જ્ઞાનધર્મે પણ સુખી, દુઃખ નહિ અધિક કરજનું.

નથી તેમ તું રહિત અન્ય મોટા સદ્‌ગુણથી,
વધો નામના હજુ વડીલ આર્યોના પુણ્યથી;
પણ ક્યાં બુદ્ધિ વિશાળ કવિ–ઋષિ–વીર–ગયા ક્યાં?
રણ ગજવે, રંગભૂમિ – સર્વ એ સ્થિર થયા ક્યાં?

પાડી દેહ પવિત્ર ગયા ક્યાં રક્ષક એવા?
ક્યાં તે સ્વદેશદાઝ? પ્રજા રાજાની સેવા?
મહત્‌ પુત્ર ગયા ક્યાં? માત! તુજ ઊંચા કુળના,
છોને નીકળ્યા બીજા ઘણાયે ઓછા મૂલના.

ક્યાં પ્રાચીન ચાતુર્ય? અસલતા ક્યાં રે તારી?
નૌતમ નરની નાર! જાણ્યું શું વંશ વધારી?
પુત્ર જણ્યા બહુ પેર, જણ્યા પણ જોગવિયા નહિ,
સુખ સ્વપ્ને દીઠેલ, જાગી તેં ભોગવિયાં નહિ!

છાશી લાખ નિજ પ્રજા, છતાં વંઝા રંડાણી —
આર્યપુત્રી અનુપમા, હિંદ સુંદરી હિંદવાણી,
બેઠી પનોતી હાય! દુર્દશા આખે દેશે;
જ્યાં જોઉં ત્યાં સ્વાર્થ ભટકતો ભિનભિન વેશે.

ન મળે શૌર્યઉમંગ, આર્ય અભિમાન કશું રે!
દેશદાઝ વણ પડી, પરાધીન પ્રજા પશુ રે;
ત્રણ સૈકાં વહી ગયાં, વશ પડી રહી બીજાને,
જતા આવતા સર્વે યવનની આણ તું માને.

હાય! કેમ જિવાય? પરાધીન એ સ્થિતિમાં;
છૂટી પડે અવતાર, ગુલામી દેખીતીમાં.
માડી! ઊઠ, કર જોડ, ક્ષમા માગી લે વહેલી,
કર્તવ્યે પડ બહાર હિંદમાં સૌથી પહેલી.

રજપૂતવીર જગાડ, રાજ્યકર્તા કર સાચા,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બ્રહ્મબાળ વિદ્વાન, જ્ઞાનજિજ્ઞાસુ જાચ્યા;
દેશ દેશ વગડાવ શંખ તુજ સ્વાધીનતાનો,
બધે 'એકતા' ભજ, પરાજય કરી ભિન્નતાનો.

પીટવ દાંડી પરમાર્થે સ્વાર્થ સંહારી, માડી!
સુધરે પુત્રપરિવાર પરસ્પર પ્રીતે ધાડી.
ઊતરે પનોતી હવાં, વખત આવે છે સારા;
તત્પર થા ગુજરાત હક્ક ભોગવવા તારા!

ગઈગુજરી જા ભૂલી, શોક તેના શા કરવા?
મરતાં ગઈ તું બચી, વળી કાં સૂએ મરવા?
તુજ મિથ્યા કલ્પાંત, હામ હૈડે ધર માતા!
કર સજીવન નિજ વતન, શિર ઉપર સુખદાતા.

પૂર્વજન્મનાં પાપ નર્મદાજળ શુદ્ધ કરશે;
નવીન જન્મ શૂરવીર થકી એ ખોળો ભરશે.
હું ક્યાં જોવા રહું નવીન એ જન્મ જ તારો?
માતા દુઃખમૂંઝવણે ગાળી નાખ્યો જન્મારો!

હશે! ન મુજ મન દુઃખ વિશેષે એહ વિષેનું;
અર્પી દઉં સો જન્મ એવડું મા! તુજ લહેણું.
સો આપું લઈ એક, સહસ્ર આપું હું એકે;
ગુર્જરદેશ ફરી જોઉં દીપતો સત્ય-વિવેકે.

પણ તે દિન હજુ દૂર, નથી મારા વારામાં;
મોડે વહેલે ભલે જોગ પડતાં સારામાં.
નમન! હાલ, ગુજરાત માત! આ સલામ છેલી!
સફળ થજો આશિષ ભક્તપુત્રે આપેલી!

ટિપ્પણ અને પ્રશ્નો

૧૫. જેટલા પુત્રો તેં ઉત્પન્ન કર્યા તે બધાનો સમાસ-વ્યવસ્થા તું કરી શકી નહિ. **યવન**-મુસલમાન, પરદેશી. **જાચ્યા**-યાચના કરનાર. **પનોતી**-શનિની દશા, પડતીની દશા. **વિવેક**-સારા અને ખરાબ, ઇષ્ટ અને અનિષ્ટ વચ્ચેનો ભેદ જોવાની શક્તિ. **જોગ**-યોગ, સારી દશા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧. મલબારી ગુજરાતના ભૂતકાળના ગૌરવનો ઉલ્લેખ કરતાં શું કહે છે?
૨. ગુજરાતના ભાવિ ગૌરવ માટે તૈયાર થવા કવિ શો બોધ કરે છે?
૩. આ કાવ્યમાં તમને કવિનો સ્વદેશપ્રેમ કઈ પંક્તિઓમાં વધારે લાગે છે?
૪. 'અર્પી દઉં સો જન્મ એવડું મા! તુજ લ્હેણું'—આ વિષય પર આશરે ૨૫–૩૦ લીટીનો નિબંધ લખો.

૫. આ રૂઢિપ્રયોગોનો સાચો ઉપયોગ દર્શાવતાં વાક્યો યોજો :—પનોતી બેઠી, વશ પડી, છૂટી પડે, બહાર પડે, હામ ધર, જોગ પડવો.

નરસિંહરાવ ભોળાનાથ દિવેટિયા

[ઈ. સ. ૧૮૫૯–૧૯૩૭]



[ગુજરાતી કવિતાને નવીન બળ આપનાર, અને સાહિત્યક્ષેત્રના બીજા પ્રદેશોમાં કાવ્યસરિતાને વાળનાર, કવિવિવેચક નરસિંહરાવનો જન્મ અમદાવાદની નાગર જ્ઞાતિમાં થયો હતો. 'પ્રાર્થનામાળા'-ના સુપ્રસિદ્ધ કર્તા, સ્વ. ભોળાનાથ સારાભાઈ એમના પિતા થાય.

ઈ. સ. ૧૮૮૦ માં બી.એ.ની પરીક્ષામાં સંસ્કૃત-માં વધારેમાં વધારે ગુણ મેળવી એમણે 'ભાઉ દાજી ઇનામ' મેળવ્યું હતું. ઈ. સ. ૧૮૮૩માં એ સરકારી નોકરીમાં જોડાયા અને ઈ. સ. ૧૯૧૨માં નિવૃત્ત થયા. નોકરી દરમિયાન ઘણો સમય દક્ષિણમાં ગાળેલો, જ્યાં એમને સૃષ્ટિસૌંદર્ય નીરખવાનો લાભ મળ્યો. એમાંનાં ઘણાં દૃશ્યો એમની કવિતામાં ચિરંજીવ થયાં છે. ૧૯૨૧ થી ૧૯૩૬ સુધી એમણે એલ્ફિન્સ્ટન કોલેજમાં ગુજરાતીના અધ્યાપક તરીકે કામ કર્યું હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઈ. સ. ૧૮૮૭નું વર્ષ ગુજરાતના સાહિત્યજીવનમાં અપૂર્વ છે. એ વર્ષમાં ગુજરાતને બે યુગવિધાયક પુસ્તકો મળ્યાં: 'કુસુમમાલા' અને 'સરસ્વતીચંદ્ર ભાગ ૧ લો'. 'કુસુમમાલા'નાં કાવ્યોમાં સૃષ્ટિસૌંદર્યના નવા ચમકારા ગુજરાતે જોયા. ભક્તિના સંકુચિત ક્ષેત્રમાં ગૂંગળાઈ ગયેલી કવિતાને નર્મદ–દલપતે બહાર કાઢી. તેમનું સમાજસુધારણાનું ક્ષેત્ર પણ સ્વૈરવિહારિણી કવિતાને સંકુચિત જ લાગ્યું. ત્યાંથી કવિતાને મુક્ત કરી નરસિંહરાવે એને સૌંદર્યસૃષ્ટિમાં રમતી મૂકી. કવિતા કૃશાંગી છે, અને માત્ર ઉપદેશના ભારથી એને લાદી દેવી એ એના કોમળ અવયવોને હાનિકર્તા છે — એ કાવ્યમીમાંસાનું સત્ય સ્પષ્ટ રીતે પ્રથમ નરસિંહરાવને જ સમજાયું. 'કુસુમમાલા', 'હૃદયવીણા' અને 'નૂપુરઝંકાર' ઉપરાંત એમણે પોતાના યુવાન પુત્રના મૃત્યુ બાદ 'સ્મરણસંહિતા' નામક સુંદર, હૃદયદ્રાવક કરુણ પ્રશસ્તિ (elegy) પ્રસિદ્ધ કરી હતી. સહિષ્ણુતા, આશા અને અચળ શ્રદ્ધા એ નરસિંહરાવના આધ્યાત્મિક અને સાહિત્ય જીવનનાં પ્રેરક તત્ત્વો હતાં. એ એમના જીવન સાથે એવાં વણાઈ ગયાં હતાં કે એક વા અન્ય સ્વરૂપે એમના ગદ્ય અને પદ્યમાં સર્વદા વ્યક્ત થયાં કરે છે. 'મંગલ મંદિર' કાવ્ય અતિકરુણ છે. પણ એમાં કવિની અચલ શ્રદ્ધા અને પારલૌકિક જીવનનો આશાવાદ સર્વત્ર દૃષ્ટિગોચર થાય છે.]



(૧) ચિત્રવિલોપન

(ઇન્દ્રવજ્રા–વસંતતિલકા વૃત્ત)

સંધ્યા રમાડે ધરીને ઉછંગે
આ શુક્રતારાકણીને શી રંગે!
ને સિંધુમાં ગૂઢ થઈ ગયેલો
જોતી રહી રસ થકી રવિનાથ પેલો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રીતેથી પીતી સુખવર્તમાન
ને ભાવિનાં રમ્ય સુણુંતી ગાન,
સ્વપ્ને ન જોતી અતિ ગૂઢ ઘેરું,
એ ચત્ર દૂર વસતું લયકાળ કેરું.

(અનુષ્ટુપ)

સાવિત્રી સિંધુમાં વહેતી, તરંગો ઊછળે તહીં,
નાવડું નાચતું તેમાં આવતું જો દીસે અહીં.
યુવતી તે વિષે બેઠી, બાળકી છાતીએ ધરી,
પ્રેમવાત્સલ્યના પાના અમોલા શા વહ્યા ઝરી.

(ખંડ હરિગીત)

"નાવડું હંકારજો,
વેગથી, સંભાળથી,
ઓ ખલાસી કુશળ ઓ !
આ મોંઘી છે મુજ બાળકી.
લાડકી મુજ જગ વિષે
આવી એક જ માસથી,
તોય મુજ હૈડે વસી
દિન અણુગણ્યા ત્યમ ભાસતી.
સિંધુતટ પેલો ઊંચે
દુર્ગ પર્વતટોચ જે,
તાત ત્યાં તુજ વાટડી
જોતા ઊભા ધરી મોદને.
થાશું ભેળા ક્ષણુ મહીં,
દીર્ઘ વિરહ જ છેદીને,
પ્રથમ દર્શન આંકતાં
કંઈ ચુંબનો કરશે તને.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri.

નાવડું આ સિંધુમાં
ઊછળે કંઈ વેગથી
હૃદય પણ મુજ નાચતું
દે તાલ તેને પ્રેમથી.
પ્રેમસાંકળ જે રૂડી
મધુર એ-અમ-ઉરની,
બીડતી દૃઢ તેહને
તું કનક-કડી વણમૂલની.
દુર્ગ પર જો! ફરફરે
ધવલ કરઅંચલ પણે;
હૈડું આ કંઈ થરથરે,
ને પ્રેમમંત્રો શા ભણે!
હા! મીઠું બુલબુલ માહરું!
કૂજતું કલરવ કરે,
લાડકી! તુજ એ અમી
પીતાં ન મન તૃપ્તિ ધરે.
તાતને તુજ કૂજનો
એ રૂડાં તું સુણાવજે,
મર્ત્યલોકે સ્વર્ગની
કંઈ દીપ્તિ ક્ષણ ઝળકાવજે.
મીઠડી જો વ્યોમમાં
શુક્રકણી શી શોભતી!
હા! તદપિ મુજ લાડકી
એથી રુચિર અદકી અતિ.
ભૂતભાવિ ભૂલતી;
સુખહિંડોળે ઝૂલતી
સંગ લઈ મુજ પૂતળી
આનંદસિંધુ હું બૂડી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(ઉધોર)

ઓ ! આ આમ એકાએક
નાવડું વાંકું વળ્યું છેક !
ધાઓ ! અરે જીવનનાથ !—
લાડકી ! ભર તું મુજને બાથ ! ૬૦

(અર્ધ ભુજંગી)

ખલાસી ! બચાવો !
અરે કોઈ આવો !
દયાસિંધુ ! આવું !
શિશુ સાથ લાવું !'

(માલિની)

નિમિષ મહીં જ ડૂબ્યું નાવડું સિંધુ માંહી,
મધુર સુખાછબીઓ ને ગઈ જો ! ભુસાઈ !
ઉદધિઉદર સંધ્યા શુક્ર બંને સમાયાં.
તિમિર મહીં જ ગૂઢાં સિંધુએ ગાન ગાયાં. ૬૮

—નૂપુરઝંકાર

(૨) મંગલ મંદિર ખોલો !

(ભૈરવી)

મંગલ મંદિર ખોલો
દયામય ! મંગલ૦
જીવનવન અતિ વેગે વટાવ્યું
દ્વાર ઊભો શિશુ ભોળો;
તિમિર ગયું ને જ્યોતિ પ્રકાશ્યો,
શિશુને ઉરમાં લ્યો લ્યો,
દયામય ! મંગલ૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નામ મધુર તમ રટ્યો નિરંતર,
શિશુ સહ પ્રેમે બોલો.
દિવ્યતૃષાતુર આવ્યો બાલક,
પ્રેમ અમીરસ ઢોળો,
દયામય ! મંગલ૦

—સ્મરણસંહિતા

ટિપ્પણ અને પ્રશ્નો

(૧) 'રત્નાગિરિ જિલ્લાની ઉત્તરની હદ પર સાવિત્રી નદી છે. તેના મુખ આગળ હેઠ સમુદ્રકિનારે બાનકોટનો કિલ્લો—પર્વત ઉપર—તથા ગામ છે. અંગ્રેજી અમલ શરૂ થતાં ત્યાં લશ્કર રહેલું હતું. ત્યાં કબરસ્તાનમાં એક કબર ઉપર નીચે પ્રમાણે લેખ છે:—

"Here lie the remains of Marry Sophia aged 26 and Elen Herriet, aged 32 days, the beloved wife and daughter of Arthur Malet of the Bombay Civil Service. They, with thirteen boatmen and attendants were drowned on the bar of the river Savitri on the night of the 6th December, 1853."

આ નદીના મુખમાંનો bar—દાંડો જરાક વિષમ છે; સમુદ્રનું વહેણ અને નદીનું વહેણ સામસામાં મળી વિષમ તરંગો થાય છે.

ઉપરના ઉતારામાંના કરુણ વૃત્તાંત ઉપર આ કાવ્યની રચના છે. તેમાં કાવ્યનાયિકા નવી જન્મેલી પુત્રીને લઈ પતિ કને આવતી હતી, એ તો ઉઘાડી રીતે ખરી વાત છે; પણ પતિ કિલ્લામાં હતો અને સમય સૂર્યાસ્ત પછી તરતનો હતો વગેરે કેટલાક ભાગ તથા વચન બધાં કલ્પિત છે, એ કહેવાની જરૂર નહિ પડે.

ચિત્રવિલોપન–ચિત્રનું લોપ (નાશ) થઈ જવું. કવિએ શરૂઆતમાં મૂળ સંધ્યા અને શુક્રનું ચિત્ર દોર્યું છે.–પછી માતા અને બાળકીનું ચિત્ર દોર્યું છે. બંને ચિત્રો ભૂંસાઈ જાય છે. **'રવિનાથ'** 'એ જોતી રહી' નું કર્મ છે. **૧–૪** સંધ્યા, શુક્રતારાકણી અને રવિનાથ (પતિ રવિ) એ ત્રણ દ્વારા આ વાર્તાની નાયિકા, તેની બાળકી અને તેનો પતિ (કિલ્લામાં અદૃશ્ય રહેલો) ધ્વનિત થાય છે. **ભાવિ**–સમીપનું આ જીવનનું ભાવિ. **લયકાળ**નું ચિત્ર–તે દૂરનું ભાવિ–મૃત્યુકાળ. **પાના**–પ્રેમના ઊભરા–ઝરા. **૧૭–૨૦** એક માસની છતાં અગણ્ય દિવસની લાગવાનું કારણ ગાઢ પ્રેમ અને સતત લાલન. **૨૭–૨૮** પહેલવહેલી જ તને તારા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પિતા જોશે તેથી તેના ચિહ્નરૂપ ચુંબનો તને કરશે. **આંકતાં** (ના ચિહ્ન પાડનારાં) એ 'ચુંબનો'નું વિશેષણ છે. ૩૩-૩૬ પતિપત્નીનાં હૃદયોને સાંધનારી પ્રેમસાંકળીને વધારે દૃઢ કરીને જોડનારી કડી-સુવર્ણની કડી-(કીમતી) એ હતી; એમ તાત્પર્ય છે. ૩૭-૪૦ બાનકોટના કિલ્લા ઉપર વાર્તાનાયિકાનો પતિ દૂરથી આવતી હોડીમાં રહેલી પત્નીની તરફ નિશાની તરીકે પોતાનો ધોળો રૂમાલ (**કરઅંચલ**) ઊંચો પવનમાં હલાવે છે. તે ફરફરતો નાયિકા દેખે છે. એ જોવાની સાથે તેના હૃદયમાં પણ ઉલ્લાસ, મળવાની આતુરતા, ઇત્યાદિ ભાવ સ્ફુરવાથી હૃદય ધબકે છે, થરથરે છે. અને પ્રેમના ગૂઢ ભાવ (**મંત્રો**) હૃદય અનુભવે છે,—એ ભાવ હૃદયમાં વ્યક્ત મૂર્તરૂપ જાણે પામતા તેથી પ્રેમમંત્રો ભણે છે; હૃદયમાં પ્રેમનો ભાવ અનુક્ત વાણીમાં પ્રગટ થાય છે. **કલરવ**-કાલો. મધુર (કલ) અવાજ (રવ). **એ અસી**-તારું કાલું કૂજન. **આનંદસિંધુ હું બૂડી**—એમ કહેવાની સાથે જ નાવ ઊથલી જઈને ખરેખરા સિંધુમાં પોતે તથા બાળકી ડૂબી જાય છે, તેથી આ વચનમાં આગામી સૂચકતા છે. ૬૧-૬૪ નાવ ઝડપથી ડૂબે છે તેને પ્રતિરૂપ ભુજંગી છંદની ત્વરિત પદગતિ છે. ૬૭ સિંધુના ઉદરમાં સંધ્યા અને શુક્ર લીન થયાં. અને આમ આ વાર્તા-નાયિકા અને તેની બાળકી પણ સિંધુમાં ડૂબી ગયાં; એમ વ્યંજના દ્વારા બે ચિત્રોનાં પ્રતિબિંબ સૂચવાય છે. ૬૮ આ કરુણ બનાવનું ગૂઢ ધ્વનન કરતાં ગાન સિંધુએ ગાયાં એવો ધ્વનિત અર્થ છે.' (**નૂપુરઝંકાર**ના ટીકામાંથી)

(૨) કાવ્ય અતિ કરુણ છે. કવિની અચલ શ્રદ્ધા અને પારલૌકિક જીવનનો આશાવાદ જુવાન પુત્રના મૃત્યુથી ઉદ્ભવે છે. કવિને તો અતિ અદ્ભુત રીતે ઉદ્ભવ્યો અને તે આ કાવ્યરૂપે પરિણમ્યો. **જીવનવન**-જીવન રૂપી વન. **તિમિર**-અંધકાર. **જ્યોતિ**-પ્રકાશ. **દિવ્યતૃષાતુર**-પ્રભુના પ્રેમની તરસ જેને ઊપડી છે એવો.

૧. તમે અત્યાર સુધીમાં પ્રાચીન કવિઓનાં જે કાવ્યો શીખી ગયા તેમાં અને નરસિંહરાવનાં કાવ્યોમાં તમને કંઈ ફેર લાગે છે?

૨. 'ચિત્રવિલોપન' કાવ્યનો પ્રસંગ વર્ણવો.

૩. માતાના હૃદયમાં કેવી આશાઓ હતી? એનો અંત કેવી રીતે આવ્યો?

૪. સંધ્યા અને શુક્રનો કવિએ પહેલી અને છેલ્લી લીટીઓમાં ઉપયોગ કર્યો છે, એની પાછળ શો ધ્વનિ રહેલો છે?

૫. આ કાવ્યની કઈ પંક્તિઓમાં માતૃપ્રેમ પ્રકટ થાય છે? એ પંક્તિ-ઓમાં રહેલો ભાવ સમજાવો.

૬. સમાસ ઓળખાવો:— રવિનાથ; પ્રેમસાંકળ; આનંદસિંધુ.

૭. કવિ મંગલ મંદિર શબ્દ શાને માટે વાપરે છે? આ કાવ્ય કવિએ કયે પ્રસંગે લખ્યું હતું? કવિ ઈશ્વરને શી પ્રાર્થના કરે છે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મણિશંકર રત્નજી ભટ્ટ (કાન્ત)

[ઈ. સ. ૧૮૬૭-૧૯૨૩]

[‘કાન્ત’ ઉપનામથી જાણીતા થયેલા આ કવિનો જન્મ લાઠી પાસે ચાવંડમાં પ્રશ્નોરા જ્ઞાતિમાં થયો હતો. ઈ. સ. ૧૮૮૭માં ઍલ્ફિન્સ્ટન કૉલેજમાંથી બી. એ. ની પરીક્ષા પસાર કરી વડોદરામાં કલાભવનમાં સાહિત્ય અને શિક્ષણના અધ્યાપક તરીકે એ નિમાયા. આઠેક વર્ષ પછી ભાવનગરમાં નોકરી લીધી અને બાકીનું જીવન ત્યાં જ ગુજાર્યું. એમની પ્રથમ પત્ની નર્મદા—‘નાની’નું મૃત્યુ ભર જુવાનીમાં થયું હતું. એને સંબોધી એમણે કેટલાંક સુંદર કાવ્યો ... ને ખ્રિસ્તી ધર્મ માટે પક્ષપાત હતો અને ઈ. સ. ૧૯૦૦માં જાહેર રીતે એમણે એ ધર્મનો અંગીકાર કર્યો. આથી હિંદુ સમાજ અને એમનાં સગાંસ્નેહીઓને થયેલો આઘાત એ ન સહી શક્યા અને ફરી આર્ય થયા; પરંતુ જીવનપર્યંત તે હૃદયથી એક સાચા ખ્રિસ્તી જ હતા. એમનાં લખાણોમાં ખ્રિસ્તી ધર્મની માન્યતાઓની અસર સ્પષ્ટ છે. આ ઉપરાંત એમણે બીજા ધર્મોનો પણ ઊંડો અભ્યાસ કર્યો હતો. ધાર્મિક ભાવના એ એમનાં ઉત્તરાવસ્થાનાં કાવ્યોનું વ્યાપક તત્ત્વ છે.

એમનો કાવ્યસંગ્રહ ‘પૂર્વાલાપ’ નામે પ્રગટ થયો છે. ‘વસંતવિજય’ નામક સર્વાંગસુંદર કાવ્ય લખી કાન્તે ખંડકાવ્યમાં ભાવ પ્રમાણે છંદ ફેરવવાની પ્રથા દાખલ કરી. એમનાં કાવ્યો સંખ્યામાં ઓછાં છે. પણ એ ઉપરથી પણ એમની કોમળ ભાષા, સુંદર કલ્પના અને હૃદયના ગૂઢ ભાવ આલેખવાની અનુપમ શક્તિનો ખ્યાલ આપણને આવ્યા વગર ન જ રહે. એમના છંદોનું નૈસર્ગિકપણું અને ભાષાપ્રભુત્વ પણ આપણને મુગ્ધ કરે છે. કવિતા ઉપરાંત ‘રોમન સ્વરાજ્ય’ અને ‘ગુરુ ગોવિંદસિંહ’ જેવાં સુંદર નાટકોના એ લેખક છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'અતિજ્ઞાન' કાવ્યમાં અતિજ્ઞાનથી મૂંઝાતા સહદેવના ચિત્તવ્યાપારનું સુંદર અને સચોટ આલેખન છે. અશુભ ભાવિની ખબર હોવા છતાં કાંઈ કહેવાય નહિ, કંઈ કરાય નહિ, એ સ્થિતિ કેટલી દુઃખદ હોઈ શકે, એનો ખ્યાલ આ કાવ્ય ઉપરથી આવી શકશે. આ અતિજ્ઞાન અસહ્ય લાગવાથી જ જ્યોતિષી અભાન અવસ્થા વહોરી લે છે.]

અતિજ્ઞાન

(વસંતતિલકા)

ઉદ્‌ગ્રીવ દૃષ્ટિ કરતાં નભ શૂન્ય ભાસે,
ઝાંખી દિશા પણ જણાય અનિષ્ટ પાસે,
જામી ગઈ તરત ઘોર કરાલ રાત,
લાગી બધે પ્રસરવા પુર માંહી વાત.

(અનુષ્ટુપ)

ઇન્દ્રપ્રસ્થજનો આજે વિચારો કરતા હતા;
એક બાબતને માટે શંકા સૌ ધરતા હતા.

(ઉપજાતિ)

દુર્યોધનપ્રેષિત દૂત એક
દેખાવમાં ઘાતક દુષ્ટ છેક;
જતો હતો અંધ થતી નિશામાં
સુગુપ્ત રાજગૃહની દિશામાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(અનુષ્ટુપ)

શાને આવ્યો હશે તેની કલ્પનાઓ ચલાવતા;
ભય સંદેહ દર્શાવી, શિર કોઈ હલાવતા.

(વંશસ્થ)

નિગૂઢ શંકા પુરવાસીઓની આ,
જરાય નિષ્કારણ તો નહોતી હા !
કરેલું આમંત્રણ ધર્મરાજને,
રમાડવા દ્યૂત અનિષ્ટભાજને.

(અનુષ્ટુપ)

હા કહીને રજા આપી યશસ્વી જ્યેષ્ઠ પાંડવે;
બોલાવ્યા ત્રણ બંધુને મળવાને પછી હવે.

(દ્રુતવિલંબિત)

શિશુસમાન ગણી સહદેવને
ખબર આ કંઈયે ન કર્યા હતા;
અવર સર્વ ગયા નૃપની કને,
પરમ દુ:ખિત અંતરમાં થતા.

(અનુષ્ટુપ)

કનિષ્ઠ દ્રૌપદી સાથે પોતાના વાસમાં હતો,
સતી ખેદ હતી જોતી વદને વધતો જતો.

(વંશસ્થ)

ત્રિકાળનું જ્ઞાન હતું કુમારને,
નજીક આંખે નીરખી થનારને;
સ્વપક્ષનો દ્યૂત વિષે પરાજય
વળી દીસે દ્રૌપદી માનનો ક્ષય.

(અનુષ્ટુપ)

જાણે બધું તથાપિ કંઈ કહેવાની રજા નહીં;
શમાવી ન શકે તેથી મૂંઝાય મનની મહીં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(વંશસ્થ)

નહીં શકું છેક બચાવી કોઈ ને,
અશક્ત જેવો રહું બેસી રોઈ ને;
ખરો દીસે દુઃખદ શાપ આ મને.
નિહાળું છું ભૂત, ભવિષ્ય જે કને.

(અનુષ્ટુપ)

'હા ધિક્ હા ધિક્! કૃતઘ્ની હું, આમ મૌન ધરી રહું,
આવતું વાદળું દેખી, મુખથી ન કંઈ કહું',

(વંશસ્થ)

વિચારતાં નેત્ર જળે ભરાય છે;
શરીરનું ચેતન ત્યાં હરાય છે;
લઈ જઈ ને પ્રિય વક્ષની સમી
ગ્રહી કરે, મસ્તકથી રહ્યો નમી.

(અનુષ્ટુપ)

રહી જરા ફરી પાછો છૂટો થાય શરીરથી;
'પ્રિયે! સ્પર્શ કરું શું હું! અધિકાર જરા નથી.'

(વંશસ્થ)

'કરાય શું નિષ્ફળ જ્ઞાન સર્વ આ?
થનાર ચીજો નવ થાય અન્યથા!
સદૈવ ચિંતા દિલમાં વહ્યા કરું
અનેક, હું એકલડો સહ્યા કરું.'

(પુષ્પિતાગ્રા)

રજની મહીં સખી, ઘણીક વેળા,
નયન મળે નહીં, ઊંઘ જાય ચાલી;
કરી તુજ શિરકેશ સર્વ ભેળા,
વદનસુધાકરને રહું નિહાળી.

(ઉપજાતિ)

આવું કહ્યું ત્યાં શિર શૂલ ચાલ્યું,
રહ્યું નહીં મસ્તક મત્ત ઝાલ્યું;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારી કુમારે અતિ આર્ત હાય,
કહ્યું, 'હવે એક જ છે ઉપાય.'
ચાલી જરા ને ગ્રહી એક શીશી,
પ્યાલી ભરી દંતથી ઓષ્ઠ પીસી;
ખાલી કરી કંઠ વિષે ત્વરાથી,
ગયો બચ્યો એ બદલાઈ આથી.

અનુષ્ટુપ)

સતી બેભાન શય્યામા ગંધથી જ પડી ગઈ;
સૂતો જ્યોતિષી પ્યાલીને છાતી સાથે જડી દઈ !

ટિપ્પણ અને પ્રશ્નો

આ ખંડકાવ્યનો પ્રસંગ મહાભારતમાંથી લેવામાં આવ્યો છે. દુર્યોધને યુધિષ્ઠિરને દ્યૂત રમવા બોલાવ્યા. યુધિષ્ઠિરે નિમંત્રણનો સ્વીકાર કર્યો. એનું પરિણામ શું આવશે તે ત્રિકાળજ્ઞાની સહદેવને ખબર હોવા છતાં – શાપને લીધે એ કાંઈ બોલી ન શકયો.

ઉદ્‌ગ્રીવ દૃષ્ટિ કરતાં – ઊંચી ડોક કરીને નજર કરતાં. **અનિષ્ટભાજને** – અનિષ્ટ પાત્ર, કુપાત્ર એવા દુર્યોધને. **ત્રિકાળનું જ્ઞાન** – સહદેવને ત્રિકાળનું જ્ઞાન હતું. પણ કોઈ બાબતનું ભવિષ્ય કોઈ પૂછે નહિ ત્યાં સુધી ન કહી શકાય, એવું એને બંધન હતું. ૩૯–૪૦ 'પ્રિય' અર્થાત્ પ્રિયને, છાતી સરસી લઈ જઈને તેને પોતાના હાથમાં ઝાલી રાખીને, તેના ઉપર પોતે (સહદેવ) મસ્તકથી નમી રહ્યો. ચિત્ર સુંદર છે. ૪૧ – એ સ્થિતિમાં થોડી વાર રહીને, કંઈ વિચાર આવતાં છૂટો થાય છે. ૩૭–૪૨–આ પંક્તિઓમાં સહદેવને દ્રૌપદીનું અનિષ્ટ ભાવિ પ્રત્યક્ષ થતાં કરુણાજનક સ્નેહ થાય છે. તેથી તે ભેટીને ચુંબન કરવા જાય છે, અને એટલામાં પતિએ પત્નીનું કરવું જોઈએ એવું રક્ષણ તે કરી શકવાનો નથી માટે, ચુંબનનો તેને અધિકાર નથી એમ વિચાર આવતાં આશ્લેષ તોડે છે. ૪૩–૫૦ આ નિષ્ફળ અતિજ્ઞાનને લીધે તેને ઘણી વાર ચિંતા થતી તેથી ઊંઘ ન આવતી. અનેક પ્રસંગોમાં આજ સુધી દ્રૌપદીના સૌંદર્યનો સાત્ત્વિક ઉપભોગ તેની ચિંતાનો શામક હતો, પણ આ પ્રસંગે જ્યારે ચિંતા દુઃસહ છે ત્યારે એ ઉપભોગનો અધિકારી નથી. **વદનસુધાકર** – વદનરૂપી સુધાકર (ચંદ્ર). (**પૂર્વાલાપ**ની ટીકામાંથી.)

૧. 'અતિજ્ઞાન' કાવ્યનો પ્રસંગ તમારા શબ્દોમાં વર્ણવો.

૨. અતિજ્ઞાનથી સહદેવને દુઃખ શા માટે થાય છે? તમને એવું 'અતિજ્ઞાન' ગમે ખરું ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩. યુધિષ્ઠિરે સહદેવને કશીય વાત શા માટે ન કરી? સહદેવને વાત કરી હોત તો એનું શું પરિણામ આવત?

૪. સહદેવના મનમાં શી વ્યથા હતી? તેનું વર્ણન કરો.

૫. આ કાવ્યનું રહસ્ય દર્શાવી તેના પર નોંધ લખો.

બળવંતરાય કલ્યાણરાય ઠાકોર



[આધુનિક ગુજરાતી સાહિત્ય મંડળમાંના જૂના છતાં નિત્યનવીન, અનેક રીતે વિચક્ષણ, વૃદ્ધ છતાં સદા યુવાન આ સાક્ષરનો જન્મ ભરૂચની બ્રહ્મક્ષત્રિય જ્ઞાતિમાં ઈ. સ. ૧૮૬૮માં થયો હતો. ૧૮૮૯માં બી. એ.ની પરીક્ષામાં અંગ્રેજીમાં પહેલા આવી એમણે સ્કૉલરશિપ મેળવી હતી. ત્યાર પછીનું તેમનું જીવન અભ્યાસ અને કેળવણી ખાતાની પ્રવૃત્તિમાં વ્યતીત થયું છે. કરાંચી, વડોદરા, પૂના વગેરે સ્થળોએ એમણે પ્રોફેસર તરીકે કામ કર્યું અને ૧૯૨૪માં નિવૃત્ત થયા. હાલ તેઓ મુંબઈમાં રહે છે.

પ્રો. ઠાકોરની સાહિત્યપ્રવૃત્તિ અનેકદેશીય છે. કાવ્ય ક્ષેત્રમાં એમણે ગેયતા દૂર કરી અંગ્રેજી કવિતાના ધોરણે અગેય કવિતા રચવાનો જીવનભર આગ્રહ સેવ્યો છે. અત્યારના ઘણાખરા યુવાન કવિઓ ઉપર એમની અસર ઊંડી છે. આમ એક રીતે ઊછરતી કવિતાના તે વિધાયક છે: એ એમની સફળતા માટે પૂરતું છે. એમની કવિતા અર્થઘન છે, અને એથી લોકપ્રિય નથી; છતાં સાહિત્યરસિકોને શ્રમભોગ્ય છે.

એમના ગદ્ય વિષે પણ એવું જ છે. પણ લોકપ્રિયતા એ સાહિત્યકારની સફળઅફળતાનું સૂચિપત્ર સર્વદા નથી. એમણે વાર્તાઓ ઉપરાંત નાટકો પણ રચ્યાં છે, અને એક સફળ ભાષાંતરકાર તરીકે પણ સાહિત્યપ્રેમીઓમાં જાણીતા છે. આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપરાંત એ એક સારા અને નિર્ભય વિવેચક છે. નવીનોના પ્રેરક અને શિક્ષક તરીકે એમના વિચારો ઊગતા સાહિત્યકારોમાં વધારે ને વધારે માન્ય થતા જાય છે. એમનું આખું જીવન અનેક દિશામાં નવીન પ્રયોગો કરવામાં જ વ્યતીત થયું છે, અને હજુ પ્રયોગની દિશામાં એમના પ્રયાસ ચાલુ જ છે.

પૃથ્વી છંદ અને સૉનેટની પદ્યરચનાને ગુજરાતમાં પ્રચલિત કરવાનું કામ પહેલવહેલું પ્રો. ઠાકોરે કર્યું. પ્રો. ઠાકોરના વિચારશીલ માનસ અને તેમની અર્થઘન કવિતા માટે આ પદ્યબંધ ઘણો જ અનુકૂળ થઈ પડે છે. એમની ટૂંકી વાર્તાઓ બોધપ્રદ અને રસમય છે; 'ભણકાર' (કાવ્યો), 'ઊગતી જુવાની' (નાટક), 'અભિજ્ઞાન શાકુંતલ' (ભાષાંતર), 'આપણી કવિતાસમૃદ્ધિ' અને 'લિરિક' (વિવેચન) એ એમના પ્રગટ થયેલા ગ્રંથોમાંના મુખ્ય છે.

'ખેતી' એ કાવ્યમાં ખેતીમાં જ દેશની ઉન્નતિની કૂંચી છે એમ કહેવાનો કવિનો આશય છે. ઘણાં વર્ષો પૂર્વે લખાયેલ આ કાવ્યના વિચારોનું મહત્ત્વ આજે આપણને વધારે સચોટ રીતે સમજાય છે.]

ખેતી

(હિંદદેવીની પોતાનાં બાળકોને શિખામણ)

(સવૈયા)

રાજકાજ મૂકોને પડતાં, નાખી નજર જ્યાં પૂગે નહીં,
દરિયાપારે ગિરિઓ પાછળ રાજરમત સંતાઈ રહી;
બાલક મારાં!

શસ્ત્રઅસ્ત્ર ફેંકી દો અળગાં, કર્યો ઘાવ જ્યાં ફળે નહીં,
આગ વીજના ગોળા ફાડે પર્વત તમ કયમ શકો સહી?
બાલક મારાં!

અને વળી નાકાંઓ ઘેરી જૉનબુલ્લ ઊભો હરિરાજ,
ફિકર તમારે રાજકાજ ને શસ્ત્રઅસ્ત્રની શી છે આજ?
બાલક મારાં!

વેદપુરાણ મહાવિદ્યાઓ મૂકો ઊંચી છાજલીએ હાલ,
કલમ, વીણા ને એવી મોહનીમાં પડવાનો નથી આ કાલ;
બાલક મારાં!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જંગી સંચા જગવ્યાપારો તમે ન હજી ખેડી શકશો,
ગજું તમારું વિચારશો કે આંખ મીંચી ફોગટ મથશો ?
બાલક મારાં !

અને વળી એ વિદ્યાઓ, એ કલા અને એ વ્યાપારો,
કાલાતીત, ગમે તે કાલે શક્તિ છતાં કરવા વારો ;
બાલક મારાં !

પેટપૂરું મળતું નથી તમને બાળ તમારાં સૂકાં તને,
જુવાન ફરતા ઘરડે વદને, સ્ત્રીઓ ન જાણે જોબનને;
બાલક મારાં!

મહારોગ ને દુષ્કાલોએ નવો કેર વળી વર્તાવ્યો,
દિવસ દિવસથી બારીક આવે, કલિયુગ ફરે ફૂલ્યોફાલ્યો;
બાલક મારાં !

કુદરત ને માનવીની જોડી, એકમેકથી હસે ફૂલે;
ચકવા-જોડી એ જ ખરી છે, વિયોગથી કરમાય ઝૂરે;
બાલક મારાં !

પુરાણ પૂર્વજ હતા તમારા વનવાસી, કૃષિ કરનારા,
ઢોર ઉપર મમતા ધરનારા, કઠણ નિયમમાં પળનારા;
બાલક મારાં !

દેશ જીત્યા બહુ રાજ્યો સ્થાપ્યાં,—ધર્મ કળા ને વ્યાપાર,
શાસ્ત્ર, ફિલસૂફી, હુન્નર, નીતિ, કહો ન શું એ ઊતર્યા પાર ?
બાલક મારાં !

જંગલ ભેદ્યાં, પશુઓ રાની પાળ્યાં, કંઈ કંઈને માર્યાં;
અનાર્ય નરપશુ અસંખ્ય ટોળાં પવિત્ર સ્પર્શે ઉદ્ધાર્યાં;
બાલક મારાં !

નરહૃદયે સુર ને દાનવનાં સૈન્ય ઉભય વસતાં સાથે,
દાનવસૈન્ય હણી, સુર પોષી, પૌરુષજ્યોતિ ધરી માથે;
બાલક મારાં !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એહ જ્યોતિના બની ઉપાસક બોધક ધસ્યા નીડર જગમાં,
ખાળી શકયું નહીં કોઈ એમને,—વધાવતાં સહુ કો પગલાં !
બાલક મારાં !

મને મુકાવી પશુ, અનાર્ય, વિપિનો, તમ, ઘોર અધર્મોથી,
ધસ્યાં મુકાવા ખંડ અન્ય અટક્યા કેવલ જ્યાં ધરા ખૂટી !
બાલક મારાં !

શ્રમિત થયાં, કંઈ લોહી ઘસાયું, તિમિરજૂથ ત્યાં આવ્યું ચડી,
મથ્યા બહુ, અર્ધું બેસાડ્યું, ઉપર આણ નિજ કરી ખરી;
બાલક મારાં !

પણ એ અર્ધા આર્ય રજપૂતો પૂરા આર્ય જ્યાં થયા નહિ,
વળી તિમિર ઊતર્યું ત્યાં તો, આભ, ત્રુટ્યું, ગઈ જ્યોત શમી !
બાલક મારાં !

એહ જ્યોતિ પ્રગટાવો પાછી, એ પૌરુષ વર્તાવો ફરી,
કુદરતપ્રીત ફરી આદરતાં નવીન યુગ ઊગશે જલદી;
બાલક મારાં !

દુકાળ ઉપરાઉપર આવે છળશો નહીં તેથી જ જરા,
મારાં બાલક, તમ માટે છે મુજ ધાવણના અખૂટ ઝરા !
બાલક મારાં !

પણ અક્કલવાળા તે આર્યો મુજ બાલક તે તે જ ખરા,
બિનઅક્કલવાળા તે મારા અણમાનીતા પુત્ર ઠર્યા;
બાલક મારાં !

સમય વિચારો, સમય સુધારો, સમય વિષે સાવધ વર્તો,
'ઉત્તમ ખેતી' સૂત્ર તમારું પુરાણ પાછું ઉર ધરો;
બાલક મારાં !

નવે ખંડની દેવીઓમાં બ્રહ્માએ હું પ્રથમ ઘડી
સૌના બચપણની હું સાક્ષી, મુજ બચપણમાં હું જ છડી;
બાલક મારાં !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભૂતકાલ પૂરો મેં દીઠો, ભવિષ્યમાં મુજ નજર તીણી,
માટે કહું છું ચેતો, ચેતો, સાવધ બની સમય જાણી;
બાલક મારાં !

કોટિ તણી સંખ્યાથી જોજો ફોગટ ગર્વ ન ધરશો, બાળ,
મને નવત્સી પરવત્સોથી કરશો મા આખર બેહાલ;
બાલક મારાં !

શહેરો ને શહેરી રોગો ને કંતાયેલાં શહેરી તન,
ટૂંકાં જીવન, નિર્બલ કલુષિત શિથિલ બિચારાં શહેરી મન;
બાલક મારાં !

શહેરી ગરીબી, શહેરી સુસ્તી, વ્યર્થ શહેર તણી જંજાળ,
શહેરી પાપો, શહેરી જૂઠાણાં, શહેર તણા કલહો કંગાળ;
બાલક મારાં !

એ સૌ આવરણોને તોડો એ માયાને પરી કરો,
હિત ને હિતનાં સાધન શાશ્વત સ્વચ્છ લોચને ઉર ધરો;
બાલક મારાં !

વનો વસાવો, ખેડો ખેતર, રચો વાડીઓ, પશુ પાળો,
ખાતર, બીજ ઋતુ, ચારા, ધરતીના ભેદ પૂરા ન્યાળો;
બાલક મારાં !

નદીઓ સાંધો, કૂવા ગાળો, સમુદ્રવારિ મિષ્ટ કરો;
જલમાં સ્થલ, સ્થલમાં જલ આણો, કુદરત નાથી મિત્ર કરો;
બાલક મારાં !

નીકો ખોદો, બંધો બાંધો, આગ વીજ ને રસાયણો,
અનિજસૃષ્ટિ વળી વાયુચક્રને અધીન કરી ખપમાં આણો;
બાલક મારાં !

એ વનવાસ વિષે ઊછરતાં દૂધમલ્લ તમારાં બાળ,
નહીં વ્યાઘ્રથી હઠશે પાછાં, નહીં એમને છળશે વ્યાળ;
બાલક મારાં !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધોધ કૂદી એ હસશે સામાં, નદીપૂર તરી ઊતરશે,
ખરે બપોરે જોજન ખેતર લણી કણુસલાં ઢગ રચશે;
બાલક મારાં !

જોમનપૂર વિષે એ આર્યો નીરખી જગ વિસ્મય બનશે,
ભસ્મ થશે કળિયુગ આ ખંડે નવીન યુગ વર્તી રહેશે;
બાલક મારાં !

એ ખેતીના વિરામકાલે, રાતે ઉડુગણુ નીરખતાં,
દિવસે કુદરત લીલા પીતાં ઢોર જ્યહાં વીખરે ચરતાં;
બાલક મારાં !

વેદ નીતિ ને કલા પુરાણો ધર્મ ફિલસૂફી વિષે ત્યહાં,
તર્ક ઘોડલા દોડી રહેશે, ઉપનિષદો અવતરશે જ્યહાં;
બાલક મારાં !

ઋષિઓ, દ્રષ્ટાઓ, અવતારો, પૌરુષ, જય, આત્માસ્વાયત્ત,
પ્રગટ થશે એ વનવાસે સૌ સાત્ત્વિક બરકત ઈશ્વરદત્ત;
બાલક મારાં !

— ભણકાર

ટિપ્પણુ અને પ્રશ્નો

આ કાવ્ય છપ્પનિયાના દુકાળના અરસામાં લખાયું હતું તે ઘટના નોંધપાત્ર છે. **૧ રાજકાજ** – Politics – રાજકારણ. અહીં પરદેશી રાજકાજ એ સંકુચિત અર્થ લેવાનો છે. **૫ જૉનબુલ્લ** – આ શબ્દ સમસ્ત અંગ્રેજ પ્રજા કે સત્તાનો સૂચક છે. **હરિરાજ** – સિંહ. **૭ છાજલી** – અભરાઈ. ૨૪ આર્ય પ્રજાએ દસ્યુઓને પોતામાં ભેળવ્યા તેનો ઉલ્લેખ અહીં છે. **૩૧ તિમિરજૂથ** – મધ્યકાળનો ઉલ્લેખ છે, જ્યારે મુસલમાનોનાં આક્રમણ અને રજપૂતોના પરસ્પર કુસંપને લીધે દેશમાં અંધાધૂંધી ચાલતી. **૪૩ નવખંડ** – પ્રાચીન ભારતમાં કુશાવર્ત, ઈલાવર્ત, બ્રહ્માવર્ત, મલય, કેતુ, ભદ્રસેન, ઇન્દ્રસ્પૃક, વિદર્ભ અને કીકટ એમ નવ ખંડ ગણાતા હતા. **૪૪ છડી** – એકલી. **૫૮ કુદરત નાથી** – ઢોર નાથીએ છીએ તેમ કુદરતની શક્તિઓને નાથી તેમની પાસે મિત્રકૃત્ય કરાવો. **૬૪ કણુસલાં** – ડૂંડાં. **૭૧ સ્વાયત્ત** – સ્વાધીન. **૭૨ બરકત** – વિભૂતિ, ભરપૂરતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧. હિંદદેવી પોતાનાં બાળકોને શી શિખામણ આપે છે?

૨. કવિ આ કાવ્યમાં આપણા પૂર્વજો માટે શું કહે છે?

૩. પ્રસ્તુત કાવ્યની લીટી ૪૩-૪૪ સ્પષ્ટ રીતે સમજાવો.

૪. શહેરી જીવન માટે કવિ શું કહે છે? તમને તે સાચું લાગે છે? કારણ આપો.

૫. કવિ હિંદવાસીઓને છેવટે શો ઉપદેશ આપે છે? અને એના શા શા ફાયદા ગણાવે છે?

૬. ખેતી અને ઉદ્યોગના ફાયદા ગેરફાયદા દર્શાવવા બે મિત્રો વચ્ચે એક સંવાદ યોજો.

સુરસિંહજી તખ્તસિંહજી ગોહેલ (કલાપી)

[ઈ. સ. ૧૮૭૪-૧૯૦૦]

[આ રાજવી કવિનો જન્મ લાઠીમાં થયો હતો. ૧૮ વર્ષની ઉંમર સુધી રાજકોટની રાજકુમાર કૉલેજમાં એમણે અભ્યાસ કર્યો. ઈ. સ. ૧૮૯૫માં ગાદીએ આવ્યા. અને ઊગતી જુવાનીમાં જ અકાળે કાળનો ભોગ થઈ પડયા.

કલાપીની કવિતા સંપૂર્ણપણે સમજવા માટે એમના હૃદયજીવનનું જ્ઞાન આવશ્યક છે. એમને પોતાની રાણીની દાસી પ્રત્યે પ્રેમ ઉદ્‌ભવ્યો હતો, અને ઘણા આત્મમંથન પછી તેની સાથે પ્રેમલગ્ન કર્યું. આ હૃદયમંથન કવિતા દ્વારા વહ્યું એટલે કેટલીક જગાએ લાગણીના અતિરેકથી કાવ્યતત્ત્વમાં ઊણપ આવી જાય છે; એમના છંદોમાં માપની ઘણી વાર ભૂલ દેખાય છે; પણ મસ્ત અને વિહ્‌વળ હૃદયના ઉદ્‌ગાર સર્વદા છંદના ચોકઠાને અનુરૂપ ન હોય એ સ્વાભાવિક છે. કલામય કવિતા હૃદયસંતોષ નહિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ હૃદયશાંતિ અવશ્ય માગે. કલાપીને કવિતાને આવશ્યક એ શાંતિકાળ મળ્યો ન હતો. પ્રેમ એ જ સર્વ માનવવૃત્તિનું મૂળ અને ધ્યેય છે એમ એ માનતા. એમણે કવિતા ઉપરાંત પ્રેમ અને સ્વાર્પણની ઉચ્ચ ભાવના પણ ગુજરાતને આપી છે. પ્રકૃતિ, પ્રેમ, અને પ્રભુ, એ એમની કવિતાના મુખ્ય વિષયો છે. મણિલાલ નભુભાઈ પાસેથી પ્રેરણા લઈ કલાપીએ ગુજરાતી સાહિત્યને હૃદયસ્પર્શી ગઝલોથી સમૃદ્ધ કર્યું. એમની શૈલી પ્રવાહી અને આડંબર વિનાની છે; ભાષા સરલ અને મધુર છે, અને સરલ માધુર્યમાં ફારસી અને ઉર્દૂ ભાષાના શબ્દોના ઉપયોગથી વધારે માધુર્ય આવે છે.

'ગ્રામ્યમાતા' કાવ્યનો પ્રસંગ સાદો પણ હૃદયંગમ છે. કવિ નિર્દોષ ગ્રામ્ય જીવનનું સુંદર અને સચોટ ચિત્ર રજૂ કરી પ્રસંગ વર્ણવે છે. જેની પાસે થોડું હોય છે તે બહુધા સંતોષી હોય છે. ઘણું હોય છે તે બીજાનું પણ આંચકી લેતાં ખંચાતા નથી. લોભ હોય છે ત્યાંથી દયા કે માનવતાનો લોપ થાય છે. માનવ સમાજમાં જ્યાં ત્યાં નજરે પડતી આ વસ્તુસ્થિતિ કવિએ એક સાદા પ્રસંગથી દર્શાવી છે.]

ગ્રામ્યમાતા

(શાર્દૂલવિક્રીડિત)

ઊગે છે સુરખી ભરી રવિ મૃદુ હેમન્તનો પૂર્વમાં
ભૂરું છે નભ સ્વચ્છ સ્વચ્છ દીસતી એકે નથી વાદળી;
ઠંડો હિમભર્યો વહે અનિલ શો ઉત્સાહને પ્રેરતો,
જે ઉત્સાહ ભરી દીસે શુક ઊડી ગાતાં મીઠાં ગીતડાં!

(માલિની)

મધુર સમય તેવે ખેતરે શેલડીના,
રમત કૃષિવલોનાં બાલ નાનાં કરે છે;
કમલવત ગણીને બાલના ગાલ રાતા,
રવિ નિજ કર તેની ઉપરે ફેરવે છે!

(અનુષ્ટુપ)

વૃદ્ધ માતા અને તાત તાપે છે શગડી કરી;
અહો! કેવું સુખી જોડું કર્તાએ નિરમ્યું દીસે! ૧૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(વસંતતિલકા)

ત્યાં ધૂલ દૂર નજરે ઊડતી પડે છે,
ને અશ્વ ઉપર ચડી નર કોઈ આવે;
ટોળે વળી મુખ વિકાસી ઊભાં રહીને,
તે અશ્વને કુતૂહલે સહુ બાલ જોતાં!

(મંદાક્રાંતા)

ધીમે ઊઠી શિથિલ કરને નેત્રની પાસ રાખી
વૃદ્ધા માતા નયન નબળાં ફેરવીને જુએ છે;
ને તેનો એ પ્રિય પતિ હજુ શાન્ત બેસી રહીને
જોતાં ગાતો શગડી પરનો દેવતા ફેરવે છે!

(અનુષ્ટુપ)

ત્યાં તો આવી પહોંચ્યો એ અશ્વ સાથે યુવાન ત્યાં;
કૃષિક એ ઊઠી ત્યારે "આવો, બાપુ!" કહી ઊભો.

(શાર્દૂલવિક્રીડિત)

"લાગી છે મુજને તૃષા, જલ જરી દે તું મને" બોલીને
અશ્વેથી ઊતરી યુવાન ઊભીને ચારે દિશાએ જુએ;
"મીઠો છે રસ ભાઈ! શેલડી તણો" એવું દયાથી કહી;
માતા ચાલી યુવાનને લઈ ગઈ જ્યાં છે ઊભી શેલડી!

(વસંતતિલકા)

પ્યાલું ઉપાડી ઊભી શેલડી પાસ માતા
છૂરી વતી જરીક કાતળી એક કાપી;
ત્યાં સેર છૂટી રસની ભરી પાત્ર દેવા
ને કૈં વિચાર કરતો નર તે ગયો પી.

(અનુષ્ટુપ)

"બીજું પ્યાલું ભરી દેને, હજુ છે મુજને તૃષા,"
કહીને પાત્ર યુવાને માતાના કરમાં ધર્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(મંદાક્રાંતા)

કાપી કાપી ફરી ફરી અરે કાતળી શેલડીની,
એકે બિંદુ પણ રસ તણું કેમ હાવાં પડે ના ? !
"શું કોપ્યો છે પ્રભુ મુજ પરે ?" આંખમાં આંસુ લાવી,
બોલી માતા વળી ફરી છૂરી ભોંકતી શેલડીમાં.

(અનુષ્ટુપ)

"રસહીન ધરા થઈ છે, દયાહીન થયો નૃપ;
નહીં તો ના બને આવું," બોલી માતા ફરી રડી.

(વસંતતિલકા)

એવું યુવાન સુણતાં ચમકી ગયો ને
માતા તણે પગ પડી ઊઠીને કહે છે :
"એ હું જ છું નૃપ, મને કર માફ બાઈ!
"એ હું જ છું નૃપ, મને કર માફ ઈશ !

(શાર્દૂલવિક્રીડિત)

"પીતો'તો રસ મિષ્ટ હું પ્રભુ ! અરે ત્યારે જ ધાર્યું હતું–
"આ લોકો સહુ દ્રવ્યવાન નકી છે એવી ધરા છે અહીં;
"છે તોયે મુજ ભાગ કૈં નહિ સમો તે હું વધારું હવે,
"શા માટે બહુ દ્રવ્ય આ ધનિકની પાસેથી લેવું નહીં ?

(વંશસ્થ)

"રસે હવે દે ભરી પાત્ર બાઈ,
"પ્રભુકૃપાએ નકી એ ભરાશે;
"સુખી રહે બાઈ ! સુખી રહો સૌ,
"તમારી તો આશિષ માત્ર માગું !"

(વંસતતિલકા)

પ્યાલું ઉપાડી ઊભી શેલડી પાસ માતા
છૂરી વતી જરી જ કાતળી એક કાપી;
ત્યાં સેર છૂટી રસની ભરી પાત્ર દેવા,
બ્હોળો વહે રસ, અહો ! છલકાવી પ્યાલું !

—કેકારવ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટિપ્પણ અને પ્રશ્નો

ગ્રામ્યમાતા–ગામડાની મા–વૃદ્ધ–પ્રેમાળ સ્ત્રી. ગ્રામદેવતા કે ગ્રામલક્ષ્મી જેમ ગ્રામમાતા પ્રયોગ વ્યાકરણની દૃષ્ટિએ થવો જોઈએ. **સુરખી**–લાલીમા, રતાશ. **હેમંત**–માગશર અને પોષ માસની ઋતુ. **શેરડી**–શેલડી (સં. શેલ=ભાલો). **કૃષિવલ**–ખેડૂત. ૭–૮ આ પંક્તિઓમાં સુંદર કલ્પના સાથે સજીવારોપણ છે. ૯ ખેડૂતના નિર્દોષ ગૃહજીવનનું સુંદર ચિત્ર કવિએ અહીં દોર્યું છે. આ કાવ્યમાં થોડા વર્ણનથી પણ કવિ આપણી દૃષ્ટિ સામે વ્યક્તિ અને પ્રસંગોનાં ચિત્રો રજૂ કરે છે તે ધ્યાનમાં લેવા જેવું છે. ઘોડેસવાર અને વૃદ્ધ ખેડૂત દંપતીનાં ચિત્રો કવિએ દોર્યાં છે તે જુઓ (પંક્તિ ૧૧–૧૮). **૩૫** આ પંક્તિના ભાવ સાથે કવિ નાનાલાલની પંક્તિઓ વિરોધમાં સરખાવવા જેવી છે:–'રાજા–પ્રજાના ઉરમેળ જ્યાં હશે, સંવાદી વીણા ગીત ગેબી ગુંજશે.' શેરડીમાંથી રસ નહિ નીકળવાનું કારણ કવિએ ૪૧–૪૪ માં દર્શાવ્યું છે.

૧. આ કાવ્યનો પ્રસંગ ટૂંકમાં વર્ણવો.

૨. આ કાવ્યમાંથી કઈ પંક્તિઓ તમને વિશેષ ગમે છે? શા માટે?

૩. પંક્તિ ૭–૮માં જે અલંકારો છે તેનાં નામ આપો–અને એ પંક્તિઓ વિસ્તારથી સમજાવો.

૪. શેરડીમાંથી રસ નીકળતો ક્યારે ને શા માટે બંધ થયો? રસ ફરી પાછો ક્યારે નીકળ્યો?

૫. જે વિચાર કે ભાવના આ કાવ્યના પ્રસંગમાં છે તે ટૂંકમાં દર્શાવો.

૬. આ કાવ્યમાં જે જે છંદો છે તેનાં નામની યાદી કરો; અને ગમે તે એકના બંધારણ વિષે ટૂંકી નોંધ લખો. જુદા જુદા છંદનો ઉપયોગ કરવાથી કાવ્યના ભાવની સરસતા કે સચોટતામાં કાંઈ વધારો થાય છે ખરો?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્રિભુવન પ્રેમશંકર

[ઈ. સ. ૧૮૬૫-૧૯૨૩]

['મસ્ત કવિ' ને નામે સાહિત્યપ્રિય વર્ગમાં જાણીતા થયેલા આ કવિનો જન્મ સૌરાષ્ટ્રમાં મહુવામાં થયો હતો. તે કલાપીના અંગત મિત્ર હતા અને દર વર્ષે કેટલોક કાળ કલાપી સાથે ગાળતા. કવિ પોતે હંમેશ કાવ્યમસ્તીમાં ઉન્મત્ત રહેતા. ભાવનગરના નરેશે તથા વડિયાના દરબારે કવિને વર્ષાસન બાંધી દીધાં હતાં.

કલાપીના મૃત્યુ બાદ એમણે 'કલાપીનો વિરહ' નામે કાવ્યગ્રંથ લખ્યો છે, અને તેને વિદ્વાન વર્ગ તરફથી સારો સત્કાર મળ્યો છે. એ કાવ્યમાં સદ્‌ગત રાજવી કવિમિત્રનું દર્શન છે. કાવ્યનું સ્વરૂપ મૃત્યુકાવ્યનું છે, પણ ચિંતન એમાં પ્રધાનપદે દેખાય છે. 'કલાપીનો વિરહ'માં ઘણી વાર વિરહ અને વિલાપ માત્ર સાંકેતિક જ છે. અને કવિના સ્વતંત્ર મનનમાં એ ઘણી વાર ગૌણ બની જાય છે. 'વિભાવરી સ્વપ્ન' એ કવિનું બીજું જાણીતું કાવ્ય છે. કવિનાં આધ્યાત્મિક કાવ્યો 'સ્વરૂપ-પુષ્પાંજલિ' માં છપાયાં છે. આ ઉપરાંત એમનું કેટલુંક લખાણ હજુ અપ્રગટ છે.

મિત્ર જતાં કવિના હૃદયમાં શૂન્યતા વ્યાપે છે અને એ શૂન્યતા અનુભવતાં વૈરાગ્ય ઉદ્‌ભવે છે. આમ વૈરાગ્યથી કાવ્યની શરૂઆત થાય છે. નીચે ઉતારેલા કાવ્યમાં કવિ કહે છે: જગતના સંબંધો માત્ર કલ્પના છે, માટે પરબ્રહ્મમાં જીવ જોડો. ભક્તિ દ્વારા જ ઈશ્વર અને ભક્તનું અદ્વૈત સ્થપાશે.]

સૃષ્ટિનો સંબંધ

ચેતી લે, ચેતી લે તું, વ્હાલિડા બંધુ રે !
પોકાર પાડીને સુણાવું રે.
રેતીના ગંજે જેવું સલિલનું બિંદુ રે,
પાર્થિવ સુખ એના જેવું રે. ચેતી લે૦

તિમિરને ઉદરે જેવાં ભ્રમણાનાં ભૂતો રે
પામર દિલને ભડકાવે રે,
પાર્થિવ દુઃખો એવાં અજ્ઞ હૃદયને રે,
ચિંતાની ચીસેચીસ પડાવે રે. ચેતી લે૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાળી નિશાંનાં ઘોર કાજળ-કૂડાં રે
ખદ્યોત-પાંખને ચમકાવે રે,
અજ્ઞાન દશામાં એમ પાર્થિવ સુખડાં રે
માનવદિલને બહેકાવે રે. ચેતી લે૦
પિપીલિકાની જેવી ઉર્વી પર રેખા રે
પવનના પાયમાં અટવાતી રે,
મૃત્યુનાં પગલાં માંહી માનુષી ક્રીડા રે
પિલાઈ પળમાં એમ જાતી રે. ચેતી લે૦
વાયુના વેગે જેવી જલધિના જળમાં રે
સુંદર ગૂંથાય કાંઈ જાળી રે,
સમીરસપાટે પાછી ચૂંથાય પળમાં રે
એવી જગમોહની હેયાળી રે. ચેતી લે૦
વીજનો ઝબકો કાળા મેઘ મહીંથી રે
ઊઠી અણધાર્યો આવે જેવો રે,
આવ્યો-ન આવ્યો એમ અલોપ થયો રે,
ત્રિભુ ! સૃષ્ટિનો સંબંધ એવો રે. ચેતી લે૦

—કલાપીનો વિરહ

ટિપ્પણ અને પ્રશ્નો

ગંજ-ઢગલો. **પાર્થિવ સુખ**-સંસારનાં વિષયસુખ. ૯-૧૨ રાત્રિના ઘોર અંધકારમાં આગિયાની પાંખ ચળકે છે તેમ અજ્ઞાન દશામાં ખોટું સુખ પણ મનુષ્યને આનંદ આપે છે. ૧૩-૧૬ પૃથ્વી (ઉર્વી) પર પડતી કીડી (પિપીલિકા) નાં પગલાંની રેખા જેમ પવનથી ભૂંસાઈ જાય છે તેમ, (આ અનંત કાળમાં) મનુષ્યની ક્રીડા મૃત્યુનાં પગલાંથી પળવારમાં નાશ પામે છે.

૧. સૃષ્ટિના સંબંધ માટે કવિ શું કહે છે ? તમને એ સાચું લાગે છે ?

૨. સૃષ્ટિના સંબંધ મિથ્યા છે એ દર્શાવવા કવિ કયાં કયાં દૃષ્ટાંતોનો ઉપયોગ કરે છે ? એમાંનું એક દૃષ્ટાંત સવિસ્તર સમજાવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દામોદર ખુશાલદાસ બોટાદકર

[ઈ. સ. ૧૮૭૦–૧૯૨૩]

['રાસતરંગિણી', 'નિર્ઝરિણી', 'કલ્લોલિની', 'સ્રોતસ્વિની' અને 'શૈવલિની' રૂપી કાવ્યસરિતાનાં મીઠાં જળ શાંત રીતે વહેવડાવનાર, કવિ બોટાદકરનો જન્મ સૌરાષ્ટ્રના બોટાદ ગામમાં વણિક જ્ઞાતિમાં થયો હતો. આખું જીવન એમણે ગુજરાતી શાળાના શિક્ષક તરીકે ગરીબાઈ અને નમ્રતામાં ગાળ્યું હતું. તે છેક નાનપણથી કવિતા રચતા અને છૂટક છૂટક સામયિકોમાં પણ મોકલતા. પણ જીવનકાળ દરમિયાન એમની યોગ્ય કદર થઈ ન હતી. પોતના જીવનકાળમાં અજ્ઞાત રહેનાર અને પાછળથી સારા સાહિત્યકાર તરીકે કીર્તિ પ્રાપ્ત કરનાર સાહિત્યકારોના દાખલા ઓછા નથી!

તે અંગ્રેજી ભણ્યા ન હતા, છતાં અંગ્રેજી કાવ્યમીમાંસાના ધોરણે પણ એમની કવિતા વિશુદ્ધ ઠરી છે. એમનાં કાવ્યોના વિષયો મુખ્યત્વે ગૃહજીવનમાંથી ઊતર્યા છે, છતાં તેમાં ક્ષુદ્રતા જોવામાં આવતી નથી. એમનાં કાવ્યોમાં સમાજની ઉત્કૃષ્ટ ભાવનાની ફોરમ વ્યાપી રહી છે. સ્ત્રીજીવનના અનેક પ્રસંગો એમણે સાદી અને ભાવનામય રીતે આલેખ્યા છે. બોટાદકર ગૃહજીવનના કવિ છે, અને જેમ સ્વ. નાનાલાલે સંસારમંથન કરી નવનીત ઉતાર્યું તેમ બોટાદકરે સાદા ગૃહજીવનને મથી એમાંથી નવનીત ઉતારી ગુજરાતને આપ્યું. આદર્શ ગુજરાતણની ભાવના અને ગુજરાતી સ્ત્રીત્વને સજીવન કરવામાં અને ઘડવામાં એમના રાસનો ફાળો અનન્ય છે. એમના રાસ ઘણા જ લોકપ્રિય છે; જોકે તેમાં ભાવ સાદા છે, છતાં ભાવના ઉચ્ચ છે; ભાષા સંસ્કારી અને મધુર છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'વિદ્ધ મૃગ'નું કાવ્ય મૃગના મુખમાં જ મૂકવામાં આવ્યું છે. શિકારીને હાથે ઘાયલ થયેલ મૃગ, સંગીત નહિ અટકાવવા શિકારીને પ્રાર્થના કરે છે; ઘાની વ્યથા અને મૃત્યુનો ભય ટાળી મૃગ સંગીતમાં જ મસ્ત રહે છે. આ રસિકતાનો અતિરેક કવિના સિદ્ધ આલેખન અને માધુર્યને લીધે આપણને ખૂંચતો નથી, પણ વધુ મુગ્ધ કરે છે. પ્રસ્તુત કાવ્ય સાથે કાન્તનું 'કલ્પના અને કસ્તૂરીમૃગ' સરખાવવા જેવું છે.]

વિદ્ધ મૃગ

(હરિગીત)

સંગીત લુબ્ધક! સુખદ તારું આમ નવ અટકાવતું,
રસમાં મને મરવા દઈ રસિકત્વ પૂર્ણ બતાવ તું;
આ મોક્ષથી મોંઘું અને સાકર થકી વધતું ગળ્યું,
તુજ બાણના સંપાતથી પંચત્વ આ સમયે મળ્યું.
શર લક્ષ બીજાં ફેંક, વા તલવારનો કર ઘા ભલે,
પણ ગીતના અવરોધથી નવ વ્યથિત કર મુજને અરે!
રસની ધ્વનિ હૃદયે વહે, રસમાં અધિક છું મગ્ન હું,
રસરૂપ જગત જણાય આ, રસને વળી વરસાવ તું.
આને ભલે મૃત્યુ ગણી આણે દયા દિલ માનવી;
પણ વૃષ્ટિ પ્રેમામૃત તણી મારે હૃદયથી માણવી;
પ્રેમાબ્ધિ આ ગરજી રહ્યો, રસમેઘ પણ વરસી રહ્યો.
મીંચી નયન અવલોકતાં આજે કૃતારથ હું થયો.
વસુધા વિષે બહુધા ફર્યો, ગિરિશૃંગ ઉપર આથડ્યો,
પણ હર્ષવર્ષણનો પુરંદર આજ તું મુજને મળ્યો;
મારી વ્યથા અવલોકીને દિલ નવ દયા લાવીશ તું,
અવસાન સમયે ગીતનો ન નિષેધ મન માનીશ તું.
મુજ માંસને માટે અધીરો એક પળ ન બનીશ તું,
સારંગી રંગભરી ઘડી કરથી ન દૂર કરીશ તું;
દઈ તાલ સાયકપાતથી કર ગાન એ પણ ઇષ્ટ છે,
આ પ્રેમપારાવારમાં નાહતાં મરણ પણ મિષ્ટ છે.

— કલ્લોલિની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટિપ્પણ અને પ્રશ્નો

લુબ્ધક – (લોભાવનાર) પારધિ, શિકારી. **સંપાત** – પડવું તે. **પંચત્વ** – મૃત્યુ. **પુરંદર** – ઇન્દ્ર, વરસાદનો દેવ. અહીં પારધિ સંગીત દ્વારા આનંદ વરસાવે છે તે. ૧૯–૨૦ ગીત ગાતાં ગાતાં તું (પારધિ) તેના તાલરૂપે બાણ ફેંકવાની ક્રિયા (સાયકપાત) ચાલુ રાખે તો તે પણ ઇષ્ટ છે; કારણ આ સંગીતના અગાધ સમુદ્રમાં નાહતાં નાહતાં મરણ આવશે તો તે પણ મને મીઠું લાગશે.

૧. વિદ્ધ મૃગનો પ્રસંગ તમારા શબ્દોમાં વર્ણવો.
૨. મૃગની સંગીતપ્રિયતા ઉપર ટૂંકી નોંધ લખો.
૩. વિદ્ધ મૃગ અને પારધી વચ્ચે એક કાલ્પનિક સંવાદ લખો.
૪. (अ) સંધિ છૂટી પાડો ને અર્થ સમજાવો :— પ્રેમામૃત, પ્રેમાબ્ધિ.
 (ब) સમાસનો વિગ્રહ કરો, ઓળખાવો અને અર્થ સમજાવો : રસમે, ગિરિશૃંગ, હર્ષવર્ષણ, સાયકપાત, પ્રેમપારાવાર.
 (क) પ્રત્યય દર્શાવી અર્થ સમજાવો :– લુબ્ધક, બહુધા.

નાનાલાલ કવિ

[ઈ. સ. ૧૮૭૬ – ૧૯૪૬]

['જયાજયંત', 'ઇન્દુકુમાર', 'નાના નાના રાસ' ઇત્યાદિ સુપ્રસિદ્ધ ગ્રંથોના કર્તા અને કવિ-પિતા સ્વ. દલપતરામના આ કવિપુત્રનો જન્મ ઈ. સ. ૧૮૭૬માં થયો હતો. કવિ મુંબઈ યુનિવર્સિટીના એમ. એ. હતા અને ઇતિહાસ એ એમનો પ્રિય વિષય હતો. એમણે જીવનનો મુખ્ય કાળ કેળવણી ખાતાની નોકરીમાં સૌરાષ્ટ્રમાં ગાળ્યો હતો. સૌરાષ્ટ્રના લોકસાહિત્ય અને લોકજીવનના ઉચ્ચ, સંસ્કારી અને કોમળ ભાવો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમના રાસમાં પ્રતિબિંબિત થયા છે. સાધારણ રીતે રાસમાં માત્ર શબ્દ-માધુર્ય ઉપર જ લક્ષ અપાય છે; પણ નાનાલાલે શબ્દમાધુર્ય, ભાવમયતા અને અર્થગાંભીર્યનો સુંદર અને સફળ યોગ સાધી ગુજરાતી રાસસાહિત્યનો પ્રવાહ બીજી દિશામાં વાળ્યો છે.

ઈ. સ. ૧૯૨૧માં એમણે સરકારી નોકરી છોડી ત્યારથી અમદાવાદમાં રહી સતત સાહિત્યસેવા એમણે મરણ પર્યંત કરી. કવિના ગ્રંથોની સંખ્યા ૭૦ કરતાં વધુ છે. કવિ સંસારજીવનના ભાવનામય અભ્યાસક અને આલેખક છે. એમનાં કાવ્યો, નાટકો, ભાષણો, લેખો આદર્શ જીવનનું ભાગવત છે. સાહિત્ય ક્ષેત્રમાં એ નવીનોમાં નવીન તરીકે લેખાતા. છંદના બંધ તોડી કાવ્ય લખવાનું પ્રથમ સાહસ એમણે કર્યું. એમની 'અપદ્યાગદ્ય' ડોલનશૈલી એ ચાલુ યુગના ગુજરાતી સાહિત્યમાં વિશિષ્ટ છે. એમનાં નાટકોનું ગદ્ય આ જ શૈલીમાં લખાયેલું છે. નાટ્યક્ષેત્રમાં પણ નાનાલાલે જુદી ભાત પાડી છે. એમનાં મનનીય વ્યાખ્યાનો પણ એમનાં કાવ્યો અને નાટકો માફક ગુજરાતી સાહિત્ય-માં ચિરંજીવ થશે. વાર્તા તરીકે એમની 'ઉષા' નવી ભાત પાડે છે.

'વિરની વિદાય' કાવ્ય વિષે રા. બ. ક. ઠાકોર જેવા કડક વિવેચક લખે છે: 'આવાં સર્વાંગસંપૂર્ણ ગીત ગુજરાતમાં બહુ ઓછાં છે. ભાષા, સ્વરવ્યંજન–યોજના, પ્રાસ, લય અને વિરામ, તાલ અને સુરાવલિ, વાચ્યાર્થ અને સાથે સાથે આવતાં ઘેરાં આછાં સૂચનો, કોઈ પણ અંગ તપાસો; ધારી ધારીને તપાસજો; ક્યાંય ખામી બતાવી શકશો? આનો રસ: શૃંગારની તો છાંટ જ છે; નાયકનાયિકા નવલોહિયાં છે એટલું બતાવવા પૂરતી. કરુણાના ઘેરા ઓળાને પણ દાબી રાખવાને સમર્થ, એવો મહાન સભર અને તેથી શાંત વીર આ કાવ્ય અને ગીતનો રસ છે. . . . આ વીર આટલો સમર્થ, સભર અને શાંત શાને? કર્તવ્યનિષ્ઠ બળે: ક્ષત્રિયક્ષત્રિયાણીનો ધર્મ આ જ, એવા દૃઢ સંસ્કૃતિવારસા બળે.']

વીરની વિદાય

મારા કેસરભીના કંથ હો !
સિધાવો જી રણવાટ;
આભ ધ્રૂજે ધરણી ધમધમે રાજ !
ઘેરા ઘેરે શંખનાદ;
દુંદુભિ બોલે મહારાજનાં હો !
સામંતના વીરવાદ : મારા૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આંગણુ રણુધ્વજ રોપિયો હો !
  કુંજર ડોલે દ્વાર :
બંદીજનોની બિરદાવલી હો !
  ગાજે ગઢ મોઝાર : મારા૦
પુર પડે, દેશ ડૂલતા હો !
  ડગમગતી મહોલાત :
કીર્તિ કેરી કારમી રાજ !
  એક અખંડિત ભાત : મારા૦
નાથ ! ચઢો રણુ ઘોડલે રે,
  હું ઘેર રહી ગૂંથીશ :
બખ્તરવજ્રની સાંકળી હો !
  ભરરણુમાં પાઠવીશ : મારા૦
સંગ લેશો તો સાજ સજું હો !
  માથે ધરું રણુમોડ :
ખડ્ગને માંડવ ખેલવા
  મારે રણુલીલાના કોડ : મારા૦
આવતાં ઝાલીશ બાણુને હો !
  ઢાલે વાળીશ ઘાવ :
ઢાલ ફૂટે મારા ઉરમાં રાજ !
  ઝીલીશ દુશ્મનદાવ : મારા૦
એક વાટ રણુવાસની રે,
  બીજી સિંહાસનવાટ;
ત્રીજી વાટ શોણિતની સરિતે હો !
  શૂરના સ્નાનનો ઘાટ : મારા૦
જયકલગીએ વળજો પ્રીતમ !
  ભીંજશું ફાગે ચીર :
નહિ તો વીરને આશ્રમ મળશું હો !
  સુરગંગાને તીર ! મારા૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાજમુગટ ! રણરાજવી હો !
રણઘેલા ! રણધીર !
અધીરો ઘોડીલો થનગને, નાથ !
વાધો રણે મહાવીર ! મારા૦

ટિપ્પણ અને પ્રશ્નો

૧. **કેસરભીના** – કેસરિયાં કરવાને સજ્જ થયેલા એવો અર્થ નથી. કેસરિયાંનો સમય તો બહુ મોડો આવે. 'શત્રુ સામે ચડી જવાને સજ્જ' એટલો જ અર્થ છે. (દુશ્મન અને આપણી વચ્ચે યુદ્ધોથી કારમો જંગ મંડાયો છે, પણ સૌથી ઉપર હજુ મહારાજાનાં દુંદુભિ ગડગડે છે. જે તમારા જેવા સામંતો અને વીરોને પ્રયાણ માટે હાકલ કરી રહ્યાં છે) **પુર** – શહેર; શહેરો ભંગાય છે. **૧૨ મહોલાત** - કેટલીક – હાલી ઊઠી છે; સામંતોની, રાજાઓની એમ લેવું. (આ કડીનો) ઉત્તરાર્ધ સાદાઈ અને સાથે અર્થસંભારમાં અદ્‌ભુત છે. લગભગ બધું ખંડિત થઈ ગયું છે, થવામાં છે: જેમ જંગનું કારમાપણું વધતું જાય છે તેમ વધારે ઉત્સાહ અને દૃઢતાથી આગળ ધસીને ખપી જતા વીર સુપુત્રોની કીર્તિ, તે એક જ અખંડ પ્રકાશી રહે છે. મૃત્યુના મોંમાં ધસી ધસીને અમરતા વરે, મૃત્યુને જ પોતાનો અમર મિનારો બનાવી લે, તે કીર્તિ. **સાંકળી** – સાંકળેલી; અથવા બખ્તરને નાન્યતર જાતિનો શબ્દ રાખવો હોય તો વજ્રની સાંકળીઓવાળું બખ્તર. **મોડ** – મુગટ. **માંડવ** – માંડવે. **શૂરાં, શૂરા. શૂર ?** – શૂરાં જ જોઈએ; વીરપત્નીઓ પોતાના ખપી ગયેલા પતિઓ પાછળ સતી થઈને એમને મળે, તે સુરગંગાનો ઘાટ. **જયકલગી** – જય મેળવ્યાની નિશાનીરૂપ કલગી. **ફાગ** – શૃંગારના ઉલ્લાસ: નૃત્ય, રંગ. **વાધો** – સિધાવો, ફતેહ કરો. (**આપણી કવિતાસમૃદ્ધિ**–વિવરણમાંથી)

૧. 'વીરની વિદાય' જેવો બીજો કોઈ પ્રસંગ તમારા ધ્યાનમાં છે? આવી વીરતા કઈ જાતની સ્ત્રીઓમાં ઇતિહાસપ્રસિદ્ધ છે?

૨. આ કાવ્યની નાયિકા પોતાના પતિને શું કહે છે? એની સાથે એ શા માટે જવા ઇચ્છે છે?

૩. છેવટે નાયિકા કયા સંજોગોમાં પોતાના પ્રિયતમને મળવાની આશા સેવે છે?

૪. શબ્દપ્રયોગો રચના અને અર્થની દૃષ્ટિએ સમજાવો:–
કેસરભીના, બિરદાવલી, મહોલાત, રણમોડ, સુરગંગા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અરદેશર ફરામજી ખબરદાર



[ગુર્જરગિરાની એકધારી સેવા કરી રહેલા આ પારસી કવિનો જન્મ ઈ. સ. ૧૮૮૧માં દમણમાં થયો હતો. નાની ઉંમરમાં પિતા ગુજરી જવાથી યુનિવર્સિટીની ઉચ્ચ કેળવણીનો લાભ એમને મળ્યો ન હતો; પણ કવિતા અને સાહિત્યનો શોખ હોવાથી પોતે ઘણું વાંચ્યું હતું. હાલમાં તે મુંબઈમાં નિવૃત્ત જીવન ગાળે છે.

શ્રી. ખબરદાર છેક નાનપણથી કવિતા રચતા અને મિત્રો તરફથી કવિપદ પામેલા. 'કાવ્યરસિકા' નામનો તેમનો કાવ્યગ્રંથ ઈ. સ. ૧૯૦૧ માં પ્રગટ થયો હતો. ત્યાર પછીના 'વિલાસિકા' નામે સંગ્રહે ગુજરાતી સાક્ષર વર્ગનું ધ્યાન ખેંચ્યું. તેની સમાલોચના શ્રી નરસિંહરાવે લંબાણથી કરી છે. ત્યાર પછી તેમનો કાવ્યપ્રવાહ સતત વહ્યો છે ને ઈ. સ. ૧૯૩૧માં 'દર્શનિકા' નામે ૩૦૦૦ પંક્તિના કાવ્યગ્રંથમાં તે પરાકાષ્ઠાએ પહોંચ્યો. જીવન, મૃત્યુ વગેરે લૌકિક અને પારલૌકિક વિષયોના કવિના વિચારો ને અનુભવ આ કાવ્યગ્રંથમાં પ્રગટ થયા છે, અને આધુનિક ઊર્મિપ્રધાન કવિતામાં તત્ત્વજ્ઞાનવિષયક કવિતાની લાગતી ખોટ આ પુસ્તક ઘણે અંશે પૂરી પાડે છે. આ ઉપરાંત 'પ્રકાશિકા', 'સંદેશિકા', 'કલિકા', 'રાષ્ટ્રિકા', 'ભજનિકા' અને 'રાસચંદ્રિકા' એ એમના પ્રસિદ્ધ ગ્રંથો છે. એમણે અંગ્રેજીમાં પણ થોડાં કાવ્યો લખ્યાં છે.

શ્રી ખબરદારે હિંદના અને ગુજરાતના જીવનમાં થતા ફેરફાર ઝીલ્યા છે અને પોતાનાં કાવ્યોમાં ઉતાર્યા છે કાવ્યક્ષેત્રમાં એમણે અનેક જાતના પ્રયોગ કર્યા છે. સ્વદેશાભિમાન, પ્રકૃતિપૂજા અને આધ્યાત્મિક અનુભવો એ એમનાં કાવ્યોના મુખ્ય વિષયો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અહીં ઉતારેલું 'સ્મરણમાધુરી' એ 'દર્શનિકા'નું અર્પણકાવ્ય છે. પોતાની પુત્રી તહેમીનાના અકાળ અવસાનથી ઉપજેલા શોકને સહન કરવાનું બળ મેળવવા એમણે 'દર્શનિકા' લખ્યું છે. પ્રસ્તુત કાવ્ય એક કરુણપ્રશસ્તિ છે. 'જસોદાવિલાપ' અને 'મંગલમંદિર' સાથે તેની સરખામણી કરવા જેવી છે.]

(૧) સ્મરણમાધુરી

(ઝૂલણા છંદ)

અમૃતમય આત્મજા! તાતધન તહમીના, તારકા તું જ મુજ આંખ કેરી!
મુજ જીવનક્ષિતિજથી તું જતાં શી પડી, જવનિકા હૃદય સર્વત્ર ઘેરી!
તદપિ તું તેમની તેમ રહી તારકા, સ્થૂલમાંથી સરી સૂક્ષ્મ માંહી;
તુજ નવલ સૃષ્ટિના એ પ્રવાસે લીધી, મુજ અમલદષ્ટિ પણ તેં જ ત્યાંહી!
જન્મને મૃત્યુ છે ઉભય સુંદર જગે: હા ભલે ઉભયના પંથ ન્યારા!
પણ ખરે મૃત્યુ એ અધિક સુંદર દીસે, જ્યાં ખીલે માત્ર શુભ સ્મરણક્યારા!
પૂર્ણ સૌંદર્યમાં તું સરી ગઈ, સુતા! ત્યાં કશી શોકતંત્રી જગાડું?
અંત્ય આનંદ-શબ્દો સર્યા તુજ મુખે, ત્યાં કશા અવર ધ્વનિ આજ પાડું?
સાત ને વીસ નક્ષત્રવર્ષો તણી તુજ જીવનચંદ્રની ફેરી પૂરી;
શુદ્ધ કૌમાર્ય તેં સફળ કીધું, સુતા! રહી અમારી જ સેવા અધૂરી!
વૃદ્ધ માતાપિતા અંધ ઉરવ્યોમમાં અન્ય તારક છતાં તિમિર ભાળે;
તોય નિજ હૃદયે ન હૃદયમાં જ્યોતિ તુજ નવ થશે ગુપ્ત ત્યાં કોઈ કાળે;
આજ આકાશનાં પડળ ઊઘડી ગયાં, જ્યોતિની રેલ રેલાઈ સઘળે;
આત્મ મુજ નહાય તુજ અસ્તના રંગમાં, અમૃતનાં બિંદુ વેરાય ઢગલે!
તું જ કવિતા હતી રંક મુજ જીવનની, દર્શનિકા હતી તું જ મારી;
વિશ્વચૈતન્યમાં ધન્ય વસજે, સુતા! તુજ સ્મરણમાધુરી આ સ્વીકારી!

(૨) અમારો દેશ

(દિવ્ય)

અમે ભરતભૂમિના પુત્રો! અમ માત પુરાણપવિત્ર,
રે! જેનાં સુંદર સૂત્રો ઝળકાવે ઉચ્ચ ચરિત્ર;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમ અંતરને ઉદ્દેશી કરશું હોકાર હમેશ,
અમે દેશી, દેશી, દેશી ! એ દિવ્ય અમારો દેશ !

અંધાર વિષે અથડાતાં કે ફરતાં નિત્ય પ્રકાશ,
પડતાં રડતાં રગડાતાં કે કરતાં હાસ્યવિલાસ;
પળપળ અમ ઉરનિધિએ શી, હા, ઊછળે ઊર્મિ અશેષ !
અમે દેશી, દેશી, દેશી ! એ દિવ્ય અમારો દેશ !

ક્યાં હશે હિમાલય જેવા ! ક્યાં પુણ્ય પવિત્ર જ ગંગ ?
ક્યાં મળે અલૌકિક એવા, સહુ દેશતણા બહુ રંગ !
ક્યાં મુનિ ઈશ્વરજન બેસી, કરતા પ્રભુપંથ ઉજેશ ?
અમે દેશી, દેશી, દેશી ! એ દિવ્ય અમારો દેશ !

ક્યાં રામ યુધિષ્ઠિર ઘૂમ્યા, ક્યાં ગરજ્યા અર્જુનભીમ ?
ક્યાં રાજપૂતવીર ઝઝૂમ્યા બલ દાખવવા જ અસીમ ?
રે ભૂલીએ તે રીતે શી અમ અંતરથી લવલેશ ?
અમે દેશી, દેશી, દેશી ! એ દિવ્ય અમારો દેશ !

નથી રે જીવવું પર આશે, છે પારકી આશ નિરાશ,
નથી કર ધરવો કો પાસે, સ્વાશ્રયનો છે ઉલ્લાસ;
કંઈ પુણ્યપ્રભા જ પ્રવેશી અહીં દે અમને ઉપદેશ,
અમે દેશી, દેશી, દેશી ! એ દિવ્ય અમારો દેશ !

ધમ ધમ ધરણી ધ્રૂજવીશું અમ દેશ તણાં કરી ગાન,
જયજયજયનાદ કરીશું, દઈશું મોંઘા અમ પ્રાણ !
એ ભક્તિ વસી ઉર તે શી દેજો શક્તિ પરમેશ !
અમે દેશી, દેશી, દેશી ! એ દિવ્ય અમારો દેશ !

— પ્રકાશિકા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટિપ્પણ અને પ્રશ્નો

(૧) **સ્મરણમાધુરી**–મીઠું સ્મરણ, સ્મરણરૂપી અંજલિ. **જવનિકા-પડદો.** ૩ સ્થૂલ શરીર તજીને તું સૂક્ષ્મ આત્મસ્વરૂપમાં ગઈ. **કશા**–શા. જૂનાં કાવ્યોમાં 'શું'ના અર્થમાં 'કશું' વપરાય છે. શ્રી. ખબરદારની કૃતિમાં પણ આવા પ્રયોગ ઘણી વાર જોવામાં આવે છે. ૯ જેમ ચન્દ્રને પોતાનું પરિભ્રમણ પૂરું કરવા સત્તાવીસ નક્ષત્રોમાં થઈને પસાર થવું પડે છે, તેમ તારા જીવન-રૂપી ચંદ્રે એક પરિભ્રમણ પૂરું કર્યું. **દર્શનિકા**–માર્ગ દર્શાવનાર, દોરનાર. અહીં કવિના 'દર્શનિકા' નામના પુસ્તકનો ઉલ્લેખ છે, જે તહેમીનાના મૃત્યુથી સ્ફુર્યું હતું.

(૨) આ કાવ્ય સ્વદેશસ્તોત્ર રૂપે કવિએ આલેખ્યું છે, અને કવિએ સ્વદેશાભિમાન દાખવી ભારતની સંસ્કૃતિ પ્રત્યેની આસક્તિ અને સ્વાર્પણની ભાવના દર્શાવ્યાં છે. **પુરાણપવિત્ર**–જૂના વખતથી જ પવિત્ર. **દિવ્ય**-દેવતાઈ, દૈવી. **અલૌકિક**–અસાધારણ, દૈવી. **અસીમ**–સીમા વગરનું; ઘણું જ. **લવલેશ**–જરા પણ. ૨૨ આ ચરણમાં કવિ સ્વાર્પણની ભાવના પ્રકટ કરે છે.

૧. 'સ્મરણમાધુરી' કયા કાવ્યગ્રંથમાંથી લેવામાં આવ્યું છે? એ ગ્રંથ કવિએ કયા પ્રસંગે લખ્યો હતો? એનો વિષય શો છે?

૨. કવિ 'સ્મરણમાધુરી'ના કાવ્ય દ્વારા વાચકને શો ઉપદેશ આપે છે?

૩. 'અન્ય તારક છતાં તિમિર ભાળે' એ લીટી સમજાવો. કવિના હૃદયમાં એવો ભાવ શા કારણથી ઉદ્‌ભવે છે?

૪. કવિ પોતાની પુત્રીને 'દર્શનિકા' શા માટે કહે છે?

૫. 'અમારો દેશ' એ કાવ્યમાં કવિ પોતાના દેશ માટે શું કહે છે?

૬. કવિ પ્રાચીન હિંદની કઈ વ્યક્તિઓ અને કયાં સ્થળોનો ઉલ્લેખ કરે છે? ગમે તે એક વ્યક્તિ સ્થળ ઉપર નોંધ લખો.

૭. 'પારકી આશ સદા નિરાશ' એ વિષય ઉપર આશરે વીસ લીટી લખો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઝવેરચંદ કાલીદાસ મેઘાણી

[ઈ. સ. ૧૮૯૯–૧૯૪૭]

[ભુલાઈ જતા લોકસાહિત્યને અમર કરવા એકનિષ્ઠ પ્રયત્ન કરનાર સોરઠી સંસ્કૃતિના આ સ્વયંસેવકનો જન્મ ઈ. સ. ૧૮૯૯ માં થયો હતો. ઈ. સ. ૧૯૧૭માં બી. એ.ની પદવી મેળવી, કલકત્તામાં ઍલ્યુમિનિયમના કારખાનામાં વ્યવસ્થાપક તરીકે જોડાયા, અને ઈ. સ. ૧૯૨૨માં 'સૌરાષ્ટ્ર' પત્રના તંત્રીખાતામાં દાખલ થયા. ૧૯૩૦માં અસહકારની લડતમાં જોડાઈ જેલનિવાસી થયા.



પ્રાચીન લોકસાહિત્યનું સંશોધન કરી તેને પ્રસિદ્ધ કરવા પાછળ એમણે અથાગ શ્રમ લીધો હતો. રાષ્ટ્રભાવના સચેતન કરવામાં પણ એમનાં ભાવભર્યાં મધુર ગીતો અને પ્રાસંગિક કાવ્યો કંઈક અંશે કારણભૂત થયાં છે. 'કોઈનો લાડકવાયો' જેવા માર્મિક, મધુર, કરુણ, પ્રાસંગિક કાવ્યમા એમણે રાષ્ટ્રયજ્ઞની ભાવના મૂર્ત કરી અમર કરી છે. ૧૯૩૦–૩૨ના સત્યાગ્રહની લડત વખતે થતા લાઠીમાર અને ગોળીબારના એક પ્રસંગનું કાલ્પનિક દૃશ્ય આ કાવ્યમાં કવિએ ભાવમય રીતે કર્યું છે. આ કાવ્ય સાબરમતી જેલમાં લખાયું હતું. 'સોરઠી બહારવટિયા' ને 'સૌરાષ્ટ્રની રસધાર'માં સૌરાષ્ટ્રની વીરકથાઓનો એમણે સંચય કર્યો છે. 'સોરઠ તારાં વહેતાં પાણી', 'નિરંજન', 'તુલસીક્યારો', 'પ્રભુ પધાર્યા' ઇ૦ એમની સુંદર નવલકથાઓ પણ પ્રસિદ્ધ થઈ છે. એમના રાસ અને ગીતો સાદાં, સરળ અને ભાવથી નીતરતાં છે. એમણે કેટલાક ભાષાંતરો પણ કર્યાં છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઈનો લાડકવાયો

(મરાઠી સાખીનો ઢાળ)

રક્ત ટપકતી સો સો ઝોળી સમરાંગણથી આવે
કેસરવરણી સમરસેવિકા કોમલ સેજ બિછાવે;
ઘાયલ મરતાં મરતાં રે
માતની આઝાદી ગાવે.

કો'ની વનિતા, કો'ની માતા, ભગિની ટોળે મળતી,
શોણિતભીના પતિ–સુત–વીરની રણશય્યા પર લળતી;
મુખથી ખમા ખમા કરતી,
માથે કર મીઠો ધરતી.

થોકે થોકે લોક ઊમટના રણજોદ્ધા જોવાને,
શાબાશીના શબ્દ બોલતા પ્રત્યેકની પિછાને;
નિજ ગૌરવ કેરે ગાને
જખ્મી જન જાગે અભિમાને.

સહુ સૈનિકનાં વહાલાં જનનો મળિયો જ્યાં સુખમેળો,
છેવાડો ને એકલવાયો અબોલ એક સૂતેલો;
અણુ પૂછ્યો અણુ પ્રીછેલો
કોઈનો અજાણ લાડીલો.

તેનું શિર ખોળામાં લેવા કોઈ જનેતા ના'વી,
એને સિંચન તેલ–કચોળાં નવ કોઈ બહેની લાવી;
કોઈના લાડકવાયાની
ન કોઈએ ખબરે પુછાવી.

ભાલે એને બચીઓ ભરતી લટો સુંવાળી સૂતી,
સનમુખ ઝીલ્યા ઘાવો મહીંથી ટપટપ છાતી ચૂતી;
કોઈના લાડકવાયાની
આંખડી અમૃત નીતરતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઈના એ લાડકવાયાનાં લોચન લોલ બિડાયાં,
આખરની સ્મૃતિમાં એ આંસુ કપોલ પર ઠહેરાયાં;
આતમ-દીપક ઓલાયા
ઓષ્ઠનાં ગુલાબ કરમાયાં.

કોઈના એ લાડકડા પાસે હળવે પગ સંચરજો,
હળવે એના હૈયા ઉપર કર જોડામણ કરજો;
પાસે ધૂપસળી ધરજો,
કાનમાં પ્રભુપદ ઉચ્ચરજો!

વીખરેલી એ લાડકડાની સમારજો લટ ધીરે,
એને ઓષ્ઠ, કપોલે, ભાલે, ધરજો ચુંબન ધીરે;
સહુ માતા ને ભગિની રે!
ગોદ લેજો ધીરે ધીરે!

વાંકડિયાં એ જુલ્ફાંની મગરૂબ હશે કો માતા,
એ ગાલોની સુધા પીનારા હોઠ હશે એ રાતા;
રે! તમ ચુંબન ચોડાતાં
પામશે લાડકડા શાતા.

એ લાડકડાની પ્રતિમાનાં છાનાં પૂજન કરતી,
એની રક્ષા કાજ અહર્નિશ પ્રભુને પાયે પડતી;
ઉરની એકાંતે રડતી
વિજોગણ હશે દિનો ગણતી.

કંકાવટીએ આંસું ધોળી છેલ્લું તિલક કરંતા,
એને કંઠ વીંટાયા હોશે કર બે કંકણવંતા;
વસમાં વળામણાં દેતા
બાથ ભીડી બે પળ લેતા.

એની કૂચકદમ જોતી અભિમાન ભરી મલકાતી,
જોતી એની રુધિર છલકતી ગજ ગજ પહોળી છાતી;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અધખીડ્યાં બારણિયાંથી
રડી કો હશે આંખ રાતી.

એવી કોઈ પ્રિયાનો પ્રીતમ આજ ચિતા પર પોઢે.
એકલડો ને અણબૂઝેલો અગન–પિછોડી ઓઢે;
કોઈના લાડકવાયાને
ચૂમે પાવકજ્વાલા મોઢે.

એની ભસ્માંકિત ભૂમિ પર ચણજો આરસ–ખાંભી,
એ પથ્થર પર કોતરશો નવ કોઈ કવિતા લાંબી;
લખજો: 'ખાક પડી આંહી
કોઈના લાડકવાયાની.'

ટિપ્પણ અને પ્રશ્નો

Mrs. Lacoste કૃત Somebody's Darling નામના અંગ્રેજી કાવ્ય ઉપરથી શ્રી. મેઘાણીને આ કાવ્યનો વિષય સૂચિત થયો હતો. બન્ને કાવ્ય સરખાવતાં જણાશે કે 'કોઈનો લાડકવાયો' એ માત્ર અનુવાદ નથી. કવિના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘણા વિચારો અને કલ્પનાઓ મૌલિક છે; એટલું જ નહિ પણ મૂળ કાવ્ય કરતાં આ અનુકૃતિ ઘણે અંશે વધારે સુંદર, વધારે હૃદયસ્પર્શી છે. કવિએ કાવ્યના નાયકના અંગત જીવનના જે પ્રસંગો અને હૃદયભાવનો ઉલ્લેખ કર્યો છે તે સ્વતંત્ર છે અને કાવ્યના કરુણ વિષયને સવિશેષ કરુણ બનાવે છે. પ્રસ્તુત કાવ્ય ૧૯૩૦ની સત્યાગ્રહની લડતને પ્રસંગે લખાયું હતું. એટલે અંશે એમાં પ્રાસંગિક અંશ છે; પણ એકંદરે કાવ્યનો વિષય અને ભાવ બન્ને સનાતન છે.

૧ **સમરાંગણ**–લડાઈનું મેદાન. ૨ **કેસરવરણી સમરસેવિકા**–કેસરી રંગનાં કપડાંમાં સજ્જ થયેલી દેશસેવિકા. ૪ **આઝાદી**–(ફા.) સ્વતંત્રતા. મરતાં મરતા પણ ઘાયલ થયેલ સૈનિકોના મુખે માતૃભૂમિની સ્વતંત્રતાનું જ રટણ છે. ૯ **થોકે ... ઊમટતા**–લોકોનાં ટોળેટોળાં એકઠાં થતાં. ૧૧–૧૨ લોકો પોતાના કાર્ય અને ભોગની પ્રશંસા કરે છે તેથી ઘાયલ થયેલાના હૃદયમાં સાત્વિક ગર્વનો ભાવ ઉત્પન્ન થાય છે. ૧૯ **તેલ-કચોળાં**–તેલની પ્યાલી. ૨૮ મૃત્યુનું સુંદર રીતે સૂચન કરવામાં આવ્યું છે. ૩૦ મૂળકૃતિનો ભાવ; આ ખ્રિસ્તી લોકોનો એક મૃત્યુ સંસ્કાર છે. ૩૮ જ્યાં જ્યાં શૃંગારનો ભાવ છે ત્યાં શ્રી. મેઘાણીએ ખૂબ જ સંયમ દાખવ્યો છે, અને આ કરુણરસપ્રધાન કાવ્ય માટે એ ખૂબ જ ઉચિત છે. ૩૯–૫૨ એની પ્રિયતમાનો નિર્દેશ કાવ્યમાં વિશેષ કરુણતાનું તત્ત્વ લાવે છે. વાચકથી અણજાણતાં જ એ યુવતીની નિરાધારતા, એનું અસહ્ય દુઃખ અને એના સૌભાગ્યવિનાશનો વિચાર થઈ જાય. ૪૬ **કંકણ**–ચૂડી, બંગડી. સ્ત્રીના સૌભાગ્યનું એક ચિહ્ન; કવિ માત્ર સૂચન કરીને જ અટકી જાય છે. એ કંકણ અને તેને ધારણ કરનારી યુવતીની હવે શી દશા? ૫૨ સૌભાગ્યવતી હતી ત્યારે પણ ખુલ્લી રીતે સામાન્ય છૂટ નહોતી લઈ શકતી, તો હવે! ૫૬ આ લીટી ૩૮ જોડે વિરોધમાં સરખાવો.

૧. 'કોઈનો લાડકવાયો' કાવ્યનો ટૂંક સાર તમારા શબ્દોમાં લખો.

૨. કોઈના લાડકવાયા માટે કવિ કેવું સ્મારક રચવાનું કહે છે? શા માટે એવું?

૩. આ કાવ્યમાંથી તમને ખૂબ જ ગમતી હોય એવી આઠ લીટી સ્મરણમાંથી ટાંકો.

૪. નીચેના શબ્દપ્રયોગો સમજાવો, અને એની પાછળ કાંઈ ધ્વનિ હોય તો તેનું સ્પષ્ટીકરણ કરો: કેસરવરણી, રણશય્યા, તેલ-કચોળાં, આતમ-દીપક, ઓષ્ઠનાં ગુલાબ, કંકણવંતા, અગન-પિછોડી.

૫. પંક્તિ ૨૭–૨૮ અને ૫૪ તથા ૫૬ માં રહેલા અલંકારનાં નામ આપો, અને એમાં રહેલી ખૂબી સમજાવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્યોત્સ્નાબહેન શુક્લ

[શ્રી. જ્યોત્સ્નાબહેનનો જન્મ ૧૮૯૭માં સુરતમાં થયો હતો. આપણાં ગણ્યાંગાંઠ્યાં સ્ત્રી કવિઓમાં એમણે સારું સ્થાન પ્રાપ્ત કર્યું છે. એમના રાસ લોકપ્રિય છે. આજે સુરતમાં રહી રાજકીય અને સામાજિક કાર્ય કરતાં એ સાહિત્ય પ્રવૃત્તિ કરી રહ્યાં છે. 'મુક્તિના રાસ' અને 'આકાશનાં ફૂલ' નામે એમનાં કાવ્યો ને રાસના સંગ્રહો પ્રગટ થયા છે. એમણે બે મરાઠી નવલકથાના અનુવાદ ગુજરાતને આપ્યા છે.

'અંધારાં'ના રાસમાં કવિહૃદયમાં જગત અને જીવનના અવલોકન અને ચિંતનથી જે નિરાશા ને અસંતોષ જાગે છે તે આલેખાયાં છે. કવિહૃદય શું શોધે છે તે કવિએ સ્પષ્ટ કર્યું નથી પણ તે જે શોધે છે તે જગતમાં ફેલાયેલા અંધકારને લીધે કવિને ક્યાંયે જડતું નથી. પોતાની અફળ શોધની કરુણ હકીકત કહેતાં કવિ જગતની વિષમતા ને કરુણતાનો પણ નિર્દેશ કરે છે. કવિ નાનાલાલના અતિ જાણીતા 'ચંદ્રીએ અમૃત મોકલ્યાં રે બહેન!' જેવો આ રાસનો ઢાળ છે.]

અંધારાં

આભથી અંધાર ઘેરા ઊતર્યાં રે બહેન!
    ના'વ્યા પ્રકાશ પગથાર,
    જગ એકલી રે બહેન!— આભથી૦
શોધું, ભમું ને પથ ભૂલતી રે બહેન!
શોધ્યો મેં માનવીના જૂથમાં રે બહેન!
    હુંપદે છવાયાં મુખ શ્યામ
    ઝેર વરસતાં રે બહેન!— આભથી૦
શોધું, ભમું ને પથ ભૂલતી રે બહેન!
શોધ્યો કથા–પુરાણ, મંદિરે રે બહેન!
    દીઠા ત્યાં દંભ અનાચાર
    જીવન શોષતાં રે બહેન!— આભથી૦
શોધું, ભમું ને પથ ભૂલતી રે બહેન!
શોધ્યો વસંત–લીલી કુંજમાં રે બહેન!
    ખીલી કળીઓ કરમાય
    દિલ દાઝતાં રે બહેન!— આભથી૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શોધું, ભમું ને પથ ભૂલતી રે બહેન!
શોધું હું કલ્પનાની સહાયથી રે બહેન!
ઊડું ઊડું ને પડું છેક
વને એકલી રે બહેન!
શોધું, ભમું ને પથ ભૂલતી રે બહેન!

ટિપ્પણ અને પ્રશ્નો

અંધાર અને **પ્રકાશ** – એ બન્ને શબ્દો બહુવચનમાં વપરાયા છે. અમુક વખતે એવો પ્રયોગ કરી શકાય છે. **પગથાર** – પગથિયું; માર્ગ – કેડી. **હુંપદ** – અભિમાન, ગર્વ. ૬–૭ માનવીમાં કવિને ગર્વ, ગ્લાનિ અને ઈર્ષ્યા દેખાય છે. **૧૦–૧૧** ધર્મ અને ધર્મસંસ્થાઓમાં જીવનને શોષી લે તેવા દંભ અને અનાચાર દેખાય છે. **૧૩–૧૫** વસંતની લીલી કુંજોમાં (પ્રકૃતિમાં) દુ:ખને લીધે અકાળે મરી જતી કળીઓ દેખાય છે. **૧૭–૧૯** માનવની ને પ્રકૃતિની સૃષ્ટિમાં શોધ્યું ન જડતાં કવિ કલ્પનાની સૃષ્ટિનો આશરો લે છે; પણ કલ્પનાસૃષ્ટિમાં પણ સદાકાળ રહેવાતું નથી. ઊડીને પાછા નીચે પડવાનું જ નસીબે લખાયેલું છે. કલ્પનાસૃષ્ટિનું એકલાપણું પણ કવિને સાલે છે.

૧. કવિ શું શોધે છે? એ એમને મળે છે ખરું?

૨. કવિ પોતાની ઇચ્છિત વસ્તુ ક્યાં ક્યાં શોધે છે? એ બધે કવિને શું દેખાય છે?

૩. કલ્પનાસૃષ્ટિમાં વિહાર કરવો કવિને કેમ નથી ગમતો?

૪. 'કવિ હૃદયનો અજંપો ને અસંતોષ આ કાવ્યમાં આલેખાયાં છે.' – આ કથન દૃષ્ટાંત આપી સમજાવો.

ઝીણાભાઈ રતનજી દેસાઈ (સ્નેહરશ્મિ)

[કવિ અને કેળવણીકાર તરીકે પ્રસિદ્ધિ પામેલા, શ્રી. ઝીણાભાઈનો જન્મ ચીખલીની અનાવિલ જ્ઞાતિમાં સને ૧૯૦૩માં થયો હતો. ઇતિહાસ અને રાજનીતિને ઐચ્છિક વિષય તરીકે લઈ એમણે ગૂજરાત વિદ્યાપીઠની સ્નાતકની પદવી મેળવી અને ત્યાર પછી થોડો વખત ઇતિહાસના અધ્યાપક તરીકે ગૂજરાત વિદ્યાપીઠમાં એમણે કાર્ય કર્યું હતું. અસહકારની લડત ચાલુ થતાં એમણે એમાં ઝંપલાવ્યું હતું. જેલનિવાસ દરમિયાન એમણે ઘણાં સુંદર કાવ્યો અને વાર્તાઓ લખ્યાં હતાં. 'તૂટેલા તાર', 'ગાતા આસોપાલવ', 'સ્વર્ગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને પૃથ્વી' નામે એમના ત્રણ વાર્તાસંગ્રહો પ્રગટ થયા છે, અને એમનાં કાવ્યો 'અર્ઘ્ય' અને 'પનઘટ' નામે પ્રગટ થયાં છે. હાલમાં તે અમદાવાદની એક અગ્રગણ્ય શાળા – શેઠ ચી. ન. વિદ્યાલય – ના આચાર્ય તરીકે કામ કરે છે.

એમનાં કાવ્યોમાં એકંદરે ગેયતત્ત્વનું પ્રમાણ વિશેષ છે. છતાં સંગીતની અર્થઘનતામાં ક્ષતિ થતી નથી. 'ભગ્ન સ્વપ્નની નાવ'ના મધુર કાવ્યની છેલ્લી પંક્તિઓમાં કવિની વિનમ્રતા જણાયા વગર નહિ રહે.]

(૧) ભગ્ન સ્વપ્નની નાવ

મારી નાવ કરે કો પાર? (૨)
કાળાં ભમ્મર જેવાં પાણી,
જુગ જુગ સંચિત રે! અંધાર;
સૂર્ય ચંદ્ર નહિ, નહિ નભજ્યોતિ,
રાત દિવસ નહિ સાંજ સવાર!...મારી૦
ભાવિના નહિ પ્રેરક વાયુ,
ભૂત તણો દાબે ઓથાર;
અધડૂબી દીવાદાંડી પર
ખાતી આશા મોતપછાડ!...મારી૦
નથી હીરા, નથી માણેક મોતી,
કનકતણો નથી એમાં ભાર,
ભગ્ન સ્વપ્નના ખંડિત ટુકડા
તારી કોણ ઉતારે પાર ?...મારી૦

—અર્ઘ્ય

(૨) વતન

(મંદાક્રાન્તા — સૉનેટ)

આવ્યો વ્હાલે વતન હરખે દીર્ઘ કૈં વર્ષ વીત્યે,
દોડ્યો જોવા પરિચિત બધાં સ્થાન સૌ બાલ્ય કેરાં–
જોયો વ્હાલો વડ જહીં રમ્યો આંબલીપીપળી તે
નાનુ, હલ્લુ, રતુ, રમણુની સાથ; ને જીર્ણ દેરાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોયાં સર્વે નજર ભરીને; કિન્તુ એ આજ જાણે
પૂછે તેને અપરિચિત શાં – 'કોણ તું? કેમ આવ્યો?'
હૈયું ડૂબ્યું, મુખ પડી ગયું, જાગિયા કંપ પ્રાણે –
જાણે તેને વદન વતને હા! તમાચો લગાવ્યો.
હું યે જ્યારે ત્યજી જગત આ અન્ય કો લોકમાંથી
જોવા મારાં પ્રિયજન બધાં કોક એકાન્ત રાતે
આવું પાછો કદિક અહીં જો, ત્યાર આ ભોમમાંથી
'જા! જા! પાછો!' સ્વર રણકશે? ને વળી ક્રૂર હાથે
હૈયું મારું કચરી ચીરી આ ભોમ ભૂંડી મજાકે
પાછા મારા પગ રહી હશે વાળી હા! એમ ના કે?

— પનઘટ

ટિપ્પણ અને પ્રશ્નો

(૧) **ભગ્ન સ્વપ્ન** – જાગ્રત થઈ જવાથી અધવચ તૂટી ગયેલાં સ્વપ્નાં, અધૂરી રહી ગયેલી આશા – ઇચ્છા. ૨–૫ કાળાશ, અંધકાર વગેરે નિરાશા ને શોકનું સૂચન કરે છે. **નભજ્યોતિ** – તારા ને નિહારિકાને લીધે આકાશમાં પથરાઈ રહેતા આછા પ્રકાશની આભા. ૬ ભવિષ્યની આશાઓને પ્રેરે એવો પવન. **ઓથાર** – ભયંકર સ્વપ્ન. ભયંકર ને દુઃખદ ભૂતકાળનાં સ્મરણો ઓથાર પેઠે હૃદય અને મનને તેના બોજા નીચે દાબી ગૂંગળાવી નાખે છે. **મોતપછાડ** – મૃત્યુ થાય તે રીતે પછડાવું. ૧૦–૧૩ કવિ પોતાનાં સ્વપ્ન – આશાઓના પ્રકારનો વિનમ્રતાથી ઉલ્લેખ કરે છે.

(૨) લાંબે વખતે વતન પાછો ફરેલ માનવી વતનને જ અપરિચિત લાગે છે. લાંબો સમય પરદેશમાં ગાળવાથી વ્યક્તિને વતન પ્રત્યે વિશેષ આસક્તિ કે આકર્ષણ છે. એનો પડઘો – એવો ભાવ વતનમાં ન જોતાં વ્યક્તિ નિરાશ થાય છે. એ નિરાશામાંથી સૉનેટના બીજા ખંડમાં રહેલો વિચાર ઉદ્ભવે છે. ૧ અન્વય: — દીર્ઘ કંઈ વર્ષ વીત્યે હરખે (હરખથી) વહાલે વતન આવ્યો. **આંબલીપીંપળી** – ઝાડ પર ચડવા ઊતરવાની ને દોડી પકડવાની ગામડાંની એક રમત. **ત્યાર** – ત્યારે. છંદના માપ માટે શબ્દ ફેરવવો પડયો છે. ૧૩–૧૪ અન્વય: આ ભોમ ભૂંડી મજાકે મારું હૈયું કચરી, ચીરી હા! મારા પગ પાછા વાળી રહી હશે! એમ ના (હોય) કે?

૧. 'ભગ્ન સ્વપ્નની નાવ' માં કવિની મનોદશા કેવી છે? શા માટે?
૨. આ કાવ્યમાં રહેલું રૂપક સમજાવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩. રૂપકનું તત્ત્વ કાઢી નાખી આ કાવ્યનું વાતાવરણ (આગળ પાછળની પરિસ્થિતિ) આલેખો.

૪. લાંબા વખતે પરદેશથી વતન આવનારને શો અનુભવ થાય છે? એમાંથી કયો વિચાર ઉદ્‌ભવે છે? એ વિચાર આવતાં કવિના હૃદયમાં કેવી જાતની લાગણી થઈ હશે?

૫. 'વતન'નો કાવ્યપ્રકાર કહો અને તે કાવ્યપ્રકાર પર ટૂંકી નોંધ લખો.

૬. 'હું યે જ્યારે... રણકશે?' આ પંક્તિઓનો અન્વય કરો.

ભાનુશંકર વ્યાસ (बादरायण)



['बादरायण' નામે જેમનાં કાવ્યો પ્રસિદ્ધ થયાં છે, તે નડિયાદના વતની છે. તેમનો જન્મ સને ૧૯૦૫ માં થયો હતો. મોરબી અને રાજકોટમાં માધ્યમિક શિક્ષણ પૂરું કરી તે એલ્ફિન્સ્ટન કૉલેજમાં દાખલ થયા અને સંસ્કૃત ગુજરાતી સાથે ૧૯૨૭ માં બી. એ. અને ૧૯૩૦માં એમ. એ. ની પરીક્ષાઓ પસાર કરી. સાતેક વર્ષ ગુજરાતીના અધ્યાપક તરીકે તેમણે કામ કર્યું હતું. હાલમાં મુંબઈમાં વકાલત કરે છે.

એમનાં કાવ્યો ગંભીર અને સુવાચ્ય છે. એ કવિતામાં અણ-ઘટતી છૂટ કદી લેતા નથી. કવિ હોવા ઉપરાંત તે એક સારા વિવેચક અને સમાલોચક છે. એમનાં કાવ્યોનો સંગ્રહ 'કેડી' નામથી પ્રસિદ્ધ થયો છે.

'વિષાદ' સૉનેટમાં શોકનો ભાર બીજાને કહી ઓછો ન થવા દેતાં કવિ પોતાના ચિત્તને સંતોષવા એકાંતમાં જ પોતાનાં શોકગીત ગાવા ઇચ્છા પ્રદર્શિત કરે છે, અને કોઈ એ શોક જાણવા પ્રયત્ન ન કરે એમ ઇચ્છે છે. પોતાના દુઃખ પ્રત્યે પણ કવિને ઊંડું મમત્વ કે આસક્તિ છે અને એથી જ એ પોતાના દુઃખને પોતાથી અળગું કરવા નથી ઇચ્છતા.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



(૧) વિષાદ

(પૃથ્વી–સૉનેટ)

મને અવગણો, તજો, નવ કદીય સંભારજો,
વહે નયન અશ્રુધાર નવ લૂછવા આવજો;
અનેક થર જામિયા ઉર અશાંતિના, ભેદવા
પ્રયત્ન કરશો નહિ, સુદઢ એ ભલે સૌ રહ્યા.
સુકોમલ ન ભાવ દૂર જડતા કરીને ફરી
પ્રસુપ્ત સ્મરણાબ્ધિમાં નવતરંગને પ્રેરશે.
સ્પૃહા ન તમ સંગની ન કરવી રુચે ગોઠડી,
વિલુપ્તગતકાલભસ્મ ઉરમાં પડી સંઘરી.
વહાવી સહુ ભાવ આ હૃદય શૂન્ય શાને કરું?
વિભક્ત કરી શોકભાર નવ લેશ ઓછો કરું.
સુણાવી કથની ન દુઃખ ચહું હું જરી ભૂલવા,
પડેલ જખમો તણા વ્રણ દઈશ ના દેખવા.
હું દૂર તમથી જઈ પરમ શાંત એકાંતમાં
રહી, લવીશ શોકગીત મુજ ચિત્ત સંતર્પવા.

(૨) મને કોઈ બોલાવે

આવે દૂર દૂરેથી સાદ
મને કોઈ બોલાવે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાડે પડઘા અંતરને દ્વાર
મને કોઈ બોલાવે.
શાને બોલાવે, શા શબ્દ ઉચ્ચારે,
ના સમજું હું લગાર;
અંતરના તોય આગળા ઊઘડે,
ઊંડી ધસે સ્વરધાર —
મને કોઈ બોલાવે...... આવે૦
આંખની આગળ વિશ્વના મારગ
કેરી રચે મહાજાળ !
ચાલવા પંથ કોં પાય ન ઊપડે
સૂઝે ન પહોંચવું પાર —
મને કોણ બોલવે ?...... આવે૦
સુખદુઃખ કેરી સાંકળે બાધ્યાં
અગણિત માનવબાળ,
હર્ષ ને શોકનાં ગીતડાં એનાં
સાંભળતાં પળવાર —
મને કોણ છોડાવે ?...... આવે૦

— કેદી

ટિપ્પણ અને પ્રશ્નો

(૧) ૫-૬-અન્વય : 'સુકોમળ ભાવ જડતા દૂર કરીને ફરી પ્રસુપ્ત સ્મરણાબ્ધિમાં નવતરંગને ન પ્રેરશે' અર્થાત્ 'મારાં સ્મરણોનો સમુદ્ર સુકાઈ ગયો છે.' **વિલુપ્તગતકાલભસ્મ**-લોપાઈ ગયેલા ભૂતકાલની ભસ્મ. ૧૦-મારા શોકના ભારનો ભાગ બીજાને આપી હું જરા પણ ઓછો કરવા નથી ઇચ્છતો. **વ્રણ**-ઘા, ઘાનાં રહી ગયેલાં ચિહ્નો. **સંતર્પવા**-શાંત કરવા, સંતોષવા.

વિષાદ એ **સૉનેટ**નો નમૂનો છે. આ કાવ્યપ્રકાર અંગ્રેજી છે, પણ નવી કવિતામાં ઘણો પ્રચલિત છે. સૉનેટ એટલે વિચાર કે ભાવની સળંગતાવાળું ચૌદ પંક્તિનું ધ્વન્યાત્મક લિરિક (ઊર્મિકાવ્ય). એ ચૌદ પંક્તિના વિભાગ અનેક રીતે પાડવામાં આવે છે. બીજાં થોડાં સૉનેટ આ સંગ્રહમાં છે. તેની રચના પણ તપાસજો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૨) કવિને કોઈનો સાદ આવતો સંભળાય છે. એ સાદ સાંભળીને કવિ છૂટવા માગે છે—શામાંથી તે શોધી કાઢશો? **પડઘા** – પ્રતિધ્વનિ – સામો અવાજ. **અંતરના આગળા** – અંતરના પડદા, બંધન. **સ્વરધાર** – અવાજની ધારા – એકસરખો સ્વરપ્રવાહ.

૧. ગુજરાતી સૉનેટસાહિત્યના વિકાસ અને રચના વિષે માહિતી એકઠી કરો.

૨. કવિ પોતાનું દુઃખ શા માટે ભૂલવા કે ઓછું કરવા નથી ઇચ્છતા?

૩. કવિને એકાંતમાં પોતાનાં શોકગીત ગાવાં કેમ ગમતાં હશે?

૪. 'મને કોઈ બોલાવે'–એ કાવ્યમાં કવિને ક્યાંથી સાદ આવતો સંભળાય છે? એની કવિ ઉપર શી અસર થાય છે?

૫. પંક્તિ ૧૫–૧૬ માં જે અલંકાર છે તે ઓળખાવી એ પંક્તિઓ વિસ્તારપૂર્વક સમજાવો.

મનસુખલાલ ઝવેરી

[શ્રી. મનસુખલાલનો જન્મ ૧૯૦૭માં જામનગરમાં થયો હતો. માંદગીને લીધે એમણે અભ્યાસ અધવચથી છોડ્યો અને થોડો વખત વ્યાપાર અને શિક્ષણક્ષેત્રમાં કામ કર્યું. પણ જ્ઞાનની તૃષ્ણા સંતોષવા એમણે ૧૯૩૧માં ફરીથી અભ્યાસ શરૂ કર્યો અને ૧૯૩૫માં ભાવનગરની શામળદાસ કૉલેજમાંથી સંસ્કૃત વિષય લઈ પહેલા વર્ગમાં બી. એ. ની પરીક્ષા પાસ કરી. ૧૯૩૭માં ગુજરાતી લઈ એમ. એ. થયા. હાલમાં મુંબઈની સેંટ ઝેવિયર્સ કૉલેજમાં ગુજરાતીના અધ્યાપક તરીકે કામ કરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્રી. મનસુખલાલનો સંસ્કૃત ભાષા અને સાહિત્યનો સારો અભ્યાસ હોવાથી એમનાં કાવ્યોમા સંસ્કૃત શબ્દોનું પ્રમાણ વિશેષ હોય એ સ્વાભાવિક છે. પણ એકંદરે એમનાં કાવ્યો સુવાચ્ય હોય છે. શ્રી. મનસુખલાલનું વલણ રૂઢિબદ્ધ કાવ્યરીતિ પરત્વે વિશેષ છે, પણ એમાં નવી કવિતાનાં ઇષ્ટ તત્ત્વો ઘણી વાર દેખાય છે. એમના કાવ્યગ્રંથો 'ફૂલદોલ', 'આરાધના' અને 'અભિસાર' નામે પ્રસિદ્ધ થયા છે. કવિ હોવા ઉપરાંત શ્રી. મનસુખલાલ સારા વિવેચક છે.

'અપાઈ મુજથી ગયું' — એ કાવ્યનો પ્રસંગ સાદો અને સામાન્ય છે પણ વાત્સલ્યના મધુર, પ્રેમાળ સ્મરણે આ સાદા પ્રસંગને સુંદર અને કવિત્વમય બનાવ્યો છે. આ સૉનેટના પ્રથમ ભાગમાં (અષ્ટકમાં) મનમાં ઉદ્‌ભવતા બુદ્ધિગમ્ય વિચારોનું આલેખન છે. બીજા ભાગમાં (ષષ્ટકમાં) હૃદયના ભાવ કે લાગણી છે. સહજ વાત્સલ્યભાવને લીધે મન પર હૃદયનો વિજય થાય છે. પ્રસંગ અને ભાષાની સાદાઈ કાવ્યને વિશેષ સુંદર બનાવે છે.]

અપાઈ મુજથી ગયું

(અનુષ્ટુપ – સૉનેટ)

તને ભિખારીને શાને આપવું? દાખવી દયા
શાને તારા સમા લાખો તણી આળસ પોષવી?
કોટિ કોટિ મનુષ્યોની કતારો રાંકડી અહીં
આઠે પ્હોર, બની માત્ર પશુ, અંગાંગ તોડતી;
તે છતાં પામતી ખાવા અન્ન ના પેટ પૂરતું;
તેને ઉવેખીને શાને ભિખારીને કશું દઉં?
બેસીને બસમાં, જાતો હતો ત્યાં દીઠી મેં તને,
ને રહ્યો આમ રોષેથી ભરી મારા હું ચિત્તને.

પણ ત્યાં દીઠું મેં તારી કેડે શિશુ વિરાજતું,
તારા જેવું જ ગંદું ને ફળ તારી જ વેલનું;
અમારી જ્યાં મળી આંખો, હસી એ સહસા પડ્યું;
ને એ હાસ્ય ઉરે મારા ભાવ ઊંડા જગાડતું.
દૂર દૂર વસ્યાં મારાંનું મને સ્મિત સાંભર્યું,
ને ન'તું આપવું તોયે અપાઈ મુજથી ગયું.

—અભિસાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટિપ્પણ અને પ્રશ્નો

શરૂઆતમાં બુદ્ધિજન્ય વિચારો છે. આપણા દેશમાં ભિખારીઓનું પ્રમાણ ઘણું મોટું છે. આ અનિષ્ટને અટકાવવા સ્થાનિક સંસ્થાઓ અને સરકાર પગલાં લે છે. આ સામાજિક અનિષ્ટને પોષવું ન જોઈએ. ભિખારીને ભીખ આપી તેના આળસને ઉત્તેજવું ન જોઈએ એવો વિચાર કવિને આવે છે. **આઠે પ્હોર** – આખો દિવસ. **બની માત્ર પશુ** – કોઈ પણ પ્રકારનો વિરોધ કે રોષ બતાવ્યા વગર. **બસ** – bus શહેરનું વાહન. **વિરાજતું** – શોભતું. સુંદર હતું એમ નહીં – પણ બાળક અને માતા એકમેકથી શોભે છે એવા અર્થમાં. **કૂળ...વેલનું** – તારી કૂખે જન્મેલું એટલે તારા જેવા જ સંસ્કાર ને શરીર પામેલું. ૯–૧૪ બાળકનું નિર્દોષ હાસ્ય કવિહૃદયમાં પોતાનાં બાળકોના સ્મિતનું સ્મરણ જગાડે છે. અને 'આવા ભિખારીને કાંઈ પણ ન આપવું' એમ કહેતા મન ઉપર હૃદયની લાગણીનો વિજય થાય છે.

૧. આ કાવ્યપ્રકાર કયો છે? એ પ્રકારનાં બીજાં કાવ્યો તમે વાંચ્યાં હોય તો તેનાં નામ કહો.

૨. આ કાવ્યનો પ્રસંગ વર્ણવો અને એનું રહસ્ય સમજાવો.

૩. કવિનું મન ભિખારીને ભીખ આપવા માટે શું કહે છે? કવિનો વિચાર શા કારણે બદલાય છે?

૪. 'ભિખારીની આત્મકથા' એ વિષય ઉપર નિબંધ લખો **અથવા** 'ભીખ માગવાની પ્રથા નાબૂદ કરવી જોઈએ' – એ વિષય પર તમારા વર્ગમાં એક ચર્ચા ગોઠવો.

ત્રિભુવનદાસ લુહાર (સુન્દરમ્)

[આજના કવિઓમાં સવિશેષ આદરપાત્ર બનેલા શ્રી. સુન્દરમ્નો જન્મ ભરૂચ જિલ્લાના મિયાંમાતર ગામમાં ૧૯૦૮માં થયો હતો. પ્રાથમિક શિક્ષણ પોતાના ગામમાં અને માધ્યમિક શિક્ષણ આમોદ અને ભરૂચમાં લઈ ઉચ્ચ અભ્યાસ માટે ગૂજરાત વિદ્યાપીઠમાં જોડાઈ ત્યાંની ભાષાવિશારદની પદવી લીધી. અમદાવાદમાં શિક્ષણક્ષેત્રમાં લાંબો વખત કામ કરી હાલમાં શ્રી. સુન્દરમ્ પોંડીચેરીમાં શ્રી. અરવિંદાશ્રમમાં રહી સાહિત્યસાધના કરી રહ્યા છે અને ત્યાંથી 'દક્ષિણા' નામના ત્રૈમાસિકનું સંપાદનકાર્ય કરે છે.

'કોયા ભગતની કડવી વાણી અને ગરીબોનાં ગીતો,' 'કાવ્યમંગલા' અને 'વસુધા' નામે એમના કાવ્યસંગ્રહો પ્રસિદ્ધ થયા છે. કાવ્યના વિષયની પસંદગી અને રજૂઆતમાં શ્રી સુંદરમ્નાં કાવ્યોએ ગુજરાતી સાહિત્યમાં

गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નવી ભાત પાડી છે અને નવી કવિતા સર્જવામાં એમણે મહત્વનો ફાળો આપ્યો છે. એમની કાવ્યપ્રવૃત્તિ માટે ગુજરાત સાહિત્ય સભા તરફથી ૧૯૩૪ માં એમને 'રણજિતરામ સુવર્ણચંદ્રક' અર્પણ થયો હતો. શ્રી. સુન્દરમ્‌ની શૈલી મધુર, સરળ અને અસરકારક છે. સમાજની કુરૂઢિઓ અને અન્યાયો ઉપર એમણે કવિતા દ્વારા કરેલા પ્રહારો અને વેધક કટાક્ષો આપણને પ્રાચીન કવિઓના ચાબખાનું સ્મરણ કરાવે છે. 'ત્રણ પડોશી' નું કાવ્ય શ્રી. સુન્દરમ્‌ની નવી કાવ્યરીતિના નમૂનારૂપ છે. આપણા સમાજમાં

ધર્મ અને પ્રતિષ્ઠાને નામે જે ઘોર અન્યાય ચાલી રહ્યાં છે એ કવિએ આ ખંડકાવ્યના પ્રસંગ દ્વારા બહુ સચોટ રીતે દર્શાવ્યો છે. એક જ શેરીમાં રહેતી ત્રણ વ્યક્તિઓની સામાજિક ને આર્થિક સ્થિતિમાં જે અસામ્ય છે, અને જે કારણે અસામ્યતા પ્રવર્તે છે તે વિચારવા જેવી બાબત છે.

કવિતા ઉપરાંત શ્રી સુન્દરમે ટૂંકી વાર્તાઓ પણ લખી છે. 'પિયાસી' અને 'હીરાકણી' નામે તેમના વાર્તાસંગ્રહો પ્રસિદ્ધ થયા છે. 'અર્વાચીન કવિતા' ઉપર મોટો ગ્રંથ લખી એમણે એમની વિવેચનશક્તિનો પણ સારો પરિચય કરાવ્યો છે.]

ત્રણ પડોશી

રામને મંદિર ઝાલર બાજે ઘંટના ઘોર સુણાય;
શેઠની મેડીએ થાળીવાજું નૌતમ ગાણાં ગાય,
મંદિરની આરતી ટાણે રે,
વાજાના વાગવા ટાણે રે,
લોકોનાં જૂથ નિતે ઊભરાય.
એક ફળીનાં ત્રણ રહેવાસી શેઠ ને બીજા રામ,
ત્રીજી માકોર બાઈ રાંડેલી કોડી કને ના દામ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



લોકોનાં દળણાં દળતી રે,
પાણીડાં કોકનાં ભરતી રે,
કાઢી ખાય રોટલો કરતી કામ.
શેઠની મોટી દૈત્ય હવેલી ગામનું નાક કહેવાય,
રામનું મંદિર આરસ બાંધ્યું નિત ઝળાંઝળાં થાય,
ફળીના એક ખૂણામાં રે,
ગંધાતા કોક ખૂણામાં રે,
માકોરના મહેલ ઊભા સુણાય.
છત્રપલંગે શેઠ સૂતા હોય, રામ સીતાજીને ઘેર,
પાછલા પહોરની મીઠી ઊંઘની લોક લેતું હોય લહેર,
પહેલો જ્યાં કૂકડો બોલે રે,
જાગેલો કૂકડો બોલે રે,
તૂટે માકોરની નીંદર સેર.
માકોર ઊઠી અંગ મરોડે, પેટાવે દીપક જ્યોત,
ધાન લઈને દળવા બેસે, રામની માગી ઓથ,
ઘરેરાટ ઘંટી ગાજે રે,
ભૂખી ડાંસ ઘંટી ગાજે રે,
ગાજે જેમ દુકાળિયાનું મોત.
ગોકુળ આઠમ આજ હતી ને લોક કરે ઉપવાસ,
માકોર ભૂખી રહી નકોરડી, કાયામાં ન રહ્યો સાસ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂઠીભર ધાન બચાવા રે,
સીતાના રામ રિઝાવા રે,
પેટાવ્યો પેટમાં કાળહુતાશ.

શેઠને ઘેરે, રામને મંદિર, સાકરઘીનાં ફરાળ,
પારણામાં કાલ કરવા ભજિયાં દળવા આપી દાળ,
દળાતી દાળ તે આજે રે,
હવાયેલ દાળ તે આજે રે,
ઉહાડે માકોર પેટ વરાળ.

અંગ થાકયું એનું આંચકા લેતું, હૈડે હાંફ ના માય,
એ પડ વચ્ચે દાળ દળે તેમ કાયા એની દળાય,
દળી જો દાળ ન આપે રે,
શેઠ દમડી ના આપે રે,
બીજો ઉપવાસ માકોરને થાય.

ઘરર ઘરર આંજણહીણી ઘંટી ભારે થાય,
વારે વારે થાકેલ હાથથી ખીલડો છૂટી જાય,
ચણાની દાળ દળંતી રે,
માકોરની દેહ દળંતી રે,
ઘંટીના ઘોર તહીં ઘેરાય.

અન્ન ખાતી તોય અન્નનો દાણો દેતી ન ઘંટી આજ,
માકોરની અન્નપૂરણા રૂઠી, ફરવા પાડે ના જ,
હજી દાળ અરધી બાકી રે,
રહી ના રાત તો બાકી રે,
મથી મથી માકોર આવે વાજ.

શેઠ જાગે ને રામજી જાગે, જાગે સ સંસાર,
ભોમના ભાર ઉતારવા આજે જનમ્યા'તા કિરતાર,
પરોઢના જાગતા સાદે રે,
પંખીના મીઠડા સાદે રે,
ડૂબે માકોરનો ભૂખ પોકાર.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શેઠ હસે બેઠા સાતમે માળે, રામ રમે રણવાસ,
રામને મંદિર ઝાલર બાજે, શેઠને મહેલ હુલાસ,
માકોરની મૂરછા ટાણે રે,
ઘંટીના મોતના ગાણે રે,
કાળો એક કાગ કળેળે નિસાસ.

ટિપ્પણ અને પ્રશ્નો

એક જ શેરીમાં રહેતાં ત્રણ પાડોશીની સ્થિતિનો વિરોધ કવિએ બહુ જ થોડા શબ્દોથી સ્પષ્ટ કર્યો છે. **ઝાલર**–મોગરીથી વગાડવાની ઘડિયાળ. **થાળીવાજું**–ગ્રામોફોન. ૩૨ **પારણાં**–ઉપવાસની સમાપ્તિએ કરવામાં આવતું ભોજન. ૩૪ **હવાયેલ**–ભેજવાળી–એટલે દળવી વિશેષ મુશ્કેલ. ૩૭ ઘંટીનાં બે પડ વચ્ચે દાળ સાથે માકોરનું જીવન પણ દળાતું જાય છે. ૪૧ **આંજણહીણી**–તેલ આંજ્યા વગરની. ૪૬–૪૭ ઘંટી દાણો દળતી પણ સાથે સાથે માકોરને પણ રોટલો આપતી, એટલે ઘંટીને કવિ તેની અન્નપૂર્ણા કહે છે; પણ તે અન્નપૂર્ણા પણ આજે માકોર પર ગુસ્સે થઈ લાગે છે. ૫૦ **વાજ આવે**–હારી જાય, થાકી જાય. ૫૨ આ લીટીમાં કવિ માકોરની સ્થિતિ અને કૃષ્ણજન્મનો હેતુ એ બે ધ્યાનમાં રાખી કટાક્ષ કરે છે. ૫૬ **રણવાસ**–અંતઃપુર–રાણીને રહેવાનું સ્થાન; આ આખાય કાવ્યમાં નિર્ધનની દુર્દશા અને તે પ્રત્યે સમાજના ધનિકો અને ઈશ્વરની ઉદાસીનતા પર પરોક્ષ ટીકા છે. આ લીટીમાં કટાક્ષ દ્વારા કવિ એ ટીકા કરે છે. ૫૯ ઘંટીના ઘોરને કવિ અહીં માકોરનું મૃત્યુગીત કહે છે. ૬૦ જગત સમસ્ત પોતાનાં આનંદમાં મસ્ત છે. કોઈને માકોરના દુઃખનો ખ્યાલ સરખો નથી. માત્ર એક કાગડો નિશ્વાસભર્યા સાદે માકોરના દુઃખનો પડઘો પાડે છે!

૧. આ કાવ્યમાં કવિ કયા ત્રણ પાડોશીનો ઉલ્લેખ કરે છે? એ ત્રણની સ્થિતિમાં શો ફેર છે? કાવ્યનો પ્રસંગ ટૂંકમાં આલેખો.

૨. એ ત્રણ પાડોશીના દૈનિક જીવન ઉપર જુદી જુદી નોંધ લખો.

૩. માકોરે જન્માષ્ટમી કેવી રીતે ઊજવી? તમારા શબ્દોમાં વર્ણવો.

૪. આ કાવ્યમાં કવિએ સામાજિક અન્યાય ઉપર જે લીટીઓમાં કટાક્ષ કર્યો હોય તે લીટીઓ ટાંકી સમજાવો.

૫. રૂઢિપ્રયોગો સમજાવો:– રોટલો કાઢી ખાય; ગામનું નાક કહેવાય; ઓથ માગી; પેટાવ્યો પેટમાં કાળહુતાશ; પારણાં કરવાં; ભાર ઉતારવા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રમણલાલ નરહરિલાલ વકીલ



[સાહિત્યરત્નના મૂળ સંયોજક સ્વ. નરહરિલાલ ત્ર્યંબકલાલના પુત્ર શ્રી રમણ વકીલનો જન્મ ભરૂચમાં ઈ. સ ૧૯૦૮માં થયો હતો. પ્રાથમિક શિક્ષણ ગોધરામાં અને માધ્યમિક શિક્ષણ નડિયાદ અને ભરૂચમાં લઈ એમણે વિલ્સન કૉલેજમાંથી અંગ્રેજી અને ગુજરાતી સાથે બી. એ.ની પરીક્ષા ૧૯૩૧માં પસાર કરી. અને વિલ્સન કૉલેજમાં અંગ્રેજીના ફેલો તરીકે નિમાયા. ૧૯૩૩માં એ જ વિષયો સાથે એમ. એ. ની પદવી મેળવી અને વિલ્સન કૉલેજમાં અંગ્રેજીના લેકચરર તરીકે નિમાયા. હાલમાં એમણે પોતે સ્થાપેલી મૉડર્ન સ્કૂલના આચાર્ય તરીકે કામ કરે છે.

'પ્રણય કાવ્યો' તથા 'ચિત્રલેખા' એમના કાવ્યગ્રંથો છે. આ ઉપરાંત 'ઉરતંત્ર (નાટક) અને નાટ્યકલા', 'ત્રણ નાટકો' અને 'સુનંદા' (વાર્તા) એ એમની બીજી કૃતિઓ છે. એમણે અંગ્રેજીમાં પણ કાવ્યો લખ્યાં છે. 'To Europa' નામનું એમનું સળંગ કાવ્ય સારી પ્રસિદ્ધિ પામ્યું છે.

નીચે આપેલા કાવ્યમાં હૃદય અને મનની શક્તિ મહાન છે, છતાં ઈશ્વરે તે પર મર્યાદા મૂકી પોતાની અદ્વિતીય રહેવાની ઇચ્છા બતાવી છે એવો ભાવ છે. તરંગોના ઘોડે દોડતું મન પણ વાસ્તવિક જગત જોતાં શાંત થઈ જાય છે અને હૃદય પણ આખરે ધબકી ધબકી થાકી જઈ નિરુપાય બને છે એ દુ:ખદ છતાં સાચું જ છે. —ભાનુશંકર વ્યાસ]

અરે હૈયું નાનું…

(શિખરિણી—સૉનેટ)

અરે! હૈયું નાનું જલધિથકી યે ઘોર ગરજે,
ઝણત્કારે ગાજે, શતઘન શકે આભ ગગડે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને સ્પર્શે, શબ્દે ધબકી ધબકી કંપી ઊઠતું
ધરિત્રીનું હૈયું પણ નવ હશે આમ ધ્રૂજતું !
પ્રદેશો દૂરેના પલવિપલમાં સાધ્ય મનને;
ન જાણ્યું ના જોયું, નિકટ મનને તે પણ સદા.
તરંગો, સ્વપ્નાંઓ સ્થલસમયનાં બંધનથકી
મનુષ્યોને પાંખો દઈ લઈ જતાં વિશ્વતટથી.

છતાં મૂકી માઝા અદય થઈ—ઈર્ષ્યા ભય ધરી—
પ્રભુએ, સ્રષ્ટાથી કદી પર થશે સર્જન લહી.
ઊભી દૃષ્ટિ સામે જડ જગતની વાસ્તવ સ્થિતિ
નિહાળી યત્નો સૌ અફલિત થતા કારણ વિના;
તરંગે નાચીને મન મનુજનું હા! ઢળી જતું,
બિચારું હૈયું યે શ્રમિત ધબકીને થઈ જતું.

ટિપ્પણ અને પ્રશ્નો

શતઘન—સો (ઘણાં) વાદળાં. **શકે**—જાણે કે, શંકે, મને શંકા થાય છે. ઉત્પ્રેક્ષાવાચક પ્રયોગ. **૯–૧૦** હૃદય અને મનની શક્તિ આટલી બધી મહાન હોવા છતાં હે પ્રભુ! તારો રચેલો માનવ તારાથી મહાન થઈ જાય એવી બીક અને ઈર્ષ્યા હૃદયમાં ધારી તેની શક્તિ પર તેં ક્રૂર થઈ મર્યાદા મૂકી. **લહી**—માની. **વાસ્તવ**—ખરી, સાચી.

૧. હૃદય અને મનની અમાપ શક્તિ કવિ કયાં દૃષ્ટાંતોથી દર્શાવે છે? એવાં બીજાં દૃષ્ટાંત તમે આપી શકશો?

૨. ઈશ્વરે એ અપરિમિત શક્તિને મર્યાદિત શા માટે કરી હશે? કવિ શું કારણ આપે છે? તમને એ સાચું લાગે છે?

૩. માનવજીવનમાં રહેલી નિરાશા અહીં કવિ કઈ પંક્તિઓમાં વ્યક્ત કરે છે? એ નિરાશાનાં મૂળ શામાં હોય છે?

૪. પંક્તિઓ ૯–૧૦ વિસ્તારપૂર્વક સમજાવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉમાશંકર જેઠાલાલ જોષી

[આજના લેખકો અને કવિઓમાં વિશિષ્ટ સ્થાન પામેલા, 'વિશ્વશાંતિ' નામક નાના કાવ્યગ્રંથથી પ્રથમ જાણીતા થયેલા આ કવિનો જન્મ ઈડરના

બામણા ગામમાં ૧૯૧૧માં થયો હતો. નાનપણથી જ પરિચિત એવા રમણીય ડુંગરાળ પ્રદેશ અને ગરીબ, પછાત જનસમાજના સંપર્કે એમને પ્રેરણા આપી. માધ્યમિક શિક્ષણ ઈડરમાં લઈ ૧૯૨૮માં તેમણે મૅટ્રિકની પરીક્ષા આખા પ્રાંતમાં ત્રીજે નંબરે પસાર કરી અને પછી ગુજરાત કૉલેજમાં દાખલ થયા. ૧૯૩૦માં ઇન્ટર આર્ટ્સની પરીક્ષા પસાર કરી સત્યાગ્રહની લડતમાં જોડાયા અને તે અંગે બે વાર જેલમાં જઈ આવ્યા. જેલ-નિવાસ દરમિયાન એમણે સારાં પુસ્તકોનું ઠીક અધ્યયન કર્યું અને શ્રી કાલેલકરના નિકટ સમાગમમાં આવવાનો અનન્ય લાભ એમને મળ્યો. અધૂરો અભ્યાસ એમણે ફરી શરૂ કર્યો અને એમ. એ.માં પ્રથમ વર્ગમાં આવી થોડા વખત ગુજરાતીના અધ્યાપક તરીકે કામ કર્યું. હાલમાં તેઓ 'સંસ્કૃતિ' નામનું માસિક અમદાવાદથી પ્રગટ કરે છે. કાવ્યપ્રવૃત્તિ માટે ૧૯૩૯માં એમને રણજિતરામ સુવર્ણચંદ્રક અર્પણ થયો હતો.

એમનાં પ્રાસાદિક કાવ્યોની ભાષા, વસ્તુ અને રીતિ અસાધારણ છે. એમના છંદપ્રયોગો અને શબ્દપ્રયોગો નવી ભાત પાડે છે. કાવ્યો ઉપરાંત એમણે એકાંકી નાટકો પણ લખ્યાં છે અને તે 'સાપના ભારા' નામે પ્રસિદ્ધ થયાં છે. 'ગંગોત્રી', 'નિશીથ', 'આતિથ્ય' અને 'પ્રાચીના' નામે એમનાં કાવ્યોના સંગ્રહો પ્રગટ થયા છે. 'શ્રાવણી મેળો' અને 'ત્રણ અર્ધું બે' એમની વાર્તાઓના સંગ્રહો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'બળતાં પાણી'માં અંધ વિધાતાની અંધ યોજના, સાંસારિક જીવનની એક વિષમ અને કરુણ ઘટનાનો ઉલ્લેખ થયો છે. નદીએ તો વહીવહી આખરે દરિયામાં જ પડવાનું; સ્વજનો સામે જોયા વગર દરિયાના અંતરનો અગ્નિ હોલવવો એ જાણે એનું કર્તવ્ય હોય તેમ. 'ભોમિયા વિના'માં કવિને એકલતા કેટલી પ્રિય છે એ દર્શાવતાં કવિહૃદયની વિષાદમય છતાં મસ્ત અવસ્થા દર્શાવાઈ છે.]

(૧) બળતાં પાણી

(શિખરણી)

નદી દોડે, સોડે ભડભડ બળે ડુંગરવનો,
પડે ઓળા પાણી મહીં, સરિત હૈયે સળગતી.
ઘણું દાઝે દાઝે, તપીતપી ઊડે બિંદુ જળનાં;
વરાળો હૈયાની પણ મદદ કૈં ના દઈ શકે.
જરી થંભી જૈને ઊછળી, દઈ છોળો તટ પરે
પહાડોને છાંટી શીતળ કરવાનું નવ બને.
અરે ! જે પહાડોએ નિજ સહુ નિચોવી અરપિયું
નવાણોમાં, તેને સમય પર દૈ બુંદ ન શકે!
કિનારાની આંકી જડ કઠણ માઝા ક્યમ કરી
ઉથાપી, લોપીને સ્વજનદુઃખને શાંત કરવું?

નદીને પાસેનાં સળગી મરતાંને અવગણી,
જવું સિંધુ કેરા અદીઠ વડવાગ્નિ બુઝવવા!
પછી ત્યાંથી કો દી' જળભર ભલે વાદળ બની
વહી આવી આંહી ગિરિદવ શમાવાનું થઈ રહે!
અરે! એ તે ક્યારે? ભસમ સહુ થૈ જાય પછીથી?

(૨) ભોમિયા વિના

ભોમિયા વિના મારે ભમવા'તા ડુંગરા,
જંગલની કુંજ કુંજ જોવી હતી;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોવી'તી કોતરો ને જોવી'તી કંદરા,
રોતાં ઝરણાંની આંખ લ્હોવી હતી.

સૂના સરવરિયાની સોનેરી પાળે,
હંસોની હાર મારે ગણવી હતી;
ડાળે ઝૂલંત કોક કોકિલાને માળે,
અંતરની વેદના વણવી હતી.

એકલા આકાશ તળે ઊભીને એકલો,
પડઘા ઉરબોલના ઝીલવા ગયો;
વેરાયા બોલ મારા, ફેલાયા આભમાં;
એકલો, અટૂલો ઝાંખો પડ્યો.

આખો અવતાર મારે ભમવા ડુંગરિયા,
જંગલની કુંજ કુંજ જોવી ફરી;
ભોમિયો ભૂલે એવી ભમવી રે કંદરા,
અંતરની આંખડી લ્હોવી જરી.

ટિપ્પણ અને પ્રશ્નો

(૧) **નવાણ** – જળાશય; ઝરણાં, ધોધ વગેરે. **સમય પર** – ખરે અવસરે. ખરી જરૂરના પ્રસંગે. **માઝા** – મર્યાદા. **૧૨ વડવાગ્નિ** – સમુદ્રમાં રહેલો અગ્નિ. **ગિરિદવ** – ડુંગરમાં લાગેલી વ્યાપક આગ. **૧૦ – ૧૪** જે નદી ડુંગરમાં ઉત્પન્ન થાય છે તે ખરી આગીને વખતે પોતાના પિતાતુલ્ય ડુંગરને – શક્તિ હોવા છતાં – સહાય નથી કરી શકતી. આ સાથે હિંદુ સમાજમાં પરણેલી દીકરીની અવસ્થા સરખાવવા જેવી છે. સ્વજનને મૂકી દેશને ખાતર મેદાનમાં પડતા યુવાનની અવસ્થા પણ નદી સાથે સરખાવી શકાય ખરી. આ કાવ્યમાં વાચ્યાર્થ કરતાં વ્યંગ્યાર્થ પ્રધાન છે. એટલે આ કાવ્ય એક સારા અન્યોક્તિ કાવ્યનું ઉદાહરણ પૂરું પાડે છે.

(૨) **કંદરા** – ખીણ. ૪ આવી સુંદર કલ્પનાયુક્ત લીટીનો અન્વય કરી એમાંથી શબ્દાર્થ કાઢવાની જરૂર જણાતી નથી. ગદ્યમય ભાષામાં કદાચ સમજાવી ન શકાય, પણ હૃદય સમજી શકે ને માની શકે એવો ભાવ એમાં જરૂર છે. આવી બીજી પંક્તિઓ પણ આ કાવ્યમાં છે. ૮ અંતરની વેદનાને ગીત રૂપે વણી ગાવી હતી. કોકિલના કૂજનમાં આરઝૂભર્યા વિષાદની છાયા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય છે. ૯-૧૨ પોતાના હૃદયના બોલ પણ સંપૂર્ણપણે ઝીલી, સ્પષ્ટ રીતે માનવ વ્યક્ત કરી શકતો નથી. ૧૬ એકાંતમાં જ હૃદયની વેદના ગાવામાં કવિહૃદયને આનંદ મળે છે. શ્રી બાદરાયણના 'વિષાદ' કાવ્યના વિચાર સાથે સરખાવવા જેવો ભાવ અહીં રહેલો છે.

૧. કવિએ ડુંગર અને નદીનું દૃષ્ટાંત લઈ આપણા સમાજની કઈ વિષમ દશા દર્શાવી છે? દૃષ્ટાંત આપી સમજાવો.

૨. નદી અગ્નિને વખતે મદદ નથી કરી શકતી, બીજે કોઈ વખતે કરી શકે છે ખરી? ક્યારે? એ મદદ ઉપયોગની ખરી?

૩. 'બળતાં પાણી'નો વાચ્યાર્થ અને વ્યંગ્યાર્થ સ્પષ્ટ કરી સમજાવો.

૪. 'ભોમિયા વિના'ના કાવ્યમાં કવિ શું કહેવા માગે છે તે ચારેક લીટીમાં લખો.

૫. પંક્તિ ચોથી, આઠમી અને સોળમી સમજાવો.

૬. સ્મરણમાંથી ગમે તે ચાર લીટી ઉતારો.

૭. 'રોતાં ઝરણાંની...હતી' અલંકાર ઓળખાવો ને સમજાવો.

પ્રહ્લાદ પારેખ

[શ્રી પ્રહ્લાદ જેઠાલાલ પારેખનો જન્મ ૧૯૧૨માં ભાવનગરમાં થયો હતો. દક્ષિણામૂર્તિ અને ગૂજરાત વિદ્યાપીઠમાં શિક્ષણ લઈ તે શાંતિનિકેતન ગયા અને ત્યાં ચાર વર્ષ રહી એમણે અભ્યાસ કર્યો. હાલમાં મુંબઈની મૉડર્ન સ્કૂલમાં શિક્ષક છે. 'બારી બહાર' અને 'સરવાણી' નામે એમના કાવ્યસંગ્રહો પ્રગટ થયા છે. પહેલું કાવ્ય કવિવર ટાગોરના અવસાન પ્રસંગે લખાયું હતું. મૃત્યુ જીવનનો અંત લાવે છે. પરંતુ ટાગોર જેવા મહાકવિના જીવનને મૃત્યુ સ્વહસ્તે અમરત્વ આપી જાય એમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કહી કવિએ કવિવર ટાગોરના જીવન અને કાર્યની મહત્તા દર્શાવી છે. બીજા ગીતનો વિષય અતિવૃષ્ટિ છે. શ્રી પ્રહ્લાદ પારેખ વર્ષાના કવિ છે. લોકો જ્યારે ખેતરના મોલ અને છલોછલ ભરાયેલાં સરોવર જોઈ આનંદિત થયા હતા ત્યાં અતિવૃષ્ટિ આવી વિનાશ આદરે છે. લોકોના અથાગ શ્રમ સાથે એમના અંતરમાં જાગેલી આશા પણ નાશ પામે છે. ત્યારે વરસાદને થોભી જવા કવિ આગ્રહભરી વિનંતી કરે છે.]

(૧) ગુરુદેવને-

મૃત્યુ તો તમને લેવા આવ્યું, માન્યું લઈ ગયું;
તેણે ખોલી જહીં મુઠ્ઠી ત્યાં તો ભોઠું પડી ગયું.
આશ્ચર્યે તે, "અરે, ક્યાં એ" વદીને નીરખે પૂઠે;
હૈયે હૈયે તમારી એ નિહાળે છબી જે ઊઠે.
ભવ્ય એ જિંદગાનીની પાસમાં વામણું બન્યું,
જીતવા આવિયું તેની પતાકા જયની થયું.
તેજે જે પ્રજ્વળી ઊઠ્યાં સૂર્ય, તારા, નિહારિકા,
તેજેથી સળગે નિત્યે એ જ જે પ્રાણની શિખાઃ
મથ્યું એ ફૂંકથી તેની ઓલવી નાખવા જ એ
લાખ લાખ શિખા થઈ ત્યાં પ્રકૃતિ, માનવી વિશે
વિરાજે એ અને હસે.
આવ્યું'તું જિંદગી લેવા, આપી'ગ્યું અમરત્વ એ.

(૨) કરને ખમૈયા !

કરને ખમૈયા, મેહુલિયા ! હવે કરને ખમૈયા,
તારી વારી લે નીરધાર ભૈયા ! મેહુલિયા, કરને ખમૈયા.
તેં તો આ ખેતરમાં અંકુર જગાડિયા,
તેં તો હસાવિયા, તેં તો ઝુલાવિયા;
જેને કૈં લાડે લડાવિયા,
આજ તેને તેં શાને નમાવિયા ?— મેહુલિયા૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૂકાં ને મૂંગાં આ સરિતા તળાવને
તેં તો આપી ભરિયાં, તેં તો ગાતાં કરિયાં;
જેને અમ જીવતર બનાવિયાં
એને ઘેલાં કરી કાં છલકાવિયાં ? —મેહુલિયા૦
આકાશે એક દિને
લાવીને વાદળીને
દિલ જે હરખાવિયાં, નયણાં મલકાવિયાં,
જેને કૈં રંગે રમાડિયાં
એને શાને તેં આંસુએ ભીંજાવિયાં ? — મેહુલિયા૦

—**સરવાણી**

ટિપ્પણ અને પ્રશ્નો

(૧) **૧–૪** જે મૃત્યુ ગુરુદેવને લેવા આવ્યું તે ભોઠું પડયું કારણ અહીં તો જનતાના હૃદયમાં કવિવરની છબી અંકાયેલી હતી. **વામણું**–નાનું, નજીવું (વામન ઉપરથી). **પતાકા**–ધજા. **૭–૮** જે તેજથી સૂર્ય, તારા અને નિહારિકા એક વખત સળગી ઊઠયાં તે જ દિવ્ય તેજે કવિવરની જીવનજ્યોત સળગી રહી હતી.

(૨) **વારી**–અટકાવી. **ભૈયા**–ભાઈ. આ કાવ્ય શ્રી સ્વપ્નસ્થના 'મેહુલા !' સાથે વિરોધમાં સરખાવવા જેવું છે.

૧. કવિવર ટાગોરને લેવા આવેલું 'મૃત્યુ' કેવી રીતે ભોઠું પડયું ?

૨. જે મૃત્યુ જિંદગી લેવા આવ્યું હતું તે કવિને અમરત્વ કેવી રીતે આપી ગયું ? કવિ આ લીટી દ્વારા શું સૂચન કરે છે ?

૩. 'કરને ખમૈયા' કાવ્યમાં આપેલું વર્ણન તમારા શબ્દોમાં કરો.

૪. 'અતિવૃષ્ટિ' ઉપર આશરે વીસેક લીટીનો નિબંધ લખો.

૫. શ્રી સ્વપ્નસ્થનું અનાવૃષ્ટિનું ને શ્રી પ્રહ્‌લાદ પારેખનું અતિવૃષ્ટિનું એ બે વર્ણનોમાં રહેલો વિરોધ દર્શાવો.

ભનુભાઈ વ્યાસ (સ્વપ્નસ્થ)

['સ્વપ્નસ્થ'ના નામે કવિ તરીકે જાણીતા થયેલા શ્રી લક્ષ્મીનારાયણ ઉર્ફે ભનુભાઈ રણછોડલાલ વ્યાસનો જન્મ ૧૯૧૩માં જામનગરમાં થયો હતો. એ રાજકોટમાં પોતાના મોસાળમાં ઊછર્યા અને ત્યાં જ એમને સાહિત્ય પ્રત્યે અનુરાગ થયો. હાલમાં મુંબઈમાં રહે છે. શ્રી સુન્દરમે યથાર્થ રીતે એમને ધરતીના કવિ તરીકે ઓળખાવ્યા છે. 'અચલા', 'અજંપાની માધુરી' અને 'રાવણહથ્થો' એ એમના કાવ્યગ્રંથો છે. એમણે ટૂંકી વાર્તાઓ પણ લખી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધરતીની પાણી માટેની ઝંખના આ કાવ્યમાં સચોટ રીતે કવિએ પ્રકટ કરી છે. અનાવૃષ્ટિની અપાર વેદના માનવ, પશુ, પંખી સર્વને માટે એકસરખી અસહ્ય છે.]

મેહુલા!

ઝંખે છે ભોમ પાણી પાણી ઓ, મેહુલા!
ઝંખે છે ભોમ પાણી પાણી;
તુંને શું આગ એ અજાણી? ઓ, મેહુલા!
મેલાં આકાશ, જાણે મૃત્યુની ખીણ ખડી,
સૂરજની ચેહ ત્યાં ચેતાણી, ઓ, મેહુલા!
હજીયે ખડા ના ખેંચાણી? ઓ, મેહુલા!
રૂંધ્યા છે વાયરા ને રૂંધી રતૂમણી,
મેલી દિશાઉં ધૂંધવાણી — ઓ, મેહુલા!
તોયે ના આરજૂ કળાણી? ઓ, મેહુલા!
ઉજ્જડ ટીંબાની વાવ ખાલી ભેંકાર પડી,
સીમે આ શોકસોડ તાણી — ઓ, મેહુલા!
તોયે ન પ્યાસ પરખાણી? ઓ, મેહુલા!
ભાંભરતાં ભેંસ ગાય, પંખી ગુપચૂપ જોય,
ચાંચો ઉઘાડી...બિડાણી...ઓ, મેહુલા!
જાગી ન જિંદગીની વાણી? ઓ, મેહુલા!
મારી માનવની આંખ જોતી ક્ષિતિજે કરાળ,
તારી ના એક રે એંધાણી, ઓ, મેહુલા!
તારી કાં એક ના એંધાણી? ઓ, મેહુલા!

ટિપ્પણ અને પ્રશ્નો

ઉનાળાની અસહ્ય ગરમીથી ધગતી ધરતી વરસાદ માટે ઝંખે છે; વરસાદ નથી આવતો તેથી કાગડોળે એની રાહ જોતાં ઊભેલાં માનવો, પશુપંખીઓ નિરાશ થાય છે. ઉનાળાનો પ્રખર તાપ નિરાશાના એ તીવ્ર દુ:ખમાં વધારો કરે છે. **ચેહ** – ચિતા. **ખડા** – ચિતા ઉપર રચાતો માંડવો. **મેલી** – વૈશાખ જેઠના ઊના પવન સાથે ઊડતી ધૂળને લીધે મેલી ને ધૂંધવાયેલી. **આરજૂ** – વિનંતી. **ટીંબા** – ગામનું પાદર. **ભેંકાર** – ભયંકર (પાણી વિનાની માટે).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૪–૧૫ તરસ છિપાવવા – વરસાદનાં ટીપાંની ઝંખના કરતાં પંખીઓની ચાંચો ઊઘડી ખરી, પણ પાછી બિડાઈ ગઈ. એમાંથી જીવનના આનંદને વ્યક્ત કરતું ગીત નીકળી શકે એટલી શક્તિ એમાં રહી ન હતી.

૧. વરસાદ માટે ઝંખતી ભૂમિનું કવિએ દોરેલું દૃશ્ય વર્ણવો.

૨. પંખીની ચાંચ ઊઘડી પાછી બિડાઈ કેમ ગઈ ? જિંદગીની વાણી એટલે શું ?

૩. આ કાવ્યમાં તમે જે નવા શબ્દો શીખ્યા હો તેની યાદી કરી અર્થ સમજાવો.

રમણીક અરાલવાળા

[શ્રી રમણીકલાલ બળદેવદાસ અરાલવાળાનો જન્મ વાત્રકકાંઠે અરાલમાં (ખેડા જિલ્લો) ૧૯૧૫માં થયો હતો. કૌટુમ્બિક પરિસ્થિતિને કારણે એ ગુજરાતી છ ચોપડી સુધીનો જ અભ્યાસ કરી શકયા અને નાની ઉંમરે અમદાવાદની મિલમાં નોકરી લેવી પડી. તે દરમ્યાન એમના 'પ્રતીક્ષા' (કાવ્યસંગ્રહ), 'સાંદીપનિનાં રેખાચિત્રો' અને 'સાહસકથાઓ' પ્રસિદ્ધ થયાં. ૧૯૪૧માં નોકરી છોડી ૨૫ વર્ષની વયે એમણે અંગ્રેજી અભ્યાસ શરૂ કર્યો ને ૧૯૫૧માં એમ. એ.ની પદવી મેળવી.

પરગામ વસતા કવિને વતનનું સ્મરણ થતાં વતન પાછા ફરવાની ઇચ્છા થાય છે. માતૃભૂમિનાં અનેક સ્મરણો કવિહૃદયમાં જાગ્રત થાય છે. પણ આજે વતનમાં 'મા' નથી એ વિચારે કવિનું હૃદય પાછું પડે છે. કવિનો જન્મભૂમિ પ્રત્યેનો અને એથીયે વિશેષ પ્રબલ માતા પ્રત્યેનો પ્રેમ અહીં સરસ રીતે વ્યક્ત થયો છે.]

વતનનો તલસાટ

(મંદાક્રાન્તા — સૉનેટ)

ગાળી લાંબો સમય દૂરનાં દોહ્યલાં પાણી પી પી,
જાવા હાવાં જનમભૂમિએ પ્રાણ નાખે પછાડા.
કૂવાકાંઠે કમરલળતી પાણિયારી, રસાળાં
ક્ષેત્રેક્ષેત્રે અનિલલહેરે ડોલતાં અન્નપૂર્ણા,
હિંડોળંતાં હરિત તૃણ ને ખંતીલા ખેડૂતોનાં
મીઠાં ગીતો, ગભીર વડલા, શંભુનું જીર્ણ દેરું,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાગોળંતાં ધણ, ઊડી રહ્યો વાવટો વ્યોમ ગેરુ,
ઓછીઓછી થતી ભગિની, લંગોટિયા બાલ્ય ભેરુ :
ઝંખી નિદ્રા મહીં ઝબકતો, જાગતાં નિંદ લેતો.

ઘેલા હૈયા ! સહુ ય મળશે; કિંતુ કાલાગ્નિમાંથી
સંભાળેલાં સ્મૃતિસુમનના સારવેલા પરાગે
સીંચાયેલું અબ નીરખવું મોઢું ક્યાં માવડીનું ?
વ્હાલી તોયે જનનીરહિતા જન્મભૂમિ ન તોષે,
જીવું ઝંખી જનનીસહિતા જન્મભૂમિ વિદેશે.

ટિપ્પણ અને પ્રશ્નો

દોહ્યલાં – દુષ્પ્રાપ્ય, ઘણા શ્રમ પછી મળે તેવું. **પાણિયારી** – પનિહારી, પાણી ભરીને આવતી સ્ત્રી. **અન્નપૂર્ણા** – અન્ન પૂરું પાડનાર દેવી, ધરતીને પણ અન્નપૂર્ણા કહી શકાય. **ધણ** – ગાય-ભેંસનો સમૂહ. **ગેરુ** – ગેરુ જેવા લાલ રંગનો. ૯ નિદ્રામાં એ બધાનાં સ્મરણો થાય છે ને કવિ ઝબકી જાગી ઊઠે છે, જાગતાં પણ ઊંઘ જેવી અવસ્થામાં દિવાસ્વપ્નમાં કવિને એનાં સ્મરણ થાય છે. **કાલાગ્નિ** – કાલ-જ (સમય) રૂપી અગ્નિ, જે મોડો વહેલો બધાનો વિનાશ કરે છે. **૧૦–૧૨** કવિ પોતાના હૃદયને સંબોધે છે : હે હૃદય ! તું વતન જવા માટે ઘેલું – અધીરું ન થા. ત્યાં બધું જ મળશે (પંક્તિ ૩ થી ૮ માં દર્શાવેલું બધું), પણ કાળરૂપી અગ્નિના વિનાશમાંથી સંભાળપૂર્વક બચાવી લીધેલાં સ્મરણરૂપી ફૂલમાંથી સારવેલી સુગંધથી ભરપૂર માતાનું મોઢું હવે ત્યાં જોવા મળવાનું નથી. **તોષે** – સંતોષે. **૧૩–૧૪** માતા-વિહોણા વતનમાં પાછા ફરવાનો તલસાટ (ઝંખના) શાંત પડે છે. એવા વતનમાં પાછા ફરવા કરતાં જ્યાં માતા હોય એવા વતનનું સ્મરણ કરી પરદેશમાં રહેવું કવિ વિશેષ પસંદ કરે છે.

૧. 'વતન' માટે તમને જે જે શબ્દો આવડતા હોય તે કહો.

૨. 'જનનીરહિતા' અને 'જનનીસહિતા' એ બંને શબ્દપ્રયોગો સંબંધ દર્શાવી સમજાવો. બે શબ્દોના અર્થમાં શો ભેદ છે અને શાથી છે?

૩. પોતાના વતનનાં જે સ્મરણચિત્રો કવિએ આલેખ્યાં છે તે દર્શાવો.

૪. પંક્તિ ૩ થી ૯ (રસાળાં...ઝબકતો) નો અન્વય કરો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫. સમાસ ઓળખાવો, તેનો વિગ્રહ કરો અને અર્થ સમજાવો :– જન્મભૂમિ; કૂવાકાંઠે; કમરલળતી; પાણિયારી; અન્નપૂર્ણા; કાલાગ્નિ; સ્મૃતિસુમન; જનનીરહિતા.

૬. આ કાવ્યની છંદરચના અને કાવ્યપ્રકાર ઓળખાવો.

૭. શ્રી. સ્નેહરશ્મિના કાવ્ય ‘વતન’ સાથે આ કાવ્યની સરખામણી કરો.

વેણીભાઈ પુરોહિત

[શ્રી. વેણીભાઈ જમનાદાસ પુરોહિતનો જન્મ સૌરાષ્ટ્રના જામ–ખંભાળિયામાં ૧૯૧૬ માં થયો હતો. નાનપણથી એમને લખવાનો શોખ હતો અને નાની ઉંમરે પત્રકારત્વના વ્યવસાયમાં જોડાયા. હાલમાં એ મુંબઈમાં જન્મભૂમિ કાર્યાલયમાં કામ કરે છે. ‘આખા ભગત’ના ઉપનામથી એમની ‘ગોફણ ગીતા’ પ્રગટ થાય છે. આપણા જીવનના સામાજિક, રાજકીય કે ધાર્મિક પ્રશ્નો અને પ્રસંગો લઈ, અખાની ચોપાઈના ઢાળમાં લખાયેલાં આ કટાક્ષકાવ્યો તેના તીક્ષ્ણ કટાક્ષ અને માર્મિક વિનોદને લીધે સારી લોકપ્રિયતા પ્રાપ્ત કરી શક્યાં છે. કાવ્યો ઉપરાંત એમણે ટૂંકી વાર્તાઓ અને નાટિકાઓ લખ્યાં છે.

બીજાને ખાતર જીવનાર અને નિઃસ્વાર્થ સેવાભાવે પોતાનું જીવન કુરબાન કરનારનું કાર્ય સરળ કરી આપવા, મુશ્કેલીઓનો પણ સામનો કરી તેમને સહાયભૂત થવું એ પ્રત્યેક માનવની ફરજ છે. પણ જે માનવજાતના વેરી છે અને માનવતાનો વિનાશ કરી રહ્યા છે એમને એમના અનિષ્ટ કાર્યમાં જરા પણ સહાય ન કરવા કવિ માનવબંધુઓને વીનવે છે.]

પંથ દેજે

આપજે મારગ, આપજે મારગ
આપજે મારગ ભાઈ!
પંડ પોતાનો લોકને કાજે
હોમનારાંને, આપજે મારગ ભાઈ!
નીરવતાને પોપચે બેસી, વગડાને વેરાન –
પહાડ ફાડીને રમતાં આવે ઝરણાંનાં જે ગાન :
એને તું આપજે તારાં તાન.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રેમ-સમંદર ભેટવા જાતી છલકાવીને તીર–
લાખ તુફાનો લઈને આવે નદિયુંનાં જો નીર :
એને તું આપજે મારગ ધીર!
જિન્દગાનીના લોઢ કરોડો વીંઝતો જાજે ભાઈ!
કુરબાનીમાં રાચનારાનાં ગીત તું લેજે ગાઈ :
એવાંની આંખમાં લેજે ન્હાઈ!
સહુને આપજે મારગ, જેને હૈયે હોય ભલાઈ,
માનવના મનના દવ બાળે માનવની વનરાઈ–
એને એક ના'પજે મારગ ભાઈ!
ભલે વાય આખરની શરણાઈ!

ટિપ્પણ અને પ્રશ્નો

પંડ–શરીર, દેહ; પોતાની જાત. ૩ બીજાને ખાતર જીવનાર અને મરનાર. ૫–૭ મદદ માટે એક શબ્દ પણ ઉચ્ચાર્યા વિના, કોઈ પણ જાતના સાથ વિના; મોટી મુશ્કેલીઓ સહન કરનારને તું સંપૂર્ણ સાથ આપજે. **સમંદર**–સમુદ્ર. ૮–૧૦ પ્રવૃત્તિ અશાંત અને તોફાની હોય–વિપ્લવવાદી હોય પણ એનું ધ્યેય કલ્યાણકારી ને શુભ હોય તો તેને માર્ગ કરી આપી તું સહાયભૂત થજે. **લોઢ**–પાણીનું મોટું મોજું, પૂરનો ઘોડો. **જિંદગાની**–(ફા.) જન્મારો, જિંદગી, આયુષ્ય, જીવન. ૧૧–૧૩–જિન્દગીની મોટી મુશ્કેલીઓનો હિંમતથી સામનો કરજે, અને પોતાની જાત માનવહિત ખાતર હોમી દેનારના કાર્યમાં સક્રિય મદદ કરી એને પડખે રહી એની પાસેથી પ્રેરણા લઈ પાવન થજે. **વનરાઈ**–વનરાજી–ઘીચ ઝાડવાળો પ્રદેશ. ૧૫–૧૬ જે માનવના હૃદય–મનમાં ચિંતા કે દુઃખના દવ લગાડતા હોય ને માનવતાની લીલી કુંજોનો વિનાશ કરવા તત્પર થયા હોય–તેવા માનવતાના વેરીને, જીવનને ભોગે પણ સાથ ન આપીશ. **આખરની શરણાઈ**–મૃત્યુ.

૧. આ કાવ્ય દ્વારા કવિ માનવને શો ઉપદેશ આપે છે?

૨. કોને માર્ગ આપવા અને કોને માર્ગ ન આપવા કવિ માનવને વીનવે છે? શા માટે?

૩. આ કાવ્યમાંથી 'અંત્યાનુપ્રાસ'નાં બે દૃષ્ટાંતો આપો.

૪. સૂચિત થતો અર્થ (ધ્વનિ) સમજાવો :— નીરવતાને પોપચે બેસી; પ્રેમ-સમંદર ભેટવા જાતી, જિન્દગાનીના લોઢ, આંખમાં લેજે ન્હાઈ, માનવની વનરાઈ, આખરની શરણાઈ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાલમુકુન્દ દવે

[શ્રી. બાલમુકુન્દ મણિશંકર દવેનો જન્મ વડોદરા જિલ્લાના મસ્તુપુરા ગામમાં ૧૯૧૬માં થયો હતો. પ્રાથમિક કેળવણી વતનમાં અને માધ્યમિક શિક્ષણ વડોદરામાં લઈ નોકરી અર્થે તે અમદાવાદ ગયા. હાલમાં અમદાવાદમાં 'નવજીવન કાર્યાલય'માં કામ કરે છે. કાવ્યો માટે ૧૯૪૮નો 'કુમાર ચંદ્રક' એમને મળ્યો હતો.

નીચેના ગીતમાં માનવની સ્વાતંત્ર્યપ્રેમની ભાવના ને તૃષ્ણા કવિએ આલેખી છે. સમાજ, ધર્મ કે રાજસત્તાએ લાદેલાં બંધનો સ્વૈરવિહારી મનને અકારાં થઈ પડે છે, પણ એ બંધનોથી સામાન્ય માણસ પર થઈ શકતો નથી. કોઈ વિરલ ભક્તજન કે કવિહૃદયને માટે જ એવાં સ્વૈર-વિહારનાં સુખ મેળવવાં શક્ય હોય છે; કારણ, એમને સ્થળ, સમય કે સમાજનાં બંધન નડતાં નથી.]

પારાવારના પ્રવાસી

આપણે તે દેશ કેવા?
આપણે વિદેશ કેવા?
આપણે પ્રવાસી પારાવારના હે . . જી.

સંતરી સૂતેલા ત્યારે
આપણે અખંડ જાગ્યા,
કોટડાં કૂદીને ભાગ્યા;
આપણે કેદી ના કારાગારના હે . . જી.
આપણે પ્રવાસી પારાવારના હે . . જી.
આપણે પંખેરુ પ્યાસી,
ઊડિયાં અંધાર વીંઝી;
પાંખ જો પ્રકાશભીંજી;
આપણે પીનારાં તેજલધારનાં હે . . જી.
આપણે પ્રવાસી પારાવારના હે . . જી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણે ભજનિક ભારે,
આપણે તે એકતારે
રણકે છે રામ જ્યારે
આપણા આનંદ અપરંપારના હે . . જી.
આપણે પ્રવાસી પારાવારના હે . . જી.

ટિપ્પણ અને પ્રશ્નો

પારાવાર – અનંત. સ્થળ, સમય કે સમાજના બંધનથી પર એવી સ્વરચિત, અનંત કલ્પનાસૃષ્ટિ. **સંતરી** – (અં.) sentry – ચોકીદાર, પહેરેગીર. **કોટડાં** – બંધનની દીવાલો. **પ્યાસી** – તરસ્યાં; અહીં જ્ઞાન કે ભક્તિની તૃષ્ણા. **અંધાર** – માનવના ભાવનાશીલ, કલ્પનાશીલ હૃદયને રૂંધી નાખતો અજ્ઞાન-રૂપી અંધકાર. **એકતારો** – એક તારવાળો તંબૂર; ભક્ત અને કવિ બંનેને પોતાના તાનમાં મગ્ન થવામાં સહાયભૂત થાય છે. **અપરંપાર** – અનંત. જેને કોઈ પણ જાતની સીમા કે અવરોધ નથી તેવો કલ્પનાનો કે ભક્તિનો પ્રદેશ.

૧. આ કાવ્યનો મધ્યવર્તી વિચાર ચારેક લીટીમાં લખો.

૨. 'અરે હૈયું નાનું'...એ કાવ્યમાં રહેલા વિચાર સાથે આ કાવ્યનો વિચાર સરખાવો.

૩. 'પારાવારના પ્રવાસી' આ શીર્ષક વિગતથી સમજાવો. બને તો બીજા યોગ્ય શીર્ષકનું સૂચન કરો.

૪. સંતરી, કારાગાર, અંધાર, પાંખ, પ્રકાશ અને એકતારો – શબ્દો કાવ્યના સંબંધમાં સમજાવો.

રત્નકણિકા

૧

પલકે પલકે પલટે ઢંગ,
એ તો અખા! માયાના રંગ.

૨

એક અફીણ બીજો સંસારી રસ, અધિક કરે તેમ આપે કસ;
જેમ જેમ અદકું ખાતો જાય, અંગે અકલે હીણો થાય;
જો મૂકે તો મૂએ સરે, નહિ તો અખા તે ખાતો મરે.

અખો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩

સ્વપ્ને નિર્ધન પામે ધન, સ્વપ્ને વંઝા પ્રસવે તન;
જાગે ને ઠાલો ઉછંગ, સ્વપ્ન મૃગજલ તણા તરંગ.

૪

વાડ થઈને ચીભડાં ગળે, સોંઘી વસ્તુ કયાંથી મળે?
ખળું ખાતું હોય જો અન્ન, તો જીવે નહિ એકે જન.
નવાણું પીતું હોયે નીર, જીવજંતુ કયમ ધરે શરીર?
રાજા થઈને લૂંટી લે, પ્રજા કોણુ આગળ જઈ કહે?

શામળ

૫

કાણાને કાણો નવ કહીએ, કડવાં લાગે વેણુ,
હળવે રહીને પૂછીએ, 'શેણે ખોયાં નેણ?'

દલપતરામ

૬

રણુ તો ધીરાનું, નહિ ઉતાવળા કાયરનું;
ધીર વીર જે હોય તે જ ખૂબ સંકટ સામે થાયે.
પહાડ પડે રણુમાં રહે ઊભો, લેશ નહિ ગભરાયે;
ધીર વીર કો પ્રસંગ શોધે, સહેવા કષ્ટો ભારે.

નર્મદાશંકર

૭

જેણે નહિ જગતમાં પુરુષાર્થ સાધ્યો,
ઉચ્ચોચ્ચ જે પદ નહિ કદીયે જ પામ્યો;
તે જન્મ વ્યર્થ ધરતો ધૂળ તેથી સારી,
વંટોળિયે ચડી ઊડે ઘડી વ્યોમ માંહી.

ગોવર્ધનરામ

૮

અરે પ્રારબ્ધ તો ઘેલું રહે તે દૂર માગે તો;
ન માગે દોડતું આવે, ન વિશ્વાસે કદી રહેજે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રહી નિર્મોહી શાંતિથી, રહે એ સુખ મોટું છે;
જગતબાજીગરીનાં તું બધાં છલબલ જવા દેજે.

બાલાશંકર

૯

પડી પેટની વેઠ, સરવને પડી પેટની વેઠ, બીજું એથી હેઠ.–સરવને૦
નૃપ, પ્રધાન, ગરીબ, તવંગર, મજૂર, ચાકર, શેઠ.–સરવને૦
યોગી ને સંન્યાસી, વિલાસી કરે પેટની વેઠ.–સરવને૦
અવર ઋણુનો કરી ઉધારો, દેવી પેટને ભેટ.–સરવને૦
અવર પીઠ હત પેટ બદલ વા, સુનીતિ ચાલત શ્રેષ્ઠ.–સરવને૦

દોલતરામ

૧૦

પીંપળપાન ખરંતાં હસતી કુંપળિયાં,
મુજ વીતી, તુજ વીતશે ધીરી બાપલિયાં !

ડાહ્યાભાઈ ધોળશાજી

૧૧

મળે વાયરે વાદળાં, વાએ વીખરી જાય;
ઋણુસંબંધે સહુ મળ્યાં, લઈ દઈ પંથ પળાય.

વાંકાનેર નાટક કંપની

૧૨

જીવનજ્યોતિપૂર વિશાળું
જગોજગ રેલિયું રે લોલ.
જોતાં દિવ્ય નયનથી નિશ્ચલ
મૃત્યુ મરી ગયું રે લોલ.

નરસિંહરાવ

૧૩

ચડે તે પડવા માટે, પડે તે ચડવા સહી;
ક્રમ એવો હંમેશાંનો વિશ્વનો જાય છે વહી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૪

ધીમે ધીમે છટાથી કુસુમરજ લઈ ડોલતો વાયુ વાય,
ચોપાસે વલ્લિઓથી પરિમલ પ્રસરે, નેત્રને તૃપ્તિ થાય;
બેસીને કોણ જાણે ક્યહીં પરભૃતિકા ગાન સ્વર્ગીય ગાય,
ગાળી નાખે હલાવી રસિક હૃદયને, વૃત્તિથી દાબ જાય.

૧૫

જલધિજલદલ ઉપર દામિની દમકતી,
યામિની વ્યોમસરમાંહિ સરતી,
કામિની કોકિલા કેલિકૂજન કરે,
સાગરે ભાસતી ભવ્ય ધરતી;
પિતા! સૃષ્ટિ સારી સમુલ્લાસ ધરતી—
તરલ તરણી સમી સરલ તરતી.

કાન્ત

૧૬

દયા છે ઈશ્વરી માયા, આ સંસાર કટુ મહીં
દયામાં બ્રહ્મપ્રીતિનું કાંઈ ભાન જનો કરે.

૧૭

હા! પસ્તાવો વિપુલ ઝરણું સ્વર્ગથી ઊતર્યું છે!
પાપી તેમાં ડૂબકી દઈને પુણ્યશાળી બને છે.
રાજ્યોથી કે જુલમ વતી કે દંડથી ના બને જે
તે પસ્તાવો સહજ વહતાં કાર્ય સાધી શકે છે.

કલાપી

૧૮

પેલાં દિવ્ય લોચનિયાં રે પ્રભુ! ક્યારે ઊઘડશે?
આવાં ઘોર અંધારાં રે પ્રભુ! ક્યારે ઊતરશે?
આંખ, આળસ છાંડો રે, ઠરો એક ઝાંખી કરી:
એક મટકું તો માંડો રે, હૃદય ભરી નીરખો હરિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૯

પ્રાયશ્ચિતે કઈ વિધે પ્રભુ! પાપ ધોઉં?
તો જોઉં સંતત પ્રકાશ સમીપ તારો?
પી પ્રેમનેત્ર પ્રિયનાં, ઉર ધોઈ ધોઈ,
તારી જગાવું ધ્રુનિ, દર્શન તો દઈશ?

૨૦

સ્વીકાર્યાં બંધો ને જગત પીધું, તે જીવન રૂડું;
વિસાર્યાં બંધો તે જગતતટ મૃત્યુ ઊંડું ઊંડું.

નાનાલાલ

૨૧

અજાણી આપત્તિ વિધિરચિત આવી શિર પડે,
રડી કે રાચીને સહન સહુ તે માનવ કરે;
પરંતુ ઇચ્છાથી વિપદનલમાં કૂદી પડવું,
અને એ સંતાપો સહન કરતાં મૌન ભજવું;
બને એ તો કોઈ વિરલ જનના માનસ વડે.

બોટાદકર

૨૨

કમળ તલાવડીએ ઊભો છે હંસલો :
હંસલા! ઉઘાડ તારી આંખો રે લોલ!
અદલ કમળ પર ગુંજે ભ્રમર ભલે :
બીડી શેં તારી દેવપાંખો રે લોલ?

૨૩

દુઃખીના દુઃખની વાતો સુખી ના સમજી શકે;
સુખી જો સમજે પૂરું દુઃખ ના વિશ્વમાં ટકે.

ખબરદાર

૨૪

ઉદય ને અસ્તનાં ચક્રો સદા ગતિમાન થઈ રહે છે.
વિપદસંપદ તણાં જોડાં અલગ પણ સાથમાં રહે છે.

મોહનલાલ દવે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૫

નિર્જન વનવગડે, અલી વાદળી, જળ શાં ઢોળવાં અમથાં?
રણે રગદોળવાં અમથાં?
એવા હૈયાસૂના સમીપ વીતક શીદ ખોલવાં અમથાં?
હૃદય શીદ ખોલવાં અમથાં?

કેશવ શેઠ

૨૬

જેવી રીત માળી ખરેલાં પાન ક્યારામાં વાળી લીયે,
નવા અંકુર પાંગરવા કાજ એ પાનને બાળી દીયે;
તેમ મુજ જીવનના સૌ શેષનું
કોઈને ખાતર કરજે,
કો'માં નવજીવન ભરજે.

૨૭

સહસ્ર સ્રોતથી ઘેલી નદી જીવનની વહે,
ઘડી શુદ્ધ ઘડી મેલી, ક્ષણે ના સરખી રહે.

રા. વિ. પાઠક

૨૮

ને જો વહાલાં, રડી રડી મને કોઈ દેતાં દિલાસો,
'દેવોને એ દિલ રમી રહ્યાં કેમ એમાં વિમાસો?'
ખૂંચાવી લે અમ રમકડાં દેવ જો ખેલવાને;
જોઉં છું કે દઈ લઈ જતાં કોણ રોયા વિના રહે?

ગજેન્દ્ર બુચ

૨૯

જીવનના સાગરમાં કાંઈ કાંઈ છીપલાં,
મોતી તો કોઈ ગોતી લાવો જી રે;
મોતી ધારીને સાચાં હૈયે ધરેલ કંઈક;
ખોટાં ઠર્યાં તો ઓળખાવો જી રે.

જયમનગૌરી પાઠકજી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૦

તું ઊઠ, જાગ, જનમંડળને જગાડ,
થા મોખરે, અરુણ નોબતને વગાડ;
શસ્ત્રાસ્ત્રસજ્જિત થઈ ભરતી ભરી દે,
સ્વાતંત્ર્યયજ્ઞ મહીં કેસરિયાં કરી દે.

દેશળજી પરમાર

૩૧

નથી દુઃખદ આંસુએ સભર પાત્ર આ સૃષ્ટિનું,
રહ્યું છ અહીં અશ્રુમાં વિરલ એક શ્રદ્ધા–ધનુ.

૩૨

સ્વતંત્રતા ! સ્વતંત્રતા ! રહો દિલે તું મૂર્તિમંત !
દેશકાજ કીર્તિ મોત મેળવી બજાવી ફર્જ
વીરપૂત જે ગયા, સ્મરું સદા, રહેલ કર્જ
કરું અદા, કૃપા કરી બતાવ એ જ સ્ફૂર્તિપંથ !

ચંદ્રવદન મહેતા

૩૩

મારું તૂટેલ બીન પડ્યું'તું ખૂણે
એના તાર ઊડે વીખરાઈ બધે;
એમાં ગાનના સૂર રેલાવી ગયું –
મારે આંગણે કોણ આ આવી ગયું –
તાર સાંધી ગયું ?

બાદરાયણ

૩૪

છળે નયન ? કે હશે શ્રવણભ્રાંતિ આ શું બધી ?
હશે શું અથવા વિચિત્ર સહુ વાયુની વંચના ?
ગઈ વિરમી સંધિકા, બહિરુપાધિ સર્વે શમી,
ઊગી રજની ક્યારની, પણ ન જાણું શેણે હજી
ઊગી ન મુજ મંદિરે તુજ પ્રસાદની પૂર્ણિમા !

મનસુખલાલ ઝવેરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૫

પુષ્પતણી પાંદડીએ બેસી હસતું કોણ ચિરંતન હાસ?
પૃથ્વી ઉરથી ઊઠે કોનો સુરભિત, પુલકિત, મુખરિત શ્વાસ?
અહો, ગૂંથતું કોણ પૃથ્વીને સેંથે ઝાકળ-મોતી-માળ?
તરુએ તરુએ ફળતી કોની આશા કેરી શાખ રસાળ?

૩૬

ફૂલડાંને ફળમાં પરિણમવું
વાદળને વરસી જળ બનવું
જીવનને જનમી શું કરવું?
હસવું ને રડવું.

સુન્દરમ્

૩૭

ઘણું વાંચ્યું, સાધ્યું તદપિ ઉરતૃષ્ણા નવ શમી,
વિચાર્યું. વાંચ્યું કૈં તદપિ મન તૃષ્ણા રહી ગઈ,
ઘણું જોયું જાણ્યું તદપિ અણજાણ્યું બહુ રહ્યું
ઘણું માણ્યું તો યે કંઈક અણમાણ્યું રહી ગયું.

રમણ વકીલ

૩૮

અણુ પહાડો થાયે, પરવત મટીને અણુ બને;
રણુ સ્રોતો થાયે, ઝરણુ વળી જોને રણુ બને;
હતું જે જ્યાં ત્યાં ના, નવ હતું જ્યહાં જે તહીં થતું,
અનંત બ્રહ્માણ્ડ પ્રતિપળ નવા સાજ સજતું.

નલિન ભટ્ટ

૩૯

આકાશે તરવું શું હાલું?
મૂગું રહી મરવું શું હાલું?
અંધારે અથડાવું શાને,
કલ્પતરંગ ચઢી?

ઇન્દુલાલ ગાંધી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૦

પથ્થર પથારી, આભનું ઓઢણું,
નીંદરાણી વાયરે વાય ઢોળે રે;
દિશાની ઝુમ્મર – ઝરમર ઝબૂકતી,
સુરતા તે સૂતી મારી રામસોડે રે;
આપોને હુંકારો રુદિયારામ રે!

સુધાંશુ

૪૧

આપણે માનવી બિંદુ પૃથ્વીના પટ ઉપરે,
ને પૃથ્વી બિંદુડા જેવી વિશ્વને તેજસાગરે,
વિશ્વમાલા અને આ યે બિંદુથી અતલાન્તિકે.
ને તો યે બિંદુ આધારે તરંગી સિંધુની છટા,
છે પ્રત્યેક અણુ લીધે વ્યોમે તેજગૂંથી ઘટા.

ઉમાશંકર જોષી

૪૨

માન તમારે હાથ ન સોંપ્યું;
કેમ કરી અપમાનશો?
વજ્રસમું અણભેદ હૃદય આ
શર સૌ પાછાં પામશો.

કૃષ્ણલાલ શ્રીધરાણી

૪૩

આજે મારું ઉર ગજવતો એક ગંભીર નાદ,
આવ્યો આવ્યો ગગનપથથી તારકોનો જ સાદ;
ભીંજ્યું મારું હૃદયતલ આ વિશ્વની અશ્રુધારે,
પેટાવું હું જીવનદીપ આ સૃષ્ટિના અંધકારે.

નાથાલાલ દવે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૪

કોને રે કહું ને કોણ સાંભળે
મારા રુદિયાની વાત?
મૂંગી રે મૂંગી મારી વેદના,
ઉરમાં શમતું દિન રાત! – કોને રે૦

સ્વ. ગોવિન્દ સ્વામી

૪૫

અને છેલ્લી મારી ઉરધબકને એક મનીષા:
હુંફાળા હૈયાને શિશુ સમયની હોંશ પૂરવા
તહીં દાટો મારા વતનમહીં એકાન્ત કબરે,
સુતેલી માતાના પદકમળની આરતિ કરી
રમું કાલાન્તે યે ચરણરજ થૈ એ જ પદમાં.

સ્વ. હરિશ્ચંદ્ર ભટ્ટ

ટિપ્પણ અને પ્રશ્નો

૩ **વંઝા** – વંધ્યા બાળક, વગરની સ્ત્રી. **ઉછંગ** – ખોળો. ૪ **નવાણ** – જળાશય, નાહવાની જગા. ૬ **પડે** – પેઠે, જેમ. ૯ **વેંત** – તજવીજ, ઉપાય, ત્રેવડ. ૪ માથે દેવું હોય તોપણ પેટ ભરવાનો વિચાર પહેલો કરવો પડે છે. ૧૪ **પરભૃતિકા** – કોયલ; કોયલનાં ઈંડાં કાગડી સેવે છે એમ કહેવાય છે; એટલે પરભૃતિકા (પારકાથી – બીજાથી – સેવાયેલી – પોષાયેલી). ૧૫ **દામિની** – વીજળી. **યામિની** – રાત્રી. **પિતા!** – ઈશ્વર. **તરણી** – નાની હોડી. આ પંક્તિઓમાં શબ્દની પસંદગી અને ગોઠવણી તપાસો. એમાં રહેલા આદ્યાનુપ્રાસ, મધ્યાનુ-પ્રાસ (assonance) અને અંત્યાનુપ્રાસનો ઝીણવટથી અભ્યાસ કરો. અમુક અક્ષરોના પુનરાવર્તનથી કાવ્યમાં માધુર્ય અને ડોલન આવ્યાં છે. ૧૭ સહૃદયી પશ્ચાત્તાપનું મહત્ત્વ કવિ સમજાવે છે. ૧૮ ભક્તહૃદયની ભગવાનના દર્શન માટેની ઝંખના આલેખાઈ છે. **ઝાંખી** – દર્શન. **મટકું** – મીટ, દૃષ્ટિ. ૧૯ **સંતત** – એકધારો. ૨૧ ઊર્મિલા નામના કાવ્યમાંથી આ પંક્તિઓ છે. ઊર્મિલાના સ્વાર્થત્યાગની મહત્તા કવિએ દર્શાવી છે. **વિપદનલ** – વિપદ્ (દુઃખ) + અનલ (અગ્નિ). ૨૨ અહીં આત્માને હંસલો કહ્યો છે. કમળ એ જગતની માયા ને ભ્રમર એ માણસની પામર વૃત્તિઓ. ૨૫ સહૃદયી વ્યક્તિ પાસે હૃદય ખોલવામાં અર્થ છે. વાદળીના દૃષ્ટાંતથી કવિ કથનનું સમર્થન કરે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. ૨૬ સૂકાં પાનને બાળીને ખાતર તરીકે એનો ઉપયોગ થાય છે. **શેષ** – જીવન પૂરું થતાં મારું જે કાંઈ રહ્યું હોય તે. ૩૧ આંસુમાં પણ કવિને શ્રદ્ધાનું સપ્તરંગી મેઘધનુષ્ય દેખાય છે. કેવો સંગીન આશાવાદ! ૩૨ ગુલબંકી છંદ. એક અક્ષર ગુરુ – પછી લઘુ પછી ગુરુ – એમ સતત ચાલ્યા કરે. ગુ (ગુરુ) લ (લઘુ) – શ્રી. બ. ક. ઠા. એ યોજેલો છંદ. **સ્ફૂર્તિપંથ** – ચેતનનો માર્ગ. ૩૪ **વંચના** – છળ. **સંધિકા** – સંધ્યા. **બહિરુપાધિ** – બહિર (બહારની) + ઉપાધિ. **અસાદ** – કૃપા, મહેર (ફા.). ૩૫ પ્રકૃતિનાં તત્ત્વોમાં પ્રભુનું દર્શન થાય છે. **સુરભિત** – સુગંધવાળો. **પુલકિત** – પ્રફુલ્લ. **મુખરિત** – મીઠા અવાજવાળો. આ પંક્તિઓમાં રહેલાં શબ્દમાધુર્ય અને લલિત કલ્પનાઓ ધ્યાન ખેંચે તેવાં છે. ૩૭ માનવહૃદયને કદી સંતોષ થતો જ નથી, એમાં નવી નવી ઇચ્છાઓ જાગ્રત થયા જ કરે છે. ૩૮ કાળચક્રની અસરથી જગતમાં સનાતન ફેરફાર થયા જ કરે છે. ૪૧ જગતની યોજનાની વિરાટતા દર્શાવી છે. એ વિરાટ યોજનામાં એક બિંદુ જેવી પામર વસ્તુને પણ સ્થાન છે એ કવિએ સરસ રીતે દર્શાવ્યું છે. **અન્તલાન્તિકે** – અનંત આકાશમાં. ૪૩ બુદ્ધને માટે લખાયેલ કાવ્યમાંથી આ પંક્તિઓ છે. પોતાના જીવનનો લોપ કરી જગતને જીવન ને જ્ઞાન આપવાની ઉત્કૃષ્ટ ભાવના વ્યક્ત થઈ છે. ૪૫ પરતંત્રતામાંથી પોલૅન્ડને સ્વાધીનતા અપાવનાર માર્શલ પિલસુદ્સ્કી (મૃત્યુ ૧૯૩૫)ની – માતાની કબર પાસે જ દટાવાની ઇચ્છા આ ખંડમા વ્યક્ત થઈ છે. સામાન્ય રીતે આવા મહાન રાષ્ટ્રનેતાને વીરપૂર્વજો સાથે દાટવાનું રાષ્ટ્રીય માન પ્રજા આપે એ સ્વાભાવિક છે. પિલસુદ્સ્કીનો માતૃપ્રેમ ને વતનપ્રેમ આ પંક્તિઓ દ્વારા વ્યક્ત થાય છે. **મનીષા** – ઇચ્છા. **પદકમળ** – પદ (પગ) રૂપી કમળ.

૧. તમને જે કણિકાઓ ખૂબ ગમતી હોય તે મોઢે કરો.

૨. તમને જે શબ્દો અપરિચિત લાગ્યા હોય તેની નોંધ કરો અને તેના અર્થ શબ્દકોશની મદદથી શોધી કાઢો.

૩. કણિકા – ૨, ૭, ૧૭, ૨૧, ૨૯, ૩૨, ૩૭, અને ૪૧ નો મધ્યવર્તી વિચાર એક વાક્યમાં લખો. એમાંથી ગમે તે એક વિગતવાર સમજાવવા આશરે દસ લીટી લખો.

૪. કણિકા – ૧૩, ૨૪, ૩૧, અને ૪૨ વિસ્તારપૂર્વક સમજાવો.

૫. કણિકા ૧૫ અને ૩૫ માંથી આદ્યાનુપ્રાસ, મધ્યાનુપ્રાસ અને અંત્યાનુપ્રાસનાં થોડાં દૃષ્ટાંત આપો.

૬. નીચેના સમાસ ઓળખાવી તેનો વિગ્રહ કરો અને અર્થ સમજાવો :– **પરભૃતિકા, વ્યોમસર, કેલિકૂજન, વિધિરચિત, વિપદનલ, સ્વાતંત્ર્યયજ્ઞ, સ્ફૂર્તિપંથ, તેજગૂંથી, દિનરાત.**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગદ્યવિભાગ

નર્મદાશંકર

(જીવનપરિચય માટે જુઓ પદ્યવિભાગ)

[નર્મદાશંકર મુખ્યત્વે કવિના નામથી જાણીતા છે; પરંતુ સાહિત્ય જગતમાં તો એ ગુજરાતી ગદ્યના પિતા તરીકે અમર કીર્તિ પામ્યા છે. નર્મદાશંકર પહેલાં ગુજરાતમાં ગદ્યસાહિત્ય હતું નહિ. વ્યવહાર માટે ગદ્ય લખાતું ખરું. પણ તેને આપણે સાહિત્યનું અંગ ન ગણી શકીએ. રૂઢ, વેગવંતું અને સરળ ગદ્ય લખવાનો પ્રથમ પ્રયાસ નર્મદાશંકરે જ કર્યો. ૧૮૬૪માં 'દાંડિયો' નામનું પખવાડિક પત્ર કાઢી એમણે આખા ગુજરાતને સચેતન કર્યું. ૧૮૬૫માં 'નર્મગદ્ય' બહાર પડ્યું. સુધારાના ઊછળતા વિચારો શાંત પડ્યા પછી 'ધર્મવિચાર' પ્રગટ કરી પોતાની ભૂલ સુધારી લેવાની જાહેર હિંમત નર્મદાશંકરે બતાવી. ૧૮૬૮માં 'નર્મકોશ' પ્રસિદ્ધ કરી ભવિષ્યના લેખકો અને વાચકોનું કાર્ય સરળ કરી, ગુજરાતી ભાષાને સ્થાયી સ્વરૂપ આપવા પ્રથમ પ્રયાસ નર્મદે કર્યો. નર્મદાશંકરનાં ગદ્ય અને પદ્ય લખાણ મુખ્યત્વે સુધારાના પ્રચારકાર્ય માટે હતાં. આથી એમનાં લખાણોમાં સમાજ-સુધારણાની ધગશ ચેતન ફેલાવે છે. કાળબળે નર્મદની સર્વ સાહિત્યપ્રવૃત્તિઓ ભુલાય, પણ રૂઢ ગદ્ય લખવાની શરૂઆત કરી ગુજરાતી સાહિત્યની જે અનન્ય સેવા એમણે કરી છે તે માટે ગુજરાત હંમેશ એમનું ઋણી રહેશે.

નીચેનો ખંડ નર્મદાશંકરની 'મારી હકીકત' નામની આત્મકથામાંથી લીધો છે. આ પુસ્તકમાં નર્મદાશંકરે નિખાલસતાથી પોતાના જીવનની બીનાઓ વર્ણવી છે. પિતાનો સ્વભાવ, તેમના ગુણ, નર્મદ પ્રત્યેનો તેમનો પ્રેમ તેમ જ નર્મદના કાર્યમાં એમણે પરોક્ષ ને પ્રત્યક્ષ રીતે જે સહાય કરી હતી તેનો ખ્યાલ આ ખંડ સારી રીતે આપે છે. નર્મદની શૈલી સીધી, સાદી, રૂઢ અને કોઈ પણ જાતના આડંબર વિનાની છે.]

મારા પિતા

મારા પિતા લાલશંકર સંવત ૧૮૬૪ના પોષ સુદ નોમે જન્મ્યા હતા. એ બાળપણમાં શરીરે ગેટકી જેવા, ગોરા, ચપળ છતાં શાંત અને ડાહ્યા હતા. પાંચ વરસે એને ઉપવીતસંસ્કાર થયો. પછી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિદ્યાભ્યાસ કરવા માંડ્યો તે ૧૭ વરસ સુધી શીખ્યા ને પોતાના બાપ જે લહિયાનું કામ કરતા તે પ્રમાણે એ પણ લખતાં શીખ્યા, ને ૧૮ વરસની ઉંમરે ચકલે બેસી લોકનાં ટીપણાં લખતા. ઓગણીસમે વરસે પરણ્યા, અને પરણ્યા પછી તરત જ વૈશાખ મહિનામાં એને મુંબઈ નોકરી થઈ. સરકાર તરફથી કપતાન જેરવીસના ઉપરીપણા નીચે નિશાળોને વાસ્તે ગ્રન્થો છપાવવાનું કામ ચાલતું હતું. તે વખત હમણાંની પેઠે ટાઇપનું કામ ચાલતું નહોતું પણ શિલાછાપથી ગ્રંથ છપાતા, એને સારુ સારા અક્ષર લખનારા જોઈતા હતા. દક્ષણી લહિયાઓ તો હતા જ, પણ ગુજરાતી ભાષા સમજીને લખે એવા તે નહોતા, માટે જેરવીસે સુરતની અદાલતના જજ મિસ્તર જોન્સને લખ્યું હતું કે સુરતમાં કોઈ સારા લહિયા હોય તો તેને અહીં મોકલવા. એ ઉપરથી અહીં અદાલતમાં જોન્સે લહિયાઓની પરીક્ષા લીધી હતી. અસલના લહિયાઓના અક્ષર જાડા અને લાલશંકરની કલમ અસલથી જ સાફ ને પાતળી તેથી દશ ઉમેદવારોમાં એ પસાર થયા ને પછી જોન્સે તીસને પગારે મુંબઈ જવાનું કહ્યું. મારા દાદા તો ખાટલાવશ હતા. પણ મારી દાદીએ મારા બાપને મુંબઈ જવાની ના કહી. ભાણજાભાઈએ મહેણું માર્યું કે તમો ત્રણે ભાઈના જનોઈ લગન વગેરેના ખરચના ૬૦૦૦ મેં તમને કરજે આપ્યા છે તે પાછા ક્યારે અદા કરશો? માટે નોકરીને સારુ આનાકાની ન કરો. એ બોલવું લાલશંકરને વાઢી નાખ્યા સરખું લાગ્યું, ને પછી તરત જ નીકળ્યા. મુંબઈમાં એક વરસ સુધી ૩૦ને પગારે ને બીજાં બે વરસ સુધી ૪૫ ને પગારે નોકરી કીધી. પછી એ કારખાનું સરકારે પૂને લઈ જવાનું ઠેરવ્યું. જેરવીસે લાલશંકરને ૬૦ને પગારે પૂને આવવાનું કહ્યું, પણ માએ ના લખી તેથી તે પૂને ન ગયા. જેરવીસે ઘણું સારું સર્ટિફિકેટ અને રૂ. ૧૩૫ ઇનામ આપ્યું.

પછી લાલશંકર ત્રણ વરસ સુરતમાં રહ્યા. તે સવારથી તે સાંજ સુધી બે કલાક ભોજન વિશ્રાંતિનો સમય કાઢી નિત ૧ રૂપિયાનું નિયમપુરઃસર કામ કરતા.

સરકારે પૂનેથી છાપખાનું કાઢી નાખ્યું ત્યારે અધૂરાં રહેલાં પુસ્તકો મુંબઈમાં લોકોનાં છાપખાનાંમાં છપાવવાને મોકલ્યાં — એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રસંગે એનું તેડું આવ્યું. લાલશંકર પાછા મુંબઈ ગયા ને બે વરસ સુધી ૩૦ને પગારે રહ્યા. એવામાં મુંબઈની સદર અદાલતમાં રૂ. ૧૫ ની કારકુનની જગા નીકળી તેને માટે લાલશંકરે અરજી કરી અને પછી સને ૧૮૩૫ના જાનેવારીની ૭મી તારીખથી ત્યાં રહ્યા. પછી ૨૦-૨૫નો પગાર થયો ને ૧૮૫૭થી ૩૦નો થયો.

ઘડપણ ને નબળાઈને લીધે કામ કરવાને અશક્ત થયાને લીધે સને ૧૮૬૩થી લાલશંકરે મહિને રૂ. ૧૦નું પેન્શન લીધું. પેન્શન લીધા પછી તે સપ્ટેમ્બરમાં સુરત આવી રહ્યા. અહીં નબળાઈ વધી ને ખાટલે પડ્યા. સનેપાત થયો અને અંતે ચાર દહાડા અવાચક રહીને સને ૧૮૬૪ની ૧૮મી જાનેવારીએ ૫૬ વરસની ઉંમર પૂરી કરીને બીજે દહાડે મુક્ત થયા.

ઉદ્યોગમાં લાલશંકર જેવો કોઈ ગુજરાતી તો મારા જોવામાં આવ્યો નથી. એ ચાર વાગે નિત ઊઠતા. ઊઠીને લોકોના છાપખાનાનું લખવા બેસતા તે નવ વાગતા સુધી — એ દરમિયાનમાં મારી મા તૈયાર કરતી તે જમીને બરાબર દસ વાગતે ઉતાવળી ચાલથી દોઢ માઈલ ચાલી અદાલત જતા. ઑફિસમાં છ વાગતા સુધી કામ કરતા. ત્યાંથી ઘેર આવતાં રસ્તામાંથી ઘરને સારુ સોદો કરતા. ઘેર આવી સાડાઆઠ વાગતા સુધી છાપાનું લખતા, પછી જમતા, પછી કલ્લાકેક ફુરસદમાં ગાળી પાછા લખવા બેસતા તે અગિયાર બાર વાગ્યા લગી. જોકે છાપાનું લખવાનું સાવચેતી ને ધીરજનું છે તોપણ પોતે મળવા આવે તેની સાથે અને મારી મા તથા મારી સાથે વાતો કરતા, સામું લખાણ સમજીને ઝડપથી લખ્યા જતા. બાળબોધ અક્ષરનાં મોટાં ચાર પૃષ્ઠનો એક રૂપિયો અને ગુજરાતી છ પૃષ્ઠનો એક રૂપિયો એ લેખે લખતા. એના હાથનાં લખેલાં પુસ્તકો ઘણાં જ છે. એના જેટલું કોઈ લહિયાએ લખ્યું નહિ હોય. મુંબઈમાં ત્રણ ચાર શિલા-છાપખાનાંમાં જેટલી ગુજરાતી ચોપડીઓ જેટલી વાર છપાઈ છે તેમાંની ઘણીએક એના જ હાથની છે. જેરવીસના છાપખાનામાંથી નીકળેલાં એના બાળબોધ અક્ષરવાળાં પુસ્તકો બહુ જ છે — એ સિવાય બીજી ઘણી પોથીઓ — ભાગવત, ચંડીપાઠ, આદિ છપાઈ જ નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલા ઉદ્યમની સાથે ઘર ચલાવવાની કાળજી રાખતા. મારી માએ બે વરસ ખાટલો ભોગવ્યો તેની ખટપટ કરતા. એ જ્યારે સુરત રહેતા ત્યારે છાપખાનાવાળાના આગ્રહથી સુરતથી કૉપી લખી પોસ્ટમાં મોકલતા. એ જ એનો ઉદ્યોગ.

એટલો ઉદ્યમ જોઈને લોકોને એવું લાગશે કે તે લોભી હતા; પણ નહિ. ઘરમાં કુટુંબને સારી હાલતમાં રાખવા માટે, પરોણાદોસ્તોની ખાતર કરવા માટે, અને ન્યાતમાં ઊજળા કહેવાતા હતા તેવા હંમેશ કહેવાઈએ એટલા માટે અને અંદર તો પોલું હતું માટે એને ઉદ્યમ કરવો પડતો — તેમાં વળી ડાહ્યો દીકરો દેશાવર ભોગવે તે પ્રમાણે છાપખાનાવાળા એના જ અક્ષર પસંદ કરતા તેથી તેઓ એને જ મહેનત આપતા.

સદર અદાલતમાં રહ્યા છતાં એમણે વકીલ મુનસફની પરીક્ષા ન આપી; તેનું કારણ એ કે તે તરતના લાભને વધારે જોતા, અને વકીલ થઈ ખુશામદને તથા મુનસફ થઈ ઉપરના ઠપકા સાંભળવાને ઇચ્છતા નહિ. તેઓ કહેતા કે, 'લોકો સરકારી કામદારોને માન આપે છે પણ તેઓને ટોપીવાળાઓના કેટલા ઠપકા સાંભળવા પડે છે ને તેઓને કેટલી અંદરખાનેથી ખુશામદથી નીભવું પડે છે તે અમે જ જાણીએ છ.' ઇશ્વિરે મારા કાંડામાં જોર મૂક્યું છ એટલે મારે નચિંતથી રળવાનું છે; મોટા કામમાં હાથ ઘાલવાથી કેટલીક નીતિને આઘે મૂકવી પડ છ.'

લાલશંકર સહુને સારી સલાહ આપતા — શાંત રીતે તડ ને ભડ જવાબ દેતા — તેમ વ્યવહારમાં પણ ઘણા ચોખ્ખા રહેતા. પોતાના ઘરખરચનો હિસાબ લેતા — રૂપિયો પેટી ઉપર મુકાવી કૉપી આપતા— દુનિયાદારી સમજતા.

જેરનીસના ખાતામાં હતા ત્યારે ઘેર બીજાઓનું લખતા નહિ, પણ ચાકરી કરી આવ્યા પછી પોતાના મિત્રો સાથે બેસી આનંદ કરી બહાર જતા — ગાયન હરિકથા વગેરે સાંભળતા; તેમ સુરતમાં ત્રણ વરસ રહ્યા ત્યારે પણ રાતે કામ કરતા નહિ; દોસ્તદારોમાં મહાલતા — પણ સવારથી તે સાંજ સુધી કોઈને મળતા નહિ, ન્યાતમાં જમવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ જતા નહિ, એવા નિયમસર કામ કરનારા હતા. પણ જે દહાડેથી સદર અદાલતમાં પંદરને પગારે રહ્યા ત્યારથી ઘણી જ મહેનત કરવા માંડી. સને ૧૮૬૦થી મેં એમને લખવાની ના કહી, ને એઓએ પણ લખવાનું બંધ રાખ્યું.

એ સંસ્કૃત સમજતા; કંઈ કંઈ બોલી પણ જાણતા – નિશાળ સંબંધી ઘણાંખરાં પુસ્તકો લખેલાં એટલે તે સંબંધી પણ થોડુંઘણું જાણતા. ને ગુજરાતીમાં તો નિપુણ હોય તેમાં નવાઈ જ શી? આહા! એની કાગળ લખવાની રીતથી તો અવધિ. અફસોસ, તે મેં ફાડી નાખ્યા છે! એના કાગળોની ભાષા કેવી સરળ ને શુદ્ધ! ને મતલબ દુનિયાદારીની શિખામણ આપતી ને સંસ્કૃત શ્લોકથી ભરેલી! હું ખરેખર કહું છ કે મારાથી તેના જેવા કાગળો કોઈ કાળે લખાવાના નથી. મારા ઉપર જે એના કાગળો, તેમાં કેટલી નરમાશ, કેટલો પ્યાર, ને કેટલી શિખામણ! ઓ ભાઈ! તમારી તો મને ખોટ જ છે. જ્યારે હું સુરતમાં ત્રણ વરસ રહ્યો હતો ને મારી મા મરી ગઈ હતી તે વખત જ્યારે પોતે મુંબઈમાં એકલા હતા ને જ્યારે માધવાનળની ચોપડીનો ઉતારો કરતા હતા, ત્યારે માધવને દેશનિકાલ થયેથી તેના બાપે જે રુદન કીધું છે તે વાંચતાં તેને ધ્રુજારી છૂટી હતી ને હાથમાંથી કલમ પડી ગઈ હતી ને પોતે પણ પડી ગયા હતા; એ બનાવ જે તેણે મને કાગળમાં આબેહૂબ ચીતરી મોકલ્યો હતો તે હજી મને સાંભરે છે. સામળદાસની ચોપડીઓની પ્રસિદ્ધિ કરવાનું થોડુંક માન એને પણ છે. એણે જ, બાપુ દેવલેકર છાપખાનાવાળાને સલાહ આપી હતી કે એ ચોપડીઓ છપાવીશ તો તને ને લોકને લાભ થશે. એ ચોપડીઓ એણે જ જેના ઘરમાં પોતે ભાડે રહેતા હતા તેના ઘરમાં હાથની લખેલી હતી તેની પાસ બહાર કઢાવી.

એને પુસ્તકોની સંભાળ રાખવાની બહુ કાળજી હતી. અમારા ઘરમાં સુમારવનાનાં સંસ્કૃત પુસ્તકો હતાં, જેની તેણે વર્ગ બાંધી ટીપ કરી હતી; પણ હાય! મોટી આગે તેનો સંહાર કરી નાખ્યો.

એને ગુજરાતી કવિતા ઉપર લક્ષ નહિ પણ ગાયનમાં સારી સમજ હતી. પોતે પણ સાથે ગાતા – એ વેળાએ એવી તો મજાહ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરતા કે કંઈ કહ્યાની જ વાત નહિ. એણે સુરતના વિજયાનંદને સારી પેઠે સાંભળેલા અને ભીમાનંદ ગવૈયો, જે એનો સગો ને સ્નેહી, તેની સાથે થોડા ફરેલા — ને નાનપણમાં બહુ સાંભળેલું. જે દહાડાથી મેં કવિતા કરવા માંડી તે દહાડેથી એને કવિતા સંબંધી જ્ઞાન સારું થવા લાગ્યું ને પછી પોતાના આંનદને માટે મારી જ કવિતા વાંચતા, ને કહેતા કે 'ભાઈ, તારી કવિતા વાંચવાથી રોવું આવેછ પણ પછી બહુ સુખ થાય છ.'

સુધારાવાળાઓના વિચાર તેને ખરેખર ગમતા હતા – પણ કહેતા કે 'હમણાં બહાર પડવાનો વખત નથી. ઘણા દહાડા થયાં એટલે એની મેજે ચાલશે.' જ્ઞાતિભેદ વિષે કહેતા કે 'પચીસ જણ જુદા પડે તો તું સામેલ થજે.' મારા પુનર્વિવાહ તરફના વિચારો ઉપરથી કેટલાક લોકો એને મોઢે મારી નિંદા કરતા તો તેઓને તે જવાબ દેતા કે 'ભાઈ! જેવો જેનો વિચાર; તે કહેછ તે ખોટું શું છે?' એઓ બુદ્ધિવર્ધક સભામાં આવતા — હું ભાષણ કરતો તે પોતે સામે ખુરશી ઉપર બેસી સાંભળતા. એણે પણ એક વખત સત્ય ઉપર નિબંધ વાંચ્યો હતો. હું આટલો સુધારામાં અગ્રેસર પણ મારાથી તે દુઃખી થતા નહિ.

મારા ઉપર એનો પ્રેમ અતિશે — મને જ દેખતા — મારી મરજી ઉપરાંત કામ કરતા નહિ. મારાં લખાણની નકલ કરી આપતા ને હું પણ નિબધ અથવા કવિતા લખીને પ્રથમ એની આગળ વાંચતો ને જ્યાં હદથી જ્યાદે ગયો હોઉં ત્યાં ફેરફાર કરવાની સલાહ આપતા — ને તેમ હું કરતો. મારી ઉમ્મરમાં એણે એક પ્રસંગ સિવાય કોઈ વખત ઝાંસો સરખો પણ દીધો નથી — બેડી બાંધણીનો બોધ કર્યા કીધોછ. રે, મને દુઃખ થાય માટે પોતે બીજી વાર પરણ્યા નહિ. મારી ભૂલ, મારું સાહસ એણે સાંખ્યા કીધુંછ ને મારા ઉદ્યોગમાં મને હંમેશ ઉત્તેજન અને સહાયતા આપ્યાં કીધાંછ.

ટિપ્પણ અને પ્રશ્નો

ઉપવીતસંસ્કાર – જનોઈ આપવાનો વિધિ. **લહિયા** – લખવાનો ધંધો કરનારા. આજથી સો સવાસો વર્ષ પહેલાં જ્યારે છાપખાનાં ન હતાં ત્યારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુસ્તકો વગેરેની નકલ કરવાનું કામ લહિયાઓ કરતા. **સર્ટિફિકેટ** – પ્રમાણપત્ર. **નિયમપુરઃસર** – નિયમિત રીતે, નિયમસર. **સનેપાત** – તાવની અસર મગજ પર થાય અને માણસ મગજ પરનો કાબૂ ગુમાવી લવારે ચઢે આવા રોગને સનેપાત કહે છે. **શિલાછાપ** – લિથો; મૂળ લખાણ પથ્થર પર થાય ને તે પરથી નકલો કાઢવામાં આવે. **ડાહ્યો દીકરો દેશાવર ભોગવે** – કહ્યાગરા ને આજ્ઞાંકિત દીકરાને વધુ કામ કરવું પડે, વધુ મુશ્કેલીઓ ભોગવવી પડે. **સદર** – વડું, શ્રેષ્ઠ. **સામળદાસ** – કવિ સામળભટ્ટ (પદ્યવિભાગમાં સામળનું જીવન જુઓ) **અગ્રેસર** – આગળપડતો, નેતા.

૧. નર્મદના પિતાના શરૂઆતના જીવન વિષે ટૂંકમાં લખો.

૨. લાલશંકરના કયા ગુણ વિશે નર્મદે લખ્યું છે? એમાંથી સહુથી મહત્ત્વનો ગુણ તમે કયો ગણો છો?

૩. લાલશંકરના જમાનામાં લહિયાની શા માટે જરૂર રહેતી? આજે લહિયાની સમાજને જરૂર ખરી?

૪. નર્મદાશંકરને એના પિતા તરફથી કેવી રીતે પ્રોત્સાહન અને પ્રેરણા મળતાં?

૫. નીચેના રૂઢિપ્રયોગો સમજાવો અને તેનો વાક્યમાં ઉપયોગ કરો:— અદ્દા કરવું; આનાકાની કરવી; ખાટલો ભોગવવો; ખાતર કરવી; ઊજળા કહેવાવું.

૬. નર્મદાશંકરની ગદ્યશૈલીના ગુણદોષની ટૂંકમાં ચર્ચા કરો.

નવલરામ લક્ષ્મીરામ પંડ્યા

[ઈ. સ. ૧૮૩૪–૧૮૮૮]

[નર્મદ-દલપતના સમકાલીન, ગુજરાતના પ્રથમ વિવેચક અને કેળવણીકાર, નવલરામનો જન્મ સુરતની નાગર જ્ઞાતિમાં થયો હતો. ૧૮૫૩માં હાઈસ્કૂલ સુધીનો અભ્યાસ પૂરો કરી તે સુરતની અંગ્રેજી શાળામાં શિક્ષક તરીકે માસિક દસ રૂપિયાના પગારે નિમાયા. પાછળથી કેળવણીખાતામાં ઊંચી પાયરીએ ચડી અમદાવાદ અને રાજકોટમાં એમણે નોકરી કરી હતી.

ગુજરાતી સાહિત્યમાં નવલરામ મુખ્યત્વે વિવેચક તરીકે જાણીતા છે. એમનું વિવેચન તટસ્થ, સમતોલ અને રસદૃષ્ટિવાળું છે. વિવેચન ઉપરાંત એમણે થોડી કવિતા, નાટક, ભાષાંતર અને નિબંધ લખ્યા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમની સર્વ કૃતિઓમાં સુધારણાની ધગશ દેખાય છે. આથી જ એમની કવિતા મુખ્યત્વે ઉપદેશાત્મક છે. એમણે ગરબીઓ અને કટાક્ષમય હાસ્યરસપ્રધાન કાવ્યો રચ્યાં છે. આ ઉપરાંત 'ભટનું ભોપાળું' નામક અનુવાદમાં પણ એમણે સમાજ ઉપર વિનોદમિશ્રિત કટાક્ષમાં ઠીક ફટકા માર્યા છે. 'વીરમતી નાટક' એ એમની જાણીતી કૃતિ છે.

આ સર્વ કરતાં નવલરામનું સ્થાન એક નિર્ભય વિવેચક અને સારા ગદ્યલેખક તરીકે ગુજરાતી સાહિત્યમાં ચિરંજીવ રહેશે. એમની શૈલી નર્મદશૈલી જેટલી જુસ્સાદાર અને સરળ નથી, પણ વિશેષાંશે શિષ્ટ, સાક્ષરી અને ગંભીર છે. નર્મદની શૈલી રૂઢ અને મસ્ત છે, નવલરામની શૈલી સંસ્કારી અને સંયમભરી છે. આથી જ યથાર્થ રીતે ગઈ સદીના ગદ્યલેખકોમાં એમનું નામ પ્રથમ હરોળમાં મુકાય છે. 'નવલગ્રંથાવલી' માં એમની કૃતિઓનો સંગ્રહ કરવામાં આવ્યો છે.

'નાટકશાળા' લેખમાં સમકાલીન નાટકની સ્થિતિનો ચિતાર આપવામાં આવ્યો છે, અને એ વસ્તુસ્થિતિને ટાળી નાટકશાળાને ઉન્નત અને સંસ્કારી કેમ કરી શકાય તે માટે ઉપયોગી સૂચનાઓ પણ કરવામાં આવી છે. નવલરામના સમયમાં નાટકશાળા તદ્દન બાલ્યાવસ્થામાં હતી. અંગ્રેજી અને સંસ્કૃત સાહિત્યના અભ્યાસથી લગભગ તે જ અરસામાં નાટક લખવાની શરૂઆત થઈ હતી, અને દક્ષિણી નાટકમંડળીના અનુકરણરૂપે આ જ અરસામાં કેટલાક ગુજરાતી, હિંદુ અને પારસીઓએ નાટકશાળાઓ સ્થાપી હતી. આપણા સમયની નાટકશાળાનો અભ્યાસ કરનારને પણ લાગશે કે પછીનાં સાઠ વર્ષના ગાળામાં ગુજરાતી નાટકશાળાએ નહિ જેવી જ પ્રગતિ કરી છે, અને આજે પણ નવલરામની સૂચનાઓ તેટલી જ ઉપયોગી થઈ પડે એવી શોકજનક સ્થિતિ આપણી નાટકશાળાની છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાટકશાળા

નાટકશાળા એ સુધારાની નિશાની છે. કાલિદાસાદિકનાં સર્વોત્તમ નાટકો સંસ્કૃતમાં છે એ જ તે કાળના આપણા સર્વોત્તમ સુધારાની અચૂક સાબિતીઓ ગણાય છે. વિદ્યાના ગ્રંથ તો તે બનાવનારની જ બુદ્ધિનો પુરાવો હોય. કાવ્યો પણ ગણ્યોગાંઠ્યો અમુક વર્ગ જ સુધરેલો હતો તે કરતાં વધારે સિદ્ધ કરી શકતાં નથી. ચોપાનિયાં ને વર્તમાન-પત્રોની વિદ્વત્તા પણ શું બતાવે છે? એ જ કે તેના વાંચનારાઓ એવી વાતો સમજવાને લાયક છે ખરા, પરંતુ આખો જનસમૂહ જ્ઞાન, વિચાર તથા મનોવૃત્તિમાં કેવો છે તેની ખરેખરી આરસી તો નાટકશાળા જ છે, કેમ કે ત્યાં તો વાંચનાર ને ન વાંચનાર આખું આલમ વખતોવખત આવી જાય છે, અને તેથી તે બધાંને ગમતાં, સમજાતાં અને સરસ લાગતાં નાટકો જ ભજવવામાં આવે. માટે જે દેશનાં નાટકો સુઘડ, સરસ, ને સૂક્ષ્મ વિચારથી ભરેલાં, તે દેશના લોક પણ સુઘડ, સરસ, ને સૂક્ષ્મ વિચાર કરવાની સ્થિતિએ પહોંચેલા છે એમ જે માનવામાં આવે છે તે સામાન્યપણે વાજબી જ છે.

એ જ સમયથી નાટકશાળા એ સર્વોત્તમ શિક્ષાગુરુ ગણાય છે. પાઠશાળા કે પુસ્તકશાળાથી પણ એની સત્તાને પહોંચી શકાતું નથી. લોકનાં જ્ઞાન, નીતિ, ને વિચાર ઉપર નાટકશાળાને દ્વારે જેટલી અસર કરી શકાય છે તેટલી કોઈ પણ બીજે રસ્તે કરવી એ અશક્ય જ છે. એક અંગ્રેજ વિદ્વાન કહી ગયો છે કે, મારા હાથમાં કોઈ પણ દેશનાં ગીત બનાવવાનું કામ આપો અને પછી તેની ઉન્નતિને માટે ત્યાંના કાયદા બાંધનાર કેવું ડહાપણ કે મૂર્ખાઈ વાપરે છે, તેની હું જરા પણ પરવા રાખીશ નહિ. આપણા ભાટચારણો ભાટાઈ કરનારા, નીચ, અભાગિયા થઈ ગયા ન હતા ત્યાં સુધી તે આપણો શૂરાતનનો કાંટો મદોન્મત્ત વિદેહી વિજયીઓની સામા પણ કેટલો ઊંચો રાખવાને શક્તિમાન થયા હતા; એટલો ઊંચો કે તેના ગુણગાનમાં જ રાજસ્થાનના ઇતિહાસકર્તા ટોડસાહેબ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાને પાને ગુલતાન થઈ ગયેલા માલૂમ પડે છે. તેમ જ જારભક્તિનાં ગીતોએ દેશની કેટલી ખરાબી કરી છે તે કોઈને અજાણ્યું નથી. ટૂંકમાં ગીત-કાવ્યની અસર સારી કે નઠારી બેહદ જ છે. છતાં ગીત દેશમાં એક વાર ફેલાય ત્યાર પછી જ એવી અસર કરી શકે, પણ નાટકશાળા તો જનસમૂહની વચ્ચે જ સાદ કરતી ઊભી રહે છે, અને તેનો મનોહર સાદ સાંભળી લોકો દોડ્યા આવે છે. આખા દેશની મનોવૃત્તિને નાટકશાળા જે માર્ગે વાળવા ચાહે તે માર્ગે વાળી શકે.

નાટકશાળાનો બોધ સારો કે નઠારો, માણસના મનમાં ચોંટી બેસે છે તેવો તેને કોઈ નો પણ બેસતો નથી. નાટકના તખ્તા ઉપર સીતાશીલનું સાક્ષાત્ અનુકરણ જોનારના મન ઉપર પતિવ્રતાધર્મની જેટલી છાપ પાડે તેટલી કોઈ પણ કથાપુરાણથી પાડી શકાતી નથી. રાવણવધ જોઈ જુલમગાર રાજાને જેટલી ચાનક મળે તેટલી બીજે કયે માર્ગે મળવાની હતી? શકુંતલાનો એક ખેલ સ્વયંવર જેટલો બોધ કરે તેટલો નિબંધોથી પણ થઈ શકે નહિ. પ્રજામતને અનુસરવું એના જેવો રાજાનો બીજો કોઈ પણ ધર્મ નથી એ વાત ભવભૂતિએ સીતાપરિત્યાગના સંબંધમાં કેવી સરસ રીતે ઉત્તરરામચરિતમાં પ્રબોધી છે! અલબત્ત, એ નાટકો એવી રીતે ઉસ્તાદોના હાથથી લખાયેલાં જોઈએ જ અને તેમ થાય એ હેતુથી તો અમે આ વિષય હાથમાં લીધો છે; પણ કહેવાની મતલબ એ છે કે, દેશમાં સુબોધ કે કુબોધ ફેલાવવાનું નાટકશાળા જેવું એકે સાધન નથી. દેશને સુરસિક, શૂરવીર, ફૂવડ કે બાયલો કરવો, એ નાટકશાળાના વ્યંગ્ય પણ સુફલતમ બોધની ઉપર જ બહુધા આધાર રાખે છે. નાટકશાળા એ સુધારા કે કુધારાનું એક મહા જબરદસ્ત હથિયાર છે. અને વિચારવંત સુધારકો હંમેશાં તેને પોતાના પક્ષમાં લેવા કદી ચૂકતા નથી.

અમારો હેતુ એમ નથી કે નાટકો બોધપ્રધાન હોવાં જોઈએ. નાટક લખનારે બોધ કરવા ઉપર લક્ષ રાખવું જોઈએ, એમ પણ અમે કહેતા નથી. અમારા વિચારમાં તો બોધ કરવો છે એ વાત જ તે ભૂલી જાય તો સૌથી સારું છે. જેમ શ્રોતા ઉપર મારે અસર કરવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે એમ ધારી જે ભાષણ આપે છે, તે કદી પણ અસર કરનારો વક્તા થઈ શકતો નથી, તેમ જ બોધ ઉપર નજર રાખનારાં નાટકો તો નકામાં ટાયલાં જ સમજવાં કે જે ધોબીના કૂતરાની પેઠે નહિ ગામનાં કે નહિ ઘાટનાં. એવાં ટાયલાં તો હાલ બહુએ લખાય છે. રસ, જે કાવ્યનાટકોનું લક્ષણ, તે જેણે છોડ્યું તે કાવ્યનાટકે તો પોતાનો સ્વધર્મ જ છોડ્યો, અને તેમ થયું એટલે તે કશા કામનું રહ્યું નહિ. સુબોધ એ સારા નાટકનું સ્વાભાવિક ફળ છે, પણ તેનો ઉદ્દેશ નથી. શુદ્ધ ને ઊંચા રસમાં સ્વાભાવિકપણે જ સારો બોધ સમાયેલો છે, પણ તે બોધનરૂપે નહિ, અને બોધનરૂપે નથી તે માટે જ વધારે અસર કરે છે. જેમ કહેણી કરતાં રહેણી જ બધાને સુબોધદાયક ગણાય છે, તેમ સરસ નાટકનાં પાત્રો ભાષણો આપીને નહિ પણ પોતાના મહાન આચારકોણથી જ સુનીતિનો બોધ રામબાણ રીતે કરે છે. આ કારણથી વ્યવહારમાં તો સારાં નાટકોથી રસ ને સુબોધ બંને મળે છે જ. રસ એ જ કાવ્યનાટકોનો ઉદ્દેશ છે એમ કહેવું એ માત્ર રસશાસ્ત્રની સાંકેતિક જ કોટિ છે. પરંતુ એ કોટિને અહીંયાં છેડવાની જરૂર એટલા માટે પડી છે કે હાલ સુધારકોમાં થોડાક ટાયલાંપક્ષી નીકળ્યા છે તે નીતિનાં ભાષણો જ કાવ્યનાટકમાં જોઈને રાજી થાય છે, અને તેની પેઠે અમે પણ એવાં ટાયલાં જ માગતા હોઈશું એમ સમજી; રસિકમંડળ, (કે જેનો જ આ વિષયની સાથે ખાસ ઇલાખો છે) તે અમારી આ દેશોપયોગી સલાહને મોં મચડી કાને જ ધરે નહિ એવી અમને દહેશત રહેતી હતી. અમે પણ કાવ્યનાટકોને રસસમય અને રસોદ્દેશી જ જોવાને ઇચ્છીએ છીએ, અને તેવાં નથી તેથી જ ભારે ખરાબી થાય છે એ અમારે આ ઠેકાણે ફરિયાદ કરવાની છે.

નાટકશાળાઓની સામે ફરિયાદ કંઈ આજકાલની નથી. મુંબઈનાં વર્તમાનપત્રો બૂમ પાડી પાડીને થાકી ગયાં; અને હવે તો સભ્ય ગૃહસ્થોએ ત્યાં જવું જ ઘણું કરીને માંડી વાળ્યું છે; તોપણ નાટકશાળાઓ ન સુધરતાં ઊલટી બગડતી જ જાય છે. છેલ્લાં આઠદસ વર્ષથી આ ચેપ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુજરાતને લાગી ત્યાં પણ એનો ફેલાવો બહુ જ થયો છે. જ્યાં જોઈએ ત્યાં પથરાબોધક ને રાખબોધક એવાં ખોટાં ખોટાં ઠગાઈ ભરેલાં નામો ધારણ કરી દેશની નીતિરીતિમાં કેવળ બગાડો કરતી જ અજ્ઞાન ને અનઘડ નાટકમંડળીઓ ભિખારીનાં ટોળાંની પેઠે ગામેગામ રવડતી માલૂમ પડે છે. એ ટોળીઓ થોડી હતી ત્યાં સુધી તો કાંઈ સારું લાગતું, પણ હવે તો મુંબઈની પેઠે જ ગુજરાતના લોક કાયર થવા માંડ્યા છે. મુંબઈની પેઠે જ અહીંયાં પણ છોકરાઓ ભણવું ગણવું છોડી જ્યાં જોઈએ ત્યાં નાટકના બીભત્સ રાગડા જ કાઢતા જોવામાં આવે છે. કેટલાક તો એની પછાડી નીકળી પણ જાય છે.

આ રીતે ચોતરફ ગુજરાતમાં પોકાર ઊઠી રહ્યો છે, તોપણ એનો ખરો ઉપાય કોઈ ને સૂઝતો નથી. માત્ર પોકારથી કાંઈ પણ ફાયદો થવાનો નથી, તેમ જ સારા માણસો કંટાળી એવાં નાટકો જોવા જવાનું જ છોડી દેવા લાગ્યા છે, તેથી પણ તેનું જોર કાંઈ ઓછું થઈ જાય એમ અમને લાગતું નથી. એથી તો ઊલટું ફળ એ થાય છે કે સભ્ય માણસોને જોઈ પહેલાં જે કાંઈ સંકોચ પડતો હતો તે દૂર થઈ નાટકોમાં મૂર્ખાઈ ને અસભ્યતા વધતાં જાય છે. માટે સમજુ ને શાણા માણસોની તો ફરજ એ છે કે નાટકો જોવા જઈ તેની જે ખોડખાંપણો માલૂમ પડે તે જાહેરમાં મૂકવી. આપણાં ગુજરાતી વર્તમાનપત્રોને માલૂમ નથી; પણ વિલાયતમાં તેઓ તો પોતાનું એક કામ જ સમજે છે કે આગલી રાત્રે જે નાટક થયું હોય તેને વિષે બીજે દહાડે પોતાના વિચાર પ્રગટ કરવા. આમ કર્યા વિના બિચારા નાટકવાળા પોતાના ગુણદોષ શી રીતે જાણે? અને ન જાણે તો પછી પોતપોતાને ઊંધે રસ્તે જ ચાલ્યા જાય તેમાં નવાઈ શી? વર્તમાનપત્રોએ જ નહિ, પણ ખાનગી ગૃહસ્થોએ પોતાના મિત્રમંડળમાં નાટક કેવી રીતે ભજવાયેલું તેની ચર્ચા કરવી જોઈએ, કે સુધરેલો લોકમત બંધાય; અને સુઘડ લોકમત બંધાયા પછી નાટકટોળીઓની તાકાત નથી કે તેઓ હાલનાં ઢંગ કે ઢાળા વિનાનાં નઠારાં નાટકો તખ્તા ઉપર આણવાની હિંમત કરે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાલ ન્હારાં નાટકો થાય છે તેનો ઘણો દોષ તો અમે નાટકટોળીઓ કરતાં ન્હારા લોકમતને જ આપીએ છીએ. સભ્ય ગૃહસ્થો કંટાળીને ગમે તે કારણથી તેને પૂરું ઉત્તેજન આપતા નથી, અને તેથી તેનો મોટો આધાર નીચલા વર્ગના લોકોને જ રાજી કરવા ઉપર રહેલો છે. જો એ નાદાન શ્રોતા વિદૂષકનું મૂર્ખાઈ કે બેહાઈભર્યું બટકબોલું સાંભળીને રાજી થઈ તાબોટા પાડતા દેખાય, તો સ્વાભાવિક જ છે કે નાટકમંડળીઓ એવું બટકબોલું જ આખા નાટકમાં આણવાની. જો જોનારને દાદરા, ઠુમરી કે ખ્યાલ ટપ્પા જ કે ગઝલ રેખતા ઉપર વિશેષ ભાવ હોય છે, તો નાટકમાંના રાજા કે બુઢ્ઢા પંડિતો પણ ડોળિયા બની ભરસભામાં કાને હાથ દઈ રાગો જ કાઢવા મંડી જાય છે; જો એવા લોકોને બીભત્સ વાતના ઇશારા ગમે છે તો સભ્ય નાટકમંડળી પણ તજવીજે તજવીજે તેમ જ કરવા દોરાવાની ને દોરાય છે જ. અને અમને દહેશત લાગે છે કે જો આ નાટકનું વલણ સુમાર્ગે વાળવામાં વેળાસર નહિ આવે તો તે બગડી, જતે દહાડે ભવાઈનાં જેવાં જ થઈ જશે.

હાલ આપણી નાટકશાળાઓની આવી સ્થિતિ આખા ગુજરાત ખાતે છે. અને તેને સુધારવાનો ખરો ઉપાય એ જ છે કે તેનું વિવેચન – નિરંતર વિવેચન – ખરા રસિક પુરુષો તરફથી થવું જોઈએ. નાટકનો શોખ એક વાર લોકમાં ઉત્પન્ન થયો છે તે જતો રહેવાનો નથી, અને નાટકટોળીઓ ગમે તેવી છે પણ દિન પર દિન વધતી જ જવાની એ નિશ્ચય કરીને જાણવું. માટે એને સુધારવી, સુમાર્ગે વાળવી, અને લોકોની આંખ આગળ શુદ્ધ ને ઊંચા રસનાં નાટકો મૂકવાં કે સ્વાભાવિક રીતે જ તેઓ તેમને પસંદ કરશે, અને હાલના કચરા કે ટાયલાંને ધિક્કારતાં શીખશે. બાળકના હાથમાંથી જોખમકારી રમકડું લઈ લેવું હોય તો તેનો સર્વોત્તમ ઉપાય એ જ છે કે બીજું રમકડું – નિર્દોષ પણ તેથીયે રઢિયાળું – તેની આગળ ધરવું. તેમ ન કરતાં ખેંચતાણ કરતા જઈએ, તો બેમાંથી એકનો હાથ કપાય એ જ ફળ થાય. અર્થાત્ ન્હારાં નાટકને કાઢવાનો ઉપાય એ જ છે કે, સારા નાટકને ઓળખી તેને ઉત્તેજન આપવું અને તેના જે દોષ હોય તે વિવેકથી બતાવવા.

—નવલગ્રંથાવલિ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટિપ્પણ અને પ્રશ્નો

આલમ (ફા.) – દુનિયા, જગત, સમાજ. **શિક્ષાગુરુ** – જ્ઞાન આપનાર શિક્ષક (**શિક્ષા** શબ્દનો મૂળ અર્થ બોધ કે જ્ઞાન છે). **વિદેહી** – મરી ગયેલાં, આ દેહ છોડીને ગયેલાં. **જારભક્તિ** – અનીતિમય પ્રેમની આસક્તિ, ખોટી પ્રેમવાસના. **તખ્તો** – રંગભૂમિ (stage) (ફા. તખ્તહ = પાટ કે ચોખૂણ પાટિયું). **વ્યંગ્ય** – સૂચિત કે ધ્વનિત, પરોક્ષ રીતે અપાયેલો. **બોધપ્રધાન** – જેમાં બોધ કે ઉપદેશનો જ મુખ્ય હેતુ હોય. **રસ** – કાવ્યશાસ્ત્રમાં નવ પ્રકારના રસ ગણાવ્યા છે – કરુણ, શૃંગાર, વીર, શાંત, હાસ્ય, રૌદ્ર, બીભત્સ, ભયાનક ને અદ્ભુત. કલાકૃતિ જોતાં, સાંભળતાં કે વાંચતાં હૃદયના સ્થાયી ભાવોનો ઉદ્રેક થતાં જે અલૌકિક આનંદ અનુભવાય તે. **રામબાણ** – અચૂક; રામનું તાકેલું નિશાન અફળ નહોતું જતું માટે. **સાંકેતિક** – અમુક શબ્દથી અમુક અર્થનો બોધ થવો જોઈએ એવી ભાષાની પરંપરાગત રૂઢિવાળું. **ઇલાખો** (ફા.) – સંબંધ, દાવો, માલિકીનું (દસ્તાવેજોમાં આ શબ્દ વપરાય છે.) **બીભત્સ** – કાવ્યશાસ્ત્રમાં ગણાવેલો એક રસ, ઘૃણા કે તિરસ્કાર ઉપજાવે તેવું. **ગઝલરેખતા** – ફારસી કવિતાના ઢાળ (ફા. રેખ્તન = રેડવું તે).

૧. નવલરામના સમયમાં આપણી નાટકશાળાની સ્થિતિ કેવી હતી? તેમાં અને હાલની સ્થિતિમાં તમને કાંઈ ફેર લાગે છે?

૨. નાટકશાળાને જનસમૂહની 'આરસી' કેમ કહી છે? દૃષ્ટાંત આપી સમજાવો.

૩. નાટકશાળાને લેખક સર્વોત્તમ 'શિક્ષાગુરુ' શા માટે કહે છે?

૪. તમે જોયેલા કોઈ નાટકનો સાર ટૂંકમાં આપો. એ નાટકમાંથી તમને કાંઈ ઉપદેશ મળ્યો હતો? શો?

૫. આપણી નાટકશાળાને સુધારવા લેખક કયા ઉપાયો સૂચવે છે?

૬. સમકાલીન નાટકો માટેની નવલરામની ટીકા ધ્યાનમાં રાખી આજના 'સિનેમા' વિશે એક નિબંધ લખો.

૭. નાટકશાળાના વ્યવસ્થાપકો કરતાં 'લોકમત' કે લોકરુચિને લેખક શા માટે વિશેષ દોષપાત્ર ગણે છે?

૮. નીચેનાં વાક્યો પૂર્વાપર સંબંધ દર્શાવી સમજાવો :– (क) સુબોધ એ સારા નાટકનું સ્વાભાવિક ફળ છે, પણ તેનો ઉદ્દેશ નથી. (ख) દેશમાં સુબોધ કે કુબોધ ફેલાવવાનું નાટકશાળા જેવું એકે સાધન નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નંદશંકર તુલજાશંકર મહેતા

[ઈ. સ. ૧૮૩૫–૧૯૦૫]

[ગુજરાતી સાહિત્યના પ્રથમ નવલકથાકાર તરીકે પ્રખ્યાત થયેલા રા. બ. નંદશંકર મહેતાનો જન્મ સુરતમાં નાગર જ્ઞાતિમાં થયો હતો. કૌટુંબિક સંજોગોને લીધે પંદર વર્ષની નાની ઉંમરે વિદ્યાભ્યાસ છોડી એમણે શિક્ષકની નોકરી સ્વીકારી અને થોડા સમયમાં પોતાના સ્વભાવ અને ઉત્સાહથી હેડ-માસ્તરની જગ્યા મેળવી. મુંબઈ સરકારના કેળવણી ખાતા માટે એમણે આ અરસામાં કેટલાંક શાળોપયોગી પુસ્તકોનાં ગુજરાતીમાં ભાષાંતર કર્યાં હતાં અને કેળવણી ખાતા તરફથી નવલકથા લખવાની સૂચના થતાં એમણે 'કરણઘેલો' નામે ઐતિહાસિક નવલકથા લખી. ઈ. સ. ૧૮૬૪માં એમને રેવન્યુ ખાતામાં સારો હોદ્દો મળ્યો. ત્યાર પછી બે એક દેશી રાજ્યના સંચાલક તરીકે એમની નિમણુક થઈ હતી. ૧૮૮૦માં કચ્છના દીવાન તરીકે નિમાયા. ૧૮૮૭થી ૧૮૯૦ સુધી રેવાકાંઠાના પોલિટિકલ એજંટ તરીકે કામ કરી ૧૮૯૦માં નિવૃત્ત થયા.

'કરણઘેલો' (૧૮૬૮) પ્રસિદ્ધ થતાં ગુજરાતી સાહિત્યમાં એક નવો પ્રદેશ ખૂલ્યો, અને ત્યારથી તે આજ પર્યંત, નવલકથા સાહિત્યનાં બીજાં અંગો કરતાં વિશેષ લોકપ્રિયતા ભોગવી રહી છે. રા. બ. મહીપતરામ રૂપરામ નીલકંઠે 'સાસુવહુની લડાઈ' નામે સામાજિક કથા લખી હતી. આ બંને નવલકથાઓમાં સાહિત્યસર્જનની પ્રાથમિક દશાના દોષ છે, પણ સાહિત્યના ઇતિહાસમાં બંને પુસ્તકો અતિ મહત્ત્વનાં લેખાય છે. તે પહેલાં આપણે ત્યાં પદ્યમાં આખ્યાન કે વાર્તા લખાતી, પણ ગુજરાતી નવલકથાના ઉદય અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિકાસ સાથે તેનો સંબંધ નહિવત્ છે; કારણ આપણી નવલકથાની શરૂઆત નાટક અને ટૂંકી વાર્તાની જેમ અંગ્રેજી સાહિત્યના સંપર્ક પછી જ થાય છે.

નંદશંકરે 'કરણઘેલો' સિવાય બીજું સાહિત્ય લખ્યું નથી, છતાં સાહિત્યના ઇતિહાસમાં આ એક જ પુસ્તકે એમને અમર સ્થાન અપાવ્યું છે. એમની શૈલી સાદી અને રૂઢ છે પણ પ્રસંગોપાત્ત તેને તે ગંભીર બનાવી શક્યા છે. એમાંનાં કેટલાંક કુદરતનાં વર્ણનો, નવલકથામાં અપ્રસ્તુત હોવા છતાં, સારાં છે. ઘણાં વર્ષો સુધી એમનાં વર્ણનોનું અનુકરણ થયું હતું. અહીં ઉતારેલા વિભાગને નવલકથાના વસ્તુ સાથે કોઈ પણ જાતનો સંબંધ નથી એ જોઈ શકાશે, અને તે સ્વતંત્ર નિબંધ જેવો લાગ્યા વિના નહિ રહે. આવા નિબંધના પ્રકારને રૂપક (allegory) કહી શકાય.]

સંસારસાગર

આ સંસારસાગર એક મોટો વિકટ સાગર છે. તેમાં કરોડો વહાણો હંકારાય છે; તે વહાણોમાં તેના ધણી પોતાની સાથે સંબંધ ધરાવનાર માણસો લઈને બેસે છે. આ દરિયામાં અગણિત નાનામોટા ખડકો પાણીમાં ઢંકાયેલા છે. તે ઉપર કેટલાંએક વહાણો ગર્ભપુરી બંદરોમાંથી નીકળતાં જ અથડાઈને ભાંગી જાય છે, અને તેમાં બેઠેલાં તમામ માણસો ગરક થઈ જાય છે. બીજાં કેટલાંએક થોડે આગળ ચાલ્યા પછી ડૂબે છે. એ પ્રમાણે એક પછી એક વહાણ એ ખડકોને લીધે ભાંગતાં માલૂમ પડે છે. અને બીજાં નવાં ગર્ભપુરી બંદરની ગોદીમાંથી દરિયામાં બહાર પડે છે. જ્યાં સુધી વહાણો મુક્તિપુરી બંદરે પહોંચે, ત્યાં સુધી આખે રસ્તે સાગરનાં મોટાં, ઊછળતાં તોફાની મોજાંથી તેઓ ઊંચાંનીચાં થાય છે, અને હમણાં ડૂબશે, હમણાં ડૂબશે, એવી તેમાં બેસનારાઓને દહેશત રહે છે; દરિયામાં ડૂબેલા ખડકો સિવાય બીજા અગણિત ઊંચા આવેલા પથ્થરની સીધી બાજુવાળા બેટો છે; તે ઉપર લીલોતરી તથા રળિયામણા પર્વતો હોવાને લીધે ઘણા સુંદર દેખાય છે; વળી તે ઉપર દેખીતી ખૂબસૂરત દુર્ગુણ નામની રાક્ષસીઓ બેસીને મધુર રાગથી ગાન કરે છે; કટાક્ષબાણથી વહાણમાં બેસનારાઓને ત્યાં આવવાને ઇશારત કરે છે. વહાણધણીની સાથે જેઓ બેઠેલા હોય છે, તેમાંથી કેટલાએક તેના ખરા મિત્ર હોય છે, ને કેટલાએક તો તે દુષ્ટ રાક્ષસીઓનાં સગાં મદદગાર હોય છે અને તેઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વહાણધણીને તે બેટમાં જવાને નિરંતર સમજાવ્યા કરે છે. જ્યાં સુધી વહાણનુ સુકાન વિવેકની પાસે હોય છે, ત્યાં સુધી સામે પવને પણ તે સદ્ગુણની સાંકડી નાળમાં જ તે વહાણ ચલાવે છે; પણ રસ્તામાં તે વહાણધણીને મજા પડતી નથી; તેના વહાણમાં બેસનારા – તે પણ તેના શત્રુઓ – હમેશાં તેના કાન ભંભેર્યા કરે છે, અને વિવેક જે રસ્તે વહાણ લઈ જાય છે, તે રસ્તામાં કાંઈ જોવા જેવું નથી, તથા જ્યારે આ સાગરમાં આવ્યા ત્યારે ત્યાંની સઘળી મોજ ચાખીએ નહિ તો ફેરો મિથ્યા; એવી શિખામણ આપી વિવેક પાસેથી સુકાન છીનવી લેવડાવીને અવિચારીને સુકાનીનું કામ સોંપાવે છે. પછી કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સરરૂપી સઢો ચઢાવવામાં આવે છે; અને તૃષ્ણારૂપી પૂંઠનો પવન જોરથી ફૂંકાતાં વાર જ વહાણ સદ્ગુણની નાળમાંથી ઘસડાઈને બહોળા દરિયામાં પડે છે. પછી જે રસીલો બેટ હોય છે તે તરફ વહાણ હંકારાય છે. આ વખતે નાળમાંના વહાણવાળાઓ બહાર પડેલા વહાણવાળાઓને મોટેથી પોકાર કરીને બેટની પાસે જવાની ખરાબી સમજાવે છે, તથા તે વહાણવાળા તે બેટની પાસે લગભગ ગયા હોય એવા, તથા જેનાં વહાણો બેટના પથ્થરની સીધી બાજુઓ ઉપર અથડાઈને કટકેકટકા થઈ ગયાં હોય, તે તેઓને દેખાડે છે; પણ મૂર્ખ વહાણવટી તેઓની વાત લગાર પણ કાને ધરતો નથી. દુર્ગુણ નામની રાક્ષસીઓના મદદગાર તથા જાસૂસો તેને સમજાવે છે, કે જેઓ ભરદરિયામાં પડતા નથી તેઓ તેની ખૂબી જાણી શકતા નથી; તથા જેઓનાં વહાણ અથડાયાં છે તેઓના સુકાની સારા નહિ હોય; અથવા તેઓએ બેટ ઉપર જવાનો ખોટો રસ્તો પકડ્યો હશે. આપણને એમ થશે નહિ : અને એમ કરતાં જો વહાણને જોખમ લાગે એવો જરા પણ સંભવ લાગશે તો તરત સઢ વીંટાળી લઈ વહાણ પાછું નાળમાં ઘાલી દઈશું; પણ નુકસાન લાગશે, એવી નકામી બીકથી એક સાંકડી નાળમાં ચાલ્યા કરવું; અને સાગરમાંના અગણિત બેટોમાં શું શું છે તે શોધ્યા વિના રહેવું, તેમાં વહાણ ચલાવવાની ખૂબી શી? એવી સલાહ માન્ય કરી વહાણ આગળ બેટ તરફ ચલાવે છે અને રસ્તામાં ડૂબતાં બીજાં વહાણો જુએ છે, તથા તે બેટની પાસે લાખો વહાણો ભાંગતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેની નજરે પડે છે તોપણ તે બેધડક આગળ ચલાવ્યે જાય છે; તે પણ એટલે સુધી કે તે વહાણ પણ બીજાઓની પેઠે તળિયે બેસે છે. તે વખતે રડે, શોક કરે, કે પસ્તાય તો શા કામનું? જોતજોતામાં વહાણ નીચે બેસતું જાય છે, પણ કોઈ તેને લેખવતું નથી; અથવા તો બચાવવાનો વખત વીતી જવાથી નાળમાંના ઘણાએક વહાણવાળાઓ તેની તરફ દોરડાં ફેંકી તથા નાના મછવા મુકાવીને ઉગારવાને જે મહેનત કરે છે. તે સઘળી નિષ્ફળ જાય છે. ધન્ય છે એવા મદદ કરનારા વહાણવાળાઓને કે આટલી બધી લાલચ તુચ્છ ગણીને, આટલું બધું જોખમ વેઠીને, બલકે ડૂબતા તથા ડૂબવાની તૈયારી પર આવેલા વહાણવાળાઓની ગાળ ખાઈને તથા તેઓની તરફનું અપમાન સહીને તેઓને મુક્તિપુરીના સાચા રસ્તા ઉપર લઈ આવવાને તેઓ આટલો બધો શ્રમ કરે છે! એ પરોપકારી પરમાર્થી વહાણવાળાની મહેનત કાંઈ હંમેશાં સફળ થતી નથી, અગર જો ઘણાં વહાણો તેઓની તરફથી સહાયતા આવ્યા પહેલાં અથવા આવ્યા છતાં પણ ભાગે છે; તોપણ થોડાંએકને તો તેઓ બચાવી શકે છે, અને તેઓને પાછાં નાળમાં ઘાલી દે છે. નાળ બહાર લાલચના ટાપુઓ એટલા તો અસંખ્ય છે, અને તેઓના ઉપર એટલી તો મોહ પમાડનાર સ્ત્રીઓ બેઠી બેઠી મધુર સ્વરે સઘળાને બોલાવે છે કે જેઓ તૂતક ઉપર બેઠેલા હોય છે, તેઓને ત્યાં જવાનું મન થાય છે; પણ વિવેકસુકાનીનું પ્રાબલ્ય તૂટેલું ન હોય, તો તેઓ પાછા નાળમાં ઘસડાઈ આવે છે. એ પ્રમાણે નાળમાંનાં વહાણ ઝોલાં ખાય છે, અને તે વખતે થોડી વાર નાળા બહાર જઈ આવી પાછાં રસ્તે પડે છે. એ પ્રમાણે નાળામાં છતાં પણ તૂતક ઉપર બેસનારાઓને જોખમ છે, અને નાળામાંથી જરા પણ ખસ્યા તો મુક્તિપુરીના બંદરમાં પેસવાનો ત્યાંના ફુરજાના દરોગા તરફથી પરવાનો મળે નહિ, એવા ધાકથી કેટલાએક તો તૂતક છોડી ભંડારમાં જઈ ભરાઈ રહે છે, અને આગળ વહાણ લંગારવા વાર થાય ત્યાં સુધી પોતાનું મોઢું બહાર બતાવતા નથી. કેટલાએક તૂતક ઉપર રહે છે, તેઓ વહાણને નાળા બહાર ઘસડાતું અટકાવવાને હંમેશાં તેને નબળું પાડ્યા કરે છે, એટલે તે મેદાને પડી શકતું નથી.

એ પ્રમાણેનો સંસાર છે. તેમાંની હજારો લાલચો ને ફંદામાં ન પડવાને માટે તથા તે લાલચ તરફ મન ન દોડે તેટલા માટે ઘણા માણસો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેહને કષ્ટ કરે છે. વળી દેહને અને મનને એવો નિકટનો સંબંધ છે, કે જો દેહને કષ્ટ થાય તો મન પણ કષ્ટ પામે છે. અને તેમ થવાથી મોહ-જાળમાં ફસાઈ પડવાનો તેનો કદાચ અટકાવ થાય છે.

—કરણઘેલો

ટિપ્પણ અને પ્રશ્નો

ગર્ભપુરી—આ શબ્દ જન્મ—જીવનસફરનું શરૂઆતનું સ્થાન—સૂચવે છે. **મુક્તિપુરી**—આ શબ્દ મૃત્યુ—જીવનસફરનું લક્ષ્ય, અંત—સૂચવે છે. **દહેશત** (ફા.)—બીક, ભય. **રાક્ષસી**—અહીં સંસારનાં પ્રલોભનોના અર્થમાં. **વિવેક**—સારાનરસાનો ભેદ જાણવાની શક્તિ. **ફુરજો** (ફા.)—(બંદર ઉપર વેપારીઓ પાસેથી કર લેવાનું થાણું) વહાણોમાંથી માલ ઉતારવાનું સ્થાન—મથક. **દરોગા**—દરોગા (ફા.) તપાસ રાખનાર (સિપાઈઓનો ઉપરી).

૧. સંસારને સામાન્ય રીતે સાગરની ઉપમા આપવામાં આવે છે. શા માટે? સંસાર અને સાગરની સરખામણી કરો.

૨. આ નિબંધમાં સમાયેલાં રૂપકો સમજાવો.

૩. સંસારમાં કયા કયા પ્રકારની લાલચો છે? એથી બચવા માટે લેખક શા શા ઉપાય સૂચવે છે?

૪. સંસારને 'રણ' કે 'વન'ની ઉપમા આપી વીસેક લીટી લખો.

ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી

[ઈ. સ. ૧૮૫૫–૧૯૦૭]

[આ મહાન વિચારક અને સામાજિક જીવનના સમર્થ વિવેચકનો જન્મ નડિયાદની નાગર જ્ઞાતિમાં થયો હતો. તે જન્મથી જ રોગી હતા અને મરણપર્યંત એવી દશા ભોગવેલી. ૧૮૮૩માં એલએલ.બી.ની પરીક્ષા પસાર કરી એમણે મુંબઈમાં વકાલત શરૂ કરી. ૧૮૯૮માં એ ધંધામાંથી નિવૃત્ત થઈ એમણે સાહિત્ય અને સમાજસેવામાં મન પરોવ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ગોવર્ધનરામે ગુજરાતને વિચારતું કર્યું.' એમના વિચારની અસર સમાજજીવન પર ઘણાં વર્ષો સુધી રહેશે. 'એમણે જૂના અને નવા વિચારોની સુદૃઢ સંધિ કરાવી, કંઈ કંઈ ઉચ્ચ આશયો ખડા કર્યા છે.'

'સરસ્વતીચંદ્ર'માં નવલકથાનો અંશ જોઈએ તેથી ઓછો છે. પહેલો ભાગ નવલકથા છે; બીજો કુટુંબકથા છે; ત્રીજો રાજ્યકથા છે; ચોથો જ્ઞાનકથા છે; 'સરસ્વતીચંદ્ર'એ લેખકના વિચારનું મહાન પ્રદર્શન છે. ગોવર્ધનરામની મહત્તાનું માપ આ પુરાણગ્રંથ વાંચ્યે જ કાઢી શકાય. સાહિત્યસ્રષ્ટા, વિવેચક અને સુધારક તરીકેની એમની શક્તિઓનો સાચો પરિચય આ પુસ્તક દ્વારા જ થઈ શકે.

પોતે કવિ ન હતા, પરંતુ એમનાં કેટલાંક કાવ્યો ઉચ્ચ પંક્તિનાં છે, અને તે 'સરસ્વતીચંદ્ર'માં વેરાયેલાં પડયાં છે. 'સ્નેહમુદ્રા' નામે એમનો એક કાવ્યગ્રંથ છે. એમની કવિતામાં લાગણીનું જોર ઓછું છે, પરંતુ વિચાર-ગહનતા વિશેષ છે.

અંગ્રેજી સાહિત્યના પરિચયથી ગુજરાતમાં નવલકથાસાહિત્યનો ઉદય થયો. આ પ્રવૃત્તિને સમાજસુધારણાની ભાવનાથી બળ મળ્યું, અને પરિણામે બોધપ્રધાન સામાજિક નવલકથા, સાહિત્યનું અગત્યનું અંગ બની; અને લોકપ્રિય થતાં ગુજરાતનું નવલકથાસાહિત્ય વેગથી આગળ વધ્યું. 'કરણઘેલો' અને 'વનરાજ ચાવડો' કે 'સાસુવહુની લડાઈ'થી ઘણાં પગથિયાં ઉપર ચડી ગોવર્ધનરામે નવલકથા દ્વારા સામાજિક સુધારો કરવાનો માર્ગ બતાવ્યો.

'સરસ્વતીચંદ્ર' એ ગુજરાતી સાહિત્યમાં અનન્ય ગ્રંથ છે. ગોવર્ધનરામે આલેખેલાં પાત્રો એક વખત તરુણ ગુજરાતીઓ અને ગુજરાતણોના આદર્શ રૂપે ગણાતાં. એમનું પાત્રાલેખન વાસ્તવિક અને વિવિધતાભર્યું છે. એમની સુંદર, પ્રૌઢ છતાં સાદી અને આલંકારિક ભાષાએ ગુજરાતી ગદ્યસાહિત્યને નવું બળ આપ્યું; 'સરસ્વતીચંદ્ર' હજુ પણ ગુજરાતી ગૃહજીવનનું પુરાણ લેખાય છે. ગુજરાતી આચારવિચાર ચીતરી ભાવિ પ્રજાનું કલ્પિત આદર્શ ચિત્ર દોરવું એ 'સરસ્વતીચંદ્ર' લખવામાં ગોવર્ધનરામનો ઉદ્દેશ હતો.

પોતાની પુત્રીના અવસાન પછી લખાયેલી 'લીલાવતી જીવનકળા', 'દયારામનો અક્ષરદેહ' અને 'સાક્ષરજીવન' એ એમના બીજા ગદ્યગ્રંથો છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સરસ્વતીચંદ્રનો ગૃહત્યાગ

[મુંબઈના ધનાઢ્ય વેપારી લક્ષ્મીનંદનના પુત્ર સરસ્વતીચંદ્રનો વિવાહ રત્નનગરીના પ્રધાન વિદ્યાચતુરની પુત્રી કુમુદસુંદરી સાથે થયો હતો. વિવાહિત જોડા વચ્ચે પત્રવ્યવહાર ચાલતો હતો. સરસ્વતીચંદ્રની ઓરમાન મા ગુમાનની ભંભેરણીથી શેઠે નિર્દોષ પિતાવત્સલ પુત્રને ઘણાં કઠણ વચન કહ્યાં; ને વહુઘેલા થવાનો આરોપ મૂકયો. પિતાનો મારા પર હવે પ્રેમ નથી, ને કુમુદ મને પરણી આ ઘરમાં આવી સુખી થશે નહિ, એ વિચારથી સરસ્વતીચંદ્રે પિતાના દ્રવ્યને શિવનિર્માલ્ય ગણી ઘર છોડવા નિશ્ચય કર્યો, ને પોતાના પરમ મિત્ર ચન્દ્રકાંતને જણાવ્યો. આવા ઉચ્છૃંખલ કાર્યમાં ચન્દ્રકાંત સંમત નહિ થવાથી 'હમણાં જા, સવારે તને તેડવા ગાડી મોકલીશ.' એમ સમજાવી તેને ઘેર મોકલ્યો.]

પ્રાતઃકાળ થયો, સાત વાગ્યા પણ ગાડી આવી નહિ; તેના પેટમાં ફાળ પડી. ભાડે ગાડી કરી બંગલે ગયો. બંગલે માળી વિના કોઈ મળે નહિ. માળી કહે, 'ભાઈ ગાડીમાં બેસી ચોપાટી પર મળસકાના ફરવા ગયા છે.' ચંદ્રકાંતે ચોપાટી પર ગાડી દોડાવી. મુંબઈના નાગરિકોનું ચોપાટી એ પ્રિય સ્થાન છે. અર્ધે સુધી સમુદ્રતટ અને તેની જોડે બાંધેલો રસ્તો છે. આગળ ચાલતાં 'રેલવે'ની સડકનું ક્રૉસિંગ આવે છે. તે ઓળંગતાં ચર્નીરોડ સ્ટેશન છે. સરસ્વતીચંદ્રની ગાડી ચંદ્રકાંતને સમુદ્રતટ ઉપર ઊભેલી મળી. ગાડીવાન કહે, 'ભાઈ આગળ ફરવા ગયા છે, પણ કયારના પાછા ફર્યા નથી. મને આ ચિટ્ઠી આપી છે, ને કહી ગયા છે કે તારી પાસે રાખી મૂક, ઘેર જઈને ચંદ્રકાંતને આપવાની છે.'

ચન્દ્રકાંતનો જીવ ઊડી ગયો; ચિઠ્ઠી લઈ વાંચી.

પ્રિય ચન્દ્રકાંત,

તું મને શાંત કરી રાત્રે ગયો હતો. હું શાંત થયો હતો જ, પણ આખી રાત મેં વાડીમાં ફર્યા કર્યું છે. ઘણા વિચાર કર્યા. આખરે મારો વિચાર ખરો લાગ્યો, અને તે પ્રમાણે કરું છું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તારી પાસે પેટી છે, તે તારી પાસે રાખજે. તેમાંના સામાનની યોગ્ય વ્યવસ્થા કરજે. મારે તેનો સંબંધ નથી. પિતાજીને મળજે, સાથેનો પત્ર તેમને આપજે, અને યોગ્ય લાગે તે તેમને કહેજે. તેમને દુઃખ થવા દઈશ નહિ.

મારા વિયોગનો શોક કરીશ નહિ. મૃત્યુ પછી અંધકારમાં એકલા પ્રવાસ કરવા પ્રાણીમાત્ર નિર્માયેલાં છે. મૃત્યુ પહેલાં જ અંધકારમાં ફરવું એ મૃત્યુને માટે સજ્જ થવા જેવું છે. માયાનો જૂઠો પ્રકાશ મૂકી આવા નિમિત્તે હું આ અંધકારને શોધું છું, તે રજ પણ શોચનીય નથી.

હું તને નહિ ભૂલું. પ્રસંગે ફરી પ્રત્યક્ષ કે પરોક્ષ રહી જણાઈશ.

હું તને છોડું, પણ હૃદય કેમ છોડશે ?

મારી શોધ કરીશ નહિ. ગંગાભાભીને આશ્વાસન આપજે. હું તમને ભૂલી શકનાર નથી.

(શિખરિણી)

રહી ઓછુંવત્તું, વિષય સઉ જાશે તજી મને.
તજું હું તેને તો, પ્રિય સુહૃદ, ના દોષ કંઈ એ ?
જશે મેળે જ્યોત્સ્ના, ઉડુગણ જશે, રાત્રિય જશે,
કલેન્દુ સાંજેયે નિરખી, ઊગતાં આથમી જતો.

સ્નેહથી બંધાયેલો તું મને છૂટવા ન દેત, માટે સાહસ કરી છૂટું છું.

લિ. નામે સરસ્વતીચન્દ્ર — બીજું શું કહું ?

ઊંડો નિઃશ્વાસ મૂકી કપાળે હાથ દઈ વીલો પડી જઈ ચંદ્રકાંત લક્ષ્મીનંદન પરનો કાગળ વાંચવા લાગ્યો.

પ્રિય પિતાજી,

આપને સુખનો માર્ગ હું ખુલ્લો કરી આપું, તેમાં અપરાધ તો નથી; તે છતાં અપરાધ લાગે, તો પિતા પાસે ક્ષમા માગતાં પુત્ર નિરાશ નહિ થાય.

ધૂર્તલાલને સૂત્રયંત્રનું સર્વ કામ આપની ઇચ્છા પ્રમાણે બતાવી સમસ્ત ભાર તેમને સોંપી દીધો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બ્રહ્માને ઘેર કોઈની ખોટ નથી. મારી ખોટ પડવાનું આપને કારણ નથી. ધનભાઈથી આપને સંતોષનું કારણ મળો, એ ઈશ્વરપ્રાર્થના છે. આપનું સમસ્ત દ્રવ્ય તેના કલ્યાણ અર્થે યોગ્ય લાગે તેમ રાખો; આપને હું કોઈ પ્રસંગે સાંભરી આવીશ, તો એ જ મારે મન દ્રવ્ય છે.

મારે માનસિક વૈરાગ્ય લેવામાં આપની ચિત્તવૃત્તિ પ્રતિકૂળ નહિ થાય, એવો નિશ્ચય થયાથી હું તે સ્વીકારું છું, અને સંસારસાગરને અદૃશ્ય તળિયે જઈ બેસું છું. સંન્યસ્તારંભે કોઈને જણાવવાની જરૂર નથી લાગતી. જનાર 'જાઉં છું' કહેવા રહે એમ હોતું નથી. ગુમાનબાને હું નિર્દોષ છતાં મારો દોષ વસ્યો હોય, તો ક્ષમા અપાવશો.

મારા જવાથી આપના રોષનું સર્વ કારણ જતું રહેશે. મારી ચિંતા કરવાને આપને કારણ નથી. વિદ્યાચતુરના કુટુંબની પરીક્ષામાં આપ છેતરાયા, એ શલ્ય આપના ચિત્તમાંથી હવે નીકળી જશે. આપની નિશ્ચિંતતા હવે અમર રહો ! !

પિતાજી, હવે મારી ચિંતા કરશો નહિ. મારી પાછળ ખેદ કરશો નહિ. સર્વ મોડુંવહેલું જવાનું છે, અને પાછું ન મળે એવું થવાનું છે. ચંદ્રબા ગઈ, તેમ હું પણ જાઉં છું. એ એક દિશામાં ગઈ, હું બીજી દિશામાં જાઉં છું. એ સ્મરણથી ખસી તેમ મને ખસેડજો. સંસારમાં ડાહ્યા માણસોનો માર્ગ એ છે, કે ગયેલું ન સંભારવું.

પિતાજી હવે તો —

(ગઝલ)

સુખી હું તેથી કોને શું? દુઃખી હું તેથી કોને શું?
જગતમાં કંઈ પડ્યા જીવ, દુઃખી કંઈ ને સુખી કંઈક?
સઉ એવા તણે કાજે, ન રોતાં પાર કંઈ આવે!
કંઈ એવા તણે કાજે, પિતાજી, રોવું તે શાને?
નહિ જોવું! નહિ રોવું! અફળ આંસુ ન કયમ લ્હોવું?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભૂલી જઈને જનારાને, રહેલું નંદવું શાને!
સુખી હું તેથી કોને શું? દુઃખી હું તેથી કોને શું?

પિતાજી! બીજું શું લખું? મારા ગયાથી આપના ઘરમાં હું સિવાય કંઈ ચીજ ઓછી લાગે, તો ચંદ્રકાત આપશે. તેને કહેજો.

લિ. હવે આપના ચિત્તમાંથી પણ
— આપને સુખી કરવા સારુ જ ખસી જવા ઇચ્છનાર
સરસ્વતીચન્દ્ર

એ કાગળો વાંચી શોકસાગરમાં પડી, માથે હાથ દઈ ચન્દ્રકાંત સમુદ્રતટ પરના એક પથ્થર ઉપર બેઠો.

સરસ્વતીચન્દ્રના ગાડીવાળાને કહ્યું, કે 'જા અને તારા મોટા શેઠને ખબર કર, કે ભાઈ તો ગયા.'

ગાડીવાળો તો ચમક્યો: 'હેં, ક્યાં ગયા?'

'તે તો કોણ જાણે. જઈને કહે કે કંઈક પરગામ ગયા.'

'કાગળમાં શું લખ્યું છે?'

'એ જ.'

ગાડીવાળાએ વિચારમાં પડી ઘોડાની લગામ લીધી, અને ગાડી સાથે ચર્નીરોડ સ્ટેશન આગળનાં ઝાડ પાછળ અદશ્ય થઈ ગયો. ચન્દ્રકાંત ઊઠ્યો; ભાડાની ગાડીમાં બેસી સ્ટેશન પર જઈ પોતે તપાસ કરી, પણ કોઈએ પત્તો ન આપ્યો. સ્ટેશનમાસ્તર, ટિકિટમાસ્તર સર્વ એની આસપાસ ગૂંચળું વળી ભરાયા; મેઈલ અને પેસેન્જર ટ્રેઈનની ટિકિટોની જાવક જોઈ પણ કાંઈ સમજાયું નહિ. નિરાશ બની ચન્દ્રકાંત ઘેર ગયો; ત્યાં એકલો શયનગૃહમાં બેઠો. લેખનપીઠ (ટેબલ) પર માથું મૂકી અશ્રુપાત ખાળી ન શકતાં તેને રોકવો છોડી દીધો. ગંગાને સમાચાર કહ્યા; એક દુઃખનાં બે ભાગિયાં થયાં, અને આખરે આંસુ લ્હોઈ શું કરવું, તેના વિચારમાં એ પડ્યો, અને ગંગા આગળ હૃદય ઉઘાડું કરવા માંડ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'શું કરું ? અ-હં-હં-હં ? ગયા જ ? સરસ્વતીચન્દ્ર, આ શું સૂઝ્યું ? શેઠના ઉપર રોષ ચડે પણ મારા ઉપર શું ? ગરીબ બિચારી કુમુદસુંદરીની શી વલે થશે ? હું ક્યાં શોધું ? અપ્તરંગી માણસનો ભરોસો જ નહિ-હં ?'

વાએ વાત ચલાવી, અને ઘડીમાં સર્વ સમાચાર લોકવિદિત થઈ ગયા; એટલામાં લક્ષ્મીનંદનનો ગુમાસ્તો ચન્દ્રકાન્તને બોલાવવા આવ્યો. ચન્દ્રકાન્તે શેઠ ઉપરનો કાગળ ફરી વાંચી જોયો. 'આપનું સમસ્ત દ્રવ્ય તેના (ધનનંદનના) કલ્યાણ અર્થે યોગ્ય લાગે તેમ રાખો.' એ શબ્દો જોયા. કાગળ શેઠને તરત તો ન જ આપવો, એ વિચાર કરી ઊઠ્યો અને શેઠને ઘેર ગયો.

ગાડીવાને શેઠને સમાચાર કહ્યા તે વખતે ગુમાન અને ધૂર્તલાલ પાસે બેઠાં હતાં. સમાચાર સાંભળી ગુમાન ઝંખવાણી પડી ગઈ, અને શેઠ બેબાકળા બની ગયા. ધૂર્તલાલે ગુમાનના કાનમાં સૂચના કરી, 'જોજે, કાંઈ ગોટો વાળી ન ગયો હોય ! પાકો છે.' ગુમાનને જોર આવ્યું ને બોલી ઊઠી, 'ઘરમાં બધી તપાસ કરાવો.' શેઠ બોલ્યા, 'ઘરમાં શાની તપાસ કરાવે-પરગામ જાય તેની ઘરમાં શી તપાસ કરાવે ?'

'જુઓ, ભાઈ કાંઈ કીકલા નથી. આ તો બધાને ડરાવવાનો વેશ કહાડ્યો; કોણ જાણે ક્યાં ભરાઈ પેઠો હશે, અને આપણી પાસે શોધાશોધ કરાવી મૂકશે. બે લાખ રૂપિયાનો ધણી નાસી જાય નહિ. ભલું હશે તો સસરાને કે વહુને મળવા ગયા હશે, પણ ઘરમાં ગોટો ન ઘાલ્યો હોય તેની તપાસ પહેલી કરો. આ તો મારા ભાઈને તમે ઘાલ્યા તે કઢાવવાની યુક્તિ, પણ આપણેયે એટલું સમજીએ કે નાકે છી ગંધાતી નથી.'

રાતીચોળ આંખ કરી શેઠ શેઠાણીના ભણી જોઈ રહ્યા, અને આખરે બોલ્યા: 'જો આજ હું તારો નથી, હોં ! તારા પેટમાં ન બળે, પણ મને તો બળે.'

આ નાટક ભજવાતું હતું, અને કણકની પેઠે શેઠને કંઈ નરમ કરી દેવામાં ગુમાન ફાવી ન શકી, એટલામાં ચન્દ્રકાન્ત આવ્યો.

શેઠ ઊઠ્યા અને એક એકાંત ખંડમાં ચન્દ્રકાન્તને લઈ ગયા. ગુમાન પાછળ આવી. શેઠે તેને બારણે કાઢી, સાંકળ દેઈ પાછા આવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચન્દ્રકાન્ત પાસે બેઠા. તેમનું હૈયું ભરાઈ આવ્યું. પુત્રના ગુણ સાંભરી આવ્યા. ધૂર્તલાલને હવાલો સોંપી દેવામાં તેણે જે ઉતાવળ કરી હતી તે સાંભરી આવી; પોતે તેને કઠણ વચન કહ્યાં એમ લાગવા અને સાલવા માંડ્યું.

'ચન્દ્રકાન્ત, તું બધું જાણતો હોઈશ, હા–હા. તારા મોં ઉપરથી લાગે છે. તને ખબર હશે–મને કહે આ એને શું સૂઝ્યું? એના વિના હું ઝેર ખાઈ મરીશ, હોં.' શેઠે ટેબલ ઉપર માથું કૂટ્યું. ચન્દ્રકાન્તે શેઠને ટાઢા પાડ્યા. ડોશીવાળો લેખ કેમ થયો, તે લેખ કરવામાં સરસ્વતીચંદ્રે કેવી હરકત કરી હતી અને લેખની બાબતમાં તે કેવો અજાણ્યો હતો, શેઠનાં જ વચનથી તેના મનમાં કેટલું ઓછું આવ્યું હતું, ઇત્યાદિ સર્વ વાત કહી. વાત કરતાં કરતાં સરસ્વતીચન્દ્રવાળો કાગળ આપવો કે નહિ તે વિચાર કર્યો. ન આપવો તે અપ્રામાણિક લાગ્યું. આપ્યા પછી પાછો માગવો ઠીક ન લાગ્યું. આપતાં હરકત એ કે ચિત્ત ફરી જતાં શેઠ એ કાગળને ફારગતીરૂપ ગણી દે, અને વહુની રીસ અને સાસુને સંતોષ થઈ જાય–તેનું શું કરવું એ વિચાર થયો; અંતે 'જોઈ લઈશું' કરી કાગળ શેઠના હાથમાં મૂક્યો. ભોજે લોહીના અક્ષર મોકલ્યા તે વાંચી મુંજને થયો હતો તેવો જ વિકાર કાગળ વાંચતાં શેઠને થયો. ખરી વાત જાણ્યાથી, પુત્રની નિર્મળ વૃત્તિ અનુભવ્યાથી આંખમાંથી ખરખર આંસુ ચાલવા માંડ્યાં; ગુમાન અને ધૂર્તલાલ ઉપર તિરસ્કાર અને ધિક્કારની વૃત્તિ થઈ અને કાગળ એક પાસે મૂકી દીન વદનથી ચન્દ્રકાંતને કહેવા લાગ્યા: 'ચન્દ્રકાંત, ભાઈને બતાવ, તું જાણે છે–ગમે તે કર, ભાઈને આણ, નહિ ચાલે.' ચન્દ્રકાંતે કાગળ હાથમાં લઈ લીધો અને ફાડી શેઠના દેખતાં જ ચીરા ઉરાડવા માંડ્યા, અને લાંબા ચીરા કરી પાછા તેના કકડા કરતાં બોલ્યો:

'શેઠ, મેં કહ્યું કે મને ખબર નથી, તે વાત સાચી છે.' કાગળ ફડાતો શેઠે દીઠો, પણ સર્વવ્યાપારરોધી ચિત્તવિકાર મનોવ્યાપી થઈ જવાથી તે વિષે વિચાર ન કર્યો, પ્રશ્ન ન પૂછ્યો. ચન્દ્રકાન્ત ઊકળતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હૃદયમાંથી ઊભરા ઉપર ઊભરા કાઢી બાકી ન રહે એમ ડર વગર બોલવા લાગ્યો અને કાગળના ચીરા કર્યા તેમજ શબ્દે શબ્દેથી શેઠના અંતઃકરણના ચીરા કરવા લાગ્યો.

"શેઠ, આપ તો મોટા માણસ છો; પણ આપણાથી નાનાં માણસ હોય તેની ચિંતા પણ કરવી જોઈએ. પુત્રને પરણાવવા ઇચ્છો તો પરણનાર જોડું એકબીજા પર પ્રીતિ વધારી સુખી થાય તે પણ આપે ઇચ્છવું જોઈએ. નિર્મળ કુમુદસુંદરી પર આરોપ મૂકી પુત્રના હૃદયમાં કટાર ખોસ્યા જેવું કર્યું–તેની વેદના એ દંપતીને હવે કેટલી થશે તે ઈશ્વર જાણે! વરકન્યાની પ્રીતિ વધે ને માબાપથી ન ખમાય, એ તો વિપરીત જ; પણ આપ શું કરો? ઈશ્વરનું કર્તવ્ય એવું જ. અપર માતાના હાથમાં ગયેલા પિતાનો પુત્ર સુખી રહ્યો સાંભળ્યો નથી. ખરી વાત એ છે કે છોકરાં કરતાં સ્ત્રી વધારે હોય જ. સરસ્વતીચંદ્ર કેટલો નિર્દોષ છે, તે આપના મનમાં શાનું વસે? પિતાની મારા પર પ્રીતિ નથી, એ વિચારે તેને ઘેલો બનાવી મૂક્યો. અને ઘર છોડી તે ગયો. બે ઘોડાની ગાડીમાં બેસનારો, બૂટમોજાં વિના ન ચાલનારો, આપની શ્રીમંતાઈના વૈભવમાં વસનારો – તે આજ સાધારણ વેશે નિરાધાર, એકલો, અપ્રસિદ્ધ, કોણ જાણે ક્યાં ભટકતો હશે? સભાઓ ગજાવનાર, વિદ્વાનોનો માનીતો, મારા જેવા કેટલાક નિરાધારનો આધાર, તે આજે ક્યાં હશે? શેઠ! એને ધ્રુવજીના જેવું થયું. અરેરે, કુમુદસુંદરી જાણશે, ત્યારે તેનું શું થશે? શેઠ, આપના ઘરમાંથી દીવો હોલવાઈ ગયો; પણ આપને શું?

"એક વાત આપને કહેવા જેવી છે. એક બાબુ અને તેની સ્ત્રીને ઘણી પ્રીતિ હતી. એકબીજાથી તેમનાં ચિત્ત જુદાં જ ન હતાં. તેમના ઘરમાં એક થાંભલા પર ચકલીનો માળો હતો. તેમાં ચકલોચકલી રહે અને આનંદ કરે. ચકલીએ ઈંડાં મૂક્યાં, અને બચ્ચાં થયાં. તેની બે જણ બહુ સંભાળ રાખે. એક દિવસ ચકલી મરી ગઈ. ચકલે બીજી ચકલી આણી. બે જણાંએ મળી બચ્ચાંને ધકેલી કહાડ્યાં, અને ઊડવા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સરખું ન શીખેલાં બચ્ચાં જમીન પર પડી મરી જાત; પણ સ્ત્રીએ ઝીલી લીધાં. તેમનો વિચાર કરીને પોતે રોવા લાગી; બચ્ચાંને છાતીસરસાં રાખે ને રુએ. એટલામાં બાપુ આવ્યો; સ્ત્રીને રોવાનું કારણ પૂછ્યું. તેણે ન કહ્યું. ઘણું કર્યું ત્યારે બચ્ચાં બતાવ્યાં. તેમનો ઇતિહાસ કહ્યો. અને બોલી—'આ પક્ષીઓમાં બન્યું, તેવું જ માણસમાં પણ કેમ ન બને? દેહનો ભરોસો નથી, અને તમારી આજ મારા પર પ્રીતિ છે, પણ મારા પછી આ કુમળા બાળકનું શું થશે, તે વિચારથી મને રોવું આવે છે.' ધણીએ ઘણું આશ્વાસન આપ્યું, પણ સ્ત્રીને વિશ્વાસ ન જ આવ્યો.

"પળે પળ જાય તેમ સ્ત્રી રોતી જાય અને આંસુ તો આંખમાં માય નહિ! 'હાય હાય! આ બાળકનું શું થશે?' એ જ વિચાર ભરાયો.

"આખરે ધણીએ કહ્યું, કે 'ન કરે નારાયણ, ને એવો સમય આવે, તો છોકરાંને કહેજે, કે આ થાંભલા આગળ મને આણી આ વાત સંભારી આપે. શું તારી પ્રીતિ ભુલાય એવી છે?'

"દિવસ ગયા અને બાઈ ભાગ્યશાળી તે સૌભાગ્યવતી ગુજરી ગઈ. બાપુ ફરી પરણ્યો; પ્રથમની સ્ત્રીથી એક છોકરો ને છોકરી હતાં.

"નવી વહુએ હળવે હળવે કાન ભંભેરવા માંડ્યા. નવી તો ફરિયાદ કરે–છોકરાંનું ખોટું બોલે; પણ નમાયાં બાળક–તેનાથી માનું ખોટું કેમ બોલાય–ફરિયાદ કેમ થાય? આખરે નવીએ બાપને ભેરવ્યો અને કહે, 'આ છોકરાં ભેગાં મારાથી નહિ રહેવાય; ગમે તો એ, કે ગમે તો હું.'

"ખરું! સ્ત્રી હોય એટલાં નમાયાં છોકરાં હોય? છોકરાંનું તો ગમે તે થાઓ? સ્ત્રી ક્યાં જાય? બાપુએ બાળકોને બોલાવી કહ્યું કે 'મારે, હવે તમે નહિ–બસ જાઓ.'

"છોકરાંનાં મોં દયામણાં થયાં, પણ દયા કોને આવે? 'બાપા, ક્યાં જઈએ?' કરી વાલે મોંએ પૂછ્યું: 'બાપા કોના?' રાક્ષસે કહ્યું, 'મને શું પૂછો છો? જાઓ ગમે ત્યાં; પડો ખાડામાં.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"રોતાં રોતાં નિરાધાર છોકરાં બારણા આગળ આવ્યાં. દૈત્યને દયા ન જ આવી.

"એટલામાં છોકરી જરા ડાહીલી હતી. તેને માનું કહ્યું સાંભરી આવ્યું, અને ભાઈને રોતી રોતી કહે, 'ભાઈ, ચાલ આટલું માનું કહ્યું કરીએ.' બે જણ પાછાં આવ્યાં.

"'કેમ પાછાં આવ્યાં? જાઓ!' બાપે ધાંટો કહાડ્યો.

"બીતી બીતી થરથરતી બાળકી બોલી: 'બાપા અમે જઈએ; પણ માએ કહ્યું હતું, કે આ વખત આવે, બાપાને એક વાત કહેજો. તે કહીએ તે સાંભળશો?'

"દૈત્યને દયા આવી ને હા કહી.

"છોકરાંએ ચકલીની વાત અને મા રોઈ હતી તે કહી બતાવ્યું; બાપનું અંતઃકરણ ઓગળ્યું. ભુતકાળ સાંભરી આવ્યો; આપેલું વચન મન આગળ તરી આવ્યું, છોકરાંને રોતો રોતો બાઝી પડ્યો, અને ઘરમાં રાખ્યાં.

"શેઠ! આપને પણ આ બાબુના જેવું થયું છે; પણ સરસ્વતીચંદ્રને ચંદ્રલક્ષ્મીએ કાંઈ કહી મૂક્યું નથી—તે બિચારાં ગયાં, અને માનવતાનો અવકાશ પણ તમારે નથી.

"આપના મનમાં એમ આવ્યું કે એ પૈસાને લીધે આપનો સગો છે. હવે એ સગપણ નથી. આપ એને મન બાપ છો. આપને મન એ પુત્ર નથી. હોય, એમ જ હોય તો!

"શેઠ, આપના ઘરમાંથી એ ગયો તેની ફિકર કરશો નહિ. એને સોંપેલી અને બીજી વસ્તુઓ—ઘરની—સંભાળજો, ઘરમાંથી કંઈ ગયું લાગે તો મને કહેજો, હું ભરી આપીશ.

"શેઠજી, જાઉં છું. આપ મોટા માણસ છો. વધારે ઓછું બોલાઈ ગયું હોય તો ક્ષમા કરજો. રજા લઉં છું."

બોલતાં બોલતાં ચન્દ્રકાંતે પાઘડી પહેરી, ઊઠ્યો અને ચાલવા માંડ્યું. શેઠે હાથ પકડી તેને બેસાડ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ચન્દ્રકાંત, ચન્દ્રકાંત, આમ શું કરે છે? મને એનો પત્તો આપ. તેં મારું ખસી ગયેલું કાળજું ઠેકાણે આણ્યું છે. હવે એ પુત્રવિયોગથી ફરી ખસશે, તો પછી ઠેકાણે નહિ આવે હાં.'

'શેઠ ઘરમાં છે ઠેકાણે લાવનાર. હું ખરેખરું કહું છું કે મને ભાઈની ખબર નથી. મને ખબર હોત તો હું આમ જવા ન દેત. હું મારી મેળે હવે એને શોધાશે એટલું શોધીશ, એના જેવો થઈ આથડીશ, મરજી પડે તે કરીશ, એમાં કોઈને શું? આપ હવે આનંદ કરો, ઘરમાંથી કાંટો ગયો — એની કનવા કહાડી નાખો. મારું હૈયું ભરાઈ આવ્યું છે, બસ, મને જવા દો.' શેઠનો હાથ તરછોડી નાખી બારણું ફડાક ઉઘાડી ચન્દ્રકાંત ચાલતો થયો. ગુમાન બારણામાં પેઠી.

શેઠ ઘેલા બની લવતા હતા – 'દુ:ખી હું તેથી કોને શું? હેં, શું એમ જ? તું દુ:ખી તેનું મને કાંઈ નહિ? દુ:ખી હું તેથી કોને શું? હેં? — નહિ જોવું — નહિ રોવું, અફળ આંસુ ન શીદ લ્હોવું? — પિતાજી રોવું તે શાને ભૂલી જઈને જનારાને — દુ:ખી હું તેથી કોને શું? હેં! મારો જ વાંકસ્તો. ચન્દ્રકાંત, મારો ભાઈ મને આણી આપ.' જુએ તો ચન્દ્રકાંત ન મળે.

'ભાઈ, ભાઈ!'

ગુમાન પાસે આવી ઊભી — 'ભાઈ તો ગયા.' ગુમાનને દેખતાં જ શેઠ ઊઠ્યા, અને એક બે લાતો એવી મૂકી, કે તે ગઈ ગબડતી આઘે, અને બારણા ઉપર અથડાઈ પડી ગઈ. 'હાં હાં' કરતો ધૂર્તલાલ અને બીજા માણસો અંદર આવ્યા.

હાથથી વાત ગઈ જાણી ભાઈબહેન શેઠની વૃત્તિને અનુકૂળ થઈ ગયાં અને સરસ્વતીચંદ્રની શોધ બાબત શેઠની સર્વ આજ્ઞાઓ દેખીતી પળાવા લાગી. પવનના ઝપાટા આગળ નમી જઈ ઝપાટો પાછો વળતાં ઊભા થતા ઘાસની વૃત્તિ સર્વેએ અનુસરી. તરત સૌ શેઠને વશ થઈ ગયાં. દિવસ જવા માંડ્યા, માણસો ઉપર માણસો શોધમાં રોકવા છતાં અને દ્રવ્યનો વ્યય નિરંકુશ થયા છતાં પત્તો ન લાગ્યો, અને એવી રીતનાં ઘણાં કારણોથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શેઠ હળવે હળવે શાંત થયા, અને ગુમાન નિર્ભય બનવા લાગી. શેઠ જે માણસો મોકલતા તેમને દ્રવ્ય આપી, સમજાવી, છેતરી, શેઠની ઇચ્છાનો અમલ કરવામાં શિથિલ કરી દેતી, અને શેઠને કાને એમ જ જતું કે અદ્ભુત શોધ નિષ્ફળ જાય છે.

ચન્દ્રકાંતે પણ શોધ કરવામાં બાકી રાખી નહિ. પોતાનો ઊભરો નરમ પડતાં શેઠ પર દયા આવી. ઘરનો તોલ જોઈ પોતાની જ શોધ ઉપર આધાર રાખ્યો.

—સરસ્વતીચંદ્ર—ભાગ ૧ લો.

ટિપ્પણ અને પ્રશ્નો

ઉડુગણ—તારાઓના સમૂહ: ઉડુ—તારો. **કલેન્દુ**—બીજનો ચંદ્ર. **ભૂલી જઈને...નંદવું શાને**—જનારને ભૂલી જઈને એની પાછળ રહેલા (સ્મરણ)—નો પણ નાશ કેમ ન કરવો? **અન્તરંગી**—પાણીના તરંગ જેવા ચંચળ મનવાળો. **નાકે છી ગંધાતી નથી**—નાકમાં લીંટ આવે તે ગંધાય નહિ છતાં તે લીંટ (મળ—ગંદકી) છે એ ઢાંકયું રહેતું નથી; તેમ સરસ્વતીચંદ્રે ધૂર્તલાલને કઢાવવા આ યુક્તિ રચી તે ખુલ્લું ભલે ન હોય પણ આપણામાં (ગુમાન વગેરેમાં) તે સમજવા જેટલું શાણપણ તો છે. **કનવા**—કનવાર—ચિંતા. **તોલ**—ઢંગ, હાલત, વસ્તુસ્થિતિ.

૧. સરસ્વતીચંદ્રને શા માટે ગૃહત્યાગ કરવો પડયો હતો?

૨. સરસ્વતીચંદ્રના પત્રો ઉપરથી એના સ્વભાવ માટે શું ધારી શકો છો?

૩. ચંદ્રકાંતની મૈત્રી કેવા પ્રકારની હતી? ચદ્રકાંત માટે તમારો જે મત બંધાયો હોય તે લખો.

૪. સરસ્વતીચંદ્રના ગૃહત્યાગથી ચંદ્રકાંત, ગુમાન અને લક્ષ્મીનંદન ઉપર શી અસર થઈ? કારણો આપી એ અસરની અસમાનતા દર્શાવો.

૫. આ પ્રસંગ માટેનો દોષ ચંદ્રકાંત લક્ષ્મીનંદન ઉપર શા માટે ઢોળી દે છે?

૬. ચંદ્રકાંતે શેઠને બાણુની જે વાત કહી સંભળાવી તે તમારા શબ્દોમાં લખો. એની લક્ષ્મીનંદન ઉપર કેવી અસર થઈ?

૭. 'આદર્શ મિત્ર' ઉપર આશરે પચીસ લીટી લખો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મણિલાલ નભુભાઈ દ્વિવેદી

[ઈ. સ. ૧૮૫૮–૧૮૯૮]



[અભેદમાર્ગી તત્ત્વજ્ઞાની મણિલાલનો જન્મ નડિયાદની નાગર જ્ઞાતિમાં થયો હતો. નાનપણથી જ મસ્તકવિ બાલાશંકરની મૈત્રી થતાં તેમને કવિતા રચવાનો શોખ લાગેલો. છેક કિશોરાવસ્થાથી તે સાહિત્ય, ધર્મ અને સમાજવ્યવસ્થામાં ઊંડો રસ લેતા. ૧૮૮૧માં બી. એ. ની પરીક્ષા પસાર કરી એલ્ફિન્સ્ટન કૉલેજમાં 'દક્ષિણા ફેલો' તરીકે નિમાયા. આ ટૂંક સમયમાં તેમણે તત્ત્વજ્ઞાનનો ઊંડો અભ્યાસ કર્યો. ત્યાર પછી તે નડિયાદમાં શિક્ષક તરીકે નિમાયા અને પછી મુંબઈની મ્યુનિસિપલ શાળાઓના ડે. એ. ઇન્સ્પેક્ટર તરીકે નિમાયા. આ પહેલાં એમણે સાહિત્યમંડળમાં સારું સ્થાન પ્રાપ્ત કરેલું. ૧૮૮૫માં ભાવનગરની શામળદાસ કૉલેજમાં સંસ્કૃતના અધ્યાપક તરીકે તેમની નિમણૂક થઈ. ત્યાંથી તેમણે 'પ્રિયંવદા' નામે સ્ત્રીવિષયક માસિક કાઢ્યું. જે પાછળથી 'સુદર્શન'ના રૂપમાં ફેરવાઈ ગયું. આ અરસામાં તેમણે 'રાજયોગ' નામે અંગ્રેજી ગ્રંથ લખ્યો અને છેક યુરોપ સુધી એમની કીર્તિ પહોંચી. લીટનની 'ઝનોની' નામે નવલકથાને અનુસરી એમણે 'ગુલાબસિંહ' નામે બોધપ્રધાન, તત્ત્વજ્ઞાનથી ભરેલી નવલકથા લખી હતી. કારણવશાત્ ભાવનગરની નોકરી છોડી એમણે સાહિત્યસેવાને પોતાનું જીવનકર્તવ્ય બનાવ્યું.

તત્ત્વદર્શી ગદ્યલેખક હોવા ઉપરાંત મણિલાલ જ્ઞાની–કવિ હતા. મસ્તકવિ બાલાશંકરના નિકટ સંસર્ગથી ફારસી કવિતાની છાંટ એમનાં કાવ્યો ઉપર પણ પડી, અને મણિલાલે પોતાના શિષ્ય કલાપીને એ વારસામાં દીધી. કવિ હોવા ઉપરાંત મણિલાલ સંસારસુધારક પણ હતા. સાથે સાથે એ પ્રાચીન આર્યત્વના હિમાયતી હતા. એમને જૂના અને નવામાં વિરોધ લાગતો નહિ;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ બંને અન્યોન્યના પૂરક દેખાતાં. સામાજિક, તાત્ત્વિક, ધાર્મિક લેખો ઉપરાંત એમણે વિવેચનના ક્ષેત્રમાં પણ પોતાનો ફાળો આપ્યો છે. 'ઉત્તરરામચરિત' અને 'માલતીમાધવ' એ બે અનુવાદ ઉપરાંત 'કાંતા' નામે એક સ્વતંત્ર નાટક પણ એમણે લખ્યું છે. આમ મણિલાલની સાહિત્યપ્રવૃત્તિ અનેકવિધ છે.

મણિલાલની ગદ્યશૈલી પ્રૌઢ અને ગંભીર છે. સંસ્કૃત સાહિત્યના અભ્યાસને લીધે અને મનસુખરામ વગેરે લેખકોની અસરને લીધે ઘણી વાર એમની શૈલી સંસ્કૃતમય બની જાય છે. 'જીવનચરિત'ના લેખ ઉપરથી મણિલાલની ગદ્યશૈલી અને વિવેચનશૈલીનો ખ્યાલ આવી શકશે.]

જીવનચરિત

માણસ જ માણસના મનને આકર્ષે છે. મનુષ્યના જીવિતના સંબંધનું જે કાંઈ હોય, મનુષ્યના જે જે અનુભવ, આનંદ, શોક, પરાક્રમ ઇત્યાદિના પ્રસંગ હોય, તે ઉપર જ માણસનું મન બીજા કરતાં વધારે ખેંચાય છે. તેને તેમાં જ કાંઈક વિશેષ રમૂજ પડે છે. એમ પ્રત્યેક માણસ થોડેઘણે અંશે બીજા માણસનાં મન રાખે છે; એટલે જેમ જેના મનનો વધારે પુસ્તકો દ્વારા વધારે માનુષ અનુભવના પ્રસંગમાં પ્રચાર, અને તેથી વધારે મનુષ્યો સાથે તેના મનનો સંબંધ, તેમ તેના હૃદયની વધતી ઉદારતા અને વધતો દયાભાવ, પ્રેમભાવ.

એ જ કારણથી જીવનચરિતો વાંચવા ઉપર માણસને વધારે પ્રીતિ રહે છે. વાર્તા અને કથાની ચોપડીઓનાં આટલાં બધાં ઘરાક થાય છે તેનું કારણ પણ એ જ છે. વાર્તાઓ છે એ કલ્પિત જીવનચરિત છે. પ્રત્યક્ષ જીવનચરિતરૂપ નાટકો જોવામાં મનુષ્યને જે આનંદ અને આકર્ષણ થાય છે, તે પણ આ જ કારણથી.

સર્વ જીવનચરિતોમાં આપણા લોકોને રામકથા જેવું વધારે રુચિકર જીવનચરિત બીજું એકે નથી. આપણાં પુરાણ આદિમાં અનેકાનેક ચરિતો ભરપૂર છે. પરંતુ રામકથા જે વિશુદ્ધિ પ્રેરે છે, જે અદ્ભુત અને અલૌકિક, તેમ નિત્ય દૃષ્ટિએ આવતા એવા પ્રસંગોનું વર્ણન કરી તેમાં જણાયેલા રામના માહાત્મ્ય દ્વારા શુદ્ધ જીવનનો માર્ગ દર્શાવે છે, અને એમ છેક પરમ જ્ઞાન સુધીનો માર્ગ બોધે છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે કોઈ પણ કથામાં, ગ્રંથમાં સંગ્રહરૂપે મળી આવવું સુલભ નથી. કૃષ્ણનું જીવિત યથાર્થ સમજનારને યદ્યપિ તેવું જ ઉત્તમ છે, તથાપિ તેણે કહેલી ગીતા પણ એક અનંત જ્ઞાન અને નીતિનો આખા જગતમાં અપ્રતિમ નમૂનો છે. એમ જ મહાત્માઓના આત્મા આપણી આગળ પ્રત્યક્ષ છે, અને નિરંતર આપણને સદ્બોધ આપવાના પ્રસંગો દીધે જાય છે.

ઉત્તમ જીવનચરિતોની અસર એટલી બધી થાય છે, કે આપણા દેશમાં પુરાણના મહાત્માઓ કે દેવતાઓના ચરિતના વર્ણનથી કે રામકથાના રસથી કે મહાભારતમાં સર્વરૂપ ઉપદેશથી જેમ અનેક મહાપુરુષો અને સન્નારીઓનાં ચરિત ઘડાયલાં છે, તેમ યુરોપ આદિ દેશમાં પણ બાઇબલથી ઊતરતે દરજ્જે પ્લુટાર્કનો લખેલો જીવનચરિત-માલાનો ગ્રંથ, અનેકાનેકના ચરિતનો જીવાતુભૂત થઈ પડેલો છે. પરંતુ આવાં ઉત્તમ ચરિત સમજવાથી ઉત્તમ અસર થાય તે માટે જીવનચરિત લખવાની પદ્ધતિમાં સમૂળ ફેરફાર થવાની આવશ્યકતા છે. વર્ણ્યના ગુણમાત્રને બહાર લાવી અવગુણો ઉપર ઢાંકપિછોડો કરવાની જ્યાં ઇચ્છા હોય, અથવા મૂળે ગુણ હોય જ નહિ, છતાં પણ ગુણ ઉપજાવી કાઢી ખુશામત કે ભાટાઈ કરવાની ક્ષુદ્ર બુદ્ધિ હોય, ત્યાં જીવનચરિત સારાં લખાઈ શકે નહિ. ડૉ. જોન્સન કહે છે, કે વર્ણ્ય વીરોને દેવતા-તુલ્ય બનાવવાથી ઊલટી હાનિ થાય છે. કેમ કે તેમને આપણા પોતા જેવા જાણવાથી તેમનું અનુકરણ કરવાની આપણને જે ઇચ્છા થાય તે ભાંગી પડે છે, અને એવાં જીવનચરિતથી ઉત્તેજનને બદલે માત્ર નિરાશા પેદા થાય છે. આ વાત ખરી છે, કેમ કે ગમે તેવો મોટો મનુષ્ય પણ છે તો મનુષ્ય જ; એટલે તેના મનુષ્યતત્ત્વના અંશોને ઢાંકી કેવળ દૈવી અંશોને જ બહાર લાવવા એ વાસ્તવિક જીવનચરિત ન ગણાય. મનુષ્યના આચાર-વિચારને, તે પણ છેક નાનામાં નાના, અને નજીવામાં નજીવા, તેમ જ તેની આકૃતિ, ગતિ આદિ સર્વ બહુ બારીકાઈથી આપવાં જોઈએ; તેના ગુણ તેમ તેના દોષ યથાર્થ હોય તેવા બતાવવા જોઈએ; જીવનચરિત દ્વારા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનુષ્યરૂપ અને તેના અંગે ઘડાતું તેના સંબંધોનું સ્વરૂપ, એના નિયમોનો અભ્યાસ કરી તે દ્વારા ઉચ્ચતા ગ્રહવાનો એ જ ઉત્તમોત્તમ માર્ગ છે. શરીરની એકાદ ખોડમાંથી કે સ્વભાવના એકાદ વલણથી આખા જીવિત ઉપર, અને તે જીવિતને તે દ્વારા થયેલા વેગથી આખા દેશ કે આખી પૃથ્વી ઉપર બહુ વિલક્ષણ અસરો પેદા થયેલી છે અને થાય છે. એવી સર્વ વાતનો જેમાં સમાસ થતો હોય, તે જ તાદૃશ જીવનચરિત ગણાય. બાકી ટાપટીપથી શણગારેલાં નાટકનાં પૂતળાં જેવાં હાલનાં જીવનચરિત જોકે એક ઘડીભર આંખને આનંદ આપે છે, તોપણ આપણે અંતરથી એમ જાણીએ છીએ, કે અંદરથી તો ધાગા ને કૂચાનાં જ તે બનેલાં છે. એટલે તેવાં ચરિતના નાયક ઉપર કે તેમના નિરૂપક ઉપર આપણને માન કે ભક્તિને સ્થાને તિરસ્કાર કે ઉપેક્ષા થાય છે.

જેવી અસર જીવનચરિતની છે, તેવી બીજા કશાની નથી; માટે બાલકોએ તેમ મોટાંએ જીવનચરિતો વાંચવાનો શોખ વધારવો; પણ તેમાં આપણા દેશમાં હાલ જે જીવનચરિતો લખાય છે, તેમાંથી પસંદગી કરતી વખતે બહુ સાવચેતી રાખવી. પુસ્તકો પસંદ કરવામાં માણસે પોતાના વલણ ઉપર લક્ષ આપી પસંદગી કરવાની છે, પરંતુ બાલકોને માટે તો તેમનું લક્ષણ તપાસી, તેમનાં ચતુર માતપિતાએ યોગ્ય પસંદગી કરી આપવી જોઈએ. જો યોગ્ય પુસ્તક વાચકના હાથમાં ગયું તો અલૌકિક ચમત્કાર એની મેળે પ્રગટ થઈ આવે છે. પુસ્તકગત વિષયનું વાચકના હૃદયગત ગુપ્ત રસ, આવેશ કે ચાતુર્ય સાથે ઐક્ય થતાં જ હૃદયગત ભંડારનું આવરણ તૂટી જાય છે અને અંદરનો ખજાનો એવો ઝળકી ઊઠે છે, કે તેના માલિકને તેમ આખા જગતને આનંદ આપે છે. બુદ્ધિમાન માણસોને આવા અનુભવ પ્રતિક્ષણ થાય છે; તે હું નથી ધારતો કે કોઈ લેખક અથવા વિદ્વાનને પોતાના મનમાં કોઈ નવીન ગ્રંથોનો કે નવીન તર્કનો સાકાર સંકલ્પ એકાદ તદ્દનુરૂપ ગ્રંથ વાંચતાં જ ઊઠ્યો હોય એવો અનુભવ ન હોય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમ પુસ્તકોનો સહવાસ જો યોગ્ય વિવેકથી રાખવામાં આવે તો લાભકારી છે, અનેક રીતે લાભકારી છે. પરિચય–પરિચયમાં પણ ફેર છે. ઘણાકને એવો શોખ હોય છે કે પુસ્તકો રાખવાં એટલે જ બસ, પણ તે શોખથી જો તે પુસ્તકો પોતાને અથવા પારકાને ઉપયુક્ત ન થતાં હોય તો લાભ નથી. પરંતુ પ્રથમ તો આપણા દેશમાં પુસ્તકોનો જ ઝાઝો શોખ કોઈ ધરાવતું નથી. ત્યાં આવા શોખની વાત ક્યાં ? લેખકોએ ઉત્તમ પુસ્તક દ્વારા કરોડોના દ્રવ્યની મિલકત પ્રાપ્ત કરી એવા દેશ યુરપ અને અમેરિકા વિના બીજા નથી; અને આપણા તો વિક્રમ, ભોજ, અકબર, શિવાજી મરી પરવાર્યા છે. પરંતુ જે કાંઈ થોડોય શોખ છે, તેને એવી રીતે કેળવવો કે પ્રત્યેક પુસ્તકમાંથી કાંઈ ને કાંઈ શિખાય, કાંઈ ને કાંઈ નવીનતા ગ્રહાય. પુસ્તકના સહવાસનું સાર્થક્ય પણ ત્યારે થયું કહેવાય; બાકી તો પુસ્તક વેચનાર પણ પુસ્તકના સહવાસે ક્યારના મહાપંડિત કે મહાજ્ઞાની થયા હોત.

પુસ્તકની સોબતમાં જે અનંતાનંત લાભ છે, તેમના ચરણનો આશ્રય કરવાથી જે અગ્ર એટલે ઉત્તમોત્તમ અને અસોધ્ર એટલે સિદ્ધ જ્ઞાન, વિવેક અને ચાતુર્ય પેદા થાય છે, તે બધું તો એક બાજુએ રહ્યું; પણ પુસ્તકનો સહવાસ લાભકારી છે. બે અક્ષર આવડે તો તે પડ્યા જડે, પણ ઊલટું નઠારા વિચારોમાંથી કે નઠારી સોબતમાંથી ઊગરાય એ મહા લાભ છે; સમય નકામો કે ભારે લાગે નહિ, અને ગમ્મત સાથે જ્ઞાનનો લાભ થાય.

યોદ્ધાઓ કરતાં વિદ્વાનો (કવિઓ) વધારે અમર છે. મૂએલા લેખકો જીવતા જ છે. તેમના લેખરૂપે અદ્યાપિ જીવે છે, ને સર્વત્ર વિચરે છે; યોદ્ધાઓ – દેશના દેશ જીતનારા યોદ્ધાઓ – ખાખ થઈ ઊડી ગયા છે. વિચાર–વિચાર વચ્ચે જે આકર્ષણ છે, તે વિચાર અને કાર્ય વચ્ચેના આકર્ષણ કરતાં વધારે મજબૂત, સારૂપ્યવાળું, અને એકત્વરૂપ છે. જ્યોતથી જ્યોત પ્રગટે છે, તેમ વિચાર વિચારથી ખેંચાય છે. ગત યોદ્ધાઓને જે સ્તુતિશ્રદ્ધાંજલિ અપાય, તે માત્ર આરસપહાણના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મંદિરમાં સળગાવેલા ધૂપ જેવી છે; જેમ જેમ સમય જાય છે, તેમ તેમ શબ્દો, વિચારો, સંજ્ઞાઓ, દઢ થતે થતે પદાર્થરૂપ થતાં ચાલે છે; પદાર્થ, શરીર, કર્મ ઘસાઈને ખાક થાય છે, શબ્દમાત્ર જ થઈ જાય છે, હવામાં જાય છે. મનુષ્યની બુદ્ધિ માત્ર જ અમર છે. તે જ તેના પછી થનારને પરંપરાએ ઊતરે છે. શબ્દ એ જ એક એવી વસ્તુ છે જે અમર વિચરે છે; માટે ઉત્તમ લેખકોના વિચારોનો નિરંતર સહવાસ રાખી તે પ્રમાણે વર્તન રાખવા યત્નવાન થવાથી ચરિત્ર ઘણું ઉન્નત, રસમય, તત્ત્વમય અને વિનીત નીપજે છે. એ વાત ઉપર સર્વદા લક્ષ રાખવું આવશ્યક છે.

— ચરિત્ર

ટિપ્પણ અને પ્રશ્નો

પ્લુટાર્ક – ગ્રીક લેખક. (જન્મ ઈ. સ. ૪૬, મરણ ઈ. સ. ૧૨૦) જેણે ગ્રીક અને રોમન મહાપુરુષોનાં જીવનચરિતો લખ્યાં છે. જેનું ગુજરાતી ભાષાંતર શ્રી બ. ક. ઠાકોરે કર્યું છે. **જીવાતુભૂત** – જીવનની પ્રેરણાનું સાધન. **ડૉ. જૉન્સન** – અંગ્રેજ લેખક. (જન્મ – ૧૭૦૯, મરણ – ૧૭૮૪) અઢારમી સદીનો પ્રખર વિવેચક. એનું 'Lives of Poets' નામનું પુસ્તક તે સમયમાં જીવનચરિતના ઉત્તમ નમૂનારૂપ લેખાતું હતું. **ઉપયુક્ત** – ઉપયોગી. **પડ્યા જડે** – ગમે ત્યારે ઉપયોગી થાય.

૧. સામાન્ય રીતે આપણને જીવનચરિત વાંચવાં કેમ ગમતાં હશે?

૨. મહાપુરુષોનાં જીવનચરિતની આપણા મન અને જીવન પર શી અસર થાય છે?

૩. પુસ્તકની સોબતથી શા લાભ થાય છે? લેખકના વિચારો દર્શાવી તમારા સ્વતંત્ર વિચારો આ વિષય ઉપર દર્શાવો.

૪. આપણા દેશના કોઈ એક મહાન પુરુષનું જીવન પચીસેક લીટીમાં લખો.

૫. પુસ્તકોના સહવાસથી શા લાભ થાય છે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નરસિંહરાવ ભોળાનાથ દિવેટિયા

[જીવનપરિચય માટે જુઓ પૃ. ૫૨–૫૩]

[નરસિંહરાવની સાહિત્યપ્રવૃત્તિ સર્વદેશીય હતી. અગ્રણી કવિ હોવા ઉપરાંત તે એક સમર્થ ગદ્યલેખક, ભાષાશાસ્ત્રી, વિવેચક અને વિચારક હતા. એમનું વિવેચન રસિક, સત્યશીલ અને નિર્ભય છે. કઠોર, કટુ અને ક્રૂર સત્ય કહેતાં પણ તે ચૂકતા નહિ. વ્યાકરણ અને વ્યુત્પત્તિશાસ્ત્રમાં પણ તેમના પ્રયાસ અને સેવા અપૂર્વ છે. 'Gujarati Language and Literature' ના બે ગ્રંથો લખી એ પ્રખર ભાષાશાસ્ત્રી તરીકે જાણીતા થયા હતા. 'મનોમુકુર' એ એમના વિવેચનાપૂર્ણ લેખોનો સંગ્રહ છે. 'સ્મરણમુકુર'માં એમણે પોતાના અંગત પરિચયમાં આવેલી નામાંકિત વ્યક્તિઓનાં સંસ્મરણો પોતાની લાક્ષણિક શૈલીમાં આપ્યાં છે. 'વિવર્તલીલા' દ્વારા એમની ધાર્મિક માન્યતાઓનો આપણને પરિચય થાય છે. શ્રી. નરસિંહરાવ પ્રાર્થનાસમાજી હતા. હિંદુ અને ખ્રિસ્તી ધાર્મિક ભાવનાઓનો સુયોગ એમણે સાધ્યો છે. એમની ધાર્મિક માન્યતાની ઇમારત અનન્ય આશા અને અભંગ શ્રદ્ધાના પાયા ઉપર ચણાઈ છે.

શ્રી. નરસિંહરાવની શૈલી સંસ્કારી અને સંયમયુક્ત છે. ભાષા સંસ્કૃતમય હોવા છતાં કૃત્રિમ નથી. જે કહેવાનું હોય તે સર્વ ટૂંકમાં સ્પષ્ટ અને અસરકારક રીતે કહી શકે છે. એમની અર્થઘન ગદ્યશૈલીમાં આપણે વિદ્વત્તા અને કલા, સંયમ અને સામર્થ્યનો સુદૃઢ સંયોગ થતો અનુભવીએ છીએ. ગુજરાતી ગદ્યના વિકાસમાં આ રીતે એમનો ફાળો અતિ મહત્ત્વનો છે.]

નામ વગરનું સ્ટેશન

तद्दूरे तद्वन्तिके : આ શ્રુતિવચનનો વિષય બ્રહ્મ છે. સ્વર્ગને વિષે આ વચનનો વિનિયોગ આજ કરું? અનૌચિત્ય નહિ લાગે.

શ્રદ્ધાળુ લોકો કહે છે કે સિદ્ધપુર ક્ષેત્રથી સ્વર્ગ એક વેંત છેટું છે, ઊંચું છે. તેનો મર્મ જુદો છે. તે અહીં મારા વક્તવ્યના ક્ષેત્રમાં નથી. હું તો, આ જીવનમાં અનેક અનપેક્ષિત સ્થળે, પ્રસંગે સ્વર્ગ પ્રત્યક્ષવત્ થાય છે તે ઉદ્દેશીને બોલું છું. ભક્તો ગાય છે :

वैकुंठ ढूंकडु रे;
प्रेमी जनने ढूंकडुं, दुर्जनने मन दूर,
अविचलने मन मनसा वाचा
भक्तिथी भरपूर
वैकुंठ ढूंकडुं रे ।।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વર્ગના નિકટત્વનું આ દર્શન પણ સાચું છે, પણ મારું દર્શન જરાક કેન્દ્ર બદલીને કરાય છે.

* * * *

નિર્દોષ બાળકોની નિર્મળ પ્રવૃત્તિઓ, દિવ્ય પ્રેમથી જોડાયલાં પ્રેમીજનો, વાત્સલ્યભાવ ઝરતી માતા અને એ ઝરણ ઝીલતું મુગ્ધ શિશુ – આ સર્વ અને એવાં એવાં સ્થળોમાં તમે સ્વર્ગ નહિ તો શું જોશો ? આવું એક સ્વર્ગદર્શન કરાવનારું ચિત્ર આજ તમારી સમક્ષ મૂકું ?

સંધ્યાકાળે દુકાનદારો, ઑફિસના કલાર્કો, વેપારીઓ, ધંધાદારીઓ, વગેરે પોતપોતાના કામથી પરવારેલા અનેક મનુષ્યોથી ચિકાર ભરેલી ટ્રામગાડી લંડનના એક મહોલ્લામાંથી જતી હતી. એકકને એક છેડે ખૂણામાં એક જાડી બાઈ અને તેની પાસે એક નાનો છોકરો બેઠેલાં હતાં. એ બંને એટલાં લગોલગ બેઠાં હતાં કે તે સ્ત્રીના લટકતા 'ગાઉન'થી છોકરાના પગ ઢંકાઈ ગયા હતા. અને છોકરાનું નિર્દોષ ગંભીર મોં, વિશાળ ગંભીર ભૂરી આંખો અને ગૂંચળાંવાળા ચળકતા વાળ સિવાય બધો લૂગડાનો ઢગલો કર્યો હોય એમ જણાતું હતું. પાસે બેઠેલા છોકરા ઉપર તે સ્ત્રી જાણે કંઈ ધ્યાન જ આપતી ન હતી. લગભગ કલાકેકની મજલથી છોકરો કંટાળી પણ ગયો હશે. આપણને સહજ એમ લાગે છે કે સ્ત્રી છોકરાને ખોળામાં બેસાડી છાતી ઉપર માથું ટેકી જરા વહાલથી વાતચીત પણ કેમ કરતી નહિ હોય ?

* * * *

આ શંકાપ્રશ્નનો ખુલાસો થોડી વાર પછી મળ્યો :

એક પછી એક ઉતારુ પોતપોતાને ઠેકાણે ઊતરવા માંડ્યા, અને છેવટે તે ટ્રામગાડીમાં તે સ્ત્રી, છોકરો, અને કાળા પોશાકમાં જ સજ્જ થયેલી એક સુંદર શોકગ્રસ્ત વદનવાળી સન્નારી એટલાં જ રહ્યાં.

છેવટે તે જાડી સ્ત્રીએ ઘંટડી વગાડી અને ટ્રામ ગાડી ઊભી રહી; તે ઊતરતી હતી એટલામાં ટ્રામકંડક્ટર બોલ્યો : 'બાઈ ! તમે તમારા છોકરાને લેવો ભૂલી ગયાં ?' 'મારો છોકરો ? મારો છોકરો છે જ નહિ.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કંડક્ટર દિઙ્મૂઢ થઈ સામું જોવા લાગ્યો.

'ત્યારે પેલો કોણ છે? ગાડી નીકળી ત્યારથી અમે તેને તમારી સોડમાં બેઠેલો જોયો છે. અમે જાણ્યું કે તમે ઊતરીને તેને ઊંચકી લેશો.'

'હું તેને ઊંચકી ઉતારું?' તે સ્ત્રી જરા ગુસ્સે થયેલી જણાઈ. 'મેં એ છોકરાને આજે જ પહેલો દીઠો.'

* * * *

હજી પણ કંડક્ટરના ધ્યાનમાં વાત ઊતરી નહિ. તેણે છોકરાને પૂછ્યું: 'આ બાઈ તારી મા નથી?'

સુંદર મીઠા અવાજથી બાળકે જવાબ દીધો: 'નારે સાહેબ, મા તો સ્વર્ગમાં ગઈ છે, ત્યાં હું પણ તેને મળવા જાઉં છું. મેં તમને ટિકિટનો પૈસો આપવા માંડ્યો, પણ તમારી નજર બીજી તરફ હતી. જ્યારે મારે ઊતરવાનું ઠેકાણું આવે ત્યારે મહેરબાની કરી મને કહેશો?'

કંડક્ટરનો અવાજ નરમ થયો, તેણે કહ્યું:

'ભાઈ, હું દિલગીર છું. પણ આ ટ્રામને રસ્તે સ્વર્ગ આવતું નથી.'

[આ નિષેધ ખોટો પાડનાર સ્વર્ગના સુંદર ધામમાંથી આવેલા દિવ્યદૂતનું દર્શન કરાવે છે.]

* * * *

આ વખતે તે સુંદર કાળા પોશાકવાળી સ્ત્રીએ આવી છોકરાને વહાલથી ઊંચકી લીધો.

'મારા વહાલા બચુડા!' તે બોલી, 'મને બધી હકીકત માંડીને કહે. તારું નામ શું? તું ક્યાં રહે છે?'

'મારું નામ ડિક હતું, પણ હવે સૌ મને નંબર સત્તાવન કહે છે. અને હું આશ્રમમાં રહું છું. મારી માતા ગયા પછી એક માણસ મને ત્યાં લઈ ગયો. ત્યાં ઘણાં છોકરા તથા છોકરીઓ છે. પણ મા નથી. કોઈ ત્યાં મને ચુંબન કરનાર, કે પથારીમાં સોડમાં સુવાડનાર, અથવા સૂતી વખતે પ્રાર્થના કરાવનાર નથી. તમે કદી સ્વર્ગમાં ગયાં છો? તે અહીંથી ઘણું દૂર છે?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[तद्दूरे तद्वन्तिके – એ તત્ત્વ પૂરું પ્રત્યક્ષ થયા વિના છતાં અન્તઃસ્થિત દર્શનથી દીઠું હશે, તેથી પેલી પ્રેમાર્દ્ર બાઈ બોલી :]

‘હું જાતે તો ત્યાં કોઈ વખત ગઈ નથી, પણ મારો એક તારા જેવડો છોકરો હતો તે ત્યાં ગયો છે. એ જગ્યા ઘણી ઘણી દૂર છે. તારાથી ત્યાં એકલા તો ન જ જવાય.’

‘પણ તમારો નાનો છોકરો ગયો ને ! તે રસ્તે ભૂલો પડ્યો ’તો ?’

‘ના, તેને રસ્તો બતાવનાર કોઈક હતું.’

‘ત્યારે એ ‘કોઈક’ મને પણ રસ્તો નહિ બતાવે ?’

‘બતાવશે, બેટા, પણ હમણાં નહિ. થોડો વખત ધીરજ રાખી રાહ જોયા કર.’

‘મારી મા પણ એમ જ કહેતી હતી કે ‘ધીરજ રાખ, ધીરજ રાખ.’ પણ હવે તો વાટ જોઈને કંટાળી ગયો છું.’

‘હું પણ મારા છોકરાને મળવાની વાટ જોઈ કંટાળી ગઈ છું.’

[પેલો બાળક તો અપૂર્ણ જ્ઞાનને લીધે કંટાળે; પણ બાઈ ! તું ધાર્મિક શ્રદ્ધાવાળી કંટાળે — એ ઠીક નહિ.]

[પણ આગળ ચાલો, બાઈનું વિશેષ સાંભળીએ.]

‘ભાઈ, તું મારે ઘેર આવીને રહીશ ? આપણે બંને સાથે બેસીને વાટ જોયા કરીશું ?’

[મારી ભૂલ હશે ? બાઈએ કંટાળ્યાનું કહેલું તે બાળકને સમભાવ વડે આશ્વાસન મળે એમ કરીને તો નહિ હોય ? અને આ બંને મળીને વાટ જોવામાં સહભોગના બળે દુઃખભાર કાંઈક ઓછો થાય એ સંભવિત હતું. તેથી જ આ માગણીમાં રહેલો શાંત ઉલ્લાસ જોઈ શકાશે.]

કોમળ, નિર્દોષ ભૂરી આંખોએ, તે ઊંડા શોકવાળી મૃદુ આંખો તરફ ધ્યાનથી થોડો વખત જોયા કર્યું. સંપૂર્ણ વિશ્વાસ આવ્યો હોય તેવો તે છોકરાનો ચહેરો જણાયો; પોતાના નાજુક હાથ તે સ્ત્રીની ગરદન આસપાસ વીંટી, માથું તેની છાતી ઉપર તેણે નિશ્ચિંતપણે મૂક્યું.

કંડક્ટરે કોટની બાંય વડે પોતાની આંખ લૂછી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે ધીમેથી બોલ્યો : 'મારી ભૂલ થઈ. અમારાં સ્ટેશનના લિસ્ટમાં સ્વર્ગનું નામ નથી, પણ મને લાગે છે કે આ રસ્તે જ તે આવેલું છે.'

[तद्दूरे तद्वन्तिके બન્યું.]

કંડક્ટરની સાથે જ હું મારો અશ્રુસંયમ સાચવીશ.

એના વચનની એક અનુપૂર્તિ કરું ?

આ રસ્તે જ સ્વર્ગ આવેલું છે તે એક દૃષ્ટિએ અપૂર્ણ દર્શન છે. એ સ્વર્ગ હવે આગળ, દૂર નથી. અહીં જ સ્વર્ગ આવેલું છે; જ્યાં આવા દિવ્યભાવ રેલતું દૃશ્ય પ્રગટ થયું ત્યાં સ્વર્ગ પ્રત્યક્ષ નહિ તો શું ?

જ્યાં છોકરાને રૂપાંતરે મા મળી, જ્યાં બાઈને રૂપાંતરે પુત્ર મળ્યો, ત્યાં મહાન પિતાની સ્વર્ગભૂમિ હતી.

આ જીવનમાં આવાં ખૂણાખાંચરિયાં સ્વર્ગનાં દર્શન, જોવા જનારને, થયા વિના રહેતાં નથી. ના જોનારને અદૃશ્ય જ છે. માટે જ કહ્યું :

तद्दूरे तद्वन्तिके ।।

પેલી બાઈએ બાળકને આશ્વાસન આપતાં કહ્યું : 'હું પણ વાટ જોઈ જોઈને કંટાળી છું :' હું કહું છું : હું નથી કંટાળતો અને નહિ કંટાળું, કારણ ?

કારણ : तद्दूरे तद्वन्तिके ।।

ટિપ્પણ અને પ્રશ્નો

तद्दूरे तद्वन्तिके – તે દૂર છે, (વળી) તે પાસે છે. **વિનિયોગ** – ઉપયોગ, પ્રયોગ. **નંબર સત્તાવન** – જેમ જેલમાં કેદીઓને નંબર આપવામાં આવે છે તેમ ઇંગ્લંડમાં અનાથાશ્રમનાં બાળકોને પણ નંબર આપવામાં આવતા. એ બાળક તેના નામથી નહિ પણ નંબરથી ઓળખાતું. **અનુપૂર્તિ** – પાછળથી કરેલો ઉમેરો.

૧. 'નામ વગરનું સ્ટેશન'નો પ્રસંગ તમારા શબ્દોમાં લખો.

૨. 'વૈકુંઠ ઢૂંકડું રે' એ ઉક્તિ લેખક આ પ્રસંગ દ્વારા કેવી રીતે સમજાવે છે ?

૩. વાર્તામાં વચ્ચે વચ્ચે લેખક બાઈને શો ઉપદેશ આપે છે ? શા માટે ?

૪. આ પ્રસંગનું રહસ્ય સમજાવો. પ્રસંગ દ્વારા લેખકની કઈ માન્યતાઓ તમે જાણી શકો છો ?

૫. અનાથ બાળકની આત્મકથા આશરે પચીસ લીટીમાં લખો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મણિશંકર રત્નજી ભટ્ટ (કાન્ત)

[જીવનપરિચય માટે જુઓ પદ્યવિભાગ]

[સ્વ. કાન્ત મુખ્યત્વે કવિ તરીકે જાણીતા છે. પણ ઉચ્ચ પ્રકારના કવિ ઉપરાંત તે સારા ગદ્યલેખક પણ હતા. સ્વ. કાન્તે મહાન વિગ્રહનાં ચાર વર્ષ (૧૯૧૪–૧૮) દરમિયાન એક સાપ્તાહિકનું તંત્રીપદ સ્વીકારેલું અને તેમાંના ઘણા લેખો તે જાતે લખતા. આ ઉપરાંત એમના પત્રો હજુ અપ્રગટ છે.

'ગુરુ ગોવિંદસિંહ' અને 'રોમન સ્વરાજ' ઉપરાંત એમણે સંવાદો અને બીજાં બે નાટકો પણ લખ્યાં છે, જેમાંનું એકે હજુ સુધી પ્રગટ થયું નથી. સ્વ. કાન્તનાં નાટકો તખ્તા ઉપર એકથી વધારે વાર ભજવાઈ ગયાં છે, અને સારો સત્કાર પામ્યાં છે. કાન્તે આધુનિક રંગભૂમિના અશિષ્ટ અંશો દૂર કરી એમાં સાહિત્યનાં સનાતન તત્ત્વો ઉમેર્યાં છે; અને આપણા અલ્પ શિષ્ટ નાટ્યસાહિત્યમાં કંઈક ઉમેરો કર્યો છે. આલમગીર — ઔરંગઝેબના પાત્રનો ઉઠાવ આપણું ધ્યાન ખેંચે છે, અને ઇતિહાસમાં અન્ય રીતે રજૂ થયેલ આ ધર્માંધ પાદશાહના બીજા વ્યક્તિત્વનો આપણને ખ્યાલ આપે છે.]

આલમગીર

[પ્રવેશ ૧ લો.]

સ્થળ : સરહિંદમાં પાદશાહ આલમગીરની છાવણી અને કચેરી.

[કંચનીઓ ગાય છે અને નાચે છે. ગાયન અને નાચ ખલાસ થતાં વિદાય થાય છે.]

ઔરંગઝેબ — વજીર, અહીંના સરદારો અને અમીરો કચેરીમાં ગાન થવું જોઈએ, એમ માને છે તેટલા માટે, અને આજે એ બધા આપણા મહેમાન છે તેથી તેમને રાજી કરવાની ખાતર મેં તારી અરજ મંજૂર રાખી, પણ તું જાણે છે કે ઓરતોનાં નાચગાનને હું કેટલો ધિક્કારું છું! અક્કલવાળા માણસોને તેમાં શો આનંદ આવે એ હું સમજી શકતો નથી. હું તાજુબ થાઉં છું કે મારી અગાઉના શહેન-શાહોએ એ વાત પસંદ કરેલી, અને હાલ પણ તેને ઘણા પસંદ કરે છે!

વજીર — શહેનશાહે આલમ! આપના સરખા કેવળ ફરજમાં જ વખત ગાળનાર માણસ વધારે ક્યાંથી હોય?

[એક દ્વારપાલ પ્રવેશ કરે છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દ્વારપાલ — પાદશાહ સલામત ! રિસાલદાર ફતેખાં નામદારની હજૂરમાં કંઈ જાહેર કરવા આવવાની પરવાનગી માગે છે.

ઔરંગઝેબ — આવે.

[ફતેખાં પ્રવેશ કરે છે, અને દૂરથી ત્રણ વાર કુર્નિશ કરી ઊભો રહે છે.]

ઔરંગઝેબ — રિસાલદાર ફતેખાં, શી ખબર છે ?

ફતેખાં — શહેનશાહે આલમ ! ગોવિંદસિંહના બેટાઓ કેદ થયા છે.

ઔરંગઝેબ — અને તેની ઓરત ?

ફતેખાં — પાદશાહ સલામત ! ઓરત કોઈ કરામતથી અમારા ઘણુાની રૂબરૂ બળી મૂઈ !

ઔરંગઝેબ — અને નિઝામબેગ ક્યાં છે ?

ફતેખાં — નિઝામબેગ કપાઈ ગયેલ છે. મરતાં મરતાં આપ નામદારને તેણે કુર્નિશ કહાવ્યા છે. ગોવિંદસિંહના જનાના સાથેની એક ઓરતે અચાનક ખંજર મારીને ખૂન કરવાથી તે બહાદુર સિપાઈ અને પાદશાહનો વફાદાર નોકર માર્યો ગયો છે.

ઔરંગઝેબ — ઓરતના હાથથી ? એ ઓરત કેદ છે કે ?

ફતેખાં — હા, નામવર.

ઔરંગઝેબ — બીજાં કોણુ માણસો પકડાયાં છે ?

ફતેખાં — એક કોઈ પુરોહિત છે, અને એક તેની ઓરત છે.

ઔરંગઝેબ — એ કાફરના દીકરાની શી ઉંમર છે ?

ફતેખાં — તેજસિંહ બાર વરસનો અને સત્યસિંહ દસ વરસનો છે.

ઔરંગઝેબ — વારુ, એ ઓરતને પ્રથમ હાજર કરો.

[ફતેખાં જાય છે અને અનોપકુંવરને લઈને પાછો આવે છે.]

ઔરંગઝેબ — અય ઓરત ! તેં અમારા એક બહાદુર સિપાઈનું દગાથી ખંજર મારી ખૂન કીધું, એ તું કબૂલ કરે છે ?

અનોપકુંવર — નામદાર શાહ ! એ હકીકત સાચી છે. મેં જ ખંજર મારીને પાદશાહના એ હિચકારા સિપાઈને જહન્નમમાં મોકલ્યો છે. કોઈ પણુ બહાદુર માણુસ ઓરતનું — અમીરી ઓરતનું — અપમાન કરે નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જે સિપાઈને મેં ઠાર કર્યો તેણે મારા ગુરુના કુટુંબને કાફર કુટુંબ કહેવાની દુષ્ટતા કીધી હતી.

ઔરંગઝેબ — કેમ રે! તું પોતે કાફર નથી? અને તારા ગુરુ કાફર નથી?

અનોપકુંવર — ઓ પાદશાહ! આપની ભયંકર ભૂલ થાય છે. આપ જેને કાફર કહો છો તે તો પીર પણ પગે પડે એવા આદમી છે. તેમની ઓરત આપના હાથમાં ન પડતાં બળી મૂઆં એ વાત સાંભળી કે નહિ?

ઔરંગઝેબ — એ ઓરત પોતાની મેજે બળી મૂઈ, એટલી પાદશાહે આલમને ઓછી તસ્દી; પણ તેં પાદશાહી નોકરનું ખૂન કીધું ત્યારે તને ખાવિંદના ખોફની કંઈ ખબર હતી કે નહિ?

અનોપકુંવર — બરાબર ખબર હતી.

ઔરંગઝેબ — મરવાને તને કંઈ અતિશય ઉતાવળ છે?

અનોપકુંવર — જરા ઉતાવળ તો છે. મારાં માતાજીને બળી જતાં જોયાં છે, ત્યારથી હું મરવાને ઉત્સુક છું. પણ ઓ શાહ! હું આપને પૂછું છું, કે આપે પોતે ખાવિંદના ખોફનો કંઈ વિચાર કર્યો છે?

ઔરંગઝેબ — હું એ વિચાર શા માટે કરું? મારા પર ખુદાનો ખોફ શા માટે ઊતરે? મારા પર તો રહમ ઊતરેલી છે. તું જુએ છે કે હું પાદશાહના તખ્ત ઉપર છું.

અનોપકુંવર — પાદશાહના તખ્ત ઉપર છો તેથી શું થયું? ઓ શાહ! હું ભવિષ્ય જોઉં છું કે આપને પણ એક દિવસ આપનાં બૂરાં કામનો પસ્તાવો થશે, અને ત્યારે આપ આ ઓરતને યાદ કરશો.

ઔરંગઝેબ — ઓરત! તું ઘણી હિંમતવાન દેખાય છે કે ખુદ પાદશાહની સામે આવા સુખન કાઢી શકે છે.

અનોપકુંવર — હું પાદશાહની પાસે હિંમતથી બોલી શકું છું તે એટલા જ માટે કે પાદશાહના પાદશાહની હજૂરમાં જલદી જવાની ઉમ્મીદવાર છું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઔરંગઝેબ — તારી એ ઉમ્મીદ બર આવશે. એ છોકરાઓને હાજર કરો.

[સિપાઈઓ તેજસિંહ અને સત્યસિંહને બેડીઓ સાથે હાજર કરે છે.]

ઔરંગઝેબ — કેમ, છોકરાઓ, તમે જીવવા ઇંતેજાર છો ?

તેજસિંહ — બિલકુલ નહિ.

ઔરંગઝેબ — ત્યારે મરવા ઇંતેજાર છો ?

તેજસિંહ — આનંદથી; ઉલ્લાસથી.

ઔરંગઝેબ — મરીને તમે શું કરશો ?

તેજસિંહ — મરીને અમે અમર થઈશું, અને કોઈક દિવસ કોઈક રીતે તમારા ઉપર વેર લઈશું.

ઔરંગઝેબ — નાપાક કાફર બચ્ચાઓ ! તમે જાણો છો કે હું તમને જીવતા દફનાવી દેવાને સમર્થ છું ?

તેજસિંહ — ઓ શાહ ! અમે તો અમર છીએ. અમારા રૂહ અમર છે. અમારા દેહને તમે દફનાવી દેશો તેથી શું ?

ઔરંગઝેબ — તાજુબ ! આ છોકરાઓ બહાદુર છે. હું ચાહું છું કે મોગલોમાં આવા હીરા પાકે. પણ આ શયતાનની ઓલાદને તો જમીનદોસ્ત જ કરવી જોઈશે.

અનોપકુંવર — ઓ શાહ ! જાણો કે એ પણ અલ્લાહની અને બાવા આદમની જ ઓલાદ છે. એ સિંહશાવકોને જમીનદોસ્ત કરવામાં મોટું પાપ થશે.

ઔરંગઝેબ — બેવકૂફ ઓરત ! કચેરીમાં પૂછ્યા વગર બોલવાની કોઈને રજા નથી, પણ તું થોડા વખતની મહેમાન છે, વાસ્તે તારી એ ખતા દરગુજર કરું છું. પણ તું શું ધારે છે ? દીનના દુશ્મનને ઠાર કરવામાં પાપ શું હોય ? સરપનાં કે વાઘનાં બચ્ચાંને કાપી નાખવામાં પાપ કોણ સમજે છે ?

અનોપકુંવર — ઓ શાહ ! તમારા દુશ્મન કંઈ દીનના દુશ્મન નથી. અમારા ગુરુ તો તમારા પીર પણ જેને પગે લાગે તેવા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઔરંગઝેબ — તું દીવાની દેખાય છે. પણ તને બરાબર સજા થવાની છે. આ કેદીઓને હમણાં મજબૂત તુરંગોમાં પૂરી રાખો. હું હુકમ કરું ત્યારે એને ત્યાં હાજર કરજો, જાઓ.

[કેદીઓને લઈને ફતેખાં વગેરે જાય છે.]

ઔરંગઝેબ — વજીર! કેવી નાપાક બેવકૂફ ઓરત! પાક પરવરદેગારના ખુદ રસૂલહજરત પયગંબર સાહેબે પોતે દુશ્મનને ઝબેહ કરવામાં પાપ ગણ્યું નથી. પણ આ કાફરો શહેનશાહ અકબરના વખતની નરમ રાજનીતિથી બગડી અને ફાટી ગયા છે. એમને ઇસ્લામનો ત્રાસ દેખાડીને પૂરેપૂરા તાબે કરવા જોઈએ. મારીને જબરદસ્તીથી મુસલમાન બનાવવાથી પણ લાભ થયા વગર રહેશે નહિ. એ કાફરો એટલા બેવકૂફ છે કે એ રીતે જબરદસ્તીથી મુસલમાન કરાયેલા પોતાના ભાઈઓનો પણ ત્યાગ કરશે, અને એવી દુષ્ટતા અને હૃદયહીનતા જોશે ત્યારે એ નવા બનેલા મુસલમાનો આપણા દીન તરફ વળી જશે. દુનિયા તમામ બેવકૂફોનો અચ્છો ભંડાર છે; આ હિંદુઓની બેવકૂફીથી તો તોબાહ!

વજીર — નામદાર શાહ! આપ ફરમાવો છો તે તમામ બરાબર છે. આદમની અકલને અને કુરાને શરીફના કાયદાને અનુકૂળ છે.

ઔરંગઝેબ —

કેવા પડે —
અતિ ગહન વિપદમાં —
અકલ રિપુ વિવશ થતા અકલ જતાં!
વિણ સહાય સમરમાંહ્ય ઝટ જિતાય, શરણ થાય,
પ્રબલ પરમ શાહી,
કરી મુજ અમલ માંહી:
સ્થિર સુહાય! અચલ કાય! વિઘ્ન ના જડે!

[પાદશાહ ચાલવા માંડે છે. ચોપદાર નેકી પુકારે છે.]

[જાય છે. પડદો પડે છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[પ્રવેશ બીજો]

સ્થળ : સરહિંદમાં બાદશાહી છાવણી.

[એક તૈયાર થતી દીવાલ, ઊંડા ખાડા, એકમાં આગ બળે છે. તેજસિંહ અને સત્યસિંહ સિપાઈઓની ચોકી નીચે બેડીઓ સાથે પ્રવેશ કરે છે.]

સત્યસિંહ — મોટાભાઈ! શું આજે જ આપણે માતાજીને મળી શકશું? સ્વર્ગમાં શું એ આપણી રાહ જોતાં હશે?

તેજસિંહ — બેશક, પૃથ્વી પર હતાં ત્યારે આપણી રાહ જોતાં, તો સ્વર્ગના મોક્ષમાં શું ઓછાં માયાળુ થયાં હશે? ના ના, છોટાભાઈ! ઈશ્વરેચ્છા હશે તો આજે જ આપણને માતાજી મળી જશે; અને કદાચ વેદનાથી આપણા રૂહ મૂર્છિત થયા હશે, તો ત્રીજે દિવસે જાગશું ત્યારે તો જરૂર. આપણા આવાસમાં જેમ પ્રભાતમાં ઊઠતાં માજીનું દર્શન થતું, તેમ મૃત્યુનિદ્રામાંથી જાગતાં આપણને એનાં એ દેવીનું દર્શન થશે. છોટાભાઈ, વહાલા, આનંદમાં રહે. તને દુઃખના વિચારથી ક્ષોભ તો થતો નથી? ભય તો લાગતો નથી?

સત્યસિંહ — મોટાભાઈ, શું હું નાનો છું તેથી સિંહ મટી જાઉં? આપણા બગીચાની અંદર પિંજરે પૂરેલા સિંહશાવક પશુ છતાં નિર્ભય છે. તો હું કેમ ન હોઉં?

તેજસિંહ — ધન્ય છે, મારા નાના સિંહ! આ લોકમાં જે વાણી આવી ખીલી છે તે પરલોકમાં તો કોણ જાણે કેવી ખીલશે? અહા!

સ્વર્ગ ચાલો બંધુ આજ
યાત્રા પૂરી આપણી તો થઈ!
આ ભવસાગર તરી ઊતર્યાં;
કિશોર વયમહીં અહીંતહીં ફર્યાં:
હવે જવાનું : સુખી થવાનું:
આમીન! આમીન! આમાન! આમીન!

સત્યસિંહ — મોટાભાઈ, બહેન અનોપકુંવર કેમ દેખાતાં નથી?

તેજસિંહ — આ તે આવે!

[અનોપકુંવર બેડીઓ સાથે પ્રવેશ કરે છે.]

અનોપકુંવર — કલ્યાણ થાઓ! વીરાઓ, ઉત્સાહમાં છો?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેજસિંહ — ભરપૂર !

અનોપકુંવર — છોટાભાઈ, માતાજીને વહેલા મળો, તો મારાં નમન કહેશો ?

સત્યસિંહ — જરૂર કહીશ. પણ બહેન, આપણે સૌ માતાજીને સાથે નહિ મળીએ ?

અનોપકુંવર — તમે તો ગુરુના બાલકો છો. પણ હું એક પાપી, અનિર્મલ ઓરત છું. મારી સ્થિતિ તમારી સાથે શી રીતે થઈ શકશે ?

તેજસિંહ — અહીં જે થઈ શકે તે શું ત્યાં નહિ થાય ? ઓ અનોપબહેન, પ્રભુના દરબારમાં તો એવા યોગ બનવાની આપણે ખાતરી રાખવી જોઈએ. ખુદ ગ્રંથસાહેબ એ પ્રમાણે ફરમાવે છે.

અનોપકુંવર — અહા ! 'સનાતન શબ્દ' ગુરુ બાલક દ્વારા બોલી રહ્યો છે ! ભાઈઓ, તમે સાચું કહો છો. આપણે સૌ માતાજીને સાથે જ મળી શકશું.

સત્યસિંહ — મને તો ખાતરી છે. અને એક વાત કહું, બહેન ? તમે માનશો ? હું તો માતાજીને કોઈ કોઈ વાર જોઉં છું !

તેજસિંહ — અને હું પણ !

અનોપકુંવર — આ ક્ષણે હું પણ —

[સામે જોઈ રહે છે. ઔરંગઝેબ પ્રવેશ કરે છે.]

ઔરંગઝેબ — કેમ રે ? સામે તું શું જોઈ રહી છે ?

અનોપકુંવર — મારાં દેવીને — માતાજીને જોઉં છું.

ઔરંગઝેબ — તારાં માતાજી તને પાદશાહના હાથમાંથી બચાવી શકશે ?

અનોપકુંવર — અવશ્ય, જરૂર !

ઔરંગઝેબ — અવશ્ય બચાવી શકશે ? શી રીતે ? મને બતાવ ! તું અત્યારે બંધનમાં છે : જોઉં છું કે તારી માતાજી તને કેમ છોડાવે છે !

અનોપકુંવર — ઓ શાહ, માતાજી તો મને હમણાં છોડાવી લેશે. અને તમારી પોતાની આંખ એ ચમત્કાર જોશે. પણ મને તમારી દયા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવે છે: આખિરનું ભલું ચાહતા હો તો હિંદુઓ તરફનો આ દ્વેષ છોડી દો, આ સિંહબાલકોને છૂટાં કરો.

ઔરંગઝેબ — હાથમાં આવેલાં સર્પનાં બચ્ચાંને હું છોડું? હમણાં જ તેમને આ દીવાલમાં ચણી લેવામાં આવશે, અને તારી આંખ એ દેખાવ જોશે.

અનોપકુંવર — મારી આંખ એ દેખાવ હરગિજ જોશે નહિ.

ઔરંગઝેબ — કેમ? શું તું આંખ બંધ કરી રાખીશ?

અનોપકુંવર — મારી આંખ તે પહેલાં બળી ભસ્મ થઈ જશે.

ઔરંગઝેબ — શું તારી પાસે પણ બળી મરવાની હિકમત છે?

અનોપકુંવર — બળીને મરવાની નહિ પણ બળીને અમર થવાની હિકમત તમારી રૂબરૂ મારાં માતાજીએ મને શીખવી.

ઔરંગઝેબ — તું દીવાની દેખાય છે. ક્યાં છે તારી માતાજી? અહીં કે આસમાનમાં કોઈ છે જ નહિ.

અનોપકુંવર — ઘુવડ સૂરજને દેખતો નથી, માટે કહે છે કે સૂરજ છે જ નહિ.

ઔરંગઝેબ — શયતાનજાદી, હું તારી બરાબર ખબર લઉં છું. સિપાઈ઼ઓ! આ કેદીને આગના ખાડામાં ફેંકી દો. સીધી તે જહન્નમમાં ભલે જાય!

અનોપકુંવર — ખબરદાર! પાસે આવશો તો બળી મરશો!

[અનોપકુંવર આગના ભડકામાં બળી જાય છે. પાદશાહ ચકિત થતો જોઈ રહે છે.]

ઔરંગઝેબ — સોભાન અલ્લાહ! આ કોઈ જાદુગરણી ઓરત હોવી જોઈએ. (છોકરાઓ તરફ ફરી) કેમ છોકરાઓ! તમે પણ આવો કંઈ જાદુ જાણો છો કે?

તેજસિંહ — એથી સરસ જાદુ અમે જાણીએ છીએ.

ઔરંગઝેબ — ઓહો! ત્યારે તો આસમાનમાં ઊડી શકતા હશો!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેજસિંહ—અત્યારે જ ઊડીએ છીએ, અમારા દેહ અહીં છે, પણ પ્રાણ આસમાનમાં છે!

ઔરંગઝેબ—આસમાનમાં હશે તો હમણાં જ જહન્નમમાં જશે. આ ખાડાઓ તમારે માટે તૈયાર છે. મુસલમાન થવાનું કબૂલ કરો તો હજુ તમે બચી શકશો. નહિ તો તમારું જીવન પૂરું થયું સમજો.

તેજસિંહ—અમારું જીવતર તો શરૂ રહેવાનું છે. ઓ શાહ! દેહથી મરવું તે કંઈ મુશ્કેલ નથી. તમે જોશો કે સાચા સિંહ કેવા આનંદથી મરી શકે છે.

ઔરંગઝેબ—સિપાઈઓ તમારું કામ કરો.

[સિપાઈઓ કુમારોને દાટી દે છે. ઉપર ભીંત ચણાય છે. હિંદુ પ્રેક્ષકોમાં હાહાકાર થાય છે. સિપાઈઓ તેમને દૂર કરે છે.]

ઔરંગઝેબ—(સ્વગત) અરે! આ શું? આ મારા હૃદયમાં શું થાય છે? શું ચોતરફ ચીસો પડે છે? (પ્રકાશ) અરે! ચારપાઈ હાજર કરો. મારી તબિયત જરા બગડી આવી છે, એટલે મારાથી ચાલી શકાશે નહિ.

[ચારપાઈ લઈ સેવકો આવે છે.]

(સ્વગત) અફસોસ! ધૈર્યનો ઢોંગ કરવો, અંદરથી ધાસ્તી લાગે ત્યારે પણ શાંતિનો દેખાવ રાખવો, એ શહેનશાહોની એક ફરજ છે! સમશેરની ધાર ઉપર પણ હસતાં હસતાં અને સામર્થ્યના દંભથી ચાલવાનું છે! અરેરે આ તે શાહી કે કમબખ્તી!

[ચારપાઈમાં બેસે છે. સૌ વિદાય થાય છે.]

[પ્રવેશ ત્રીજો]

સ્થળ : દક્ષિણમાં પાદશાહી છાવણી, ઔરંગઝેબનો તંબૂ.
સમય : રાત્રિ.

ઔરંગઝેબ—આદમ બધાનું આવવું આલમ મહીં છે એકલા!
એવું જ મરવાનું—બધું છોડી જવાનું એકલા!

અફસોસ! મારે માટે એ વખત આવી ચૂક્યો. હવે રોઝેકયામત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુધી કબરમાં સૂઈ રહેવાનું, અને પછી ઇન્સાફ ! ઇન્સાફ ! શું મારી પાસેથી પણ મારાં કર્મના હિસાબ માગવામાં આવશે ? નહિ, કુરાને શરીફ કહે છે કે ખુદાની આંખથી કશું છૂપું રહેતું નથી. અરે ! તો મારું શું થશે ?

બાવા શાહજહાં, દારા, શુજા, મુરાદ, ફરીદ, કરીમ, કામબક્ષ, એ સૌ શું મારી સામે ફરિયાદ કરશે ? અરે ! ખુદા શું ખરેખર બધું જાણે છે ? હા ! આ મને શું થાય છે ? શું હું શહેનશાહ આલમગીર એક ગુનેગારની માફક ધ્રૂજું છું !

[ઘૂંટણિયે પડે છે.]

ઓ અલ્લાહ ! પાક પરવરદેગાર ! મને માફ કરો ! હું મારી તમામ ખતા કબૂલ કરું છું ! આપ રહમના દરિયાવ છો !

હવે પાક પરવરદેગાર હું નાપાક ઉપર રહમ કરશે – કરશે ? ઊંડી સળગતી આગમાં ફેંકી નહિ દે, તેની શી ખાતરી ? બચ્ચા આલમગીર ! જિંદગીને એવે કિનારે તું આવ્યો છે કે જ્યાં પેલે પારની કશી જ વાત જાણ્યા વગર તારે ઝંપલાવવાનું છે. અરે ! તારે પણ એક હલકામાં હલકા માણસની માફક મરવાનું છે. અફસોસ !

જોયો નથી જે રાહ તે રાહે જવાનું એકલા !
અંધાર હો કે ગાર હો – પંથી થવાનું એકલા.

* * * *

વજીર અને હકીમ બંને પાસેના તંબૂમાં છે, તેમને બોલાવું ? મને લાગે છે કે હવે તૈયારી છે; મારો બધો ગર્વ ગળતો જાય છે. હું એક તુચ્છ, બિલકુલ અશક્ત આદમી હોઉં એમ મને લાગે છે.

શું ? હું એવો છું ? હું કેવો છું ? ના, ના, એ દર્શન ખોટું. એવો હું નથી !

શું ? અકબરશાહની રાજનીતિ કાયમ રાખી હોત તો મારા મરણ વખતે મારી અને હિંદની સારી સ્થિતિ હોત, એમ ? રજપૂતોને નરમ કર્યાં એ શું ખોટું થયું છે ? એ નાપાક કાફરો શું દીનના દુશ્મન નથી ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'નથી,' એમ કોણ કહે છે? ઓ! એ તેગબહાદુર, અને ગોવિંદસિંહના દાટી દીધેલા દીકરા! અને એ બીજા હજારો શીખો! આ હું શું જોઉં છું? મારા મગજને શું થયું?

શું એ બધા મને ખૂની ઠરાવે છે? ઇન્સાફના પેલા આલીશાન સફેત તખ્તની આગળ શું મારી સામે ફરિયાદ કરે છે?

અને–અરે ગઝબ! આતશની ઊછળતી નદી જેવી અલ્લાહની નઝર શું મારા તરફ ઊતરે છે?

[ઘૂંટણિયે પડે છે.]

ઓ માલેક! બચાવો! બચાવો!

[ફરી ઊભો થાય છે.]

અંગો બધાં જે અને હૈયું ઊભરતું જાય આ,
ઊંડાણમાં–અંધારામાં–રોમાંચ ઊભાં થાય આ!
અલ્લાહ! બાવા! છે ખતા–મોટી–ઘણી–મારી, અરે,
આ આગ! ઊંડી આગ! મારે શું જવાનું ત્યાં ખરે?

અરે, હું જીવું છું કે મરી ગયો છું? મારા પોતાના તંબૂમાં છું કે બીજી જહાંમાં? પેલાં ભૂત! કેવાં ભયંકર અને ત્રાસદાયક? મારે તે દૂર કરવાં જોઈએ. જાઓ! ઓ ભૂતો! હું શહેનશાહ આલમગીર તમારાથી ડરતો નથી!

શહેનશાહ! શહેનશાહી થોડા વખતની છે. આલમગીર! આલમ તો પાછળ રહેશે અને હું જાઉં છું! ખરેખર મેં બિલકુલ માનેલું નહિ! બચ્ચા આલમગીર! તારી હોશિયારીમાં તું જ ઠગાયો!

ઓ દુનિયાના રાજાઓ અને પાદશાહો! તમને નાનપણમાં ખરી વાત કોઈ શીખવતું નથી, અને મરણ વખતે તમને ત્રાસ થાય છે! ઓ ખુદા, શું મારી બધી તકસીરનો દોષ મારા ખુશામદખોર સાથીઓ અને દીવાનો ઉપર નથી? મને કોઈએ આ વાતની યાદ કરેલી જ નહિ! વજીર! હકીમ! તમે બંને આવો!

[વજીર અને હકીમ આવે છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વજીર અને હકીમ, તમે બંને મારા દોસ્ત છો, કે સ્વાર્થી ખુશામદખોર છો? સાચું બોલો!

વજીર — પાદશાહ સલામતે અમારી ઘણી વાર કસોટી કીધી છે.

ઔરંગઝેબ — ખરું. પણ હોશિયાર સ્વાર્થી માણસો ઘણી કસોટી-માંથી પસાર થઈ શકે. તમે શું મને ચાહો છો? મને પોતાને ચાહો છો?

હકીમ — પાદશાહ અમારા ખાવિંદ અને અન્નદાતા છે. આપને અમે કેમ ન ચાહીએ?

ઔરંગઝેબ — નહિ નહિ! તમે પાદશાહને ચાહો છો: અન્નદાતાને ચાહો છો: પણ મને પોતાને નહિ! મને પોતાને ચાહનાર તો દુનિયામાં કોઈ છે જ નહિ. હકીમ! મને લાગે છે કે મારું મરણ પાસે છે. તમે મારી સાથે મરશો? મારા સોબતી થશો?

હાય! મારાથી આ ખમાતું નથી! જીવ ઊંડો ઊતરતો જાય છે. નાડીઓ ખેંચાય છે. આંખે અંધારાં આવે છે. આ ચાલ્યો! ચાલ્યો! સલામ. બિરાદરો! સલામ.

હકીમ — આપ દવા લેશો? કદાચ સારું લાગશે.

ઔરંગઝેબ — હવે દવા? હું એવો છેક બેવકૂફ નથી! હાય! બસ થઈ ચૂક્યું!

[પડી જાય છે.]

વજીર — હકીમ સાહેબ, પાદશાહના શ્વાસ છેલ્લા છે. ચાલો, આપણે જલદી જઈ બહાદુરશાને ખબર આપીએ. એ ગયો પણ આપણે હજુ જીવવું છે.

હકીમ — જીવવું અને નવા પાદશાહના વજીર અને હકીમ થવું છે. અરે માણસજાત! ખેર! ચાલો ભાઈ તમે વધારે શાણા છો. અહીં રોકાવામાં હવે માલ નથી.

[બંને જાય છે. પડદો પડે છે.]

—ગુરુ ગોવિંદસિંહ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટિપ્પણ અને પ્રશ્નો

આલમગીર – આલમ (દુનિયા)ને જીતનાર. ઔરંગઝેબે ગાદીએ બેઠા પછી પોતાનું આ નામ રાખ્યું હતું. વજીરના શબ્દો માત્ર ખુશામત ખાતર બોલાયા હતા, પણ તે શબ્દો સાચા જ છે. ઔરંગઝેબની કર્તવ્યનિષ્ઠા અને વિલાસવૈભવ પ્રત્યેનો તિરસ્કાર જાણીતાં છે. **રિસાલદાર** – ઘોડેસવારની પલટણનો ઉપરી. **કુર્નિશ** – કુર્નૂલ (ફા.) નમીને સલામ કરવી તે. (આવા અનેક ફારસી શબ્દો વાપરી નાટચકારે વાતાવરણમાં વાસ્તવિકતા લાવવા પ્રયત્ન કર્યો છે.)

ગોવિંદસિંહ – શીખોના દસમા ગુરુ. જેમણે મુસલમાનોના ત્રાસનો સામનો કરવા શાંતિપ્રિય શીખ પ્રજાને હથિયાર ધારણ કરવા ને યુદ્ધમાં ઊતરવા હાકલ કરી.

જહન્નમ – ગેહનમ (હિબ્રૂ) નામે જેરુસલેમની દક્ષિણે એક સ્થાન હતું. ત્યાં એક મૂર્તિ સામે બાળવધ કરવામાં આવતો. મૂર્તિપૂજા બંધ થતાં લોકોએ એને ખરાબ જગા માની ગામનો ઉકરડો ત્યાં નાખવા માંડયો. આથી એનો નરક એવો લાક્ષણિક અર્થ થાય છે. **કાફર** – નાસ્તિક, પરમેશ્વરને ન માનનાર. (ઇસ્લામીઓ પરધર્મીઓ માટે તિરસ્કારમાં આ શબ્દ વાપરે છે; હિંદુઓ 'યવન' અને ખ્રિસ્તીઓ Pagan, heathen શબ્દ વાપરે છે; તે પ્રમાણે.) **ખોફ** – ધાસ્તી, ડર, (કાન્તે ગુસ્સો – રોષ, (ખફા) એ અર્થમાં શબ્દ વાપર્યો લાગે છે.) **રૂહ** – આત્મા. **શયતાન** – એક ફિરસ્તો જેને ઈશ્વરની સામે બંડ કરવા માટે હાંકી મૂકવામાં આવ્યો હતો, દુષ્ટ માણસ. **ઓલાદ** – (વલદનું બ. વ. અવલાદ (ફા.) તે ઉપરથી) વંશજ, પ્રજા. **ખતા** – ભૂલ, કસૂર. **દીન** – ધર્મ, પંથ (ઇસ્લામ). **પરવરદેગાર** – સર્વનું પાલન કરનાર, ઈશ્વર (ફા.) **રસૂલહજરત** – મહાન ઇસ્લામી સંત પુરુષ રસૂલ (ફા.) – ખુદા તરફથી સંદેશો લઈ આવનાર (કાસદ), હજરત – સ્વામી, માલિક (માનવાચક શબ્દ). **પયગંબર** – (ફા.) પયગામ (સંદેશો) + બર (લઈ જનાર). **ગ્રંથસાહેબ** – શીખ લોકોનો ધર્મગ્રંથ. **'સનાતન શબદ'** – ઈશ્વરની વાણી (શબદ – શબ્દ). **ચારપાઈ** – (ફા.) પાલખી; ચાહર (ચાર) + પાય (પગ). **રોઝેકયામત** – મૃત્યુ પછી દુન્યવી કર્મો માટે ન્યાય મળવાનો દિવસ. **શાહજહાં** વગેરે – જેના જેના મૃત્યુ માટે **ઔરંગઝેબ** જવાબદાર હતો તે બધાને પસ્તાવાની આ પળે તે યાદ કરે છે. **તેગબહાદુર** – ગુરુ ગોવિંદસિંહના પિતા. શીખ લોકોના નવમા ગુરુ. જેના ખૂન માટે ઔરંગઝેબને જવાબદાર ગણવામાં આવે છે. **આતશ** – અગ્નિ, ક્રોધ.

૧. આલમગીર કોણ હતો? એના જીવન ઉપર ટૂંકી નોંધ લખો.

૨. ઔરંગઝેબ અને ગુરુ ગોવિંદસિંહ વચ્ચે શા કારણે વેર બંધાયું હતું? ગુરુ ગોવિંદસિંહે પોતાના ધર્મના બચાવ માટે શું કર્યું?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩. અનોપકુંવરે ઔરંગઝેબને શો ઉપદેશ આપ્યો? એ ઉપદેશ એણે પાળ્યો હોત તો એનું શું પરિણામ આવત?

૪. તેજસિંહ અને સત્યસિંહની અડગતા ઉપર ટૂંકી નોંધ લખો. એ બે બાળકો પાસેથી અનોપકુંવરને શું શીખવાનું મળ્યું?

૫. ઔરંગઝેબને છેવટે શા માટે પસ્તાવો થાય છે? એનાં કૃત્યો માટે એના ખુશામદખોર દરબારીઓને કેટલે અંશે જવાબદાર ગણી શકાય?

૬. ઔરંગઝેબ અથવા અનોપકુંવરના પાત્ર ઉપર નોંધ લખો.

૭. આ નાટક તમારે ભજવવું હોય તો વસ્ત્ર અને તખ્તાની ગોઠવણ માટે તમારે શી શી તૈયારી કરવી પડે?

૮. ટૂંક નોંધો:–શયતાન, કાફર, પયગંબર, ગ્રંથસાહેબ, રોઝે કયામત, ખેલ.

મોહનદાસ કરમચંદ ગાંધી

[ઈ. સ. ૧૮૬૯–૧૯૪૮]

[આ વિશ્વવિરલ મહાપુરુષનો જન્મ પોરબંદરમાં થયો હતો. એમના વડીલો પોરબંદરનો કારભાર કરતા, એટલે એમણે રાજકારણ–સંસ્કાર ગળથૂથીમાં જ પીધા હતા. બારમે વર્ષે એમનું લગ્ન કસ્તૂરબા સાથે થયું. કસ્તૂરબા ઝાઝું ભણેલાં ન હતાં પણ ગાંધીજીના આજીવન સહવાસથી જ એમણે સર્વ શિક્ષણ મેળવ્યું હતું, અને અપૂર્વ સ્વાર્થત્યાગ કરી બતાવી ભારતવર્ષ માટે સ્ત્રીત્વનો આદર્શ બની રહ્યાં હતાં. ૧૮૮૭ માં મૅટ્રિકની પરીક્ષા પસાર કરી બૅરિસ્ટર થવા ગાંધીજી ૧૮૮૮માં વિલાયત ગયા. ત્યાં એમને અવનવા અનુભવ થયા



અને અનેક કપરા પ્રસંગોમાંથી પસાર થઈ તેઓ હિંદ પાછા ફર્યા. વકાલતના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધંધામાં મુંબઈમાં નહિ ફાવવાથી દક્ષિણ આફ્રિકા જઈ ત્યાં પ્રૅક્ટિસ શરૂ કરી. ત્યાં ગોરા લોકો સામે એમણે હિંદીઓના હક માટે સત્યાગ્રહી, અહિંસક યુદ્ધ શરૂ કર્યું; અનેક પ્રકારનાં અપમાન અને દુઃખ સહ્યાં; આફ્રિકાના વિવિધ અનુભવોએ એમનાં સિદ્ધાંતો અને જીવન ઘડયાં. એમની સાહિત્યપ્રવૃત્તિની શરૂઆત પણ ત્યાંથી જ થઈ. ત્યાંથી હિંદ આવી સ્વતંત્રતા માટે એવી જ લડત એમણે મોટા પાયા ઉપર શરૂ કરી. અને જીવન પર્યંત માનવજાતની સાચી મુક્તિનાં વિરોધક તત્ત્વો — અજ્ઞાન, અન્યાય, અસત્ય અને હિંસા — સામે એમણે પોતાની અજોડ લડત ચાલુ રાખી.

સત્ય અને અહિંસા એમની યુદ્ધનીતિના સ્તંભ હતા. પ્રેમ એ એમનું શસ્ત્ર, સહનશીલતા કવચ, અને ક્ષમાશીલતા એમની ઢાલ હતાં. જગતની યુદ્ધનીતિના ઇતિહાસમાં આ એક અપૂર્વ પ્રયોગ હતો. હિંદના જીવનમાં ઉતારેલી સ્વતંત્રતા અને સ્વદેશાભિમાનની ભાવના ને અહિંસક લડત દ્વારા એમણે મેળવેલું સ્વરાજ્ય એ એમની જીવનપ્રયત્નની સફળતા માટે પૂરતાં છે.

દેશસેવક, મહાત્મા અને મુત્સદ્દી હોવા ઉપરાંત ગાંધીજી એક અનન્ય સમાજસુધારક હતા. પતિત સ્ત્રીઓ અને અંત્યજોના ઉદ્ધાર માટે એમણે સતત ભગીરથ પ્રયત્ન કર્યા છે. જ્ઞાતિનાં બંધનો, ખોટા ખર્ચાળ રિવાજો, બાળલગ્ન, વિધવાવિવાહ પ્રતિબંધ એ સર્વ સામે એમણે સખ્ત વિરોધ જાહેર કર્યો છે એટલું જ નહિ, પણ એ સામાજિક દોષોના નિવારણ અર્થે શક્ય તેટલા પ્રયત્નો એમણે કર્યા છે. કર્તવ્યનિષ્ઠા, સત્યશીલતા અને આચારવિચારની એકતાને લીધે સારાયે જગતમાં એ મહાત્મા તરીકે પૂજાય છે.

પોતે સાક્ષર તરીકે ઓળખાવવા તરફ અરુચિ દર્શાવતા; પણ ગુજરાતી ગદ્યસાહિત્યના વિકાસમાં એમનો ફાળો અનન્ય છે. એમના નિબંધો પ્રાસંગિક હોવા છતાં જ્ઞાન અને અંગત અનુભવોથી ભરેલા છે. સામાન્ય જનસમુદાયનો ઉદ્ધાર એ એમનાં સર્વ લખાણનું ધ્યેય છે. આથી જ ગાંધીજી સાદી અને સરળ સર્વજનગમ્ય શૈલીનો આગ્રહ હંમેશાં રાખતા. એમનાં ‘નવજીવન’ અને ‘હરિજનબંધુ’ એ ગુજરાતી ભાષા અને સમાજના ઘડતરનું એક સીમાચિહ્ન છે. વિચાર, ભાવ અને ભાષાની સરળતા એ એમની શૈલીની વિશિષ્ટતા છે. એમની શૈલી સીધી અને સાદી છતાં સચોટ છે. એ જે કહે છે તે એમના હૃદય અને જીવનના અનુભવોમાંથી ઊતરી આવેલું છે. એટલે એમનાં લખાણોમાં સહૃદયતા અને ચેતન હોય છે. એમની ‘આત્મકથા’ અને બીજા છૂટક લેખો દરેક વિદ્યાર્થીએ ભાષા અને વિચાર બન્ને દૃષ્ટિએ વાંચી જવા જોઈએ.

ગાંધીજી ભણવા માટે વિલાયત ગયા હતા ત્યાં તેમને નારાયણ હેમચંદ્રનો પરિચય થયો હતો. એ પ્રસંગ અહીં આપવામાં આવ્યો છે. નારાયણ હેમચંદ્રના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવનની સાદાઈ, એમની જ્ઞાન મેળવવાની ધગશ અને શિષ્ટાચારો પ્રત્યેની બેપરવાઈનો ખ્યાલ આ ખંડમાંથી સારી રીતે મળે છે.]

નારાયણ હેમચંદ્ર

આ જ અરસામાં સ્વ. નારાયણ હેમચંદ્ર વિલાયતમાં આવ્યા હતા. લેખક તરીકે તેમનું નામ મેં સાંભળ્યું હતું. તેમને હું નૅશનલ ઇન્ડિયન ઍસોસિયેશનવાળાં મિસ મૅનિંગને ત્યાં મળ્યો. મિસ મૅનિંગ જાણતા હતાં કે મને બધાંની સાથે ભળતાં નહોતું આવડતું. હું એમને ત્યાં જતો ત્યારે મૂંગે મોઢે બેઠો રહેતો; કોઈ બોલાવે તો જ બોલું.

તેમણે નારાયણ હેમચંદ્રની ઓળખાણ કરાવી.

નારાયણ હેમચંદ્રને અંગ્રેજી નહોતું આવડતું. તેમનો પોશાક વિચિત્ર હતો. બેડોળ પાટલૂન પહેર્યું હતું. ઉપર ચોળાઈ ગયેલો, કાંઠલે મેલો, બદામી રંગનો કોટ હતો. નેકટાઈ કૉલર ન હતાં. કોટ પારસી ઘાટનો પણ ડોળ વિનાનો. માથે ફૂમતાવાળી ઊનની ગૂંથેલી ટોપી હતી. તેમણે લાંબી દાઢી રાખી હતી.

કદ એકવડિયું, ઠીંગણું કહીએ તો ચાલે. મોં ઉપર શીળીના ડાઘ હતા. ચહેરો ગોળ, નાક નહિ અણીદાર, નહિ ચીબું. દાઢી ઉપર હાથ ફર્યા કરે.

બધા ફૂલફટાક લોકો વચ્ચે નારાયણ હેમચંદ્ર વિચિત્ર લાગતા હતા અને બધાથી નોખા પડી જતા હતા.

"આપનું નામ મેં બહુ સાંભળ્યું છે. આપનાં કંઈ લખાણો પણ વાંચ્યાં છે. આપ મારે ત્યાં આવશો ?"

નારાયણ હેમચંદ્રનો સાદ ભાંભરો હતો. તેમણે હસમુખે ચહેરે જવાબ આપ્યો:

"તમે ક્યાં રહો છો ?"

"સ્ટોર સ્ટ્રીટમાં."

"ત્યારે તો આપણે પડોશી છીએ. મારે અંગ્રેજી શીખવું છે. તમે મને શીખવશો ?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મેં જવાબ આપ્યો, "જો આપને કંઈ મદદ કરી શકું તો રાજી થાઉં. મારાથી બનતી મહેનત જરૂર કરીશ. આપ કહો તો હું આપને ત્યાં આવીશ."

"ના, ના, હું જ તમારે ત્યાં આવીશ. મારી કને પાઠમાળા છે તે હું લેતો આવીશ."

અમે વખત મુકરર કર્યો. અમારી વચ્ચે ભારે સ્નેહગાંઠ બંધાઈ.



નારાયણ હેમચંદ્ર

નારાયણ હેમચંદ્રને વ્યાકરણ મુદ્દલ નહોતું આવડતું. 'ઘોડો' ક્રિયાપદ બને ને 'દોડવું' નામ બને. આવા વિનોદી દાખલા તો મને કેટલાયે યાદ છે. પણ નારાયણ હેમચંદ્ર મને પી જાય તેવા હતા. મારા અલ્પ વ્યાકરણથી એ કાંઈ મોહી જાય તેવા ન હતા. તેમને વ્યાકરણ ન આવડે તેની શરમ તો હતી જ નહિ.

"હું કંઈ તમારી જેમ નિશાળમાં શીખ્યો નથી. મને મારા વિચારો જણાવવામાં વ્યાકરણની જરૂર નથી જણાઈ. જુઓ, તમને બંગાળી આવડે છે? મને તો બંગાળી આવડે. હું બંગાળમાં ફર્યો છું. મહર્ષિ દેવેન્દ્રનાથ ટાગોરનાં પુસ્તકોનો તરજુમો તો ગુજરાતી પ્રજાને મેં જ આપ્યો છે ના? મારે તો ઘણી ભાષામાંથી ગુજરાતી પ્રજાને તરજુમા આપવા છે. તે કરવામાંયે હું શબ્દાર્થને નથી વળગતો. ભાવાર્થ આપું એટલે મને સંતોષ. મારી પછી બીજાઓ ભલે વધારે આપે. હું તો વગર વ્યાકરણે મરાઠી જાણું, હિંદી જાણું, ને હવે અંગ્રેજી જાણતો થવા લાગ્યો. મારે તો શબ્દભંડાર જોઈએ. તમે એમ ન જાણતા કે એકલા અંગ્રેજીથી મને સંતોષ થવાનો છે. મારે તો ફ્રાન્સ જવું છે, ને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફ્રેન્ચ પણ શીખી લેવું છે. હું જાણું છું કે ફ્રેન્ચ સાહિત્ય બહોળું છે. બનશે તો જર્મની પણ જઈશ ને જર્મન ભાષા શીખી લઈશ."

આમ નારાયણ હેમચંદ્રની ધારા ચાલતી જ રહી. ભાષાઓ જાણવાનો અને મુસાફરી કરવાનો તેમનો લોભ અપાર હતો.

"ત્યારે તો તમે અમેરિકા જવાના જ."

"જરૂર. એ નવી દુનિયા જોયા વિના હું પાછો જાઉં કે?"

"પણ તમારી પાસે એટલા બધા પૈસા કયાં છે?"

"મારે પૈસાનું શું કામ? મારે કયાં તમારા જેવી ટાપટીપ કરવી છે? મારે ખાવું કેટલું ને પહેરવું કેટલું? મારાં પુસ્તકોમાંથી કંઈક મળે છે તે અને થોડું મિત્રો આપે તે બસ થઈ જાય. હું તો બધે ત્રીજા વર્ગમાંજ જનારો રહ્યો. અમેરિકા ડેકમાં જઈશ."

નારાયણ હેમચંદ્રની સાદાઈ તો તેમની પોતાની જ હતી. તેમની નિખાલસતા પણ તેટલી જ હતી. અભિમાનનું નામ નહોતું. પોતાની લેખક તરીકેની શક્તિ વિષે જોઇએ તેના કરતાં પણ વધારે વિશ્વાસ હતો.

અમે રોજ મળતા. અમારી વચ્ચે વિચાર તેમ જ આચારસામ્ય ઠીક હતું. બન્ને અન્નાહાર કરનારા હતા. બપોરના ઘણી વેળા સાથે જમીએ. આ મારો અઠવાડિયાના સત્તર શિલિંગમા રહેવાનો ને સ્વયંપાક કરવાનો કાળ હતો. હું કોઈ વેળા તેમની કોટડીએ જાઉં, તે કોઈ વેળા મારી કોટડીએ આવે. હું અંગ્રેજી ઢબની રસોઈ કરું, તેમને દેશી ઢબ વિના સંતોષ ન જ વળે. દાળ જોઈએ જ. હું ગાજર ઇત્યાદિનો 'સૂપ' બનાવું તેથી મારી દયા ખાય. તેમણે મગ કયાંકથી શોધી કાઢ્યા હતા. એક દિવસ મારે સારુ મગ રાંધીને લાવ્યા ને મેં અત્યંત સ્વાદથી ખાધા. પછી તો અમારે આવી આપલે કરવાનો વહેવાર વધ્યો. હું મારી વાનગી તેમને ચખાડું ને તે મને પોતાની ચખાડે.

આ સમયે કાર્ડિનલ મૅનિંગનું નામ સહુને મુખે હતું. ગોદીના મજૂરોની હડતાલ હતી. જૉન બર્ન્સ અને કાર્ડિનલ મૅનિંગના પ્રયત્નથી હડતાળ વહેલી બંધ થઈ. કાર્ડિનલ મૅનિંગની સાદાઈ વિષે ડિઝરાયલીએ લખ્યું હતું તે મેં નારાયણ હેમચંદ્રને વાંચી સંભળાવ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ત્યારે મારે તો એ સાધુ પુરુષને મળવું જોઈએ."

"એ તો બહુ મોટા માણસ રહ્યા. તમને કેમ મળશે?"

"હું બતાવું તેમ. તમારે મારે નામે કાગળ લખવો. હું લેખક છું એવી ઓળખાણ આપજો. તેમના પરોપકારી કાર્યનો ધન્યવાદ જાતે આપવા મારે મળવું છે એમ લખજો. ને એમ લખજો કે મને અંગ્રેજી વાત કરતાં ન આવડે તેથી મારે તમને દુભાષિયા તરીકે લઈ જવા પડશે."

મેં એવા પ્રકારનો કાગળ લખ્યો. કાર્ડિનલ મૅનિંગનો જવાબ બે ત્રણ દહાડામાં એક પત્તામાં આવ્યો. તેમણે મળવાનો સમય આપ્યો.

અને બન્ને ગયા. મે દસ્તૂર મુજબ મુલાકાતી કપડાં પહેર્યાં. નારાયણ હેમચંદ્ર તો જેવા હતા તેવા જ! એ જ કોટ ને એ જ પાટલૂન! મેં વિનોદ કર્યો. તેમણે મને હસી કાઢ્યો ને બોલ્યા:

"તમે સુધરેલા બધા બીકણ છો. મહાપુરુષો કોઈના પોશાક સામું નથી જોતા. તેઓ તો તેના હૃદયને તપાસે છે."

અમે કાર્ડિનલના મહેલમાં પ્રવેશ કર્યો. મકાન મહેલ જ હતું. અમે બેઠા કે તરત એક સુકલકડી, બુઢ્ઢા, ઊંચા પુરુષે પ્રવેશ કર્યો. અમારી બન્નેની સાથે હાથ મેળવ્યા. નારાયણ હેમચંદ્રને આવકાર દીધો.

"મારે આપનો વખત નથી લેવો. મેં તો આપને વિષે સાંભળ્યું હતું. આપે હડતાળમાં જે કામ કર્યું તેને સારુ આપનો ઉપકાર માનવો હતો. દુનિયાના સાધુપુરુષોનાં દર્શન કરવાનો મેં રિવાજ રાખ્યો છે. તેથી આપને મેં આટલી તસ્દી આપી." આ વાક્યોનો તરજુમો કરી દેવાનું મને નારાયણ હેમચંદ્રે ફરમાવ્યું.

"તમે આવ્યા તેથી હું રાજી થયો. ઉમેદ રાખું છું કે તમને અહીંનો વસવાટ અનુકૂળ આવશે, ને અહીંના લોકોની તમે ઓળખાણ કરશો. ઈશ્વર તમારુ ભલું કરો." આમ કાર્ડિનલ બોલ્યા ને ઊભા થયા.

એક વેળા નારાયણ હેમચંદ્ર મારે ત્યાં ધોતિયું ને પહેરણ પહેરીને આવ્યા. ભલી ઘરધણિયાણીએ બારણાં ઉઘાડ્યાં ને બીની. મારી પાસે આવી (મારાં ઘર તો હું બદલ્યાં જ કરતો એ વાંચનારને યાદ હશે), ને બોલી: "કોઈ ગાંડા જેવો માણસ તમને મળવા માગે છે." હું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દરવાજે ગયો ને નારાયણ હેમચંદ્રને જોયા. હું આભો જ બની ગયો. તેમના મુખ ઉપર રોજના હાસ્ય સિવાય કંઈ જ ન મળે.

"પણ તમને છોકરાંઓએ કનડગત ન કરી?"

"મારી પાછળ દોડતાં હતાં. મેં કંઈ ધ્યાન ન આપ્યું એટલે તેઓ શાંત થઈ ગયાં." મને જવાબ મળ્યો.

નારાયણ હેમચંદ્ર થોડા માસ વિલાયતમાં રહી પારીસ ગયા. ત્યાં ફ્રેન્ચ અભ્યાસ આદર્યો, ને ફ્રેન્ચ પુસ્તકોના તરજુમા શરૂ કર્યા. તેમનો તરજુમો તપાસવા પૂરતું ફ્રેન્ચ મને આવડતું હતું, તેથી તે જોઈ જવા કહ્યું. મેં જોયું કે તે તરજુમો ન હતો પણ કેવળ ભાવાર્થ હતો.

છેવટે તેમણે અમેરિકા જવાનો પોતાનો નિશ્ચય પાર પાડ્યો. મુસીબતે ડેકની કે ત્રીજા વર્ગની ટિકિટ મેળવી શક્યા હતા. અમેરિકામાં તેમને ધોતિયું પહેરણ પહેરીને નીકળ્યાને સારુ 'અસભ્ય પોશાક પહેર્યા'-ના તહોમત ઉપર પકડવામાં આવ્યા હતા. મારું સ્મરણ એવું છે કે પાછળથી તે છૂટી ગયા હતા.

—આત્મકથા : ખંડ ૧

ટિપ્પણ અને પ્રશ્નો

નારાયણ હેમચંદ્ર–જન્મ–મુંબઈ, ૧૮૫૫, વતન દ્વિળ (સૌરાષ્ટ્ર). જ્ઞાતિ–બ્રહ્મક્ષત્રિય. એમને દેશાટન અને ભાષાઓ શીખવાનો ઘણો શોખ હતો. ચાર વાર યુરોપ અમેરિકાનો પ્રવાસ કરેલો. એમણે ઘણાં ભાષાંતરો ગુજરાતને આપ્યાં છે. એમણે એકંદરે આશરે ૨૦૦ પુસ્તકો રચ્યાં છે. તે કાળે બંગાળી સાહિત્યનો ગુજરાતી વાચકોને પરિચય કરાવવાનો યશ એમને ઘટે છે. ૧૯૦૯માં એમનું મૃત્યુ થયું. 'હું પોતે' નામથી એમણે પોતાની આત્મકથા પ્રસિદ્ધ કરી છે. **ડિઝરાયલી**–અર્લ ઑફ બિકન્સફિલ્ડ (૧૮૦૩–૮૧) વક્તા, નવલકથાકાર અને રાજનીતિજ્ઞ; ઇંગ્લંડનો વડો પ્રધાન. **દસ્તૂર**–રિવાજ, ચાલ. **ઘરધણિયાણી**–Landlady.

૧. ના. હે.ના જીવન ઉપર ટૂંકી નોંધ લખો.

૨. ગાંધીજીને ના. હે.નો સહવાસ થતાં ગાંધીજી પર તેની શી છાપ પડી?

૩. મહાન પુરુષોના દર્શન કે પરિચયથી થતા લાભાલાભ વિષે તમારા વિચારો રજૂ કરો; તમને થયેલા અનુભવમાંથી દૃષ્ટાંત આપી તમારા વિચારોનું સમર્થન કરો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪. 'સત્ય' અને 'અહિંસા' સંબંધી ગાંધીજીના વિચારો દર્શાવો.

૫. પહેરવેશ, શિષ્ટાચાર વગેરે માટે પહેલાં ગાંધીજીના ખ્યાલ કેવા હતા? પછી કેવા હતા? એ ખ્યાલના ઘડતરમાં ના. હે. નો શો ફાળો?

૬. 'ગાંધીજીની સર્વદેશીય પ્રવૃત્તિ' એ વિષય ઉપર ૨૦ લીટી લખો.

૭. જગતની યુદ્ધનીતિના ઇતિહાસમાં ગાંધીજીએ કયો અપૂર્વ પ્રયોગ આદર્યો? એમાં એમને કેટલી સફળતા મળી?

૮. ગાંધીજીની શૈલીમાં આધુનિકતાનાં કયાં કયાં લક્ષણો નજરે પડે છે? ગઈ પેઢીના લેખકો કરતાં એ શૈલી કઈ રીતે જુદી છે?

૯. કયા પ્રસંગે ગાંધીજી અને ના. હે. ને એકમેકની વધુ નિકટ આણ્યા?

૧૦. ગાંધીજી અને ના. હે. વચ્ચે કઈ બાબતોમાં આચાર-વિચારનું સામ્ય હતું?

કનૈયાલાલ માણેકલાલ મુનશી

['ગુજરાતનો નાથ', 'પૃથ્વીવલ્લભ', અને 'વેરની વસૂલાત' જેવી સમર્થ નવલકથાના લેખક, શ્રી મુનશીનો જન્મ ૧૮૮૭માં ભરૂચમાં થયો હતો. ભરૂચમાંથી મેટ્રિકની પરીક્ષા પસાર કરી એ વડોદરા કૉલેજમાં દાખલ થયા. ૧૯૦૬માં બી. એ., ૧૯૧૦માં એલએલ. બી. અને ૧૯૧૩માં ઍડવોકેટની પરીક્ષા પસાર કરી અને મુંબઈમાં એક પ્રખર ધારાશાસ્ત્રી તરીકે પ્રખ્યાત થયા.



શરૂઆતમાં કેટલાંક સામયિકોનું તંત્રીપદ એમણે કર્યું હતું. જૂની સામાજિક પ્રણાલિકા તોડી ૧૯૨૬માં એમણે શ્રી લીલાવતી સાથે લગ્ન કર્યું. આજે મુનશીદંપતી અડગ રહી સાહિત્ય, સમાજ અને દેશની સેવા કરી રહ્યાં છે. ૧૯૩૦માં અસહકારની બીજી ચળવળ શરૂ થતાં બંને મહાત્માજીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પડખે જઈ ઊભાં, અને જેલયાત્રા કરી આવ્યાં. સમાજ અને રાષ્ટ્રસેવાનાં સ્વપ્ન કૉલેજજીવનથી શ્રી મુનશીએ સેવેલાં: 'સ્વપ્નદ્રષ્ટા' નામે નવલકથામાં અને એમનાં કેટલાંક ભાવનાશાળી, મહત્ત્વાકાંક્ષી પાત્રો દ્વારા શ્રી મુનશીએ એક વખત એ સ્વપ્નો વ્યક્ત કર્યાં હતાં. આજે પોતે એ સ્વપ્ન સિદ્ધ કરી રહ્યા છે.

એક સમર્થ નવલકથાકાર ઉપરાંત રા. મુનશી એક અજોડ નાટ્યકાર અને ટૂંકી વાર્તાના સિદ્ધહસ્ત લેખક છે. એમણે ગુજરાતી નવલકથાના લગભગ સ્થિર પ્રવાહને પ્રબલ વેગ આપ્યો, પ્રાણવાન અને વિવિધ પાત્રો ઉત્પન્ન કર્યાં, અને સીધી પણ સચોટ અને સુંદર રીતે વાર્તા કહેવાની કળા ગુજરાતને આપી. 'સરસ્વતીચંદ્ર' તરફ આદરથી જોઈ રહેલા ગુજરાતનું ચિત્ત એમની નવલકથાએ પોતાના તરફ આકર્ષ્યું અને યુવાન ગુજરાતને પોતાના સૌંદર્ય અને બલ વડે મુગ્ધ કર્યું. એમનાં પાત્રો અને વસ્તુમાં, (નવલકથા અને નાટકોમાં) શક્તિ અને કળાનો સફળ યોગ સધાયો છે. વસ્તુ અને પાત્રોની ભવ્યતા અને ગૂંથણી અને આલેખનની સુંદરતા વાચક ઉપર એક પ્રકારની મોહની નાખે છે. એમની રમતિયાળ અને રસમય શૈલી પણ વાચકના મનને મુગ્ધ કરે છે. એમનું ઐતિહાસિક પ્રસંગો અને પાત્રોનું દર્શન તથા ઐતિહાસિક કલ્પના અને આલેખન આપણને આંજી નાખે છે. ગુજરાતી ગદ્યશૈલીના વિકાસમાં એમનો ફાળો અમૂલ્ય છે. સંસ્કૃતમય સાક્ષરશૈલી અને રૂઢશૈલી એ બે વચ્ચેનો માર્ગ એમણે સ્વીકાર્યો છે. આમ આ સૌંદર્યરસિક સાહિત્યકાર અનેક રીતે ભાવિ ગુજરાતને લેખનકલાના પાઠ આપી ઘડી રહ્યા છે.

નવલકથા, નાટક અને ટૂંકી વાર્તા ઉપરાંત એમનાં નિબંધ અને ભાષણો પણ મનનીય છે. 'Gujarat & its Literature' નામનો એમનો વિવેચન ગ્રંથ અંગ્રેજી ભાષામાં પ્રગટ થયો છે. આમ એમની અનેકવિધ પ્રવૃત્તિમાંથી એક નવું, આદર્શ કલામય ગુજરાત ઉત્પન્ન કરવાનાં સ્વપ્ન એ સેવે છે ને એ સિદ્ધ કરવા શક્ય તેટલા પ્રયત્ન કરે છે. અત્યારે સાહિત્ય સાથે રાજનીતિ પણ એમના જીવનનું મહત્ત્વનું ક્ષેત્ર બન્યું છે.]

કીર્તિદેવ અને મુંજાલનો મેળાપ

[અવંતિમાં ઊછરીને મોટો થયેલો પ્રતાપી કીર્તિદેવ અવંતિના સંધિ-વિગ્રાહક તરીકે, આર્યાવર્ત યવનોના ભયથી મુક્ત થાય, એ માટે પોતાના પિતા મુંજાલ જે પાટણના મહાઅમાત્ય છે, તેને આગ્રહભરી વિનંતી કરે છે. પિતાપુત્ર એકબીજાને ઓળખતા નથી; એ સ્થિતિમાં આ સંવાદ થાય છે.]

જ્યારે કાક મંજરીનું પાણિગ્રહણ કરવામાં ગૂંથાયો હતો, ત્યારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કીર્તિદેવ તેના જીવનનું મહાકાર્ય આરંભવા તત્પર થયો હતો. તે મહાકાર્ય મુંજાલને મળવાનું હતું.

સજ્જને તેને અનેક વાર વાર્યો, પણ તે માલવી યોદ્ધો અડગ રહ્યો. તેના જીવનની બે નેમ હતી : તેના પિતાની શોધ અને તેના દેશનું ઐક્ય. એ બે ભાવના માટે તે જીવતો હતો; અને તે સિદ્ધ કરવા જતાં તે અમાનુષી—અચેતન સૃષ્ટિના મહાતત્ત્વ જેવો નિશ્ચલ સચોટ બની રહેતો. જેવી રીતે એક કામ સાધવા તેણે કાલભૈરવને આરાધ્યો હતો, તેવી જ રીતે બીજું કામ સાધવા રાજખટપટમાં ભૈરવસમા ભયાનક મંત્રીને મનાવવા તે જતો હતો.

કીર્તિદેવની બુદ્ધિપ્રધાન નજરે મુંજાલ એકમાત્ર કાર્ય સાધવા જતાં ઊભી થયેલી આડખીલી હતો; પણ પાટણની નાની સૃષ્ટિની નજરે તે બધી વસ્તુનો કર્તાહર્તા હતો. લોકને પૂછતાં કીર્તિદેવે તેના પ્રભાવનાં કાંઈ ઘણાં અસાધારણ લક્ષણો કે પરિણામની ખ્યાતિ સાંભળી ન હતી. તે જુવાનીમાં તોફાની હતો, ઉડાઉ હતો. તે લોકોને ગાંડા કરતો હતો; તેણે અઢળક ધનને પણ અધિક કર્યું હતું. ચંદ્રપુર જઈ હાલની રાજમાતાનું માગું કરી પાટણ લઈ આવ્યો હતો. થોડાં યુદ્ધો લડ્યો હતો. થોડાં શહેર સર કર્યાં હતાં; ભલા કર્ણદેવના વખતમાં રાજ્યસત્તા હાથ કરી હતી, રાજાના ભત્રીજા અને પોતાના બનેવી દેવપ્રસાદને દુઃખી કરી દુર્દશાએ પહોંચાડ્યો હતો; રાણીની સેવા કરતાં, પોતાની સ્ત્રી અને પુત્રનો ત્યાગ કરી બન્નેને મરવા દીધાં હતાં : રાજા મરી ગયા પછી બળવાખોર પટ્ટણીઓને રાજી કરી મીનળદેવીની સત્તા પાછી પાટણ પર બેસાડી હતી; અત્યારે તે રાણી તથા રાજાની મહેરબાની અને બીજા મંત્રીઓની નિર્બલતાથી સર્વસત્તાધિકારી થઈ બેઠો હતો.

કીર્તિદેવને આ બધામાં કાંઈ અસામાન્યતા ન લાગી. પણ માત્ર અસામાન્યતા તેણે પેદા કરેલા વાતાવરણમાં લાગી. જેમ વાતાવરણમાં ગમગીની હોય, સુગંધ હોય, ધાસ્તી હોય, તેમ ગુજરાતમાં પગ મૂકતાં મુંજાલના પ્રભાવથી ભરેલું વાતાવરણ તેને સ્પષ્ટ લાગ્યું હતું. ન કળાય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar
गुरुकुल कांगड़ी

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એવા ધાકથી, ન સમજાય એવા માનથી, ન જણાય એવી મમતાથી બધાં તેની તરફ જોતાં. કીર્તિદેવ મહાપુરુષ હતો; છતાં તેની વય કોમળ હતી આ કારણથી તેણે આ પ્રભાવ બધો પટ્ટણીઓની નિર્બળતાથી ઉદ્‌ભવ્યો છે, એમ માની લીધું.

તેની ભાવનામય દૃષ્ટિ, અણઘડાયલી કલ્પનાશક્તિ – એ બેથી મુંજાલના પ્રૌઢ વ્યક્તિત્વનો ખરેખરો પ્રભાવ તે પારખી શક્યો નહિ. મુંજાલથી તે અપરિચિત હતો, તેથી તેના પ્રભાવમાં જે પ્રતાપી સર્જનશક્તિ હતી, તે પણ જોઈ શક્યો ન હતો. તે તેને મળ્યો ન હતો, તેના અદ્‌ભુત વ્યક્તિત્વનો અસહ્ય પ્રતાપ તેણે જોયો ન હતો; નાના ગામડાના માલિકમાંથી પાટણ આજ બાર મંડળ અને બાવન શહેર પર એકહથ્થુ સત્તા કોને લીધે ચલાવતું હતું, તેની એને ખબર ન હતી; પણ જ્યારે સજ્જન મહેતા સાથે તે રાજગઢ આવ્યો, ત્યારે તેને પળ વાર પાછા હઠવાનું મન થયું – ડરથી નહિ, પણ માત્ર એવા જ વિચારથી કે મુંજાલને મળવાથી તેણે ઉપાડેલાં કર્તવ્યને કાંઈ હાનિ તો નહિ પહોંચે? બીજી પળે તે વિચાર અદૃષ્ટ થયો; અને બાણાસુરની સાથે દ્વંદ્વયુદ્ધ કરવા ઊતરેલા અનિરુદ્ધ સમો કીર્તિદેવ મુંજાલ પાસે ગયો.

મુંજાલની માનસિક સ્થિતિ વળી જુદી જ હતી. જ્યારથી તેણે કીર્તિદેવને જોયો ત્યારથી તેના પ્રભાવના ભણકારા તેને વાગ્યા હતા; તેની મોહક, બાલિકા સમી મુખમુદ્રા કોણ જાણે કેમ તેના મનમાં રમી રહી હતી. અને તેની ભાવના અને કર્તવ્યો સાંભળી તેને અજાયબી લાગી હતી. આ કારણોથી સજ્જને ફુરસદને વખતે કીર્તિદેવને મળવા મુંજાલ પાસે યાચના કરી, કે તેણે તરત તે સ્વીકારી. મુંજાલ મનુષ્યનો હીરાપારખુ હતો, અને પોતાની શક્તિ આ ઝગઝગતા રત્ન પર અજમાવવાનું તેને મન થયું હતું.

જ્યારે કીર્તિદેવ આવ્યો ત્યારે મુંજાલ તકિયે બેઠો બેઠો પાન ખાતો હતો. મીઠાશથી, ભરપૂર હાસ્યથી, મુંજાલે કીર્તિદેવને આવકાર દીધો.

'આવો કીર્તિદેવ! સજ્જન મહેતાને તમે ઘણા જીતી લીધા છે; તમારાં જ વખાણ કર્યા કરે છે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'મંત્રીરાજ! परगुणकथनैः स्वान् गुणान् ख्यापयंतः એવા પણ વિરલા દુનિયામાં પડ્યા છે.' નમ્રતાથી કીર્તિદેવે જવાબ વાળ્યો.

'મહેતાજી, તમે કીર્તિદેવને ક્યાંથી ઓળખ્યો?' મુંજાલે એકદમ સજ્જન સામું જોઈ પૂછ્યું.

સજ્જન મંત્રી ગભરાઈ ગયા; તેમનું મોઢું લાલચોળ થઈ ગયું. 'હું' તે જરા ગૂંચવાઈ બોલ્યા 'કીર્તિ—હું—ઉબકનો પુત્ર—દત્તક પુત્ર એટલે ઓળખું.'

'એમ?' મુંજાલે ડોકું હલાવી કહ્યું.

'તમે તો વણિક છો. તમારાં પણ સદ્‌ભાગ્ય કે ઉબકરાજ જેવા શિરચ્છત્ર મેળવી શક્યા!'

'જી, હા! મારા બાપ જે હોય તે—તેમણે મને બાળપણથી છોડી દીધો; પણ પરમારે બધી ખોટ પૂરી છે.' પણ આ વાત સજ્જનને રુચી નહિ. તે એકદમ ઊભા થઈ ગયા. તેને કાંઈ માનસિક ગભરામણ થતી હોય એમ લાગ્યું.

'મહેતાજી! હું હવે જાઉં છું.'

'કેમ? બેસોને.'

'ના, મારે મહારાજને મળવું છે; પછી બીજું કામ છે. હું જઈશ.'—કહી ઉતાવળથી રજા લઈ તે ચાલવા લાગ્યા. મુંજાલની આંખ જરા ઝીણી થઈ; તેને આ વર્તણૂકની સમજ નહિ પડી.

'ઠીક, મહેતા! આવજો.' તેણે કહ્યું. અને સજ્જન ગયો એટલે કીર્તિદેવ તરફ ફરી તેણે જરાક હસીને કહ્યું: 'બોલો, કીર્તિદેવજી! શું કામ છે?'

કીર્તિદેવ અડધી પળ મુંજાલનું વિશાળ ભાલ અને અગમ્ય આંખો જોઈ રહ્યો. તેને લાગ્યું કે તે એક મહારથી જોડે વાગ્યુદ્ધમાં ઊતરતો હતો.

'મંત્રીવર્ય! હું બે કામે આવ્યો છું. એક આપનાં દર્શન પામી કૃતાર્થ થવા; બીજું એક યાચના કરી ભિક્ષા મેળવવા.' કીર્તિદેવે કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેની તેજસ્વી આંખોમાં કપટ ન હતું, ઊંડાણ ન હતું; માત્ર સરલતા, શ્રદ્ધા હતી. તેનો સ્વર કોમળ હતો.

તે સ્વરે, તે નજરે મંત્રીના હૃદયમાં ન સમજાય એવા સૂરો પેદા કર્યા; પણ મુંજાલે તે સાંભળવાની કે સમજવાની તસ્દી લીધી નહિ. તેણે મીઠાશથી જવાબ આપ્યો : 'બોલો શું કામ છે?' કીર્તિદેવને મંત્રીની મીઠાશથી આશા આવી; તેણે કહ્યું, 'કામ આપના જેવાને સહેલ છે. આપ કરશો?'

'ભટ્ટરાજ! તમને સહેલ લાગે : પણ ગમે તેવો હું રાજસેવક.' પોતાના શબ્દને ખોટું પાડતું, સત્તાદર્શક હાસ્ય હસીને મુંજાલે કહ્યું.

'આપ રાજસેવક નથી; રાજ્યના ભાગ્યવિધાતા છો.'

'તમારો ખ્યાલ ખોટો છે.'

'ના, મંત્રીવર્ય! એટલું જ નહિ, પણ ભરતખંડનું ભાગ્ય પણ તમારા હાથમાં છે.'

'મારા હાથમાં!' જરા વિસ્મય પામી મુંજાલે કહ્યું.

'હા, મેં ગુર્જરભૂમિમાં પગ મૂક્યો, ત્યારથી તમારા પ્રભાવનો પરચો જોતો અને સાંભળતો આવ્યો છું, અને તેથી જ એક યાચના કરું છું.'

'શી?'

'જેમ ગુજરાતનું રાજ્યતંત્ર એક આંગળીએ ધારો છો, તેમ આર્યાવર્તનું રાજ્યતંત્ર પણ ધારો.' કીર્તિદેવે કહ્યું.

'એટલે?'

'મહારાજ! તમારા જેવાએ માત્ર એક રાષ્ટ્રની રાજનીતિ પાછળ જીવન સમર્પણ કરવું ન જોઈએ. આખા આર્યાવર્તની રાજનીતિ હાથ કરો; છિન્નભિન્ન થઈ ગયેલાં રાષ્ટ્રો—કુસંપી બનેલાં રાજ્યોને એકતંતે બાંધો. તમારા જેવાની શક્તિ વિના તે કોઈ કરી શકવાનું નથી.'

થોડી વાર મુંજાલ જોઈ રહ્યો : તેને કીર્તિદેવનું મગજ ભમતું લાગ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'કીર્તિદેવજી! શું અવંતિ ને પાટણની સંધિ વિષે કહો છો? જરા સ્પષ્ટ કહો.'

'મંત્રીવર્ય! તમે એમ ધારો છો, કે હું પાટણ ને અવંતિની સંધિ યાચવા આવ્યો છું? મહારાજ ઉબક પરમાર તલવારની ધાર વડે સંધિ કરાવે છે! સંધિ યાચતા નથી. ગઈ કાલે એમણે ગૌરવ છોડી માગણી કરી, તે માત્ર મારે લીધે. તે માગણી ફરીથી કરી માનભંગ થવા, અવંતિને અલ્પતા પમાડવા હું ફરી આવું એવો નથી; પટ્ટણીઓ વિગ્રહ માગશે તો શું માલવીઓ આપશે નહિ?'

'ત્યારે તમે શું માગો છો?'

'મહારાજ! માત્ર પાટણ અને અવંતિ વચ્ચે કુસંપ છે એમ નથી. સપાદલક્ષ અને માલવાને વેર છે: કાન્યકુબ્જાધિપ ચંદ્રદેવ મહારાજ માલવા અને સપાદલક્ષ એ સાથે લડે છે; ચેદિરાજ કીર્તિવર્મા સાથે લડે છે. ચિતોડના રાવજીની મહેચ્છા દિનપ્રતિદિન વધતી જાય છે. આ બધાનાં વેર શમાવવાં છે. આ બધાને ભેગા કરી એક મહા પ્રબળ સૈન્ય પેદા કરવું છે. એ બધું કરવા આર્યાવર્તને એક મુત્સદ્દી જોઈએ છે; એ પદવી તમે લેશો?'

મુંજાલના મુખ પર એકાગ્ર થયેલી કીર્તિદેવની આંખોમાંથી તેજના તણખા નીકળવા માંડ્યા. જેમ તેની વાચાનો પ્રવાહ વધ્યો, તેમ મુંજાલના પ્રભાવનો ખ્યાલ પણ ઓછો થયો. કીર્તિદેવ એક દેવનો દૂત હોય તેવો લાગતો; તેની નિર્મળ કાંતિ ભભૂકી ઊઠી: તેની એકવડી સુડોળ દીસતી કાઠી અનુદીઠી રીતે ધ્રૂજવા લાગી.

'આ બધી મહેનતનું કાંઈ કારણ?' શાંતિથી મુંજાલે પૂછ્યું.

'કારણ? આર્યાવર્તને માથે ભય ઝઝૂમે છે, મંત્રીરાજ!'

'કેવા પ્રકારનો?'

'મહારાજ! કાલે રાજસભામાં તમે પેલો અર્ધનગ્ન મ્લેચ્છ જોયો; એ અહીંયાં તો એકલો છે. કાશ્મીર પાસે એની જાતના અબજ યોદ્ધા છે; એ બધા આર્યાવર્તને ભસ્મીભૂત કરવા એકપગે થઈ રહ્યા છે;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમનાં ભયંકર રણશિંગડાં – તેમની ભયાનક હાક ઉત્તર પ્રદેશમાં ગાજે છે. તમે પણ ભૂલ્યા મંત્રીશ્વર, ગીઝનીના સુલતાને કરેલો પાટણ અને દેવપાટણનો વિનાશ? કાલે તો જયદેવ મહારાજે એક પાપીને પંચાંગ પોશાક આપ્યો; તેના પૌત્રો તમારાં ને મારાં છોકરાંના ડિલ પર એક કપડાનો કટકો રહેવા નહિ દે.'

'એટલે આપણાં રાજ્યો વચ્ચે સંધિ કરાવી એ અરિદળો સંહારવાં છે? એ મ્લેચ્છોને પાછા હાંકી કાઢવા છે?'

'હા; મુંજાલ મહેતા! અને તે તમારા વિના કોઈ કરી શકે તેમ નથી.'

મુંજાલ વિચાર કરતો હતો; તેની પ્રભાવશાળી આંખો કીર્તિદેવ પર ઠરી રહી હતી; તે મનમાં આ બાળયોદ્ધાની પ્રશંસા કરી રહ્યો હતો. તે થોડી વારે બોલ્યો :



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'કીર્તિદેવજી! તમારી વાત સાચી છે. પણ મારાથી કે ગુજરાતથી એમાંનું કાંઈ નહિ બને.'

'કેમ?' ચમકીને કીર્તિદેવે પૂછ્યું.

'તમે બાળક છો; નહિ સમજો. આવી સ્પષ્ટ રીતે કોઈએ અત્યાર સુધી કહ્યું ન હતું; પણ ચાર વર્ષ પર એક અમારો જતિ હતો, તે પણ એમ જ કહેતો હતો.' મુંજાલે કહ્યું.

'શું?'

'મને તેના બોલો યાદ આવે છે,' કહી મુંજાલે ઝીણી આંખો કરી તેના શબ્દો સંભાર્યા. તે કહી ગયો હતો: 'તમારા મંત્રીઓની મહેનત ધૂળ મળશે, તમારાં દીકરા–દીકરી ગીઝનીના બજારમાં વેચાશે.' એ સ્પષ્ટ સાંભરે છે.'

'તેની વાત સાચી છે; માટે જ કહું છું કે મારું કહ્યું માનો.'

'કીર્તિદેવ!' ડોકું ધુણાવી મુંજાલે કહ્યું. 'તમારી વાત સાચી ભલે હોય, પણ દરેક સત્ય વાત શક્ય નથી હોતી.'

'શક્ય ન હોય, તો થવી જોઈએ.'

'ત્યારે દુનિયાનો છેડો આવે,' મુંજાલે કહ્યું, 'શક્ય વસ્તુ ન હોય તો હાથમાં ન સાહવી, એ મારું સૂત્ર છે.'

'પણ તમે બધું શક્ય કરી શકો એમ છો. તમે મહાઅમાત્ય થયા, ત્યારે ગુજરાત કેવું હતું? અને આજે કેવું છે?'

'પણ હું મહાઅમાત્ય હતો–તે ખબર છે? અને તે છતાં મારી પીડા હું જાણું છું. કીર્તિદેવજી! તમે માગણી કરી મારું ગૌરવ વધાર્યું છે; જો હું એક મહારાજ્યનો મંત્રી હોત, મારા તાબામાં દસ હજાર સામંત હોત, તો હું તે સ્વીકારત. તે નથી. એટલે લાચાર.' કહી મુંજાલ મૂંગો રહ્યો. કીર્તિદેવે તેને અજબ રીતે પિગળાવ્યો હતો.

'તમે બધું કરી શકશો. મેં ઘણાખરા રાજાઓને સમજાવ્યા છે; તે બધા તમારું માનશે.'

'એક ચલ્લું નહિ માને. ભય વિના પ્રીતિ સાંભળી છે? તમારા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિચારના તેજમાં તમને આંખે અંધારાં આવ્યાં છે, કુસંપ કરતાં સંપ કરવો વધારે કઠણ છે.'

'તે તો મેં કાલે જ જોયું. તમારે ઘેર બેઠો સંપ આવ્યો, પણ તમે સ્વીકાર્યો નહિ. નહિ તો તમારી પીઠે આજે પાટણ અને અવંતિ બે હોત.'

'કીર્તિદેવ! શબ્દોની શોભાથી હું છેતરાતો નથી. હું અને પાટણ ઉબક પરમારના ગુલામ થઈ રહેત; પાટણના ઊગતા ગૌરવનો અસ્ત થાત.'

'એમ જ બધા માને તો કોઈ ભેગા મળી યવનોની સામે થાય જ નહિ.'

'જેણે તમને ભેગા થવાનું વચન આપ્યું હશે, તેનો મુદ્દો હું સમજું છું'

'શો?'

'યવનોને હરાવી દરેક જણ ચક્રવર્તી થવા આશા રાખતો હશે.' મુંજાલે કહ્યું.

'ત્યારે એ આશાએ તમે કેમ નથી જોડાતા?'

'ગુજરાત હજુ નાનું છે; તે હજુ હમણાં જ પગભર થાય છે. તે એવી આશા રાખે તો મૂર્ખ ઠરે. યવનો તો કોણ જાણે ક્યારે હારે; આવતે વર્ષે અમારું નખ્ખોદ વળી જાય.'

નિરાશાભર્યા હૃદયથી કીર્તિદેવ જોઈ રહ્યો.

મુંજાલે આગળ ચલાવ્યું:

'તમારા જેવા નિઃસ્વાર્થી માણસ આગળ સત્ય બોલતાં મને શી હરકત? મહામહેનતે મેં મારી ઝૂંપડી ઊભી કરી છે. આર્યાવર્તનો મહેલ ચણવા જાઉં તો એ ઝૂંપડી ચગદાઈ જાય. સમજ્યા? તમને જે મહેલ બાંધવાની હોંશ છે, તે તમે ભલે બાંધો: મુંજાલ તો એની મઢૂલી જ સંભાળશે.'

'એટલે મારાં સ્વપ્નો તો નષ્ટ થવાનાં?' દિલગીરીભર્યા અવાજે કીર્તિદેવે કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ત્યારે તમારાં સ્વપ્ન ખાતર, શું હું મારાં સિદ્ધ થયેલાં સ્વપ્નો નષ્ટ કરું?'

'ત્યારે એક નાના રાજ્યની મહત્ત્વાકાંક્ષા સાચવવા આર્યાવર્તનું સત્યાનાશ વળવા દેવું, એમાં તમારું મુત્સદ્દીપણું?' નિરાશાએ ડંખેલા હૃદયથી કીર્તિદેવે કહ્યું–કહેવાઈ ગયું. મુંજાલે ગૌરવથી ઊંચું જોયું; તેને લાગ્યું કે કીર્તિદેવની નિઃસ્વાર્થ બુદ્ધિ જોઈ પોતે અણધારેલી અયોગ્ય ભલમનસાઈ દેખાડી હતી. તેની આંખો નિશ્ચલ થઈ.

'તેનો જવાબ લેવાનો તમારો અધિકાર નથી.' શાંતિથી તેણે કહ્યું. 'હું છું ત્યાં સુધી મારું મુત્સદ્દીપણું ગમે તેવું હશે તોપણ ચાલશે.'

'અને મારું ચાલશે, ત્યાં સુધી નહિ ચાલવા દઉં' સત્તાથી કીર્તિદેવે કહ્યું.

મુંજાલ તિરસ્કારભર્યું હસ્યો, 'એવું કહેનારા મને ઘણા મળ્યા છે. અને—'

'અને તમે તે બધાનો પરાજય કર્યો છે.' કીર્તિદેવે ઉમેર્યું. નિરાશાથી તેના મગજમાં ગુસ્સો પેદા થયો હતો. 'તમે ધારો છો, કે આર્યાવર્તના ભવિષ્યની આડે આવતાં તમે ફાવશો? મંત્રીરાજ! તમને ડરાવતો નથી; પણ ખરી વાત હું કહું છું. હું થોડે દિવસે અવંતિ જઈશ. સમય આવ્યે મારી ઇચ્છા સિદ્ધ કરીશ. દેશ દેશના રાજાઓનાં સૈન્યો વડે મલેચ્છોનો સંહાર કરાવીશ અને જીવતો રહીશ, તો બતાવીશ કે સત્યમેવ જયતે. તમારી ટૂંક બુદ્ધિની સ્વાર્થી રાજ્યનીતિની તો ખાતરી કરી દઈશ, કે ગુજરાત એ આર્યાવર્તનું અંગ નથી, પણ સ્વાર્થી શ્રાવક ધનાઢ્યોને ધનસંચય કરવાનું ચૌટું છે. ઉબકરાજ કહે છે તેમ, પાટણ માત્ર અવંતિનું મંડલ થવાને જ યોગ્ય છે,' કહેતાં કહેતાં કીર્તિદેવ ઊભો થઈ ગયો. તેની જાજ્વલ્યમાન કાંતિ દેવ જેવી દીપી રહી. આ ઉમળકાનો ઊછળતો સાગર મુંજાલના શાંત ગૌરવ પર અથડાયો અને વીખરાઈ ગયો.

'તમારી આશાઓ સિદ્ધ ન થઈ તો?'

'તો હું જગતને કહીશ કે જ્યારે બધાં રાજ્યો સંધિ કરવા તૈયાર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતાં–જ્યારે બધાના સંપથી યવનોનો સંહાર થાત, અને ભરતખંડ બચી જાત–ત્યારે એક મંત્રીએ તેમ થવા ન દીધું. જ્યારે તમારાં રાજ્યોનો વિનાશ થશે–તમારું પાટણ પાધર થશે–ત્યારે કહીશ કે આ બધો પ્રતાપ એક મંત્રીનો–એક સ્વાર્થપરાયણ મુત્સદ્દીનો. તમારો જતિ કહી ગયો તેમ જ્યારે તમારાં દીકરાદીકરીઓ ગીઝનીમાં વેચાશે–ત્યારે તમારાં કર્તવ્યનું પરિણામ શું છે, તે સમજશો.' જુસ્સાથી કીર્તિદેવનાં અંગેઅંગ ધ્રૂજતાં હતાં.

'કીર્તિદેવ!' એક પળ વાર થોભી મુંજાલે સખ્તાઈથી કહ્યું, 'તમે ઉશ્કેરાઈ ગયા, એટલે વધારે વાત કરવામાં માલ નથી. તમે અવંતિ ક્યારે જાઓ છો?'

'આવતી અમાવાસ્યાએ.'

'મારું માનો તો આજે જ વિદાય થાઓ.'

'કેમ?'

'કારણ જાણવાની જરૂર નથી.'

'શું મહાઅમાત્ય તરીકે શાસન કરો છો? હું અવંતિનો સંધિવિગ્રાહક છું, હોં,' ગૌરવથી કીર્તિદેવે કહ્યું.

'હું શાસન નથી કરતો; શિખામણ આપું છું; માટે જેમ વહેલા પાટણ છોડો તેમ સારું.'

'ડરાવો છો?' કીર્તિદેવે પૂછ્યું.

'જેની પાસે શક્તિ કે સત્તા ન હોય તે ડરાવે; મારી પાસે બન્ને છે. જય સોમનાથ, આવજો.' શાંતિથી મુંજાલે કહ્યું અને તે ઊભો થઈ ગયો.

કીર્તિદેવ નીકળ્યો; તેના મનમાં નિશ્ચયાત્મક બુદ્ધિનો પ્રવેશ થયો હતો, તેનું હૈયું ગુસ્સાથી બળી રહ્યું હતું.

તેના ગયા પછી તેની પાછળ મુંજાલ જોઈ રહ્યો; અને આખરે બબડ્યો: 'શો છોકરો! શો પ્રભાવ! આવો પુત્ર હોય તો ઇકોતેર પેઢી તારે. શી બોલવાની છટા!–ભયંકર! એને અહીંયાં રહેવા નહિ દેવો જોઈએ; પર્વત પણ પિગળાવવાનું એની જીભમાં જોર છે. 'અરે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બહાર કોઈ છે કે?' બહારથી વિહારી આવ્યો. 'બાપુ! શો હુકમ છે?'

'કેમ! શી ખબર છે?'

'રાતના બાર વાગે સજ્જન મહેતાની વાડીમાં બધા ભેગા થવાના છે.' વિહારીએ કહ્યું.

'કોણ કોણ?'

'એક તો આ ગયો તે કીર્તિદેવ; બીજો કાક, પેલો કૃષ્ણદેવ—'

'તે હજુ અહીંયાં જ છે?'

'જી, હા. કીર્તિદેવનો જમણો હાથ છે.'

'પછી?'

'દેશળદેવ ને બીજા થોડાક છે. હું પછી બધાનાં નામ કહીશ.'

'શું કામ?'

'આપે જે જવાબ આપ્યો હોય, તેના પર વિચાર કરવા.'

'પેલો કાક કેમ છે?'

'બાપુ તે સમજાતું નથી. એ તો બધાનો જ ખાસ મિત્ર દેખાય છે, કીર્તિદેવનો, કૃષ્ણદેવનો, મંડલેશ્વરનો, ને મહારાજાનો.'

મુંજાલ હસ્યો...'હરકત નહિ. એ બધું તારે સમજવાની જરૂર નથી. બીજું કાંઈ?'

'બાપુ! અત્યારે કાક પરણ્યો.'

મુંજાલ હસ્યો. 'પરણ્યો? કોની સાથે?'

'રુદ્રદત્ત કવિ હતા ને, તેની છોકરી જોડે. મંડલેશ્વર મહારાજ ને કાશ્મીરાબા પણ હતાં.'

'ક્યાં પરણ્યો?'

'ગજાનન પંડિતના ઘરમાં.'

'વારુ! ડુંગરનાયકને કહી આવ, કે મને મળી જાય, ને દસ મલ્લ તૈયાર રાખે.'

'જેવી આજ્ઞા' કહી વિહારી ગયો.

'જોઈશ, હવે એ બધા રાતના શું કરે છે.' કહી મુંજાલ મીનળદેવી પાસે ગયો.

—ગુજરાતનો નાથ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટિપ્પણ અને પ્રશ્નો

અવંતિ–માળવાની પ્રાચીન રાજધાની; હાલના ઉજ્જન પાસે. **સંધિવિગ્રાહક**–સંધિનો સંદેશો લઈ જનાર રાજદૂત. દુશ્મન પણ એને હાનિ ન કરે એવો રાજનીતિનો નિયમ હતો. **આર્યાવર્ત**–આર્યોનો પ્રદેશ. ભારતનું પ્રાચીન નામ. **મહામાત્ય**–મહા + અમાત્ય (પ્રધાન, મંત્રી). **પાણિગ્રહણ**–લગ્ન; પાણિ (સં.)–હાથ. **સજ્જન**–પાટણનો એક મંત્રી, જે કીર્તિદેવનો યજમાન હતો. **કાલભૈરવ**–શંકરનું એક રુદ્રસ્વરૂપ. પોતાના પિતા કોણ છે તે જાણવા કીર્તિદેવે તેની ઉપાસના કરી હતી પણ તેમાં પૂરતી સફળતા તેને મળી ન હતી. **આડખીલી**–અવરોધ, વિઘ્ન. **પટ્ટણી**–પાટણ (અણહિલવાડ) ના વતની–શહેરી. **બાણાસુર**–બલિદૈત્યનો મોટો પુત્ર જે મહાકાલના નામે પણ ઓળખાતો. શંકરને પ્રસન્ન કરી તે હજાર હાથવાળો થયો હતો. 'ઓખા (ઉષા) હરણ'ની ઉષાનો પિતા. **હીરાપારખુ**–સાચી કિંમત આંકનાર (ઝવેરીના અર્થમાં પારેખ શબ્દ વપરાય છે). **परगुण...स्वगुणः**—બીજાના ગુણનાં વખાણ કરતાં પોતાના ગુણ જણાવતા. (ગુણવાન માણસ જ બીજાના ગુણનાં વખાણ કરે છે અર્થાત્ બીજાની પ્રશંસા કરનાર પોતે સારો માણસ હોય છે). **ઉબકરાજ**–માળવાનો સેનાપતિ ને કીર્તિદેવનો પાલક પિતા. **મુત્સદ્દી**–રાજનીતિમાં નિપુણ, યુક્તિબાજ માણસ. **મહારથી**–મહાન યોદ્ધા, સુભટ, **વાગ્યુદ્ધ**–શબ્દોનું યુદ્ધ, ચર્ચા; વાક્ (વાચા) + યુદ્ધ. **ભાગ્યવિધાતા**–નસીબ ઘડનાર, ભાવિ ઘડનાર. **પરચો**–પરતો, પ્રતાપ, ચમત્કાર, **કાઠી**–શરીરનો બાંધો. **મ્લેચ્છ**–અનાર્ય, યવન. **દેવપાટણ**–સોમનાથ પાટણ. **પંચાંગ**–પંચ–અંગ; પાંચે અંગનો, સંપૂર્ણ (પોશાક). **જતિ**–જૈન સાધુ. **પાધર થશે**–સંપૂર્ણ વિનાશ થશે, જમીનદોસ્ત થશે. **આવો પુત્ર હોય તો ઇકોતેર પેઢી તારે**–આવો પુત્ર કુળનો ઉદ્ધાર કરે, વડીલોની કીર્તિ વધારે. આમાં વ્યંગ્યોક્તિ (irony) છે, કારણ કીર્તિદેવ પોતાનો જ પુત્ર છે એની વાચકને જાણ છે પણ આ શબ્દો બોલનાર મુંજાલને નથી.

૧. કીર્તિદેવની દૃષ્ટિએ મુંજાલ કેવો દેખાયો?–એ શબ્દચિત્ર થોડાં વાક્યોમાં આલેખો.

૨. કીર્તિદેવની બે નેમ કઈ હતી? એમાં એને કેટલી સફળતા મળી?

૩. કીર્તિદેવે વર્ણવેલી આર્યાવર્તની સ્થિતિ આલેખો. એથી દેશને શું નુકસાન થવાનો સંભવ હતો?

૪. મુંજાલની રાજનીતિને કીર્તિદેવે શા માટે વખોડી નાખી? એ બંનેની ભાવનામાં–દૃષ્ટિમાં–શો ભેદ હતો? તમે બેમાંથી કોના વિચાર સાથે સંમત થાઓ છો?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫. આ પ્રસંગને આધારે સિદ્ધરાજના સમયના ગુજરાતનો ટૂંક ખ્યાલ આપો.

૬. મુંજાલ અને કીર્તિદેવ એ બેમાંથી તમને કોનું પાત્ર વિશેષ ગમે છે? તમારી પસંદગીનાં કારણો આપો.

૭. આ પ્રસંગને સંવાદનું રૂપ આપી તમારા વર્ગમાં કે શાળાના કોઈ સમારંભમાં ભજવો.

૮. પૂર્વાપર સંબંધ દર્શાવી સમજાવો:—(क) 'દરેક સત્ય વાત શક્ય નથી હોતી.' (ख) 'ભય વિના પ્રીતિ સાંભળી છે?' (ग) 'આવો પુત્ર હોય તો ઇકોતેર પેઢી તારે...'

૯. (अ) સમાસ ઓળખાવી વિગ્રહ કરો ને અર્થ કહો:-પાણિગ્રહણ; પંચાંગ; રણશિંગડાં; સ્વાર્થપરાયણ. (ब) રૂઢિપ્રયોગો વાક્યમાં વાપરો:-એક તંતે બાંધવું; માનભંગ થવું; પગભર થવું; પાધર થવું.

દત્તાત્રેય બાલકૃષ્ણ કાલેલકર

[જન્મે, સંસ્કારે અને શિક્ષણે દક્ષિણી હોવા છતાં ગુજરાતી ભાષા ઉપર અનન્ય પ્રભુત્વ ધરાવનાર કાકા કાલેલકરનો જન્મ ઈ. સ. ૧૮૮૬માં



સતારામાં થયો હતો. જુદે જુદે સ્થળે પ્રાથમિક અને માધ્યમિક કેળવણી લઈ કૉલેજનો અભ્યાસ પૂના અને મુંબઈમાં તેમણે કર્યો. હિંદુ ધાર્મિક સાહિત્યના અભ્યાસથી ઘડાયેલા એમના વિચારોને સ્વામી વિવેકાનંદ અને ગાંધીજીનાં લખાણે નવું બલ આપ્યું. જ્ઞાનામૃત મેળવવા ઋષિકુળ, હરદ્વાર, શાંતિનિકેતન વગેરે સ્થળોએ તે ફરેલા, પણ આત્માની અનંત તૃષ્ણા મહાત્માજીના સંગમાં જ છિપાશે એવી પ્રતીતિ થતાં ઈ. સ. ૧૯૧૭થી સાબરમતી સત્યાગ્રહ આશ્રમમાં આવી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વસ્યા. ગૂજરાત વિદ્યાપીઠ અને 'નવજીવન'ના સંચાલનમાં એમનો ફાળો અમૂલ્ય હતો.

પ્રાસંગિક લેખો લખી ગાંધીજીના વિચારો ફેલાવવામાં એમની લેખનીએ ઘણી મદદ કરી છે. 'જોડણીકોશ' પ્રગટ કરી ગુજરાતી ભાષાને સરળ અને એકધારી બનાવવા એમણે અથાગ પરિશ્રમ ઉઠાવ્યો છે. એમની બલવાહી, સંસ્કારી અને પ્રૌઢ શૈલીની અત્યારના ઘણા લેખકો પર સારી અસર થઈ છે. આપણા ગણ્યાગાંઠ્યા સમર્થ ગદ્યલેખકોમાં કાકાસાહેબનું સ્થાન મોખરે છે.

જ્યારે કાકા કાલેલકર ગાંધીઅસર ત્યાગી, પોતાની લેખનીને છૂટી મૂકી દે છે, ત્યારે તે એક સુંદર કલાકાર તરીકે ઝળકી ઊઠે છે અને એમના કલ્પનાવિહાર કવિતામય ગદ્યમાં પરિણમે છે. 'ઉત્તરાખંડની યાત્રા અને હિમાલયનો પ્રવાસ' કુદરતના સૌંદર્યનાં દર્શન કરાવી આપણને મુગ્ધ કરે છે. ગુજરાતી પ્રવાસસાહિત્યનું એ ઉત્તમોત્તમ પુસ્તક યથાર્થ રીતે લેખાય છે. એવી જ રીતે જેલનિવાસના સૂક્ષ્મ અનુભવોની નોંધ સમી 'ઓતરાતી દીવાલો' કુદરતનાં તત્ત્વો, અને પશુપંખી તરફના એમના અનહદ પ્રેમ અને તેમની ટેવોના સૂક્ષ્મ અવલોકન અને આલેખનથી આપણને રંજિત કરે છે. આવા પ્રસંગોએ એમની શૈલી ભાવનામય અને સરળ છતાં પ્રૌઢ બને છે. શ્રી મુનશીની પેઠે શુદ્ધ સાહિત્યનાં એમનાં પુસ્તકોમાં એ સંસ્કૃતમય સાક્ષરશૈલી અને સાદી રૂઢશૈલી એ બન્ને વચ્ચેની શૈલી ગ્રહણ કરે છે.

એમની આત્મકથા 'સ્મરણયાત્રા'માંથી નીચેનું લખાણ લેવામાં આવ્યું છે. 'સ્મરણયાત્રા' એ એમના કિશોરજીવનની નોંધ છે, છતાં એને એ પોતાની કલાથી અતીવ રસમય કરી શક્યા છે. આપણા અલ્પ આત્મકથાસાહિત્યમાં પ્રસ્તુત ગ્રંથ ઘણું ઊંચું સ્થાન સહેજે પ્રાપ્ત કરે છે. ઉપરાંત 'લોકમાતા' નામે બીજું પુસ્તક પણ તેમણે પ્રસિદ્ધ કર્યું છે. 'જીવનનો આનંદ' વગેરે ગ્રંથોમાં પ્રગટ થયેલા એમના નિબંધો મનન કરવા યોગ્ય છે.]

પંઢરી

ઘણાં વરસની ઝંખના પછી અમે પંઢરપુર જઈ શક્યા. બળદગાડીમાં કે પગપાળા મુસાફરી કરવામાં જે આનંદ, અનુભવ અને સ્વતંત્રતા રહે છે તે રેલગાડીમાં નથી જ હોતાં. પંઢરપુરની ભૂમિ એટલે પવિત્રમાં પવિત્ર ભૂમિ. ત્યાંનો એકેએક કાંકરો અને પથરો સંતોનાં ચરણોથી પુનિત થયેલો. ત્યાંની એકેએક વસ્તુ સુંદર છે, પવિત્ર છે, હિતકર છે, એમ માનવાને પ્રથમથી જ મન તૈયાર હતું. મંદિરને રસ્તે એટલાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આંધળાં, પાંગળાં, કોઢિયાં અને અપંગ લોકો પણ જાણે કોઈ બીજી જ દુનિયાનાં માણસો છે એમ મારી નજરે લાગતું.

ચંદ્રભાગા પર અમે નાહવા ગયાં ત્યાં પહેલવહેલું મંદિર જોયું પુંડરીકનું. એક ડોસી ઊંચે સાદે ગાતી હતી:

'कां रे पुंडचा मातलासी
उभे केलें विठलासी।'

પુંડરીક માતાપિતાની સેવામાં એવો તો લીન હતો કે એની ભક્તિથી રાજી થઈ શ્રીકૃષ્ણ પોતે એને વર આપવા આવ્યા ત્યારે માતાપિતાની સેવા છોડી પરમાત્માનું સ્વાગત કરવા ઊઠવું એને ન રુચ્યું. એણે પાસે પડેલી એક 'વીટ' (ईंट) ભગવાન તરફ ફેંકી અને કહ્યું, 'લો આસન. જરા ઊભા રહો, મારી સેવા પૂરી થવા દો.'

સેવામાંથી પરવાર્યા પછી પુંડરીકે પૂછ્યું, 'કેમ આવ્યા છો?'

'તારી ભક્તિ જોઈ સંતુષ્ટ થયો છું. વર આપવા જ આવ્યો છું.'

'માતાપિતાની સેવામાં મને પૂરતો આનંદ છે. વર આપવા જ માગો છો તો એટલું માગી લઉં કે અહીં ઊભા રહો.'

તે દિવસથી વિષ્ણુનું નામ 'વિઠ્ઠલ' (વીટ ઉપર ઊભા રહેનાર) પડ્યું. એટલા માટે જ પંઢરપુરમાં વિઠ્ઠલ સાથે રુક્મિણીની મૂર્તિ નથી. રુક્મિણીનું મંદિર જુદું છે. પંઢરપુરમાં રુક્મિણીને રખુમાઈ કહે છે, અને રાધાને રાઈ કહે છે. ચંદ્રભાગાના પટમાં જ્યાં જુઓ ત્યાં ભજન ચાલતું હોય. અહીં વર્ણાશ્રમ કે કર્મકાંડને મહત્ત્વ નથી. આ તો ભક્તિનું પિયર, સર્વ સંતોષનું ધામ છે.

અમે નાહીને વિઠ્ઠલનાં દર્શને ગયાં. ગોરમહારાજ સાથે હોવાથી દરેક સ્થાનનું માહાત્મ્ય ઝટ ઝટ સમજાઈ જતું. રસ્તામાં એક તાકપીટ વિઠોબા આવતા એવું સ્મરણ છે. આ વિઠોબા આગળ એક મોટું વાસણ હતું. એમાં લોકો છાશ અને ધાણીનો લોટ નાખતા.

વિઠ્ઠલના મંદિરમાં કેટલી ભીડ! કોઈ ગાય છે, કોઈ નાચે છે, કોઈ મોટેથી વિઠ્ઠલને સાદ પાડે છે. મંદિરના એકેએક ભક્તની નિષ્ઠા જોઈને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મને આનંદ થતો, પણ સરવાળે બધાની બહુ સારી છાપ પડી નહિ. બધા મળીને એવો કોલાહલ કરે કે એના કરતાં શાકબજાર સારું. હું નાનો હતો તોયે ભક્તિનો ઊભરો બતાવનાર લોકોનો દંભ હું જોઈ શકતો હતો. પ્રતિષ્ઠાની લાગવગથી ખાનગી રસ્તે અમે મંદિરમાં ગયાં અને સહેલાઈથી દર્શન કરી આવ્યાં. પહેલું દર્શન તો ઉતાવળે જ કરવાનું હોય. મંદિરના દરેક થાંભલા સાથે કંઈક ને કંઈક આખ્યાયિકા જોડાયેલી છે. 'આ ગરુડસ્તંભ; અહીં તુકારામ ઊભા રહેતા. ગોરા કુંભાર અહીં બેસતા; આ ઓટલા ઉપર નામદેવે માથું ફૂટયું હતું.' મંદિર બહાર એક પગથિયું પિત્તળનું છે. આ નામદેવની પાયરી તરીકે પ્રખ્યાત છે. કેમ કે એની નીચે નામદેવ સમાધિસ્થ થયા હતા.

રખુમાઈનું દર્શન કરી અમે ગોપાળપુર જોવા ગયાં. રસ્તામાં જ્યાં શ્રીકૃષ્ણે વલોણું વલોવ્યું હતું તે સ્થાન આવ્યું. ત્યાં ગોર કહે: 'જલદી આવો, જલદી આવો. થોડીક જ ધાણી હવે બાકી રહી છે.' એક પિત્તળની થાળીમાં ધાણીના દસ પંદર દાણા પડેલા હતા. ગોરે કહ્યું, 'શ્રીકૃષ્ણ અને એના ગોવાળ અહીં શિરામણ કરી ગયા તે કાળની આ ધાણી છે. તમે ઠીક વખતસર આવ્યા. આટલી જ રહી છે.' અમે બે પૈસા આપી ધાણીના બે ચાર દાણા લીધા અને આગળ ચાલ્યાં. ગોપાળપુરમાં એક શિલા છે. એ શિલા પર ગાયને ઊભી રાખી શ્રીકૃષ્ણે એનું દૂધ કાઢી પીધું હતું. એ ગાયની ચાર ખરી, શ્રીકૃષ્ણના પગ અને વાટકો, એ બધાનાં ચિહ્ન એ શિલા ઉપર ઊંડાં ઊતરેલાં દેખાતાં હતાં. આ બાજુએ નદીમાંથી ગમે તે પથરો કાઢો તો તેના પર બાળગોપાળનાં પગલાં સ્પષ્ટ દેખાય!

નદીના વહેણમાં પાણી વચ્ચે એક નાનકડું મંદિર છે. હોડીમાં બેસી અમે ત્યાં દર્શન કરવા ગયાં. અર્ધું વહેણ વટાવ્યું હશે ત્યાં હોડીવાળાને મેં કહ્યું: 'અહીં ડૂબકી મારી એક પથરો કાઢી બતાવ.' એણે એક પથરો કાઢયો. અને શું આશ્ચર્ય! એના પર પણ બાળકના જેવાં પગલાં સ્પષ્ટ દેખાતાં હતાં!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અહીંથી અમે જનાબાઈનું સ્થાન જોવા ગયાં. જનાબાઈ એ નામદેવના ઘરની દાસી. બિચારીને સગુંવહાલું કોઈ ન હતું; તેથી વિઠોબા પોતે એની સાથે એનું દળણું દળતા, આઠ આઠ દિવસે એને નવડાવતા અને એના વાળ ઓળતા. એક રાત વિઠોબા ત્યાં જ સૂઈ ગયેલા. જનાબાઈના વખતની એક રજાઈ આજે પણ ત્યાં જોઈ શકાય છે. એના પર તેલ રેડી રેડીને લોકોએ એને ચામડા જેવી કરી નાખી છે.

પાછાં ફરતાં પેલા ધાણીવાળા ગોર પાસે અમે ફરીથી ગયા. એ વખતે એની થાળીમાં બે મૂઠી ધાણી હતી! મેં એને પૂછ્યું, 'હવે આટલી ક્યાંથી આવી ગઈ?' મને જવાબ શાનો આપે!

ચંદ્રભાગાને કિનારે એક નાનકડો કુંડ છે. ત્યાં તુકારામે પોતાના અભંગની ચોપડીઓ પાણીમાં પથરા બાંધી ડુબાવી હતી, અને વિઠોબાએ એનું સમાધાન કરવા ખાતર પથરા સાથે એ ચોપડીઓ તરતી કરી હતી. એનું સત આજે પણ તમે અજમાવી શકો. બે પૈસા આપો એટલે એક માણસ પથરાની બનાવેલી એક નાનકડી નૌકા 'પુંડરીક વરદે હરિ વિઠ્ઠલ' કહી પાણીમાં છોડી દે છે, અને એ નૌકા ત્યાં પાણીમાં તરે છે. એ નૌકાને તરતી મેં મારી સગી આંખે જોઈ છે. મેં પેલા માણસને કહ્યું, 'આ જ નૌકા નદીના પાણીમાં છોડો જોઈએ. ત્યાં ડૂબી જાય તો માની લઈએ કે આ જગાનું સત છે.' એણે મારું ન માન્યું. કેમ કે હું નાનો હતો.

સાંજે વહેલા જમી અમે વિઠોબાની પૂજા જોવા ગયા. વિઠોબાની મૂર્તિનું રસભર્યું વર્ણન સંતોનાં વચનોમાં એટલું બધું સાંભળ્યું હતું કે સાક્ષાત્ મૂર્તિ કદરૂપી લાગે છે એમ મનમાં પણ કબૂલ કરવા મન તૈયાર ન હતું. શિયાળાના દિવસ હતા, એટલે વિઠોબા ગરમ પાણીએ નાહ્યા. ઘડા ભરી ભરીને એમને દૂધથી નવડાવ્યા. પછી દહીંથી. મોઢે માખણનો એક મોટો ગોળો ચોડી દીધો હતો. એક લોટો મધ માથે રેડાયું. કસ્તૂરી એ ગરમ ચીજ; કસ્તૂરીથી નાહ્યા પછી પંચામૃતની શરદી નડે નહિ. કસ્તૂરીની ગરમી ઉતારવા ચંદનના પાણીનો લોટો માથે રેડવામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવ્યો. છેલ્લે શુદ્ધોદક આવ્યું. શરીર લૂછીને રેશમી કોરનું ધોતિયું પહેરવા વિઠોબા તૈયાર થયા. વિઠોબાને પાટલી તો બહુ જ ફૅશનેબલ પાડવી જોઈએ. અમારા જેવા ભક્તોની આંખો ઠરી જતી. પછી આવ્યો જરકસી જામો. એના પર મહારાષ્ટ્રી પદ્ધતિનો રેશમી અંગરખો. પછી પાઘડી બાંધવાની ક્રિયા શરૂ થઈ. વિઠોબા તૈયાર પાઘડી ન પહેરે, પણ માથા પર જ પાઘડી બંધાવે. એમાં જ અર્ધો કલાક ગયો. હવે વિઠોબા ઠીકઠીક રસિયા દેખાવા લાગ્યા. પણ ટાઢના દિવસોમાં ઓવરકોટ વગર કેમ ચાલે? પણ ઓવરકોટ તો આધુનિક વસ્તુ! એટલે રૂદાર મશરૂની એક ગોદડી સૌથી ઉપર ઓઢાડવામાં આવી. હવે તો વિઠોબાના શરીરનો ઘેરાવો એમની ઊંચાઈ કરતાં વધ્યો. વિઠોબાએ કસ્તૂરીનો ચાંલ્લો કર્યો. પછી ભોગ ચડાવવામાં આવ્યો. એ વખતે બારણાં બંધ હતાં. ભૂખ્યા લોકો જુએ તો વિઠોબાને નજર લાગે! અને અપચો પણ થાય! મહેર બડવા (ગોર) લોકની કે વિઠોબાએ તાંબૂલ અમારા દેખતાં જ ખાધાં.

હવે વિઠોબાને શયનગૃહમાં જવાની ઉતાવળ જણાઈ. શયનગૃહ જમણી બાજુએ સુંદર રીતે સજાવેલું હતું. પણ ત્યાં વિઠોબા કઈ રીતે જાય? એટલે વિઠોબાના પગથી શયનગૃહમાં મંચક સુધી એક લાંબું લૂગડું તાણવામાં આવ્યું. એના પર લાલ રંગે વિઠોબાનાં પગલાં છાપ્યાં હતાં.

અમારા ગોરે કહ્યું, 'હવે તો કળિકાળ વધ્યો છે; નહિ તો પહેલાં શયનગૃહમાં પાનબીડી કરી રાખી હોય તે સવાર સુધીમાં અલોપ થતી ને થૂંકદાનીમાં પાનનો લાલ કૂચો પડેલો જણાતો. ભક્તો એ લઈને ખાતા.'

બીજે દિવસે સવારે ચાર વાગ્યે અમે કાકડ આરતી જોવા ગયાં. એ વખતે પણ લોકોની ભીડ ભારે હતી. કાર્તિકપૂનમથી મહાપૂનમ સુધી, પો ફાટે તે પહેલાં નદીમાં નાહવાનું પુણ્ય વિશેષ છે. અને કાકડ આરતી વખતે દર્શન કરવું એ તો પુણ્યની અવધિ થઈ. અમને રોજ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અભિષેકના પંચામૃતમાંથી એક એક લોટો તીર્થ મળતું. અમારો સવારનો નાસ્તો એની મદદથી જ થતો.

પંઢરપુરમાં એક વસ્તુ વિશેષ આકર્ષક લાગી. ત્યાં સાધારણપણે ઊંચનીચભાવ ન મળે. બધા જ સંતો ને બધા સમાન. જ્ઞાનદેવ, નામદેવ, જનાબાઈ, ગોરા કુંભાર, તુકારામ વગેરે સંતોની કેળવણીનું એ ફળ છે.

— **સ્મરણયાત્રા**

ટિપ્પણ અને પ્રશ્નો

પંઢરી – પંઢરપુર. **कां रे...विठलासी** – હે પુંડરીક, શા માટે તેં માતાને ખાતર ભગવાનને ઊભા રાખ્યા – રાહ જોવડાવી! **વર્ણાશ્રમ** – પ્રાચીનકાળમાં કામ પ્રમાણે પડેલા ચાર વર્ગ – બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય ને શૂદ્ર. **કર્મકાંડ** – ધાર્મિક વિધિ. **તાકપીઠ** – (મરાઠી) છાશ અને લોટ. **આખ્યાયિકા** – વાર્તા, કથા. **તુકારામ, ગોરા કુંભાર, નામદેવ** – મહારાષ્ટ્રી સંત. ભક્ત-કવિઓ. ગુજરાતમાં નરસિંહ મહેતા અને મીરાંબાઈ જેમ પૂજ્ય છે તેમ મહારાષ્ટ્રમાં આ સંતોનાં નામ પ્રાતઃસ્મરણીય લેખાય છે. **પાયરી** – પગથિયું. **સમાધિસ્થ થયા** – મૃત્યુ પામ્યા. **શિરામણ** – નાસ્તો, સવારમાં ખાવું તે. **અભંગ** – જેમ ગુજરામાં નરસિંહ મહેતાનાં પ્રભાતિયાં લોકપ્રિય છે તેમ મહારાષ્ટ્રમાં તુકારામના અભંગ છે. **પંચામૃત** – દૂધ, દહીં, ઘી, મધ અને સાકરનું મિશ્રણ, જે વડે દેવોને નવરાવવામાં આવે છે તે. **મંચક** – (સં.) માંચડો. **તીર્થ** – પ્રસાદરૂપે.

૧. વિષ્ણુનું નામ વિઠ્ઠલ શાથી પડ્યું? એ પ્રસંગ તમારા શબ્દોમાં આલેખો.

૨. ભગવાન ભક્તને સામા મદદ કરવા ગયા હોય એવો કોઈ પ્રસંગ તમે જાણતા હો તો લખો.

૩. કાકાસાહેબે કરેલું શ્રી વિઠ્ઠલના મંદિરનું વર્ણન તમારા શબ્દોમાં કરો.

૪. તમે જાતે કોઈ તીર્થનું સ્થાન જોયું હોય તેનું વર્ણન કરો, અને તમારા ત્યાંના અનુભવ લખો.

૫. સંત તુકારામના જીવન વિષે જે જાણતા હો તે ટૂંકમાં લખો.

૬. અહીં આપેલા પ્રસંગમાં પરોક્ષ રીતે કાકાસાહેબે દાંભિક ભક્તિ અને પૂજા પ્રકાર પર કટાક્ષ કર્યા છે; એવા પ્રસંગો ટાંકી તે પાછળ રહેલો કટાક્ષ સમજાવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રામનારાયણ વિશ્વનાથ પાઠક



['પ્રસ્થાન'ના વિદ્વાન આદ્ય-તંત્રી અને 'શેષ' તેમ જ 'સ્વૈરવિહારી' ના ઉપમાનથી પ્રસિદ્ધ થયેલા રા. પાઠકનો જન્મ સૌરાષ્ટ્રના ગાણોલ ગામમાં પ્રશ્નોરા જ્ઞાતિમાં ઈ. સ. ૧૮૮૭માં થયો હતો. ૧૯૦૮માં તર્કશાસ્ત્ર (લૉજિક) અને ફિલસૂફી સાથે બી. એ. ની પરીક્ષા તેમણે પ્રથમ વર્ગમાં પસાર કરી, વિલ્સન કૉલેજમાં સંસ્કૃતના ફેલો તરીકે એમણે એક વર્ષ કામ કર્યું. એલ-એલ. બી. ની પદવી મેળવ્યા પછી અમદાવાદ અને સાદરામાં એમણે વકાલત કરી. સાત–આઠ વર્ષ પછી અમદાવાદ ગુજરાતી કેળવણી મંડળમાં જોડાઈ ન્યૂ ઇંગ્લિશ સ્કૂલના આચાર્યપદે નિમાયા. અસહકારની ચળવળ શરૂ થતાં ત્યાંથી છૂટા થઈ ગૂજરાત વિદ્યાપીઠમાં જોડાયા. અમદાવાદની એસ. એલ. ડી. આર્ટ્સ કૉલેજમાં અને મુંબઈમાં ભારતીય વિદ્યાભવનમાં અધ્યાપક તરીકે એમણે કાર્ય કર્યું. હાલમાં શ્રી પાઠક અમદાવાદની ગુજરાત વિદ્યાસભાના સંશોધન વિભાગના વિદ્યાર્થીઓને દોરવણી આપી રહ્યા છે.

શ્રી. પાઠક મુખ્યત્વે વિવેચક તરીકે જાણીતા છે. એમણે સુંદર ટૂંકી વાર્તાઓ ('દ્વિરેફની વાતો' ભાગ. ૧, ૨, ૩) અને કાવ્યો પણ લખ્યાં છે ('શેષનાં કાવ્યો'). 'સ્વૈરવિહાર' નામે હળવી શૈલીમાં લખાયેલા એમના લેખોનો સંગ્રહ પ્રગટ થયો છે. એમના લેખોમાં દેખાતો વિનોદ શાંત અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માર્મિક પ્રકારનો છે. આ ઉપરાંત 'કાવ્ય સમુચ્ચય' ભા. ૧-૨, અને કાન્તના 'પૂર્વાલાપ'નું સંપાદન કાર્ય કરી એમણે આપણી શિક્ષણ સંસ્થાઓની પણ સેવા કરી છે. 'સાહિત્યવિમર્શ' 'કાવ્યની શક્તિ' અને 'આલોચના' એ એમના મુખ્ય વિવેચન ગ્રંથો છે.

ગંભીર, મનન કરવા જેવા વિષય પર લખાયેલા નિબંધ આ પુસ્તકમાં છે. અહીં હળવી શૈલીમાં સામાન્ય વિષય પર લખાયેલા બે 'હળવા નિબંધો' આપ્યા છે. લેખક પોતાની કલ્પનાને છૂટી મૂકી સ્વૈરવિહાર કરે છે. તર્કના નિયમો એમને નડતા નથી, દલીલની વાસ્તવિકતા કે સંગીનતાની એ પરવા કરતા નથી. વિનોદ અને કટાક્ષનો આશરો લઈ પોતાને જે કહેવું છે તે હળવી રીતે લેખક કહે છે. નિબંધનો આ પ્રકાર આપણા સાહિત્યમાં હજુ બરાબર વિકસ્યો નથી.]

(૧) ચોપડી ખરાબ કરવાની કળા

ખરાબ કરવાની કળા જીવનના બધા પ્રદેશમાં દેખાય છે. તેમાં મને મુખ્ય ચોપડી બગાડવાની કળા લાગે છે. ચોપડી ક્યાં સુધી વાંચી તેની નિશાની રાખવા પાનું ખૂણા પર વાળવું એ સહેલામાં સહેલી યુક્તિ છે. તેથી શિક્ષકોનાં પાઠ્યપુસ્તકોનાં એટલાં બધાં પાનાં વાળેલાં હોય છે કે પછી નવી નિશાની કરવા નવો ખૂણો વાળવો પડે છે અને પાનું ચોખંડું હોવા છતાં તેને વાળી શકાય તેવા બે જ ખૂણા હોય છે તેથી ખૂણા ખૂટી જાય છે, ફાટવા માંડે છે. પણ તે કરતાં વધારે સફળ રીત, નિશાની તરીકે પેન્સિલ કે હોલ્ડર મૂકવાની છે. મોટી ચોપડીમાં અંદર પેન્સિલ મુકાય પછી તેના પર ભાર આપવાથી ચોપડીની બાંધણી ફાટવા માંડે છે. અને થોડા વખતમાં કર્તાએ ન ધાર્યા હોય તેવા તેના વિભાગો પડી જાય છે. આ ઉપરથી મને એક બીજી રીત યાદ આવે છે. મારા એક મિત્રને બી. એ. થયા પછી ચૌદ વરસે સરસ્વતીચંદ્ર વાંચવાની મરજી થઈ. તેનો પહેલો ભાગ પોતાની પાસે હતો તે વાંચ્યો. બીજો ભાગ ખાસ 'સ્ત્રીયોપયોગી' પોતે મંગાવ્યો — (શાલોપયોગી, બાલોપયોગી, વ્યવહારોપયોગી તેમ સ્ત્રીયોપયોગી પણ શબ્દ થાય અને સ્ત્રીઓ માટે પહેરવેશ જુદો છે, તેમનું સંગીત, ગરબી, રાસ વગેરે જુદું જ છે તેમ આપણે ત્યાં તેમને માટે સાહિત્ય પણ જુદું રાખીએ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છીએ. જેમ કેટલીક પુસ્તક પ્રકાશન કંપનીઓ હિંદ અને સંસ્થાનો માટે જુદી આવૃત્તિઓ કાઢે છે તેમ આપણે સ્ત્રીઓ માટે જુદું સાહિત્ય કાઢીએ છીએ. અસ્તુ.) એ ભાઈ સરસ્વતીચંદ્રના બે ભાગો વાંચ્યા પછી ત્રીજો લઈ ગયા અને અંદરનો વાર્તાનો ભાગ વાંચી પાછો આપી ગયા. અને પછી ચોથો લઈ ગયા. હવે સરસ્વતીચંદ્રનો ચોથો ભાગ જ્યારે છપાયો ત્યારે તેના વિદ્વાન કર્તાને પુસ્તકોના પદ્મિની, હસ્તિની વગેરે પ્રકારો થઈ શકે છે તે વાતની ખબર નહિ. હવે આ ઉપયોગી વિભાગોની એ વિદ્વાન કર્તાને ખબર નહિ હોવાથી ચોથો ભાગ ઘણો જાડો થઈ ગયો છે. કોણ જાણે એ હસ્તીની વિભાગમાં કદાચ ખપે. તેની લંબાઈ કરતાં જાડાઈ જરાક જ ઓછી છે. હવે મારા મિત્રને આરામખુરસીએ બેસીને વાંચવાની ટેવ અને તેમણે મુખ્યત્વે રેનોલ્ડ્ઝનાં પુસ્તકો વાંચેલાં તે એક હાથમાં પુસ્તક ઝાલી, પાનું વંચાતું જાય તેમ તેમ ફેરવીને પાછળ લઈ જવાનો તેમનો રિવાજ. તેમણે એ જ પ્રયોગ આ ચોથા ભાગ પર કર્યો. તમે સમજી શકશો કે શું થયું હશે. પ્રથમ પીઠ ફાટી ગઈ. અને પછી ચામડી ઉતાર્યા પછી જેમ શરીરની કાપકૂપ થઈ શકે તેમ થોકડીઓ જુદી જુદી થઈ ગઈ. પછી એ મિત્રે થોકડીઓ જ લઈ લઈને વાંચી નાખી અને બહુ માગી ત્યારે કબૂતર મારી નાખ્યા જેવી વીંખાઈ ગયેલી મને પાછી આપી.

એક બીજો પણ આવો જ દાખલો યાદ આવે છે. મારા એક મિત્રનું કોઈ પુસ્તક ખોવાયેલું. ઘણું શોધે પણ જડે નહિ. પછી એક વાર બીજા મિત્રને ત્યાં અમે બંને મળવા ગયેલા ત્યાં તેનો નોકર એક ચોપડી લઈ કપાટમાં મૂકતો હતો. મારા મિત્રે તરત બૂમ પાડી કહ્યું કે, "એ મારી ચોપડી છે." પુસ્તકનું નામઠામ કશું દેખાતું નહોતું. મેં કહ્યું: "તમે કેમ જાણ્યું?" તેમણે કહ્યું: "તેનું પૂઠું જુઓ. મારે ઘેર દરેક ચોપડીના પૂંઠા પર ચાના કપ મૂક્યાનાં દસ બાર કૂંડાળાં હોય જ છે. એ મારી જ ચોપડી છે." પણ એ ચોપડી ઉઘાડી જોઈ તો તેમની નહોતી. એ તો અમે બેઠા હતા તે ઘરધણીની જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતી. ત્યારે મને ખબર પડી કે ચોપડી ખરાબ કરવાની આ પણ એક અદ્ભુત કળા છે!

કલાકારો બે પ્રકારના હોય છે. કેટલાક કલા કરે છે ત્યારે બેદરકાર જેવા દેખાય છે. આધુનિક કલાનું એ ખાસ લક્ષણ છે. પ્રશંસાના અર્થમાં બેદરકાર શબ્દ સાહિત્યમાં હમણાં જ આવવા લાગ્યો. તે પહેલાં તો તે અવગુણ ગણાતો હતો. ઉપર જણાવ્યા તે કલાકારો પહેલા વર્ગમાં આવે પણ બીજાથી પણ ચોપડી ખરાબ થઈ શકે છે. એમાં કયા વધારે સારા તે હું હજી નક્કી કરી શક્યો નથી.

બહુ સંભાળીને વાંચવાથી પુસ્તકો અદ્ભુત રીતે બગડે છે. આવા વાચકોનો ઓછોવત્તો દરેકને અનુભવ હશે. પણ મારે આવા મહાન વાચકનો અનુભવ થયેલો. તેઓ મારી સાથે કૉલેજમાં ભણતા હતા અને કૉલેજની પરીક્ષાઓનો તેમને ઘણો જ અનુભવ થઈ ગયેલો. તેઓ પાંચ સાત જાતની પેન્સિલો રાખતા. સાધારણ અગત્યનું હોય તેને અમુક રંગથી નિશાની કરતા, તેથી વધારેને માટે બીજો રંગ, તેથી વધારે માટે ત્રીજો રંગ એમ અગત્યની જુદી જુદી કોટિઓ માટે તેમણે પાંચ સાત રંગ નક્કી કરેલા. પછી પરીક્ષા પહેલાં એક માસ હોય ત્યારે પહેલા રંગનું વાંચવું, પછી પંદર દિવસે બીજા રંગનું...અને છેક છેલ્લે દિવસે તો સૌથી વધારે અગત્યદર્શક રંગની નિશાનીઓ વાંચી જવી. નિશાનીઓ પણ આડી ઊભી બન્ને કરતા. વળી હાંસિયામાં N. B., Imp., Very Imp., Most Imp., વગેરે લખતા. તે ઉપરાંત L. B. H. લખતા. આ છેલ્લી 'લાઘવી' તો શબ્દકોશમાં પણ કદાચ ન મળે માટે કહું છું કે તેનો અર્થ Learn by heart એટલે કે 'ગોખી મારો' એવો થાય છે. તે ઉપરાંત બે લીટીઓ વચ્ચે અને હાંસિયામાં શબ્દોના અર્થો કે પ્રોફેસરોએ કહેલું લખી લેતા. ટૂંકમાં ચોપડીના પાનામાં ક્યાંય પણ કોરી જગ્યા રહેવા ન દેતા. એમણે વાંચેલી ચોપડી પછી કોઈ વાંચી ન શકતું. હું માનું છું તેઓ પોતે પણ નહોતા વાંચી શકતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખરાબ કરવાનો હક સ્વામિત્વમાં રહેલા છે. પણ ચોપડીઓ સંબંધી એવું નથી. ચોપડી તો ગમે તેની હોય પણ ખરાબ કરી શકાય. અરે તેની તો ચોરી પણ કરી શકાય, અંદરનાં પાનાં કે ચિત્રો ફાડીને લઈ શકાય. કહેવત છે કે 'પાળે તેનો ધરમ અને ચોરે તેની ચોપડી' અને તેથી ચોપડીઓ ખરાબ કરવાની કળા ઘણી જ વિકાસ પામી છે.

હવે કેટલાક બહુ ધ્યાનપૂર્વક વાંચનારા અને સ્વતંત્ર વિચાર કરનારા ગમે તેની ચોપડી હોય તેમાં પોતાના વિચારો હાંસિયામાં લખે છે. તેથી તેમના પછી વાંચનારાને તે વિચારો વાંચવા હોય કે ન હોય તોપણ વાંચવા પડે છે. આનો એક દાખલો મને હંમેશ યાદ રહેશે. મારા એક મિત્ર કોઈ નવલકથા પુસ્તકાલયમાંથી લઈને વાંચતા હતા. અને હું જઈ ચઢ્યો. તેમાં અમુક જગાએ કોઈ વાંચનારે લખેલું કે 'વાર્તાકાર ગધેડો છે.' તેની નીચે પછીના વાંચનારે લખેલું કે 'આ લખનાર ગધેડો છે.' વાક્ય દ્વિઅર્થી છે પણ તેમાં ગંમત પડે તેમ છે. મારો મિત્ર લખવા જતો હતો કે 'બન્ને ગધેડા છે' પણ મેં ના પાડી અને તેને સમજાવ્યો કે આમ કરવાથી માણસની સંખ્યા ઘટતી જશે અને જગતમાં ગધેડાની સંખ્યા વધતી જશે. એ મિત્ર મારું માની ગયો અને 'એ વાત એટલેથી રહી.' પણ ચોપડી ખરાબ કરવાની આ પણ એક મશહૂર કળા છે.

—સ્વૈરવિહાર

(૨) ખોરાક

વિટામિનની વાત ઉપરથી મને વળી ખાવાની વાત યાદ આવી. ઘણા કહે છે પશ્ચિમમાં વ્યક્તિસ્વાતંત્ર્ય ઘણું છે, આપણે ત્યાં વ્યક્તિ-સ્વાતંત્ર્ય છે જ નહિ. મને આ કાંઈ સમજાતું નથી. પશ્ચિમમાં જોશો તો લગભગ બધા એક જ નિયમિત કરેલા વખતે ખાય છે. આપણામાં દરેકનો ખાવાનો સમય જુદો. જેનો રાત પહેલાં—એટલે શિયાળામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લગભગ પાંચ વાગ્યે અને ઉનાળામાં છ વાગ્યે—સાંજે જમે. બ્રાહ્મણોનો કાંઈ નિયમ જ નહિ. બ્રહ્મક્ષત્રિયો ઘણું કરીને રાત્રે નવ કે દસ વાગ્યે જમે. છાત્રાલયોમાં વિદ્યાર્થીઓને એકસરખી ટેવો પાડવી જોઈએ. ત્યાં પણ દરેક છાત્રાલયનો ખાવાનો વખત જુદો. સવારે તો નિશાળે કે ઑફિસે જવાનો સમય નક્કી હોય એટલે લગભગ બધા દશ વાગ્યે જમી લે, પણ જેમને નિશાળ કે ઑફિસ ન હોય તેમનો સવારે જમવાનો સમય નક્કી જ નહિ! ડૉક્ટરોનો જમવાનો વખત જુદો, વેપારીઓનો જુદો, કોઈ વાર અગિયાર વાગ્યે, કોઈ વાર બાર વાગ્યે, અને રૂના વેપારીને જ્યારે મોસમ હોય ત્યારે તો દિવસે જમવાનો વખત જ નહિ.

અંગ્રેજ લોકોનો જમવાનો વખત નક્કી છે. તે વખતને અનુકૂળ રીતે તેમણે ઑફિસોનો અને નિશાળોનો વખત રાખ્યો. એટલું જ નહિ પણ રેલવેમાં પણ સવારના નાસ્તાના વખતે જે સ્ટેશન આવતું હોય ત્યાં ટ્રેન ખાસ વધારે ઊભી રહે અને ગમે તેવું નાનું સ્ટેશન હોય તોપણ ત્યાં નાસ્તાની સગવડ હોય જ. પણ આપણે હજી દિવસમાં કેટલી વાર અને ક્યારે ક્યારે ખાવું તે પણ નક્કી નથી કર્યું. આપણામાં ન ખાવાના કાર્યક્રમો ધર્મોએ નક્કી કર્યા છે, પણ જમવાના ક્રમો નક્કી જ નહિ. આપણા દેશનાઓને તેથી ખાવાનું નથી મળતું એમ તો નહિ હોય?

મને ખાવા સંબંધી લખતાં વારંવાર ભય લાગે છે કે કોઈ કહેશે કે આ અશિષ્ટ વસ્તુ છે. ખાવું એ ધર્મ નથી, કલા નથી, સાહિત્ય નથી, કશું નથી, ક્ષુદ્ર છે. પણ આજે એક વાર હું સાબિત કરી આપીશ કે જીવનમાં એ જ પ્રથમ વ્યાપાર છે, ધર્મદૃષ્ટિએ તેમ જ વિજ્ઞાનદૃષ્ટિએ.

વારુણીભૃગુ તેના પિતા વરુણ પાસે ગયો અને બ્રહ્મનું સ્વરૂપ પૂછ્યું, "જેમાંથી આ પ્રાણીઓ ઉત્પન્ન થાય છે, જેના વડે ઉત્પન્ન થયેલાં જીવે છે, જ્યાં મરીને જાય છે, જેમાં અભિસંવેશ પામે છે, તેને ઓળખ. તે બ્રહ્મ છે." વારુણી તપ તપ્યો અને તેને પરિણામે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેને પહેલું સત્ય એ જડયું કે 'અન્ન બ્રહ્મ છે.' એ તેણે જાણ્યું. 'અન્નમાંથી જ ખરેખર આ પ્રાણીઓ ઉત્પન્ન થાય છે. અન્ન વડે જ જન્મેલાં જીવે છે. અન્નમાં જ મરી જાય છે. અન્નમાં અભિસંવેશ પામે છે.' આ ધર્મદૃષ્ટિએ.

વિજ્ઞાનદૃષ્ટિએ એટલું તો તમે જાણતા હશો કે સૃષ્ટિ ધીમે ધીમે વિકાસ પામી છે, તેમાં ચેતન વધારે વધારે વિકાસ પામતું ગયું છે. પ્રાણીઓની જરૂરિયાત પ્રમાણે તેનામાં ઇંદ્રિયો અને શક્તિઓ વધતાં ગયાં છે. તો એ રીતે વિચાર કરો કે પ્રાણીઓની તેમ જ માણસની જ્ઞાનેન્દ્રિયો કેવી રીતે વિકાસ પામી છે. બધી જ્ઞાનેન્દ્રિયો મુખ આસપાસ જ વિકસી છે. જાણે કે ખાવાની ક્રિયામાં મદદગાર થવા જ વિકસી છે. પ્રાણી ખાય ત્યારે તેને ખાતાં ખાતાં સ્વાદ આવે માટે સ્વાદેન્દ્રિય મુખમાં જ વિકાસ પામી. ખાતાં ખાતાં જ ગંધ પણ આવે માટે બરાબર મોં ઉપર જ નાક રાખ્યું અને ખાવાની વસ્તુ જોઈ શકાય માટે તેના ઉપર આંખો ગોઠવાઈ ગઈ. ખાવાની ક્રિયા ચાલે ત્યારે આસપાસ શું થાય છે તે જાણવા દ્વારપાળ જેવા બે કાન પડખે મૂક્યા. પ્રાણીની ઉત્ક્રાન્તિના ક્રમમાં ખાવાનો વ્યાપાર જ મુખ્ય ગણાયો જણાય છે.

છતાં આથી તમો કંટાળી ગયા હશો. ખાવાથી તો નહિ કંટાળ્યા હો, પણ આ ખાવાની વાતથી તો સૌ કો કંટાળે, કારણ કે નરસિંહ મહેતાએ કહ્યું છે તેમ,

'વાત પકવાનથી ભૂખ ન ભાગે.'

— સ્વૈરવિહાર

ટિપ્પણ અને પ્રશ્નો

(૧) **પદ્મિની, હસ્તિની** – દેખાવ અને ગુણ પ્રમાણે જૂના સમયમાં સ્ત્રીઓના ચાર પ્રકાર પાડવામાં આવતા (બીજા બે ચિત્રિણી, શંખિણી). **રેનોલ્ડ્ઝ** – ઓગણીસમી સદીનો લોકપ્રિય અંગ્રેજ નવલકથાકાર. **કપાટ** – કબાટ (cupboard (અં.) પરથી). **લાઘવી** – શબ્દનું સગવડ ખાતર ટૂંકાવેલું સ્વરૂપ (તા. ક.– તાજા કલમ; શ્રી. – શ્રીયુત, શ્રીમાન, શ્રીમતી).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૨) **વિટામિન** – ખોરાકમાં રહેલું એક અતિ મહત્ત્વનું તત્ત્વ, જેના અભાવે ઘણા રોગો થાય છે. **વ્યક્તિસ્વાતંત્ર્ય** – વ્યક્તિને લગતી સ્વતંત્રતા, પશ્ચિમની જીવનપદ્ધતિમાં એને ઘણું મહત્ત્વ અપાય છે. પૂર્વની જીવનપદ્ધતિમાં વ્યક્તિનું હિત ઘણું ગૌણ મનાય છે. સમષ્ટિ – સમાજનું હિત મુખ્ય મનાય છે. **છાત્રાલય** – છાત્ર (વિદ્યાર્થી) + આલય (રહેવાની જગા). **અશિષ્ટ** – ન શોભે તેવું, અસભ્ય. **વારુણીભૃગુ** – વરુણના યજ્ઞના અગ્નિમાંથી ઉત્પન્ન થયા તેથી વરુણે તેને પુત્ર તરીકે સ્વીકાર્યા. **અભિસંવેશ** – લીન થવું, મળી જવું (સંવેશ – સૂઈ જવું, લીન થવું). **બ્રહ્મ** – ઈશ્વર, વિશ્વ. **જ્ઞાનેન્દ્રિયો** – જ્ઞાનની પાંચ ઇન્દ્રિયો – આંખ, કાન, નાક, જીભ, ત્વચા (ચામડી). **ઉત્ક્રાંતિ** – ઉદય, વિકાસ, પ્રગતિ.

૧. ચોપડી કઈ કઈ રીતે ખરાબ કરવાની ટેવ સામાન્ય રીતે જોવામાં આવે છે?

૨. ચોપડી ખરાબ કરવાની ક્રિયાને લેખક કળા શા માટે કહે છે?

૩. બહુ સંભાળીને વાંચનાર પુસ્તકોને કેવી રીતે વધુ બગાડે છે?

૪. આપણા દેશમાં બધાનો ખાવાનો એક સમય નથી એથી આપણા દેશને શું નુકસાન થાય છે? ખાવાનો એક સમય નક્કી કરવાની તમે તરફેણ કરો ખરા? તમે કયો સમય સૂચવો? શા માટે?

૫. 'ખાવું એ ધર્મ છે – કળા છે' આ વિષય પર ત્રણ ચાર ફકરા લખો.

૬. માણસની બધી જ્ઞાનેન્દ્રિયો ખાવાની ક્રિયામાં મદદગાર થવા માટે વિકસે છે – એ બતાવવા લેખક શી દલીલ કરે છે?

૭. શ્રી પાઠકની હળવી શૈલી – વિષયની પસંદગી અને રજૂઆતમાં નવલરામ કે મણિલાલ દ્વિવેદીની શૈલી કરતાં કઈ રીતે જુદી છે?

૮. નીચેનામાંથી ગમે તે એક વિષય પર હળવી શૈલીમાં ૨૫–૩૦ પંક્તિઓ લખો: આરસી; સાવરણી; ભીંત ખરાબ કરવાની કળા; કસરત; તૂટેલી ચંપલ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગૌરીશંકર ગોવર્ધન જોષી (ધૂમકેતુ)

[આપણા ટૂંકી વાર્તાસાહિત્યમાં નવી ભાત પાડનાર, અને તેને સમૃદ્ધ કરનાર શ્રી. ધૂમકેતુનો જન્મ ગોંડળ પાસે વીરપુરમાં ૧૮૯૨માં થયો હતો. ૧૯૨૦માં જૂનાગઢ કૉલેજમાંથી એમણે બી. એ. ની પરીક્ષા પસાર કરી, અને ત્યારથી અમદાવાદમાં રહે છે.



શ્રી. ધૂમકેતુની વાર્તાઓમાં બહુધા ગરીબ, ગ્રામ્ય લોકોના જીવનસંગ્રામ અને તેમને થતા અન્યાયોનું સચોટ આલેખન હોય છે. વર્તમાન યાંત્રિક યુગ અને શ્રીમંત મૂડીવાદીઓ અને સત્તાના મદથી ઉન્મત્ત થયેલા અમલદારો એમના નિર્દોષ જીવનને કેમ કચરી નાખે છે એનો કરુણ ચિતાર આપણે જ્યાં ને ત્યાં તેમની વાર્તાઓમાં જોઈએ છીએ. ગરીબોને પણ ભાવભર્યું હૃદય હોય છે. પૈસા અને સત્તા કરતાં અલ્પ દેખાતું માનવહૃદય – માનવજીવન ઉચ્ચ છે; અને દયા, સેવા અને ભ્રાતૃભાવ એ જ માનવનું સાચું ધન છે એ વીસરાઈ ગયેલા સત્યનો આપણને તેમની વાર્તાઓ ખ્યાલ કરાવે છે. આ રીતે વર્તમાન જીવનનું પ્રતિબિંબ એમની વાર્તાઓમાં પડે છે.

શ્રી. ધૂમકેતુનું પાત્રાલેખન સચોટ છે, વસ્તુગૂંથણી કલામય છે, અને એમની વાર્તા પાછળનો ધ્વનિ વાચકના હૃદયમાં સીધો ઊતરી જાય એવું સફળ એમનું આલેખન છે. એક વાસ્તવિક અને સાદો દેખાતો પ્રસંગ લઈ તેમાં પોતાની કલ્પનાના રંગો ઉતારી તેમાં હૃદયની ધગશ રેડી સારાયે પ્રસંગને તે હૃદયંગમ બનાવી શકે છે. એમની શૈલી સાદી છતાં આકર્ષક, ભાવમય અને વિષયને અનુકૂળ છે.

'તણખા'–મંડળ : ૧, ૨, ૩, ૪, 'પ્રદીપ' એ વાર્તાસંગ્રહો ઉપરાંત 'રાજમુકુટ' અને 'પૃથ્વીશ' નામે લાંબી વાર્તાઓ, 'પરાજય', 'અજિતા'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નવલકથાઓ અને 'ઠંડી ક્રૂરતા અને બીજાં નાટકો' એમણે લખ્યાં છે. હજુ એમનો સાહિત્યપ્રવાહ વહ્યો જ જાય છે. એમની કેટલીક વાર્તાઓનું હિંદીમાં પણ ભાષાંતર થયું છે.

'પોસ્ટ ઑફિસ' વાર્તામાં પોતાની પ્રિય પુત્રીના સમાચાર માટે નિત્ય ધક્કા ખાતા, ગરીબ બુઢ્ઢા અલીનું પાત્ર કેટલું આકર્ષક અને કરુણ છે! વાત્સલ્યભર્યા પિતાના હૃદયના સૂક્ષ્મ ભાવોનું અહીં સફળ આલેખન કરવામાં આવ્યું છે.]

પોસ્ટ ઑફિસ

પાછલી રાત્રિનું ભૂરું આકાશ, માનવજીવનમાં અનેક સુખદ યાદગીરી ચમકી રહે તેમ, નાનામોટા તારાઓથી ચમકી રહ્યું હતું. ઠંડા પવનના સુસવાટથી પોતાના જૂના અને ફાટેલા ઝભ્ભાને શરીરે વધારે ને વધારે લપેટી લેતો એક વૃદ્ધ ડોસો શહેરના મધ્ય ભાગમાં થઈને જતો હતો. સ્વાધીન અવસ્થા ભોગવતાં કેટલાંક ઘરોમાંથી આ વખતે ઘંટીનો મધુર લાગતો અવાજ, સ્ત્રીઓના તીણા સ્વર સાથે, શહેરની એકાંત રાત્રિમાં, ડોસાને મદદગાર હોય તેમ સાથે ને સાથે આવતો હતો. એકાદ કૂતરાનો અવાજ, કોઈક વહેલા ઊઠનારનાં પગરખાં-નો છેટેથી સંભળાતો શબ્દ કે કોઈ અકાળે જાગેલા પક્ષીનો સ્વર એ સિવાય શહેર તદ્દન શાંત હતું. લોકો મીઠી નિદ્રામાં ઘેરાતા હતા અને શિયાળાની ઠંડીથી રાત્રિ વધારે ગાઢ બનતી હતી. કહે નહિ છતાં કતલ કરી નાખે એવા મીઠા મનુષ્યના સ્વભાવ જેવી શિયાળાની ઠંડી કાતિલ હથિયારની માફક, પોતાનો કાબૂ સર્વત્ર ફેલાવી રહી હતી. વૃદ્ધ ડોસો ધ્રૂજતો ને શાંત રીતે ડગુમગુ ચાલતો શહેરના દરવાજા બહાર થઈ, એક સીધી સડક પર આવી પહોંચ્યો ને ધીમે ધીમે પોતાની જૂની ડાંગના ટેકાથી આગળ વધ્યો.

સડકની એક બાજુ ઝાડોની હાર હતી, ને બીજી બાજુ શહેરનો બાગ હતો. અહીં ઠંડી વધારે હતી ને રાત્રિ વધારે 'શામણી' બનતી હતી, પવન સોંસરવો નીકળી જતો હતો, ને શુક્રના તારાનું મીઠું તેજ બરફ પડે તેમ, પૃથ્વી પર ઠંડીના કટકા જેવું પડતું હતું. જ્યાં બાગનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છેડો હતો ત્યાં છેલ્લામાં છેલ્લી ઢબનું એક રોનકદાર મકાન હતું, ને તેની બંધ બારી તથા બારણુમાંથી દીવાનો ઉજાસ બહાર પડતો હતો.

ભાવિક મનુષ્ય દાતારનું શિખર જોઈ જેમ શ્રદ્ધાથી આનંદ પામે તેમ વૃદ્ધ ડોસો આ મકાનની લાકડાની કમાન જોઈ આનંદ પામ્યો. કમાન પર એક જરીપુરાણા પાટિયામાં નવા અક્ષર લખ્યા હતા: 'પોસ્ટ ઑફિસ'.

ડોસો ઑફિસની બહાર પડથાર પર બેઠો. અંદરથી કંઈ ચોક્કસ અવાજ આવતો ન હતો, પણ બેચાર જણ કામમાં હોય તેમ વ્યાવહારિક 'ઘુસપુસ' થતી હતી.

'પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ!' અંદરથી અવાજ આવ્યો. ડોસો ચમક્યો પણ પાછો શાંત બની બેઠો. શ્રદ્ધા અને સ્નેહ આટલી ઠંડીમાં એને ઉષ્મા આપી રહ્યાં હતાં.

અંદરથી અવાજ પર અવાજ આવવા લાગ્યા. કારકુન અંગ્રેજી કાગળનાં સરનામાં બોલી બોલી પોસ્ટમૅન તરફ નાખતો જતો હતો.

'કમિશનર, સુપરિન્ટેન્ડેન્ટ, દીવાન સાહેબ, લાયબ્રેરિયન' – એમ એક પછી એક અનેક નામ બોલવાને અભ્યાસી કારકુન ઝપાટાબંધ કાગળો ફેંકયે જતો હતો.

એવામાં અંદરથી એક મશ્કરીભર્યો અવાજ આવ્યો: 'કોચમીન અલી ડોસા!'

વૃદ્ધ ડોસો હતો ત્યાંથી બેઠો થયો: શ્રદ્ધાથી આકાશ સામે જોયું: આગળ વધ્યો ને બારણા પર હાથ મૂક્યો.

'ગોકળભાઈ!'

'કોણ?'

'કોચમીન અલી ડોસાનો કાગળ કીધો ના?...હું આવ્યો છું.' જવાબમાં નિષ્ઠુર મજાકભરેલું હાસ્ય આવ્યું.

'સાહેબ, આ એક ગાંડો ડોસો છે, એ હંમેશ પોતાનો કાગળ લેવા પોસ્ટ ઑફિસે ધક્કો ખાય છે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કારકુને આ શબ્દ પોસ્ટમાસ્તરને કહ્યા, ત્યાં તો ડોસો પોતાના સ્થાન પર પાછો બેસી ગયો હતો. પાંચ વર્ષ થયાં એ જગા પર બેસવાનો એને અભ્યાસ હતો.

અલી મૂળ હોશિયાર શિકારી હતો. પછી ધીમે ધીમે એ અભ્યાસમાં એવો કુશળ બન્યો હતો કે હંમેશાં જેમ અફીણીને અફીણ લેવું પડે તેમ અલીને શિકાર કરવો પડે. ધૂળની સાથે ધૂળ જેવા બની જતા કાબરચીતરા તેતર પર અલીની દૃષ્ટિ પડે કે તરત તેતર આવી જ પડ્યું હોય! તીક્ષ્ણ દૃષ્ટિ સસલાની ખોમાં જઈ પહોંચતી. આસપાસના સૂકા ભૂરા 'કાગડા'ના કે રાંપડાના ઘાસમાં સંતાઈને સ્થિર કાન કરી બેઠેલા ચતુર સસલાના ભૂરા પીળા રંગને ક્યારેક ખુદ શિકારી કૂતરા જુદા ન પાડી શકતા, આગળ વધી જતા ને સસલું બચી જતું; પરંતુ ઈટલીના ગરુડ જેવી અધીરી દૃષ્ટિ બરાબર સસલાના કાન પર ચોંટતી: ને બીજી જ પળે તે રહેતું નહિ. વળી ક્યારેક અલી મચ્છીમારનો મિત્ર બની જતો.

પણ જ્યારે જીવનસંધ્યા આવી પહોંચતી લાગી ત્યારે આ શિકારી અચાનક બીજી દિશામાં વળી ગયો. એની એકની એક દીકરી મરિયમ પરણીને સાસરે ગઈ. એના જમાઈને લશ્કરમાં નોકરી હતી તેથી તે પંજાબ તરફ તેની સાથે ગઈ હતી; અને જેને માટે પોતે જીવન નિભાવતો હતો તે મરિયમના છેલ્લાં પાંચ વર્ષ થયાં કાંઈ સમાચાર હતા નહિ. હવે અલીએ જાણ્યું કે સ્નેહ અને વિરહ શું છે. પહેલાં તો એ તેતરનાં બચ્ચાંને આકુળવ્યાકુળ દોડતાં જોઈ હસતો. એને શિકારનો આનંદ હતો.

શિકારીનો રસ એની નસેનસમાં ઊતરી ગયો હતો. પરંતુ જે દિવસે મરિયમ ગઈ ને તેની જિંદગીમાં એકલતા લાગી, તે દહાડાથી અલી શિકારે જતાં શિકાર ભૂલી સ્થિર દૃષ્ટિથી અનાજનાં ભરચક લીલાં ખેતરાં તરફ જોઈ રહેતો! એને જિંદગીમાં પહેલી વખત સમજાયું કે કુદરતમાં સ્નેહની સૃષ્ટિ અને વિરહનાં આંસુ છે. પછી તો એક દિવસ અલી એક ખાખરાના ઝાડ નીચે બેસી હૈયાફાટ રોયો. ત્યાર પછી હંમેશાં સવારના ચાર વાગ્યે ઊઠીને એ પોસ્ટ ઑફિસે આવતો. એનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાગળ તો કોઈ દિવસ હોય નહિ; પણ મરિયમનો કાગળ એક દિવસ આવશે એવી ભક્તના જેવી શ્રદ્ધામાં ને આશાભર્યા ઉલ્લાસમાં તે હમેશાં સૌથી પહેલો પોસ્ટ ઑફિસે આવી બેસતો.

પોસ્ટ ઑફિસ—કદાચ જગતમાં સૌથી રસહીન મકાન—એનું ધર્મક્ષેત્ર—તીર્થસ્થાન બન્યું. એક જ જગાએ ને એક જ ખૂણે તે હમેશાં બેસતો, એને એવો જાણ્યા પછી સૌ હસતા. પોસ્ટમૅન મશ્કરી કરતા ને ક્યારેક મજાકમાં એનું નામ લઈ, એને એ જગા પરથી પોસ્ટ ઑફિસના બારણા સુધી કાગળ ન હોય છતાં ધક્કો ખવડાવતા. અખૂટ શ્રદ્ધા અને અનંત ધૈર્ય હોય તેમ હંમેશાં તે આવતો ને દરરોજ ઠાલે હાથે પાછો જતો.

અલી બેઠો હતો એટલામાં એક પછી એક પટાવાળાઓ પોતપોતાની ઑફિસના કાગળો લેવા આવવા લાગ્યા. ઘણું કરીને પટાવાળા એ વીસમી સદીમાં અધિકારીઓની સ્ત્રીઓના ખાનગી કારભારી જેવા છે. એટલે આખા શહેરના દરેકેદરેક ઑફિસરનો ખાનગી ઇતિહાસ ત્યારે વંચાતો !

કોઈના માથા પર સાફો તો કોઈના પગમાં ચમચમાટી કરે તેવા બૂટ : એમ સૌ પોતપોતાનો વિશિષ્ટ ભાવ દર્શાવતા હતા. એટલામાં બારણું ખૂલ્યું. દીવાના અજવાળામાં, સામેની ખુરસી પર તુંબડા જેવું માથું ને હંમેશનો દિલગીરીભર્યો ઉદાસીન જેવો ચહેરો લઈ પોસ્ટમાસ્તર બેઠા હતા. કપાળ પર, મોં પર, કે આંખમાં ક્યાંય તેજ ન હોય ત્યારે ઘણું કરીને—ગોલ્ડસ્મિથનો ‘ વિલેજ સ્કૂલમાસ્ટર’, આ સદીનો કારકુન કે પોસ્ટમાસ્તર હોય છે !

અલી પોતાની જગ્યાએથી ખસ્યો નહિ.

‘ પોલીસ કમિશનર,’ કારકુને બૂમ પાડી ને એક થનથનાટ કરતા જુવાને પોલીસ કમિશનરના કાગળ લેવા હાથ આગળ ધર્યો.

‘ સુપરિન્ટેન્ડેન્ટ.’

બીજો એક પટાવાળો આગળ આવ્યો;—અને આમ ને આમ સહસ્રનામાવલી વિષ્ણુભક્તની જેમ કારકુન હંમેશાં પઢી જતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંતે સૌ ચાલ્યા ગયા. અલી ઊઠ્યો, પોસ્ટ ઑફિસમાં ચમત્કાર હોય તેમ તેને પ્રણામ કરી ચાલ્યો ગયો ! અરે ! સૈકા પહેલાંનો ગામડિયો !

'આ માણસ ગાંડો છે?' પોસ્ટમાસ્તરે પૂછ્યું.

'હા — કોણ, અલી ના? હા સાહેબ, પાંચ વરસ થયાં ગમે તેવી ઋતુ હોય છતાં કાગળ લેવા આવે છે! એનો કાગળ ભાગ્યે જ હોય છે!' કારકુને જવાબ આપ્યો.

'કોણ નવરું બેઠું છે? હમેશ તે કાગળ ક્યાંથી હોય?'

'અરે સાહેબ, પણ એનું મગજ જ ચસકી ગયું છે! તે પહેલાં બહુ પાપ કરતો, એમાં કોઈક સ્થાનમાં દ્રોષ કર્યો! ભાઈ, કર્યાં ભોગવવાં છે!' પોસ્ટમૅને ટેકો આપ્યો.

'હા. અમદાવાદમાં મેં એક વખત ગાંડો જોયો હતો, તે આખો દિવસ ધૂળના ઢગલા જ કરતો: બસ બીજું કાંઈ નહિ. એક ગાંડાને હંમેશાં નદીને કાંઠે જઈ સાંજે એક પથ્થર પર પાણી રેડવાની ટેવ હતી!'

'અરે, એક ગાંડાને એવી ટેવ હતી કે આખો દિવસ આગળ ને પાછળ ચાલ્યા જ કરે! બીજો એક કવિતા ગાયા કરતો! એક જણ પોતાને ગાલે લપડાકો જ માર્યા કરતો, ને પછી કોઈક મારે છે એમ જાણી રોયા કરતો!'

આજે પોસ્ટ ઑફિસમાં ગાંડાનું પુરાણ નીકળ્યું હતું. હંમેશાં આવું એકાદ પ્રકરણ છેડી એના પર બેચાર મિનિટ વાત કરી આરામ લેવાની ટેવ લગભગ બધા જ નોકરવર્ગમાં દારૂની જેમ પેસી ગઈ છે. પોસ્ટમાસ્તર છેવટે ઊઠ્યા ને જતાં જતાં કહ્યું:

'સાળું, ગાંડાની દુનિયા લાગે છે! ગાંડા આપણને ગાંડા માનતા હશે; — અને કદાચ ગાંડાની સૃષ્ટિ કવિની સૃષ્ટિ જેવી હશે!'

છેલ્લા શબ્દ બોલતાં પોસ્ટમાસ્તર હસીને ચાલ્યા ગયા. એક કારકુન વખત મળ્યે જરા ગાંડાંઘેલાં જોડી કાઢતો ને એને સૌ ખીજવતા. પોસ્ટમાસ્તરે પણ છેલ્લું વાક્ય એટલા જ માટે હસતાં હસતાં એના તરફ ફરીને કહ્યું હતું. પોસ્ટ ઑફિસ હતી તેવી શાંત બની રહી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક વખત અલી બેત્રણ દિવસ સુધી આવ્યો નહિ. પોસ્ટ ઑફિસમાં અલીનું મન સમજી જાય એવી સહાનુભૂતિ કે વિશાળ દૃષ્ટિ કોઈનામાં ન હતી. પણ એ કેમ ન આવ્યો, એવી કૌતુકબુદ્ધિ સૌને થઈ. પછી અલી આવ્યો. પણ તે દિવસે તે હાંફતો હતો, ને એના ચહેરા પર જીવનસંધ્યાનાં સ્પષ્ટ ચિહ્ન હતાં.

આજે તો અલીએ અધીરા બનીને પોસ્ટમાસ્તરને પૂછ્યું, ' માસ્તર સાહેબ, મારી મરિયમનો કાગળ છે ?'

પોસ્ટમાસ્તર તે દિવસે ગામ જવાની ઉતાવળમાં હતા, ને તેનું મગજ આ સવાલ ઝીલી શકે એટલું શાંત ન હતું.

' ભાઈ, તમે કેવા છો ?'

' મારું નામ અલી.' અલીનો અસંબદ્ધ જવાબ મળ્યો.

' હા; પણ અહીં તમારી મરિયમનું નામ નોંધી રાખ્યું છે ?'

' નોંધી રાખોને ભાઈ; વખત છે ને કાગળ આવે, ને હું ન હોઉં તો તમને ખપ આવે.' પોણી જિંદગી શિકારમાં ગાળી હોય એને શી ખબર કે મરિયમનું નામ એના પિતા સિવાય બીજાને મન બે પૈસા જેટલી કિંમતનું છે.

પોસ્ટમાસ્તર તપી ગયા. ' ગાંડો છે કે શું ? જા જા, તારો કાગળ આવશે તો કોઈ ખાઈ નહિ જાય.' પોસ્ટમાસ્તર ઉતાવળમાં ચાલ્યા ગયા. ને અલી ધીમે પગલે બહાર નીકળ્યો. નીકળતાં નીકળતાં એક વખત ફરીને પોસ્ટ ઑફિસ તરફ જોઈ લીધું ! આજે એની આંખમાં અનાથતાનાં આંસુની છલક હતી. અશ્રદ્ધા ન હતી, પણ ધૈર્યનો અંત આવ્યો હતો. અરે ! હવે મરિયમને કાગળ ક્યાંથી પહોંચે ?

એક કારકુન એની પાછળ આવતો લાગ્યો. અલી તેના તરફ ફર્યો : ' ભાઈ ! '

કારકુન ચમક્યો, પણ તે સારો હતો.

' કેમ ! '

' જુઓ, આ મારી પાસે છે ! ' એમ કહી પોતાની પાસેની એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જૂની પતરાની દાબડી હતી તેમાંથી અલીએ પાંચ ગીની કાઢી. કારકુન ભડકચો.

'ભડકો નહિ. તમારે આ ઉપયોગી ચીજ છે. મારે હવે તેનો ઉપયોગ નથી. પણ એક કામ કરશો ?'

'શું ?'

'આ ઉપર શું દેખાય છે ?' અલીએ શૂન્ય આકાશ સામે આંગળી ચીંધી.

'આકાશ.'

'ઉપર અલ્લા છે. તેની સાક્ષીમાં તમને આ પૈસા આપું છું. તમારે મારી મરિયમનો કાગળ આવે તો પહોંચાડવો.'

કારકુન આશ્ચર્યમાં સ્થિર ઊભો : 'ક્યાં ? ક્યાં પહોંચાડવો ?'

'મારી કબર ઉપર !'

'હેં ?'

'સાચું કહું છું. આજ હવે છેલ્લો દિવસ છે !– અરેરે, છેલ્લો ! મરિયમ ન મળી – કાગળ ન મળ્યો.' અલીની આંખમાં ઘેન હતું. કારકુન ધીમે ધીમે તેનાથી છૂટો પડી ચાલ્યો ગયો. તેના ખીસામાં ત્રણ તોલા સોનું પડ્યું હતું.'

*　　*　　*　　*

પછી અલી કોઈ દિવસ દેખાયો નહિ. અને તેની ખબર કાઢવાની ચિંતા તો કોઈને હતી જ નહિ. એક દિવસ પોસ્ટમાસ્તર જરાક અફસોસમાં હતા. એમની દીકરી દૂર દેશાવર માંદી હતી, ને તેના સમાચારની રાહ જોતા એ શોકમાં બેઠા હતા.

ટપાલ આવી ને કાગળનો થોકડો પડ્યો. રંગ ઉપરથી પોતાનું કવર છે એમ ધારી પોસ્ટમાસ્તરે ઝપાટાબંધ એક કવર ઊંચકી લીધું. પણ એના પર સરનામું હતું : 'કોચમીન અલી ડોસા !'

વીજળીનો આંચકો લાગ્યો હોય તેમ એમણે તે નીચે નાખી દીધું ! દિલગીરી અને ચિંતાની થોડી ક્ષણમાં એમનો અધિકારીનો કડક સ્વભાવ જતો રહી માનવસ્વભાવ બહાર આવ્યો હતો. એમને એકદમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાંભર્યું કે આ જ ડોસાનું કવર;–અને કદાચ એની દીકરી મરિયમનું.

'લક્ષ્મીદાસ!' એમણે એકદમ બૂમ પાડી.

લક્ષ્મીદાસ તે જ માણસ કે જેને અલીએ છેલ્લી ઘડીએ પૈસા આપ્યા હતા.

'કેમ સાહેબ?'

'આ તમારા કોચમીન અલી ડોસા...આજ હવે ક્યાં છે એ?'

'તપાસ કરશું.'

તે દિવસે પોસ્ટમાસ્તરના સમાચાર ન આવ્યા. આખી રાત્રિ શંકામાં વટાવી. બીજે દિવસે સવારે ત્રણ વાગ્યાસમાં તે ઑફિસમાં આવી બેઠા હતા. ચાર વાગે ને અલી ડોસા આવે કે હું પોતે જ કવર આપું, એવી આજ એમની ઇચ્છા હતી.

વૃદ્ધ ડોસાની સ્થિતિ પોસ્ટમાસ્તર હવે સમજી ગયા. આજ આખી રાત તેમણે સવારે આવનાર કાગળના ધ્યાનમાં ગાળી હતી. પાંચપાંચ વર્ષ સુધી આવી અખંડ રાત્રીઓ ગાળનાર તરફ એનું હૃદય આજે પહેલવહેલું લાગણીથી ઊછળી રહ્યું હતું. બરાબર પાંચ વાગ્યે બારણા પર ટકોરો પડ્યો. પોસ્ટમૅન હજુ આવ્યા ન હતા; પણ આ ટકોરો અલીનો હતો એમ લાગ્યું. પોસ્ટમાસ્તર ઊઠ્યા. પિતાનું હૃદય પિતાના હૃદયને પિછાને તેમ આજે તે દોડ્યા: બારણું ખોલ્યું.

'આવો અલીભાઈ! આ તમારો કાગળ.' બારણામાં એક વૃદ્ધ દીન ડોસો લાકડીના ટેકાથી નમી ગયેલો ઊભો હતો. છેલ્લાં આંસુની ધાર હજુ એના ગાલ પર તાજી હતી, ને ચહેરાની કરચલીમાં કરડાઈના રંગ પર ભલમનસાઈની પીંછી ફરેલી હતી.

તેણે પોસ્ટમાસ્તર સામે જોયું ને પોસ્ટમાસ્તર જરાક ભડક્યા. ડોસાની આંખમાં મનુષ્યનું તેજ ન હતું.

'કોણ સાહેબ! અલી ડોસા...' લક્ષ્મીદાસ એક બાજુ તરફથી સરીને બારણા પાસે આવ્યો.

પોસ્ટમાસ્તરે તે તરફ લક્ષ ન આપતાં બારણા તરફ જ જોયા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કર્યું. પણ ત્યાં કોઈ ન લાગ્યું. પોસ્ટમાસ્તરની આંખ ફાટી ગઈ. બારણામાં કોઈ જ હતું નહિ. એ શું? તે લક્ષ્મીદાસ તરફ ફર્યા.

'હા, અલી ડોસા! કોણ? તમે છો ના?'

'જી, અલી ડોસા મરી ગયેલ છે! પણ એનો કાગળ લાવો મારી પાસે!'

'હેં! કે દી? સાચું લક્ષ્મીદાસ?'

'જી હા, એને તો ત્રણેક મહિના થઈ ગયા.' સામેથી એક પોસ્ટમેન આવતો હતો તેણે બીજો અરધો જવાબ વાળ્યો.

પોસ્ટમાસ્તર દિઙ્‌મૂઢ બની ગયા. હજુ મરિયમનો કાગળ બારણામાં પડ્યો હતો! અલીની મૂર્તિ એમની નજર સમક્ષ તરી રહી. લક્ષ્મીદાસે અલી છેલ્લી વખત કેમ મળ્યો હતો તે પણ કહ્યું. પોસ્ટમાસ્તરના કાનમાં પેલો ટકોરો ને નજર સમક્ષ અલીની મૂર્તિ બંને ખડાં થયાં! એમનું મન ભ્રમમાં પડ્યું: મેં અલીને જોયો, કે એ માત્ર શંકા હતી, કે એ લક્ષ્મીદાસ હતો?

*　　　*　　　*　　　*

પાછી રોજનીશી ચાલી: 'પોલીસ કમિશનર! સુપરિન્ટેન્ડેન્ટ! લાયબ્રેરિયન!—' કારકુન ઝપાટાબંધ કાગળ ફેંકયે જતો હતો.

પણ દરેક કાગળમાં ધડકતું હૃદય હોય તેમ પોસ્ટમાસ્તર આજે એકી નજરે તે તરફ જોઈ રહ્યા છે! કવર એટલે એક આનો ને પોસ્ટકાર્ડ એટલે બે પૈસા એ દૃષ્ટિ ચાલી ગઈ છે. ઠેઠ આફ્રિકાથી, કોઈ વિધવાના એકના એક છોકરાનો કાગળ એટલે શું? પોસ્ટમાસ્તર વધારે ને વધારે ઊંડા ઊતરે છે.

મનુષ્ય પોતાની દૃષ્ટિ છોડી બીજાની દૃષ્ટિથી જુએ તો અરધું જગત શાંત થઈ જાય.

તે સાંજે લક્ષ્મીદાસ ને પોસ્ટમાસ્તર ધીમે પગલે અલીની કબર તરફ જતા હતા. મરિયમનો કાગળ સાથે જ હતો. કબર ઉપર કાગળ મૂકી પોસ્ટમાસ્તર ને લક્ષ્મીદાસ પાછા વળ્યા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



'લક્ષ્મીદાસ, આજે સવારે તમે જ સૌથી વહેલા આવ્યા, કાં?'

'જી હા.'

'અને તમે કીધું, અલી ડોસા...'

'જી હા.'

'પણ ત્યારે... ત્યારે સમજાયું નહિ કે...'

'શું?'

'હાં ઠીક...કાંઈ નહિ.' પોસ્ટમાસ્તરે ઉતાવળે વાત વાળી લીધી. પોસ્ટ ઑફિસનું આંગણું આવતાં પોસ્ટમાસ્તર લક્ષ્મીદાસથી જુદા પડી વિચાર કરતા અંદર ચાલ્યા ગયા. એમનું પિતા તરીકેનું હૃદય અલીને ન સમજવા માટે ડંખતું હતું ને આજે હજુ પોતાની દીકરીના સમાચાર ન હતા માટે પાછા સમાચારની ચિંતામાં તે રાત્રિ ગાળવાના હતા. આશ્ચર્ય, શંકા ને પશ્ચાત્તાપના ત્રિવિધ તાપથી તપતા એ પોતાના દીવાન-ખંડમાં બેઠા, ને પાસે કોલસાની સગડીમાંથી મધુર તાપ આવવા લાગ્યો.

— ધૂમકેતુ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટિપ્પણ અને પ્રશ્નો

શીમણી – કાળી [પ્રાંતીય શબ્દ લાગે છે. શ્યામ ઉપરથી (?)]. **પડથાર** – નીચી પહોળી ઓટલી. (સીડીમાં વચ્ચે વિસામાને માટે રાખેલું પગથિયું.) **ખો** – બખોલ. **ત્રિવિધ** – ત્રણ જાતનો.

૧. અલી ડોસાનું શબ્દચિત્ર દોરો અને એની પુત્રી પ્રત્યેના વાત્સલ્ય ઉપર નોંધ લખો.

૨. પોસ્ટ ઑફિસનું વાતાવરણ તમારા શબ્દોમાં આલેખો.

૩. પોસ્ટ ઑફિસ ઉપર આશરે પચીસ લીટી લખો.

૪. અલી ડોસાની પૂર્વાવસ્થાના અને ઉત્તરાવસ્થાના જીવનનો વિરોધ દર્શાવો.

૫. એક વખત અલીને ઉદ્ધત જવાબ આપનાર પોસ્ટમાસ્તરના હૃદયમાં અલી માટે સદ્ભાવ કયા પ્રસંગે ઉત્પન્ન થયો? એ સદ્ભાવ એણે કેવી રીતે વ્યક્ત કર્યો?

૬. આ વાર્તાનો પ્રસંગ આશરે ૩૦ લીટીમાં આલેખો.

રમણલાલ વસંતલાલ દેસાઈ

[આ લોકપ્રિય નવલકથાકારનો જન્મ ૧૮૯૨માં નર્મદાતટે શિનોર ગામમાં થયો હતો. તે જાતે વડનગરા નાગર છે. પ્રાથમિક કેળવણી શિનોરમાં અને માધ્યમિક કેળવણી વડોદરામાં પૂરી કરી તે વડોદરા કૉલેજમાં દાખલ થયા અને ત્યાંથી ૧૯૧૪માં બી. એ. ની પરીક્ષા એમણે પસાર કરી તે વડોદરા રાજ્યની નોકરીમાં જોડાયા. હાલમાં વડોદરામાં નિવૃત્ત જીવન ગાળતાં લેખનપ્રવૃત્તિ કરી રહ્યા છે.



શ્રી દેસાઈ લોકપ્રિય નવલકથાકાર છે. એમની નવલકથાઓ આજે હોંસથી વંચાય છે. સામાજિક પ્રશ્નો લઈ તે ઉપર તે નવલકથાનું વસ્તુ રચે છે અને પોતાનાં પાત્રો દ્વારા અથવા યોગ્ય પ્રસંગ ઉપસ્થિત થતાં તે પોતાના અંગત વિચારો અને મંતવ્યો રજૂ કરતાં ચૂકતા નથી. આથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમની નવલકથાઓ ઉપદેશાત્મક હોય છે, અને આ રીતે સ્વ. ગોવર્ધનરામ અને શ્રી મુનશી એ બે નવલકથાકારોની વાર્તાશૈલીઓની વચ્ચેનો માર્ગ એમણે ગ્રહણ કર્યો છે. પોતે સમાજસુધારણાની ધગશથી પ્રેરાઈ લખે છે એટલે એમાં પ્રાસંગિક તત્ત્વ વિશેષ હોય એ દેખીતું જ છે. ભારતવર્ષના છેલ્લા અહિંસાત્મક યુદ્ધથી (૧૯૩૦) પ્રેરાઈ, લોકરુચિને અનુકૂળ થઈ પડે એવી 'દિવ્યચક્ષુ' નામે નવલકથા એમણે લખી અને ત્યાર પછી એમની લોકપ્રિયતામાં સંગીન ઉમેરો થયો. 'દિવ્યચક્ષુ' માટે શ્રી દેસાઈને કાંટાવાલા પારિતોષિક મળ્યું હતું. 'ભારેલો અગ્નિ', 'ગ્રામલક્ષ્મી' (૧, ૨, ૩, ૪), 'સ્નેહયજ્ઞ' અને 'કોકિલા' એમની જાણીતી નવલકથાઓ છે.

નવલકથાઓ ઉપરાંત એમણે 'સંયુક્તા' અને 'શંકિતહૃદય' નામે બે નાટકો લખ્યાં છે. શ્રી. દેસાઈએ આ બન્નેમાં રંગભૂમિને અનુકૂળ એવાં ઘણાં તત્ત્વો દાખલ કર્યાં છે, અને રંગભૂમિ ઉપર ભજવાતાં નાટકોની અનુચિતતા અને અશિષ્ટતાથી તે અલિપ્ત છે. જ્યાં રંગભૂમિ પર ભજવાતાં નાટકો સુરુચિ અને વિવેકદૃષ્ટિનો ભંગ કરતાં હોય અને શિષ્ટ અને સાહિત્યસંસ્કારવાળાં નાટકો રંગભૂમિની જરૂરિયાતની અવગણના કરતાં હોય ત્યાં આવાં નાટકો અવશ્ય આવકારપાત્ર લેખાય.

નવલકથા અને નાટકો ઉપરાંત એમણે ટૂંકી વાર્તાઓ પણ લખી છે, જે 'ઝાકળ'ના નામથી પ્રસિદ્ધ થઈ છે. એમની સાહિત્યપ્રવૃત્તિ એકધારી વહ્યા કરે છે.]

આંખનાં ઊંડાણ

[હિંસાવાદી મનોવૃત્તિવાળો અરુણ એક વર્ષ માટે અહિંસાપાલનનું વ્રત લે છે. સત્યાગ્રહીઓના એક સરઘસ ઉપર સરકારી અમલદારો, તેને વિખેરી નાખવા, લાઠીથી હુમલો કરે છે. અરુણ અને એના સાથીઓ ઘવાય છે. સાજા થયા પછી તેમને જેલમાં લઈ જવામાં આવે છે. એક રાતે જેલના અંગ્રેજ અમલદારના બંગલામાં આગ લાગેલી જોઈ અરુણ અને તેનો સાથી કંદર્પ જેલના સળિયા તોડી બળતા મકાનમાં દાખલ થાય છે. અરુણ તે અંગ્રેજ અમલદારની નાની બાળકીને બચાવી લાવે છે. પણ તેમ કરવા જતાં તે સખત દાઝે છે અને બેભાન અવસ્થામાં તેને હૉસ્પિટલમાં ખસેડવામાં આવે છે.]

અરુણ જાગ્યો. કેટલા દિવસની બેભાની પછી તે જાગ્યો. 'હું છું:' એવું પ્રથમ ભાન તેને થયું અને તેણે પોતાની આંખ ઉઘાડી. તેને કાંઈ સમજાયું નહિ. તેણે આંખો મીંચી દીધી.

'હું ક્યાં છું?' તેના હૃદયે પ્રશ્ન પૂછ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ પ્રશ્નનો ઉત્તર કોણ આપી શકે? આંખ.

અરુણે આંખ ઉઘાડી. ફરી વાર તેણે આંખ ઉઘાડી.

'કેમ આંખ ઊઘડતી નથી?' અરુણ જરા અકળાયો, તેણે આંખ ઉઘાડી પોપચાંને સ્થિર રાખ્યું.

'તોય દેખાતું નથી? એ શું?'

તેણે ઝડપથી હાથ ઉપાડી, આંખ ઉપર ફેરવ્યો. હાથ દુખવા લાગ્યો. કોઈએ મૃદુતાથી એ હાથને આંખેથી ખસેડી પાછો પથારીમાં મૂક્યો.

'આંખે પાટો તો છે નહિ. પછી દૃષ્ટિ કેમ ઊઘડતી નથી?'

તેણે મસ્તક ફેરવ્યું. અને આંખ ઉઘાડી, કદાચ બીજી પાસ જોવાનું આંખને અનુકૂળ પડે તો!

તે પાસ પણ કાળાશનો ઢગલો!

તેનું હૃદય ધડકી ઊઠ્યું. અથાગ પાણીમાં ડૂબતો હોય એવો તેને ગૂંગળાટ થયો. ડૂબતો માણસ હાથપગ પછાડી પાણી ઉપર આવવા મથે તેમ તે હાથ અને માથું હલાવી ચારે પાસથી રૂંધતા અંધકારની ઉપર આવવા મથ્યો. તેના હલનચલનને કોઈ કુમળો સ્પર્શ રોકતો હતો. પણ એ કોનો સ્પર્શ? શ્વાસ ભરાઈ ગયો; હૃદયધબકારા વધી ગયા, પાંપણો ઝડપથી ઊઘડી મીંચાવા લાગી.

'અરે, અરે! હું ક્યાં છું?' તેનાથી છેવટે બૂમ પડાઈ ગઈ. નમ્યું ન આપનાર શૂરવીરે નિરાધારતા અનુભવી.

ત્રણચાર કંઠનાં ડૂસકાં ખાનાર કોણ હશે તે જોવા ધાર્યું.

હઠીલી આંખ કાંઈ જ જોતી ન હતી.

અંધકાર! અંધકાર!

'મને કેમ દેખાતું નથી?' તેણે ફરી પૂછ્યું. કોઈનો જવાબ સંભળાયો નહિ. માત્ર ડૂસકાં ચાલુ હતાં. તેણે આમ વગર બોલ્યે ડૂસકાં ખાતી વ્યક્તિઓને ઓળખવા સચેત પ્રયત્ન કર્યો. અને એ પ્રયત્ન નિષ્ફળ નીવડતાં તે બૂમ પાડી ઊઠ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'મારી આંખો ક્યાં ગઈ?'

પાંચેક ક્ષણ કોઈ કાંઈ બોલ્યું નહિ. દાઝેલો અરુણ દવાખાનાના એક ઓરડામાં પડ્યો હતો અને તેની આસપાસ તેનાં સ્નેહીઓ વીંટળાઈ વળ્યાં હતાં. આજ સુધી તે બેભાન હતો. એક બે દિવસથી તેનામાં ચેતનનો સંચાર લાગતો હતો. અરુણ ક્યારે જાગે એ આશાએ કોઈ ત્યાંથી ખસતું નહિ. પરંતુ એ જાગશે ત્યારે શું થશે, તે શું કહેશે, તેની ક્ષણે ક્ષણે થતી અધીરાઈ મહામુસીબતે સહુએ દાબી રાખી હતી. અરુણ જાગ્યો. એ ક્ષણ આવી. સહુના જીવ અધ્ધર ટીંગાયા. ડૉક્ટરે અરુણની આંખ બદ્દલ આશા મૂકી દીધી હતી.

પ્રાણ લેવા ધસતા અગ્નિએ માત્ર આંખ ખૂંચવી અરુણને જીવતો મૂક્યો. પણ એ અરુણ જાણશે ત્યારે? . . . . . અરે! એણે લગભગ જાણ્યું જ હતું કે તેની આંખો તેને જડતી ન હતી.

અવાજમાં ઘૂસી જતા થડકારને મહામહેનતે અટકાવી કૃષ્ણકાંતે કહ્યું: 'Arun! Old boy! Now face it bravely!'

અરુણે કૃષ્ણકાંતના ઉચ્ચાર ઓળખ્યા. તેણે કૃષ્ણકાંતને જોવા મંથન કર્યું. આંખ પોતાનું કાર્ય ભૂલી ગઈ હતી. અરુણે હાથ લાંબો કર્યો, પણ હાથ કાંઈ જોઈ શકે છે? હાથ પથારીમાં પછડાયો. અરુણે તેને પછડાવા દીધો. એક ક્ષણ–બે ક્ષણ: તેણે વિચારી જોયું કે કૃષ્ણ-કાંતના કથનનો શો અર્થ થાય છે. પછી તે બોલ્યો:

'ત્યારે મારી આંખો ગઈ જ, નહિ?'

અરુણને દયામણે અવાજે બોલતાં કોઈએ સાંભળ્યો ન હતો. અત્યારે કંઠ ગદ્‌ગદ બની ગયો એટલું જ નહિ, તેની આંખના ખૂણામાં પાણી ચમકી રહ્યું.

આંખ દેખે નહિ, પણ રડે તો ખરી જ. તે જગતની સાથેનો સંબંધ તોડી નાખે પરંતુ જેનું એ અંગ છે તેના હૃદય સાથેનો સંબંધ તે શી રીતે તોડે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આખો ઓરડો રડી રહ્યો. કૃષ્ણકાંતે ખુલ્લી રીતે રૂમાલ આંખે દાબ્યો. કંદર્પ ત્યાંથી બહાર દોડી ગયો. ધનસુખલાલે દુપટ્ટા વડે મુખ લૂછવા માંડ્યું. જનાર્દને અશ્રુ ઢાંકવાની જરા પણ જરૂર વિચારી નહિ. અરુણના પિતાને તો દવાખાને લાવી શકાતા જ નહિ. પુત્રના રાઈ રોગ સઘળા પોતાના ઉપર ઊતરે અને પુત્ર બચે એવી ઝંખનામાં તેઓ માંદા પડી ગયા હતા. સુશીલા સુરભિ તો ક્યારનાં એકબીજાને ખભે માથાં ઢાળી રડતાં હતાં. પથારી પાસે કઠણ મન કરી બેસી રહેલી પુષ્પા અરુણનો આ તલસાટ વેઠી શકી નહિ. તેણે હાથ ઉપર માથું નાખી દીધું.

જગતને બાથમાં લેવા ધસતો માનવી કોઈ કોઈ વખત પોતાની મર્યાદાઓ નિહાળે છે ત્યારે તે ગરીબડો બની જાય છે.

જરા દૂર બેઠેલા ધનાભગત થોડી વારે બોલ્યા :

'ભાઈ! બેટા અરુણ! ના અકળાઈએ. ભગવાને આંખ આપી અને એણે લઈ લીધી. એની મરજી! આપણે શું?'

અરુણને લાગ્યું કે કોઈ ફિરસ્તો તેને હાથ દેવા આવ્યો છે. રુદન-ભર્યા કંઠે તેણે કહ્યું :

'પણ આંખ વગર હું કેમ જીવીશ? મને શું કામ જિવાડ્યો?'

'પ્રભુ તને સો વરસનો આવરદા આપે! જીવવું મરવું આપણા હાથમાં છે? પ્રભુની મરજી વગર પાંદડુંયે હાલતું નથી.'

'પરાધીન જીવન! એ ન હોય તોયે શું.'

'જો દીકરા! પ્રભુએ આંખ લઈ લીધી તો તને અંગેઅંગે આંખ ઊઘડશે. આંખ બંધ કર્યે જે દેખાય તે સાચું. ઉઘાડી આંખ તો ભુલભુલામણી છે. કહે બેટા, તેં જોયેલું તને શું દેખાતું નથી?'

આંખ આગળ અંધારાં હતાં, છતાં તેણે રમતી રંજન જોઈ, ગંભીર પુષ્પા જોઈ, વહાલભરી સુરભિ જોઈ અને સફાઈભર્યા કૃષ્ણકાંત જોયા. એ કેમ બન્યું? તેની આંખ તો ફૂટી ગઈ હતી. ત્યારે આ બધી ઘટમાળ તે કેવી રીતે જોઈ શકતો હતો! માનવીને કેટલાં ચક્ષુ? ચર્મચક્ષુ તો ગયાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'તોય હું જોતો હોઉં એમ કેમ લાગે છે?' અરુણના હૃદયમાં ધનાભગતે પ્રશ્ન પ્રેર્યો.

નાનકડી મોજડીમાં નાનકડા પગ ટપટપ દોડતા સંભળાયા. તેની મીંચેલી – ન દેખતી – આંખે પણ એક બાલક દોડતું જોયું.

'કોણ હશે?' આંખથી જોવા માટે ટેવાયેલા અરુણે આંખ ખેંચી. અંધારું ઘોર!

'મમ્મા, મમ્મા, જાગે છે. આવ, આવ.' કોઈ કુમળી વાણીમાં અંગ્રેજી શબ્દો ઊતર્યા. એક નાનકડી અંગ્રેજ બાલિકાનું દૃશ્ય અરુણની આંખ આગળ ચીતરાયું. કોઈએ ધીમી સિસકારીથી બાળકીને મોટા તીણા સાદે બોલતાં રોકી.

'હું ધીમે બોલીશ; પણ મને એમની પાસે જવા દે, મમ્મા!' બાળકીનો ઉચ્ચાર સંભળાયો.

'કૃષ્ણકાંત, કોણ આવ્યું?' ધીમે રહી અરુણે પૂછ્યું.

કૃષ્ણકાંત ઉત્તર આપે તે પહેલાં તો છોકરી બોલી ઊઠી:

'એ તો હું છું. એટલામાં ભૂલી ગયા? હા, હા. પણ તમે તો બહુ દાઝી ગયા હતા. મને તો તુર્ત મટી ગયું. હું રોજ તમને જોવા આવતી; પણ મમ્મા અને પપ્પા મને તમારી પાસે આવવા જ નહોતાં દેતાં. હવે હું રોજ પાસે આવીશ. કેવી તમને બાઝી પડી હતી!' છોકરી બોલતાં બોલતાં હસી પડી, છોકરીને ખૂબ બોલવું હતું.

અરુણના હૃદયે અગ્નિસ્નાનનો પ્રસંગ ઉકેલ્યો. બનાવોની કડીઓ ગોઠવાઈ ગઈ. જે છોકરીને બચાવતાં તે ભાન ભૂલ્યો હતો – જેને બચાવતાં તેણે આંખો ખોઈ હતી, તે જ એ છોકરી હતી. અરુણને છોકરી ઉપર વહાલ આવ્યું. એ તો જીવ સાટે બચાવેલી બાળકી હતી.

'એને મારી પાસે બેસાડો.' અરુણે કહ્યું.

પુષ્પાએ પોતાની ખુરસી ઉપર છોકરીને બેસાડી.

'તું ક્યાં બેઠી છે?' અરુણે પૂછ્યું.

'આ રહી. ખુરસી ઉપર છું ને જોતા નથી?'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'મારી પાસે આવ; ખાટલા ઉપર.'

છોકરી ત્વરાથી ખાટલા ઉપર બેસી ગઈ. અરુણ હાથ લાંબો કરી બાળકીના દેહ ઉપર હાથ ફેરવવા માંડ્યો.

'હવે તમને મટી ગયું ને?' છોકરીએ પૂછ્યું.

'તારે જાણી શું કામ છે?'

'મારે તમને ઘેર લઈ જવા છે.'

'શા માટે?'

'મારાં રમકડાં બતાવવાં છે. અંહ! આપણે આગ આગ રમીશું. તમે મને બચાવી તેમ હું પણ એક પૂતળીને બચાવી લાવીશ. પણ ભાઈ, આટલું બધું તમારા જેવું દાઝવાનું નહિ, હોં!' છોકરી ગંભીરતાથી યોજના વર્ણવતી હતી.

અરુણને પહેલી વાર હસવું આવ્યું. તેણે બાળકીના ગાલ ઉપર હળવી લપડાક મારી, પણ તે વાગી નહિ. તેણે ફરી બાળકીના દેહ ઉપર હાથ ફેરવવા માંડ્યો. હાથ જાણે અંધારામાં ફરતો કાંઈ ફંફોસતો હોય એમ તે છોકરીને લાગ્યું.

'કેમ? આમ કેમ કરો છો? જાણે દેખતા ન હો તેમ?' છોકરી બોલી. તેનાં માબાપે દાંત પીસ્યા. કેદખાનાનો ઉપરી પોલીસ અમલદાર અને સ્ત્રી દરરોજ અરુણને જોવા સાંજ સવાર આવતાં હતાં. આખા કુટુંબને અગ્નિદાહમાંથી ઉગારનાર હિંદવાસીનો ઉપકાર ભૂલે એવાં એ અંગ્રેજ દંપતી નગુણાં ન હતાં. અંગ્રેજો રાક્ષસો નથી— પછી ભલે તેમના રાજ્યતંત્રમાં રાક્ષસીપણું પેસી ગયું હોય.

'તું ખરું કહે છે. હું દેખતો નથી.' અરુણે લાચારીભર્યા અવાજે કહ્યું.

'આમ આવ, નઠારી છોકરી.' બાળકીને તેની માએ બૂમ મારી.

પણ બાળકી તો અરુણના મુખ સામે જોઈ રહી હતી. જરા રહી તેણે બે ત્રણ ચાળા કર્યા. એક ક્ષણ તેણે પોતાની આંખો મીંચી દીધી. ફરી ઉઘાડી. તેણે એક આંખ મીંચી. વળી પાછી મીંચેલી આંખ ઉઘાડી. તેણે બીજી આંખ મીંચી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સહુ કોઈ બાળકીના વાંદરવેડા જોઈ રહ્યાં: બાળકીએ પૂછ્યું:

'તમે ખરેખર દેખતા નથી?'

'ખરે, હું તને જોઈ શકતો નથી.'

'હું એક આંખે જોઈ શકું છું; અને મારે બે આંખો છે. મારી એક આંખ તમને ન ફાવે?'

બાળકી બોલી. બાળકી મૂર્ખ હતી. પણ તેની મૂર્ખાઈને કોઈ હસ્યું નહિ. ખરો હિંદુ કોણ? ખરો મુસ્લિમ કોણ? ખરો ખ્રિસ્તી કોણ? બાળક; નહિ કે જેણે પોતાને ઓળખાવવા ધર્મની ચિઠ્ઠી ચોઢી હોય. પણ આપણે એવી ગોઠવણ કરી રાખી છે કે બાળક જેમ જેમ મોટું થતું જાય છે તેમ તેમ હિંદુ, મુસ્લિમ, કે ખ્રિસ્તી મટતું જાય છે. અને જ્યારે તે પૂર્ણ વયે આવે છે ત્યારે તેની ઉપર માત્ર ધર્મનું ખોળિયું જ વીંટાયેલું રહે છે. ધર્મનો આત્મા તો ક્યારનો ઊડી ગયો હોય છે.

ડૉક્ટર આવ્યો એટલે બધી વાત અટકી. ડૉક્ટર ગુસ્સે થયા. દરદીને હવે જ ખરા આરામની જરૂર છે એમ તેમણે જણાવ્યું. અને થોકડાબંધ માણસો એકસામટાં ભેગાં થઈ જાય તેના કરતાં વારાફરતી એક બે માણસો બેસે તો દરદીને વધારે લાભ છે એ બાબત ઉપર તેમણે ભાર મૂક્યો. બધાં ઓટલે ગયાં. પુષ્પાએ અને કંદર્પે પહેલી રાતના બે કલાક બેસવાનું માથે લીધું; અને રાતનો ક્રમ ગોઠવી બધાં વીખરાયાં.

—દિવ્યચક્ષુ

ટિપ્પણ અને પ્રશ્નો

રાઈ રોગ – નાના મોટા બધા રોગ. (કોઈ માંદું પડે ત્યારે તેને માથેથી વળગાડ ઊતરે તે માટે રાઈ ઉતારવામાં આવે છે એ ઉપરથી આ પ્રયોગ આવ્યો હશે.) **ફંફોસતો** – શોધવા યત્ન કરતો.

૧. 'જીવનમાં આંખનું મહત્ત્વ' એ વિષય ઉપર આશરે પચીસ લીટી લખો.

૨. અરુણે પોતાની આંખો કેવી રીતે ગુમાવી? પોતાની આંખો ગઈ એનું જ્યારે એને ભાન થયું ત્યારે એના હૃદયમાં કેવા ભાવ જાગ્રત થયા?

૩. અંગ્રેજ બાલિકાની નિર્દોષતાથી આ પ્રસંગના વાતાવરણમાં શો ફેર પડે છે?

૪. બાળકને માટે લેખક છેવટે જે ઉદ્‌ગાર કાઢે છે તે સાચા છે? શા માટે તે બાળકને આટલી ઊંચી ભૂમિકા આપે છે?

૫. ધનાભગતના આશ્વાસનવચનનો ભાવાર્થ અને રહસ્ય સમજાવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લીલાવતી મુનશી

[શ્રી. લીલાવતી મુનશીનો જન્મ અમદાવાદમાં ઈ. સ. ૧૮૯૯માં થયો હતો. ગુજરાતી ચાર ધોરણનો અભ્યાસ શાળામાં કર્યા પછી અંગ્રેજીનો અભ્યાસ એમણે ઘેર રહી વધાર્યો. નાનપણથી જ એમને લખવાવાંચવાનો શોખ હતો. જૂની સામાજિક પ્રણાલિકા તોડી એમણે ૧૯૨૬માં શ્રી. કનૈયાલાલ મુનશી સાથે લગ્ન કર્યું. આવા સુયોગથી ગુજરાતી સાહિત્ય અને સમાજને સંગીન લાભ થયો છે. ૧૯૩૦માં સત્યાગ્રહની બીજી ચળવળ ચાલતાં એ તેમાં જોડાયાં હતાં અને જેલયાત્રા કરી આવ્યાં હતાં. હાલમાં પણ અનેક સામાજિક અને રાજકીય પ્રવૃત્તિઓમાં એ ઉપયોગી કાર્ય કરી રહ્યાં છે.

ગુજરાતનાં ગણ્યાંગાંઠ્યાં લેખિકામાં એ અગ્રસ્થાને છે. એમનાં 'રેખાચિત્રો'એ સાહિત્યરસિકોનું ધ્યાન ખેંચ્યું હતું. એમના પત્રો પણ સાહિત્યની દૃષ્ટિએ ઊંચા લેખાયા છે. આ ઉપરાંત એમણે 'કુમારદેવી' નામે એક સફળ નાટક લખ્યું છે. એમની વાર્તાઓનો સંગ્રહ 'જીવનમાંથી જડેલી'ને નામે પ્રકટ થયો છે.

અહીં શ્રી. લીલાબહેન મુનશીએ દોરેલું કૃષ્ણનું શબ્દચિત્ર આપ્યું છે. કૃષ્ણનું સ્થાન ભારતના સાહિત્યમાં વિશિષ્ટ છે. કૃષ્ણની બાલ્યાવસ્થાની મસ્તી ને યુવાવસ્થાનાં પરાક્રમો કે રસિક પ્રસંગો ઘણા લેખકોએ જુદે જુદે કાળે આલેખ્યાં છે. અહીં કાંઈ અસામાન્ય ને જુદી જ દૃષ્ટિએ કૃષ્ણના જીવનના છેલ્લા પ્રસંગનું આલેખન થયું છે. માણસની પડતી થવા માંડે છે, એની જીવનસમૃદ્ધિ જ્યારે ખપી-ખૂટી જાય છે ત્યારે જગતમાં એનું કોઈ રહેતું નથી. કૃષ્ણ જેવા અતિમનુષ્યના ભાગ્યમાં પણ આવી જ એકલતા ને નિરાધારી લખાયેલાં હતાં.]

જીવનસંધ્યાએ કૃષ્ણ

દિવસનો પાછલો પહોર નમતો હતો. સૂર્યનાં ઉગ્ર કિરણોની ગરમી નરમ પડવા માંડી હતી. રસ્તા ઉપર ચાલનારાઓના ઓળા લાંબા થતા જતા હતા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સામે એક પહાડ ક્યાંઈક તડકામાં ચમકતો અને ક્યાંઈક વાદળીની છાયામાં અંધારો બનેલો હતો. રસ્તાની બે બાજુ ખેતરો હતાં. પણ એકેમાં ઊગેલા અનાજનાં તણખલાં ન હતાં. સામે રસ્તે થોડે થોડે અંતરે વૃક્ષો આવતાં. પણ મુસાફરનો થાક તેનાથી પૂરેપૂરો ઊતરતો નહિ.

આ જ રસ્તેથી વૃદ્ધ, થાકેલો કૃષ્ણ આગળ ને આગળ ચાલ્યો જતો હતો. એનું ચોક્કસ સ્થાન એણે નક્કી નહોતું કર્યું. જ્યાં પૃથ્વી રહેવાની જગ્યા આપે અને જ્યાં પોતાને કોઈ ઓળખતું ન હોય એવો દુનિયાનો એક ખૂણો તે શોધતો હતો.

એના પગ થાકેલા હતા. એનું ઘરડું શરીર વળવા માંડ્યું હતું. એની આંખો તેજ વિનાની હતી. એનાં વસ્ત્રો મેલાં અને અસ્તવ્યસ્ત હતાં.

યાદવોના યુદ્ધ પછી, સર્વ સ્વજનોના સંહાર પછી, કૃષ્ણ પોતાને માટે દુનિયાનો એક ખૂણો શોધવા નીકળ્યો હતો. હજુ સુધી ભારતમાં એને એકે ખૂણો એવો ન જડ્યો જ્યાં એને કોઈ ઓળખતું ન હોય. એનાં પૂર્વપરાક્રમો આખી દુનિયાના જાણવામાં હતાં. કોઈ એવું જન નહોતું કે એને દેખીને કાંપતું ન હોય. કોઈ એવું જન નહોતું કે એને જોઈ નાસી જવાને તત્પર ન હોય!

હારેલો ને થાકેલો દૈવી શ્રીકૃષ્ણ આગળ ને આગળ પોતાનો રસ્તો કાપ્યે જતો હતો. મહાભારતના યુદ્ધને જીતનાર, અર્જુનનો સખા ને સારથિ, કંસને મારનાર, કાલી નાગનું મર્દન કરનાર, અનેક દૈત્યનો કાળ અને ઋષિમુનિઓનાં ભક્તિગાનનો પાત્ર, ગોપીઓનો પ્રિય શ્રીકૃષ્ણ આજે અસહાય દશામાં વિશ્રામસ્થાનની શોધમાં ફોગટ ફાંફાં મારતો હતો.

એને એકે મિત્ર રહ્યો ન હતો, એકે સ્વજન રહ્યો ન હતો. જિંદગીમાં નાનાં મોટાં મહાભારત આદિ અનેક યુદ્ધોમાં અને છેવટે યાદવાસ્થલીમાં એ સૌ ખપી ગયાં હતાં. રહ્યો માત્ર એ એકલો ભક્ત-વિહોણો, મિત્રવિહોણો. જેનો પડ્યો બોલ ઝીલવા માનવો ને દેવોનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આખું વિશ્વ ખડે પગે રહેતું તેના સાથી તરીકે આજે એક પણ જણ હાજર ન હતું.

કૃષ્ણને જીવનમાં પહેલી વાર પોતાની જાત ઉપર તિરસ્કાર આવ્યો. કોઈ માનવીની સોબતને એ યોગ્ય રહ્યો ન હતો એમ નહીં પણ કોઈ માનવી એની સોબતમાં રહેવાને પોતાને યોગ્ય ગણતું ન હતું; અને સૌ એને જોઈ ત્રાસતાં ને નાસતાં તે એ જોઈ શક્યો હતો. હજારો સ્ત્રી પુરુષોના સંગમાં રહેનાર શ્રીકૃષ્ણ આવું ભયંકર એકાંત કેમ સહન કરી શકે? માનવીઓના ઉદ્ધારને માટે એણે અવતાર ધર્યો, માનવજાતની સેવામાં પોતાની શક્તિઓ સમર્પી અને માનવીનાં યુદ્ધો જીવનભર પોતે લડ્યો અને આ સવાસો વર્ષની ઘરડી ઉમ્મરે એક છાપરી પણ એને આશ્રય આપવાને ન હતી, એકાદ આદમી પણ એની સાથે વાત કરવાને ખુશી ન હતો.

સાંજનો પડછાયો લાંબો ને લાંબો થતો જતો હતો. શ્રીકૃષ્ણે જંગલની વાટ લીધી. એને પૂર્વજીવનની સ્મૃતિઓ એક પછી એક સતાવવા માંડી. દુનિયાની નજરે સૌથી વિજયી જીવન એણે ગાળ્યું હતું. રાજ્યો ખોયાં, લીધાં ને આપ્યાં; શત્રુરૂપી દુષ્ટોને સંહાર્યા; મિત્રોને તાર્યા ને મૂર્ખતામાંથી ઉગાર્યા; પ્રેમ લીધો ને દીધો; ચક્રવર્તીની સંપત્તિ મેળવી અને ખોઈ. આથી વધારે કોઈનાય જીવનમાં શું હોઈ શકે?

પણ આજે એ બધાં વર્ષો ગણતાં કઈ પળ પોતે શાતા કે સુખની ગાળી હતી? એની દૈવી કે દાનવી શક્તિઓની ધાકમાં શત્રુ કે મિત્રે કદી એના પર પૂરેપૂરો વિશ્વાસ રાખ્યો હતો? મિત્રો—કહેવાતા મિત્રો—એના જેવા શક્તિશાળી જનની શક્તિ કે રક્ષા કોઈક દિવસ કામની થઈ પડશે એમ ધારી એની મિત્રતા શોધતા. સ્વજનો હંમેશાં એનું શરણ માગતા અને પોતાનું કામ કઢાવી જતા. શત્રુઓ બને ત્યાં સુધી એને છેડતા નહિ. એના અંતઃપુરમાં વસતી સુંદરીઓ અને એના પુત્રો એની સાથે નિર્ભયતાથી કે વિશ્વાસથી વર્તી શકતાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નહિ. સૌ એને કપટી ને ક્રૂર ગણતાં. ભક્તોને પણ જરૂર પડે ત્યારે ખુશામદના શબ્દો બોલી યાચના કર્યા સિવાય બીજું કંઈ કામ કૃષ્ણનું નહોતું. એ એક મોટો જુલમગાર હતો. એની ઇચ્છા પ્રમાણે સૌને ચાલવું પડતું. એને વાંકું પડતાં કઈ પળે એ શું કરશે એ વિષે એના મિત્રો પણ વિચાર કરી શકતા ન હતા!

પણ કોઈ એનું ખરેખરું મિત્ર હતું? આટલે વર્ષે શ્રીકૃષ્ણને શંકા થવા માંડી. માત્ર પોતે કોઈ સાધારણ માનવી જેવો હોત, પોતાની શક્તિઓમાં દૈવી કે દાનવી અંશ કોઈએ કલ્પ્યો ન હોત તો! આટલા બધા કહેવાતા મિત્રો કરતાં થોડા પણ ખરા મિત્રો એને મળ્યા હોત તો જીવનના સંધ્યાકાળે આમ એને અસહાય અને એકલા રખડવું પડત? કોઈ પ્રેમાળ આત્મા એનો થાક વિસરાવવા ને એનું દુ:ખ ભુલાવવા હાજર હોત તો!

કૃષ્ણને થાક ખૂબ લાગ્યો હતો અને એક ડગલું એનાથી આગળ ભરાતું ન હતું. રસ્તાની પડખે આવેલા એક ઝાડ તળે જઈ એણે ભોંય પર પડતું નાખ્યું. વિચાર કરી કરી એનું મગજ બહેર મારતું જતું હતું. ચાલી ચાલી એનું અંગ દુખી આવ્યું હતું. સુવર્ણના સિંહાસનને શોભાવનાર મુરારિએ ભોંય પર લંબાવ્યું ને હાથનું ઓશીકું કરી, ડિલ પર પછેડી ઓઢી. આંખો મીંચી એને વિચાર નહોતા કરવા, પણ આખા વિશ્વને ડોલાવનાર આ દશામાં સ્વસ્થતાથી કેમ સૂઈ શકે?

આંખો મીંચી ને એને શંકા થવા માંડી: 'પોતે પૃથ્વીનો ભાર ઉતારવા જન્મ લીધો હતો, પણ પોતાના આખા જીવન દરમિયાન પૃથ્વીને સૌથી વધારેમાં વધારે પીડા નહોતી થઈ?

ગોકુળમાંથી જ એની શરૂઆત થઈ હતી. કૃષ્ણની શક્તિ પર ઝૂઝતા ગોવાળિયાઓએ આસપાસનાં ગામડાંઓમાં પોતાનાં તોફાનોથી કેટલો ત્રાસ વર્તાવ્યો હતો? ને કંસના વધ પછી એના હાથ નીચે યાદવો ગર્વમાં ફાટ્યા નહોતા? એક દ્રૌપદીને કારણે પાંડવો જેવાઓને રાજ્ય અપાવવા એણે મહાભારતના યુદ્ધમાં કરોડોનો સંહાર કરાવ્યો ને તેમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પોતાના મિત્રો ને ગુરુઓને મારતાં પણ પાછું વાળીને જોયું નહીં. ને છેલ્લી યાદવાસ્થળી ? એની શક્તિના બળે શક્તિશાળી બનેલા યાદવો છેવટે એટલા ફાટચા કે ન એમને ન્યાય કે અન્યાયનું ભાન રહ્યું; ન એમને નીતિ અનીતિનું ભાન રહ્યું, ને મદિરામાં રાતદિવસ મસ્ત રહેતા આ ગર્વીલા યાદવો . . . કૃષ્ણ જેવા જગતપુરુષની આંખમાં પણ આ બધાના વિચારે પાણી આવ્યા વિના રહ્યાં નહિ.

'પરમેશ્વર! જે તેજના અંશમાંથી તેં મને ઘડયો ત્યાં મને હવે પાછો બોલાવ. તેં મારામાં રાખેલો સૌ વિશ્વાસ અફળ ગયો છે. મારી જિંદગીમાં નિષ્ફળતાની પરંપરા સિવાય મને બીજું કંઈ દેખાતું નથી. આખી જિંદગીમાં નાશ, નાશ ને નાશ સિવાય મેં બીજું કંઈ કીધું નથી. મને ચાહનારાએ પણ કદી મારા પર વિશ્વાસ રાખ્યો નથી; પણ આજે તો એ ભભકો ને ભવ્યતા સૌ જતાં રહ્યાં. જિંદગીનાં તોફાનો પણ પૂરાં થયાં. હવે તો અશક્ત ને એકલો, જર્જરિત ને નિર્બળ તારો બાળ તને પુકારું છું. દીનાનાથ! આ જીવનલીલા હવે સંકેલી લે!'

શું ખરેખર વિશ્વપાલકે કૃષ્ણની પ્રાર્થના સાંભળી? ટૂંકી પછેડી-માંથી કૃષ્ણના પગ વગર ઢંકાયે બહાર રહ્યા હતા અને એ પાદ ઉપર લાલ પદ્મનું ચિહ્ન સંધ્યાના ઝાંખા અજવાળામાં દૂરથી ચળકતું, તેથી પગ ઝીણા સરખા પક્ષી જેવો લાગતો હતો. એક પારધીએ દૂરથી જોયું ને તીર માર્યું. એક વિપળમાં કૃષ્ણનો પગ જખમાયો ને એણે એક ચીસ પાડી: 'પિતા! તેં અરજ સાંભળી!'

પારધી પાસે આવ્યો ને ભૂલ જોઈ પસ્તાયો. પણ તે પહેલાં તો આ જગતપુરુષના પ્રાણ જગતનાં સનાતન તત્ત્વોમાં જઈ મળ્યા હતા.

મૃત્યુ? જગતનો મહાપુરુષ આમ વેરાનમાં પારધીને હાથે મરે? ન માનવાનું મન થાય છતાં કથા કહે છે તેમ એ વાત આમ જ બની હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ટિપ્પણ અને પ્રશ્નો

જીવનસંધ્યા—જીવનના અંતનો સમય, વૃદ્ધાવસ્થા. **અસ્તવ્યસ્ત**—અવ્યવસ્થિત. **યાદવાસ્થળી**—દારૂ પી કુસંપી યાદવો માંહેમાંહે લડી કપાઈ મર્યા એ પ્રસંગ. **ચક્રવર્તી**—સર્વોપરી રાજા; એકચક્રે રાજ્ય કરનાર. **શાતા**—શાંતિ. **મુરારિ**—મુર નામના દૈત્યનો (અરિ) દુશ્મન ને તેનો સંહાર કરનાર—કૃષ્ણ. **'પોતે પૃથ્વીનો ભાર... પીડા નહોતી થઈ?'**—ગીતામાં કહેલાં કૃષ્ણનાં વચનો :—

> यदा यदा हि धर्मस्य ग्लानिर्भवति भारत ।
> अभ्युत्थानमधर्मस्य तदात्मानं सृजाम्यहम् ॥
> परित्राणाय साधूनां विनाशाय च दुष्कृताम् ।
> धर्मसंस्थापनार्थाय संभवामि युगे युगे ॥

હે અર્જુન! જ્યારે ધર્મની પડતી થાય છે અને અધર્મની ચડતી થાય છે ત્યારે હું જન્મ લઉં છું. સજ્જનોના રક્ષણ માટે, દુર્જનોના નાશ માટે અને ધર્મને ફરી સ્થાપવા માટે હું દરેક યુગમાં જન્મું છું.

૧. વૃદ્ધ કૃષ્ણના દેખાવનું વર્ણન કરો. તમને પરિચિત હોય તેવા કૃષ્ણનું ટૂંકમાં શબ્દચિત્ર દોરો, અને એ સાથે ઉપરનું શબ્દચિત્ર સરખાવો.

૨. મહાભારતના પ્રસંગ પર ટૂંક નોંધ લખો. કૃષ્ણનો તે સાથે શો સંબંધ હતો?

૩. કૃષ્ણની છેવટની અવસ્થા પરથી તમે શો બોધ મેળવી શકો છો? કૃષ્ણને છેક જ એકલા કેમ પડવું પડ્યું?

૪. મહાન થવાના ગેરફાયદા પર થોડી પંક્તિઓ લખો.

૫. નીચેના રૂઢિપ્રયોગો વાક્યોમાં વાપરો : ફાંફાં મારવાં, ખપી જવું, પડ્યો બોલ ઝીલવો, ખડે પગે રહેવું, વાંકું પડવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચંદ્રવદન ચીમનલાલ મહેતા

['ઈલાકાવ્યો'ના કર્તા તરીકે પ્રસિદ્ધ થયેલા ચંદ્રવદનનો જન્મ સુરતમાં ૧૯૦૧માં થયો હતો. સુરત હાઈસ્કૂલમાં માધ્યમિક અભ્યાસ પૂરો કરી એલ્ફિન્સ્ટન કોલેજમાંથી ૧૯૨૪માં બી. એ.ની પરીક્ષા પસાર કરી. એમનામાં નાટકીય સ્ફુરણા અતિ પ્રબળ છે, અને સારા સાહિત્યકાર ઉપરાંત એક કુશળ નટ તરીકે પણ રા. ચંદ્રવદન જાણીતા છે.

'ચમલ' નામે, ભાઈ-બહેનનો નિર્દોષ સ્નેહ પ્રગટ કરતો કાવ્યસંગ્રહ એમણે પ્રસિદ્ધ કર્યો હતો. રસિક અને અર્થઘન શૈલીથી એમણે વૃદ્ધ વિદ્વાનોની પ્રશંસા પ્રાપ્ત કરી હતી. આ સંગ્રહમાંનાં બધાં કાવ્યોમાં વિચાર અને ભાવની સળંગતા અતિ કલામય રીતે સચવાઈ છે. આ સંગ્રહ પ્રગટ કરી ચંદ્રવદને ગુજરાતી સૉનેટ સાહિત્યના પ્રવાહને વેગ આપ્યો. આ ઉપરાંત 'ઈલાકાવ્યો' અને 'રતન' (લાંબુ કાવ્ય) લખ્યાં છે. તદુપરાંત 'આગગાડી', 'નાગાબાવા', 'અખો', 'નર્મદ', વગેરે નાટકો એમણે પ્રગટ કર્યાં છે. ચંદ્રવદનની પ્રવૃત્તિ અનેકદેશીય છે, પણ મુખ્યત્વે તે એક નાટ્યકાર, અને કવિ તરીકે પ્રસિદ્ધિ પામ્યા છે. હાલમાં ઑલ ઇન્ડિયા રેડિયોના મુંબઈ સ્ટેશને અધિકારી પદે છે.

આ નાટ્ય ખંડ એમની જાણીતી કૃતિ 'આગગાડી'માંથી લેવામાં આવ્યો છે. રેલવે ખાતામાં ચાલતી અપ્રામાણિકતા, ગેરવ્યવસ્થા ને અન્યાયનું ચિત્ર દોરતાં આપણા સામાજિક જીવનમાં જે બેશરમ તુંડમિજાજીપણું ને દંભ ચાલી રહ્યાં છે ને સમાજ તેને ઉદાસીન વૃત્તિથી નભાવી લઈ પોષી રહ્યો છે તેના પર નાટ્યકારે સચોટ અને સબળ કટાક્ષ કર્યો છે. આખોય પ્રસંગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાસ્યરસથી ભરપૂર હોવા છતાં વાક્યે વાક્યે લેખકે પરોક્ષ રીતે સમાજને સાચો રસ્તો દર્શાવવા સફળ અને વેધક કટાક્ષનો ઉપયોગ કર્યો છે.]

સ્ટેશનમાસ્તર

[વખત બપોરનો. સ્થળ સ્ટેશનમાસ્તરની ઑફિસ. 'લોક' શબ્દમાં મુસાફર, રૈયત, પ્રજાજન, ત્રાહિત, શહેરી, ગ્રામજન, એમ જનતાના કોઈ પણ વર્ગના ઇસમો સમજવા. વચ્ચે અને બાજુ પર ટેબલ, સ્ટૂલ, ખુરશી. ટેબલ વગેરે રેલવેમાં હોય છે એવાં જાડાં, નક્કર. સામાં બારણાંની બહાર પ્લૅટફૉર્મ કલ્પી લેવું. બાજુની બે બારી ખુલ્લી પણ હોય, બંધ પણ હોય. એક બાજુ ટિકિટબારી ને બીજી બાજુ કંટ્રોલના ફોન છે.]

માસ્તર —(બહુ કામમાં) શું છે ભાઈ તમારું ? કેમ જીવ ખાઓ છો ?

૧ લોક — સાહેબ ! અમારો કંડિયો નથી આવ્યો, રસીદ તો ગઈ કાલની આવી ગઈ છે.

માસ્તર — તે હું શું જાણું ? હું ઊંચકી લાવવાનો હતો તમારો કંડિયો ? મને પૂછો છો તે; અહીં નોકરી કરીએ કે તમારા કંડિયા તપાસતા બેસીએ ? આજે નથી આવ્યો તો કાલે આવશે. લે એ, .. કોણ છે ? ઇસરિયા ? કાં ઠરી ગયો ? લે આ કાગળ કૅરેજવાળાને આપ !

૧ લોક — પણ સાહેબ ! એમાં ફ્રૂટ છે અને ઘરમાં માંદાં માણસ માટે મંગાવ્યું —

માસ્તર — તે રેલવે કંઈ તમારા માંદા માણસો માટે ચાલે છે? ફ્રૂટ છે તો બે દિવસ મોડું આવશે, ખાઈ ગયા હશે કોઈ રસ્તે. બરાબર પૅક નહિ કર્યું હોય. પૈસા બચાવવા ગયા હશે, ભાઈ.

૨ લોક — (આવે છે) સાહેબ !

માસ્તર — તમને વળી શું છે ?

૨ લોક — રાતની ગાડીમાં રિઝર્વ્ડ જોઈએ.

માસ્તર — જીવ લેવા આવો છો, જીવ. જાણે તમારા બાપના નોકર.

૨ લોક — કોને કહો છો, માસ્તર !

માસ્તર — અરે તમને નથી કહેતો ભાઈ, તપી ના જાઓ; બોલો શું છે ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨ લોક — એ સેકન્ડ ને એક થર્ડ રિઝર્વ્ડ જોઈએ, રાતે.

માસ્તર — એમ રિઝર્વ્ડ નહિ મળે. ૨૪ કલાક પહેલાં કહેવું જોઈએ. અત્યારે આવો તે કાંઈ ચાલે? થર્ડ રિઝર્વ્ડ! એટલે કેટલી ટિકિટ છે?

૨ લોક — આઠ.

માસ્તર — તે નહિ ચાલે. દશ થર્ડની ટિકિટ હોય તો મળે ભાઈ; કાયદો જાણ્યા વિના શા માટે હેરાન કરો છો? [સિપાઈ કંઈ તાર લાવે છે.] વળી શું મોકાણ છે? (વાંચે છે.)

૨ લોક — માસ્તર! અમે શું ખોટી થઈએ?

માસ્તર — તો શું થાય? આ નોકરી કરીએ કે તમારી સાથે ગપ્પાં માર્યા કરીએ? જુઓ છો તમે, કે હું નવરો બેઠો છું? એઈ! ઇસરિયા! રામલા! કોઈ નથી? કાં મરી ગયા એટલામાં? [એક નોકર આવે છે.] જો! કૅરેજવાળાને કહે કે સલૂન નંબર બેંતાળીસ થ્રી ફોર્ટી નાઈન ડાઉન જશે. જો! એ મૂરખા! કૅરેજવાળાને કહે કે લાઈટ બાઈટ, પંખો બાજરૂ બધું બરાબર રાખે! નહિ હશે તો વળી પાછી મોકાણ! સાલાઓની ચાપચીપ ઓછી છે? આ સાહેબ તીખો છે; સાંભળ્યું કે? [ફોનની ઘંટડી વાગે છે.] કેમ હવે તને સનેપાત થયો? જુઓ, તમે જુઓ! મને ફુરસદ કેટલી છે તે! [જાય છે] અલાવ! યસ! ફોર ટુવેન્ટી ટુ નીકળી! વારુ, આવવા દો. હા, તબેલા ખુલ્લા છે. કોણ? રનિંગ લેટ? મરશે સાલો, આપણે શું? વારુ. [પાછો આવીને બેસે છે.]

૨ લોક — વારુ, દશ ટિકિટ લઈશું, બે વધારાની ખરીદશું, રિઝર્વ્ડ આપશો કે નહિ?

માસ્તર — એમ? બે ટિકિટ રેલવેને ખટાવશો તે રેલવે શું તમને ભારા બાંધી આપવાની છે? આપણા લોક જ એવા!

૨ લોક — તમે કંઈ રસ્તો બતાવોને? આજે રિઝર્વ્ડ તો જોઈએ જ.

માસ્તર — ભાઈ, જરા ઊભા રહો કહું છું; બેસો. એ રામલા! ખુરશી આપ શેઠને. શું જાન જવાની છે, કે વહુવર?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨ લોક — વહુવર.

માસ્તર — એમ પરણી ચાલ્યા; અમારા ગામની છોકરી લઈ ચાલ્યા; બોલો ભાઈ, શું છે તમારું ? તમારો કંડિયો નથી આવ્યો, બુકિંગ ઑફિસમાં જોયું ?

૧ લોક — ત્યાં નથી તેથી તો અહીં આવ્યો.

માસ્તર — ત્યાં નથી, તો નથી. હું કંડિયો કંઈ નવો પેદા કરવાનો હતો ? સાંજે ખબર કાઢજો.

૧ લોક — અરે સાહેબ ! ખબર કાઢવી એટલે બીજા બાર આના ગાડીના.

માસ્તર — પણ ત્યારે હું આવીને તમારે ત્યાં મૂકી જાઉં ? બોલો ભાઈ ! જુઓ ભાઈ એમનો કંડિયો નથી આવ્યો તેમાં હું શું કરું ! એન્જિન લઈને જાઉં ને લઈ આવું ? (૧ લોક જાય છે.)

માસ્તર — બોલો શેઠ ! જુઓ. દશનું લેબલ મારી આપશું ! એક ટિકિટના–

૨ લોક — હા, હા, તેમ કરો; તો એમ કહોની ?

માસ્તર — હવે તમે સમજો છો, ને કયાં બોલાવો છો ? એ તો આ તમે આટલા સમજો છો, નહિ તો વળી કોઈ પબ્લિક આવશે, તે 'એઈ ! માસ્તર ! કાયદો જુઓ !' ભાઈ કાયદો બતાવશે. અરે હા ભાઈ, કાયદો ! રેલવેનો કાયદો ! અહીં તો પોલંપોલ છે. જાય તો હાથી, નહિ તો ટાંકણી માટે ઝેર ખાવા નીકળે. પણ ઠીક હવે – રાતના બારની ગાડી કની ? ઑલરાઈટ ! શું નામ, બોલો.

૨ લોક — રસિકલાલ માણેકલાલ શેઠ. (એક નોટ આપે છે.)

માસ્તર — 'અરે શેઠ ઍન્ડ પાર્ટી,' ચાલોની એ તો નક્કી સાહેબ ! અમારી આખી રેલવે ચાડિયાથી ભરી છે. [ઝડપબંધ ગજવામાં મૂકી દે છે.]

૨ લોક — તેની તમે ફિકર નહિ કરતા.

માસ્તર — ના, ના, તમારી વાત નથી કરતો.

[રૂખી બારણા આગળ આવી બૂમો પાડે છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રૂખી — માસ્તર સાહેબ! ઓ માસ્તર સાહેબ!

માસ્તર — કોણ છે? ઊભી રહે બહાર! સાલાં, ક્યાંનાં રખડતાં અહીં આવે છે?

૨ લોક — ભાઈ હું રજા લઉં છું.

માસ્તર — ઓ યસ! થેંક યુ. બે સેકંડ (નોંધતા) અને દશ થર્ડ, તમે છ ટિકિટ લેજોની, હું બેસાડી આપીશ.

૨ લોક — પછી આગળ ઉપર કંઈ તકરાર નહિ થાય ને?

માસ્તર — એ તો હું ગાર્ડને કહી દઈશ; ઊભા રહો, જોવા દો, કોણ ગાર્ડ છે; (જુએ છે) ઓ! મંચેરશા ગોટલો! બસ, બસ, તમે બેફિકર રહો. સાહેબજી ભાઈ, જુઓ, ગાર્ડના હાથમાં એક બે ધોળાભાઈ સરકાવી દેજો.

૨ લોક — વારુ સાહેબજી. (જાય છે)

રામલો — છા'બ બહાર પેલી રૂખલી કંઈ પૂછવા માગતી છે. પેલા કોક આગવાળાની બાયડી સે.

માસ્તર — પૂછ એને શું છે? માથાં શાની ખાય છે? આગવાળાની બાયડીને અહીં શું લેવું છે? જાય 'લોકો'ના કારખાનામાં. (રામલો બહાર જાય છે.) ટ્રાફિકમાં શું કામ આવી? સાલા રખડેલ! ભંગિયણ હશે કોઈ; નાતાલની બોણી લેવા આવી હશે. તે કહે એને કે અહીં શું છે? જાય ડી. એલ. ઓ.ને બંગલે!

રામલો — છા'બ! એ તો નારણિયાને માટે કે'તી છે. જે એને નોકરી પરથી કેમ કાઈ દો.

માસ્તર — કેમ કાઈ દો તે જઈને પૂછ ડી. ટી. એસ. સાહેબને.

રૂખી — (બારણામાં ઊભી) સાયેબ! આટલી આ પંખાવાળાની નોકરીમાં પાંચ રૂપિયા મળતા'તા, તેમાંયે ગરીબના પેટ પર કાં પગ મૂકો!

માસ્તર — અરે પણ ઉલ્લુ! મારા ઘરની વાત છે કંઈ? અને શિયાળામાં તો બધા પંખાવાળાને રજા જ આપવાની છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રૂખી — પણ સાહેબ ! એને વટંગરૂમના ચારજ ઓયમાં તો રાખો, આજ દી સુધી તિયાં રાખેલો તે —

માસ્તર — હા, પણ હમણાં કાપકૂપ ચાલી છે, તે નથી ખબર ? રેલવે કરકસર કરવા નીકળી છે, તે બધા પંખાવાળાઓને ઓછા કર્યા !

રૂખી — ઓય બાપ ! પાંચ રૂપિયામાં રેલવે ભૂખે મરતી'તી !

માસ્તર — ચલ હવે માથું ન ખા ! રામલા, એને કહે કે તારું કંઈ વળવાનું નથી. અરે લાગ આવશે તો રેલવે અમને પણ લાત મારી કાઢશે, જાણે છ ?

રૂખી — વારુ માસ્તર સાહેબ ! બીજી કોઈ જગો ખાલી પડે તો જરા નારણિયાનું જોજો, માબાપ ! એટલું જરા ધ્યાનમાં રાખો તો મહેરબાની.

માસ્તર — વારુ, વારુ, જોઈશું. નોકરી એમ રસ્તામાં પડી છે ને ?

રૂખી — માબાપ ! તમારા હાથની વાત છે. અને માસ્તર સાહેબ, એ હજી આયા નથી, તે પાછા કઈ ગાડીએ ફરશે ?

માસ્તર — તે મને શું ખબર ? જા કારખાનામાં જઈને પૂછ.

રૂખી — અરે સાહેબ ! હારી હવારથી ત્યાં જઈ ઊભી પણ કોઈ એટલુંયે નીં કેતા કે ક્યારે આવશે. કઈ ગાડીમાં પાછા ફરવાના છે એટલું જરા ખબર કઢાવી આપોને. [ઇસરિયો આવે છે.]

ઇસરિયો — ટી. ટી. એસ. પલાટ પર આવેલો જો.

માસ્તર — જા, જા, જા, પછી આવજે; મોટા સાહેબ આવ્યો છે —

રૂખી — માબાપ ! મારા નારણિયાનું બને તો કરજો —

માસ્તર — અરે જા હમણાં, નહિ તો તને ને મને બંનેને ખાઈ જશે ! ઇસરિયા લાવ પેલી ટોપી; એ આફત અત્યારે ક્યાંથી આવી ? રામલા ! જો જરા ધ્યાન રાખ, લોથ ક્યાં ક્યાં જાય તે.

[મેલો જાડો હાફકોટ, તથા મેલું ધોતિયું ને મખમલની ગોળ ટોપી પહેરીને એક જાડો માણસ પ્રવેશે છે. એનું નામ હરગોવન.]

હરગોવન — સાહેબજી માસ્તર સાહેબ !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માસ્તર — ઓહોહો, હરગોવન ! અત્યારે ? કેમ સાહેબોને કંડિયા મોકલાવી ચૂક્યો ?

હરગોવન — અરે સાહેબ ! એમ કંઈ એક કંડિયે એમનાં પેટ ભરાશે ?

માસ્તર — એમ કેમ ? બોલ હવે ગઈ મોસમમાં તો રડાવ્યા, આ મોસમમાં શો હિસાબ છે ? એ ! ઇસરિયા ! ઇસ્ટોલવાળાને ચાનું કે'તો !

હરગોવન — નહિ નહિ, ચા તો હમણાં જ પીધી—

માસ્તર — બેસ બેસ હવે ! દા'ડામાં દશ કોપ ચડાવવાવાળો તું પાછો મારી અગાડી સફાઈ કરે છે. જા અલ્યા, ગયો કે ? બોલ !

હરગોવન — તમારી મહેરબાની જોઈએ, બીજું સું ?

માસ્તર — અમારી મહેરબાની ? એમ ? તારી તો જીભ જ ન્યારી છે. કેમ આ વખત કેટલો માલ ધારે છે ?

હરગોવન — ત્રીસેક વેગન તો મારે હમણાં જોઈએ. પહેલા ફાળાનું ઘાસ હવે બંધાઈ રહેવાનું. ત્રીસ પાંત્રીસ વેગન તો જોઈવાનાં.

માસ્તર — અને વેગન દીઠ અમને શું ખટાવવાનો ?

હરગોવન — આમ બોલો છ માસ્તર સાહેબ ? કોઈ વરસ તમને ભૂઈલા છીએ ?

માસ્તર — અરે ભાઈ ! આ જમાનામાં સગા ભાઈનો ભરોસો નહિ. હરગોવન ! જાણે છે, હમણાં શી કાપકૂપ ચાલે છે તે ? સાલા પચાસ રૂપિયાના માસ્તરો પર કાપકૂપ અને બાર માસ્તર કાપશે ! ને હજાર હજારના બે એના મામામાશીના વિલાયતથી લાવી અમારે માથે ઑફિસરમાં બેસાડશે, પછી તે મસાણમાં કરકસર થાય ! [ચા આવે છે.]

હરગોવન — એ જ છે તો, સાહેબ.

માસ્તર — લે, ચા પી, ચા. (એવામાં દયાળજી સાહેબજી કરતા આવે છે.) આવો દયાળજી ! અલ્યા એક વધારે કપનું કહી આવ તો.

હરગોવન — અરે માસ્તર ! આ તમારા ચાવાળાની જાહેરખબર વાંચીને હું તો અજબ થઈ ગયો જો ! સું ધતિંગ છે !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દયાળજી — અરે ભલા માણસ! એ તો રેલવેનો જાદુ છે. જો ભાઈ! આ ઇસ્ટોલ પરથી હું હમણાં આઈવો ને ત્યાંથી આ ફરફરિયું લાઈવો. કેવી કેવી જાતનાં હેન્ડબિલ છાપે છે, તે તો જુઓ.

માસ્તર — એ શું દયાળજી! નવું કંઈ લઈ આવ્યા? અમારા દયાળજીના ગજવામાંથી કંઈ નવાજૂની તો નીકળે જ. દવાની જાહેરખબરો, નાટકના પોગ્રામો, કોઈના લગનની કંકોતરી અથવા કંઈ નહિ તો કોઈ વાર્તાની ચોપડી, છાપું, ચોપાનિયું, કંઈ કંઈ લાવવાના જ.

દયાળજી — અરે ભાઈ! રાત દિવસ નહિ તો જાય કેમ? ગાડીઓનો ટાઇમ એવો કે વચ્ચે નહિ એક ઝોકું ખવાય. બધી ગાડીના ચક્કા ઠોકવાના, એટલે ગાડી પર તો હાજર. આ તો વચમાં વાંચીએ.

હરગોવન — હા, હા, વાંચવાનો બી એક શોખ છે. પણ આ લાવોને તમારું સું છે?

દયાળજી — ઊભા રહો, ભાઈ! એમ ઉતાવળ કરો તે નહિ ચાલે. આ લ્યો, (છીંકણી કાઢે છે) ખેંચો. હં; માસ્તર તમને ખબર નહિ? આ ઉપરવાળાઓએ આ નવું ધતિંગ લગાવ્યું છે. લાઇન પર જેટલા સ્ટૉલ તેને માટે એક ઇન્સ્પેક્ટર. હવે આ ઇન્સ્પેક્ટર, એને ફર્સ્ટ ક્લાસનો પાસ, ચારસો રૂપિયા પગાર અને સ્ટેશને ઝાપટે તે જુદું.

માસ્તર — પણ એ ઢોચકાનું કામ શું?

દયાળજી — અરે કામ? 'યે ખુમચા પર જરા જાલી લગાઓ; યે જલેબી જૂની હે; યે શેરડીવાલીકો મત આને દો; યે કેલાવાલાકા કપડા અચ્છા નહિ.' જ્યાં ત્યાંથી દોઢિયાં કઢાવે ને ચાખવાને બહાને ડોઝરું ભરે એ જુદો!

માસ્તર — એની જાતને ડા'મ દે!

દયાળજી — અરે ડા'મ તો દે આપણને. જુઓ આ હેન્ડબિલ! એમાં ચાના ગુણ લખેલા છે. (વાંચે છે.) 'ચાથી શરદી મટે છે, અને ગરમીમાં ઠંડક આપે છે. ચાથી ન્યૂમોનિયા, ટાઇફૉઈડ અને મૅલેરિયા તાવ મટી જાય છે.' પછી આ ચા કેમ બનાવવી તેની સૂચના આપે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. કહો સાહેબો ! આપણા વૈદ ડાક્ટરની જાહેરખબરોથી પણ વધ્યા ! હું તો એમ પૂછું, કે લોક તે ભણેલા છે કે બેવકૂફ છે ? આંધળાઓ રોજ ગાડીમાં જાય આવે, આમ જાહેરખબરો વાંચે, પણ કોઈ દિવસ એને ઝપેટી નાખે એવી વાંચી છાપામાં એ લીટી ?

હરગોવન—એ તો એમ કે આવી નજીવી વાત પર ધ્યાન કોણ આપે ?

દયાળજી—અરે નજીવી શું ? હરગોવન ! આપણું ગરીબ લોક ! બચારા આ વાંચે ને ભોળવાઈને ચા ઢીંચે. કે'કે લાવને, એક આનામાં ઝણઝણાટ આવસે ને તાવ મટસે.

માસ્તર—પણ આટલાં બધાં ચાનાં વખાણ કરવાનું કારણ ?

દયાળજી—હાં, એ જ છે ને વાત ! આ સાલી રેલવે છે ચોટ્ટી ! બોઈ લો એ ફાઈ વો. આખી રેલવે પર બ્રુકબૉન્ડનો કન્ટ્રાક્ટ. એ સિવાય ચા નહિ વપરાય. ઇસ્ટોલવાળાને બોલાવો, હમણાં આપણે પૂછીએ. તેયે કે'શે કે બ્રુકબૉન્ડ નહિ વાપરે તો એના ડબ્બા સાફ ! માસ્તર સાહેબ ! તમે ને હું તો સાત પેઢીએ ચારસોનો પગાર જોઈશું, પણ આ અડધિયાને ચારસોનો સ્ટાર્ટ, ને ભથ્થું જુદું.

માસ્તર—લ્યો લ્યો હવે ઠંડા થાઓ. હરગોવનને આ મોસમમાં તીસ વૅગન જોઈવાનાં.

દયાળજી—તે જોગવાઈ કરહૂં સ્તો, કંઈ એને ના પડાવાની છે ?

[હાજી અબદુલકરીમ મુસા, મુસલમાન, મેલો, દાઢી સાથે, માથે ટાલ, હાથમાં લાકડી, ઇજાર ને લાંબુ પહેરણ, મુસાફરીનો થાકેલો, પ્રવેશે છે.]

અબદુલકરીમ—માસ્તર સાહેબ ! ઓ કૅરેજવાળા સાહેબ ! હવે કંઈ અમારું કરો ને ?

દયાળજી—આવ મિયાં, તુંયે આવ; તારી જ ખોટ હતી.

માસ્તર—કેમ તારું શું છે વળી ? કંઈ દાગીના ખૂટે છે ?

દયાળજી—અરે ભાઈ, રાતનો ટટળે છે, તે ડેપ્યુટીએ તો બનતું કીધું. હવારાનો મારું માથું ખાય છે. રાતની ગુડ્સ કૅન્સલ થઈ, તેમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એનાં દશ વૅગન, ભેંસ, ઘોડાં ને બકરાં ભરેલાં. પેલી ઇસ્પિસલની મોકાણમાં ગુડ્સ તો કૅન્સલ કરી. અને હવે હમણાં બીજી ગુડ્સ નથી. એક ગઈ તે ઓવરલોડ ગઈ.

માસ્તર — તે એનું શું છે? રાતે જશે!

અબ્દુલકરીમ — અરે સાહેબ, રાતે શું જાય? મારી નહિ તો બિચારાં જાનવરની તો દયા કરો. બે માઈલ આઘી સાઇડિંગમાં વૅગન નાખ્યાં છે. નથી ત્યાં પાણી. જાનવર બરાડા પાડીપાડીને થાકી ગયાં. ચારો તો હું ગરીબ માણસ કેટલો ને ક્યાંથી લાવું? ગામમાં મારા દીકરાને મોકલ્યો તે ચાર ભારા ઘાસ લાવ્યો. સાહેબ, એક દિવસનો વધારાનો ખર્ચ કંઈ કંપની આપવાની હતી? અત્યારે કોઈ ગાડી જતી હોય તો મારું કરોને સાહેબ!

માસ્તર — અરે હા ભાઈ! અમારા બાપની રેલવે છે ને?

અબ્દુલ — સાહેબ, તે જાનવરને પણ જીવ છે કની? બચારાં વૅગનમાં ગૂંગળાઈ મરવાનાં. સાહેબ, ગરીબ માણસ છું.

દયાળજી — અરે ભલા માણસ! તું ગરીબ ને અમે સાહેબ? રખે ભૂલ કરતો! આ ટોપાં ને ડગલાં તો રેલવઈનાં ભાડૂતી. ઘરમાં તો તારા જેવાં જ કપડાં પહેરીએ અમે; પણ આ તો સાહેબડાની આંખો શરમાઈ જાય એટલે અમને આવા કોકા પહેરાવે. જો, તું જા ડી. ટી. એસ. ને બંગલે, ને કહે એને.

અબ્દુલ — સાહેબ! હું ક્યાં ત્યાં જાઉં? મહેરબાની કરો તો ઠીક.

દયાળજી — અબ્દુલ મિયાં! ગાડી મારા ઘરની હોય તો તને હમણાં એક એન્જિન આપી દોડાવી મૂકું, પણ આ તો ભિખારચોટની રેલવે છે. દયા કે ન્યાય કે ખાનદાની રેલવેમાં નથી. એને તારાં ઢોરની શું પડી, બાપા? એને તો ઢોર તેવો તું, ને તું તેવા અમે; અને આપણે બધાયે લોખંડ ને લાકડા જેવા! જ્યારે જોઈએ ત્યારે ટિપાયે ખરા; ને વહેરાયે બરોબર!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માસ્તર — બરોબર છે, દયાળજી, બરોબર !

દયાળજી — જા ભાઈ ! તું તારે પ્લૅટફૉર્મને એક ખૂણે નમાજ પઢ અને ખુદાનું નામ લે. જે ગાડી પહેલી જશે, તેમાં તને મોકલશું.

અબ્દુલ — સાહેબ ! મહેરબાની એટલી. ઓ ખુદા ! [જાય છે.]

હરગોવન — લ્યો ત્યારે, હું પણ જાઉં છું. બેસો, સાહેબજી !

માસ્તર — (વાંચે છે) વન બફેલો રન ઓવર. ચાલો, ઓછી થઈ એક. આ લ્યો. ફેરેજવાળાનો છે.

દયાળજી — લાવો ભાઈ ! વરી કોઈ ગાલ્લું સિક પડ્યું ઓહે. (વાંચે છે) સલૂન નંબર નાઈન્ટી ટુ વ્હીલ બેરિંગ લૂસ. કીપ ઍટેન્ડન્ટ રેડી; કૉપી ડી. એલ. ઓ. લોકો. . . અરે માસ્તર ! હું એમ પૂછું કે સલૂનની વાત તેમાં અમારે કન્સર્ન, તેમાં આ હત્તર જણને કૉપી હું કામ આપતા ઓહે !

માસ્તર — અરે ભાઈ, આ ભેંસ કપાઈ ગઈ તેનોયે ઑલ કન્સર્ન મૅસેજ.

દયાળજી — એટલે આખી લાઈન કા'ણ જાય, એમ ? આ બચારાં જાનવરોની મૈયતનોંધ મને લાગે એકલી રેલવેમાં જ નોંધાતી ઓહે જો !

માસ્તર — તો વરસની ફાઈલમાંથી નીકળેને, કેટલાં ઢોરાં કપાયાં, તે ?

દયાળજી — અરે ભાઈ ! એ તો ડ્રાઇવર વળી મૂરખો, તે તાર આપે છે; નહિ તો કંઈક ગાયો એમ કપાઈ ગઈ. અને એ સામે નહિ કોઈ વિરોધ કે કોઈના અપવાસ. અને નહિ તો જરી જેવી વાતમાં આપણું લોક હોહા કરી મૂકે. આ પ્રજા જ મૂરખ તો ! ફેન્સિંગ નહિ ત્યાં તો રોજનાં ઢોર રેંહાતાં ઓહે. અને રડે બિચારો ખેડૂત.

માસ્તર — હા હા, તમે ખેડૂત એટલે જ તો લખોની.

દયાળજી — અરે માસ્તર ! છતી જમીને આ રેલવેનાં નોકરાં કરવાનો વખત આવ્યો. જમીન તો ધોળો હાથી. કાયા ઘહાઈ જાય ત્યારે સરકારધારો માંડમાંડ ભરી છૂટીએ. ઠીક છે. લો બેહો, આ સલૂન-ની રામણ માંડુંની. અરે માસ્તર ! આ સલૂનની વાત તો જુઓ. એક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સલૂન, તે પર ચાર નોકરો. એક તો બબરચી; બીજો સલૂન ઍટેન્ડન્ટ – ત્રીજો સિપાઈ, ને ચોથો મિકેનિક. મારો વા'લો સાહેબ એક, તેની પાછળ આ વસ્તાર તો જુઓ. ને કહે કે કાપકૂપ કીધી!

માસ્તર — પણ તે બધા ચાર જણનું શું કામ?

દયાળજી — એ જસ્તો! ચાર ખાંધિયા જોઈએ ને, નહિ તો લોથ ઊંચકાય કેમ?

માસ્તર — બેસો બેસો જરા. અલ્યા સ્ટૉલ પરથી અત્યારનું છાપું લાવ તો. બીજી કંઈ નવાજૂની? કહે છે કે પેલાને ડિસમિસ કીધો.

દયાળજી — કોને?

માસ્તર — નહિ પેલો ચોરીનો કેસ થયેલો? મેઈલમાં સૉર્ટિંગ કરનારો — ટપાલ ને રજિસ્ટર કાગળો ચોરતો'તો?

દયાળજી — હા હા, એ મેં સાંભળેલું ખરું.

માસ્તર — બડો બદમાસ! એ તો ટિકિટો બનાવતો પણ નીકળ્યો.

દયાળજી — ભાઈ, આ રેલવેમાં પકડાયો તે ચોર, બાકી બધા શાહુકાર.

[છાપું લઈને સ્ટૉલવાળો જાતે આવે છે.]

બુક સ્ટૉલ કીપર — સાહેબ! હવે આ અમારે તે કરવું શું? સવાર પડે છે, ને આ તમારા સાહ્યબાઓ, તો કોઈ વાર પેલો સરકારી અમલદાર આ ગાડી પર અમસ્થા આવે છે. છાપું ઉપાડે, સીલ તોડે ને વાંચીને પાછું મૂકી ચાલતા થાય. અને ઘરાક એ પછી લેતા નથી!

દયાળજી — તારે ગાંઠના ગોપીચંદન કરવાના. બીજું સું થાય? ફરિયાદ કીધી છે તો સ્ટૉલ પરથી તારી લાઈનક્લિયર સમજજે, બચ્ચા!

બુ. સ્ટૉ. કીપર — રોજ મારે ત્રણ આનાની ઊઠે છે એમ.

દયાળજી — તે ધર્માદા ખાતે સમજવાના તારે, સમજ્યો ભાઈ!

[ઘંટડીઓ વાગે છે. માસ્તર ફોન પર જાય છે. બહાર લોકોની બૂમ સંભળાય છે.]

એક અવાજ — પણ સાહેબ, ગાડીનો વખત થયો ને?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દયાળજી — હવે ખબર છે મને ! ઊભા રહો. ગાડી નીકળી કે ?

માસ્તર — હા. (બારી ઉઘાડતાં, સ્ટૂલ પર બેસી) લ્યો, આવો; ચલાવ.

[ટિકિટ પર તારીખો મારીને ટિકિટ આપ્યે જાય છે, એના ધડાકા સંભળાય છે. બહારથી ન સમજાય એવા અવાજો ચાલુ રહે છે.]

એ ! મોટેથી બોલ ! સું ? બે ભરૂચ ? બે ભરૂચ લ્યો. એ પછી, પણ જોતો નથી. આના પૈસા પડ્યા છે તે ? સું ? કેટલી ? ચાર. ઉઠાવો. એક, બે, ત્રણ, ચાર, લે. હા હા, પણ પૈસા મૂકશે કે નહિ ? કે પહેલાં ટિકિટ ! આપું છું તે ક્યારે ? . . . કેટલી ટિકિટ ? એક ? નોટ છે, દશની ? (ફેંકી દે છે) ઉઠાવ. છૂટું નથી ? ચાર આનાની ટિકિટ લેવી છે, ને દશની નોટ લાવ્યો છે. ચલ મોડું નહિ કર, બીજાને આવવા દે... પણ છૂટું નથી, તે હું તારે માટે છૂટું લેવા જાઉં ? અહીં તે ધંધો માંડ્યો છે ? સેવમમરાવાળાની દુકાન સમજે છે ? હેં ? – ચાલ નીકળ ! – બે ગોધરા. સાડાત્રણ...કેટલા વરસનું છોકરું છે ? પંદર વરસની ? આખી ટિકિટ લેવી પડશે. ચલ લે; અમદાવાદ કેટલી ? બે પ્લૅટફાર્મ. શું ? પરચૂરણ પાછું — કેમ, ગળે પડે છે કે, હરામખોર ! પાછું આપ્યું તે સું ? સા . . . ચોટ્ટાઓ ! બદમાસી કરે છે ? નથી આલ્યું તો સું હું ખાઈ ગયો ? ચલાવ, નીકળ ભામટા ? હાથ કાઢ, હાથ કાઢ ! . . . ચપ રે. (ફોનની ઘંટડી વાગે છે.)

[માણેકશા ગાર્ડ દાખલ થાય છે.]

અલાવ ! અલાવ ! હાં, ઑલરાઈટ !઼ આ માણેકશા જોની ભાઈ; આ ગાડીમાં છોકરાંઓ જવાનાં છે. લઈ જજે; જો કોઈ ખટપટ નહિ કરે !

માણેકશા — વારુ, કેટલાં છે ? સેકન્ડમાં જ બેસાડી દઈશ.

માસ્તર — હા હા, ચાર જણ છે. ત્યાં પણ સ્ટેશન બહાર કાઢી આપજે, ત્યાં હરામખોર ટિકિટ કલેક્ટરો એકઠા થયા છે.

માણેકશા — વારુ વારુ.

[તાર આવે છે; સરક્યુલર આવે છે; બહાર ટિકિટ માટે ધીમી બૂમો ચાલુ જ છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માસ્તર — ઊભા રહો! એઈ! અવાજ નહિ કરો!

રૂખી — (બહારથી) માસ્તર સાયેબ, મારું તો કોઈ હાંભળતું નથી.

માસ્તર — પાછી ક્યાંથી ફૂટી નીકળી? જા, જા!

રૂખી — એ મારા બાપરજી ક્યારે પાછા આવશે?

માસ્તર — અરે ઉલ્લુ! એની મને શી ખબર? જા કારખાનામાં, ને જો તાં. હાં, જો કાલે સ્પેશિયલ છે, રાતના; તે તારા નારણિયાનું નામ નોંધ્યું છે. ચાર આના મળશે. તને કહ્યું કે —

રૂખી — અરે ના માસ્તર સાયેબ! મારે આ ટાઢમાં નારણિયાને નથી મોકલવો. બળ્યા એ ચાર આના.

માસ્તર — અરે! અક્કલ ગઈ છે કે શું? એનું નામ નોંધ્યું છે ને, નહિ જશે તો કેદમાં જશે, ખબર છે? બધા પંખાવાળાઓને મોકલવાના છે. જો, ગાડી નીકળે ને જાય ત્યાં સુધી મશાલ લઈને પાટા આગળ ઊભા રહેવાનું સમજી?

રૂખી — ના બાપજી, ના. મારા નારણિયાને તમે એમ નહિ લઈ જાઓ. માસ્તર સાયેબ, જરા દયા કરો માબાપ!

માસ્તર — ચાલ જા હવે માથું ના ખા. રાતના નારણને મોકલજે. સ્પેશિયલ વખતે મશાલ લઈને રસ્તે ઊભો રહેશે. થોડેથોડે છેટે એકેક જણ ઊભો રહેશે; તારો નારણ એકલો નથી, સમજી?

રૂખી — ઓ ભગવાન!

માસ્તર — ભગવાન બગવાન ઊંઘી ગયા. ચલ જા હવે.

રૂખી — ના ના, માબાપ, નારણ નહિ આવે.

માસ્તર — (ત્રાડ નાખી) અરે તારા બાર વગાડી નાખીશ એને નથી મોકલ્યો તો! જા હવે, ડાક્કણ! જમાદારને મોકલું છું, હમણાં. (મુસાફરને બહાર) લે; ત્રણ રૂપિયા પાછા આપ્યા ને એ કહે છે. હરામખોર! તેં પાંચની નોટ આપી, ને એની ટિકિટ. વાંચની ટિકિટ પર, શું લખેલું છે તે? ને ત્રણ પાછા આપ્યા! હેં બે આપ્યા? જા જા! જુઠ્ઠા! પેલો એક માથાં ખાઈ ગયો, ને તું બીજો નીકળ્યો?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાલા ઢોંગીઓ...કોણુ છે એ? યુ? યસ યસ, હાવ ડુ યુ ડુ નો? મિસ્ટર તમે ત્યાં ઊભેલા શું જાણો, એમ અંગ્રેજી બોલી ડરાવી નહિ શકો... જો ભાઈ, ગણી જોજે તારા પૈસા, પાછો તું ગળે ના પડતો!

[એક ઘંટ વાગે છે. માસ્તર ટોપું નાખી બહાર ધસી જાય છે ને જતાં.]

માસ્તર—યસ. ટ્રેન આવી. શું છે તારી મોકાણ! હજી ખસતી નથી!

રૂખી—માસ્તર સાહેબ! બાધરજી—

માસ્તર—બાધરજી ગયો તારો, જહાન્નમમાં! ચલ! ખસ, ગાડી આવી.

[ઉતાવળે બહાર જાય છે ને પડદો પડે છે.]

ટિપ્પણ અને પ્રશ્નો

કૅરેજવાળો—રેલવેના ડબ્બા વગેરેની વ્યવસ્થા કરનાર. **ઘોળાભાઈ**—રૂપિયો—સફેદ હોય છે માટે. **'લોકો'**—લોકોમોટિવ—એન્જિન. **ટ્રાફિક**—વ્યવહારને લગતો વિભાગ. **ડી. એલ. ઓ.**—ડિવિઝનલ 'લોકો' ઑફિસર. **ડી. ટી. એસ.**—ડિસ્ટ્રિકટ ટ્રાફિક સુપરિન્ટેન્ડેન્ટ. **કોકા**—શણગારનાં કપડાં, ઢીંગલીને પહેરાવાય તેવાં કપડાં. **બફેલો**—(અં.) ભેંસ. **ગાલ્લું**—રેલવેના ડબ્બા માટે તિરસ્કારયુક્ત શબ્દ. **ઑલ...મૅસેજ**—લાગતા વળગતા બધા માટેનો સંદેશો. **કા'ણુ**—ખરખરો. **મૈયત**—મોત—મૃત્યુનો પ્રસંગ. **ફૅન્સિંગ**—(અં.) વાડ. **ધોળો હાથી**—કામ ન આપે અને ખાય ઘણું; નિરર્થક બોજારૂપ. **સરકારધારો**—જમીનને લગતો કર. **બબરચી**—(અં.) રસોઇયો. **મિકૅનિક**—(અં.) સંચાકામનો જાણકાર. **ખાંધિયા**—શબ—લાશ ઉપાડનારા.

૧. દયાળજી અને હરગોવન કયા ગામના વતની હશે? દયાળજી અને રામલો કઈ જાતના હશે? શા ઉપરથી તમે એ કહી શકો છો?

૨. રેલવેના અપ્રામાણિક તંત્ર વિષે આ નાટકમાંથી તમે શું જાણી શકયા?

૩. 'સ્ટેશનમાસ્તર'—એ વિષય ઉપર પચીસેક લીટીનો નિબંધ લખો.

૪. પૂર્વાપર સંબંધ આપી સમજાવો:—(અ) 'જાય તો હાથી નહિ તો ટાંકણી માટે ઝેર ખાવા નીકળે.' (બ) 'પણ આ તો ભિખારચોટની રેલવે છે.'

૫. 'સમાજતંત્રના જડ વ્યવહારને હૃદય નથી.' પ્રસંગો ટાંકી આના પર નોંધ લખો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬. આ પ્રસંગમાંથી તમને કયું પાત્ર સૌથી વિશેષ ગમ્યું ? શા માટે ?
૭. આગગાડીના સમયે પ્લૅટફૉર્મના દૃશ્યનું ટૂંકું વર્ણન લખો.
૮. આ નાટક તમારે ભજવવું હોય તો તમે કયા પ્રકારની તૈયારી કરશો ?

જ્યોતીન્દ્ર હરિશંકર દવે

[શ્રી. જ્યોતીન્દ્ર દવેનો જન્મ ૧૯૦૧માં સુરતમાં થયો હતો. ૧૯૨૩માં સંસ્કૃત અને ગુજરાતી સાથે તેમણે સુરતની કૉલેજમાંથી બી. એ.ની અને ૧૯૨૫માં એમ. એ.ની પરીક્ષા પસાર કરી. થોડો સમય શ્રી. દવેએ સુરતની એમ. ટી. બી. કૉલેજમાં ગુજરાતીના અધ્યાપક તરીકે કામ કર્યું હતું. હાલ તે મુંબઈ સરકારના ભાષાંતર વિભાગના ઉપરી અધિકારીને સ્થાને છે.



શ્રી. દવે મુખ્યત્વે હાસ્યરસિક સાહિત્યના લેખક તરીકે જાણીતા છે. એમનાં હાસ્યરસનાં લખાણોમાં ઉચ્ચ પ્રકારનો શિષ્ટ અને માર્મિક વિનોદ હોય છે; અને બીજા સામાન્ય હાસ્યરસપ્રધાન સાહિત્યમાં જે વિચારની દરિદ્રતા દેખાય છે તેથી શ્રી. દવેનું લખાણ મુક્ત હોય છે. શ્રી. ધનસુખલાલ સાથે તેમણે 'અમે બધાં'નું પુસ્તક પ્રસિદ્ધ કર્યું છે, જે ગુજરાતમાં ખૂબ આદરપાત્ર બન્યું છે.

શ્રી. દવેને હાસ્યરસના લેખક તરીકે ગલિયારા પારિતોષિક અને રણજિતરામ સુવર્ણચંદ્રક મળ્યાં હતાં. 'ગુપ્તાની નોંધપોથી' અને 'રંગતરંગ', ભા. ૧ થી ૫ એ એમની બીજી જાણીતી કૃતિઓ છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધનસુખલાલ કૃષ્ણલાલ મહેતા

[રા. ધનસુખલાલ મહેતાનો જન્મ વઢવાણમાં ૧૮૯૦ માં થયો હતો. તે જ્ઞાતિએ કાયસ્થ છે અને સુરતના વતની છે. મેટ્રિક સુધીનો અભ્યાસ કરી તે

મુંબઈના વિ. જ્યુ. ટેકનિકલ ઇન્સ્ટિટયૂટમાં દાખલ થયા અને એલ. ઈ. ઈ. નો ડિપ્લોમા મેળવ્યો. હાલમાં તે શાંતાક્રૂઝમાં નિવૃત્ત જીવન ગાળે છે. ઈ. સ. ૧૯૨૦માં 'હું, સરલા અને મિત્રમંડળ' નામે એમનું હાસ્યપ્રધાન પુસ્તક પ્રસિદ્ધ થતાં એ લોકપ્રિયતા પ્રાપ્ત કરી શકયા હતા. ત્યાર પહેલાં એમણે કેટલાંક ભાષાંતરો પણ કર્યાં હતાં. એમણે વાર્તાઓ અને નિબંધો લખી ગુજરાતના હાસ્યરસપ્રધાન સાહિત્યમાં સારો ઉમેરો કર્યો છે. આ ઉપરાંત છ વર્ષ સુધી 'સ્ત્રીહિતોપદેશ' નામે ત્રૈમાસિકના તંત્રી તરીકે પણ એમણે કામ કર્યું હતું. 'વિનોદવિહાર' એ એમની બીજી લોકપ્રિય કૃતિ છે.

શ્રી. દવે અને શ્રી. મહેતા આપણા હાસ્યરસપ્રધાન સાહિત્યમાં ઊંચું સ્થાન પ્રાપ્ત કરી શકયા છે. બંનેનાં અવલોકનશક્તિ અને આલેખન તીવ્ર અને સચોટ છે. અને વાસ્તવિક પ્રસંગો અને સાધારણ વિષયોમાંથી બંને ઉચ્ચ પ્રકારનો વિશુદ્ધ હાસ્યરસ ઉત્પન્ન કરી શકે છે.]

શાળાનાં સંસ્મરણો: રમતગમતો

શાળા વિષેનાં મારાં સંસ્મરણોમાં શિક્ષક તથા રમતગમત ઉપરાંત શિક્ષણ કે અભ્યાસને સ્થાન નહિ મળેલું જોઈ કેટલાકને નવાઈ લાગશે. પરંતુ હું શું ભણેલો તે અત્યારે મારા મનમાં બહુ જ અસ્પષ્ટરૂપે રહેલું છે. કોઈ પણ વિષયનો વિચાર કરતાં તે વિષયના શિક્ષકની મૂર્તિ મારા મનમાં ખડી થાય છે. શાળામાં હું શું કરતો એ યાદ કરવા જાઉં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છું ત્યારે અમે ત્યાં અને અન્યત્ર જે રમતો રમતા તે જ મને યાદ આવે છે. એટલે શાળાનાં સંસ્મરણોમાં શિક્ષકો અને રમતગમતો એ બેનો જ સમાવેશ કરી શકું છું.

ક્રીડાને ઉત્સંગેથી ઊંચકીને મને જ્યારે શાળામાં બેસાડવામાં આવ્યો ત્યારે પહેલાં તો મને એમ લાગ્યું હતું કે હવે મારી રમતો પૂરી થઈ. હવે તો સ્લેટપેન ને ચોપડીઓ સાથે દુઃખભર્યા દિવસો કાઢવાના કહ્યા. પરંતુ ધીરે ધીરે મને સમજાયું કે જેને મોટેરાંઓ—અવિદ્યાર્થીઓ—અભ્યાસકાળ કહે છે તે વસ્તુતઃ કેવળ અભ્યાસનો સમય હોતો નથી. મોટે ભાગે એ સમય રમતનો ને કંઈક અંશે અભ્યાસનો હોય છે. 'Work while you work and play while you play,' (કાર્ય કરવાનું હોય ત્યારે કાર્યમાં જ ધ્યાન આપો, ને રમતા હો ત્યારે રમત પર જ ધ્યાન આપો.) એવું સૂત્ર સામાન્ય વ્યવહારમાં વપરાય છે. પણ એ અસત્ય છે ને અનિષ્ટ પણ છે. 'Play while you work and work while you play.' (કામ કરતાં કરતાં રમો ને રમતાં રમતાં કામ કરો.) એ સૂત્ર જ આપણે સામાન્યતઃ જીવનમાં ઉતારીએ છીએ અને એ વધારે લાભદાયક પણ છે. અત્યારે આપણે શિક્ષણના વિષયમાં ઘણા આગળ વધ્યા છીએ ત્યારે શાળા ને કૉલેજોમાં પણ અભ્યાસ કરતાં રમતગમત તરફ વધારે ધ્યાન અપાય છે, તેનું પણ એ જ કારણ કે અષ્ટાવધાની ને શતાવધાનીઓ વિરલ જોવામાં આવે છે, પણ ખરું જોતાં એકાવધાની જ સૌથી વિરલ હોય છે અને આપણે સર્વે અજાણ્યે જ શતાવધાની તો શું પણ સહસ્રાવધાની હોઈએ છીએ.

શાળામાં સ્વાધ્યાયીઓ સાથે અભ્યાસ સંબંધી બહુ વાત થતી નથી. પરંતુ ઉજાણી, તોફાન તથા રમતગમત વિષે જ વાર્તાલાપ થાય છે એ સુવિદિત છે. હું મ્યુનિસિપલ શાળામાં હતો તે દરમિયાન મારે દસબાર મિત્રો થયા હતા. છૂટી દરમિયાન અમે સંતાકૂકડી, ડાહીઘોડો, આટાપાટા તથા ચકભિલ્લુ રમતા. અમારામાંના ઘણાખરા એક જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહોલ્લામાં રહેતા હોવાથી રજા દરમિયાન અધૂરી રહેલી રમત અમે સાંજે નિશાળેથી ઘેર આવીને પૂરી કરતા. સાંજે નવી શરૂ કરેલી રમત અધૂરી રહેતી તો શાળાની છૂટી દરમિયાન તે પૂરી કરતા. કોણ જાણે કેમ પણ મારે માથે દાવ બાકી રહેતો અને સાંજે દાવ પૂરો કરવાનો પ્રસંગ આવે ત્યારે હું ગેરહાજર રહેવા પ્રયત્ન કરતો. પરંતુ મારા દોસ્તો મને કદી છટકવા દેતા નહિ. બધા દોસ્તદારોમાં હું સૌથી નાનો હતો એટલે કોઈનો પણ કોપ વહોરી લેવો એ શરીરસંપત્તિ જોતાં પાલવે એમ ન હતું.

આમ છતાં મારા પૂર્વજોમાંના કોઈક વીર પુરુષનું લોહી મારામાં ઊતરી આવ્યું હશે તેથી કે 'કમજોર ને ગુસ્સા બહોત' એ ન્યાયે હું લડવાને હંમેશ આતુર રહેતો. રમતાં રમતાં ઘણુંખરું હું મારે માથેથી દાવ આપવાનો પ્રસંગ ઊતરે એમ નથી એમ લાગે ત્યારે લડી પડતો ને મારામારીનો પ્રસંગ ઊભો થતો. એવે પ્રસંગે હું માર ખાઈને ઘેર પાછો જતો, પરંતુ તેથી મને શોક કદાપિ થતો નહિ અને બીજે દિવસે માર ખાવા પાછો હાજર થઈ જતો.

નાનપણથી જ હું સ્વાર્થી ન હતો એટલે હું એકલો જ માર ખાઉં એ મને ઠીક ન લાગ્યું. ભાંગેલી પેનના કટકા, લખોટા, પેન્સિલનાં ઠૂંઠાં ને ખાલી દીવાસળીની પેટીઓની લાલચ આપીને મેં કેટલાક મજબૂત મિત્રોને મારા પક્ષમાં લીધા. પછી જ્યારે જ્યારે મારામારીનો પ્રસંગ આવતો ત્યારે હંમેશાં એ મિત્રો સત્યાસત્યનો વિવેક કર્યા વગર જ મારા પક્ષમાં ભળી જતા ને સામાવાળાને બને તેટલો 'મેથીપાક જમાડતા'. આથી અમારા વચ્ચે પક્ષ પડી ગયા. મારા પક્ષમાં રમણ, નટવર, રૂદરજી ને બચુ હતા. એ સૌ મારા પાડોશી હતા. રમણ ભલો પણ તોફાની, રૂદરજી બાયલો, મારામારીનો પ્રસંગ ઊભો કરી સૌથી પહેલો નાસી જાય એવો, ને બચુ મારામારી પતી ગયા પછી મારે ત્યાં આવીને મીઠું મરચું ભભરાવીને વાત કહેવામાં ચતુર હતો. યુદ્ધકાળે સમરભૂમિ પર ઘણુંખરું રમણ, નટવર ને હું જ રહેતા. રૂદરજી કોઈકને પાછળથી ધક્કો મારી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાસી જતો, બચુ ઓટલા પર ચડીને આઘેથી રંગ જોતો ને પછી બધાને ઘેર જઈ માબાપ આગળ તેનું સવિસ્તર વર્ણન કરતો અને પછી અમને ગાળ ને ધમકી સાથે ઘેર સમરાંગણમાં પડેલા ઘાની દવા કરવામાં આવતી. સામા પક્ષનો નાયક પાસેના મહોલ્લામાં રહેતો બહુમન બાંગો હતો. ગમે એટલો માર ખાય પણ એ કદી પાછી પાની કરતો નહિ. એની જોડે મગન બિલાડી હતો. એની આંખ માંજરી હતી અને નાક ચપટું ને ચીબું હતું તેથી સૌ એને બિલાડી કહી ખીજવતા. એ આઘેથી આવતો દેખાય કે રૂદરજી 'બિલાડી! મગન બિલાડી!' કહીને મોટેથી બૂમ પાડતો ને પછી નાસી જતો. મગન ધસ્યો ધસ્યો અમારી પાસે આવી, 'કોણે મને બિલાડી કહ્યો?' એમ પૂછતો અને અમે ન કહ્યું હોય છતાં 'મેં કહ્યું, મેં!' એમ વટ સાચવવા કહેતા. 'ફરી બોલ જોઉં' એ મારા તરફ બોલતો ને હું પહેલાં જરા ગભરાઈ થોડે છેટે જઈ 'મગન બિલાડી' એમ મોટેથી બોલતો. તરતજ મગન કૂદીને મને બોચીમાંથી પકડતો ને પછી નટવર ને રમણ, મારા તરફથી ઝંપલાવતા. મગનની મદદે બહુમન બાંગો ધાતો ને એની જોડે એટલા જ કાર્ય માટે આવેલા, એના બે ત્રણ સાથીઓ પણ યાહોમ કરી ઝુકાવતા અને આમ અમારી વચ્ચે દારુણ યુદ્ધ જામતું. આ અમારો નિત્યનો કાર્યક્રમ થઈ પડ્યો હતો. રમતગમતો બધી બંધ કરી અમે માત્ર લડવાનું જ રાખ્યું હતું. શાળામાં પણ લાગ જોઈ અમે યુદ્ધમાં ઝંપલાવતા પરંતુ શિક્ષકને કાને કદાચ વાત જતી તો અમારામાંથી એક પણ એ વાત કરતો નહિ. હું ક્વચિત્ એકલો બહાર જતો તો શત્રુઓના હાથમાં ફસાઈ જતો ને સારી પેઠે હલકો થઈ પાછો ફરતો. એવે વખતે માર ખાતાં હું મારા ભાઈને – હયાતી ન ધરાવતા કાલ્પનિક ભાઈને – મદદે બોલાવતો ને શત્રુદળને ધમકી આપતો : 'જોજોની હું મારા ભાઈને કહી દઈશ. એ બહુ જબરો છે. બળદેવ પહેલવાનને પણ એણે હરાવ્યો હતો. એ તમને એવા મારશે!' શરૂઆતમાં તો મારી ધમકીની કંઈક અસર થતી, પણ પાછળથી વારંવાર એ શસ્ત્રનો ઉપયોગ કરવાને લીધે એની ધાર બુઠ્ઠી થઈ ગઈ હતી. સામા પક્ષમાંથી કોઈક એકલું મળતું તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમે પણ તેને અમારો પ્રભાવ દર્શાવવા ચૂકતા નહિ. સાંજે યુદ્ધમાંથી આવ્યા પછી રાતના ભેગા થઈ બીજે દિવસે હવે કેમ લડવું તેની વ્યૂહરચના કરતા અને આખો વખત અરિગણ કેમ શરણે આવે તેનો વિચાર કર્યા કરતા.

અમારા મગજને આ દિશામાં વધારે કેળવણી મળી હોત તો અમે મોટા સેનાપતિ થયા હોત, અને છેલ્લા મહાવિગ્રહ સમયે સરકારને ઘણી સારી મદદ કરી શકયા હોત એમાં સંદેહ નથી. પરંતુ દુર્ભાગ્યે ગુજરાતી શાળા છોડી હું અંગ્રેજી શાળામાં દાખલ થયો ને અમારી લડાઈઓ આપોઆપ અટકી પડી. શત્રુઓ વચ્ચે જે વેરભાવ અખંડજ્યોત બળતો રહેવો જોઈએ તે અમારા હૃદયમાં રહી શકયો નહિ, ને નવાનવા અંગ્રેજી શબ્દો ખોટી રીતે ઉચ્ચારવા એ જ અમને કર્તવ્ય જેવું લાગવા માંડયું. એ ઉપરાંત અમારામાંથી કેટલાંક નાપાસ થયા તેમણે ભણવાનું છોડી દીધું ને બાકીનાઓ જુદી જુદી શાળામાં ગયા. આમ અમે વીખરાઈ ગયા, એટલે પ્રેમને કારણે જ નહિ પણ લડવા માટે ભેગા થવું પડે છે તેમ અમે ઝાઝો વખત ભેગા થઈ શકતા નહિ; તેથી અમારું મહાયુદ્ધ વગર સંધિએ વિરામ પામ્યું.

અંગ્રેજી કેળવણીના પ્રતાપે મને રમતગમતોને બદલે ક્રિકેટનો મોહ થયો. અમારી શાળામાં દર વર્ષે મૅચ રમાતી અને હું તે જોવા જતો. એ મૅચ પૂરી થયા પછી દસબાર દિવસ સુધી તેના જ વિચાર મને આવ્યા કરતા. જ્યારે ક્વૉડ્રેંગ્યુલર મૅચ રમાતી ત્યારે મારા નવા મિત્રો ને હું બહુ ઉશ્કેરાયેલી સ્થિતિમાં રહેતા, અને ભક્તને મુખે આખો વખત ઈશ્વરનું જ નામ રમી રહે છે, તેમ વારંવાર બાલુ ને ગણપત, શિવરામ ને દેવધર ઇત્યાદિ નામનો ઉચ્ચાર કર્યા કરતા. હિંદુત્વનું સંરક્ષણ કરવાનું કપરું કાર્ય ઈશ્વરે અમને સોંપ્યું છે એમ અમે માનતા ને ચતુરંગી મૅચમાં હિંદુ જીતે તો બધાએ મળી પૈસા ભેગા કરી અંબામાતાને ઘીનો દીવો ને નાળિયેર ચડાવવાની બાધા પણ રાખતા.

જેઓ મોટી ઉંમરના અને સારું રમી શકે એવા હતા તેમને જ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાળા તરફથી દરરોજ રમવાનું મળતું. મને ને મારા મિત્રોને એ 'ટીમ'માં સ્થાન ન હતું. આથી અમારે રમવા માટે પોતાની મેળે ગોઠવણ કરી લેવી પડતી.

જેને રજામાં નાસ્તો કરવા માટે દરરોજ એક પૈસો મળતો હોય એવા અંગ્રેજી બીજા ધોરણમાં ભણતા વિદ્યાર્થી માટે ક્રિકેટનાં સાધનો ભેગાં કરવાં એ બહુ મુશ્કેલીભર્યું છે. પરંતુ એનો પણ અમે તોડ કાઢ્યો. સાધનસંપન્ન પુરુષને આવશ્યક લાગતી ઘણીયે વસ્તુ ગરીબને બિનજરૂરી મોજશોખની વસ્તુ લાગે છે, તેમ ક્રિકેટનાં આવશ્યક સાધન તરીકે ગણાતી ઘણી વસ્તુઓ બહુ જરૂરની નથી, એને બદલે બીજું કાંઈ ચાલી શકે, એમ અમે શોધી કાઢ્યું. 'शय्या भूमितलं दिशोऽपि वसनं' વાળા યોગીની મનોદશા પ્રાપ્ત કરી અમે સ્ટમ્પ્સને બદલે બે ઈંટના કટકા, સારા બૉલને બદલે ચીંથરાનો દડો અને બૅટને બદલે લૂગડાં ધોવાનો પાયો લઈ કામ ચલાવવા માંડ્યું. બૅટસ્થાને વિરાજતો પાયો ને ચીંથરાનો દડો બંને મારાં હોવાથી હું મારી ટીમનો કૅપ્ટન બન્યો. મારા નિયમ પ્રમાણે કૅપ્ટને બે દાવ લેવાના, દાવ ન હોય ત્યારે ફાવે ત્યાં સુધી બૉલિંગ કરવાની ને ફિલ્ડિંગ બિલકુલ કરવાની નહિ. એ ઉપરાંત રમનાર 'આઉટ' થયો છે કે નહિ એ વિષે જ્યારે રમનાર ને બીજાઓ વચ્ચે મતભેદ ઉપસ્થિત થતો, (અને એવો મતભેદ વારંવાર ઉપસ્થિત થતો, કારણ સ્ટમ્પ્સને અભાવે અમે ઈંટથી ચલાવી લેતા અને ઈંટના બે કટકા વચ્ચેથી બૉલ પસાર થયો કે નહિ તે તરત સમજાતું નહિ.) ત્યારે, નિર્ણય આપવો એ કામ કૅપ્ટનનું હતું. હું પોતે દાવ ન લેતો હોઉં ત્યારે, કોઈ પણ પ્રકારના પક્ષપાત વિના, હું નિર્ણય આપી શકતો. કોઈ ને – ખાસ કરીને મને પોતાને – અન્યાય ન થાય તેની ચીવટ રાખતો. આમ છતાં મને કહેતાં ખેદ થાય છે કે રમનારાઓને પોતાના કૅપ્ટન માટે જોઈએ તેવું માન ન હતું. કૅપ્ટને આપેલા નિર્ણય વિરુદ્ધ તેઓ ઘણી વાર બોલતા અને કેટલીક વાર તો કૅપ્ટનને પોતાને નિર્ણય ફેરવવો પણ પડતો. કૅપ્ટન (અર્થાત્ હું) બહુ સારું રમી શકતો નહિ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઈને આઉટ કરી શકતો નહિ, ફિલ્ડિંગ તો કરતો જ નહિ, એ ખરું, છતાં કૅપ્ટન માટે સર્વને માન હોવું જ જોઈએ અને એના નિર્ણય ખોટા હોય કે ખરા, પોતે એ દાવ લીધા છતાં, ચોકસ આઉટ થયો હોય તે છતાં ત્રીજો દાવ લેવાની તત્પરતા બતાવી પોતાને 'નૉટઆઉટ' જાહેર કરે તોપણ, એ જે કહે તે બધાએ કબૂલ કરવું જ જોઈએ. આવું નિયમન આપણામાં નથી તેથી જ આપણું સાહિત્ય હજુ નિર્ધન રહ્યું છે અને તેથી જ મોંઘવારી આટલી બધી વધી પડી છે. નાનપણ-થી જ નિયમનું કડક પાલન કરવાની અણગમતી વૃત્તિને પરાણે



વિકસાવી ન હોય, તો મોટપણે એ આપોઆપ ખીલી નીકળતી નથી એ જાણીતું છે. શાળામાં શિક્ષકનું વચન ઉથાપાય તેમાં કાંઈ નહિ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ રમતગમતના વિષયમાં તો નાયકનું કહેવું માન્ય કરવું જ જોઈએ. અંગ્રેજ પ્રજા અત્યારે આટલી આગળ વધી છે તેનું કારણ આ જ છે.

અમારી 'પ્લેગ્રાઉંડ' (ક્રીડાભૂમિ) પણ અમારાં બીજાં સાધનોને અનુરૂપ હતી. અમારા ઘરની પાછળ મોટો ટેકરો હતો. અસલ એ ટેકરો હતો, પણ પછી ધીરે ધીરે ઘસાઈને એ કંઈક મેદાન જેવો બનવા માંડ્યો હતો. ત્યાં રાતના રખડતી ગાયો ને કૂતરાં બેસતાં તેમને લીધે તથા ધૂળ, પથરા ને ઢેફાંથી એ રમવા માટે લગભગ નકામા જેવો હતો. એ ઉપરાંત એની સપાટી ભલભલા રમનારને માત કરે એવી હતી. 'પીચ' જેવું કશું હતું જ નહિ. ખાડા ને ટેકરાથી ઊંચીનીચી બનેલી જમીન પર વચ્ચે પડેલા પથરાઓ ને દૂર કાદવથી લપસણા બનેલા રસ્તા પર શરીરનું સ્થૈર્ય જેમ તેમ કરી સાચવીને અમારે રમવાનું હતું. આસપાસ જુદાં જુદાં મકાનો આવેલાં હતાં. એ મકાનોના વાડામાં વારંવાર અમારો બૉલ જતો રહેતો અને એવે પ્રસંગે માલિક જુએ નહિ એવી રીતે વાડાની ભીંત પર ચડીને, વાડામાં દાખલ થઈ મારે બૉલ લઈ આવવો પડતો. કોઈક વાર પકડાઈ જવાના ને માર ખાવાનાયે પ્રસંગ આવતા. આટઆટલી મુશ્કેલી છતાંયે કશાથી માત થયા વિના સરસ મેદાનમાં સગવડ અને સાધનોથી સમૃદ્ધ થઈ, ભવિષ્યમાં મહાન ક્રિકેટર તરીકે રમવાની લાયકાત મેળવવા અમે તૈયારી કરવા લાગ્યા. એ ટેકરા પર એક બાજુ કૂવો ને બીજી તરફ ટાંકું હતાં. ઘણી વાર અમારો બૉલ અમારાથી કંટાળીને આપઘાત કરવાના ઇરાદાથી 'ટાંકું કૂવો કરતો'. એક વાર ફિલ્ડિંગ કરતાં અમારો એક ભિલ્લુ કૂવામાં પડી ગયો હતો. સદ્‌ભાગ્યે કૂવામાં મુદ્દલ પાણી ન હતું એટલે એને બહુ અગવડ વગર બહાર કાઢી શકાયો હતો. પણ ત્યાર પછી એ ટેકરે રમવા માટે અમારે ઘેરથી મનાઈહુકમ છૂટ્યા હતા. પણ બીજું કોઈ સ્થળ ન હોવાથી અમે સવિનય અને સાવધપણે એ હુકમનો ભંગ કરતા.

થોડા વખત રહીને અમારા ઘરથી દૂર એક સારી રમવા લાયક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જગા અમને મળી આવી. ત્યાં પહેલાં એ મહોલ્લાના છોકરા રમતા. અમે એકબે વાર તેમની સાથે મૅચ, અલબત્ત એમની જગા પર જ, રમ્યા હતા. એ મૅચમાં અમારા બંને પક્ષને અગિયાર સાથી મેળવવા બહુ મુશ્કેલ પડ્યા હતા, આથી અમે એમની સાથે જોડાઈ ગયા. એ લોકો પાસે સારાં સ્ટમ્પ્સ હતાં, મેં ઘણી રકઝક કરી આડમના મેળામાંથી બૅટ આણ્યું હતું અને અમે બધાએ ઉઘરાણું કરી બૉલ લાવવા જેટલા પૈસા ભેગા કર્યા એટલે અમે ક્રિકેટનાં સર્વ સાધનોથી સજ્જ થયા. આ ટીમનો પણ કૅપ્ટન હું જ થયો હતો – ઘણાની નામરજી છતાં થયો હતો.

આ કલામાં કાંક પાવરધા થયા પછી – અર્થાત્ દાવ લેતી વેળા સામેથી જોરમાં બૉલ આવે ત્યારે જલદી આઘા ખસી ન જતાં આવતા બૉલ સામે બૅટ ઊભું મૂકી દેવા જેટલી, ફિલ્ડિંગ ભરતાં જોડે ઊભેલા સાથે વાત કર્યા કરવાને બદલે અથવા ઝીણા કાંકરા વીણી વિકેટકીપર પર ફેંકયા કરવાને બદલે ફટકો કઈ દિશામાં નહિ આવે તેની કાળજીભરી ગણતરી કરવા જેટલી, અને બૉલ નાખતી વેળા રમનાર સુધી અથવા તેના માથા સુધી પહોંચે એટલા જોરથી બૉલ નાખવા જેટલી શક્તિ આવ્યા પછી – અમે અમારી જ ઉંમરના, બને ત્યાં સુધી અમારાથી નાના ને ન જ બને ત્યારે અમારાથી મોટા છોકરાઓ સાથે મૅચ લેવા માંડી.

લગભગ બધી જ મૅચમાં અમારા પક્ષનો કૅપ્ટન હું હતો. મારી કૅપ્ટન તરીકેની કારકિર્દી ઘણી ઝળકતી નથી એ ખરું, પણ દાવ કોણે પહેલો લેવો એ નક્કી કરવા સિવાય કૅપ્ટન તરીકે હું બીજું કાંઈ પણ કામ ન કરતો એ પણ ખરું, તેમ જ કૅચ ને રનની બાબતમાં મેં જેટલા કર્યા છે તેના કરતાં વધારે નથી કર્યા એ પણ ખરું, છતાં કૅપ્ટન તરીકેની મારી ફરજ મેં હમેશાં સંતોષકારક રીતે અદા કરી છે એમ આજેયે હું માનું છું.

અમે બધી મળીને લગભગ ત્રીસેક મૅચ લીધી હશે. તેમાં વીસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૅચ હારી ગયા હતા; પાંચ મૅચમાં અમે સામાવાળાનો દાવ આપ્યા વગર, તેમનો દાવ આપવાની અમારી શક્તિ ન લાગવાથી, નાસી આવ્યા હતા; બેએક મૅચમાં સામાવાળા નાસી ગયા હતા; બે મૅચમાં મારામારી કરી પરિણામ કોઈ પણ પક્ષના લાભમાં આવતું અટકાવ્યું હતું ને એક મૅચમાં જીત્યા પણ હતા.

એ બધી મૅચમાંથી મને અત્યારે બે યાદ આવે છે: એક રમવાનું છોડી દીધા પછી ઘણે વર્ષે હું કૉલેજમાં હતો ત્યારે એ કૉલેજના રમનારાઓ સાથે અમે લીધેલી અને તેમને બીજી વાર અમારા મેદાનમાં નિમંત્રણ કરી બોલાવેલા તે.

કૉલેજ સાથે મૅચ રાખવાનો ઉદ્દેશ ખાસ ક્રિકેટપ્રિયતાનો ન હતો. પણ અમારું ધ્યાન ક્રિકેટ કરતાં એક ઇનિંગ પતી ગયા પછી કૉલેજને ખર્ચે મળનાર 'લંચ' (ખાણા) તરફ વધારે હતું. કૉલેજના રમનારા ઘણા કુશળ હતા અને અમે સૌ એટલા જ અકુશળ હતા. અમારામાંથી એક જણને તો સીધું બૅટ પકડતાંયે આવડતું ન હતું એટલું જ નહિ પણ મેં જ્યારે એને સીધું બૅટ કેમ પકડવું તે બતાવ્યું ત્યારે એને ખોટું પણ લાગ્યું હતું. 'હું ફાવે તેમ બૅટ પકડું, બીજાને તેમાં શું? હું કંઈ રમવા નથી આવ્યો પણ જમવા આવ્યો છું.' કહી ઊંધા બૅટે જ તે રમ્યા હતા. એમની આવી બિનઆવડત છતાં અગિયારની સંખ્યા કરવા અમારે એમને લેવા પડ્યા હતા. મૅચ રાખતી વેળા ક્રિકેટ વિષે કંઈ પણ ન જાણતો હોય, પણ મેદાન પર જઈ ઊભા રહેતાં જેને આવડતું હોય તેવાને પણ અમારી 'ટીમ'માં લેવાનો નિશ્ચય કરવો પડ્યો હતો. એટલે ઊંધા બૅટે પણ 'રમી શકું છું' કહેનાર રમનારો અમારે મન કંઈ ખાસ ખોટો ન હતો. પહેલો દાવ અમને મળ્યો. મળ્યો ને થોડી જ વારમાં ચાલ્યો ગયો. પરંતુ તેનો કંઈ અમને શોક ન હતો. કારણ કે અમારો દાવ જલદી ખતમ થાય તો 'લંચ' જલદી મળે એમ હતું. પણ બ્રાહ્મણવૃત્તિથી ખાનપાન વડે ઉદરને પ્રફુલ્લ બનાવી રહ્યા પછી જ્યારે અમારે કૉલેજવાળાનો દાવ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપવાનો પ્રસંગ આવ્યો ત્યારે આ રમતમાં કંઈ પણ રમવા જેવું નથી એમ અમને લાગવા માંડ્યું. રમનારાઓ ફટકા એટલા આધા મારતા કે ભરેલે પેટે દોડી દોડીને બૉલ લઈ આવતાં અમે થાકી જતા. જોરથી જતા બૉલને અટકાવવાની અમારી વૃત્તિ ન હતી; પણ અમારા શરીરને સ્પર્શ પણ ન કરે એવી રીતે એને આગળ જવા દઈ પછી તેની પાછળ દોડી પકડી લાવતા. આથી અમે બહુ જ થાકી ગયા. પણ દાવ લેનારાઓ જરા પણ થાક્યા નહિ. આખરે કંટાળીને 'હવે અમે હારી ગયા, જોઈએ તે કરતાંયે વધારે હારી ગયા, માટે રમત બંધ કરો તો સારું' એમ મેં કૅપ્ટન તરીકેના મારા ગૌરવનો ત્યાગ કરીને પણ સામેના પક્ષના કૅપ્ટનને વિનંતી કરી. પરંતુ એનો પોતાનો દાવ બાકી હતો એટલે એણે મારું કહેવું ગણકાર્યું નહિ. અંતે અમારા બૉલરોએ યુક્તિ કરી બૉલ એટલા વાંકા ફેંકવા માંડ્યા કે કોઈથી ફટકો મારી શકાય જ નહિ અને છેવટે કંટાળીને જીત્યા છતાં હાર્યા હોય એવી મુખમુદ્રા વડે સામેના કૅપ્ટને રમત સમાપ્ત કરી. હાર્યા છતાં જીત્યા હોઈએ એવા ડોળથી અમે ઘેર પાછા ફર્યા. ત્યાર પછી કૉલેજવાળાને ફરી મૅચ લેવા અમે ત્રણેક વાર કહ્યું હતું, પરંતુ અમારી સાથે મૅચ લેવાની એમની હિંમત ચાલી જ નહિ.

બીજી મૅચ જ્યારે હું અંગ્રેજી ત્રીજા ધોરણમાં ભણતો હતો ત્યારે અમારા વર્ગમાંના એક વિદ્યાર્થીની ભલામણથી અમે કાજીના મેદાનમાં જઈ ત્યાં રમનારા સાથે લીધેલી. તે પહેલાં નક્કી કર્યા પ્રમાણે અમારા પ્રતિપક્ષીઓ બધા નાની ઉંમરના હતા, પણ અમે એમના મેદાનમાં ગયા એટલે ચારેક મોટી ઉંમરના છોકરાઓ એ લોકો તરફથી દાખલ થવા આવ્યા. અમે એ લોકોને દાખલ કરવા ના પાડી એટલે બટાકો કરીને એક ખારવાનો છોકરો સ્ટમ્પ ઉપાડી મારવા મંડી પડ્યો. આખરે અમે પરાણે એમને સામા પક્ષ તરફથી રમવા દેવાનું કબૂલ કર્યું. પહેલો દાવ પણ તાડનનો ભય બતાવીને એમણે જ લીધો. આખો દહાડો અમે એમને દાવ આપ્યો પણ તે પૂરો થયો જ નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપર્યુક્ત બટાકાએ ત્રણ વાર આઉટ થવા છતાં મેદાન છોડી જવાની ના પાડી દાવ લેવાનું ચાલુ રાખ્યું. તે દિવસે એમનો દાવ આપવામાં સાંજ પડી જવાથી પાછા ઘેર ગયા અને બીજે દિવસે અમારા મેદાનમાં એમને બોલાવ્યા. તે દિવસે અમારે દાવ લેવાનો હતો. અમારો દાવ જલદીથી પૂરો થતાં મેં બૉલિંગ લીધી: રમતમાં ઉછાળતો હોઉં તેમ બૉલ જોડેના વાડામાં ફેંક્યો. અગાઉથી સંકેત કર્યા મુજબ વાડામાંથી પાંચ છ મોટા માણસો બહાર ધસી આવ્યા ને 'સાળાઓ ઘરમાં બૉલ ફેંકો છો! જાઓ અહીંથી,' કરીને જમીનમાંથી સ્ટમ્પ્સ ઉખેડીને ફરી વળ્યા. અમે સૌ વીખરાઈ ગયા. સ્ટમ્પ્સ, બૉલ, બૅટ, વગેરે સામાવાળાનાં જ હતાં તે પેલા પુરુષો 'જાઓ તમને આ નહિ મળે,' કહીને ઉપાડી ગયા ને અમે સૌ સૌને ઘેર જઈ બેઠા. પ્રતિપક્ષીઓ અમારી યુક્તિ કળી ગયા, પણ તેમનું કાંઈ ચાલે એમ ન હતું, તેમ જ કોઈએ અમારાં ઘર પણ જોયાં ન હતાં એટલે પોતાનાં બધાં સાધનોનો ત્યાગ કરી, પ્રિયજનને બાળી આવી સ્મશાનમાંથી તરત જ પાછા ફરતા હોય એવી રીતે ઘેર પાછા ગયા. ત્યારથી અમને કાજીના મેદાનમાં રમવા જવા માટે પાંચ સાત વાર નિમંત્રણો મળ્યાં હતાં – કાકલૂદીભરી આજીજી પણ કરવામાં આવી હતી – છતાં અમે એમની વિનંતીનો સ્વીકાર કરી શક્યા ન હતા.

ક્રિકેટની રમતને લીધે માણસમાં ગુપ્ત રહેલી ઘણી શક્તિઓ ખીલે છે, એના ગુણો પ્રકાશમાં આવે છે, એમ કહેવાય છે; તે જ પ્રમાણે ક્રિકેટ રમવાને લીધે માણસમાં ઘણાં દૂષણો વિકસિત થાય છે.

રાઈ દીધેલું અથાણું હંમેશાં મને નડે છે, છતાં હું એ ખાધા વગર રહી શકતો નથી. 'કાંઈ નહિ, નડશે તો દવા કરીશ.' આહારના વિષયમાં સામાન્ય રીતે સંયમ જાળવનારો આમ હું આવી ક્ષુદ્ર લાલચને કેમ વશ થઈ જાઉં છું એનો વિચાર કરું છું ત્યારે હું લલચાવનાર બૉલ જોઈ ફટકો મારી શકવાનો નથી એમ જાણ્યા છતાં, ફટકો મારવાની લાલચ રોકી શકતો નહિ. ઘણી વાર તો એ લાલચને વશ થઈ બૉલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવ્યા પહેલાં જ આંખ મીંચી દઈ જોરમાં બૅટ ફેરવતો ને સર્વના હાસ્યનું આલંબન બનતો. આમ દરરોજ બનતું છતાં ફટકો મારવાની લાલચ જતી કરી શકતો નહિ. આમ લાલચને વશ થઈ જવાની ટેવ મને વર્ષોના મહાવરાને અંગે પડી ગયેલી તે રાઈના અથાણાની બાબતમાં ઊતરી આવી છે. મારામારીનો પ્રસંગ હોય ત્યારે, 'આઘેથી ગોધો આવે છે' એમ સાંભળતાં હું વિચાર કરું તે પહેલાં મારા પગો એની મેળે જ દોડવા માંડે છે, તે, હું ફિલ્ડિંગ કરતો ત્યારે જો બૉલને કોઈ જોરમાં ફટકો મારતું તો અવાજ સાંભળીને જ ત્વરિત ગતિથી દૂર ચાલ્યો જતો અથવા ઝડપથી બૉલ મારા તરફ ધસી આવતો તો હાથથી અટકાવવાનો ખોટો અભિનય કરી પગ પહોળા કરી વચ્ચેથી એને જવા દેતો, તેને આભારી છે. મારે માથે જવાબદારી આવી પડે છે તો તરત હું કોઈ બીજાને માથે તે ફેંકી દઉં છું: તેને માટે ક્રિકેટ જવાબદાર છે. હું દાવ લેતો હોઉં તે વેળા સામેથી બૉલ નાખનાર બહુ જ જોરમાં કે રમવા ઘણા અઘરા પડે એવા બૉલ નાખતો હોય તો હું ઘણુંખરું તો તરત આઉટ થઈ જતો. પણ ક્વચિત્ મારા બૅટને બૉલનો જરા પણ સ્પર્શ થતો તો હું તરત દોડી જઈને સામે નિરાંતે ઊભેલા ભિલ્લુને મારે બદલે અઘરા બૉલ રમવા મોકલી આપતો. આને પરિણામે જ મારાં પોતાનાં પણ જવાબદારીભર્યાં કામો બીજાને સોંપવાની મને ટેવ પડી ગઈ છે. આમ મારાં અનેક દૂષણો માટે ક્રિકેટની રમત જ જવાબદાર છે.

એ રમતને લીધે મારામાં કેટલાક ઉત્કૃષ્ટ ગુણો ખીલી નીકળ્યા હશે. પણ મારા ગુણો કયા છે તે હજુ મતભેદનો વિષય છે. એટલે ક્રિકેટને લીધે પ્રકાશમાં આવેલા ઉત્કૃષ્ટ ગુણ કયા છે તે નક્કી કરવું ઘણું મુશ્કેલ છે.

—અમે બધાં

ટિપ્પણ અને પ્રશ્નો

અષ્ટાવધાની—એકી સાથે આઠ વસ્તુઓ ઉપર ધ્યાન આપી શકવાની શક્તિ ધરાવનાર. તે જ રીતે **શતાવધાની**—સો વસ્તુઓ ઉપર એકી વખતે ધ્યાન રાખનાર. **માત**—હારેલું. (આ શબ્દ શેતરંજની રમતમાં વપરાય છે) **કાકલુદી ભરી**—દયા ઉપજાવે તેવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧ તમે જે દિવસે પહેલવહેલા નિશાળે ગયા તે દિવસનાં સંસ્મરણો લખો.

૨. આ કથાના નાયકની બહાદુરી પર ટૂંકી નોંધ લખો.

૩. આ પ્રસંગમાં આવતા ક્રિકેટ ખેલાડીઓનો મૅચ રમવામાં મુખ્ય આશય શો હતો? એમની રમતનું વર્ણન કરો.

૪. તમે નાનપણમાં આવી રીતે મૅચ રમ્યા હો તેનું વર્ણન લખો.

૫. 'ક્રિકેટની રમત' ઉપર આશરે પચીસ લીટી લખો; અને એ રમતથી કેવા ગુણોનો વિકાસ થાય છે તે દર્શાવો.

૬. ક્રિકેટથી કયાં દૂષણો લેખકના જીવનમાં ઊતર્યાં હતાં?

ચંદ્રશંકર પ્રાણશંકર શુકલ

[એમનો જન્મ ગોધરામાં ૧૯૦૧માં થયો હતો. ગોધરાની તેલંગ હાઈસ્કૂલમાંથી પ્રથમ નંબરે મૅટ્રિકની પરીક્ષા પસાર કરી તે અમદાવાદની ગુજરાત કૉલેજમાં ૧૯૧૯માં દાખલ થયા. ૧૯૨૧ની અસહકારની લડત શરૂ થતાં મ. ગાંધીજીએ સરકારી કેળવણીનો અસહકાર જાહેર કર્યો ત્યારે શ્રી ચંદ્રશંકર કૉલેજ છોડી ગૂજરાત વિદ્યાપીઠમાં જોડાયા, જ્યાં શિક્ષણ પૂરું કરી એમણે થોડો વખત અધ્યાપક તરીકે કામ કર્યું. આ કાળ દરમિયાન તે શ્રી કાકા કાલેલકરના નિકટ પરિચયમાં આવ્યા અને એમની પાસેથી શ્રી ચંદ્રશંકરને પ્રેરણા અને બળ મળ્યાં. ગુજરાતી જોડણીકોશના સંપાદનકાર્યમાં એ શ્રી કાલેલકરને મદદગાર થઈ પડચા હતા. ૧૯૪૨ સુધી એમણે 'હરિજનબંધુ'ના સંપાદક તરીકે કામ કર્યું હતું. હાલમાં સ્વતંત્ર લેખનપ્રવૃત્તિમાં-એ પોતાનો સમય ગાળે છે.

એમની સાદી અને સંક્ષિપ્ત ગદ્યશૈલી પર ગાંધીજી અને કાલેલકરની અસર સ્પષ્ટ રીતે તરી આવે છે. પ્રાસંગિક લેખો ઉપરાંત 'સીતાહરણ', 'ચીનનો અવાજ' અને ટૉલ્સ્ટૉયનાં પુસ્તકોના અનુવાદ એમણે પ્રસિદ્ધ કર્યા છે.]

બલિદાનનો મહિમા

રોમના ઇતિહાસમાં સાધુ ટેલિમેક્સના બલિદાનની સુપ્રસિદ્ધ કથા જેવી કમકમાટી ઉપજાવનારી છે તેવી જ તે આ સત્યાગ્રહમાં જાણવા જેવી છે. સાધારણ કુસ્તી તો આપણે બધા કરીએ છીએ, મલ્લોની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કુસ્તી પણ આપણામાંના કોઈકે જોઈ હશે. હાથી હાથી સામસામા સાઠમારી કરે છે એ પણ ઘણા જાણતા હશે. માણસોને હાથીના પગ નીચે કચડીને મારી નાખવામાં આવતા એ પણ ઇતિહાસ વાંચનારાની જાણમાં હશે. સ્પેનમાં આજે પણ માણસ અને સાંઢની સાઠમારી થાય છે અને સેંકડો સાંઢનો ભોગ અપાય છે: એ તાજું વર્ણન પણ કેટલાકે વાંચ્યું હશે. પણ એ બધાની ખૂનરેજીને ભુલાવે એવાં તો રોમમાં એક કાળે થતાં 'ગ્લૅડિયેટર્સ' (મલ્લો)નાં યુદ્ધો હતાં.

ઈ. સ. પૂર્વે ૨૪૬થી ઈ. સ. ૪૦૦ સુધી એટલે લગભગ સાતસો વર્ષ સુધી એ પ્રથા રોમન સામ્રાજ્યમાં ચાલુ રહી. મૃતમનુષ્યપ્રીત્યર્થે નરમેધ કરવાના જૂના રિવાજોમાંથી એનો જન્મ થયો, અને જોતજોતામાં તો એ બધે જ ફેલાઈ ગઈ. એક એક પ્રસંગે મલ્લોની સેંકડો જોડીઓ ભાલા કે તલવાર લઈ ને લડતી. માણસોને એકબીજાનાં ગળાં રેંસતા જોવામાં જ લોકોને આનંદ પડવા લાગ્યો. રાજાથી માંડીને રંકમાં રંક સુધી લોકો એ તમાશાઓમાં હાજર રહેતા. પહેલાં તો ગુલામો અને યુદ્ધના કેદીઓને લડાવવામાં આવતા. પાછળથી મુક્ત લોકો પણ એમાં ઊતરવા લલચાયા ને સારાં સારાં કુટુંબના માણસો પણ એમાં ભાગ લેતા થયા. રાજાઓએ લોકપ્રિય થવા સારુ મલ્લયુદ્ધો માટે મોટાં મોટાં પથ્થરનાં પ્રેક્ષાગારો (ઍમ્ફિથિયેટર) બાંધી આપ્યાં. રોમમાં આજે એવું એક ખંડેર છે તે એંશી હજાર માણસો માય એવડું છે. એવાં પ્રેક્ષાગારો રોમન સામ્રાજ્યના એકેએક મોટા શહેરમાં હતાં. એમ કહેવાય છે કે આવું એક પ્રેક્ષાગાર પડ્યું તેમાં વીસ હજાર માણસો ચગદાઈ મૂઆં. પછી તો મલ્લયુદ્ધો ચાપાણીના મેળાવડાની જેમ રોજનાં થઈ પડ્યાં. મોટો માણસ મરી જાય ત્યારે મલ્લયુદ્ધો થાય, અમલદારાનો અમલ શરૂ થાય ત્યારે મલ્લયુદ્ધ. શ્રીમંત વેપારી માલ ખપાવવો હોય ત્યારે મલ્લયુદ્ધ કરાવે. સામાજિક ઉત્સવ હોય એટલે મલ્લયુદ્ધ તો ખરાં જ. જે માણસ વધારે મલ્લયુદ્ધ કરાવે તેને ચૂંટણીમાં વધારે મત મળે. ઉમરાવને ત્યાં ઉજાણી હોય ત્યાં લોકો ખાતા જાય ને મલ્લયુદ્ધ જોતા જાય. એક ઉમરાવ તો એવો હતો કે જેને લોહીની છાંટ ઊડતી જોયા વિના ખાવાનું ભાવતું નહિ. જાહેર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોજ અને હમામખાનાં એ રોમની ખાસ વિશેષતા હતી. ત્યાં પણ મલ્લયુદ્ધ થવા લાગ્યાં.

અત્યાર સુધી પુરુષે પુરુષ લડતા. છોકરા છોકરીઓ માણસોનાં લોહી ઊડતાં જોતાં. કવિઓ એનાં વર્ણનો કરતા. લોકોને એ સિવાય બીજી વાતમાં રસ પડતો નહિ. દયા કે કમકમાટી જેવી વસ્તુ જ લોકો ભૂલી ગયા. પરંતુ સ્ત્રીઓ પણ યુદ્ધમાં ઊતરવા લાગી ત્યારે તો હદ વળી ગઈ. આખા સામ્રાજ્યમાં મલ્લોની શાળાઓ સ્થપાઈ અને મલ્લોનાં ધાડાં ને ધાડાં દેશમાં ફરવા લાગ્યાં. ક્રૂરતા કાંઈ એટલેથી અટકે? એટલે જાનવરો – રીંછ, સાંઢ, વાઘ, હાથી, સિંહ, જિરાફ, સાબર, મગર, સાપ – લડાવવાનું ને મારવાનું દાખલ થયું. એક એક તમાશામાં હજારો પ્રાણીઓનો સંહાર થતો. દિવસોના દિવસો સુધી તમાશા ચાલતા. નીરો કરીને માતૃઘાતક, લોહીતરસ્યો એક બાદશાહ થયો. એણે પોતાની મોજને ખાતર આખું રોમ બળાવ્યું, અને એક વાર બગીચામાં રોશની કરવા ખ્રિસ્તીઓને રાળવાળાં પહેરણ પહેરાવી જીવતા બાળી મૂક્યા. લોકો ભાનસાન ભૂલ્યા હતા અને તેઓએ મર્યાદા મૂકી હતી. જે માણસ મલ્લયુદ્ધોને ઉત્તેજન આપતો તેને તેઓ પૂજતા. ઘણા ઘણા ભલા બાદશાહોએ આ ખૂનરેજીમાં કાંઈક મર્યાદા દાખલ કરવાનાં ફાંફાં માર્યાં. નીતિશાસ્ત્રીઓએ રોઈ રોઈને ઉપદેશો આપ્યા, પણ એનો જુવાળ તો દિવસે દિવસે ચડતો જ જતો હતો. લડનારાઓ પણ રાજી-ખુશીથી મરવા તૈયાર થતા. એ રીતે મરવામાં મોટું માન ગણાતું. એક બાદશાહ કહેતો, 'મરતા માણસની મુદ્રામાં કેવો ફેરફાર થાય છે એ જોવામાં બહુ રસ પડે છે.' મલ્લો લડી રહે અને એક હારે એટલે એને મારીને પૂરો કરવો કે જીવતો રાખવો એ પ્રેક્ષકોને પૂછવામાં આવતું અને એમના નિર્ણય પ્રમાણે હારેલા માણસના હાલ થતા.

ઇતિહાસકાર લેંકીએ પોતાના 'યુરોપના આચરણનો ઇતિહાસ' નામના પુસ્તકમાં આ યુદ્ધોનું બહુ જ વિગતવાર વર્ણન આપ્યું છે. આજે આપણને આ વાત સાંભળતાં કંપારી છૂટતી નથી, કારણ માણસો આટલા હૈયાસૂના કેમ થઈ શકે એ આપણી કલ્પનામાં ઊતરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શકતું જ નથી. પણ એ સ્થિતિ સાત સૈકા સુધી ચાલી અને સત્તા કે નીતિ એમાંથી એકે એને રોકી શક્યું નહિ.

જે કામ કોઈ ન કરી શક્યું તે એક ખ્રિસ્તઘેલા સત્યાગ્રહી સાધુએ કર્યું. ઈશુ ખ્રિસ્તે માનવજાતિના ઉદ્ધારને ખાતર પ્રાણ અર્પણ કર્યો: એ ખ્રિસ્તી માન્યતાને સાધુ ટેલિમેકસે જીવંત કરી બતાવીને પ્રાણાર્પણ કરી પાપપંકમાંથી માનવજાતિનો ખરેખરો ઉદ્ધાર કર્યો. એક જ માણસના નિર્દોષ લોહીમાં કેટલી અપાર શક્તિ રહેલી છે તે આ સાધુના બલિદાને બતાવ્યું. એનું લોહી રેડાયું અને સાત સૈકાના અત્યાચારનો એક જ દિવસમાં અંત આવી ગયો.

અંગ્રેજ કવિ ટેનિસને એની અનુપમ શૈલીમાં આ બલિદાનનો મહિમા ગાયો છે. આપણા જમાનાને સારુ ટેલિમેકસના બલિદાનની કથામાં અપૂર્વ પ્રેરણા રહેલી છે. એટલે એ કાવ્યનો સાર આપવા આ અલ્પ પ્રયત્ન કર્યો છે.

દોઢ હજાર વર્ષ પહેલાંની આ વાત છે. ગ્રીસ દેશને એક દૂરને ખૂણે એક ખ્રિસ્તી સાધુ રહેતો હતો. સ્થાન એકાંત અને નિર્જન હતું. ખ્રિસ્તે જેમ માનવજીવનના કલ્યાણ માટે દેહ આપ્યો તેમ માનવજાતિ માટે પોતાનો પ્રાણ અર્પણ કરવાની તેની ઊંડી અભિલાષા હતી.

રોજ સંધ્યાસમયે પશ્ચિમ ભણી પૃથ્વીના ઉદરમાં ફાટી નીકળતો ધગધગતો લાવારસ ઊછળી રહ્યો હોય એમ લોહીવર્ણી પૃથ્વી રંગાઈ જતી. અસ્તાચળ પર જતા સવિતાનારાયણ કોપ્યા હોય એમ રાતાં રાતાં કિરણોનો અંબાર ધરતી પર પથરાતો.

ઈશુનું ચારસોમું વર્ષ હતું. દિવસો પર દિવસો જતા હતા અને આવી રક્તવર્ણી સંધ્યાઓ થતી હતી. આવી સંધ્યાઓના સૂર્યનો પ્રકાશ એક ગુફામાં પડતો હતો.

એ ગુફામાં પેલો સાધુ રહેતો હતો. તેનું નામ ટેલિમેકસ હતું. તે ઉપવાસ અને પ્રાર્થનામાં દિવસો વિતાડતો. માણસની સાથે બોલવા જેટલા પ્રસંગમાં પણ તે નહોતો આવતો. કાયકષ્ટથી તેનાં ડાચાં બેસી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગયાં હતાં, આંખો ઊંડી ગઈ હતી અને શરીર સુકાઈ લાકડા જેવું થયું હતું.

ગુફાની અંદર એક પાષાણના ક્રોસની આકૃતિ હતી. તેના પવિત્ર હાથથી એ બંધાઈ હતી. રોજ સૂર્યકિરણ એના પર અથડાતાં. સાધુ ત્યાં રોજ આવતો, આમતેમ ફરતો અને આ બધું જોતો.

એક દિવસે સાયંકાળે તેની નજર એકાએક પશ્ચિમ તરફ ગઈ. તેને થયું: 'અહા! આ તે પશ્ચિમમાં શું પૃથ્વીને દાવાનળ લાગ્યો છે કે પોતાના પતનથી કોપેલો સેતાન અગ્નિ વરસાવે છે?' જાણે કોઈ એના પ્રશ્નને જવાબ આપતું હોય એમ ઊંડો અવાજ આવ્યો: 'જાગ, હે સ્વપ્નદ્રષ્ટા, આમ કૃતિશૂન્ય જીવન શું ગાળે છે? આળસુ શું પડ્યો રહે છે? નિઃસ્વાર્થ સેવામાં જીવન કૃતાર્થ કરવાને બદલે આમ વૃત્તિઓ સૂકવી નાખતો શું દહાડા ખુટાડે છે?'

ટેલિમેકસની આંખે અંધારાં આવ્યાં. નજર આગળથી કંઈક દશ્યો પસાર થઈ ગયાં. જાણે ઝાંખાં, પડછાયા જેવાં માણસો લડતાં લડતાં ઊડી જાય છે. વળી એક બીજું દશ્ય દેખાયું. એક પાંખોવાળી આકૃતિ વેગે ઊડતી ઊડતી તેની પાસે આવી પશ્ચિમ તરફ આંગળી કરી તેના કાનમાં ફૂંક મારી, ગઈ 'રોમ'.

હૃદય બોલી ઊઠયું: 'પ્રભુનો આદેશ!' આદેશ સાંભળ્યો કે તે ઊઠ્યો અને આથમતા સૂર્યની દિશામાં મોઢું કરી ચાલવા માંડ્યું. ઉજ્જડ મુલકો અને ફળદ્રુપ ખેતરો વટાવતો તે આગળ વધવા લાગ્યો. રોજ સાંજે પશ્ચિમમાં સૂરજ આથમતો ને રાતે આકાશમાં ચકચકતું તારામંડળ ઊગીને પશ્ચિમ તરફ ઢળી પડતું. રોમ નજીક નજીક આવતું હતું. સો વહાણાં વાઈ ગયાં. ટેલિમેકસ થાકીને લોથ થઈ ગયો. તેના પગ સૂજીને થાંભલા જેવા થઈ ગયા. આખરે તેણે રોમમાં પગ મૂક્યો.

એ ખ્રિસ્તી શહેર કહેવાતું. એની ભવ્યતા, એની જાહોજલાલી આ સાધુની આંખને ફીકી ફીકી લાગી. એ ઘેરાયેલી આંખ તો રોમનાં સહસ્રસ્તંભ મહાલયોની ખખડધજ દીવાલોની વચ્ચે ઊડતા પેલા દેવદૂતને જોવાને તલસતી હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલામાં નફટાઈથી હસતું, સમ ખાતું અને ગાળો ઉચ્ચારતું, ઠઠ્ઠામશ્કરી અને હોહો કરતું એક ટોળું પસાર થયું. રીઢા રોમનો એમની રાક્ષસી રમતોની વાતો કરતા હોકારાબકારા કરતા ચાલ્યા જતા હતા. ટેલિમેકસના કાન વૃદ્ધાવસ્થા અને થાકને લીધે બહેર મારી જવા આવ્યા હતા. તે હોઠ ફફડાવીને બબડતો હતો: 'પ્રભુનો આદેશ!' માણસોનો તો જુવાળ ચડતો હતો. દરિયાના ઓટમાં જેમ કોઈ તૂટ્યું-ફૂટ્યું ખંડેર તણાઈ જાય એમ આ ઓટમાં ટેલિમેકસ ઘસડાયો. થોડી વારે આંખો ફાડીને જુએ છે તો પોતે રોમના વિશાળ 'કોલોઝિયમ' આગળ આવી પહોંચ્યો હતો.

અને એણે ત્યાં શું જોયું? પાંજરામાં પૂરેલા વનરાજની ત્રાડ સંભળાઈ. જૂના વખતમાં ખ્રિસ્તીઓના લોહીના તરસ્યા સિંહની એવી જ ગર્જનાઓ રોમમાં સંભળાતી. ત્રણ ગુલામો એક મરેલા સિંહને ઘસડી જતા હતા. એક ગુલામ એક મરેલા માણસને તાણતો હતો.

પાછળના ટોળાનો હડસેલો આવ્યો અને ટેલિમેકસ ઠેસ ખાઈને 'કોલોઝિયમ'ની અંદર દાખલ થઈ ગયો. બેઠો. તેની આંખે અંધારાં આવી ગયાં. પણ બહારના બપોરના તડકાથી અંજાઈ ગયેલ આંખ જ્યારે પળવાર પછી ઊઘડી ત્યારે તેણે આજુબાજુ નજર નાખી નિહાળી જોયું. માથા પર રાતો લોહી જેવો ચંદરવો તાણેલો હતો. ધૂળમાંથી માણસોના લોહીની છાંટ ઊંચે ઊડતી હતી. 'ગ્લૅડિયેટર્સ' યુદ્ધ માટે ધસ્યા જતા હતા. અને એંશી હજાર ખ્રિસ્તીઓ માણસ માણસનું ખૂન કરે તે જોવા બેઠા હતા.

શરીરને અચાનક આંચકો લાગે ને એકાદું જૂઠું પડેલું અંગ જાગ્રત થઈ જાય તેમ ટેલિમેકસના દેહમાં ઈશ્વરે જાણે એકાએક બળનો સંચાર કર્યો. તેનામાં નવલોહિયા કુમારનો ઉત્સાહ રેડાઈ ગયો. તે કૂદી ઊઠ્યો, હળવે રહીને નિસરણીનાં પગથિયાં ઊતર્યો, અને જે વાડ પ્રેક્ષકોને આત્મઘાતી મારાઓથી જુદી પાડતી હતી તેના ઉપર થઈને ટપી ગયો. ત્યાંથી આગળ ધસ્યો અને મલ્લોની તલવાર ઊછળતી હતી તેમની વચ્ચે જઈ ને ખડો થઈ ગયો. હાથ ઊંચા કરી ગંભીર અવાજે સાદ કર્યો: 'થંભી જાઓ! જેણે માણસજાતને સારુ પોતાના પ્રાણ કુરબાન કર્યા એ પરદુઃખભંજન મહાન ઈશુ ખ્રિસ્તને નામે કહું છું કે થંભી જાઓ!'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્ષણેક શાંત પથરાઈ ગઈ. જાણે સ્મશાન. બીજી જ ક્ષણે સર્પોનું અરણ્ય ફૂફાડા મારતું હોય એવા ચીડ અને તિરસ્કારના સુસવાટ સંભળાયા. પ્રેક્ષકોમાંથી ઘુઘવાટ કરતા સાગરના જેવી ઘોર ગર્જના થઈ, અને પછી એકસામટા હજારો પથરાઓનો વરસાદ વરસ્યો. વૃદ્ધ સાધુ ટેલિમેકસ હતો ન હતો થઈ ગયો અને ફરી પાછી પૂર્વવત્ સ્મશાનશાંતિ છવાઈ ગઈ.

ટેલિમેકસનું સ્વપ્ન ફળ્યું. એ સ્વપ્નમાંથી એક ભવ્ય કૃતિનો જન્મ થયો અને દુનિયા જાગી. એ વિશાળ 'કોલોઝિયમ'માં ભેગાં થયેલાં ઝનૂની ટોળાં તો એ મૃત દેહને અર્ધા ભયથી, અર્ધા આશ્ચર્યથી ટગર ટગર જોઈ રહ્યાં. એમના પર એ મરણની કશી અસર ન થઈ; પણ જે હૈયામાં કાંઈક દયા, ઉદારતા રહી હતી તે તો શરમથી થથરી ગયાં હમામખાનાંમાં, ફોરમમાં, ચૌટે ચૌટે, ચકલે ચકલે ને શેરીએ શેરીએ એ મરણની જ વાતો થવા લાગી. ઉપદેશકોની વાણીએ એ બલિદાનનો મહિમા દિવસોના દિવસો સુધી ગાયો. એ ઉદારચરિત સાધુના અંતકાળના અમર શબ્દો ઉપર દિવસોના દિવસો સુધી પ્રવચનો ચલાવ્યાં. એ અમર શબ્દોના પડઘા વાતાવરણને ભેદતા બાદશાહ ઑનોરિયસને કાને અથડાયા. ઑનોરિયસે એ વાત સાંભળી અને તે દિવસથી ફરમાન કાઢ્યું કે આજ પછી હવે રોમ આ અધર્મના સડામાં સબડ્યાં ન કરે અને રોમના ઉત્સવો માણસે વહેરવડાવેલા માણસના લોહીથી કલંકિત ન થાય.

— મધપૂડો

ટિપ્પણ અને પ્રશ્નો

નરમેધ–જે યજ્ઞમાં માણસને હોમવામાં આવે તે (તે રીતે અશ્વમેધ). **નીરો**–રોમનો સીઝરવંશનો છેલ્લો શાહેનશાહ, જે ઇતિહાસમાં ક્રૂરતા માટે બદનામ થયો છે. (જન્મ ઈ. સ. ૩૭: મરણ ૬૮) જ્યારે એની રાજધાની–રોમ બળતું હતું ત્યારે એ આનંદમાં 'ફિડલ' વગાડતો હતો એમ કહેવાય છે. **મુદ્રા**–ચહેરો. **લૅકી**–આઈરિશ ઇતિહાસકાર (૧૮૩૮–૧૯૦૩). **પાપપંક**–પાપરૂપી કાદવ. **ટેનિસન**–ઓગણીસમી સદીનો મહાન અંગ્રેજ રાજકવિ (૧૮૦૯–૧૮૯૨). **અંબાર**–(ફા. ઇમ્બાર) ઢગલો. **ખખડધજ**–મજબૂત, (જૂનું છતાં) દમામદાર, ભવ્ય. **કોલોઝિયમ**–(લૅટિન) જંગી પ્રેક્ષાગાર. **ચંદરવો**–છતનું રંગબેરંગી કપડું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧. આ પ્રસંગનું રહસ્ય સમજાવો. એને લેખકે 'બલિદાનનો મહિમા' નામ શા માટે આપ્યું? તમે બીજું યોગ્ય શીર્ષક સૂચવી શકશો?

૨. રોમન સમયમાં થતાં મલ્લયુદ્ધો ને એ લોકની રમતગમતની ભાવના વિષે જે જાણતા હો તે લખો.

૩. ટેલિમેકસના ત્યાગ પર ટૂંકી નોંધ લખો. આ આત્મબલિદાનની ભાવના એ કોની પાસેથી શીખ્યો હશે?

૪. ટેલિમેકસ જેવી ભાવના ધરાવતો કોઈ હિંદી મહાપુરુષ તમારી જાણમાં હોય તો તેના જીવનમાંથી આવો એક પ્રસંગ આલેખો.

૫. ટેલિમેકસના આત્મબલિદાનથી માનવજાતને શો લાભ થયો?

૬. મલ્લયુદ્ધોનો ઉપયોગ રોમના પ્રજાજનો શા માટે કરતા?

૭. આ પ્રસગમાં જે વ્યક્તિઓનો ઉલ્લેખ થયો છે તેમાંથી એકના જીવન વિષે થોડી માહિતી એકઠી કરો.

પુરાતન જન્મશંકર બુચ

[આપણા લોકપ્રિય સ્વ૦ કવિ લલિતના સુપુત્ર શ્રી. પુરાતન જન્મશંકર બુચનો જન્મ ગોંડલમાં ૧૯૦૭ માં થયો હતો. ઘણા વખત સુધી અસ્પૃશ્યતા-નિવારણનું સેવાકાર્ય સાબરમતીના 'હરિજન આશ્રમ'-માં રહી કર્યું. હાલમાં રાજકીય અને સામાજિક ક્ષેત્રમાં એ કામ કરી રહ્યા છે. પિતા તરફથી વારસામાં મળેલું કોમળ હૃદય અને પૂ. ગાંધીજી તરફથી મળેલ સમાજસેવાના આદેશનો યોગ સાધી તે ઘણું ઉપયોગી કાર્ય કરી રહ્યા છે. હરિજન સેવાનું કાર્ય કરતાં કરતાં અનેક પ્રકારના જે અનુભવો થયા એમાંથી થોડા પ્રસંગો એમણે 'ભગવાનનાં છોરું' નામના પુસ્તકમાં એકત્ર કર્યા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણા સમાજમાં ધર્મને નામે જે ઘોર અન્યાય ચાલી રહ્યો છે તેનો સાચો ખ્યાલ આવાં પુસ્તકો વાંચવાથી આવી શકે. વીસમી સદીમાં અને તે પણ સ્વતંત્ર ભારતમાં માણસ માણસનો અનાદર કરવામાં ધર્મનું પાલન થતું સમજે એ બુદ્ધિશાળી માણસને વિસ્મય પમાડે એવી હકીકત છે. પણ તે સાચી છે અને આખા સમાજને શરમાવે તેવી ઘટના છે. માનવહૃદયો વચ્ચે સાચી એકતા સાધનારો વ્યવહાર એ જ ઉત્તમ માનવધર્મ છે એમ આપણો સમાજ જ્યારે સમજશે ત્યારે જ આપણા દેશનો સાચો ઉદ્ધાર થશે.]

મંદિરદ્વારે

મારા દરરોજના નિયમ પ્રમાણે હું ઓચિંતો એક હરિજનવાસમાં ચાલતો ચાલતો પહોંચી ગયો. મને વાસમાં આવતો જોતાં જ દૂરથી હરિજન ભાઈબહેનોને મેં એકબીજા સાથે વાતો કરતાં સાંભળ્યાં.

"જુઓ, આ આવે ભાઈ." એકે કહ્યું.

"હવે તેમની પાસે જ આપણે આપણી વાત રજૂ કરીએ." બીજાએ તેને ટેકો આપતાં જણાવ્યું.

હું તેઓની છેક નજીક પહોંચી ગયો, ત્યારે સહુ કંઈક ગંભીર વાતોમાં પરોવાયેલાં હોય એમ મને લાગ્યું. તેઓએ મારે માટે એક ખાટલો ને તેની ઉપર પાથરણું બિછાવ્યું ને સહુ મારી સામે આતુર નયને જોઈ રહ્યાં.

"આવો, ભાઈ! આવો – ભલે આવ્યા, બેસો." એક આગેવાન જેવા ભાઈએ મને આવકારતાં કહ્યું.

હું ખાટલા ઉપર બેઠો. સહુ મારી નજીક ગોઠવાઈ ગયાં. બધાં એકબીજાંની સામે જોઈ રહ્યાં.

"કેમ, મોતીભાઈ! શા સમાચાર છે?" મેં સહેજ પ્રશ્ન પૂછ્યો.

મોતીભાઈ મારી સાથે ઘણી વખત હરિજન મહોલ્લામાં સાથે ફરવા આવતા. તેમના માટે હરિજનોને ઘણું માન હતું. તેમને કોઈ જાતનું વ્યસન ન હોવાથી હરિજનો તેમને 'ભગત' કહીને બોલાવતા.

"હા, ભગત! લ્યો ત્યારે તમે જ ભાઈની પાસે આપણી વાત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માંડો. તમ જેવા ભગતની વાત ઝટ સમજશે," એક આધેડ વયના ભાઈએ ભગતને સહુની વતી વિનંતી કરતાં કહ્યું.

ભગતે થોડી વાર આમતેમ જોયું. દૂર બે ત્રણ ભાઈઓ સ્નાન કરી રહેલા હતા, તેમને પોતાની પાસે આવી જવા મૂક ઇશારો કર્યો. કેટલાક હજુ પોતાના ઘરના બારણામાં જ ઊભા હતા, તેઓને પાસે બોલાવ્યા. કેટલીક પ્રૌઢ ઉંમરની સ્ત્રીઓ પણ થોડે દૂર અલગ આવીને બેઠી ને તે સ્ત્રીઓની આડમાં કેટલીક બહેનો ઘૂમટા તાણીને પણ ભરાઈ બેઠી. આમ જોતજોતામાં આખા વાસનાં સ્ત્રીપુરુષો એકત્ર થઈ ગયાં. નાનાં બાળકો એ સ્ત્રીપુરુષોની વચમાં વહેંચાઈ ગયાં. સહુ શાંતિથી મારી સામે જોઈ રહ્યાં હતાં.

"જુઓ, ભાઈ, જાણે વાત એમ છે, કે" ભગતે પોતાની વાતને ખૂબ ગોઠવી ગોઠવીને રજૂ કરવાનો પ્રયત્ન શરૂ કર્યો: "આ અમારા વાસની પડખોપડખ એક નવું મંદિર હમણાં જ બંધાયું છે."

"હા, એ મેં દૂરથી તો જોયું છે, ને છાપાંઓમાં પણ મેં એ મંદિર વિષે વાંચ્યું છે." મેં કહ્યું.

"પણ, એ છાપાંઓમાં ક્યાંય અમારા હૈયાની વરાળ તમે વાંચી છે?" ભગતે એકાએક કંઈક અસ્વસ્થ થઈને મને સામો પ્રશ્ન કર્યો.

"ના, એવું તે શું બની ગયું છે?" મેં તરત પૂછ્યું.

"તમે આ નવું મંદિર બંધાયું છે એ જોયું નથી, ખરું ને?" ભગતે પૂછ્યું.

"ના, મેં નથી જોયું." મેં કહ્યું.

"આ ગામ બધુંય એ નવું મંદિર જોવા ઊલટે છે ને તમે જ કેમ નથી જતા? એ તો કહો. તમે તે એવાં શાં પાપ કર્યાં છે?" ભગતે પૂછ્યું.

"વાત એમ છે, કે જે મંદિરમાં હરિજનોને ભગવાનનાં દર્શન કરવાની છૂટ નથી, ત્યાં હું દર્શન કરવા નથી જતો." મેં સ્પષ્ટતા કરતાં કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારી વાત સાંભળીને આસપાસ બેઠેલા સહુના મોઢા ઉપર કંઈક સંતોષ ને હર્ષની મિશ્રિત લાગણી છવાયેલી હું જોઈ રહ્યો.

"અમે તો હલકું વરણ કહેવાઈએ, ને તમ તો પુણ્યશાળી જીવ તે શા સારુ અમારે ખાતર તમે પણ ભગવાનનાં દરશન જતાં કરો છો?" કોઈ હરિજને પૂછ્યું.

"તમે કહો છો એ બરાબર નથી." મેં તરત કહ્યું. "જુઓ, તમારી જાતે જ તમે શા સારુ એમ માની બેઠા છો કે, તમે હલકું વરણ છો? તમે જ જો એમ સ્વીકારી લેતા હો તો પછી ઉગારો ક્યાંથી થાય? તમારે કદી એમ માનવું જ નહિ કે તમે હલકા છો, સમજ્યા?"

"પણ દુનિયા બધી અમને હલકા કહીને ધુતકારે છે, તેનું શું?" એક જણે પૂછ્યું. ભગત મારી સામે ટીકી ટીકીને જોઈ રહ્યા.

"દુનિયા એમ કરે તોપણ આપણે જો આચાર અને વિચારમાં સાચા નીવડીએ, તો પછી બધાય જખ મારે છે." મેં ટૂંકમાં સમજાવ્યું.

"એટલે? તમારું કહેવું સમજાયું નહિ; જરા ફેરથી કહો, તો સમજીએ." ભગત બોલી ઊઠ્યા.

"જુઓ, મારી કહેવાની વાત એમ છે, કે દુનિયામાં ઊંચાં કે નીચાં કોઈ જ નથી. ભગવાને તો સહુને સરખાં ઘડ્યાં છે. પછી માણસે પોતાના સ્વાર્થ સાધવા ઊંચનીચના વાડા બાંધી દીધા; ને એને વળી ધરમની છાપ મારી આપી, ત્યારથી આ બધો અનર્થ વધી પડ્યો છે. બાકી સાચી વાત તો એ છે, કે જેના દિલમાં પાપ નથી, જેને કદી કોઈ બીજાની વસ્તુ લેવાની કે ભોગવવાની ઇચ્છા સરખીયે નથી થતી, અને જે કોઈનેય છેતર્યા વગર–કામની ચોરી કર્યા વગર સચ્ચાઈથી–સાચી મજૂરીની રોટી કમાઈ ખાય છે, એ જ ખરા અર્થમાં ઊંચો ને સાચો માણસ છે" મેં કહ્યું.

"હા, એ તમે સાચું કહ્યું" વચમાં એક જણ બોલી ઊઠ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ને જે માણસ પોતાના દિલમાં બૂરાઈ કરે છે ને બહારથી સારા દેખાવાનો ડોળ કરે છે, જે દ્વેષ, ક્રોધ ને લોભ કર્યા કરે છે, જે બીજાની વસ્તુ ઉપર કુદૃષ્ટિ કરે છે ને જાતમહેનત વગર બીજાની મહેનત ઉપર જ નભે છે, એ ખરા અર્થમાં જૂઠો ને હલકો માણસ છે. આ તમારે હંમેશાં સમજી રાખવું." મેં સહુને ઉદ્દેશીને વાત કરતાં કહ્યું.

"તમારી વાત તો સોળ આના છે; પણ અમે સાચને મારગ રહેવાની કોશિશ કરીએ, તોપણ અમને કોઈ ન ગણકારે તેનું શું?" ભગતે કહ્યું.

"તો તેનો વિચાર કરીને ઉકેલ કાઢવો જોઈએ, એમ મને લાગે છે; સાચા માણસે માત્ર પોતે સાચો છે, એમ માનીને બેસી ન રહેવું. પણ વખત આવે ત્યારે કસોટીએ ચઢીને સચ્ચાઈ સિદ્ધ કરી બતાવીએ, તો જ આપણે સાચા કહેવાઈએ."

"તો પછી સાંભળો અમારી વાત." ભગતે પોતાની વાતનું મંડાણ કરવાની તૈયારી બતાવતાં કહ્યું. "જાણે બન્યું છે એમ, કે આ જે નવું મંદિર છે તેમાં હરિજનોને જવાની છૂટ નથી. પણ અમે ચોરીછૂપીથી જો મંદિરમાં ત્યાંના પૂજારીઓના આંખ આડા કાન કરાવીને જઈએ, તો તે સામે કોઈને હરકત નથી; પણ છડેચોક હરિજન તરીકે તો અમારાથી ત્યાં ન જ જવાય, એમ અમને બે-ચાર વખત પકડી પાડનાર ત્યાંના પગીએ સાફસાફ સંભળાવી દીધું છે. કહો, હવે અમારે શું કરવું?" ભગતે પૂછ્યું.

ભગત પોતાના હૈયાની વરાળ વાણીમાં ઠાલવી રહ્યા હતા, એ હું તરત કળી શક્યો. તેમણે મને પ્રશ્ન પૂછ્યો તે મારા મનમાં ઘડીભર સમાવીને હું મૂંગો રહ્યો, ને પડોશમાં જ ઊભા કરેલ ભવ્ય મંદિરના ઘૂમટ ઉપર ઊડી રહેલા ધર્મધ્વજ ઉપર મારી દૃષ્ટિ સ્થિર થઈ.

પોતાની ચાકરી કરીને સદાય કદમબોસી કરનાર અછૂતવર્ગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપર હિંદુધર્મીઓ આધિપત્ય ભોગવી શકે છે એમ કહેતી હોય, એવી અન્યાયી એ ધ્વજા લાગી. પવનના સપાટામાં ફફડી રહેલા ધજાના અવાજમાંથી મને નરી દાંભિકતા સંભળાઈ! એ મારે મન ધર્મમંદિર કે ઈશ્વરના ધામ ઉપર ફરકી રહેલો ધ્વજ ન લાગ્યો. આવી કલ્પના કરીને હું કંઈક અસ્વસ્થ થઈ રહ્યો હતો, ત્યાં એક નાના બાળકે આવીને મારો હાથ પકડ્યો.

"મારી બા કહે છે, કે મને મંદિરમાં લઈ ચાલો ને!" બાળકે તદ્દન નિર્દોષ ભાવે મારો હાથ ખેંચતાં મને કહ્યું.

બાળકની માતાએ બાળકને બૂમ પાડી; પછી સંકોચ સાથે તે હસી પડી. તે પરથી હું સમજી ગયો, કે તેઓની ઇચ્છા હરિદર્શનની હતી. મેં બાળકની માતા સામે નજર કરી.

"તમે બધી બહેનો પણ મંદિરમાં નથી જઈ શકતી ને?" મેં તેઓને પૂછ્યું.

"ના; સહુનું તે વહુનું! અમને ત્યાં કોણ દાદ દે તેમ છે?" એક ચકોર સ્ત્રીએ કહ્યું.

સ્ત્રીઓમ અંદર વાતો વધી ગઈ ને કંઈક ગરબડાટ મચી ગયો. બધાં કંઈક બોલવા ઇચ્છતાં હતાં એમ જણાયું.

"તમે અંદરઅંદર વાતો ન કરો. જે કહેવું હોય તે મને જ કહોને," મેં તેઓને શાંત કરવાના ઇરાદાથી કહ્યું.

"તો સાંભળો; જુઓ, આજે મંદિરની આખા શહેરમાં વાહવાહ ગવાઈ રહી છે, તેનો પાયો ખોદી તેની માટી મેં ઉપાડેલી છે" એક બહેને કહ્યું.

"અને એ માટી કાઢી લીધા પછી અંદરની કાંકરેટ પૂરવાનું કામ મેં પંદર દહાડા સુધી કરેલું." બીજી બહેને ઉમેર્યું.

"ને...મેં તેની ઉપર સિમેન્ટનાં તગારાં પહોંચાડેલાં."

"મેં કેટલાય દનિયાં પાણી રેડેલું..."

"ને...કડિયાને વળી ઈંટો આપી આપીને તો મારા હાથ ને ડોકી હજુયે કળે છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમ ઉપરાછાપરી બહેનોએ પોતે કરેલા કામનો હિસાબ આપવા માંડયો, ને એમાં તેઓને મંદિરમાં ન જવા દેવા પાછળ રહેલા ભયાનક અન્યાયનો તેઓ પડઘો પાડી રહ્યાં હતાં. એ સાંભળીને હું શૂન્યવત્ બની ગયો.

"અને કોઈનેય પૂછજો તો ખરા, કે આખું મંદિર ચણાઈને રંગરોગાન થઈ ગયા પછી પણ પાણીથી સાફ કરીને ધોઈ નાખનાર ને ઝગારાબંધ છો સાફ કરનાર કોણ હતું?" એક બહેને છેલ્લી પણ સચોટ ટકોર કરી. એ સાંભળીને મારા મનમાં ઘડીભર તો એમ થયું, કે મને આ બધાં માત્ર મહેણુંટોણું જ મારે છે, તેને બદલે નેતર કે કોરડાના ફટકા મારીમારીને પણ જો આ બધું સંભળાવતાં જાય, તો તેમ કરવાનો તેમને સંપૂર્ણ અધિકાર હતો. માનવતાની દૃષ્ટિએ તેઓને ઘોર અન્યાય થયો હતો, એમ આટલી હકીકત સાંભળ્યા પછી કોણ કબૂલ કરવાનો ઇનકાર કરવાની ધૃષ્ટતા કરે?

જેઓ મંદિર બંધાવે છે તેઓને કાં તો ખબર નથી કે ધર્મ શું છે, ને કાં તો તેઓ ઈશ્વર જેવા જગતના તાતને ભૂલી જવાના સરળ માર્ગ તરીકે જ મંદિર બંધાવીને દુનિયાનો માર્ગ વગર મુસીબતે પસાર કરવાની પેરવી કરતા જણાય છે; નહિતર ચોરીછૂપીથી તે વળી હરિજનોને આવવાની રજા આપે? આંખ આડા કાન કરાવીને જાણવા છતાં જૂઠાણું ચલાવે ખરા કે? મુસીબત તો એ છે, કે માણસ પોતાના હૃદયમાં ઈશ્વરનો વાસ થાય એવું શુદ્ધ, પવિત્ર, નિર્મળ મંદિર રચવા જાય, તો તેણે પોતાની અહંતા ત્યાંથી દૂર કાઢી નાખવી પડે—જે કરવાની તેની તૈયારી નથી; તેથી ઈંટ, ચૂના ને પથ્થરનું જડ મંદિર બાંધીને પોતાની જાત અને જગતને પણ છેતરવાનો ધંધો માંડી બેઠેલો જણાય છે...!

"તમે શું જોઈ રહ્યા છો?" એક ભાઈએ મને વિચારમાંથી જાગ્રત કરતાં કહ્યું.

"હું એ જોઉં છું, કે આ મંદિરના કોઈ પણ ભાગમાં ઈશ્વર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હશે ખરો કે નહિ?" મેં કહ્યું.

"તે શું ઈશ્વર અહીં બેઠે દેખાય ખરો કે?" તેણે પૂછ્યું.

"હા; કેમ? જેમાં ઈશ્વરનો વાસ છે, ત્યાં તેનું તેજ પ્રકટ થયા વગર રહે જ નહિ." મેં કહ્યું.

"તો પછી કહોને અહીં આપણી પાસે ઈશ્વર છે ખરો કે?" ફરીથી ગંભીરપણે તેણે પૂછ્યું.

"હા–જરૂર છે જ." મેં કહ્યું.

"ક્યાં છે? ને તેની સાબિતી શી?" તેણે પૂછ્યું.

"ઈશ્વર તો આપણા બધાયના અંતરમાં છે જ. આપણે તેને ઓળખવાનો પ્રયત્ન કરીએ તો તેને જરૂર ઓળખી શકીએ. ને તેની એક જ સાબિતી એ છે, કે માણસ માત્ર એકબીજાના પ્રત્યે પ્રેમથી વર્તે ને સદ્‌ભાવ રાખે; એ સહુને ગમે છે, એ તો વાત ખરી કે નહિ?" મેં પૂછ્યું.

"હા એ તો ખરું છે; હેત રાખવું કોને ન ગમે?" પેલા વૃદ્ધ પુરુષ ફરીથી બોલી ઊઠ્યા.

પેલો બાળક મારો હાથ હજુય ખેંચતો જ હતો. બાળકને મેં ઊંચકીને તેડી લીધો, ને બધાની વચમાં હું ઊભો રહ્યો.

"ત્યારે તમે બધા એમ કરો: હમણાં અહીં જ બેસો. હું આ બાળકને લઈને મંદિરે જાઉં છું, ને બાળકની મા પણ મારી સાથે આવે. બાળક ને તેની માતા મંદિરને દરવાજે થોડી વાર બેસશે, ત્યાં હું મંદિરના મહારાજને મળીને પછી પાછો તરત બહાર આવીશ." મેં મારી યોજના સમજાવતાં કહ્યું.

બધાની ખુશાલીનો પાર ન રહ્યો. સહુએ મારી સૂચના સ્વીકારી ને હું બાળકને તેડીને વાસની બહાર નીકળ્યો. બાળકની માતા મારી પાછળ પાછળ ચાલી આવતી હતી. એને મેં આવતી જોઈ, ત્યારે મનમાં એવો વિચાર પસાર થઈ ગયો, કે જેમણે આ મંદિરના ચણતર ને ઘડતર પાછળ સાચો પરસેવો પાડેલો છે, તેઓને જ આ મંદિરમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બેઠેલા દેવ કે દેવી પોતાનાં દર્શન અર્થે આવવા દેવામાં અસંમત છે, એવું ઠરાવનાર માનવીની મૂઢ કલ્પના પાછળ કેટલો ભયાનક માનવદ્રોહ રહેલો છે? વળી વધુ દુઃખદ હકીકત તો એ હતી, કે હિંદુ ધર્મના જગતમાં સર્વોત્તમ તરીકે સ્વીકારાયેલા જે ગ્રંથમાં સમગ્ર માનવજાત પ્રત્યે આદરભાવ કેળવવાનો સમર્થ પ્રયત્ન કરવામાં આવેલો છે, એ જ મહાન ધર્મગ્રંથ — ગીતાના નામે આ નવા મંદિરની સંસ્થાપના કરવામાં આવી હતી! સાચા ધર્મવાન માનવીને મન તો માનવહૃદય એ જ પૃથ્વી ઉપરનું સર્વોત્કૃષ્ટ મંદિર હોય, ને એ સમગ્ર માનવજાતને એકરૂપે અનુભવનાર માનવ-મંદિરનો પૂજારી બનીને ગીતાનો સમત્વનો મંત્ર જીવનમાં ઉતારવાનો પ્રયત્ન કરે, માનવની પૂજા – એટલે કે સેવા –નો માર્ગ ગીતાના ભૂતમાત્ર પ્રત્યેની સમાનતા ને આદરના ભવ્ય અહાલેકમાં ચિરંજીવ સ્વરૂપે આલેખાયલો છે; છતાં પણ આ બધી અસમાનતા અને આટલો અનાદર શા સારુ?

મંદિરના બે દરવાજા હતા. એક પ્રવેશનો ને બીજો બહાર નીકળવા માટેનો. હું પ્રવેશદ્વાર પાસે બાળકને નીચે ઉતારીને ઘડીક ઊભો રહ્યો. પાછળ આવી રહેલી તેની માતાની રાહ જોતો હતો, એટલામાં વારાફરતી મોટરો ને ગાડીઓ ત્યાં આવીને ઢગલાબંધ મંદિરમાં આવનારાંઓને મૂકી મૂકીને ચાલી જતી હતી. પગપાળી કેટલીક ભાવિક બહેનોને આવતી જોઈ. તેઓ મંદિરના દરવાજે આવીને તેને અડકીને તેની વંદના કરતી હતી. કેટલાય પુરુષો પોતાના માથેથી ટોપી કે પાઘડી ઉતારીને દરવાજેથી જ કોઈક અત્યંત પવિત્ર સ્થાનમાં પ્રવેશ કરી રહ્યા હોય એવા ભાવથી મંદિરમાં પ્રવેશ કરી રહ્યા હતા.

હું આ દૃશ્ય જોઈને સ્તબ્ધ થઈ ગયો. આ ભક્તિપૂર્વક ને સાચા હૃદયથી ધર્મ ને ઈશ્વરનું સન્માન કરવા આવી રહેલાં સેંકડો ને હજારો સ્ત્રીપુરુષોને કોણ સમજાવે, કે તેઓ જે સ્થાનને ઈશ્વરનું ધામ સમજીને તેમાં પવિત્ર થવાની ભાવના સાથે પગરણ કરી રહ્યાં હતાં, તે ખરેખર પવિત્ર ન હતું! કારણ કે પવિત્રતાના ધામ પાસે કોઈ ઊંચ કે નીચ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કદી હોય જ નહિ – છે જ નહિ, એવો ગીતાના ગાનારનો કાયમનો માનવજાતને મળી ચૂકેલો અમર કોલ છે !

મને થયું, કે આ પરિસ્થિતિમાં હું શું કરી શકું ?

એટલામાં તો પેલી બાઈ — બાળકની માતા મારી પાસે આવી પહોંચી. એ સમયે સાયંકાળ થવા આવેલો, તેથી મંદિરના દરવાજે ને મંદિરની અંદર વીજળીની રોશની પ્રગટ થઈ, બધેય ઝાકઝમાળ થઈ રહ્યું !

પેલી બાઈને તેનું બાળક સોંપીને હું કહેવા જતો હતો, ત્યાં તો હરિજનવાસનાં કેટલાંક વધુ ભાઈબહેનો ત્યાં આવી પહોંચ્યાં.

"જુઓ, તમે બધાં આ મંદિરના દરવાજા બહાર ઊભાં રહેજો. હું હમણાં જ પાછો આવું છું." મેં બધાંને સમજાવતાં કહ્યું.

હું મંદિરના પ્રવેશદ્વારમાં દાખલ થયો ત્યારે મારા પગ ભારે લાગતા હતા. મંદિરમાં ઠેરઠેર વીજળીની બત્તીઓ ઝગારા મારી રહી હતી. વિલાસ જેની દૃષ્ટિમાં ભરપૂર હોય એવા પ્રકારના માનસવાળા માનવીએ એ બત્તીની ગોઠવણી કરી હોય, તેવું જણાઈ આવતું હતું. માણસના મોઢાના ભૂંડા ભૂખ જેવા વિલાસપૂર્ણ હાવભાવનું બારીકાઈથી નિરીક્ષણ કરવું હોય, ત્યારે ઝગારા મારતી બત્તી ગોઠવાય એ ઠીક છે, પણ અહીં આ ઈશ્વરના મંદિરમાં તે વળી વીજળીની બત્તીની મિજલસ શી ? કોનાં મોઢાં જોવા માટે આ બધો માણસના હૃદયને અંધકાર તરફ ખેંચી જનારો પ્રકાશ પાથરવામાં આવ્યો હતો ? આલેશાન મહેલનું ચિતરામણ અને બીજી અનેક ગોઠવણો છેક છેલ્લી ઢબની હતી, એ હું જોઈ શક્યો. આ બધું જોતાં જોતાં મંદિરના પ્રવેશદ્વારે ઊભી રાખેલી પેલી હરિજન બાઈ મારી મનોદૃષ્ટિ સન્મુખ ખડી રહી. ઘડીક તો મારી સામે એ બાઈ અને મંદિર કે જે ઈશ્વરનું ધામ ગણવામાં આવેલું, તેની વચ્ચેની સરખામણી કરવામાં જ હું ગૂંચવાઈ પડ્યો. હિંદુસ્તાનમાં કરોડો માનવીઓને જ્યાં અન્નના સાંસા છે અને લાખો સ્ત્રીઓને પોતાનાં શરીર ઢાંકવા પૂરતું પણ વસ્ત્ર નથી મળી શકતું, એ જ દેશનાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માનવીઓ મંદિર પાછળ આ તે શી જાહોજલાલી કરી રહ્યાં હશે? હાડચામનાં જીવતાં માળખાંના મુલકમાં દેવના મંદિરમાં આ ઝાકઝમાળ તે શા?

મંદિરના દરવાજે ઊભેલાઓના પ્રતિનિધિ તરીકે જ હું કંઈક અલિપ્ત છતાં સંપૂર્ણ આદરભાવથી મંદિરનાં પગથિયાં ચઢતો ગયો. બીજે માળ પહોંચ્યો ત્યાં આરતી થઈ રહી હતી. ભક્તસમુદાય સંપૂર્ણ ભક્તિભાવથી આરતી બોલી રહ્યો હતો. ઘંટારાવ અને પૂજારીના હાથમાંની આરતીના દીવાનો પ્રકાશ મને અકળાવી મૂકે તે પહેલાં જ મેં ત્યાં ઊભેલાં સર્વમાં મારું મન પરોવ્યું. ભાવિક જનો આરતી પૂરી થતાં ગીતાનો પંદરમો અધ્યાય બોલી રહ્યાં હતાં. મારું ચિત્ત પંદરમા અધ્યાયના એક પછી એક શ્લોકને મનમાં ઉચ્ચારી રહ્યું હતું; ત્યાં આ શ્લોક બોલતાં મન ઝબકી ઊઠ્યું:

"सर्वस्य चाहं हृदि सन्निविष्टो . . ."

. . . અને કંઈક તીવ્ર વેદના સહિત મનમાંથી ઉદ્વેગપૂર્ણ અવાજ આવ્યો:

"હે ઈશ્વર! તું બધાયના હૃદયમાં સમભાવથી બિરાજે છે, તો પછી હિંદુધર્મીઓના હૃદયમાં કેમ નથી લાગતો?"

હું આ મૂક પ્રાર્થના પછી કેટલીય વાર સુધી શાંત ઊભો રહ્યો. જ્યાં કોઈની અવરજવર ન હતી, તેવા દૂરના સ્થાને એક સ્તંભને ટેકે હું સ્થિર – જડ જેવો ઊભો રહ્યો. મને સમજાતું ન હતું, કે જેઓ ઈશ્વરને સર્વના – જીવમાત્રના હૃદયમાં ભાળવાના મંત્રનું નિત્ય પારાયણ કરે છે, તેઓ પોતાના જેવા જ માનવીઓના – હરિજનોના – હૃદયમાં નિવાસ કરી રહેલા ઈશ્વરને ક્યારે ભાળતા થશે?

ગીતાના અધ્યાયનું પારાયણ પૂરું થયું. સહુ આરતીની વંદના કરવા પડાપડી કરતાં આગળ ધસતાં જોવામાં આવ્યાં. હું તો પાછળ ઊભો ઊભો બધું જોતો રહ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એટલામાં એકાએક એ મંદિરના મુખ્ય સંસ્થાપક મહારાજને મેં દૂરથી આવતા જોયા, તેથી હું તેઓની સામે ગયો. મેં તેઓની પાસે પહોંચીને નમ્ર ભાવે પ્રણામ કરીને તેમને એક પ્રશ્ન પૂછવાની રજા માગી, જે તેમણે આપી.

"બહાર કેટલાંક હરિજન ભાઈબહેનો દર્શન કરવાની રાહ જોતાં ઊભાં છે. તેમને અંદર આવવાની મનાઈ છે. આપ તેઓને અંદર લાવવા અંગે જો કંઈ વ્યવસ્થા કરી શકો તો સારું." મેં અત્યંત સન્માનપૂર્વક વિનતિ કરતાં કહ્યું.

"તેઓને માટે કથા સાંભળવાની અલગ વ્યવસ્થા થયેલી છે; પરંતુ મંદિરની અંદર આવવા દેવામાં તો જેમણે આ મંદિર માટે જમીન આપી છે, તેમની સાથે આ બાબતમાં અગાઉથી હું બંધાયેલો છું." તેઓએ જમીનનું દાન કરનાર સજ્જન તરફ નિર્દેશ કરતાં પોતાની સ્થિતિની ચોખવટ કરી.

"પરંતુ આપને આ સ્થિતિ ધર્મયુક્ત લાગે છે ખરી ?" મેં ફરીથી પ્રશ્ન કર્યો.

આસપાસ ભાવિક જનોનું જૂથ જમા થઈ ગયું હતું; તે અમારી વાત ધ્યાનપૂર્વક સાંભળી રહ્યું.

"ધર્મયુક્ત તો ન કહેવાય; પરંતુ પ્રથમથી જ એ નિયમ સ્વીકારીને મંદિર બંધાયું છે; તેથી હવે શું થઈ શકે ? તેમ છતાં તમે ફરીથી અવકાશે મને મળજો; આપણે વધુ વાતો કરીશું." એમ કહીને તેઓ બીજા કામની ઉતાવળમાં હશે, તેથી આગળ ચાલ્યા ગયા.

તેઓને અને તેમની પાછળ જતા ભક્તજનોને હું જતા જોઈ રહ્યો. મને થયું, કે મંદિરના સ્રષ્ટા તરીકે તેમની પાસેથી મને જે ઉત્તર મળ્યો હતો, તેમાં તેઓની અછૂત પ્રત્યેની આદરભાવના ઓછી ન હતી; અને દાન આપનાર સજ્જનની સાથે વચનથી બંધાઈ ગયેલા હોવાથી તેમનાથી કંઈ ન થાય, એ સ્થિતિ પણ સાવ સ્પષ્ટ હતી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉત્તર સાંભળીને મને નિરાશા ન થઈ; કારણ કે કંઈક આવો જ ઉત્તર સાંભળવાની મારી તૈયારી હતી, પણ હું બાવરો બની ગયો. મને શું કરવું તેની કંઈ સૂઝ ન પડી શકી. હું આમતેમ જોવા લાગ્યો. ગીતાનું રટણ કરનાર ભક્તજનો મારી આસપાસ હજુ ઘૂમી રહ્યાં હતાં. ગીતાજીની મૂર્તિને સહુ વંદના કરી રહ્યાં હતાં. મારું અંતર ગીતાજીની પેલી પથ્થરની પ્રતિમાને નહિ, પરંતુ મેં જાતે સર્જેલી માનવમાત્ર પ્રત્યેની સદ્ભાવની લાગણી પ્રત્યે ધ્યાનસ્થ થઈને માનવમાત્રને નમન કરવા તત્પર થઈ રહ્યું હતું.

મારી સમજ એવી હતી, કે માનવજાતની પ્રગતિના ઇતિહાસમાં અતિ વિરલ પ્રસંગે માનવ-હૃદયના અણુમૂઝ સંગીતના સમત્વભરેલા જીવંત સ્વરને ભાષાબદ્ધ થવાનું મન થયું, ત્યારે જે ગીતરૂપે ગવાયું એ જ ગીતા છે. એ ભવ્ય ગ્રંથમાં જે કંઈ સંગીત ગવાયું છે, તેમાં માનવ-હૃદયના ભિન્નભિન્ન સૂરોનો સચોટ રીતે સુમેળ સધાયો છે. એ ચિરંજીવ સંગીતનું માધુર્ય ઝીલનાર યુગેયુગે કોઈક માનવી જન્મે છે ને તે જગતને ઘોર નિદ્રામાંથી જાગ્રત કરીને કાર્યરત કરવા માટે એ ગીતનો – ગીતાનો પોતાની રીતે પુનરુચ્ચાર માત્ર કરી જાય છે; પરંતુ મારી સન્મુખ ગીતાનું જે સ્વરૂપ હું જોઈ રહ્યો હતો, એ નિદ્રામાં પડેલા માનવીને જાગ્રત કરવા માટેનું નહિ, પરંતુ તે વધારે ઘેનપૂર્ણ નિદ્રામાં પડી રહે, એવા હેતુથી ગવાતું એકાદ હાલરડું જ લાગ્યું! હાલરડું ગાનાર માતાને માત્ર પોતાના બાળક પૂરતું જ હેત હોય છે; પરંતુ ગીતામાતાના ખોળે તો ધરતીનાં વાસીમાત્ર પનોતાં સંતાન છે; એવો એમનો કાયમનો આદેશ છે; અને તેમ છતાંય ગીતાના ગાનારના અમર ઉદ્બોધનની પૂરેપૂરી અવગણના કરનાર માનવી પણ હિંદુ ધર્મમાં ધર્મિષ્ઠ અને પુણ્યવાન તરીકે સ્વીકારાઈને સન્માન પામી રહે છે, એ જોઈ કોને આશ્ચર્ય ન થાય?

હું પાછો પગથિયાં તરફ ચાલ્યો. જે ભારે પગે હું ચઢ્યો હતો, તેટલા જ ભારે મન સાથે હવે એ પગથિયાં ઊતરી રહ્યો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મંદિરની કલ્પના કરનાર અને તે બંધાવવા માટે ધનનું દાન કરનાર પ્રત્યે સંપૂર્ણ આદર ધરાવવા છતાં એ મંદિરનાં પગથિયાં ઊતરતાં મને કોઈ જ સ્થળે ઐશ્વર્ય કે ઉદાત્ત ભાવના જાગ્રત કરે તેવું કોઈ જ ધર્મતત્ત્વ ન દેખાયું. હિંદુધર્મીઓનાં સાવ જડ બની ગયેલાં હૃદયમાં ચેતનનો સંચાર શી રીતે થાય, કે જેથી તેઓ સમજતા થાય કે દુનિયામાં કોઈ અછૂત નથી — ન હોઈ શકે, એનો વિચાર કરતાં કરતાં મારી નજર સામે ઈંટ, ચૂનો, પથ્થર અને સિમેન્ટના બંધાયેલા જડ મકાન — જેને મંદિર કહેવામાં આવતું હતું, તેની ઉપર વીજળીની બત્તીનો ફીકો પ્રકાશ પડતો જોયો, ત્યારે એ બધુંય મને સાવ નિર્જીવ લાગ્યું. એમાંનું કંઈ જ જીવંત પ્રેરણા આપે તેવું બળ ધરાવતું ન હતું. નર્યું જડ વસ્તુઓનું જાણે સંગ્રહસ્થાન ન હોય !

એક . . . બે . . . ત્રણ . . . પગથિયાં ઊતરતો જ ગયો ને વિચારમાં સપડાઈ રહ્યો હતો; એમ પગથિયાં પૂરાં થતાં મંદિરનું પ્રવેશદ્વાર મારી નજરે પડ્યું. દરવાજા પરની ઝાંખી બત્તી જોતાં મારા અંતરમાં બળતરા જાગી :

" મારી રાહ જોઈ ને ઊભેલી પેલી બાઈ ને હું શો જવાબ દઈશ ? "

એક હિંદુધર્મી તરીકે એ સમયે મારી શરમ અને હલકાઈની લાગણીની કોઈ સીમા ન હતી; ત્યારે મનમાંથી ફરી અવાજ આવ્યો : " હિંદુધર્મી હરિજનોને અછૂત ગણીને ધુતકારી – તિરસ્કારીને અડકતાં અભડાય છે, પણ અત્યારે ખરેખર અછૂત કોણ હતું ? હું કે પેલી દરવાજા બહાર ઊભી રહેલી ગરીબ બાઈ ? ખરેખર અછૂત જેવું વર્તન મારું – હિંદુધર્મીનું હતું, કે પેલી આજ્ઞાપાલન કરનાર બાઈનું ? "

મારા મનની અકળામણ સાથે હું પ્રવેશદ્વારે પહોંચ્યો.

" કેમ, ભાઈ ! શો જવાબ લાવ્યા ? દર્શનની છૂટ મળી ? " પેલી બાઈ ખૂબ હેતથી ને હોંશેભરી મને પૂછવા લાગી.

મેં તેના બાળકને ઊંચકી લીધું ને તદ્દન ટૂંકાણમાં સ્થિતિ સમજાવી. એ બાઈની આસપાસ બીજાં ભાઈબહેનો પણ આવી ઊભાં. કેટલાંકની આંખોમાં આંસુ ભરાઈ આવતાં મેં જોયાં. મારી તેઓ પ્રત્યેની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

સહાનુભૂતિની લાગણીએ પણ માઝા મૂકી. મેં ક્ષણ વાર આંખો બંધ કરી. મને મનમાં પેલો શ્લોક સાંભરી આવ્યો :

नत्वहं कामये राज्य न स्वर्गं नापुनर्भवम् ।
कामये दुःखतप्तानां प्राणिनामार्तिनाशनम् ।।

હું દુઃખી માત્રનું દુઃખ દૂર થાય, એ જ ઇચ્છું છું. મને સ્વર્ગ કે રાજ કંઈ ન ખપે.

ટિપ્પણ અને પ્રશ્નો

આધેડ – પુખ્ત, મોટું, પ્રૌઢ. **આડમાં** – ઓથામાં. **વરણ** – વર્ણ, જાત, કોમ (ગ્રામ્ય બોલીમાં નારીને બદલે નાન્યતર જાતિમાં વપરાય છે). **છડેચોક** – ખુલ્લી, જાહેર રીતે. **કદમબોસી** (ફા.) – કદમ – પગ, બોસા–ચુંબન;– પગ ચૂમવા, ગુલામી કરવી, સેવા કે વેઠ કરવી તે. **આધિપત્ય** – સત્તા, માલિકપણું (અધિપતિ પરથી ભાવવાચક નામ). **દાનિયાં** – દનિયું – એક દિવસનું મહેનતાણું – મજૂરી. **ઇનકાર** (ફા.) – અસ્વીકાર, નામંજૂર. **માળખાં** – માળખું – માલખું – શરીર, પાંજરા જેવું ખોખું. **અહંતા** – હુંપણું, ગર્વ, મિથ્યાભિમાન. **सर्वस्य...सन्निविष्टो** – હું બધાના હૃદયમાં વસું છું – બેઠો છું. **પારાયણ** – અધ્યયન, ધ્યાનથી અભ્યાસ કરવો. **ધર્મયુક્ત** – ધર્મવાળી, ધાર્મિક. **ચિરંજીવ** – હમેશ માટે ટકી રહે તેવું, સનાતન. **કાર્યરત** – કાર્યમાં પ્રવૃત્ત – મગ્ન. **ઉદ્બોધન** – ઉપદેશ, બોધ. **અછૂત** – અસ્પૃશ્ય.

૧. ઊંચ નીચના વાડા કોણે બાંધ્યા? શા માટે? એમાં ન્યાયવૃત્તિ છે ખરી?

૨. આ પ્રસંગના લેખક મંદિર જોવા કેમ ન ગયા?

૩. હરિજન બહેનોના શબ્દો લેખકને મહેણાં–ટોણાં જેવા શા માટે લાગ્યા? હરિજન બહેનોને મંદિરમાં દાખલ થવાનો વિશેષ અધિકાર શા માટે હતો?

૪. લેખક 'મંદિર ખરેખર પવિત્ર ન હતું!' એમ શા માટે કહે છે?' મંદિરને જડ વસ્તુઓના સંગ્રહસ્થાન સાથે કેમ સરખાવ્યું છે?

૫. ખરા અર્થમાં 'ઊંચો ને સાચો' કે 'જૂઠો ને હલકો' માણસ કોને કહેવાય?

૬. ગીતાના સાચા ઉપદેશ બાબત લેખક શું કહે છે? એ ઉપદેશ કે ભાવના પ્રમાણે માણસો વર્તે છે ખરા?

૭. લેખકની દૃષ્ટિએ અછૂત જેવું વર્તન કોનું હતું? શા માટે?

૮. નીચેના રૂઢિપ્રયોગો સમજાવો ને વાક્યમાં વાપરો: – સોળ આના વાત; છડેચોક; આંખ આડા કાન કરવા; પરસેવો પાડવો; માઝા મૂકવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કિસનસિંહ ચાવડા

[શ્રી. કિસનસિંહ ગોવિંદસિંહ ચાવડાનો જન્મ ૧૯૦૪માં થયો હતો. ગૂજરાત વિદ્યાપીઠમાં અભ્યાસ કરી એમણે થોડો સમય પોંડીચેરીના અરવિંદ આશ્રમ અને શાંતિનિકેતનમાં ગાળ્યો. આમ આ યુગની ત્રણ મહાન વિભૂતિઓ –મહાત્મા ગાંધી, મહાયોગી અરવિંદ ઘોષ, અને કવિવર ટાગોરના સત્સંગનો લાભ એમને મળ્યો. થોડો વખત મુંબઈની ફેલોશિપ સ્કૂલમાં શિક્ષક તરીકે કામ કર્યા પછી એમણે પત્રકારત્વ અને મુદ્રણનો વ્યવસાય સ્વીકાર્યો. હાલમાં વડોદરાના ચેતના મુદ્રણાલયનું સંચાલન કરે છે. શ્રી. ચાવડાની શૈલી ચમકદાર અને આકર્ષક છે. એમણે ટૂંકી વાર્તાઓ (કુમકુમ) લખી છે ને હિંદી તથા બંગાળીમાંથી અનુવાદ કર્યા છે. શ્રી. ચાવડાએ ઘણા લાંબા પ્રવાસો કર્યા છે. એમના પ્રવાસોની હકીકતની લેખમાળા 'જિપ્સીની આંખે' નામથી 'સંસ્કૃતિ'માં પ્રકટ થઈ છે.]

શ્રદ્ધાનું કાવ્ય

બરાબર યાદ છે. ભુલાય નહિ એવી એ સાંઝ હતી. બાકી જીવનમાં ઘણુંય યાદ નથી રહેતું. પ્રકૃતિની સુંદરતા અને માણસના હૃદયની મીઠાશ પણ ઘણી વખત વિસ્મરણની ખાઈમાં ખોવાઈ જાય છે. પણ કોઈની મૂગી દૃષ્ટિ, કરુણતાથી છલકાતો કોઈનો નિઃશ્વાસ, સૂનું પડેલું એકલવાયું કોઈ ખંડેર અને હૃદયની નિગૂઢ શ્રદ્ધા સમું ઉજ્જડ વનમાં ખીલેલું કોઈ કુસુમ હમેશાં સ્મૃતિની ભીનાશથી અંતરમાં ચિરંજીવ બની રહે છે.

૧૯૪૯, અઠ્ઠાવીસમી જૂન. અમે બપોરે ચાર વાગ્યે નાયરોબીથી નૈવાશા જવા નીકળ્યા. નેમ તો હતી નૈવાશાનું સરોવર જોવાની. રસ્તામાં કિકુયુ સરોવર પણ જોવાઈ જશે એ અપેક્ષિત હતું. કિકુયુ સરોવર પણ દુનિયાની એક અજાયબ ચીજ છે. એને વિષે સાંભળેલું ખૂબ. અમેરિકન અને પશ્ચિમના બીજા મુસાફરોએ એનાં વર્ણનો આશ્ચર્યમુગ્ધ બનીને કરેલાં. અને જોયું ત્યારે આંખો જોઈ જ રહી. આ સ્થાનને માટે આટલી બધી દિઙ્મૂઢતા! અમદાવાદના કાંકરિયા તળાવ જેટલું વિશાળ પણ એ નહીં હોય. એમાં ઉપર પાણી દેખાતું નહોતું. પાણી ઉપર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ ત્રણ ફૂટ જમીનના થર ચઢી ગયેલા. એની ઉપર ઘાસ ઊગેલું. ઉપર ચાલી શકાય. ચાલીએ ત્યારે જમીન હાલતી લાગે. ગમે ત્યારે પગ અંદર ઊતરી પડશે એવો ભય લાગ્યા જ કરે. વચ્ચે દસેક ફૂટનો એક ખાડો ખોદીને રાખેલો. દેખાડવા માટે કે ત્રણ ફૂટ નીચે પાણી ભર્યાં છે. અમે પણ ચાલ્યા. અનુભવ લેવો હતો. મારા પંચોતેર શિલિંગના જોડાની કાયા ખરાબ કરી નાખી. દિલ નાખુશ થઈ ગયું. પણ બુદ્ધિ હારે એમ નહોતી. એણે દલીલ કરી કે એક નવીન અજાયબી જોઈ. પ્રકૃતિની અનેકવિધ વેરાયલી વિવિધતામાંથી એક અજબ ચીજ જોઈ. મન જંપ્યું. પણ અંતરનો વિષાદ ઘટ્યો નહિ.

અમે ચાલ્યા નૈવાશા. મોટર ઝડપથી સરતી હતી. પેટનું પાણી હાલતું નહોતું. ડામરની સડક એટલી એકસરખી અને સ્વચ્છ હતી કે ચાલવાનું મન થાય. મારા યજમાને વાત માંડી. આ સડક બાંધનારા છે ઇટાલિયન કેદીઓ. ગઈ લડાઈ વખતે અહીં કેનિયામાં ઘણા યુરોપિયન કેદીઓની છાવણીઓ હતી. તેમાં ઇટાલીના વતનીઓ ઘણા હતા. એમાંના ઘણા ઇજનેરી કામના દક્ષિણ કારીગરો અને મજૂરો હતા. એ લોકોનો કેનિયાની સરકારે સદુપયોગ કરીને આ સિત્તેર માઈલનો રસ્તો બંધાવ્યો. મને રોમ, મિલાન અને ફ્લૉરેન્સના રસ્તા સાંભર્યા. એટલી જ સફાઈ, એટલી જ દક્ષતા અને એ જ ઘાટ. મોટર સાઠ માઈલની ઝડપથી જતી હતી. પણ એ ગતિ વરતાતી નહોતી. અમેરિકામાં ઘણી વખત માણેલી સિત્તેર માઈલની ઝડપ યાદ આવી ગઈ.

મારા યજમાને વાત આગળ ચલાવી. આ કેનિયાનો સર્વોત્તમ માર્ગ છે. આવી સડક તમને આખા પૂર્વ આફ્રિકામાં બીજે નહિ મળે. પણ આ તો એ કેદીઓ મારફત મેળવેલો સ્થૂલ લાભ છે. એ મજૂરીની એક સૂક્ષ્મ પણ બળવાન અસર આફ્રિકનો ઉપર થઈ છે. આફ્રિકનો આજ સુધી એમ માનતા કે ગોરી ચામડી રાજ્ય કરવા સરજાઈ છે, એ લોકો દેવો છે; અથવા દેવોનું વરદાન પામેલા સુભાગી માણસો છે. આવી માન્યતા લગભગ શ્રદ્ધા બની ગઈ હતી. એ આફ્રિકનોએ ઇટાલિયન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેદીઓને મજૂરી કરતા જોયા. ખોદતા, ટોપલા ઊંચકતા, ખરે બપોરે ઉઘાડે શરીરે પરસેવો પાડતા એમણે ગોરાઓને પોતાની સગી આંખે જોયા. અને એમના ઉપર ચોકી કરનારા પાછા એમના જ ભાંડુઓ આફ્રિકન લશ્કરી સિપાઈઓ દીઠા. આ પરિસ્થિતિએ આફ્રિકાવાસી મૂળ વતનીના દિલમાં દીવો કર્યો. એમને લાગ્યું કે આ ગોરાઓ પણ આપણા જેવા જ માણસો છે. એમને પણ શાપ ભોગવવો પડે છે, કેદની કાળી મજૂરી કરવી પડે છે અને કાળાઓની તકેદારીમાં રહેવું પડે છે. આ લાગણીએ એમના મનમાંથી લઘુગ્રંથિને ઉખેડી નાંખી. એને ઠેકાણે સમાનતાની ભાવનાનો નીરોગી છોડ એમની ચેતનામાં ઊગ્યો. એમાંથી આત્મવિશ્વાસ જન્મ્યો. આ પરિવર્તને એમનો કાયાકલ્પ કર્યો. આફ્રિકાવાસીઓની પોતાની મુક્તિની લડતમાં આ રૂપાંતર સમુત્ક્રાંતિની દૃષ્ટિએ સીમાચિહ્ન બની રહેશે.

અમારી મોટર એકદમ રોકાઈ ગઈ. અમે એક ઊંડી ખીણને કિનારે આવીને ઊભા હતા. સામે પશ્ચિમની ક્ષિતિજે એક ઠરી ગયેલો જ્વાલામુખી સત્તા ખોઈ બેઠેલ નેતા જેવો બેઠો હતો. એની ઉપર વાદળાંની મહેફિલ જામી હતી. એ શરારતી વાદળાં સૂર્યને બહાર ઝાંખવામાં અંતરાય નાંખતાં હતાં. પણ સૂરજ છૂપ્યો રહે! પ્રકાશનો ઓઘ નાયગરાના ધોધની જેમ જ્વાલામુખીની પાછળ ઠલવાતો હતો. નાયગરાના અદ્‌ભુત અને ગતિવંત ધોધ જોઈને અંતરને જીવનની ગતિનું ભાન થયું. પણ આ તેજના ધોધને તો આંખોએ પ્રથમ વાર નીરખ્યો. સ્થિરતા અને સ્ફૂર્તિનો અદ્‌ભુત સંગમ, ભવ્યતા અને સામર્થ્યનો અપૂર્વ સમન્વય જોઈને અંતર આશ્ચર્યમુગ્ધ બની ગયું. આ દૃશ્ય જોઈને દૃષ્ટિ નીચે ઊતરી ત્યારે દૂર દૂર સુધી વિસ્તરેલી અને આથમતા સૂર્યના પ્રકાશથી સિંચાયલી ખાઈમાં એ પડી. આ જ ખાઈ જગતમશહૂર 'રિફ્ટ વેલી'—પૅલેસ્ટાઈનથી ધરતીના શરીરમાં પડેલી આ ફાટ—છેક દક્ષિણ આફ્રિકા સુધી ઊતરી ગઈ છે.

સૂર્ય પેલા ઠંડા જ્વાલામુખીની પાછળ ઊતરી પડયો. સંધ્યા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવતી હોય એવો આભાસ થયો. અમે નૈવાશા ભણી આગળ ચાલ્યા. ખાઈને કિનારે જ્યાં સડક વળ ખાઈને નીચે ઊતરે છે ત્યાં ખૂણા ઉપર ખાઈ ભણી મુખદ્વારવાળું એક દેવળ ઘાટવાળું નાનશું સ્વચ્છ કલાત્મક મકાન ઊભું હતું. જ્યાં અને જેવી રીતે એ બંધાયું હતું એટલું જ એની અસામાન્ય ચિત્રાત્મકતા પુરવાર કરવા માટે બસ હતું. મોટર ઊભી રાખી. અમે ઊતરીને જોયું. એ દેવળ હતું. દીવાલ ઉપર સંત જ્હોન, સંત પિટર અને બીજાં અનેક પ્રસંગોનાં હૃદયંગમ ચિત્રો હતાં. વચ્ચે મેડોનાની મૂર્તિ હતી. હાથમાં જિસસનું બાલરૂપ હતું. દેવળ બંધ હતું. અમારા યજમાને શરૂ કર્યું. આ દેવળ ઇટાલિયન કેદી મજૂરોએ પોતાની સ્વેચ્છાથી બાંધ્યું છે. સડક બાંધતાં એમાંથી વધેલો માલ સામાન એમાં વાપર્યો છે. પથ્થરો આ ખીણને કિનારેથી ખોદેલા છે. ચિત્રો પણ એ કલાકાર કેદીઓનાં જ છે. એનો ઘાટ, એનું રૂપ એ બધું જ પેલા ઇટાલિયન કેદી કારીગરોના હૃદયધર્મનું પરિણામ છે. એમાં ખર્ચેલાં નાણાં એ કેદીઓએ પોતાની મજૂરીમાંથી ખર્ચ્યાં છે.

સંધ્યા બરાબર ઊતરી આવી. સંધ્યાનું અજવાળું પોતાનું આગવું હોય છે. એમાં સૂર્યના પ્રકાશની સ્પષ્ટતા અને રાત્રિના અંધકારની ઘનતા બન્નેનો અભાવ હોય છે. દિવસની વિદાય અને રાત્રિના આગમનનો સંગમ આ સંધ્યાને ઉંબરે થાય છે. મારા અંતરમાં આ સંધ્યાએ કરુણમંગલ ભાવો જગાડ્યા. લગ્ન પછી પતિને ઘેર જવા માટે પિયેરની વિદાય લેતી મીંઢળ બાંધેલી સૌભાગ્યવતીના અંતરમાં માબાપ, ભાઈભાંડુ અને પિયેરની વિદાયનું કારુણ્ય હોય છે. અને પતિને ઘેર આવનારા નવા જીવનના પ્રારંભનું મંગલ સ્વપ્ન હોય છે.

એ સંધ્યા કરુણ હતી, ઠરેલા જ્વાલામુખીની દુઃખદ યાદ હતી, ધરતીને શરીરે પડેલી ફાટનું દર્દ હતું, દિવસના અવસાનનો વિષાદ હતો, અજવાળાને આથમતું જોયું હતું તેની ગમગીની હતી. એ સંધ્યા સાચે જ અતિ કરુણ હતી. પણ સાથે જ પેલા ઇટાલિયન કેદીઓના હૃદયધર્મના દીવાનું નવું તેજ હતું. માનવતાની નિત્યનૂતન, ચિરંજીવ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આસ્થાના બળની હૂંફ હતી. માનવતાની અભિનવ મંગલાનું સ્વપ્ન હતું. પથ્થરોમાં પ્રગટેલા મનુષ્યહૃદયની શ્રદ્ધાના કાવ્યને સહજ રીતે દૃષ્ટિ નમી પડી. પછી નૈવાશા હું ના જઈ શક્યો.

ટિપ્પણ અને પ્રશ્નો

નાયરોબી–બ્રિટિશ પૂર્વ આફ્રિકાના કેનિયાનું મુખ્ય શહેર. સ્વચ્છતા, સારાં હવાપાણી, અને સારી વ્યવસ્થા માટે જાણીતું છે. એની પાસેનાં કેટલાંક જોવા લાયક સ્થળોનો આ પાઠમાં ઉલ્લેખ થયો છે. **ગઈ લડાઈ**–બીજું વિશ્વયુદ્ધ (૧૯૩૯–૪૫). **દક્ષિણ**–કુશળ. **રોમ, મિલાન, ફ્લૉરેન્સ**–ઇટાલીનાં ત્રણ પ્રાચીન શહેરો: સ્થાપત્ય અને શિલ્પની ઉત્તમ કારીગરી માટે વિશ્વવિખ્યાત. **લઘુગ્રંથિ**–પોતે નીચા, હલકા કે કમઅક્કલ છે એવો માનસિક ખ્યાલ, Inferiority complex. **ચેતના**–હૃદયની જાગૃતિ, ચેતન. **કાયાકલ્પ**–શરીરનું નવવિધાન, ઔષધ કે યોગને આધારે શરીરમાં નવા યૌવન કે શક્તિનો સંચાર. **સમુત્ક્રાંતિ**–રાજકીય કે સામાજિક સમાનતા માટેનો વિપ્લવ, જાગૃતિ. **મહેફિલ**–(અરબી૦ મહફિલ) મિજલસ, ઉજાણી. **શરારતી**–(શરારત–અરબી૦) દુષ્ટ, વિક્ષેપકર્તા. **જહૉન અને પિટર**–ઈશુ-ખ્રિસ્તના બારમાંના બે મુખ્ય શિષ્યો. **મેડોના**–ઈશુખ્રિસ્તની માતા મેરી. રોમન કૅથલિક સંપ્રદાયનાં દેવળોમાં એની પ્રતિમા હોય છે. મેડોનાનાં અનેક મધ્યકાલીન ચિત્રો અને પ્રતિમાઓ જગમશહૂર છે.

૧. આ લેખના શીર્ષકની યથાર્થતા અને અર્થ સમજાવો.

૨. આ લેખમાં જે ઐતિહાસિક સ્થળો ને વ્યક્તિઓનો ઉલ્લેખ થયો છે તેને માટે માહિતી મેળવો.

૩. કઈ પરિસ્થિતિને કારણે આફ્રિકાના મૂળ વતનીમાં સમાનતાની ભાવના જાગી?

૪. ઇટાલિયન કેદીઓએ કેવી રીતે દેવળ બાંધ્યું? એમની આસ્થા માટે લેખક શું કહે છે?

૫. રૂઢિપ્રયોગો સમજાવો:–પેટનું પાણી હાલવું; દિલમાં દીવો કર્યો; સીમાચિહ્ન બની રહેવું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુલાબદાસ બ્રોકર

[શ્રી. ગુલાબદાસ હરજીવનદાસ બ્રોકરનો જન્મ પોરબંદરના ગર્ભશ્રીમંત જૈન કુટુંબમાં ૧૯૦૯માં થયો હતો. માધ્યમિક શાળા અને વિદ્યાપીઠનું શિક્ષણ મુંબઈમાં લઈ એમના વડીલોએ મુંબઈમાં સ્થાપેલી શૅરદલાલની પેઢીમાં પોતે જોડાયા. ૧૯૩૨–૩૩ના સત્યાગ્રહ વખતે જેલનિવાસ દરમ્યાન એમની લેખન-પ્રવૃત્તિની શરૂઆત થઈ. આજે આપણા ટૂંકી વાર્તાના લેખકોમાં શ્રી. ગુલાબદાસ સારું સ્થાન મેળવી શકયા છે. 'લતા અને બીજી વાતો', 'વસુંધરા અને બીજી વાતો' અને 'સૂર્યા' એમના જાણીતા વાર્તાસંગ્રહો છે.

શ્રી. ગુલાબદાસની વાર્તાઓમાં આપણા સમાજની સારી અને નરસી બંને બાજુનું ઝીણવટભર્યું અવલોકન હોય છે. સમાજનાં અનિષ્ટ કે નરસાં તત્ત્વો પર કટાક્ષ કરવો એ ચૂકતા નથી. આપણા દૈનિક જીવનમાં સામાન્ય લાગતા એક પ્રસંગને લેખકે અહીં સરસ રીતે રજૂ કર્યો છે અને જુદાં જુદાં પાત્રોના સ્વભાવ ને દૃષ્ટિ દર્શાવી પ્રસંગને વિશેષ રસમય ને કલામય બનાવ્યો છે. મોટેરાંની ખંધાઈ અને અન્યાયવૃત્તિ સાથે બાળકોની સ્વાભાવિક નિર્દોષતા ને સરળતા વિરોધમાં સરખાવવા જેવી છે.]

માજીનો પ્યાલો

ઘરમાં બધે દોડધામ થઈ રહી. ચારે તરફ તપાસ ચાલી રહી. બુઢ્ઢાં માજી પણ માંદાં માંદાં એ તપાસમાં જોડાયાં.

"પણ એ જાય કયાં?" ઘરમાંથી કોઈએ કહ્યું.

"આજ તો ઠીક છે કે એક નાની ચીજ ગઈ, પણ આવી રીતે કાલે સવારે કોઈ મોટી ચીજ પણ ચાલી જાય." વળી કોઈ બીજું બોલ્યું.

એમ ને એમ શોધતાં શોધતાં જ્યારે ઘરનો ખૂણેખૂણો તપાસાઈ ગયો પણ ખોવાયેલી વસ્તુ ન મળી ત્યારે ઘરનાં બધાં માણસોને ખાતરી થઈ ગઈ કે એ ચીજ કયાંય મુકાઈ ગઈ નહોતી પણ ચોરાઈ ગઈ હતી. એ ચીજ તો સાવ સામાન્ય હતી — પાણી પીવાનો ચાંદીનો એક પ્યાલો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માત્ર. માંદાં માજીને તેમના ઓરડામાં જ તેમની જરૂરની ચીજો આપવામાં આવી હતી જેથી તેમને તકલીફ ન પડે. આ પ્યાલો માજીના ઓરડાની એક બારી ઉપરની માટલી ઉપર પડ્યો રહેતો.

માજીના ઓરડાની એ બારી આગળથી જ ઉપરના માળ પર જવાની સીડીનો રસ્તો હતો. એ રસ્તે જનાર કોઈ એ પ્યાલો ઉપાડી ન જાય એટલા ખાતર માજી એ બારી હંમેશાં બંધ રાખતાં. ઉપર રહેનાર કોઈ તો એવું ન કરે, પણ નોકરચાકરનો શો ભરોસો?

જેવું માજીને થયું કે પ્યાલો ચોરાયો કે તરત જ તેમની નજર એ બારી ઉપર ગઈ. બારી અર્ધી ઉઘાડી પડી હતી. તેમના પેટમાં ફાળ પડી. એમને ખાતરી થઈ ગઈ કે એ બારી દ્વારા જ તેમનો પ્યાલો ભરખાઈ ગયો.

"આ બારી કોણે ઉઘાડી મૂકી હતી?" તેમણે બૂમ મારી. બધાં ત્યાં દોડી આવ્યાં. સર્વાનુમતે નક્કી થયું કે કોઈ બાળકે જ તેમ કર્યું હશે. ગુસ્સાભરી આંખે માજીએ બધાં બાળકો સામે જોઈ લીધું. ને લાગલાં જ એ ઓરડામાંથી એ પાપનાં જાણતાં અજાણતાં ભાગીદાર જેવાં એ બાળકો રવાના થઈ ગયાં.

હમણાં મહિના દોઢ મહિનાથી ઉપરનો ભાગ ખાલી હતો. એકબે દિવસમાં શેઠ ઘરને ચૂનો લગાડવાના હતા. એ બધી સામગ્રી ઉપર પડી રહેતી ને તેને સાચવવા એક નવો નોકર શેઠે રાખ્યો હતો. એ નોકર બેત્રણ દિવસથી ઉપર જ સૂતો. આજે સવારમાં વહેલો વહેલો તે ક્યાંક ચાલી ગયો હતો. તે જ પ્યાલો ચોરી ગયો હશે તે વિષે કોઈને શંકા ન રહી.

આતુરતાપૂર્વક બધાં તેના પુનરાગમનની રાહ જોવા લાગ્યાં.

તે માણસ પાછો આવવાનો તે તો નક્કી જ હતું કેમ કે દસબાર રૂપિયાના ચાંદીના પ્યાલાથી તેનું નસીબ કંઈ ઊઘડી જવાનું નહોતું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
કે તે નોકરી છોડી દઈ ભાગી જઈ શકે. કલાક બે કલાકમાં તો તે પાછો આવવો જ જોઈએ કેમ કે તે દિવસે તો ચૂનો દેવાનું કામ શરૂ થવાનું હતું.

પણ એ કલાક બે કલાક વ્યર્થ ન ગયા. તે માણસ વિષે એ સમય દરમિયાન રસભરી વાતો થવા લાગી.

"એ તો મેં એનું મોઢું જોયું ત્યારથી જ મને લાગતું હતું કે આ માણસ સારો નથી." માજીએ પથારીમાં બેઠાં બેઠાં પરમ સત્ય ઉચ્ચારતાં હોય એવી ઢબે કહ્યું.

"મને પણ એવું જ લાગતું હતું હો! પણ મેં કહ્યું કે આપણને શી ખબર પડે?" નાની વહુએ માથા ઉપર છેડો ઠીક કરતાં કહ્યું.

"બેટો આવી જાય તો એને તો બરોબર બતાવી દઉં." નાની વહુ સામે રુઆબપૂર્વક જોઈ એનો પતિ બોલ્યો.

અને એવી રીતે વાતચીતમાં થોડો સમય ગયો ત્યાં પેલો ચોર તો ન આવ્યો પણ ભાડું લેવા માટે શેઠનો મહેતાજી આવી પહોંચ્યો.

અત્યંત ઉશ્કેરાટપૂર્વક મહેતાજી પાસે ચોરીની આખી ઘટના રજૂ થઈ. દુઃખપૂર્વક અંતે માજીએ કહ્યું:

"ભાઈ, આવા માણસને ક્યાં મોકલ્યો? આ તો ઠીક છે કે આ પ્યાલાની નજીવી વાત હતી, પણ કાલ સવારે તો એ ઘર જ લૂંટી જાય ને?"

ત્યાં તો પેલો નાની વહુનો વર બોલી ઊઠ્યો:

"માગીને લઈ જાય તો તો એક લાખ રૂપિયાની પણ ના ન પાડીએ, પણ આમ તો એક પૈની ચીજ પણ ચોરાઈ જાય એ ન પોસાય." જાણે એક લાખ રૂપિયાનું દાન તો હરહંમેશ વિના સંકોચે તે કરી દેતો હોય તેવી તેની મુખમુદ્રા બની રહી.

તે જોઈ ફરી ત્યાં જ ભેગાં મળેલાં બાળકો હસી પડ્યાં. પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેમને ત્યાંથી હટાવી મૂકવાને માટે તો એ જુવાનની એક જ નજર બસ હતી. તે લાખ રૂપિયા તો આપે કે ન આપે પણ બે ચાર તમાચા તો આપી જ દેશે તેની એમને ખાતરી થઈ ગઈ.

વાતો ચાલતી હતી ત્યાં ઓચિંતાં જ માજીને કાને એક નાનો સરખો અવાજ આવ્યો અને તે ચમકી ઊઠ્યાં. તેમની વૃદ્ધાવસ્થા તેમના કાન સુધી પહોંચી નહોતી. તેમણે કહ્યું :

"ભાઈ, ઉપર કંઈ સળવળાટ થતો સંભળાય છે. જુઓ તો ખરા, એ આવ્યો કે નહિ?"

તરત જ મહેતાજી ઉપર દોડ્યો. સાથે માજીનો પેલો લાખ રૂપિયાનો જેને હિસાબ નહોતો એ પુત્ર પણ દોડ્યો. નીચે બધાં એક ધ્યાને ઉપરના વાતાવરણના ગુંજારા ઝીલવા તત્પર થઈ ગયાં.

થોડી રાડારાડી, એકાદ બે તમાચા, રહુંરહું થઈ જતો પેલા નોકરનો અવાજ; વધુ રાડારાડી, મહેતાજીના અવાજમાં ભળી જતો પેલા જુવાનનો અવાજ, એ બધું નીચે બેઠેલાઓના ધ્વનિયંત્ર ઉપર અથડાયું.

અર્ધોએક કલાક પછી મહેતાજી અને પેલો જુવાન — મણિલાલ — નીચે આવ્યા. પ્રશ્નાર્થસૂચક દૃષ્ટિ માજીએ તેમની તરફ ફેંકી.

"એ હરામખોર એમ માને એવો નથી." મહેતાજીએ કહ્યું : "મેં એને કેટલો ધમકાવ્યો ને માર્યો તે તો ભાઈ જાણે છે. પણ એ કબૂલ થતો નથી."

"એ લુચ્ચા લોકો એવા જ હોય." મણિલાલ બોલ્યો. "એકાદ તમાચો મેં પણ ખેંચી કાઢ્યો, પણ એ તો કહે : 'ના, શેઠ, મને તો કંઈ ખબર નથી. મારે આવી નોકરી કરીને જીવવું એમાં આવી ચોરી કેમ પોસાય?' અને પાછો ઢોંગી એવો કે જ્યારે વધારે દમ માર્યો અને પોલીસમાં લઈ જશું તેમ કહ્યું ત્યારે રડી પડ્યો."

"પણ જો એણે ચોરી નથી કરી તો સવારના પહોરમાં એ ગયો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હતો ક્યાં ?" માજીએ પૂછ્યું. તેમની ચપટીમાંની છીંકણી જરા વધારે પ્રમાણમાં સૂંઘાઈ ગઈ હશે કે કેમ પણ દોઢ મિનિટ સુધી તેમણે તે પછી છીંકો ખાધા જ કરી.

તે શાંત પડતાં જ મહેતાજી બોલ્યો :

"ચોર સાલો. પણ જૂઠું બોલવામાં પાકો છે હોં! કહે છે કે એ તો એની તમાકુ ખલાસ થઈ ગઈ હતી તે લેવા ગયો હતો. ને રસ્તામાં આજુબાજુનો કોઈ માળી મળી જતાં તેને ત્યાં બેઠો રહ્યો હતો ગપાટા મારવા, એટલે વાર થઈ."

"હા, ભાઈ હા. એ કહે એ સાચું. શાહુકારની એક આંખ ને ચોરની ચાર. એ તો જરા વધારે દમ મારશો ને પેલા પોલીસકાકાની રાતી આંખ દેખશે કે ચપ દઈને કાઢી દેશે પ્યાલો." માજીએ આખી યોજના સમજાવી દીધી.

"હા, હા, માજી, એના વિના છૂટકો જ નથી." મહેતાજીને આવું કંઈક પરાક્રમ કરવાનો કદાચ જીવનમાં પહેલો જ પ્રસંગ પ્રાપ્ત થયો હશે.

"ચાલો, હું પણ સાથે જાઉં છું." મણિલાલ બોલ્યો.

માજીએ ગળું ખંખાર્યું અને કહ્યું :

"તું રહેવા દે મણિલાલ, એ તો મહેતાજી એકલા જ એને પૂરા પડે તેમ છે."

"કંઈ નહિ ત્યારે." કરીને મણિલાલ અટકી ગયો.

"હું હમણાં જ જઈ આવું." મહેતાજીએ કહ્યું. તેનો ઉત્સાહ આજે માતો નહોતો. "કલાકમાં તો પાછા આવી જશું. બેચાર સોટી પડશે કે બેટો સમજી જશે."

તે ચાલ્યો ગયો.

તે ગયો, કે તરત જ માજી બોલ્યાં :

"લ્યો, ભાઈ થઈ ગયા તૈયાર! આવડો મોટો છોકરો થયો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ કંઈ સમજ છે? એ પોલીસબોલીસના લફરામાં આપણે ન પડીએ, ભાઈ."

પાછાં બધાં શાંત થઈ ગયાં. મહેતાજી પેલા નોકરને કાંડું પકડી ધમકાવતો ધમકાવતો બહાર લઈ જતો હતો.

માજી પણ તે જોવાને ઊભાં થઈ ગયાં.

માજીને પેલા માણસે જોયાં. તે જરા ઊભો રહી ગયો અને કરગરતે અવાજે બોલ્યો :

"ડોસીમા, મેં તમારો પ્યાલો જોયો પણ નથી. મારાં બાયડીછોકરાં રખડી પડશે. આને કહો કે મને હેરાન ન કરે. હું તમારે પગે પડું."

"એ એમાં અમે કંઈ ન જાણીએ, ભાઈ." માજી બોલ્યાં : "એને ઠીક લાગે એમ કરે. બાકી, હા, ઘરમાં બીજું કોઈ આવ્યું જ નથી."

વધારે કાકલૂદી પેલાની નજરમાં ભરાઈ. પણ ત્યાં તો મહેતાજી ત્રાડૂક્યો :

"હવે ચાલ ચાલ, ચીનના શાહુકાર. બધી વાત ત્યાં પોલીસ-ચોકીએ કરજે એટલે ખબર પડશે સાચી."

ને માજી સામે હસતો હસતો તે પેલાને ઘસડી ગયો.

"જુઓ તો ખરા, હજી કબૂલ કરતો નથી. નાહકનો હેરાન થશે. હવે તો ગરીબ માણસો પણ લુચ્ચા થઈ ગયા." તેના ગયા પછી માજી બોલ્યાં.

અનેક પ્રશ્નો ઘરનાં નાનાં બાળકોના મનમાં અત્યાર સુધીમાં ઊભા થયા હતા. અત્યાર સુધી તો, વાતાવરણ જોતાં, તે પૂછી શકાય તેમ નહોતું. પણ હવે વાતાવરણ જરા હળવું પડ્યું હતું. એટલે તક જોઈને સાત વરસની સરલાએ પૂછ્યું :

"હેં માજી, પણ એણે જ ચોરી કરી હશે?"

માજી ખિજાયાં : "ત્યારે કોણે કરી હશે, તારા બાપે?"

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ બાળકોની ઉત્સુકતા એમ ટળે એમ નહોતી. પાંચ વર્ષના કાંતિએ સામાજિક તત્ત્વજ્ઞાનને સ્પર્શતો એક પ્રશ્ન પૂછ્યો :

"તે માજી, ગરીબ હોય એ બધા ચોરી કરે ને?"

"ઘોઘા જેવો છે," સરલાએ જ જવાબ આપ્યો, "એટલું પણ સમજતો નથી. એ ચોરી કરે કે ન કરે પણ વહેમ તો એની ઉપર જ આવે ને? કેમ માજી?"

પણ નાના કાંતિનું કૌતુક આ જવાબથી ન સંતોષાયું. તે એએક પળ તો વિચારમાં પડી ગયો. પછી પૂછ્યું :

"પણ માજી, આપણે ગરીબ હોઈએ તો આપણે પણ ચોરી કરીએ? આપણને પણ આમ મહેતાજી, પોલીસ શેઠ બધા મારે?"

માજીએ છીંકણીને નાકમાં વધારે જોરથી ઊંચે ચડાવી. પછી બૂમ મારી : "આ છોકરાં મૂઆં જીવ લેશે. સવારના પહોરથી સુખે બેસવા જ નથી દેતાં. મણિલાલ, આને અહીંથી બહાર કાઢ."

મણિલાલ માજીના હુકમનો અમલ કરે એ પહેલાં જ છોકરાંઓ એ ઓરડામાંથી ચાલી ગયાં ને બીજા ઓરડામાં જઈ ગુસપુસ વાતો કરવા લાગ્યાં. વાતો ચોર ઉપરથી કોની પાસે કેટલી ટિકિટ હતી તે ઉપર આવી. સરલાએ કહ્યું :

"હું કાલે જ એક સરસ ટિકિટ લાવી છું. જોવી છે?"

"હા, હા, બતાવને." બધાં એકી સાથે બોલી ઊઠ્યાં.

સરલાએ જઈને ટેબલના જે ખાનામાં પોતે ટિકિટ સાચવી રાખી હતી તે ખાનું ઉઘાડ્યું. ઉઘાડતાં જ તે રાડ પાડી ઊઠી :

"માજી, ભાઈ, બા, પેલો પ્યાલો તો અહીં પડ્યો છે."

હાથમાં પ્યાલો લઈ તે માજીના ઓરડામાં દોડી ગઈ. બીજાં બાળકો પણ તેની પાછળ દોડ્યાં. ત્યાં માજી વગેરે બધાં ઊભાં થઈ ગયાં હતાં.

"ક્યાં હતો?" "ક્યાંથી મળ્યો?" "કોણે આપ્યો?" ત્રણે મોટેરાંઓ એકી સાથે પૂછી રહ્યાં.

સરલાએ એ પ્યાલો કેમ મળ્યો તેનો ખુલાસો કર્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"પણ ખાનામાં પ્યાલો સંતાડ્યો'તો કોણે ?" મણિલાલે ગર્જના કરી. સૂચના પણ આપી :

"સાચું બોલજો, નહિ તો મરી ગયાં સમજજો."

કાંતિ રોતાં રોતાં બોલ્યો : "હું ભૂલી ગયો હતો. કાલે રમતાં રમતાં મેં એમાં મૂકી દીધો હતો."

મણિલાલે હાથ ઉગામ્યો પણ માજીએ તેને વાર્યો : "રહેવા દે, ભાઈ, હવે એને મારવાથી લાભ નથી."

પાંચદશ મિનિટ તો એ બધું કેમ બન્યું તેનું વિવેચન ચાલ્યું. વસ્તુસ્થિતિના ઉશ્કેરાટને અંગે બધાં ઊભાં જ હતાં. એક માજી જ વિચારગ્રસ્ત દશામાં તેમની પથારીમાં બેઠાં હતાં. સરલા બોલી :

"પણ માજી, એ નોકર . . ."

"ત્યાં તો ઓચિંતા જ નાની વહુએ જોરથી તેનો હાથ પકડ્યો અને નાક પર આંગળી મૂકી તેને ચૂપ થવા સૂચના કરી. પછી તે ધીમેથી બોલી :

"જો, પેલા લોકો તો આવ્યા પણ."

કોણ એ કહેવાની જરૂર ન પડી. બધાં એ દિશામાં રસ્તા તરફ જોઈ રહ્યાં. માજી પણ પથારીમાંથી ઊભાં થઈ ગયાં. સામેથી મહેતાજી અને પેલો નોકર આવતા હતા. એ નોકરનું માથું નમી પડ્યું હતું. ચાલમાં નિરાશા દેખાતી હતી, થાક જણાતો હતો. સાથેનો મહેતાજી પણ નિષ્ફળતાનાં ચિહ્નો પોતાના મુખ ઉપર છતાં કરતો હતો. ધીમે ધીમે બન્ને ચાલી આવતા હતા, ત્યાં કાંતિ હાથમાં પ્યાલો લઈને કૂદતો કૂદતો બોલ્યો :

"બંદા તો પ્યાલો કેવો ગોતી આપ્યો એમ મહેતાજીને ને નોકરને બેયને બતાવવાના."

માજી પોતાની માંદગી ભૂલી ગયાં. તેમની ઉંમરે અને તેમની શારીરિક સ્થિતિમાં ન કલ્પી શકાય તેવી ચપળતા તેમનાં અંગોમાં આવી ગઈ. તેમણે જોરથી ડગલું ભરી પ્યાલો કાંતિના હાથમાંથી ઝૂંટવી લીધો. તેનો કાન પકડી તેમણે કહ્યું :

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"ખબરદાર છે, કંઈ બોલ્યો તો. વહુ, આ પ્યાલો ક્યાંક મૂકી દો."

કાંતિ, સરલા, અને બીજાં બાળકો અચંબાથી તેમની સામે જોઈ રહ્યાં.

"પણ માજી," રડતા જેવા સાદે સરલાએ કહ્યું: "એને બિચારાને ખબર તો આપશું ને?"

"મૂંગી મર મૂંગી, માજીની સગી." માજીએ ક્રોધથી છતાં દબાવેલે સાદે કહ્યું.

અને મણિલાલના એક તમાચાએ તેની આવી કંઈ વાત કરવાની શક્તિ હણી લીધી.

ટિપ્પણ અને પ્રશ્નો

ભરખાઈ ગયો – અદૃશ્ય થઈ ગયો, નાશ થયો. **પુનરાગમન** – પાછા ફરવું, જઈ પાછા આવવું. **મુખમુદ્રા** – ચહેરો, મોઢું. **ધ્વનિયંત્ર** – કાન, શ્રવણેન્દ્રિય. **પ્રશ્નાર્થસૂચક** – જેમાં પ્રશ્નના અર્થ કે ભાવનું સૂચન હોય. **હરામખોર** – (ફા.) શઠ, લુચ્ચો, પારકી મહેનત પર જીવનાર. **હરામ** (ધર્મમાં મના કર્યું હોય એવું, નિષિદ્ધ, વગર હક્કનું) + **ખોર** = ખાનારું, ખાવાની ટેવવાળું ('ખાઉ' એવા અર્થમાં નામને અંતે લાગતો ફારસી પ્રત્યય. દા૦ ત૦ નફાખોર, ચાડીખોર). **શાહુકાર** – શરાફ, પ્રામાણિક માણસ, પૈસાની ધીરધાર કરનાર (કટાક્ષમાં ચોર, શઠ). કાર – નામને અંતે કરનાર એવા અર્થમાં લાગતો પ્રત્યય–અનુગ). **કાકલૂદી** – આજીજી, કાલાવાલા. **વિચારગ્રસ્ત** – વિચારમાં ઘેરાયેલાં – મગ્ન.

૧. આ પ્રસંગ ટૂંકમાં વર્ણવો અને એનું રહસ્ય દર્શાવો.

૨. માજીની ખંધાઈ, મણિલાલની બડાશ અને નોકરની પરવશતા પર ટૂંકી નોંધ લખો.

૩. 'આ વાર્તામાં આપણા સામાજિક જીવનની સારી ને નરસી બાજુનું અવલોકન છે' – દૃષ્ટાંત આપી આ કથનનું સમર્થન કરો.

૪. માજીએ પ્યાલો સંતાડી દેવાની આજ્ઞા શા માટે આપી?

૫. 'ગરીબ લોકો તરફ સમાજ શંકાની દૃષ્ટિએ જુએ છે' – એ કથનની વાસ્તવિકતા આ વાર્તાના પ્રસંગને આધારે દર્શાવો.

૬. સંધિ છૂટી પાડો અને અર્થ સમજાવો :– સર્વાનુમતે; પુનરાગમન; શ્રવણેન્દ્રિય; વૃદ્ધાવસ્થા; પ્રશ્નાર્થ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પુરુષોત્તમ શાહ

[શ્રી. પુરુષોત્તમ છગનલાલ શાહનો જન્મ નડિયાદ પાસે વસોમાં ૧૯૦૭માં થયો હતો. અમદાવાદ અને મુંબઈમાં અભ્યાસ કરી ૧૯૩૩માં અંગ્રેજી–ગુજરાતી વિષયો લઈ એમણે એમ. એ. ની પદવી મેળવી. થોડો વખત કેળવણીના ક્ષેત્રમાં એમણે કામ કર્યું, પણ નાદુરસ્ત તબિયતને કારણે એમને શિક્ષણક્ષેત્ર છોડવું પડ્યું. હાલમાં વડોદરામાં રહી લેખન પ્રવૃત્તિ કરે છે. સ્વ. મોતીભાઈ અમીનનું વિસ્તૃત જીવનચરિત્ર એમણે લખ્યું છે, એ પુસ્તકમાંથી નીચેનો ખંડ લીધો છે.

સ્વ. **મોતીભાઈ** નરસિંહભાઈ અમીનનો જન્મ ૧૮૭૩માં વસોમાં થયો હતો. કૉલેજનો અભ્યાસ કરતા મોતીભાઈ પર સ્વામી વિવેકાનંદ, ન્યાયમૂર્તિ રાનડે અને ગોપાલકૃષ્ણ ગોખલેનાં લખાણોની ઊંડી અસર થઈ. બી. એ. થયા પછી શિક્ષણનો પ્રચાર કરવાની ધગશથી પ્રેરાઈ એમણે ઓછા પગારની શિક્ષકની નોકરી સ્વીકારી. વડોદરા અને પાટણમાં કામ કર્યા પછી ૧૯૦૬થી પેટલાદની અંગ્રેજી શાળાના આચાર્ય તરીકે એમણે કામ કર્યું. આગળ પાછળનાં ગામડાંઓના વિદ્યાર્થીઓની અગવડ દૂર કરવા એમણે એક છાત્રાલયની શરૂઆત પણ ત્યાં કરી. તે જ વર્ષે સાર્વજનિક પુસ્તકાલયો સ્થાપવાની યોજના પણ એમણે અમલમાં મૂકી. સાહિત્યના પ્રચાર માટે ઉત્તમ પુસ્તકોમાંથી પસંદ કરેલા સાહિત્યનું સંપાદન કરી એમણે 'ગદ્યપદ્ય સંગ્રહ' નામનું માસિક શરૂ કર્યું. વડોદરા રાજ્યમાં ફરજિયાત કેળવણીનો કાયદો થયો. અમેરિકાની ઢબે પુસ્તકાલયો સ્થાપવાનો નિર્ણય મહારાજા સયાજીરાવે કર્યો ને એ કામ ઉપાડી લેવા મોતીભાઈને ૧૯૧૧માં વડોદરા બોલાવ્યા. વડોદરા નરેશની ઉદાર ને પ્રગતિશીલ નીતિ ને મોતીભાઈની નિઃસ્વાર્થ લોકસેવાની ભાવનાથી પ્રેરાયેલી ખડતલ ને સંગીન કાર્યપદ્ધતિને લીધે ત્યાર પછીનાં પચીસ વર્ષ દરમ્યાન આ યોજના ખૂબ વિકાસ પામી. મહારાજા સયાજીરાવે સ્વ. મોતીભાઈને પુસ્તકાલય પ્રવૃત્તિના પિતા તરીકે ઓળખાવ્યા. વડોદરા રાજ્યની નોકરી કરતાં કરતાં, પોતાના મૂળ સંકલ્પને અનુસરી કેળવણી, જ્ઞાનપ્રચાર અને પછાત વર્ગોની ઉન્નતિ માટે ચરોતરમાં એમણે અનેક સંસ્થાઓ સ્થાપી. લગભગ અર્ધી સદીની સતત જનસેવાને કારણે ચરોતર પ્રદેશની ગઈ પેઢીના ઘડતરમાં સ્વ. મોતીભાઈ અમીનના વ્યક્તિત્વની દૃઢ છાપ પડી છે. છેલ્લી ઘડી સુધી નિઃસ્વાર્થ જનસેવા કરનાર આ ત્યાગી પુરુષનું મૃત્યુ હોજરીના કૅન્સરના વ્યાધિથી ૧૯૩૯માં થયું. એમના અવસાનનો પ્રસંગ અહીં ઉતારવામાં આવ્યો છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છેલ્લી વિદાય

ઑપરેશનના સમાચાર વીજળી વેગે સર્વત્ર પહોંચી ગયા. મિત્રો, સ્નેહીઓ, કાર્યકર્તાઓ જ્યાં બેઠા હતા ત્યાંથી ઊઠી સફાળા અમદાવાદ તરફ આવવા નીકળી પડ્યા. તા. ૨૭–૧–'૩૯ની સવારથી વાડીલાલ સારાભાઈ હૉસ્પિટલમાં માનવીઓનો મેળો ભરાવા માંડ્યો. મોતીભાઈએ આખરી તૈયારી આરંભી.

પહેલે દિવસે તેમના જૂના દોસ્ત 'સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય'-વાળા સ્વામી અખંડાનંદજી મળવા આવ્યા. છેલ્લાં તેત્રીસ વર્ષની મૈત્રીનાં સ્મરણો તાજાં કરી સ્વામીજી સાથે પોણા કલાક સુધી વાતો કરી. અને એ સર્વના સારરૂપે હૃદય ઠાલવતાં કહ્યું: "હું પરમ શાંતિ અનુભવું છું. ધાર્મિક પુસ્તકો મેં બહુ વાંચ્યાં નથી, પણ ધર્મપરાયણ રીતે અને નીતિથી મેં મારું જીવન વિતાવ્યું છે, એટલે મને પરમ આનંદ છે. મને એકમાત્ર ચિંતા મારાં પત્નીની હતી. પણ તે તો મારી આગળ ચાલતાં થયાં છે. એટલે હવે હું મરણને માટે સંપૂર્ણ રીતે તૈયાર છું. હું મારા જીવનમાં જે કંઈ કાર્ય કરી શક્યો છું તેમાં મારાં પત્ની રૂપચાનો હિસ્સો ઘણો મોટો છે. મારાં તમામ કાર્યોમાં તેણે દરેક રીતે સાથ આપ્યો છે."

સ્વામીજી પછી બીજા પરમ મિત્ર પૂજ્ય ઠક્કરબાપા દિલ્હીથી આવી પહોંચ્યા. છેવટનાં વર્ષોમાં તો તે મોતીભાઈના એક આદર્શ અને પ્રેરણામૂર્તિ રહ્યા હતા. તેમની સાથેની વાત દરમ્યાન પોતાના અંતરનો બીજો ભેદ ખોલતાં મોતીભાઈએ કહ્યું: "મારી જિંદગીના છેવટના ભાગમાં પછાત વર્ગોની અને ગરીબ લોકોની હું કંઈક સેવા કરી શક્યો છું, તેથી મને ખૂબ શાંતિ છે. વસોના ભંગી લોકો, રૂણના શેનવા લોકો, અને ચરોતરના ગરીબ લોકો માટે મેં જે કંઈ કર્યું છે, તેના સંતોષ આગળ મારી આખી જિંદગીનાં કરેલાં કામોનો સંતોષ અલ્પ છે. . ."

આ રીતે જોવા આવનારનો પ્રવાહ સતત ચાલુ રહેતો. તેમાંથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વચ્ચે જ્યારે અવકાશ મળતો ત્યારે રામભાઈને પાસે બેસાડી પોતાની પછી કરવાનાં કામોની વિગતવાર સૂચનાઓ લખાવી, ત્યારે જ સાહેબના જીવનનાં ઊંડાણ પ્રગટ થયાં. નિરાધાર વિધવાઓને, હરિજનોને અને દુખિયાંને વર્ષો સુધી ગુપ્ત મદદો મોકલાતી હતી, એ પણ ત્યારે જ જણાયું. પોતે રચેલી સૃષ્ટિના નાનામાં નાના અંગની સાહેબને માહિતી હતી. દરેકના હિતનું તે સદા ચિંતન કરતા હતા. કોને શું જોઈશે તેની તે સદા તપાસ રાખતા હતા. તે સર્વનો ત્યારે ખ્યાલ આવ્યો, જ્યારે એમણે જેમણે પોતાની સેવા કરી હતી તેમને બક્ષિસો આપવાની સૂચના કરી. જેમના હિત માટે પોતે પ્રયત્નો આદર્યા હતા તેમના હિતને આગળ ધપાવવાની ભાળવણી કરી. અને એ બધાના સરવાળારૂપે પોતાના સાથીઓ, મિત્રો અને વિરોધીઓને પણ સંભારી સંભારી અંતિમ સંદેશા અને શુભેચ્છાઓ પાઠવ્યાં.

જોતજોતામાં ઑપરેશનની તારીખ (૩૦-૧-'૩૯) આવી પહોંચી. વહેલી સવારથી જ હૉસ્પિટલના વ્યવસ્થાપકોએ દરદીનો કબજો લઈ લીધો. લગભગ ૧૦ા વાગ્યે મોતીભાઈને ઑપરેશન થિયેટરમાં લઈ જવામાં આવ્યા. આલીશાન મકાનની કાચની બારીઓમાંથી ચોતરફ આવતો પ્રકાશ, તેનાથી ચકચકિત થતી ભીંતો, અને સુવ્યવસ્થિત ગોઠવેલો સરંજામ – આ સર્વની વચ્ચે ટેબલ ઉપર તેમને સુવાડવામાં આવ્યા. માથાથી પગ સુધી સફેદ પોશાકમાં સજ્જ થયેલા અને જાળીવાળા કપડામાંથી ચપળ આંખો આમતેમ ફેરવતા ડૉક્ટરો અને તેમના મદદનીશો ક્ષણવારમાં ટેબલની આજુબાજુ ગોઠવાઈ જઈ પોતાના કાર્યમાં પ્રવૃત્ત થયા. ક્લોરોફૉર્મ અપાયું. સામાન્ય દરદીઓની ધમપછાડ, હૃદયદ્રાવક ચીસો કે મોંમચકોડ કંઈ ન દેખાયું. અદ્ભુત સમતા દાખવી મોતીભાઈએ ક્લોરોફૉર્મ લીધું.

બરાબર ૧૧–૫ કલાકે ડૉ. મોતીભાઈએ શસ્ત્ર હાથમાં લીધું. એમણે ઉપાડેલું કાર્ય ઘણું જ જોખમકારી હતું. તે શરૂ કરતાં પહેલાં તેમણે પ્રાર્થના કરી. મોતીભાઈનાં દર્શને આવેલી, હૉસ્પિટલના ચોગાનમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બેઠેલી, મેદનીએ પણ તે જ ક્ષણે 'વૈષ્ણવ જન તો તેને કહીએ, જે પીડ પરાઈ જાણે રે' એ સુપરિચિત ભજન ગાયું. એ ભજન અનેક વાર ગવાયું હતું અને સંભળાયું હતું. પણ એનો અક્ષરે અક્ષર ક્લોરોફૉર્મની કૃત્રિમ મૂર્છામાં સૂતેલા દરદીને લાગુ પડતો હતો એનું ભાન અત્યારે જ થયું.

ભજન ચાલતું હતું તે જ વખતે શસ્ત્રક્રિયા શરૂ થઈ. લગભગ સવા કલાક શસ્ત્રક્રિયા ચાલી. કઠણ હૈયે કરેલા કાપને સીવી લઈ બરાબર ડૉક્ટરોએ ૧૨–૧૫ કલાકે શસ્ત્રો નીચે મૂક્યાં. પાસે ઊભેલા સૌએ છુટકારાનો દમ મૂક્યો અને ઑપરેશન સફળ થયાના સમાચાર જાહેર કરવામાં આવ્યા.

મોતીભાઈને પાછા તેમના ઓરડામાં લઈ જવામાં આવ્યા, અને ચોગાનમાં એકઠી થયેલી મિત્રમંડળી ઑપરેશન સફળ થયાના શુભ સમાચાર લઈ પોતપોતાને સ્થાને વેરાઈ ગઈ. ક્લોરોફૉર્મ થોડી જ વારમાં ઊતરી ગયું અને મોતીભાઈને ભાન આવતાં તે વાતચીત કરવા લાગ્યા. એટલે ઑપરેશનની સફળતાની વધુ ખાતરી થઈ અને એ સમાચાર ગામેગામ પહોંચાડવાની તજવીજ કરવામાં આવી. સૌએ આ શુભ સમાચાર બદલ ઈશ્વરનો આભાર માન્યો અને મોતીભાઈ જલદી સાજા થઈ જાય તેવી પ્રાર્થનાઓ કરી. પૂજ્ય મહાત્મા ગાંધીજીએ પણ પોતાના હસ્તાક્ષરમાં એવી શુભેચ્છા પાઠવી.

પણ એ પ્રાર્થનાઓ અને શુભેચ્છાઓ ફળવાનું નિર્માયું નહોતું. ઑપરેશન પછીની સ્વસ્થતા અલ્પજીવી નીવડી અને સાંજ પછી ઑપરેશન કરેલા ભાગ ઉપર દુખાવો થવા માંડ્યો. આખી રાત કોઈને એની ખબર પડવા દીધા સિવાય મોતીભાઈએ એ સહન કર્યો. પણ સવાર પડવા આવી કે તરત તેમણે ડૉ. ભાસ્કરભાઈ અને રામભાઈને બોલાવ્યા. તેઓ આવતાં જ મોતીભાઈના મોંમાંથી કદી નહિ નીકળેલો એવો આદેશ સરી ગયો. "મને ઊંઘ ન આવે ત્યાં સુધી તમારે પણ ઊંઘવાનું નથી." એ આદેશે આવનારની આંખ ઉઘાડી નાખી અને મોતીભાઈએ રાત્રી કેવી વ્યથામાં વિતાવી હતી તેનો ખ્યાલ આપ્યો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બંને ત્યાં જ બેઠા અને સાહેબને ઊંઘ આવે તે માટે ઉપાયો લેવાવા લાગ્યા. મોતીભાઈ આંખો મીંચી પડી રહ્યા અને દાક્તરોએ જે કર્યું તે કરવા દીધું. એ ઉપરથી ઉપચારો સફળ થતા માની, મોતીભાઈ સ્વસ્થ થાય તેની રાહ જોતા સૌ નિરાંતે બેઠા.

વખત બહુ ધીમે ચાલતો હતો. આખો દિવસ રાહ જોવામાં ગયો. રાતે એ ત્રણ વાગ્યે મોતીભાઈને ઊંઘ આવતી લાગી. તેમણે આજ્ઞા કરી: "હવે તમે સૂઈ જાઓ. મને શાંતિ છે." એ સાંભળી આનંદમાં આવી જઈ તેમની પાસે બેઠેલાઓએ થોડો આરામ લેવાની તજવીજ કરી.

ડૉ. ભાસ્કરભાઈ ત્યાં જ બેઠા રહ્યા હતા. તેમને ટૅમ્પરેચરની ચડ-ઊતરી જોઈ ભયની આગાહી થઈ. તેમણે તરત જ ડૉક્ટરને ટેલિફોન કર્યો. ડૉક્ટર આવ્યા. ઑપરેશન 'સૅપ્ટિક' તો નથી થયું ? એ શંકાનું નિવારણ કરવા દરદીનું લોહી તપાસ્યું. બધું બરાબર જણાયું. છતાં પ્રકૃતિમાં ઓચિંતો ફેરફાર થવાનું કારણ કળાયું નહિ.

થોડી જ વારમાં નાડી મંદ પડવા લાગી. વાચા તૂટવા માંડી. બીજા ડૉક્ટરોને બોલાવવામાં આવ્યા અને ઉપરાઉપરી ઉપાયો અજમાવવામાં આવ્યા. સવારે પાંચ વાગ્યે બેશુદ્ધિનાં ચિહ્નો વધ્યાં. જીભ ટૂંકી થઈ અને વાચા અસ્પષ્ટ બની. આખર ઘડી આવી રહી હતી. છ વાગતાં સમાચાર બધે પ્રસરી ગયા અને સાડા છ વાગ્યે અડગ દૃઢતા, અદ્‌ભુત હિંમત, અનન્ય કર્તવ્યનિષ્ઠા અને ધીરજ દાખવી અત્યાર સુધી આ દૃશ્ય જોઈ રહેલા ડૉ. મોતીભાઈ અને ડૉ. ભાસ્કરભાઈની આંખોમાંથી આંસુની ધારા વહેવા લાગી.

"હવે સાહેબના આત્માને શાંતિથી સ્વર્ગે જવા દો." કેટલાક ડૉક્ટરોએ અભિપ્રાય આપ્યો. પણ આ પવિત્ર આત્મા મરણ સામે યુદ્ધ ખેલે છે તે વખતે આપણે હાથ જોડી બાજુએ બેસી તે જોયા કરીએ તે બને જ કેમ ?—એમ બીજાનો અભિપ્રાય હતો.

બુઝાતા દીપકને બને ત્યાં સુધી સતેજ રાખવા ડૉક્ટરોએ પોતાના છેલ્લા કીમિયા અજમાવવા શરૂ કર્યા. મોં વાટે, ઇંજેક્શન વાટે, દવાઓ આપી. નાક વાટે પ્રાણવાયુ આપવાનો પ્રયોગ કર્યો. પોતાના જ્ઞાનનું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

અભિમાન ઓગાળી પ્રાચીન પૂર્વજોની શ્રદ્ધાનું બળ અજમાવ્યું અને પ્રાર્થના કરી: "એકનું આયુષ્ય બીજાને અર્પણ થઈ શકતું હોય તો અમારી જિંદગીનાં થોડાં વર્ષો આ મહાપુરુષને અર્પણ કરીએ છીએ."

"જિંદગી એટલે સંગ્રામ કહે છે તે આનું નામ?" એમ એક નોંધમાં લખનાર મોતીભાઈ આ બધું ટગરટગર જોયા કરતા હતા. દુઃખના ઉદ્ગાર કાઢવાને કે આ વ્યર્થ સંગ્રામ નહિ ખેલવાનું કહેવાને તેમની વાણી અસમર્થ થઈ ગઈ હતી. એમની પરમ શાંતિ એમની આંખોમાં વ્યક્ત થતી હતી અને વધતી જતી હતી. ડૉક્ટરોના બધા પ્રયત્નો છતાં નાડી સંકેલાતી જતી હતી. આખરે પોતાનું રહ્યુંસહ્યું અભિમાન ઓગાળી ડૉક્ટરોએ અમદાવાદના વૈદ્યોને તેમનું જ્ઞાન અજમાવવા નિમંત્રણ આપ્યું. વૈદ્યોએ આવી કીમતી માત્રાઓ અને ભસ્મો અજમાવી. પણ તૂટી એની બૂટી નહોતી.

બુધવાર, તા. ૧લી ફેબ્રુઆરી ૧૯૩૯ની સવારે ૬ વાગ્યે શરૂ થયેલો આ આખરી સંગ્રામ બપોરના દોઢ વાગ્યા સુધી ચાલ્યો અને બરાબર ૧-૩૬ કલાકે માનવપ્રયત્નને હરાવી મોતીભાઈનો આત્મા जातस्य हि ध्रुवो मृत्युः — 'જે જાયું તે જાય' એ સનાતન સત્ય પુરવાર કરતો પરલોકને માર્ગ સિધાવ્યો.

'કામ કામ અને કામ;' કામ એ જ ખોરાક અને કામ એ જ આરામ; કામ એ જ કમાણી અને કામ એ જ ભક્તિ; પ્રવૃત્તિમાં જ નિવૃત્તિ અને નિવૃત્તિમાં જ પ્રવૃતિનો જાપ જપનાર, આરામ લેવાનો નિર્ણય કર્યો હોય છતાં કામ આવી પડતાં તેને બીજી ક્ષણે ભૂલી જનાર મોતીભાઈએ આખરે પોતાના શબ્દો પાળ્યા: 'જિંદગી – આયુષ્ય – કામ કરવા માટે જ છે. મારો ખોરાક રોટલા નહિ, પણ કામ છે. જ્યારે કામ કરતો અટકું ત્યારે તમારે મારું મૃત્યુ સમજવું. મારી આજુબાજુ તો કામ, કામ ને કામ જ હોય અને આરામની જરૂર જણાશે ત્યારે બધાં જ કામ છોડી દઈશ, એટલું નક્કી માનજો. સને ૧૯૩૮ની આખર સુધી આયુષ્ય અને શક્તિ હશે તો ખૂબ કામ કરવું છે. પછી જવાબદારી બધી જ છોડી દેવી છે."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરિજન મંડળ સ્તબ્ધ બની ગયું. થોડી પળ પહેલાં ચાલી રહેલી દોડધામ, વીજળી પડે ને જેમ થંભી જાય તેમ, એકાએક થંભી ગઈ અને વાતાવરણમાં શોક અને ગંભીરતા છવાઈ ગયાં. દરદીઓને મૃત્યુના મોંમાંથી બચાવવાનું વ્રત લઈ બેઠેલી અને અનેક વાર તે પાળી યશોજ્જ્વળ બનેલી હૉસ્પિટલ પણ શોકે ઝંખવાઈ ગઈ અને પ્રયત્ન કરી કબજે રાખેલાં હૈયાં અશ્રુ દ્વારા દ્રવવા લાગ્યાં.

નોકરીએથી નિવૃત્ત થતાં, સેવામય જીવનનાં સાઠ વર્ષ પૂરાં થતાં, ગામ-પરગામથી વિદાય થતાં, દૃઢતા અને પ્રતિજ્ઞાપૂર્વક માનપાનનો ત્યાગ કરનાર મોતીભાઈ આજે અંતિમ વિદાયનું માન ઠેલી શકે તેમ ન હતું.

પત્રિકા દ્વારા સમાચાર જાહેર કરવામાં આવ્યા અને ગુજરાતના આ મૂંગા સેવકને અંતિમ માન આપવા સાબરમતીને તીરે હાજર રહેવાની અમદાવાદની જનતાને વિનંતી કરવામાં આવી. મિત્રો, સ્નેહીઓ અને કુટુંબીઓ ઉપરાંત અગ્રગણ્ય ગુજરાતીઓ અને નેતાઓ હૉસ્પિટલના ચોગાનમાં આવી પહોંચ્યા. મરહૂમની છેવટની ઇચ્છાને માન આપી જરા પણ રોકકળ નહિ કરતાં 'રઘુપતિ રાઘવ રાજારામ'ની ધૂન સાથે સાંજના ૪-૧૫ કલાકે સ્મશાનયાત્રા શરૂ થઈ. સાબરમતીને તીરે સપ્તર્ષિના આવારા આગળ મૃત દેહને ઉતારવામાં આવ્યો. અંતિમ દર્શન તથા અંજલિ આપવા માટે યાત્રાળુઓ એની આજુબાજુ વીંટળાઈ બેઠા. સૌએ ફૂલહાર અર્પણ કરી ગતાત્માને માન આપ્યું અને 'મંગલ મંદિર ખોલો'ની પ્રાર્થના કરી.

પછી ઠક્કરબાપાની સૂચનાથી ડૉ. હરિપ્રસાદે પ્રાસંગિક પ્રવચન કર્યું :

"મોતીભાઈ તો ગુજરાતનું નૂર હતા. એકલા ચરોતરના જ નહિ, પણ આખા ગુજરાતના એ મૂગા સેવક હતા.

"પાટીદારની – ચરોતરની જડ કોમને એમણે કેળવી જમાનાને યોગ્ય જ્ઞાન આપ્યું અને થોડાં વર્ષોમાં તો એમણે એ કોમને બહુ જ આગળ પાડી દીધી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"શિક્ષકનો ધંધો એમણે બહુ જ પવિત્ર માન્યો હતો, અને એક આદર્શ ગુરુ બનીને એમણે ઘણા શિષ્યોને જ્ઞાનભક્ત, ચારિત્ર્યવાન અને સેવાભાવી બનાવ્યા છે. શિક્ષકનું ક્ષેત્ર એમણે માત્ર નિશાળ કે છાત્રાલય પૂરતું જ ગણ્યું ન હતું. પરંતુ જે ગામમાં એ શિક્ષક થયા તે ગામ, તે તાલુકો, તે જિલ્લો અને તે આખા પ્રદેશને એમણે પોતાનું કાર્યક્ષેત્ર માન્યું હતું.

"એક પ્રસંગે એમણે પેટલાદમાં કહેલું કે, 'જુઓ, અહીં અમારી જેલો હતી. એ જેલો હવે અમે નિશાળોમાં ફેરવી નાખી છે.' એ વાક્ય મારે મન સૂત્ર જેવું થઈ પડયું છે. એનો અર્થ હું એ કરું છું કે જેલો બંધ કરવી હોય તો નિશાળો ઉઘાડવી. જેમ નિશાળો ઊઘડશે તેમ જેલો બંધ થતી જશે.

"આજે મહારાજા ગાયકવાડને લોકો પુસ્તકાલયની હિલચાલના પિતા માને છે, પણ એ હિલચાલના ખરા પિતા તો મોતીભાઈ અમીન હતા. કર્મ કરવામાં જ તે પોતાનો અધિકાર માનતા. કીર્તિના કે બીજા કોઈ ફળની એમણે કદી આશા રાખી નથી. તન, મન અને ધનથી એમણે પુસ્તકાલય પ્રવૃત્તિની પાછળ કામ કર્યું, પણ એનો યશ બીજાને લેવા દીધો.

"ફરજિયાત કેળવણી નામદાર ગાયકવાડે કરી. એના પ્રચારમાં પણ મોતીભાઈએ આગળપડતું કામ કર્યું છે. ગામેગામ શાળા અને જ્યાં જ્યાં નિશાળ ત્યાં ત્યાં પુસ્તકાલય એ તેમનો દીક્ષામંત્ર હતો. સસ્તું સાહિત્ય પ્રસિદ્ધ કરીને ભિક્ષુ અખંડાનંદે અનુપમ સેવા કરી છે. એ સાહિત્યની ઘણી યોજનાઓ ઘડવામાં મોતીભાઈનો ફાળો નાનોસૂનો નથી. . . . પણ આવા તો ગુજરાત ઉપર સીધા અને આડકતરા ઉપકાર એમણે ઘણાયે કર્યા છે, જે ભગવાન સિવાય બીજું કોઈ જાણી શકે તેમ નથી."

ઉપરના પ્રવચન પછી પૂજ્ય ઠક્કરબાપાએ ગદ્ગદ કંઠે નીચેની મતલબના ઉદ્ગાર કાઢ્યા :

"મારા મિત્ર મોતીભાઈના દેહાન્ત સાથે આજે એક પુણ્યશાળી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જીવનનો અંત આપણે જોઈ રહ્યા છીએ. એમણે જીવનની પળેપળ સેવામાં ગાળી છે. વિદ્યાર્થીઓ, ગરીબો તથા હરિજનો અને ગામડાંના લોકોના હિતના જ એમણે જીવનભર પ્રયત્નો કર્યા છે. અતિવૃષ્ટિ થાય, દુકાળ પડે, આગ લાગે, રોગ ફાટી નીકળે, સંકટની દુઃખની બૂમ સંભળાય કે તરત તેના નિવારણ માટે દોડી જનાર અને બીજાને દોડાવનાર આ દિવ્ય દયાધર્મીની ચરોતરને અને સમસ્ત ગુજરાતને સદા ખોટ પડશે.

"આજે ચરોતરનો પ્રાણ અદૃશ્ય થાય છે. સમાજસેવા વિદાય લે છે. કેળવણી રંડાય છે. ગરીબો નિરાધાર બને છે. વિદ્યાર્થીવર્ગ છત્રહીન બને છે . . . આજે ગુજરાત શું ગુમાવે છે તે તો હવે પછી સમજાશે . . ."

ઠક્કરબાપાના ઉદ્‌ગારોએ શ્રોતાઓનાં દિલમાં દિવ્ય સંવેદનો જગાડ્યાં. સમજપૂર્વક – પ્રયત્નપૂર્વક – દાબી રાખેલાં હૈયાં ફરી એક વાર દ્રવી ઊઠ્યાં. પ્રવચન બંધ થયું અને વાતાવરણમાં સ્તબ્ધતા વ્યાપી. પછી અગ્નિસંસ્કારના વિધિની તૈયારીઓ થઈ.

ચિતા સળગી અને એની લોલુપતાભરી જ્વાળાઓ ૬૬ વર્ષ સુધી અદ્‌ભુત પુરુષાર્થ કરી કૃતાર્થ થયેલા એ દેહને – અનેક પરોપકારો, યોજનાઓ, પ્રવૃત્તિઓ અને વિચારોના એ પુંજને — જોતજોતામાં ભરખી ગઈ.

એ હૃદયફાટ દૃશ્ય કલાકેક સુધી જોઈ રહી, એ અમૂલ્ય મોતીની ભસ્મનાં સ્મરણો મગજમાં ભરી, પરિજનો ખાલી હાથે પાછા ફર્યા. વસોથી નીકળતી વખતે મોતીભાઈએ કહેલું સાચું જ હતું: "આ છેલ્લી જ વિદાય સમજજો."

ટિપ્પણ અને પ્રશ્નો

અખંડાનંદ – ભિક્ષુ અખંડાનંદજી જેમણે 'સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય'ની સ્થાપના કરી અને ગુજરાતની પ્રજાને સારું, સંસ્કારી ને લોકભોગ્ય સાહિત્ય સસ્તી કિંમતે આપવા જીવનભર ભગીરથ યત્નો કર્યા. **રૂપબા** – સ્વ. મોતીભાઈનાં ધર્મપત્ની (અવસાન – ડિસે૦ ૧૯૩૮). **ઠક્કરબાપા** – અમૃતલાલ વિ. ઠક્કર ભાવનગરના વતની. ઇજનેરી ખાતાની મોટા પગારની નોકરી છોડી ૧૯૧૫માં દેશભક્ત ગોખલેએ સ્થાપેલા 'હિંદ સેવક સંઘ'માં જોડાયા. પછાત ગણાતી ભીલ, કોળી અને હરિજન કોમોની ઉન્નતિ માટે એમણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩૫ વર્ષ સુધી નિઃસ્વાર્થ ભાવે કામ કર્યું. તે હરિજન સેવક સંઘના પ્રમુખ હતા. રેલ, દુકાળ કે ધરતીકંપ જેવાં સંકટો વખતે રાહતકાર્ય ઉપાડી લેવું એ એમની કાયમી પ્રવૃત્તિ હતી. આવાં દયાનાં કાર્યો કરતા હોવાથી 'ઠક્કરબાપા'ના વહાલસોયા નામે ઓળખાયા. ૮૨ વર્ષની વયે ૧૯૫૦માં એમનું અવસાન ભાવનગરમાં થયું. **રૂણના શેનવા** – વસો પાસે રૂણ નામે ગામ છે. તેની ભાગોળે શેનવા નામની ભંગી કરતાં પણ હલકી ગણાતી જાતિના લોકો વસે છે. ૧૯૨૭ના રેલસંકટ વખતે એમની દયાજનક સ્થિતિ જોઈ તેમને રહેવા માટે મકાનો બાંધી આપવાની વ્યવસ્થા મોતીભાઈએ કરી હતી. **ચરોતર** – મહી અને વાત્રક નદીઓ વચ્ચેનો પ્રદેશ – હાલનો ખેડા જિલ્લો. **રામભાઈ** – વસોના રામભાઈ કાશીભાઈ પટેલ. મોતીભાઈના શિષ્ય. વસો કેળવણી મંડળના આજીવન સભ્ય છે ને મોતીભાઈએ શરૂ કરેલી વસોની પ્રવૃત્તિ સંભાળે છે. **ભાળવણી** – વિગતવાર તપાસ પછીની વ્યવસ્થા. **ડૉ. મોતીભાઈ** – અમદાવાદના જાણીતા સર્જન અને તે સમયમાં વા. સા. હૉસ્પિટલના વડા. આણંદ નજીક નાવલી ગામના વતની. ગરીબાઈમાં પેટલાદના છાત્રાલયમાં ભણ્યા અને સ્વ. મોતીભાઈ અમીનની સહાય અને પ્રોત્સાહને વિલાયત જઈ સર્જનની ઊંચી પદવી મેળવી. **ડૉ. ભાસ્કરભાઈ** – ડૉ. મોતીભાઈના સહાધ્યાયી અને મિત્ર. મુંબઈમાં ક્ષયરોગના નિષ્ણાત તરીકે જાણીતા છે. સ્વ. મોતીભાઈના પરિચયે એમને લોકસેવાની પ્રેરણા મળી હતી. **સૅપ્ટિક** – (અં.) પાકવું, પરુ થવાને કારણે શરીરમાં વિકાર થાય તે. **કીમિયા** – (અરબી) ઉપાય, ચમત્કારિક પ્રયોગ. તે ઉપરથી કીમિયાગર; કૅમેસ્ટ્રી (અં.). **નિમંત્રણ** – તેડું, નોતરું; (આમંત્રણ શબ્દ આ અર્થમાં ખોટી રીતે રૂઢ થયો છે. આમંત્રણ – પડકાર, આહ્વાન, Challenge.) **યશોજ્જ્વળ** – યશથી ઉજ્જ્વળ – પ્રકાશિત – જાણીતી. **માનપાનનો ત્યાગ** – સામાન્ય પ્રથા કે શિષ્ટાચારને અનુસરી સ્વ. મોતીભાઈને માનપત્રો આપવાના અનેક પ્રયત્નો થયા હતા. પણ એમ કરવાથી સેવાની કિંમત ઘટે છે એમ પોતે માનતા હોવાથી, એવા પ્રયત્નોનો વિરોધ કરી એવા કોઈ પણ સમારંભમાં ભાગ લેવાની દૃઢતાથી ના પાડી હતી. **ડૉ. હરિપ્રસાદ** – અમદાવાદના જાણીતા કાર્યકર. અમદાવાદની પ્રત્યેક સામાજિક, સાંસ્કારિક કે રાજકીય પ્રવૃત્તિમાં એ મોખરે હતા. **દીક્ષામંત્ર** – સેવાનો સિદ્ધાંત.

૧. મોતીભાઈએ આખરી તૈયારી કેવી રીતે કરી?

૨. 'કામ' વિશે મોતીભાઈ કેવા વિચારો ધરાવતા હતા? 'પ્રવૃત્તિમાં જ નિવૃત્તિ અને નિવૃત્તિમાં જ પ્રવૃત્તિ' – મોતીભાઈના જીવનના સંબંધમાં સમજાવો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩. 'તૂટી એની બૂટી નહિ' એ કહેવત મોતીભાઈના ઑપરેશનના પ્રસંગના સંબંધમાં સમજાવો.

૪. 'છેલ્લી વિદાય' આ શીર્ષકની યથાર્થતા સમજાવો. બીજાં એક યોગ્ય શીર્ષકનું સૂચન કરો.

૫. પ્રસ્તાવના, પાઠ અને ટિપ્પણને આધારે સ્વ. મોતીભાઈનું જીવન ટૂંકમાં લખો.

૬. તમે જોયેલો કે સાંભળેલો આવો એક મૃત્યુપ્રસંગ પચીસેક લીટીમાં લખો.

૭. સમાસો ઓળખાવો, વિગ્રહ કરો ને તેનો અર્થ સમજાવો:—
દેહાંત; અતિવૃષ્ટિ; હરિજન; અદૃશ્ય; છાત્રાલય; અગ્નિસંસ્કાર; માનપાન.

રમણલાલ સોની

[શ્રી. રમણલાલ સોનીનો જન્મ બનાસકાંઠા જિલ્લાના કોકાપુર ગામમાં ૧૯૦૮માં થયો હતો. શિક્ષકનો વ્યવસાય કરતાં કરતાં એમણે પોતાનો અભ્યાસ આગળ વધાર્યો અને વર્ષો સુધી મોડાસા હાઈસ્કૂલમાં એમણે શિક્ષક અને આચાર્ય તરીકે કામ કર્યું. બંગાળી ભાષાનું એમનું જ્ઞાન સારું છે અને ઘણાં બંગાળી પુસ્તકોનો ગુજરાતીમાં એમણે અનુવાદ કર્યો છે. કિશોર વયના વિદ્યાર્થીઓને ગમે એવું ઘણું સાહિત્ય એમણે લખ્યું છે.

નીચેનું નાટક ફ્રેંચ નવલકથાકાર વિક્ટર હ્યુગોના સુપ્રસિદ્ધ પુસ્તક 'લા મિઝરેબલ'માંથી વસ્તુ લઈ રચાયું છે. સામાન્ય દૃષ્ટિએ ભયંકર અને દુષ્ટ લાગતા મનુષ્યમાં પણ ઊંડે ઊંડે માણસાઈ રહેલી છે એ સનાતન સત્ય આ નાટિકા સચોટ રીતે દર્શાવે છે. ભગતના જીવનમાં રહેલી ઊંચી ભાવના ક્ષમાશીલતા, દયા ને માનવતા આપણને બુદ્ધ, ક્રાઈસ્ટ કે ગાંધીજી જેવા મહાપુરુષોના ઉપદેશ ને જીવનની સરસ યાદ આપે છે.]

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રૂપાની ગાય

(એકપ્રવેશી નાટિકા)

પાત્રો

ભગત — **ચોર**

મંગળા – ભગતની બહેન — **શંકર** – મંગળાનો પુત્ર

જમાદાર – અને સિપાઈઓ

[પડદો ઊઘડતાં ઘરનો અંદરનો ભાગ દેખાય છે. ભીંત પર કૃષ્ણની બે ત્રણ છબીઓ ભેરવેલી છે. ડાબી તરફ ખૂણામાં લાકડાનું મંદિર ગોઠવેલું છે; અંદર કૃષ્ણની સુખડની મૂર્તિ છે. મૂર્તિ સામે ચાંદીની એક ગાય ઊભી કરેલી છે, તથા બાજુમાં ચાંદીની દીવી છે. ઓરડાની વચમાં કચરાની સગડીમાં કોલસા બળે છે. જમણી તરફ એક લાકડાની ઈસવાળા ખાટલા પર મંગળા પથારી કરતી દેખાય છે. થોડી વાર રહી પથારી કરતાં કરતાંજ તે શંકરને હાક મારી બોલાવે છે.]

મંગળા — શંકર !

શંકર — [અંદર પ્રવેશી] કેમ, બા !

મંગળા — જોને, તારા મામા હજી કેમ ન આવ્યા ? શિયાળાની ટાઢ તો એવી પડે છે કે ઊભાં રહેવાતું નથી ! એમને ટાઢે નથી વાતી ને ભૂખે નથી લાગતી શું ?

શંકર — બા, મામા તો કહે છે, હું મંજીરાનો અવાજ કરું છું કે તરત ભૂખ ને ટાઢ બેય બીને ભાગી જાય છે. પેલે દહાડે અમારા ગુરુજીને ઘેર એ ભજન કરવા ગયા ત્યારે ચાર પાંચ વખત ગુરુજીએ એમને ફરાળ કરવા ઊઠવાનું કહ્યું પણ એ તો સાંભળે જ નહિ ! છેવટે ભજનમાં ને ભજનમાં રાતના બાર વાગી ગયા, ત્યારે કહે કે હવે મધરાતે ખાવું શું !

મંગળા — જા, અંદરથી પેલો લાલ ચોકડીવાળો ધાબળો લઈ આવ.

[શંકર અંદર જાય છે. ધાબળો લઈ આવે છે.]

શંકર — [પ્રવેશી] આ ધાબળો ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મંગળા — [સામે જોઈ] આ નહિ; પેલો લાલ ચોકડીવાળો, એણુ નવો લીધો છે તે.

શંકર — [થોડી વાર વિચાર કરી] એ? એ તો મામાએ પેલી રતન ડોશીને આપી દીધો.

મંગળા — [ચમકીને] હેં? ક્યારે?

શંકર — આજે બપોરે. તું તે વખતે ઘરમાં નહોતી. ડોશી બિચારી ટાઢમાં ખૂબ ફફડતી હતી. કશું ઓઢવાનું એની પાસે હતું નહિ. એટલે મામાએ મારી પાસે એ ધાબળો મંગાવી આપી દીધો.

મંગળા — [પથારીમાં બેસી પડી] દસ રૂપિયાનો નવો ધાબળો એ રતનીને આપી દીધો! પેલે દહાડે મારા બે સાડલા કાઢીને કોઈને અપાવ્યા, એમનાં ધોતિયાં અને અંગરખાં તો આવીને ઘરમાં ઘડી ઊભાંયે રહેવા પામતાં નથી; નથી પગમાં કદી જોડા ટકતા, નથી ગજવામાં કદી પૈસો ટકતો.

શંકર — મામા બધું ગરીબ લોકોને આપે છે.

મંગળા — ગરીબ લોકો શાના? એ તો બધા ગરીબાઈનો ઢોંગ કરે છે, એમ કરી મારા ભલા ભોળા ભાઈને બધા લૂંટવાનો ધંધો લઈને બેઠા છે!

[બહારથી ભજનનો અવાજ સંભળાય છે.]

ભજન કરી લે રે, મનવા,
ભજન કરી લે.
મનખાદેહ ધર્યો તેં મોંઘો,
ધૂળે શીદ કરે તું સોંઘો,
સફળ કરી લે રે, મનવા,
ભજન કરી લે૦

[મંગળા વ્યગ્ર બની બેઠેલી દેખાય છે, ભગત અંદર પ્રવેશે છે.]

શંકર — મામા! મારી બા કહે છે કે લોકો ગરીબ નથી, પણ ગરીબાઈનો ઢોંગ કરી તમને છેતરે છે ને તમારી મિલકત પડાવી લે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભગત — [તંબૂરો ખીંટીએ ચડાવી] ઢોંગ કરતા હશે ને છેતરતા હશે તો એવા થોડા હશે. પણ એ થોડાઓની ખાતર ઘણાઓને શા સારુ જૂઠા કહેવા ?

મંગળા — પણ એ લોકો તમને છેતરી જાય છે તેનું શું ?

ભગત — હું કોઈનો ન્યાયાધીશ નથી, એટલે એ પંચાતમાં શું કરવા પડું ? જે છેતરતો હશે તેને ઈશ્વર જાણે. . . મારે વચમાં માથું મારવાની શી જરૂર ?

મંગળા — પેલો ધાબળો તમે કોને આપી દેવડાવ્યો ? હવે કદી તમારે ઓઢવા નહિ જોઈએ ?

ભગત — મારો વિચાર કર્યા પછી જ મેં એ આપ્યો છે. મેં જોયું કે મારી ફિકર કરવા જેવું નથી. કારણ કે મારે આ ગોદડીથી સરસ ચાલે છે, અને મારે એવા કીમતી ધાબળાની જરૂરે નથી; એટલે જ મેં રતની સીમવાળીને આપી દીધો. બિચારી આજે નિરાંતે ઊંઘશે !

મંગળા — [ગુસ્સામાં ઊભી થઈ જઈ] તો હવે આ મંદિરની ગાય પણ કોઈને આપી દો, આ દીવી પણ આપી દો — કોઈને ખપ લાગશે.

ભગત — [ખાટલા પર બેસી, થોડી વાર રહી] કોઈને ખપ લાગે — ઠીક યાદ દેવડાવ્યું. પણ યાદ છે બહેન, આ ગાય તો મા મથુરાથી લઈ આવેલાં; માએ જાતે એ મંદિરમાં બેસાડેલી છે. આજે માને મરી ગયે દશ વરસ થયાં. હું રોજ પૂજા કરું છું ત્યારે એને જોઈ માને યાદ કરું છું.

શંકર — હં, મામા ! આ રૂપાની ગાયને બદલે લાકડાની કે માટીની ગાય બેસાડી હોય તો ન ચાલે ?

ભગત — ન કેમ ચાલે, ભાઈ ? ભગવાન તો માણસની ભક્તિ જુએ છે, એ ઓછા જ કંઈ સોનુંરૂપું જુએ છે ?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મંગળા—હવે મૂકો બધી વાતો, ક્યારની રાંધીને બેસી રહી છું; ઊઠો જમવા.

ભગત—તમે સૌ વાળુ કરી લો; મને આજે ભૂખ નથી.

મંગળા—જાણુતી જ હતી કે અડધી રાત લગી ભજન ચાલ્યાં છે તે આવાને જમવાના નથી. ચાલ શંકર, તને જમાડી સુવાડી દઉં.

[બંને જાય છે.]

ભગત—[મંદિરની બાજુએ દીવીમાં દીવો કરે છે, પછી ભોંય બિછાવેલા આસન પર બેસી ધીમે ધીમે ભજન શરૂ કરે છે.]

હો રામા! . . . . રામા . . . રામા . . .
અમ દુખિયાની જો સામા . . . હો રામા૦
પાંચાલીનાં ચીર પુરાવ્યાં,
મને પૂર એક ધાગો,
શેઠ શ્રીમંતની લંગોટી
મને થશે શરીર પર વાધો!
હો રામા! રામા! રામા!

પંગુને તેં શિખર ચડાવ્યા,
મને જરી દે ઠેલો,
ડગલું એક પણ ચડી શકું તો
માનીશ કે હું પહેલો!
હો રામા! રામા! રામા!

[ભજન પૂરું થતાં ભગત મસ્ત બની ધૂન ચલાવે છે:
ભજ ગોવિંદં, ભજ ગોવિંદં, ભજ ગોવિંદં મૂઢમતે!

થોડી વાર પછી ફાટેલું પહેરણ, ટૂંકી પોતડી, માથે જથરપથર વાળ, જમણા હાથમાં ઉઘાડો છરો–એવો માણસ સાવધ પગલે અંદર પ્રવેશે છે ને ભગતની પાસે જઈ એકદમ તેનો હાથ પકડે છે. ભગત ઊભા થઈ જાય છે.]

ચોર—ખબરદાર, બૂમ પાડી છે તો! જોયો છે આ છરો!

ભગત—[બિલકુલ ગભરાયા વગર.] ભગવાન તમારું ભલું કરો!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચોર — [છરો દેખાડી] ચૂપ ! બોલ્યો તો પેટમાં હુલાવી દઈશ. ચાલ, ખાવાનું દે, મને ભૂખ લાગી છે.

ભગત — રહો, હું બ્હેનને બોલાવું.

ચોર — એમ કરી બૂમ પાડી લોકો ભેગા કરવા છે, કેમ ? પણ જનાબ, હું એવો ફીકો નથી ! તમારી ચાલાકી અહીં મારી આગળ નહિ ચાલે.

ભગત — હું બૂમ નહિ પાડું. તમને ભૂખ લાગી છે અને ખાવાનું રસોડામાંથી બ્હેન વિના કોઈ લાવી શકે તેમ નથી.

ચોર — જાણો છો, હું કોણ છું તે ?

ભગત — હા, કોઈ દુઃખી, નિરાધાર માણસ.

ચોર — [ચાળા પાડીને] દુઃખી નિરાધાર માણસ ! દુઃખી નથી, બંદા ખૂબ સુખી છે. નિરાધાર પણ નથી; આ હાથમાં છરો જોયો ? એના જેવો આધાર બીજો કયો છે ?

ભગત — સૌથી મોટો આધાર ઈશ્વરનો છે. એને ભૂલીશ મા.

ચોર — [હસીને] ઈશ્વર ? એને તો વેપારમાં ખોટ આવી એટલે દેવાળું કાઢી ક્યારનો ભાગી ગયો ! હવે એને પૂછે છે કોણ ! અને ઓળખે છેયે કોણ ! એનું કામ પણ શું છે !

ભગત — ભાઈ, દુઃખને વખતે ઈશ્વરનું નામ લે, એ તને સહાય કરશે.

ચોર — એ બધી ડાહી ડાહી વાતો કોઈ બીજાને કહેજે, મારે એ ઈશ્વરનું કંઈ કામબામ નથી; એ પૂજન, ભજન બધું ધતિંગ છે; બધું જૂઠ્ઠ છે !

ભગત — જૂઠ્ઠ નથી, મનુષ્યમાત્રનો એ ધર્મ છે.

ચોર — છટ ! છટ ! ધરમ બરમ કંઈ નથી ! વીસ વરસ નરકમાં કાઢ્યાં, તે વખતે તો કોઈ ધરમ મારો ઉદ્ધાર કરવા આવ્યો નહિ. અને હવે આજે ધરમ !

ભગત — વીસ વરસ નરકમાં કાઢ્યાં છે ! શું કહે છે તું આ !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાઈ, ઘડીક અહીં [ખાટલો બતાવી] બેસ, ને શાંત થા. બોલાવું હવે મારી બહેનને ?

ચોર — બોલાવ.

[ભગતની બૂમે મંગળા બહાર આવે છે ને ચોરને જોઈ ગભરાઈ જાય છે.]

ભગત — ડરીશ નહિ બહેન, આ ભાઈ આજે રાતે આપણા મહેમાન છે; બહુ દુઃખી માણસ છે. એમના માટે કંઈ ખાવાનું લાવીશ ? કોણ જાણે બિચારો ક્યારનો ભૂખ્યો હશે !

ચોર — ક્યારનો શું ? આજે ત્રણ દિવસથી ખાધું છે જ કોણે !

મંગળા — ભાઈ ! ભાઈ ! મને બીક લાગે છે. તમે —

ભગત — મને કશું નહિ થાય, તું બીશ નહિ. તું જા, કંઈ ખાવાનું લઈ આવ. [મંગળા પાછળ જોતી જોતી જાય છે.]

ચોર — બારણું કેમ ઉઘાડું રાખ્યું છે ? કોઈ અંદર આવી પહોંચશે તો ?

ભગત — એટલા જ માટે તો એ હંમેશ ઉઘાડું જ રહે છે. જેને આવવું હોય તે આવી શકે છે.

ચોર — [ઊભો થઈ જઈ] નહિ આવી શકે. હું કોઈને નહિ આવવા દઉં. તમારે મને પાછો દોઝખમાં પુરાવવો છે, કેમ ? પણ આ વખતે હું એ દોઝખમાં નથી જવાનો. મને પકડવા આવશે એની છાતીમાં આ છરો ઘોંચી દઈશ.

ભગત — તમે શું જેલમાં હતા ?

ચોર — હા, વીસ વરસ લગી એ દોઝખમાં સડ્યો છું, પણ બારણું ઉઘાડું નહિ રહેવા દઉં. [બારણું બંધ કરી દે છે.]

ભગત — જિંદગીમાં આ પહેલી વખત બારણું બંધ થાય છે.

[મંગળા ખાવાનું લઈ પ્રવેશે છે. બીતી બીતી તે થાળી નીચે મૂકે છે. નિમંત્રણની રાહ જોયા વગર ચોર ઝડપથી ખાવા માંડે છે.]

ભગત — શાંતિથી જમો. અહીં કોઈ તમને સતાવવાનું નથી. મંગળા ! તું જા હવે; રાત બહુ વીતી, સૂઈ જા.

મંગળા — તમને અહીં એકલા મૂકી હું નહિ ખસું, ભાઈ !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભગત — માણસ ઉપર એવો અવિશ્વાસ ન રાખીશ, બહેન ! ઈશ્વર કરતાં માણસ મોટો નથી. ઈશ્વર જો મારું રક્ષણ નહિ કરે તો શું તું કરવાની છે ? તું જા, બહેન !

મંગળા — ના, હું અહીં બેઠી છું.

ભગત — કહ્યું બહેન ? મારે આ ભાઈની સાથે કેટલીક વાતચીત કરવી છે, તું જાય તો સારું.

મંગળા — કોણ છે આ ?

ભગત — દુનિયાનો એક દુઃખી માણસ. ઈશ્વરે એને મારી પાસે મોકલ્યો છે. બિચારાની દુઃખની કથા સાંભળનારુંયે કોઈ નહિ હોય. તારા ભાઈ તરીકે હું તને કહું છું, તું જા.

[મંગળા 'ભાઈ !' કહી આંખો લૂછતી આનાકાની સાથે જાય છે.]

ભગત — હું પણ તમારા જેવો એક માણસ માત્ર છું —

ચોર — [વચમાં જ] તમે હશો માણસ, હું માણસ નથી. હું પશુ છું. જંગલી જાનવર છું. માણસ હતો પહેલાં, વીસ વરસ પહેલાં, આજે નથી. મને એ લોકો પકડીને જેલમાં લઈ ગયા, અને મને મારી મારી માણસમાંથી પશુ બનાવ્યો. મેં ખાવાનું માગ્યું, એ લોકોએ ગાળ દીધી. કૂતરા બિલાડાથીયે બદતર હાલતમાં મને એમણે રાખ્યો. ઘાણીએ જોડ્યો, ને કોશે જોડ્યો; માથું દુખ્યું તો દંડો લગાવ્યો, થાકી ગયો તો લાત લગાવી. માંદો પડ્યો તો નાગો કરી કોરડે કોરડે ફટકાવ્યો.

ભગત — ભાઈ, તમારું નામ ?

ચોર — મારું નામ પૂછો છો ? આજે મારું નામ નથી, પણ મારું નામ એ લોકોએ લઈ લીધું છે. મને ઠામ વગરનો કર્યો, ને નામ વગરનો કર્યો. અત્યારે મને સૌ નંબર ૮૫૨ કહીને ઓળખે છે.

ભગત — તમારાં ઘરબાર, સગુંવહાલું કોણ ક્યાં છે હવે ?

ચોર — ઘર હતું, સગું હતું, વહાલું હતું. વીસ વરસ પહેલાં. બે વરસનો છોકરો પણ હતો, એની મા માંદી પડી. માંદગી ખૂબ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાંબી ચાલી. મારાથી કામધંધે જવાતું નહિ અને ઘરમાં ખાવાનું ખૂટી ગયું. જેમ તેમ કરી હું મારો પેટગુજારો ચલાવતો. એક દહાડો એને નારંગી ખાવાની ઇચ્છા થઈ. ગામ આખું હું ફર્યો. પણ એ નારંગી વેચાતી લેવા જેટલી મજૂરી મને મળી નહિ. કંટાળી થાકીને મેં સાંજરે એક દુકાને નારંગીના ઢગલામાં હાથ નાખ્યો. પણ પકડાઈ ગયો. મને બે મહિનાની સજા થઈ. માંદી સ્ત્રીની ચિંતાએ હું જેલમાંથી નાઠો, પણ તે પહેલાં તો મારી સ્ત્રી મરી પરવારી હતી. હું ફરી પકડાયો ને મને લાંબી સજા થઈ. ફરી હું એ દોઝખમાંથી ભાગ્યો — મારા છોકરાનું દુનિયામાં કોઈ નહોતું, પણ છોકરાનુંયે ફરી કદી હું મોં જોવા પામ્યો નહિ. આમ ને આમ મેં વીસ વરસ એ જેલના દોઝખમાં કાઢ્યાં. હવે એ લોકોએ મને બહાર કાઢી મૂક્યો છે, પણ અહીં કોઈ મને સંઘરતું નથી. કોઈ મને આશરો આપતું નથી.

[જમી રહી હાથ ધોઈ ઊઠે છે.]

ભગત — ઈશ્વરની કૃપાએ તમને અહીં આશરો મળી શકશે. તમારી મરજી હોય ત્યાં સુધી તમે અહીં રહી શકશો.

ચોર — હવે તો હું દૂર દેશાવર જતો રહેવાનો છું. આ દેશમાં મારે હવે નથી રહેવું. આજની રાત મને ઘરમાં આશરો આપશો તો બસ છે.

ભગત — બેસો, હું એ સગવડ કરી દઉં છું. [અંદર જાય છે.]

ચોર — [પથારી પર બેસે છે, તરત ઊભો થાય છે. ને ઓરડામાં ચારે તરફ જુએ છે.] કેવું સરસ ઘર છે! મારા નસીબમાં ઘર જ નહિ! [મંદિર ભણી જાય છે. ચાંદીની ગાય ઉપાડીને જુએ છે. એટલામાં ભગત કામળા સાથે અંદર પ્રવેશે છે, એટલે ગાય મૂકી દઈ ઊભો થઈ જાય છે.]

ભગત — શિયાળાની રાત છે એટલે ટાઢ વધુ લાગે તો રાતે આ કામળો વાપરજો. નિરાંતે ઊંઘ લેજો, કોઈ વાતે ભય રાખશો નહિ. હું અંદર સૂઈ જાઉં છું, જરૂર પડે તો બોલાવજો. ભગવાન તમારું ભલું કરો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[ભગત અંદર જાય છે. ચોર પથારી પર લાંબો થઈ સૂઈ જાય છે. કામળો ઉકેલી ઓઢે છે. થોડી પળ પછી સળવળે છે, બેઠો થાય છે, કંઈક વિચારે છે, ને પથારીમાંથી ઊભો થાય છે. આમ તેમ જુએ છે, ને ધીમે પગલે મંદિર ભણી જાય છે. ચાંદીની ગાય હાથમાં ઉપાડે છે, ને ફેરવી ફેરવીને જુએ છે. પછી પોતાના ફાટેલા અંગરખામાં ગાય સંતાડે છે; એક છેલ્લી નજર અંદરના બારણા ભણી નાખે છે, ને પછી, ઝડપથી રસ્તા તરફના બારણા તરફ જાય છે. બારણું ઉતાવળે ઉઘાડવા જતાં અવાજ થાય છે. બારણું ઉઘાડું જ મૂકી એ ભાગી જાય છે.]

મંગળા — [અંદરથી ઉતાવળે પગલે બાવરા જેવી પ્રવેશ કરી] કંઈ અવાજ થયો હમણાં! [આમ તેમ જોઈ] પથારી તો ખાલી છે, ક્યાં ગયો પેલો? [ઉઘાડું બારણું જોઈ] બારણું ખોલી નાસી ગયો લાગે છે. સારું થયું ગયો તો, પણ કંઈ ઉઠાવી તો નથી ગયોને! [આમ તેમ જુએ છે ત્યાં એની નજર મંદિરમાં પડે છે. તે એકદમ ચમકે છે ને ભયથી બૂમ પાડી દે છે.] ભાઈ! ભાઈ! દોડો! પેલો ચોર ચાંદીની ગાય લઈ નાસી ગયો!

ભગત — [અંદરથી દોડતા આવી] શું થયું? શું થયું?

મંગળા — [રડવા જેવી થઈ ગઈ] પેલો બદમાશ ચાંદીની ગાય લઈ ભાગી ગયો! તમને રોજ આવા હરામખોરો જ મળે છે! જાઓ, દોડો, પોલીસને ખબર આપો.

ભગત — તું આમ ગભરા નહિ, બહેન! બિચારો બહુ દુઃખી હતો. વીસ વરસ એણે જેલમાં વિતાવ્યાં છે ને માણસ મટી એ પશુ જેવો બની ગયો છે; હવે હું એને ફરી જેલમાં નહિ મોકલું. હરે રામ!

મંગળા — એટલે શું ઘરમાં આમ ચોરીઓ કરાવશો? ભૂલી ગયા આ ગાય માને કેટલી વહાલી હતી તે? મરેલી માનું આ આટલું સ્મરણ પણ તમે નહિ રહેવા દો? [પથારીમાં મોં નાખી રડે છે.]

ભગત — મનેય આ ગાયની ખોટ ખૂબ સાલે છે, બહેન, પણ બિચારો ખૂબ દુઃખી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[એટલામાં બારણાં બહાર ઘણા પગોનો એકસામટો અવાજ થાય છે. ભગત અને મંગળા ચમકી બહાર નજર નાખે છે. ત્યાં જમાદાર સાથે બે ત્રણ સિપાઈઓ 'નંબર ૮૫૨'ને બાંધી અંદર પ્રવેશે છે.]

જમાદાર — ભગતજી! આ ગાય કોની? (ગાય કાઢી બતાવે છે. ભગત મૂગા મૂગા જોઈ રહે છે.)

મંગળા — [ઝડપથી આગળ વધીને] મારી છે! [એકદમ ગાય લઈ લે છે.] સારું થયું, ચોરી પકડાઈ ગઈ.

જમાદાર — આ બદમાશ તમારાં બારણાં ઉઘાડાં જોઈ ઘરમાં ભરાઈ ગયો હશે, ને લાગ જોઈ ગાય ચોરીને નાઠો. રસ્તા પર છુપાતો છુપાતો ચાલતો હતો તેથી સિપાઈને વહેમ પડ્યો. પૂછતાં નામઠામ કંઈ કહી શક્યો નહિ, તેથી વહેમ પાકો થયો. ધોલધપ્પો કરતાં એની પાસેથી છુપાવેલી આ ગાય નીકળી આવી. મને ખાતરી કે આ ગાય તમારા સિવાય બીજા કોઈની ન હોય અને વાત સાચી નીકળી.

ભગત — [શાંતિથી] જમાદાર સાહેબ, તમારી એક મોટી ભૂલ થાય છે.

જમાદાર — શી?

ભગત — આ માણસ ચોર નથી, એ મારો ઓળખીતો છે.

જમાદાર — [ચમકી ને] તમારો ઓળખીતો? આ માણસ? આ તો લોફર છે, બદમાશ છે. એની પાસે આ છરો જોયો?

ભગત — જોયો છે – તમારા કરતાં મેં એ વહેલો જોયો છે. કારણ કે એ મારો મિત્ર છે. એ બદમાશ પણ નથી, ને ચોર પણ નથી.

[સૌ ચમકીને જોઈ રહે છે, ચોર પણ આભો બની સાંભળી રહે છે.]

જમાદાર — ત્યારે આ ગાયની ચોરી કરી નાઠો એનું શું?

ભગત — તેણે ચોરી કરી જ નથી!

જમાદાર — ત્યારે?

ભગત — એ ગાય મેં એને ભેટ આપેલી છે.

જમાદાર — ભગત! આ માન્યામાં નથી આવતું. આવો માણસ તમારો મિત્ર શી રીતે હોય! એનાં નામઠામ પણ એ કહી શકતો નથી!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

ભગત — હું સાચું કહું છું, એ મારો મિત્ર છે.

જમાદાર — તો મારે હવે શું કરવું ?

ભગત — એને અહીં મૂકી આપ આપના કામે જાઓ.

જમાદાર — જોકે તમે કહો છો તે મને સમજાતું નથી, છતાં હું તમારા વચન પર વિશ્વાસ રાખી એને અહીં મૂકીને જાઉં છું.

[સિપાઈઓના ગયા પછી ચોર, મંગળા અને ભગત એકબીજાની સામું જોતાં મૂગાં ઊભાં રહે છે.]

મંગળા — હું જાઉં છું, ભાઈ! [ગાય સાથે અંદર જવાનું કરે છે.]

ભગત — એ ગાય અહીં મૂકતી જા.

મંગળા — નહિ, હું એ સાથે લઈ જવાની. [ગાય પોતાના પાલવમાં છુપાવી દે છે.]

ભગત — [કડક અવાજે] હું કહું છું, ગાય અહીં મૂકીને જા.

મંગળા — [નરમ અવાજે] મારી માની આટલી આ યાદગીરી સૂતી મૂકવા મારો જીવ નથી ચાલતો.

ભગત — મારી પણ એ મા હતી, અને માની છેવટની એ યાદગીરી મને ઓછી વહાલી નથી. માડી-જાયા તરીકે તને કહું છું કે તું ગાય અહીં મૂકતી જા.

[દયામણે મોંએ ગાય પથારી પર મૂકી મંગળા આંસુભરી આંખે જાય છે.]

ચોર — મને નથી સમજાતું મને અત્યારે શું થાય છે ! અત્યાર સુધી હું પશુ હતો, હું જડ હતો, હવે મને પાછું લાગવા માંડયું છે કે હું માણસ છું.

ભગત — તું માણસ છે, અને સારો માણસ છે, એમાં બિલકુલ સંશય નથી.

ચોર — પહેલાં મારામાં મન નહોતું, હૃદય નહોતું, કંઈ નહોતું; હું માત્ર ખાલી ખોખું હતો. હવે મને લાગે છે કે હું પાછો પહેલાં જેવો ભર્યો ભર્યો બની રહ્યો છું. પહેલાં મને દુનિયામાં બધે શેતાનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દેખાતા હતા; બધા મને બદમાશ લાગતા હતા, પણ હવે મને દેખાય છે કે દુનિયામાં પ્રભુના માણસ પણ છે.

ભગત—છે, પ્રભુ છે; ને પ્રભુના માણસ છે. તુંયે પ્રભુનો માણસ છે. આટલું યાદ રાખજે કે દરેક માણસનું શરીર પ્રભુનું મંદિર છે. દરેકના શરીરમાં પ્રભુનો વાસ છે.

ચોર—તમે કહો છો ત્યારે એવું લાગે છે. હું આ નહિ ભૂલું. હવે મને રજા આપો, બાકીની જિંદગી સન્માર્ગે ગાળું એટલા મને આશીર્વાદ આપો. [ધ્રુસ્કે કરતો ભગતના પગમાં પડે છે.]

ભગત—ઊઠ, ભાઈ, ભગવાન તારું ભલું કરશે. [ભગતને નમસ્કાર કરી ચોર ઊઠી ચાલવા માંડે છે. તેને જતો જોઈ] ભાઈ, આ તારી ચીજ તો અહીંયાં રહી ગઈ.

ચોર—[અટકી ઊભો રહી] કઈ ચીજ ?

ભગત—આ ગાય.

ચોર—એ મારી ક્યાં છે ?—મેં તો એની ચોરી કરી હતી, એ બદલ હું માફી માગું છું.

ભગત—એ તારી જ છે. તું મારો મિત્ર છે અને મિત્ર તરીકે મેં તને આ ગાય ભેટ આપી છે. મારા કરતાં તેનો તારે વધુ ખપ છે. તારે એ લેવી જ પડશે. [બળપૂર્વક ગાય ચોરના હાથમાં મૂકે છે.]

ચોર—ના, ના, ના, હું એ નહિ લઉં.

ભગત—તો શું મારું આટલું પણ માન તું નહિ રાખે ? હું શું તારો મિત્ર થવાને પણ લાયક નથી ! [થોડી વાર વિચાર કરી] રહે, એક બીજી પણ ચીજ મારે તને આપવી છે. [મંદિર પાસેની ચાંદીની દીવી ઉપાડી લઈ] આ દીવી પણ તું લેતો જા !

ચોર—[આભો બની] શા સારુ ?

ભગત—ગાય કરતાં આના પૈસા વધારે ઊપજશે, અને વળી તું એ સહેલાઈથી વેચી શકીશ. મારે એની કંઈ જરૂર નથી, કોડિયાથી પણ મારે તો ચાલી જશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચોર — એક હાથમાં ગાય બીજા હાથમાં દીવી — હવે છરો પકડવાને હાથ રહ્યો નહિ. તમારા આશીર્વાદ પછીયે જો મારે છરો ઝાલવાની જરૂર રહે તો ધિક્કાર છે મારા જીવતરને! [છરો જોસથી બહાર ફેંકી દે છે, ને નમસ્કાર કરી વિદાય લે છે.]

શંકર — [દોડતો પ્રવેશ કરી] મામા! મામા! તમે ગાય ચોરને આપી દીધી?

ભગત — હા, અને દીવી પણ આપી દીધી. એવી કીમતી ચીજો મારા ઘરમાં નહોતી શોભતી.

મંગળા — [દોડતી આવી] મારી માની કશી યાદગીરી તમે રહેવા ન દીધી! મા! મારી મા! બેસી પડે છે]

ભગત — માની યાદગીરી પહેલાં કરતાં હવે વધુ સારી રીતે રહેશે. સોનું રૂપું નહિ, પણ સત્કર્મો જ માનાં સાચાં સ્મૃતિ-પુષ્પો છે.

[ભગત ભજન ગાય છે.]

હો રામા! રામા! રામા!
અમ દુખિયાંની જો સામા! . . . હો રામા૦
દીધાં કૈંકને અખેપાત્ર તેં,
મને દે ટુકડો રોટી.
લૂખી સૂકી, પણ મને થશે એ,
ઓથ ઘણેરી મોટી,
હો રામા! રામા! રામા!

[ગીતના પ્રવાહમાં ભગત તણાવા માંડે છે. મંગળા બેઠી થાય છે, શંકર હાથથી તાલ આપે છે, ને પડદો પડે છે.]

ટિપ્પણ અને પ્રશ્નો

મનવા-હે મન! હે મનુષ્ય! ભજનમાં આ રીતે મન કે મનુષ્યને સંબોધવામાં આવે છે. **મનખા**-મનુષ્યનો; મનખો-જીવતર. **પાંચાલી**-દ્રૌપદી; પાંચાલ દેશના રાજાની પુત્રી એટલે. **વાઘો**-વસ્ત્ર. **જનાબ**-(ફા.) મહેરબાન. માનાર્થે નામની પૂર્વે અથવા સંબોધન તરીકે વપરાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દોઝખ –(ફા.) નરક. **બદતર** – વધારે હલકી – નીચી. **કોરડે** – ચાબુકે. **લોફર** – (અંગ્રેજી - Loafer) – રખડેલ, ચારિત્રહીન. **માડીજાયો** – ભાઈ. **અખેપાત્ર** – અક્ષયપાત્ર, જેમાંથી કદી ખૂટે નહિ તેવું વાસણ.

૧. આ નાટકને બીજું કોઈ શીર્ષક (મથાળું) આપી શકશો? એ અંધબેસતું છે તે બતાવવા કારણો આપો.

૨. ભગત અને મંગળાના સ્વભાવમાં શો ભેદ છે?

૩. ભગતના સ્વભાવ અને ગુણો પ્રસંગ ટાંકી દર્શાવો.

૪. આ નાટકના પ્રસંગમાં રહેલું રહસ્ય સમજાવો.

૫. આ નાટક ભજવવા માટે તમે કઈ કઈ જાતની તૈયારી કરો? તમને શું થવું ગમે? શા માટે?

૬. પૂર્વાપર સંબંધ દર્શાવી વિસ્તારથી સમજાવો.

(અ.) 'સોનું રૂપું નહિ, પણ સત્કર્મો જ માનાં સાચાં સ્મૃતિ–પુષ્પો છે.'

(આ) '...અને મને મારી મારી માણસમાંથી પશુ બનાવ્યો.'

૭. જેલમાંથી છૂટેલા એક કેદીની આત્મકથા લખો.

પન્નાલાલ પટેલ

[શ્રી પન્નાલાલ નાનાલાલ પટેલનો જન્મ ગુજરાત અને રાજસ્થાનની સીમાદોરી પર, ડુંગરપુરના માંડલી ગામમાં ૧૯૧૨માં થયો હતો. આર્થિક પરિસ્થિતિને કારણે તે ઝાઝું શિક્ષણ લઈ ન શકયા. પાછળથી ઉત્તર ગુજરાતમાં મેઘરજને એમણે પોતાનું વતન બનાવ્યું અને નરમ તબિયતની સરભરા કરતા આજે એ પોતાની લેખનપ્રવૃત્તિ એકધારી કરી રહ્યા છે.

આજ સુધી સાહિત્યમાં જેની ઉપેક્ષા થયેલી તેવા વાસ્તવિક ગ્રામ-જીવનને એમણે પોતાની વાર્તાઓનો વિષય બનાવ્યો અને તેનું સચોટ ને સુરેખ આલેખન કરવામાં એમણે અનન્ય સફળતા પ્રાપ્ત કરી. શહેરી જીવન અને ઊંચા શિક્ષણના કૃત્રિમ વાતાવરણના સમાગમથી દૂર રહેલા ગ્રામ-વાસીઓમાં વિશેષ પ્રબલ અને વિશુદ્ધ માનવતા રહેલી છે એનું ભાન શ્રી પન્નાલાલે ગુજરાતને કરાવ્યું. એમની શૈલી વાસ્તવિક અને બલવાહી છે અને ગ્રામ શબ્દો ને રૂઢિપ્રયોગોનો તે છૂટથી ને છટાથી ઉપયોગ કરે છે. 'મળેલા જીવ', 'માનવીની ભવાઈ', 'પાછલે બારણે' એ એમની જાણીતી નવલકથાઓ છે. 'સુખદુઃખના સાથી', 'લખ ચોરાસી' વગેરે પુસ્તકોમાં એમની ટૂંકી વાર્તાઓ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાદા ને સામાન્ય બે ગ્રામજનોની મૈત્રીના નાના પ્રસંગોનો ઉલ્લેખ કરી લેખકે એ મૈત્રીનો વિકાસ દર્શાવી એક સાદી વાતને કલામય રીતે આલેખી છે. બે મિત્રોના સ્વભાવમાં રહેલાં પરસ્પર વિરોધી તત્ત્વો દર્શાવી બૂરાઈ પર આખરે ભલાઈનો કેવી રીતે વિજય થાય છે તે દર્શાવતા ધીરા જેવા આદર્શ મિત્રની ઉદારતા, સહનશીલતા ને સહૃદયતાનું દર્શન લેખકે સચોટ રીતે કરાવ્યું છે.]

બે ભાઈબંધ

ધીરો ને વીરો બે બચપણના ગોઠિયા હતા. છેક નાનપણથી સાથે ખેલતા આવ્યા હતા. થોડાક મોટા થયા ત્યારે પણ બેઉ જણ ભેગા જ બળદ ચરાવતા. બધા ગોવાળિયા ભેગા મળી રામલીલા ભજવતા કે રાજાનો વેશ કાઢતા. પરંતુ તેમાંય ધીરો રામ થતો તો વીરાનો પાઠ લક્ષ્મણનો જ હોય; ધીરો જો રાજા થતો તો વીરો એનો દીવાન જ બનવાનો. અને જો ધીરો સિપાઈ બને તો વીરો ખુશીથી ચોર થવા કબૂલ થતો. કોઈ કોઈ દિવસ કાકડી, બોર કે જાંબુ ખાવાનું ગોવાળિયાને મન થતું. ધીરો ને વીરો બેઉ જણ લંગોટ ભીડી ઊપડતા. ગઢ જેવી વાડમાં પણ બાકોરાં પાડી ધાર્યું કામ પાર પાડતા. પરંતુ જો ધીરા વગર વીરાને જવાનું હોય કે વીરા વગર ધીરાને જવાનું હોય તો પહેલાં તો જવા માટે બેમાંથી એક્કેય કબૂલ જ ન થાય, અને જો થાય તો કામમાં કંઈ ભલીવાર ન પડે. ગોવાળિયા કહેતા: 'કંઈ નહિ ભાઈ! એ તો રામલક્ષ્મણ બે ભેગા હોય તો જ રંગત આવે.'

આમ એક પછી બીજો દિવસ ઊગતો અને એવી જ રીતે આથમતો. ધીરા અને વીરાને પણ કિશોરોની રમતમાં જગ્યા મળવા લાગી. મોઈદંડાની, ગેડીદડાની અને ખારાપાટની રમતો પુરજોસથી રમવા લાગ્યા. પરંતુ તેમાં તો બેઉ જણને જુદા જુદા પક્ષમાં જ વહેંચાવું પડતું. એમને એમાં કંઈ હર્ષશોક પણ ન હતો. બેઉ જણ એકમેકને ખભે હાથ ભેરવી એક બાજુ ચાલ્યા જતા, કંઈક ગુસપુસ કરી પાછા ફરતા. 'પાણીના પરપોટિયા' એમ બોલતા બોલતા બેઉ પક્ષના અગ્રણીઓ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આગળ આવીને નવાં નવાં ગોઠવેલાં નામ—કોઈ વાર તો કુંભાર અને ગધેડાની જોડી પણ બનતા, તો કોઈ વાર વળી કહેતા: 'થાળીમાં નાચતો લેવો કે બારબાર વાડો ઠેકતો લેવો?'

પણ એમાંથી એક જણ મરજીમાં આવે તે માગી લેતો. થાળીમાં નાચતાનું નામધારી ધીરો એક પક્ષમાં જતો, બારબાર વાડો ઠેકનાર વીરો બીજા પક્ષમાં. રમત શરૂ થતી. ઘણી વાર બેઉ પક્ષમાં તકરારો થતી. કોઈ કોઈ વાર તેઓ બાથંબાથે પણ આવી જતા. આકરા સ્વભાવનો વીરો પણ ધીરા સામે બાંયો ચઢાવતો; પરંતુ ધીરો હસી પડતો; વીરાને બાવડે ઝાલી કહેતો: 'લે ચાલ, ખળામાં જઈએ, એમને વાદે આપણે શું કામ લઢી મરીએ?'

એમ કરતાં કરતાં એમના બાળ ગોઠિયાઓ પણ મોટા થવા લાગ્યા અને ધીરાવીરાએ પેલા જુવાનોથી અલગ રમત આદરી. હવે તો ધીરાનો અને વીરાનો એ બે પક્ષ જ પડે છે, પરંતુ કોઈ દિવસ તકરાર નથી થતી ને થાય છે તો થોડીક વારમાં જ પતી જાય છે. અને વળી પાછી રમત શરૂ થઈ જાય છે.

ગામના જુવાનો ઘરસંસારમાં પડ્યા. એમની જગ્યા ધીરાવીરાએ સંભાળી. યુવાનીનાં ચડતાં લોહીમાં પણ બેઉ જણ સાથેના સાથે જ રહ્યા. એકને મેળે જવાની ઇચ્છા હોય તો બીજો વગર આનાકાનીએ તૈયાર થતો. એકની નામરજી હોય તો બીજો પણ જવાનું બંધ રાખતો.

*　　*　　*　　*　　*

એક દિવસ વીરાએ ધીરાને કહ્યું: 'ધીરા, છેલ્લા છેલ્લા મકાઈના ડોડા ખાવા છે!'

ધીરો સમજી ગયો. પાછલા વાવેતરવાળા એક ખેતરની મકાઈ વઢાઈ રહી હતી. આજ જો ચૂકે તો પછી બાર મહિનાને પંથે વાત પડે. ધીરાએ કહ્યું: 'એમાં તે શી મોટી વાત છે? આજ રાત્રે પેટ ભરીને ખાઈએ.'

'એ ખરું, પણ સોમો ખેતરે સૂવે છે, એનું શું?' વીરાએ કહ્યું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ભલેને સૂતો; તું કહેતો હોય તો એને ચેતવીને જઈએ.'

'તો તો મઝા રહે હોં, ધીરા! એવો એ ગામમાં હાંસ માર્યા કરે છે પણ એય જાણે કે કોઈક પડ્યા છે.' વીરાએ ખુશ થતાં કહ્યું.

બેઉ જણ ફરતા ફરતા સોમાને ઘેર આવ્યા. સોમો પણ એમના જેવો જ જુવાન હતો. તેણે તમાકુ ભરી બેઉ જણને ચલમ પાઈ. આડીતેડી વાતો કરી બેઉ જણ ઊઠ્યા. ધીરાએ જતાં જતાં કહ્યું: 'સોમભાઈ, બંદૂક લઈ ને સૂવો તો છો, પણ આજની રાત સંભાળજો જરા.'

'કેમ?' સોમાએ પૂછ્યું.

'કોઈ માળા નીચેથી ડોડા ના ભાંગી જાય.'

'અરે કાંઈ ગાંડો થયો? એક દિવસ હજારો ખેતરના ડોડા ખાનાર હું, તે આજ મારા ડોડા કોઈ ખાઈ જશે? એ વાત તો ભૂલી જજે, ધીરા; આ સોમલાના ડોડા ખાતાં ક્યાંય બંદૂકની ગોળી ન ખાઈ બેસે. કાચાપોચાથી તો પૂરી નદી જ નહિ ઓળંગાય ને?'

'ડોડા ખાય છે કે ગોળી એ તો રાત જાણે.' વીરાએ કહ્યું અને બેઉ જણ હસતા હસતા ચાલતા થયા.

માગીને ખાધા હોત તો સોમો કંઈ ના પાડે એમ ઓછો હતો? ગામના ઘણા લોક એ પ્રમાણે જ ખાતા હતા ને? પરંતુ ધીરાવીરાને માગીને ખાવામાં જાણે કંઈ સ્વાદ જ નહોતો લાગતો. ઉપરાંત સોમાને થોડોક પરચો પણ દેખાડવો હતો.

અડધી રાતે બેઉ જણ પોતપોતાની તલવારો લઈ ઊપડ્યા. વચ્ચે આવતું સ્મશાન વટાવી નદીને સામે કાંઠે આવેલા સોમાના ખેતરની વાડે જઈ ઊભા. કાળની જીભ જેવી તલવારો મ્યાન બહાર કાઢી. સોમો ધીમે ધીમે કશુંક ભજન ગાતો હતો, વચ્ચે વચ્ચે બાંધે ભારે પડકાર પણ દેતો હતો. ખેતરમાં પેસવાનું ખોડીઆરું હતું. પરંતુ કોઈ શું જાણે કે ધીરો-વીરો ડોડા ખાવા આવ્યા હતા? એ વિચારે તલવારથી થોરિયા કાપી છીંડું પાડી અંદર પેઠા. સામે જ હાથ હાથના ડોડા ડોલી રહ્યા હતા. પરંતુ ધીરા-વીરાએ ત્યાંથી તો ન જ કાપ્યા. બહુ જ સાવચેતીથી સોમાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માળા તરફ આવવા લાગ્યા. એટલામાં સોમાનો અવાજ કાને પડ્યો. 'સંભળાજે હોં! આ કાળની માસીને ખોળામાં રાખીને જ બેઠો છું.'

ધીરા–વીરાને હસવું આવ્યું. ધીરાએ વીરાના કાનમાં કહ્યું: 'આજ આખી રાત આમ કર્યાં કરવાનો બિચારો!'

બેઉ જણ મકાઈની પાંનઠો વચ્ચે જગ્યા કરતા માળાથી રાશવા છેટે આવી ઊભા. એક બાજુ સોમો કંઈ ગીત લલકારી રહ્યો હતો. બીજી બાજુ ધીરો–વીરો દાતરડાની પેઠે તલવારથી ડોડા કાપી ખોળા ભરતા હતા. સોમાનાં ગીત પૂરાં થયાં પરંતુ ધીરા–વીરાનું કામ તો હજુ ચાલુ જ હતું. ખોળા ભરાઈ ગયા. અને બેઉ જણ આવ્યા હતા તેમ પાછા વળ્યા. વીરાએ છીંડામાંથી નીકળતાં કહ્યું: 'ધીરા, સોમો બિચારો સવારના પહોરમાં જોશે ત્યારે તો એને શુંનું શું થઈ જશે!'

'થઈનેય બીજું શું કરવાનો હતો? આપઘાત કરે તો ભલે!' કહી ધીરો હસવા લાગ્યો.

વીરાએ નદીનો કાંઠો ઊતરતાં ઊતરતાં કોઈક દોહરો લલકાર્યો...

*　　　*　　　*

આ પછી તો ધીરા–વીરાએ એક વાણિયાનું ઘર પણ ફાડેલું. પરંતુ આ કામ શોખનું નહોતું. વીરાને વાણિયા ઉપર વેર હતું. એને લીધે ધીરાને પણ દોરાવું પડ્યું હતું. રાજ્યના સાણસામાં આવતાં આવતાં સહેજ જ બચી ગયેલા. ત્યાર પછી ધીરાએ જળ મૂક્યું કે કોઈ દિવસ ચોરી કરવી નહિ. વીરાને પણ કહ્યું: 'વીરા, આ ચોરીનો હરામચસકો છે, હોં! મેં તો આજથી જળ મૂક્યું છે, તુંય મૂકી દે.'

વીરાએ હસીને કહ્યું: 'બ. . .સ! એટલામાં ડરી ગયો?'

જવાબમાં ધીરો ફક્ત હસ્યો.

વીરાએ સહેજ ગરમ થતાં કહ્યું: 'ધીરા, ચોરી કરવી એ કંઈ નાના છોકરાના ખેલ નથી; એમાં તો વજ્જરની છાતી જોઈએ છે.'

ધીરાએ તેને સમજાવ્યો કે શૂરાતન હોય તો દેખાડવાના બીજા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘણાય રસ્તા છે. પરંતુ વીરાએ તો સામેથી મહેણું માર્યું : 'ના ના, ધીરા ! મેં તને આવો બીકણ તો નહોતો ધાર્યો !'

અને આ વાતચીત પછી પણ વીરો ધીરાનાં વાક્યોને મશ્કરી રૂપે જ લેખતો. તેથી જ તેણે એક દિવસ ધીરાને કહ્યું : 'ધીરા, આ મુખી ઊંચી ઊંચી પાનીએ ફરે છે પણ એને એક દન પાણીમાં બેસાડી દઈએ. તું કહેતો હોય તો એનો નવો બળદ ક્યાંય પરપટે ઉતારી પાડીએ.'

ધીરાએ ધસીને ના તો પાડી તો પાડી પરંતુ વીરાને પણ આ કામ કરતાં વાર્યો.

વીરાની ખાતરી થઈ કે ધીરામાં પહેલાંના જેવું 'પાણી' નથી રહ્યું. કરેલી વાત માટે તેને સહેજ પસ્તાવો થયો. ધીરાની શિખામણ ગળે ઊતરી હોય તેવા ઢોંગ સાથે કહ્યું : 'ના ના, આ તો હું ખાલી મશ્કરી કરું છું. મારો એવો વિચાર છે એમ જોજે માની લેતો.' કહી હસતો હસતો ચાલતો થયો.

પરંતુ બીજા મહિનામાં જ મુખીનો સો રૂપિયાનો બળદ ખોવાયો. ચારે બાજુ તપાસ કરતાં મુદ્દો પણ મળી આવ્યો અને ચોરનો પણ પત્તો લાગ્યો. વીરાના સગાઓના પ્રયત્નથી વળી તે બચી ગયો. ગામગામનો મામલો હોવાથી મુખીએ પણ લાંબું ખીચોડું કંઈ ન કર્યું; બળદ સાથે પાંચપચીસ રૂપિયા લઈને જ સમજી ગયા.

પરંતુ વીરાના મનમાં ખાતરી થઈ ગઈ કે આ વાત ધીરાએ જ કરેલી. ધીરો વચ્ચે પડેલો અને એને લીધે જ જેલમાં જતો બચ્યો એ બાબતે ધીરાનો બચાવ કરવા કરતાં વીરાના મગજમાં ઊલટો પુરાવો જ પૂર્યો; તેને થયું : 'પોતાની ચાડી ઢાંકવા જ તો ભાઈસાહેબ વચ્ચે પડ્યા હતા !'...તે મનમાં મનમાં બબડ્યો. 'પણ તું એમ ન ધારતો ધીરિયા, કે હું તારી આ ચાલાકી નથી જાણતો.'

અને એક દિવસ ધીરાને સુણાવી પણ દીધું : 'ધીરા, તું એમ ન જાણતો કે હું કશું નથી જાણતો ! પણ યાદ રાખજે જો એક દિવસ આનું વેર ન વાળું તો !'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધીરો સમજી ગયો. તેણે વીરાને શાંત પાડવા પ્રયત્ન કર્યો. પરંતુ તે તો ઊલટો વધારે ગુસ્સે થઈ ગયો. જીભે આવ્યું તેમ બોલવા લાગ્યો. ધીરાને લાગ્યું કે આમાંથી ઊલટી ક્યાંય મારામારી થઈ બેસશે. તે ચૂપચાપ ચાલતો થયો. વીરાનાં માબાપે પણ ધીરાને ભાંડવામાં કંઈ બાકી નહોતું રાખ્યું.

આ બધું ઓછું હોય તેમ ધીરાના પિતાએ અને ગામલોકોએ તેને જૂનાં હેત યાદ દેવરાવી વધારે બાળવા માંડ્યો: 'ધીરા, છેવટે ઝાઝા હેતમાં ગાંઠિયા પડ્યા ને? અમે તો કહેતા જ હતા ને કે ભાઈ થોડામાં મીઠાશ!'

ધીરો આનો શો જવાબ આપે?

* * *

આ વાતને બે માસ વીતી ગયા. બેસતા ઉનાળાનો સમય હતો. દૂધ જેવી અજવાળી રાત હતી. ગામ પહેલાં ઘઉંનું ખળું લઈ પરવારેલો ધીરો ફરતો ફરતો ગામ બહાર આવેલા ખળામાં આવ્યો. બીજા જુવાનો તેને જોઈ ખુશ થયા. કહ્યું: 'આજ તો ધીરા ભજન ગા, દોસ્ત!' કહી તેના હાથમાં તંબૂરો મૂક્યો.

કોઈ કોઈ ખળામાં ઘઉંના ઓરા પડ્યા હતા. આભમાંથી વેરાતી દૂધમલ ચાંદની પીને ચળકતા હોય તેવા ગોતાના ઢગ ચારેપા ચળકી રહ્યા હતા. એમાંથી ઊડતી મીઠી ફોરમ હવામાં પ્રસરી રહી હતી. અને ભરયૌવનમાં મહાલતા ફાગણી વાયરા ધીરા ધીરા વાઈ રહ્યા હતા. ધીરાએ તંબૂરો હાથમાં લીધો અને છૂટા રાગે ભજન ગાવા માંડ્યાં. એક ગાયું, બીજું ગાયું, એમ જોતજોતામાં અડધી રાત પસાર થઈ ગઈ. એક છેલ્લું ભજન શરૂ કર્યું. પરંતુ માંડ અડધું થયું હશે, ને તેમને કાને એક કિલકારી પડી: 'દોડજો...પકડજો...આગળ આવજો...!'

બધા જુવાન ખડા થઈ ગયા, બૂમ આવતી હતી એ બાજુ દોડવા મંડ્યા. પરંતુ ધીરો સહેજ થંભી ગયો. સામે દેખાતી આછી ઝાળો પરથી તે સમજી ગયો કે કોઈકનો ઘાસભર્યો માળો બળી રહ્યો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્ષણમાં તેણે કંઈ વિચારી લીધું, અને જમણા હાથ તરફ ફંટાઈ ગયો. હરણફાળ ભરતો અને લાકડીનો ટેકો લઈ થોરિયાની વાડો ઠેકતો તે એક નાકા આગળ જઈ થંભી ગયો. ધરતી સાથે કાન માંડ્યો. પગનો અવાજ પારખી કાઢ્યો હોય તેમ વાડ સરસો દબાયો. અવાજ નજીક અને નજીક આવતો હતો – તેણે લાકડી તૈયાર રાખી અને બેફાટ દોડી જતી વ્યક્તિના પગ વચ્ચે ઘાલી દીધી. બીજી જ ક્ષણે પડેલી એ વ્યક્તિ ઉપર ચઢી બેઠો. ગળું પકડવા જાય ત્યાં તો વીરો દેખાયો. ધીરો બોલી પડ્યો : 'કોણ, વીરો !'

ગામલોકોના અવાજ નજીક અને નજીક આવતા હતા. વીરો માંડ બોલી શક્યો : 'ધીરા મને બચાવ ! ગામવાળા આ વખત મને નહિ છોડે ! મેં તારો જ માળો...'

ધીરાએ તેને ઊભો કરતાં કહ્યું : 'તું આ વાડમાં જ સંતાઈ રહે. હું વા'રને અવળી દોરી જાઉં છું.' ને તરત જ ધીરાએ વાડની છલંગ મારી. એક ખેતર વટાવતાંક ને બૂમ મારી : 'આ બાજુ...આ જા...ય, આ જા...ય ! આ બાજુ આવજો...દોડજો ઈ...' કહેતો કિલકારી કરતો ધીમે ડગલે દોડવા લાગ્યો. આખુંય ગામ એ તરફ ખેંચાયું.

નદીકાંઠે જઈ ધીરો થંભી ગયો. પાછળ આવતા ગામના જુવાનો સાંભળે એ રીતે એના કાલ્પનિક ચોરને પડકારવા લાગ્યો : 'એ જા જા ! છટકી ગયો, જા !'

કોઈ કોઈ જુવાનોએ નદી ઊતરવાનો વિચાર જણાવ્યો. પરંતુ ધીરાએ ના પાડી. 'હવે એ ઝાડીમાં હાથ આવે ખરો !' કહી ગામ તરફ વળ્યા.

માળા પાસે જઈ ધીરાએ જોયું તો ઘાસથી ઠઠ ભરેલો માળો તોડી પાડ્યો હતો. ધીમે ધીમે ઘાસ બળી રહ્યું હતું. તેણે પિતાને છાના રાખતાં કહ્યું : 'અરે મૂઓ બળી ગયો તો ! તમે કેમ ફિકર કરો છો ? કાલ અતારે પાછો ઠઠ ભરી દીધો જાણો ને !'

ગામ લોકોમાં આ માળો બાળનારનું નામ ચર્ચાવા માંડ્યું. એકે મોંએ વીરાનું નામ બોલાતું હતું. પરંતુ ધીરાએ ના પાડી : 'એ બધી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખોટી વાત છે. તમારા કરતાં હું વીરાને વધારે ઓળખું છું. ગમે તેમ બોલે, બાકી મારું નુકસાન તો એ કદી ન કરે.' કહી એક બે જણને તો જરા ઊંચા શ્વાસે બોલી, બોલતા પણ બંધ કરી દીધા : 'પારકા ઘરની પંચાતમાં પડ્યા વગર જાઓ છાનામાના. હું જાણું છું કે તમે બધા મને ને વીરાને લડાવી મારવા માગો છો.' બબડતા ફફડતા લોકો ચાલતા થયા.

* * *

બીજે દિવસે સવારમાં ધીરો વીરાને ત્યાં જઈ પહોંચ્યો. તેને ગાડું સમું કરતો જોઈ પૂછ્યું : 'કેમ ગાડું તૈયાર કરે છે, વીરા ! ભાડું ભરવું છે કે શું ?'

વીરાએ ફિક્કું હસતાં ધીરા સામે જોયા વગર જ કહ્યું : 'ભાડું ભરવું તો છે, પણ વગર પૈસે.'

'એટલે ? કાંઈ સીધી વાત તો કર.' કહી ધીરો એને મદદ કરવા લાગ્યો. 'હું જે કહું છું એ ઠીક કહું છું, ધીરા !' અને નરમ અવાજે ઉમેર્યું : 'ડુંગરે ચાર લેવા જવું છે.' ધીરાએ તેની ભરાઈ આવેલી આંખો પણ જોઈ.

તે સમજી ગયો કે વીરો બાળી નાખેલી ચાર પાછી ભરી આપવા માગે છે. તેણે વીરાને ચોપાડ તરફ ખેંચતાં કહ્યું : 'લે, ચાલ ચાલ હવે છાનોમાનો, એવું હશે તોય એની આટલી બધી ઉતાવળ શી છે ? આપણ બે જણ મંડીશું, તો પચ્ચીસ માળા ઊભા કરી દઈશું. લે, તમાકુ ભર, ચાલ હવે.'

વીરાએ આંખોના ખૂણા સાફ કરી નાખ્યા. તમાકુ ભરી લાવી બેઉ જણ દમ લગાવતા બેઠા.

આસપાસ જોતાં ધીરાએ પૂછ્યું : 'પણ મને તો એ થાય છે કે તેં કર્યું ત્યારે આવું કાચું કેમ કર્યું ? અજવાળી રાતનોય તને ખ્યાલ ન રહ્યો.'

વીરાએ ફિક્કું હસતાં કહ્યું : 'ખ્યાલ જો રાખ્યો હોત તો બધોય રહેત, ધીરા ! પણ મારે એવું કાંઈ કરવું હતું થોડું, કે બધો ઘાટ ઘડી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાખું ?' કહી નિઃશ્વાસ નાખી બોલ્યો : 'ગઈ રાતે હું મારા ખળામાં સૂઈ રહ્યો હતો. છેટું હોવા છતાંય શીળી રાતનાં તારાં ભજન ચોખ્ખાં સંભળાતાં હતાં. એક વાર તો મનમાં થયું કે હુંય તારી પાસે આવીને બેસું. પણ કોણ જાણે તે એકાએક શું સૂઝ્યું ! મારી આંખોમાં ઝેર ભરાઈ આવ્યું — 'તમે ગાઓ ભજન, હું દેખાડું છું !' આમ કરી હું છાણું લઈને સીધો તારા માળાએ પહોંચ્યો. ખૂબી તો એ છે કે છાણું જરા ખોદીને ચાર વચ્ચે મૂકવા ગયો એટલામાં એની મેળે ભડકો થઈ ઊઠ્યો. માળા ઉપરથી કૂદકો મારી નાઠો, પણ—'

ધીરો વચ્ચે બોલ્યો : 'હોય વીરા ! ગુસ્સો આવે છે ત્યારે માણસ આંધળો જ થઈ જાય છે; એ વખત એ ઠરેલા મગજે વિચાર જ નથી કરતો. પણ ખરું પૂછે વીરા, તો આમાં ભગવાનની કૃપા જ દેખાય છે. ચાર તો ફરી મળશે પણ તું ગયેલો પાછો ન 'તો મળવાનો ! ચાર બળી એ ઠીક જ થયું !'

વીરાએ જોરથી શ્વાસ લેતાં કહ્યું : 'ઠીક તો થયું ધીરા, પણ આ તો હાથનાં કર્યાં હૈયે વાગ્યાંને ?

'હૈયું હતું તો હૈયે વાગ્યાં, નહીં તો શું વાગવાનાં હતાં !' કહી વીરાનો હાથ ઝાલી ઊભા થતાં કહ્યું : 'લે ચાલ, મારે ઘેર જઈએ, ડોસા ચા મૂકીને આપણી વાટ જોતા હશે.'

અને હાથમાં હાથ રાખી બેઉ જણ ઊભે ગામ થઈ ધીરાના ઘર તરફ જઈ રહ્યા.

લગભગ આખુંય ગામ તેમની તરફ જોવા લાગ્યું — જાણે કંઈ કૌતુક ન નિહાળતાં હોય !

ટિપ્પણ અને પ્રશ્નો

ગોઠિયા – મિત્રો, ભેરુ. **વેશ કાઢવો** – સ્વાંગ લેવો, પ્રસંગ ભજવવો. ભવાઈમાં પ્રસંગ, દૃશ્યના અર્થમાં વેશ શબ્દ વપરાય છે – દા. ત. વાણિયાનો વેશ, મિયાંબીબીનો વેશ. **પરચો** – પરતો. પ્રતાપ, ચમત્કાર. **હરામચસકો** – હરામનું (સાચી મહેનત વગરનું) ખાવાની ટેવ કે ચડસ. **ગોતું** – અનાજનાં છોડાં. **વા'ર** – વહારે ચડનાર.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧. આ વાર્તાનો સાર આશરે ૨૦ લીટીમાં લખો.

૨. ધીરા અને વીરાના સ્વભાવ અને વર્તનમાં જે ભેદ છે તે દર્શાવો.

૩. ધીરા અને વીરા વચ્ચે ક્યારે અને કેવી રીતે વેર બંધાયું ?

૪. બૂરાઈનો બદલો ભલાઈથી કોણે ને કેવી રીતે વાળ્યો ? એની બીજા પર શી અસર થઈ ?

૫. 'ચાર તો ફરી મળશે પણ તું ગયેલો પાછો ન'તો મળવાનો !'— આ વાક્ય કોણ, કોને ને ક્યારે કહે છે ? પ્રસંગ આલેખી વાક્યનું રહસ્ય સમજાવો.

૬. આ વાર્તાના પ્રસંગ પરથી તમને જે બોધ મળ્યો હોય તે વિશે દસ લીટી લખો.

૭. બે મિત્રોને લગતો આવો કોઈ પ્રસંગ તમે વાંચ્યો કે સાંભળ્યો હોય તો કહો.

૮. રૂઢિપ્રયોગો સમજાવો :—વેરા કાઢવો; ઊંચી પાનીએ ફરવું; ઝાઝા હેતમાં ગાંઠિયા પડ્યા; હાથનાં કર્યાં હૈયે વાગ્યાં.

ઈશ્વર પેટલીકર

[શ્રી. ઈશ્વર પેટલીકરનો જન્મ ખેડા જિલ્લાના પેટલી ગામમાં ૧૯૧૬માં થયો હતો. મૅટ્રિકની પરીક્ષા પસાર કરી લેખનકાર્યને એમણે પોતાના વ્યવસાય તરીકે સ્વીકાર્યો. હાલમાં આણંદમાં રહી 'પાટીદાર' માસિકના સંપાદનકાર્ય સાથે એકધારી લેખનપ્રવૃત્તિ કરી રહ્યા છે. શ્રી. પેટલીકર ગ્રામજીવનના અભ્યાસી અને નિરીક્ષક છે અને એમનાં લખાણોમાં આપણાં ગામડાંઓના વાસ્તવિક જીવનનનું સ્પષ્ટ પ્રતિબિંબ દેખાય છે. એમની ટૂંકી વાર્તાઓના સંગ્રહો 'માનતા', 'પારસમણિ' અને 'તાણાવાણા' નામે પ્રસિદ્ધ થયા છે. 'પાતાળ કૂવો', 'જનમટીપ', 'લખ્યા લેખ' 'ધરતીનો અવતાર'—એ એમની જાણીતી નવલકથાઓ છે.

અહીં આપેલું 'જોશી'નું રેખાચિત્ર એમના 'ગ્રામચિત્રો' નામના પુસ્તકમાંથી લેવામાં આવ્યું છે. એ પુસ્તકમાં શ્રી. પેટલીકરે ગામડાંની અનેક સામાન્ય ને વિશિષ્ટ વ્યક્તિઓનાં વિગતપૂર્ણ અને સુરેખ શબ્દચિત્રો દોર્યાં છે. જોશીના પાત્રનો પરિચય કરાવતાં આપણા સમાજના જુનવાણી—રૂઢિચુસ્ત વર્ગ પર અને એમના વિચારો પર લેખકે માર્મિક કટાક્ષ કર્યા છે. વિનોદ અને કટાક્ષને લીધે આ રેખાચિત્ર વિશેષ આકર્ષક અને હૃદયસ્પર્શી બન્યું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. ગાંધીજીએ આપેલું નારાયણ હેમચંદ્રનું ને શ્રી. લીલાબહેન મુનશીનું વૃદ્ધ કૃષ્ણનું – આ બે રેખાચિત્રો જોશીના શબ્દચિત્ર સાથે આલેખન શૈલીની દૃષ્ટિએ સરખાવવા જેવાં છે. ગાંધીજી અને લીલાબહેને ગંભીર રીતે રેખાચિત્રો દોર્યાં છે. શ્રી. પેટલીકરે હળવી શૈલીમાં આલેખન કરતાં વિગતપૂર્ણ રેખાચિત્ર રજૂ કર્યું છે.]

જોશી

ગાંધીયુગની અસર વર્તનમાં નહિ થઈ હોય, તેના કરતાં વિશેષ વાણીમાં થઈ છે. ને પહેરવેશમાં તો ધરમૂળનું જ પરિવર્તન થઈ ગયું છે. ગાંધીયુગના વિચારમાં સહેજ પણ ન માનનાર, જુનવાણી ને વૃદ્ધ પણ હાથમાં થેલી ને માથે ધોળી ટોપી મૂકતા થઈ ગયા છે. અંતરથી તો એમને આ વેશ વિશે બિલકુલ આદર નથી. વાતવાતમાં કહે છે પણ ખરા – 'શું કરે, બધાય ટોપી મૂકતા થયા એટલે ન મૂકનાર જ ઊલટો વરવો લાગે છે. હાસે કે ત્રાસે, બધા કરે એમ કર્યા વગર કંઈ છૂટકો છે ?' પણ જમાનાના જોસબંધ ફૂંકાતા પવન સામે વરવા દેખાવા છતાં એક વર્ગે એનાં પાઘડી, ખેસ, લાંબો કોટ, ચાર પાટલીનું ચીપીને પહેરેલું ધોતિયું ને ચાંચાળા જોડા હજુ બદલ્યા નથી. અને એ વર્ગ છે જોષી મહારાજોનો.

એણે જેમ પહેરવેશ નથી બદલ્યો તેમ વિચારેય નથી બદલ્યો. ને વિચાર બદલાયા પહેલાં વર્તન તો બદલાય જ ક્યાંથી ? બાપદાદાઓની જૂની મૂડી ઉપર જ આજેય એ જીવવા ફાંફાં મારે છે. એ જોષી છે, કારણ એના બાપ જોષી હતા; એના બાપ જોષી હતા – કારણ એનાય બાપ જોષી હતા અને એમ કેટલીય પેઢીઓ ઉથામી નાખો છતાં જોષીનું જ્ઞાન મેળવીને પ્રથમ જોષી બનનાર એનો કયો વડવો હતો, એનો ભાગ્યે જ પત્તો જડશે. બ્રાહ્મણનો પુત્ર બ્રાહ્મણ જ હોય, વૈશ્યનો વૈશ્ય જ તેમ જોષીનો જોષી જ હોય એવું એ માની બેઠો છે.

હા, બ્રાહ્મણનો બ્રાહ્મણ કહેવાય ને વૈશ્યનો વૈશ્ય, એ વાત સાચી હશે, પણ એવા મદાર ઉપર આજે કોઈ વર્ગ જીવી શકતો નથી. બ્રાહ્મણ વૈશ્યનો ધંધો કરે છે, શૂદ્રનોય કરે છે; એ જ રીતે વૈશ્ય પણ પોતાનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધંધો છોડી બીજે હલ્લે વળગ્યો છે. સૌ પોતપોતાની લાયકાત સરખું કામ શોધી લે છે. પણ આ ઉઘાડી વાત અમારા ભવિષ્ય સુધી દીર્ઘ દૃષ્ટિ પહોંચાડનારા જોશી મહારાજોને નથી દેખાતી. એમને તો એમ જ છે કે અમે ગમે તેવા – જોષ જાણુતા હોઈશું કે નહિ, પણ જોષી તરીકે જ જીવવાને જન્મ્યા છીએ.

પાગલ માણુસ કાંકરાને રૂપિયા માની છેડે બાંધી રાખે, તેવી એમની પાસે જૂની કુરૂઢિઓના આચારવિચારની, આભડછેટની, વટાળની ને ધર્મના મૂળ તત્ત્વથી વિમુખ કેટલીય લોકાચારની મૂડી છે. એમની પાસે નવો કોઈ વિચાર નથી, જૂનાની સમજણુ નથી; કૂપમંડૂકતાની ફોગટ મૂડી ઉપર એ જીવવા માગે છે. ખરો ધર્મ એ જાણુતો નથી, અને જાણુતો હોય તેને એ માનતો નથી. એમનો ધર્મ એટલે એ જે જાણુતા હોય ને માનતા હોય તે. એ સિવાયનું જે કહે છે તે અધર્મ ને એ કહેનાર નાસ્તિક !

એમનો ધર્મ એટલે શૌચ જતાં કાને જનોઈ ભેરવવી જ જોઈએ, નાહ્યા વગર બીજા વસ્ત્રને અડકાય નહિ, સંધ્યા કર્યા વિના જમાય નહિ, ને સંધ્યા એટલે જેવો વખત – દોઢ કલાકમાંય થાય, ચાલતાં ચાલતાંય થાય, નાહતાં નાહતાંય પૂરી કરી નંખાય. કાચના પ્યાલાસાં ચા પિવાય નહિ, પણુ એ પ્યાલામાંની ચા પિત્તળના પ્યાલામાં રેડી પીવામાં બાધ નહિ. ધોતિયું પહેરીને જમાય નહિ, પણુ ધોતિયું પહેરીને કરેલી રસોઈ જમવામાં બાધ નહિ. હરિજનને અડાય નહિ, એના વાસમાં જવાય નહિ અને એને પોતાના વાસમાં પેસવા દેવાય નહિ; પણુ એની મજૂરી ખપે, એના ઘરનું અનાજ ખપે, ઘી પણુ ખપે, ચામડુંય ખપે – ન ખપે ફક્ત એ એકલો જ !

આવો એ આચારશીલ ધર્મવાન એટલે લોકો એને બારશે સીધું આપે, વર્ષીને દિવસે જમાડે, શ્રાદ્ધ કરી એને ખાટલેથી પાટલે સુધી દક્ષિણા આપે, સત્યનારાયણુની કથા કહેવડાવે, રુદ્રી કરાવે, શનિના અને રાહુના જપ કરાવે. ટૂંકમાં, એ કહે તેમ કરે અને માગે તેટલું આપે એ જ ખરો આસ્તિક !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એના ધર્મમાં વિદ્યા ભણવા કે ભણાવવાનો સમાવેશ થતો નથી; દાન લેવું તેમ આપવું, એ તો એ શીખ્યો જ નથી; સમયને એ ઓળખતો નથી, બુદ્ધિથી ધર્મ જાણવો એ સૂત્ર એના હૃદયમાં ઠસતું નથી; ક્રિયાકાંડ ઉપરાંત કંઈક વિશેષ ધર્મમાં છે એ એને ગળે ઊતરતું નથી; લેવાનું સમજે છે, પણ એને માટેની પાત્રતા જોઈએ એનો એને સ્વપ્ને પણ વિચાર આવતો નથી; પોતાના સિવાય બીજા ધર્મો છે એવું તો એ જાણતો નથી, અને જાણતો હશે તો એને ધર્મ તરીકે કબૂલ કરતો નથી. એને પોતાના ધર્મનો જ અભ્યાસ નથી તો બીજા ધર્મની માહિતી તો હોય જ ક્યાંથી? ને છતાં આપણા ધર્મ જેવો જગતમાં બીજો કોઈ ધર્મ નથી એમ કહેતાં એ પાછું પગલું ભરતો નથી. ને એનું કહેવું એના મનથી તો ખરું જ છે ને? બીજા ધર્મોમાં જે ન પોષાત તે અહીં લીલાલહેર કરે છે. એને જીવનનું મહત્ત્વ નથી દેખાતું એટલું મૃત્યુનું દેખાય છે. આ જીવન વિશે એને જેટલી શ્રદ્ધા નથી એટલી આવતા જન્મ વિશે છે. એનો સર્વ પુરુષાર્થ વર્તમાન જીવનને બદલે આવતા ભવ માટે છે. એ એના પગ નીચે નથી દેખતો ને દૂર દૂર જોવા ફાંફાં મારે છે.

મંછા ડોસીનો સુમન ને સોમા મતદારનો અરવિંદ એની સામે દલીલ કરે છે ત્યારે, એને હળાહળ કળજુગ વ્યાપ્યાની મુદ્દલ શંકા રહેતી નથી. રેવાની મનહર ને સાકોરની કલાવતી સત્તરમે વર્ષ પરણવાની ના કહે છે ત્યારે પૃથ્વી માગ આપે તો અંદર સમાઈ જવાની એ પ્રભુને પ્રાર્થના કરે છે; બાપનું બારમું ન કરનાર એને કુલાંગાર લાગે છે; જાન વગરનું લગ્ન એને નાતરા જેવું ભાસે છે; ને પુનર્લગ્નનો પ્રશ્ન સાંભળી મહાપાપ થઈ ગયું હોય તેમ એ 'शान्तं पापं' પોકારી ઊઠે છે. એ બિચારો પ્રચલિત રૂઢિના જડ ચોકઠાને જ ધર્મ માની બેઠો છે!

એ જોષ જુએ છે, પણ જ્યોતિષ એક વિશિષ્ટ શાસ્ત્ર છે, એટલું પણ એ જાણતો નથી. એક વખત જોયેલો જોષ એની ને એની સાથે બીજી વખત મળતો આવતો નથી. લગ્નનાં મુહૂર્ત એ પોતાની અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ધણીની સવડ પ્રમાણે કાઢી આપે છે. મહિનામાં જ કોઈને મુહૂર્ત જોઈતું હોય તો એ પણ એના ટીપણામાં હોય છે, ને 'ધડિયાં લગન' લેવાં હોય તોયે એને ચોઘડિયું ખોળી કાઢતાં વાર લાગતી નથી. એ યજમાનની સવલત સાચવે છે તેવી એનીય સગવડનો ખ્યાલ રાખે છે. નિયત મુહૂર્તે કદી એ લગ્ન નથી કરાવતો. એ એનો બાપ-દાદાએ આપેલો વારસો છે. લગ્ન કે બીજા ગમે તે કાર્યની વિધિ ભલે એ નહિ જાણતો હોય, પણ દક્ષિણા લેવાની યાદી એને જિહ્‌વાગ્રે જ હોય છે.

એને ધર્મનું જ્ઞાન ભલે નહિ હોય, પણ વ્યવહારની રજેરજ ખૂંચ એના મગજમાં રમી રહી હોય છે ને વ્યાવહારિક માણસ વાચાળ તો હોય જ. ગામડાના લોકોને આંજવા માટે એ પૂરતું છે. ઘણી વખત એની વાતો કરવાની રીત જૂના પુરાણા બાપદાદાના દાખલા–દલીલો, સામાને 'મોટા ભા' બનાવવાની પદ્ધતિ, ને ન હોય ત્યાંથી ગોટકો ગોઠવવાની ચાલાકી જોઈ, એ જોષી કરતાં ભાટ હોત તો વધુ સફળ નીવડ્યો હોત એમ લાગે. એની મોટા ભાગની વાતો બ્રાહ્મણનું મહત્ત્વ, જોશીઓની જરૂર, વડવાઓની આસ્તિકતા, ને દાન-દક્ષિણા સિવાય બીજી હોતી નથી. ને એથી આગળ જાય તો એની પ્રાણપ્રિય રૂઢિદેવીના ગુણ ગાતો હોય. જિજ્ઞાસુને એમાંથી જાણવાનું મળતું નથી, પુરુષાર્થીને એમાંથી પ્રેરણા મળતી નથી. સદ્‌ગુણીને એમાંથી શીખવાનું મળતું નથી, ફક્ત એથી એનો અહંભાવ પોષાય છે, આળસુને ખોરાક મળે છે ને અજ્ઞાની ગ્રામજનતા એથી ખુશ થઈ, સત્સંગ કર્યાનો સંતોષ માને છે.

ગામડાનો એ દેવ કહેવાયા છતાં અત્યારે તો જાણે અજાણે દાનવની ગરજ સારી રહ્યો છે. ગામડાનો એ પ્રકાશ છે. જનતાનો એ ગુરુ છે, ને ગુરુ એટલે જ્ઞાનદાતા! જ્ઞાનનો પ્રકાશ કોઈ કાળે નહિ જોઈએ એવું તો બનવાનું નથી. ગામડાની અજ્ઞાનતા એના તેજે જ નાસે. બહારનું તેજ ગામમાં લાવવું ને અંદરનો અંધકાર શમાવવો, એ જ એનું મુખ્ય કર્તવ્ય!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક કાળે એ ગામડાનો દેવ હતો, ત્યારે ગામડું દેવોનેય જન્મ લેવાનું મન થાય તેવું સુખી હતું. આજે એના જ્ઞાનનો દીવો બુઝાતાં ગામડું ગાઢ અજ્ઞાનમાં ડૂબ્યું છે. પાછું એમાં તેજ પ્રગટે એટલી જ વાર છે, જોતજોતામાં એ અંધકાર ક્યાંય અદૃશ્ય થઈ જાય.

પણ એમાં એનોય શો દોષ? પથ્થરના દેવ સાથે રહેનાર પૂજારીય જેમ પથ્થર સરખો બની જાય, તેમ અજ્ઞાન જનતામાં એય અજ્ઞાની બન્યો – એક સાથે નહિ તો ધીમે ધીમે, ને છતાં ગ્રામજનતા જેમ બીજાં ઝેરી જંતુને પોષી રહી છે તેમ એનેય પોષે છે. વગર પાત્રતાએ પોષણ મળ્યું, તો પછી પાત્રતા કેળવવાનો પુરુષાર્થ કરે એવો મૂર્ખ કોણ હોય?

ટિપ્પણ અને પ્રશ્નો

જુનવાણી – જૂના આચાર વિચાર માટે આગ્રહ રાખનાર, રૂઢિચુસ્ત. **વરવો** – (સં. વિરૂપ) બેડોળ, વિચિત્ર, નઠારો. **હાસે કે ત્રાસે** – બીજાના હસવાની કે ત્રાસની બીકે. **હલ્લે** – કામધંધે. **લોકાચાર** – લોકોમાં ચાલતો વ્યવહાર, રૂઢિ. **કૂપમંડૂકતા** – કૂવામાંના દેડકા (મંડૂક) જેવી ટૂંકી દૃષ્ટિ. **નાસ્તિક** – ઈશ્વરમાં ન માનનાર. **ખાટલેથી પાટલે** – ખાવા અને ઊંઘવા સિવાય બીજી કંઈ મહેનત ન લેવી પડે તેવી સ્થિતિ. **ક્રિયાકાંડ** – લગ્ન – મૃત્યુ જેવા પ્રસંગે થતી ધાર્મિક વિધિ. **ઘડિયાં લગન** – ગમે તે વખતે થતું અથવા વિવાહ અને લગ્ન બધું સાથે થાય એવું લગ્ન **જિહ્વાગ્રે** – જીભને ટેરવે.

૧. કયા કારણે જોશીને જુનવાણી કે રૂઢિચુસ્ત કહી શકાય?

૨. આપણા ગામડામાં જોશીનું શું મહત્ત્વ છે? એ ધારે તો લોકોને કઈ રીતે ઉપયોગી થઈ શકે?

૩. જોશીની ધર્મ વિશેની માન્યતા વિશે લેખક શું કહે છે?

૪. જોશીની દૃષ્ટિએ 'આસ્તિક' અને 'નાસ્તિક' કોણ? આ બે શબ્દોની રચના ને અર્થ સમજાવો.

૫. પ્રયોગો સમજાવો: હાસે કે ત્રાસે, કૂપમંડૂકતા, ખાટલેથી પાટલે, કળજુગ વ્યાપવો.

૬. હળવી શૈલીમાં ગમે તે એક રેખાચિત્ર આલેખો: દૂધવાળો; ગામનો મુખી; ગાડીવાળો; વૈદ્ય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पुस्तकालय

गुरुकुल कांगड़ी विश्वविद्यालय, हरिद्वार

पुस्तक वितरण की तिथि नीचे अङ्कित है। इस तिथि सहित १५ वें दिन तक यह पुस्तक पुस्तकालय में वापिस आ जानी चाहिए। अन्यथा ५ नये पैसे प्रतिदिन के हिसाब से विलम्ब दण्ड लगेगा।

19 JUL 1963
३०७१२.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पुस्तकालय
गुरुकुल कांगड़ी विश्वविद्यालय

विषय संख्या 66 ग / ४२(२)

आगत पंजिका संख्या २-८-५०१

तिथि	संख्या	तिथि	संख्या
19 JUL 1963			
३११/२			

पुस्तकालय, गुरुकुल कांगड़ी विश्वविद्यालय, हरिद्वार ।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાગ બીજો — મૂલ્ય રૂ. ૨-૪-૦

મેસર્સ કરસનદાસ નારણદાસ ઍન્ડ સન્સ • નાણાવટ • સૂરત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar